આરોગ્ય, વૈદ્યક, અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાળજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાળજી ઠક્કુર

વર્ષ ૩૨	आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्।	મહા ૨૦૧૧
અંક ૨	आयुर्वेदोपदेशेषु विधेय परमादरः॥	ફેબ્રુઆરી ૧૯૫૫

વચનામૃત

આયુર્વેદનું સાચું રહસ્ય!

ભારતના ઉપરાષ્ટ્રપતિ સર રાધાકૃષ્ણન જેઓ ભારતીય સંસ્કૃતિના એકનિષ્ઠ સેવક છે અને પ્રકાંડ વિદ્વાન છે, તેમણે આયુર્વેદ માટે કહ્યું છે:

"આયુર્વેદ માણસના સ્વાસ્થ્યનું સંરક્ષણ કરનાર દિર્ઘાયુષ્ય પ્રદાન કરનાર, આવતા રોગોને અટકાવનાર અને મૃત્યુને રોકનાર એવું આરોગ્ય શાસ્ત્ર છે. રોગ કે ઇતર વસ્તુઓ કરતાં વધુ તો એ આરોગ્યનું શાસ્ત્ર છે!"

ઉપરોક્ત વચનોમાં જે હાર્દ છે, તે હાર્દને વાંચી કયો આયુર્વેદ પ્રેમી પુલકિત નહીં બને?

ડૉક્ટરોએ આયુર્વેદને સ્વીકારવો જોઈએ....

અ. ભા. મેડિકલ કોન્ફરન્સના ૩૧મા અધિવેશન પ્રસંગે ઉદ્‌ઘાટન કરતાં ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી પં. ગોવિંદ વલ્લભ પંતનું કથન

ઓલ ઇંડિયા મેડિકલ કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન તા. ૨૬-૧૨-૫૪ના રોજ થયું. આ કોંગ્રેસના અધ્યક્ષ ડૉ. પટેલ હતા. આ ૩૧મા અધિવેશનનું ઉદ્‌ઘાટન કરતાં ઉત્તર પ્રદેશના મુખ્ય મંત્રી માનનીય પં. ગોવિંદ વલ્લભ પંતે કહ્યું: "ભારતના ડૉક્ટરોએ એલોપથીની સાથોસાથ આયુર્વેદનું અધ્યયન પણ કરવું ઘટે, અને બન્ને વૈદ્યક શાસ્ત્રોની તુલનાત્મક પદ્ધતિથી રોગીઓની ચિકિત્સા કરીએ તો પર્યાપ્ત સફળતા મળે છે." આગળ ચાલતાં તેમણે કહ્યું: "ભારતમાં આયુર્વેદીય ચિકિત્સાને સ્વીકાર્યા વગર સફળતા પ્રાપ્ત નહીં થાય."

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્યસિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૧
ફેબ્રુઆરી ૧૯૫૫
મહા સંવત ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે.

સંપાદકીય

રસાયન અને વાજીકરણ સેવન કરનારાઓ આટલું જરૂર સ્મરણમાં રાખે

વાગ્ભટ્ટ કહે છે:-

नाविशुद्धशरीरस्य युक्तो रासायनो विधिः।
न भाति वाससि म्लिष्टे रंगयोग इवाफलः॥

મેલા વસ્ત્રને આપણે ધોયા વગર રંગ ચડાવીએ તો તે બરોબર રંગાતું નથી. માટે એને ધોઈ એનો મેલ કાઢી રંગ ચડાવીએ તો બરોબર પાકો રંગ ચડી જાય છે. એજ રીતે શરીરમાં પણ દોષોની શુદ્ધિ કર્યા વગર રસાયન અને વાજીકરણ દ્રવ્યોનું સેવન પણ તેના જેવું જ છે.

આ વાત સમજીને આચરવા જેવી છે.

પ્રત્યેક વૈદ્યે રુગ્ણને વમન વિરેચનાદિક ક્રિયાઓવડે તેના શરીરમાં દોષ-શુદ્ધિ કર્યા બાદ રસાયન અને વાજીકરણ ઔષધો સેવન કરાવવાં ઘટે. આજે જે રોગી આ સંશોધન સહન કરી શકે તેમને બસ્તિ, કે મૃદુ વિરેચનોવડે પણ કોઠ શુદ્ધિ કરાવી લેવી ઘણી જરૂરી છે.

આયુર્વેદ બીજું સૂત્ર આપે છે:-

अत्यन्तमुष्णकटुतिक्तकषायमम्लं
क्षारञ्च शाकमथवा लवणाधिकञ्च।
कामी सदैव रतिमान् वनीताभिलाषी
नो भक्षयेदिति समस्तजनप्रसिद्धिः॥

અત્યંત ઉષ્ણ, કટુ, તિક્ત, કષાય, ખાટું, ક્ષાર, પત્રશાક, અધિક લવણનું સેવન કામી અને રતિમાન તથા વનિતાભિલાષીએ સેવન ન કરવું જોઇએ એ વાત સંપૂર્ણ લોકમાં પ્રસિદ્ધ છે.

આજે આથી ઊલટું ચાલે છે. રસાયન કે વાજીકરણ સેવન કરનાર તળેલો, તીખો, તમતમતો, અથાણાવાળો, ખાટો, મસાલેદાર ખોરાક આહારમાં કે નાસ્તા રૂપે લીધા કરે તે ફળપ્રદ નહિ બને, એ અપથ્યો છે.

પરંતુ મધુર, સ્નિગ્ધ, બૃંહણ, ગુરૂ, મનમાં પ્રસન્નતા લાવનાર દૂધ દ્રવ્યોનું સેવન જરૂરી છે. એ પથ્ય છે.

વર્તમાનના વહેણ News & Notes

આગામી સમ્મેલન

અખિલ ભારતવર્ષીય આયુર્વેદ મહામંડળનું આગામી અધિવેશન ત્રિવેન્દ્રમ (દક્ષિણ હિન્દ) ખાતે ભરાવાનું છે. સંભવતઃ માર્ચ માસમાં તે ભરાશે. એ અંગે વધુ વિગતો પ્રાપ્ત નથી થઇ.

ફાર્માસ્યુટિકલ કોંગ્રેસ

ઈંડિયન ફાર્માસ્યુટીકલ કોંગ્રેસનું સમ્મેલન તા. ૩૧, ૧, ૨ જાન્યુઆરીના રોજ વડોદરા ખાતે ભરાયું હતું. તેમાં આયુર્વેદ વિભાગના પ્રમુખ તરીકે શ્રી પંડિત શિવશર્માજીની નિમણૂંક થઈ હતી અને તેમણે તા. ૨ જીના રોજ પ્રવચન કર્યું હતું.

આ પ્રવચનમાં તેમણે એક ખાસ નોંધપાત્ર બાબત કહી હતી તે એ કે હિંદી (આયુર્વેદીય) ફાર્માસ્યુટિકલ ઔષધ નિર્માણમાં એકતા (Standardisation) શકય નથી. આ બાબત તેમણે દાખલા દલીલો સહિત સમજાવી પણ હતી.

વડોદરા મેડિકલ કોલેજમાં આયુર્વેદ સંશોધન કેન્દ્રના ખંડમાં વનસ્પતિ, ખનીજ તેમજ શાસ્ત્રીય ઔષધોનું સુંદર પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ

શુદ્ધાયુર્વેદીય, મિશ્રાયુર્વેદીય તથા નવ્ય એલોપથિક ચિકિત્સકો માટે આયુર્વેદનો પોસ્ટ ગ્રેજ્યુએટનો અભ્યાસક્રમ જામનગર ખાતે ટૂંક સમયમાં શરૂ થશે.

આ અભ્યાસક્રમ જામનગરની ગુલાબકુંવરબા આયુર્વેદિક કોલેજમાં શરૂ થવાનો છે.

તે માટે સૌરાષ્ટ્ર સરકાર, સોસાયટી તથા કેન્દ્ર સરકાર ત્રણેનો સહકાર યોજાશે.

આ સમાચાર પ્રજાતંત્રમાં ૧૮-૧૨-૫૪ ના પ્રસિદ્ધ થયા છે.

વાર્ષિકોત્સવ

આ માસમાં બે વાર્ષિકોત્સવો મિશ્ર અભ્યાસક્રમ શીખવતી આયુર્વેદિક કોલેજોએ ઉજવ્યાના વર્તમાન પ્રાપ્ત થયાં છે.

એક વાર્ષિકોત્સવ મુંબઇની પોદ્દાર આયુર્વેદિક કોલેજ તરફથી ઉજવાયો હતો. જ્યારે બીજો વાર્ષિકોત્સવ સૂરતની ઓ. ના. આયુર્વેદ મહાવિદ્યાલય તરફથી ઉજવાયો હતો. સુરત ખાતેના પ્રસંગમાં મુખ્ય મહેમાન આપણા આયુર્વેદ નિયામક શ્રી આચાર્ય હરિદત્ત શાસ્ત્રી હતા. જ્યારે મુંબઇ ખાતે આપણા ના. આરોગ્ય પ્રધાન શ્રી શાંતિલાલ શાહ હતા બન્ને પ્રસંગો સુપેરે યોજાયાં હતાં.

હૃદયરોગનો પ્રથમ હુમલો

૬૧૧ દરદીઓની સારવારમાં, જ્યારે તેમને હૃદયરોગનો પહેલો હૂમલો આવ્યો (First coronary attack) ત્યારે માત્ર ૩ ટકા રોગીઓનું હોસ્પીટલમાં ત્રણ થી ૬ અઠવાડીઆમાં મૃત્યુ થયું બાકી ઉગરી ગયા હતા.

ન્યુયોર્ક ખાતે ધી જરનલ ઓફ અમેરિકન મેડિકલ એસોશિયેસનમાં આ વૃત્ત પ્રગટ થયેલ છે.

ન્યુમોનિયા જેવા રોગમાં જ્યાં મૃત્યુપ્રમાણ પાંચ ટકા છે તેના કરતાં અપેક્ષાકૃત હૃદયરોગના પ્રથમ હૂમલામાં મૃત્યુપ્રમાણ ઓછું છે.

હૃદયાન્તરકલા શોથ

હૃદયરોગ વિશેષજ્ઞોની બીજી પરિષદમાં ડૉ. લુઇસે (સ્પેઈન) એક જાણવા જેવી બાબત કહી છે અને તે આ પ્રમાણે છે.

સબ એકયુટ બેક્ટીરીઅલ એન્ડોકારડાઈટીસ (હૃદયાન્તરકલા શોથ) આજના જંતુઘ્નો નીકળ્યા તે પહેલા સદાસર્વદા ઘાતક ગણતો હતો.

૧૯૪૦ અને ત્યારબાદ પેનિસિલન તથ ઇતર જંતુઘ્નો આવતાંજ ગયા અને તે શોથન રોગીઓ ૧૦ માંથી ૭ સારા થવા લાગ્યા.

પરંતુ છેલ્લાં પાંચ વર્ષમાં આ સુધારે થતો હતો તે પચાસ ટકા ઘટી ગયો છે.

એટલે કે રોગીઓ સાત સારા થતા હતા ત્યાં ત્રણ ચાર સારા થાય છે.

આનું કારણ રોગસંક્રમણકારક જંતુઓ આ પેનિસિલિનથી ટેવાઇ ગયેલ થઈ જાય છે પછી રોગ સારો થવાની આશા ઓછી રહે છે. જો કે આ દરદના કેસો હવે ઘણા ઓછા થયા છે, છતાં પણ તેમને સાજા કરવાનું કાર્ય વધુ મુસ્કેલ બન્યું છે.

અંતમાં ડૉ. લુઇસે, હૃદયરોગ વિશેષજ્ઞોની પરિષદોમાં તજ્ઞોને જણાવ્યું હતું કે આ રોગ જંતુઓ આવ્યા તે પહેલાં હતો તેવો વિઘાતક થવાને પંથે છે. અને આપણી સામે આ ગંભીર બાબત છે.

શ્વાસનમાં સ્વભાવ વિકૃતિ

કુતરાઓમાં સ્વભાવ વિકૃતિ થાય છે, તેવા તીવ્ર (Acute) અને જીર્ણ (Chronic) અવસ્થા બન્નેમાં પાંડુરોગ પ્રતિબંધક વિટામીન B ૧૨ તથા સંધિવાતમાં વપરાતું પિચ્યુટરી ગ્લેન્ડ હોરમોન ACTH બન્ને મેળવીને મોટી માત્રામાં આપવાથી ખાસ લાભ થાય છે. ૬૦૦ થી વધુ કૂતરાઓ પર પરીક્ષણ થયું છે.

શીતળાની રસી

શીતળા પ્રતિબંધકરસી મૂકાય છે તે અંગે એમ ચોક્કસ માની લેવાય છે કે આ રોગ સામે આપણે જીવનભર સુરક્ષિત બની જઇએ છીએ.

પરંતુ આ માન્યતા ભ્રામક છે.

ઇલીનોઇસ મેડિકલ જનરલમાં ડૉ. કવેન જણાવે છે કે આ શીતળા પ્રતિબંધક રસી કે જે અત્યંત અલ્પ શિશુ વયમાં આપવામાં છે તે માત્ર થોડા વર્ષો સુધી જ ત્રણ થી પાંચ વર્ષ સુધી સંરક્ષણ આપે છે.

વ્યક્તિગત પ્રકૃતિ અનુસાર આ સંરક્ષણકાળ સચવાય છે. ૯૦૯ કેસમાંથી ૩૯૯ કેસોમાં જ્યારે પુનઃ રસી મૂકવામાં આવી ત્યારે તેની પ્રતિક્રિયા થઈ હતી જે દર્શાવે છે કે એ કેસોમાં પ્રથમ રસીની સંરક્ષણ અસર નાબૂદ થઈ હતી.

અંતમાં ડૉ. કવેન ભલામણ કરે છે શીતળાની રસી પુનઃ ત્રણ વર્ષે શિશુવયમાં આપવી ઘટે. મોડામાં મોડું પાંચ વર્ષે અપાય તે બિલકુલ જરૂરી છે.

એક અનુભવ

"આજે તો મારી ઉંમર ૭૨ વર્ષની છે. પણ આજથી ૩૦ વર્ષ પહેલાં એટલે કે મારી ૪૦ વર્ષની ઉંમરે મને વધરાવળ થઈ હતી. અચાનક એક ગોળી ફૂલવા લાગી અને પેડુમાં દુઃખવા માંડયું. પાંચ સાત દિવસ રાહ જોઇ છતાં ય આરામ ન થયો અને જ્યારે એમ ખબર પડી કે આ વધરાવળ જ છે ત્યારે મને પણ ભય લાગ્યો. એ વખતે ૧૦૦ ઘરનાં એક નાનાં સૌરાષ્ટ્રનાં ગામડામાં હું હતો. ગોળી ફૂલીને બહુ મોટી થઇ. મેં ઘણાં દરદીઓ જોયા છે એટલે સ્વાભાવિક રીતે જ મારૂં મન એ દ્રશ્ય જોઇને ચિંતીત બની ગયેલું.

દરદની શરૂઆતમાં તો ડોકટરોની સલાહ લીધી. વઢવાણ, રાજકોટ વિગેરે સ્થળોએ ફર્યો. પણ કોઇ સ્થળે સંતોષ થાય એવી સલાહ ન મળી. બધા જ ઓપરેશન માટે આગ્રહપૂર્વક ભલામણ કરે, શું કરવું એની ચિંતામાં હતો ત્યાં એક વૃધ્ધે કહ્યું: 'એમ કરો એક વાયજણ બાઇ કાન વીંધીને વધરાવળ મટાડે છે, એમને બતાવો, જો કાન વીંધવાથી નહિ મટે તો સોઇના ડામ દઇને તે અવશ્ય મટાડી દેશે.'

વૃદ્ધના કહેવા પ્રમાણે મેં કાન વીંધાવ્યા અને મારી અજાયબી વચ્ચે ૨૪ કલાકમાં જ મારી ગોળી સંકોચાઇને બેસી ગઇ. બંને ગોળી એકસરખી થઇ ગઇ, આમ મારૂં ત્રણ મહિનાનું દરદ અને પારાવાર માસિક વેદના માત્ર ૨૪ કલાકમાં જ દૂર થઈ ગયાં.

બાઇએ કહ્યું કે, વીંધેલા કાનનું કાણું બંધ ન થાય એ ખાસ ખ્યાલમાં રાખજો. એમાં ત્રાંબાનો વાળો નાખીને એક કડી જેવું બનાવી લેજો, એટલે કોઈ દિવસ કાણું બંધ નહિ થાય.

તે દિવસની ઘડી અને આજનો દિવસ મને કોઇ દિવસ વધરાવળ થઇ નથી અરે, પેટનો દુઃખાવો સુદ્ધાં થયો નથી, એમ કહું તો ચાલે. ૪૦ વર્ષનો મારી જાત ઉપર અનુભવેલો આ અનુભવ છે. આવી વિદ્યાને ફરી પુનર્જીવન મળે એ હેતુથી આપને આ હકીકત મોકલી રહ્યો છું. આશા રાખું છું કે ભારતીય લોકોને આવા પ્રયોગો તરફ આકર્ષણ થશે અને એના તરફ મહત્વ વધશે.

એક દિવસ એવો હતો કે જયારે છોકરીઓની જેમ છોકરાના પણ કાન વીંધવામાં આવતાં. એમાં શેલકડી જેવા હીરા કે સોનાનાં ઘરેણાં પહેરાવવામાં આવતાં. દર્શનીય રીતે આ કથા ભલે આજે સારી નહિ લાગે, પણ આજે જે રીતે વધરાવળના દરદીઓ વધતા જ જાય છે તેવી સ્થિતિમાં આ પ્રથા હિતકારી હતી એમ લાગ્યા વિના તો નહિ જ રહે. ઘરેણાં એ સૌંદર્યનાં અંગરૂપ ભલે હોય, આમ છતાંય એના ઉપયોગથી આરોગ્ય સચવાતું—રોગમુક્ત રહેવાને પ્રાચીનકાળમાં બહેનો પગે ચેઈન પ્રકારનાં ચાંદીનાં ઘરેણાં પહેરતાં પગનાં આંગળામાં અડાસ ભારે વજનદાર વસ્તુઓ પહેરવામાં આવતી, આની પાછળ પણ ચોક્કસ રોગોમાંથી મુક્ત રહેવાની સમજણ હતી. આપણાં ઘરેણાં અને આરોગ્ય ઉપર જો ચીવટ અને ઝીણવટભરી રીતે સંશોધન કરવામાં આવે તો એમાંથી ભાવિ પેઢીને અનેક પ્રકારનાં નવા વિચારપૂર્વકનાં મંતવ્યો મળી રહેશે કે જેનાથી ભૂતકાળની પ્રજાઓએ નિરોગીતા સાચવી હતી. (બીજ)

દાંતનો સડો

ડૉ. રોબર્ટ કેસલે લખ્યું છે કે આહારમાંથી રિફાઇન્ડ સુગર (ખાંડ) ઓછી કરવામાં આવે તો દાંતના સડાનો પ્રશ્ન હળવો થશે. અમેરિકામાં એ નોંધાયું છે કે એક માણસ પ્રતિવર્ષે ૧૦૦ રતલ ખાંડ ખાવામાં ઉપયોગ કરે છે. જ્યાં ૬૦થી ૭૦ પૌંડનો ઉપયોગ શરીરમાં કારબોહાઇડ્રેટ પોષણ માટે જરૂરી છે. ઠંડા પીણા, ચા, મુરબ્બા વગેરેમાં પણ ખાંડ વધુ પડતી લેવાય છે. આ વિદ્વાન ડૉકટરને મતે આ ખાંડના વધુ ઉપયોગથી દાંત બગડે છે, તેમાં સડો પેસે છે અને તંદુરસ્ત દાંતોવાળો જતે દિવસે દંતરોગી બને છે. આહાર લીધા બાદ ૨૦ થી ૩૦ મિનિટમાંજ, વધુ પડતી લેવાયલી, ખાંડ દાંત ઉપર અસર કરે છે. એટલે સવારે કે રાત્રે સૂતી વખતે કરેલ બ્રશ દાંતનો સડો અટકાવવા શક્ય નહીં બને. દરેક વ્યક્તિએ પ્રત્યેક ભોજન બાદ દંત ધાવન કરવું જોઇએ, એવી ચેતવણી, અમેરિકન ડેન્ટલ એસોશિયેસન સમક્ષ ડૉ. રોબર્ટ જી. કેસલે મૂકી છે.

અત્રે સ્મરણમાં રહે કે આયુર્વેદ સ્વસ્થવૃત્તમાં પ્રત્યેક ભોજન બાદ દાંતો ઘસવાનો સ્પષ્ટ આદેશ કરે છે.

અનુક્રમ

લસણ

લેખક: ડૉક્ટર રસિકલાલ પરીખ
સંપાદક: 'ચરક'

દેવો અને દાનવોએ સમુદ્રનું મંથન કર્યું. એમાંથી અમૃત નીકળ્યું. અમૃત વહેંચી આપવા ભગવાન વિષ્ણુએ 'મોહિની' રૂપ ધર્યું. રાહુ નામનો રાક્ષસ અમૃત પીવા દેવોના ટોળામાં ઘુસી ગયો અને અમૃત પી ગયો. વિષ્ણુ ભગવાને તેનો શિરચ્છેદ કર્યો. રાહુએ પીધેલું અમૃત પૃથ્વી પર પડયું. અને તેમાંથી લસણ અને ડુંગળી ઉત્પન્ન થયાં. અસુરનો સંગ થવાંથી એમાં અસુરની દુર્ગન્ધ, શક્તિ અને લાલીમાં આવ્યા.

એક વખતે એક ગામમાં દુકાળ પડયો. જુવાન માણસો ગામ છોડી દરિયા કિનારે માછલાં ખાવા દોડયા અને માછલાં ખાઇ પેટ ભર્યું. ઘરડા માણસો દરિયા સુધી પહોચી ન શકયા, પરંતુ તેઓ એક ટેકરી પાસે બેસી ગયા. ત્યાં લીલા લીલા લસણના છોડ હતા. તે ખાઇ ડોસાઓએ પોતાનું જીવન નિભાવ્યું. દુકાળ પૂરો થયો ત્યારે ઘરડા માણસો જુવાન થઇ ગયેલા અને જુવાન માણસો ઘરડા થઈ ગયેલા માલમ પડયા.

લસણના દૈવી ગુણો -

લસણમાં પાંચ રસ છે. નુકશાનકારક ખારો રસ એમાં નથી. પાંચ રસ જેમાં ભેગા થાય તે "પંચામૃત" કહેવાય. અમારે મન લસણ એ અમૃત છે. લસણમાં બે ભાગ અગ્નિ તત્વ, બે ભાગ પૃથ્વી તત્વ, બે ભાગ આકાશ તત્વ અને એક ભાગ જળ તત્વ છે. લસણ—તીખું, મધુર, કડવું, ગુરૂ, સ્નિગ્ધ, ઉષ્ણ, દીપક, સારક, વાયુનાશક, પિત્તકારક અને કફ નાશક છે લસણ—પુષ્ટિકારક, રસાયન એટલે ઘડપણ અને વ્યાધિને દૂર કરનાર હૃદયને મજબુત કરનાર, તમામ જંતુઓનો નાશ કરનાર, અરૂચિ હોય તો રૂચિ પેદા કરનાર, કફ શરદી અને વાયુના તમામ રોગોનો નાશ કરનાર સોજા ઉતારનાર, ભાંગેલા હાડકાને સાંધનાર, જઠરાગ્નિ વધારી ખોરાકને પચાવનાર, દમ, શ્વાસકાસને હરનાર, બળ, બુદ્ધિ, યાદશક્તિ, આંખોનું તેજ, પ્રભાવ, સુંદરતા, લોહી, માતાઓમાં ધાવણ, ધારણા શક્તિ અને વીર્ય વધારનાર, મંદાગ્નિ, કબજીયાત, મસા, ઉધરસ, ક્ષય, સુવાવડીના રોગો, હૃદયરોગી, સંધીવા, પડખાનું શૂળ, ગુલ્મ—ગોળો, અજીર્ણ, અલસક, કૉલેરા, કોઢ, વાતરક્ત, પત્ત—(Leprosy) લકવો, જીર્ણજ્વર અને મેલેરિયા મટાડનાર છે. લસણ સસ્તું અને સારામાં સારૂં બેસ્ટ ટૉનિક છે કે જે *યૌવનકાળ ટકાવી, નિરોગી અને લાંબુ જીવન જીવાડનાર છે.*

એક વખતે તપોવનમાં તપ કરતા, એક વૃદ્ધ તપસ્વીને ઘણા રોગો થયા અને છેવટે પત્ત નીકળી આખા શરીરમાંથી લોહી—પરૂ વહ્યા કરે. અન્ય ઋષિમુનિઓએ ઘણી દવાઓ કરી પરંતુ દુઃખ ઓછું થયું નહિ. અસહ્ય અને અપાર વેદનાથી તે તપસ્વીએ આપઘાત કરવા નિશ્ચય કર્યો. તેમણે તપોવન છોડયું અને મનમા નક્કી કર્યું કે રસ્તામાં જે કોઇ વનસ્પતિ આવે તે બધી જ ખાવી. જેથી કોઈ ઝેરી વનસ્પતિ ખાવામાં આવશે એટલે હું આ દુઃખમાંથી, મરણને શરણ થઇ, છુટી જઇશ. પૃથ્વીપરની તમામ વનસ્પતિઓ ખાતાં ખાતાં એક જગ્યાએ ઉગેલા લસણ તથા ડુંગળીના છોડ પણ ખાઈ ગયા. પરિણામ એ આવ્યું કે, મરવા માટે ખાધેલા લસણના છોડે રોગને જડમુળથી નાબુદ કરી, ઘરડા ઋષિને જુવાન બનાવ્યા ઋષિ યાત્રા પૂરી કરી પાછા તપોવનમાં આવ્યા. બીજા ઋષિઓ તો આભા જ બની ગયા કે આ જીવ્યો શી રીતે? તેઓએ પુછ્યું કે તમે કઇ દવા કરી કે જેથી તમારો રોગ મટયો અને યુવાન થઇ ગયા? અમને એ દવાનું નામ આપો. પેલા તપસ્વીએ કહ્યું કે મને એ દવાના નામની ખબર નથી. પરંતુ મેં મરવા માટે એક પ્રકારના લીલા છોડ ખાધા અને એમાંથી આવો ફેરફાર થયો છે. ઋષિઓએ

કહ્યું કે તમે નામ છુપાવો છો. માટે જાઓ અમે બધા ભેગા મળી અમારા તપના પ્રભાવે તમને શ્રાપ આપીએ છીએ કે:–"જે લીલા છોડ તમે ખાધા છે, તે એવા દુર્ગંધ મારશે કે જેથી ધાર્મિક લોકો તેને ત્યજશે."

આજે પણ ધર્માચાર્યો જ લસણ ડુંગળીનો વિરોધ કરે છે. દુર્ગંધ સામું ન જોતાં ગુણગ્રાહી બની તેના ગુણો સામું જોવાય અને તેનો છુટથી ઉપયોગ થાય તો મારા દેશના કરોડો માણસો રોગમુક્ત બની, નીરોગી અને લાંબુ જીવન જીવે એવી મારી ચોક્કસ ખાત્રી છે. મને તો લાગે છે કે–લસણ કાંદાનો વિરોધ કરનાર ધર્માચાર્યોએ આ દેશનું જેટલું અકલ્યાણ કર્યું છે, એટલું બીજા કોઇએ ભાગ્યે જ કર્યું હશે.

લસણમાં એક એવો પદાર્થ છે કે જે પિત્ત કહેવાય છે. લસણ ખાવાથી પિત્ત પ્રકૃતિ થાય. પિત્ત પ્રકૃતિ એટલે સાત્વિક પ્રકૃતિ, એમ આપણા શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે! લસણ ખાવાથી જઠરાગ્નિ, મગજની શક્તિ, બળ, બુદ્ધિ, તેજ પ્રભાવ અને સુંદરતા વધે છે. આ બધા ગુણો પણ એની સાત્વિકતાની જ નીશાની છે. લસણ તામસ કરે છે એ વાત ભૂલ ભરેલી છે. કારણ કે જ્યાં કફ છે ત્યાં તામસી પ્રકૃતિ, અંધકાર, જડતા અને સ્થુળતા છે. પરંતુ જ્યાં પિત્ત છે ત્યાં સાત્વિક પ્રકૃતિ, પ્રકાશ, ચેતના, સૂક્ષ્મતા, અગ્નિ, તેજ, બળ અને બુદ્ધિ છે. એટલે અમે તો કફને તામસ, પાપ માનીએ છીએ. પિત્ત એ સત્વ છે. લસણમાં પિત્ત હોવાથી એ સાત્વિકતા લાવનાર છે. માટે ઉત્તમ એવી પ્રકૃતિવાળા–સાત્વિક પ્રકૃતિવાળા બનવું હોય તો લસણ–ડુંગળીનો છૂટથી ઉપયોગ કરો. કફ એટલે તામસ, પિત્ત એટલે સત્વ અને વાયુ એટલે રજસ.

ધર્મશાસ્ત્રોમાં મનુ મહારાજે લસણ ખાવાની ના પાડી છે. એમાં અમારો બીલકુલ વાંધો નથી. ધર્મશાસ્ત્રો બરાબર કહે છે. કારણ કે એ અનુભવી, સંપૂર્ણ જ્ઞાની અને દૈવી મનુષ્યોને હાથે લખાયાં છે. એ ધર્મશાસ્ત્રોમાં એમ લખ્યું છે કે લસણ પિત્તવાળા માટે સારૂં નથી, કારણ કે પિત્તવાળો પિત્ત કર્તા લસણ ખાય તો પિત્ત પ્રકોપ થઈ ચકરી (Giddiness)નો રોગ થાય. પિત્તના તાવમાં લસણ ખાય તો પિત્ત પ્રકોપ પામી તાવ વધે. લોહીનું દબાણ અથવા Blood pressure એ પિત્તનો વ્યાધિ છે એમાં લસણ ખાય તો પિત્ત વધે જેથી લોહીનું દબાણ પણ વધે. કારણ કે पित्ते भ्रमेव च। પિત્તથી જ દબાણ, ચકરી આવે છે. ડૉક્ટરે જેને Blood pressure કહે છે તે લસણથી મટે છે. માટે અહિં ડૉક્ટરનું નિદાન ખોટું છે.

ટંડીવાઇને આવતા વિષમ–જ્વર (મેલેરિયામાં) લસણ વાપરવા કહ્યું, કારણ કે તેમાં વાયુ અને કફ એ બે દોષો છે. લસણ વાયુ તથા કફને નાશ કરનારૂં છે. માટે તે ત્યાં બરાબર છે.

જીર્ણજ્વરમાં કાળજું અને બરોળ બન્નેય વધેલાં હોય છે कफे वृद्धि। વૃદ્ધિ કફથી થાય છે. લસણ કફ નાશક હોવાથી વધેલું કાળજું અને બરોળ સરખાં કરી દે છે. માટે ત્યાં તે બરાબર છે.

ક્ષય માટે આયુર્વેદે લસણ વાપરવાનું લખ્યું જ નથી. ક્ષયમાં તાવ હોય છે, ક્ષયમાં ગરમ એવું લસણ ખાય તો તાવ વધે. ક્ષયમાં તાવને ટંડો પાડવા હેમ એટલે ટંડું–સોનું ખવડાવાય છે. ક્ષયમાં લસણ ખવાય–નહિં. લસણ ખાનારને ક્ષય થતો નથી. કારણ કે ક્ષય શરદીમાંથી થાય છે. લસણ શરદીનો કટ્ટો શત્રુ છે. ચંદ્ર શીતલ હોવાથી એને ક્ષય થાય છે. પરંતુ સૂર્ય ગરમ હોવાથી એને ક્ષય થતો નથી. માટે ગરમી જાળવો. શરદી કાપો. ગરમીની કિંમત એક શેર જીરા અને શરદીની કિંમત એક શેર હીરા.

અગ્નિતત્ત્વ વગરનો માણસ જ અનેક રોગનો ભોગ બને છે. અને પરાધિન કંગાલ, દુઃખી અને ટુંકી જિંદગી જીવે છે. જ્યારે અગ્નિ તત્ત્વવાળો માણસ નિરોગી, સ્વતંત્ર, આનંદમય અને લાંબી જિંદગી જીવે છે. જ્યારે મારા દેશમાં અગ્નિતત્ત્વ વધારનારા પદાર્થો જેવા કે આદુ, લસણ, તુલસી, મરચાં, મરી, મસાલા, પુષ્કળ પ્રમાણમાં ખવાતા ત્યારે માણસો તંદુરસ્ત, ખડતલ, નિરોગી અને લાંબુ આયુષ્ય ભોગવતાં. જે દેશના માણસોનું અગ્નિતત્ત્વ વધે, તે દેશ બીજા ઉપર રાજ્ય કરવાનો જ અગ્નિ વગરનો માણસ પરાધિન રહેવાનો. અંગ્રેજો અગ્નિતત્ત્વવાળા હતા એટલા માટે જ તેઓ આપણા ઉપર હજારો માઇલ દૂર બેઠાં બેઠાં પણ દોર અને દમામથી રાજ્ય કરી ગયા. આજે પણ અગ્નિતત્ત્વવાળા મદ્રાસીયો, બંગાલીયો, દક્ષિણિયો અને કાઠિયાવાડીઓ, કફ પ્રધાન, ગુજરાતીઓ ઉપર અમલદારી ભોગવે છે. કારણ કે એ લોકો લસણ, કાંદા, મરચાં વિગેરે અગ્નિતત્ત્વવાળા પદાર્થોનું પુષ્કળ પ્રમાણમાં સેવન કરે છે. ગુજરાત કફ પ્રધાન દેશ છે એટલે ગુજરાતીઓએ તો લસણ, કાંદા, આદુ, મરચાં, મરી-મસાલા રોજ ખાવા જોઇએ.

લસણ-ડુંગળી ગામડિયાઓ માટે પ્રાણદાતા જીવન રસાયન છે ગામડાઓમાં લસણ, કાંદાનો વિશેષ ઉપયોગ થાય છે. તેથી ગામડીયા શહેરી કરતાં તંદુરસ્ત, ખડતલ, નિરોગી ને લાંબુ આયુષ્ય ભોગવે છે. ગામડાંઓમાં મા, બહેન, દીકરીની છેડતી કરનાર ગુંડો જીવતો જતો નથી. જ્યારે મુંબઈ—અમદાવાદ જેવા શહેરોમાં ભર બજારે, મા-બહેન-દીકરીની છેડતી કરનાર ગુંડો જીવતો જાય છે. આનું કારણ એ છે કે, શહેરી પ્રજા દુર્ગંધ, ધર્મ અને ખોટી શરમને લઈ લસણ-ડુંગળી ખાતી નથી એટલે એમનામાં અગ્નિતત્ત્વ જ નથી. અગ્નિતત્ત્વ વગરના માણસથી શેકયો પાપડ પણ ભાંગવાનો નથી. એ તો આખી જીંદગી રોગમાં જ સબડવાનો અને અંતે મરી જવાનો.

હિટલર ગયા વિશ્વ યુદ્ધમાં વિજય ઉપર વિજય મેળવતો અને ધાર્યું પાર પાડતો, કારણ કે એક તો ત્યાંની આખી પ્રજા બહાદુર અને લશ્કરી તાલીમ પામેલી છે. વળી જે જર્મન સોલ્જરો હતા તેમને તે, લસણનું તેલ કાઢી કેપ્સ્યુલ્સ ભરી, લશ્કરી સૈનિકોને ફરજીયાત ખવડાવતો. આજે પણ રશિયામાં લશ્કરી સૈનિકોને લસણના તેલની કેપ્સ્યુલ્સ તથા ગોળીઓ (Garlic Tablets) ફરજીઆત ખવડાવવામાં આવે છે.

લસણ સર્વશ્રેષ્ઠ (BEST) ટૉનીક છે:

એલોપથીની વિલાયતી દવાઓમાં પણ આજે ડોકટરો Garlic એટલે લસણનો પુષ્કળ ઉપયોગ કરે છે. લસણમાં ફોસ્ફરસ છે, જે આપણા જ્ઞાનતંતુઓને નવા જ બનાવી જ્ઞાનતંતુઓના રોગ થવા દેતું નથી. લસણથી Nervous System સારી રહે છે. લસણ ખાવાથી વિશાળ બુદ્ધિશાળી, તેજસ્વી અને પ્રભાવવાળા થવાય છે. માટે રોજ થોડું થોડું લસણ ખાવાની ટેવ પાડો.

શક સુંદરીઓ, સ્વાસ્થ્ય અને સુંદરતામાં પહેલે નંબરે હતી કારણ કે તેઓ લસણ-કાંદાનો પુષ્કળ છુટથી ઉપયોગ કરતી. આજે પણ લસણ-કાંદાનો છુટથી ઉપયોગ કરનાર જર્મન, રશિયન, તુર્કી, ઈરાની, ફ્રેચ, પઠાણી, પંજાબી, પારસી, દક્ષિણી, મુસ્લીમ, ભરવાડ, ગરાસીયા, રજપુત જેવી પ્રજાઓ સ્વાસ્થ્ય અને સુંદરતામાં સૌથી મોખરે છે.

લીલા લસણની અત્યારે સીઝન છે, માટે દરરોજ ૦।।-૦।। શેર લીલા લસણનું શાક ખાવાનું શરૂ કરી દો. દાળ શાકમાં પણ લસણ કાંદાનો રોજ તલના તેલથી વઘાર કરો. હું તો બારે માસ લસણનું શાક ખાઉં છું માટે તો ફાયદાના કંઈ પારજ નથી.

લસણની ગંધ ટાળવાનો ઉપાય

લીલા લસણમાં જે ઘાસ જેવી પાંદડી છે તેમાં દુર્ગંધ વધુ છે, ગુણ નથી માટે તેને કંજુસાઈ કર્યા વગર કાઢી નાંખો. લીલા લસણનો જે ધોળો કંદ છે, તેટલો જ ગુણકારી અને ખાવાલાયક છે. એ કંદના બ્લેડથી બારીક ટુકડા કરી, એમાં એક શેર પાણી નાંખી પછી એમાં દહીં, છાશ, લીંબુ જેવી ખાટી વસ્તુઓ નાંખી, જીરૂં રાઈ વગેરેથી તલના તેલમાં વઘારી હળદર, મીઠું, મરચું, ધાણા વિગેરે નાંખી, ખૂબ ચડી જાય ત્યારે ખાવું. ઉપર મુજબ તૈયાર કરેલું લસણ ખાવાથી ગંધાતું નથી. લસણને તલના તેલ સાથે સારો સુમેળ છે. પિત્તવાળાએ ઘીમાં શેકીને ખાવું.

લસણ કોણે ન ખાવું

ઉનાળામાં, પિત્ત પ્રકોપની ઋતુમાં પિત્ત પ્રકૃતિવાળાએ, રક્તપિત્તના રોગીએ, છાતીમાંથી લોહી પડતું હોય તેવાએ, નસકોરી ફુટતી હોય, ચક્કરી (Giddiness) વાળાએ, ક્ષયવાળાએ અને બ્લડ પ્રેશરવાળાએ લસણ ખાવું નહિ.

ધ્યાનમાં રાખો

લસણ ખાનારે બહુ પાણી ન પીવું. દૂધ અને લસણ, ગોળ અને લસણ સાથે ખાશો તો કોઢ જેવા ચામડીના રોગ થશે. સુકા લસણ કરતાં લીલું લસણ વધુ ગુણકારી છે. પિત્તના ૪૦ રોગોમાં લસણ ન ખવાય. બાકી કફના ૨૦ અને વાયુના ૮૪ રોગોમાં લસણ ખાઈ શકાય એમ શાસ્ત્રો પણ કહે છે. લસણ ગરીબોની કસ્તૂરી છે.

લસણ માણસમાંથી દેવ બનાવશે

માણસમાંથી દેવ બનવું હોય તો વિષ્ણુ ભગવાને સ્વહસ્તે પીરસેલું અને અમૃતમાંથી ઉપજેલું, આયુર્વેદનું નિર્દોષ, નિર્ભય અને અદ્વિતીય ઔષધ લસણ ખાઓ!

ગુજરાત આખો કફ પ્રધાન છે. કફ અને વાયુવાળો લસણ ન ખાય તો જીવે જ શી રીતે! ગુજરાતીઓએ તો રોજ લસણ ખાવું જ જોઈએ. લસણ નહિ ખાઓ તો ક્ષય—ટી. બી. થશે. ભાંગેલા હાડકાના કેસોમાં લોકો ત્રણ ત્રણ માસ પ્લાસ્ટરમાં સડે છે એના કરતાં રોજ ૦।।—૦।। શેર લીલું યા સુકું લસણ તેલમાં સાંતરી ખાય તો ભાંગેલા હાડકાં સંધાઈ જશે. ગરમ પડવાની બીક રાખ્યા વિના રોજ લસણ ખાવું જોઈએ.

વિષતંત્ર: લેખાંક ૧

લેખક: શ્રી ડૉ. ત્ર્યં. છો. નારીચાણિયા
મેડિકલ ઓફિસર: રાજ સીતાપુર, (સૌરાષ્ટ્ર)

સ્થાવર વિષ–દાહક વિષ–અમ્લ વિષ–ખનીજ અમ્લો

લગભગ બધા અમ્લ (Acids) અને ક્ષાર (Alkaline) વિષો દાહક છે. પહેલાં દાહક વિષો અંગે સામાન્ય હકીકત જેવી કે તેના સામાન્ય વિષ લક્ષણો, ચિકિત્સા વગેરે જોઇએ.

દાહક વિષ એટલે તે પદાર્થ કે જે સીધી રાસાયણિક ક્રિયાથી તીવ્રાવસ્થામાં તન્તુઓનો નાશ કરે છે અને જો વધારે પ્રમાણમા લેવાયેલ હોય તો મૃત્યુ ઉપજાવે છે.

ભારતમાં અમ્લ જ વિષ પ્રયોગો જુજ પ્રમાણમાં થાય છે કારણ કે તે સહેલાઇથી મળવા મુશ્કેલ છે. પરહત્યા માટે બહુ જુજ પ્રમાણમાં વપરાય છે. ઘણી વખત ભૂલથી પીવાના મિશ્રણનાં બદલે પીવાઇ જવાના પ્રસંગો બની આવે છે. તેમજ આકસ્મિક રીતે દાઝી જવાના પ્રસંગો પણ બની જાય છે. કોઈ કોઇ સમયે આત્મહત્યા માટે વપરાયેલ જોવામાં આવેલ છે. કોઇ વખત અમ્લનો ધુમાડો લાગવાથી પણ વિષ લક્ષણો થાય છે.

સામાન્ય વિષ લક્ષણો:–દાહક વિષ પીતી વખતે અથવા પીવાઇ ગયા બાદ ગળવામાં મુશ્કેલી પડે છે, મોઢામાં, ગળામાં અને આમાશયમાં સખત દાહ થાય છે. ઊલટી થાય છે જેમાં પીળુ, ભુરો અથવા કાળો આમાશયસ્થ રકતમિશ્રિત પદાર્થ, શ્લેષ્મા અને આમાશયનો સ્તર હોય છે, જો વધારે પ્રમાણમાં લેવામાં આવેલ હોય તો આખું આમાશય બળી જાય છે. અને એવી સ્થિતિમાં આમાશયની ઉલટી કરવાની અશકિતના કારણે ઉલટી થતી નથી. અતિ તૃષા લાગે છે પરંતુ ગળવા મુશ્કેલી તથા દર્દના કારણે તૃષા છીપાવી શકાતી નથી. વિષ ચમચી, અંગર એવી બીજી વસ્તુઓથી સીધું ગળામા રેડવામાં ન આવ્યું હોય તો હોઠ અને મુખના ખુણાની શ્લેષ્મકળા દાઝેલી હોય છે અને લાલાસ્રાવ ચાલુ રહેવાના કરણે શ્લેષ્મકળા ઉખડતી જાય છે.

શ્વાસાવરોધ તથા અવાજ ભારે થઇ જાય છે. એપીગ્લોટીઝના સોજાથી તથા ગળામાં દર્દના કારણે ગળવાનું કાર્ય મુસ્કેલીવાળું થઈ પડે છે. આધ્માન, કબજીયાત, જો કે ઘણી વખત ઝીણી ચૂંક અને રકતમિશ્રિત પાતળા ઝાડા હોય છે. મૂત્રાઘાત અને મૂત્રકૃચ્છ થાય છે. આંખની કીકીઓ વિસ્તૃત અને આંખો ઉંડી, બાહ્યત્વચા શીત અને શીત સ્વેદ, નાડી ધીમી અને નબળી હોય છે. માનસિક અવસ્થા મૃત્યુ સુધી સારી રહે છે અને દર્દી શુદ્ધિમાં હોય છે.

ટુંક સમયમાં આઘાત અથવા આક્ષેપ અથવા એપીગ્લોટીસના સોજાથી મૃત્યુ થાય છે. અથવા ચોવીસ કલાકમાં આમાશય અને પેરીટોનીયમના ફુટવાથી થતાં કૉલેપ્સથી મૃત્યુ થાય છે.

જો ચોવીસ કલાકમાં મૃત્યુ ન થાય તો પ્રતિક્રિયા શરૂ થાય છે, નાડી ભરેલી થાય છે અને તાવ ચડે છે. આમાશયમાં કલેદન પદાર્થ છુટો પડવા માંડે છે અને રૂઝાવાની ક્રિયા શરૂ થાય છે. આવી સ્થિતિમાં અઠવાડિયા બાદ વિષૈલી સ્થિતિ (Septic) થવાના કારણે મૃત્યુ થાય છે. ઘણી વખત મહિનાઓ અને વર્ષો પછી પણ મૃત્યુ થાય છે. કારણ કે દાહક સ્થિતિ રૂઝાવાના કારણે આમાશય વગેરે અવયવો સંકોચાઇ ગયા હોય છે અને તે કારણે અવયવો પોતાનું પ્રાકૃતિક કાર્ય કરી શકતાં નથી.

સામાન્ય ચિકિત્સા:–સ્ટમકટ્યુબ અથવા વમનિય ઔષધોનો ઉપયોગ બીલકુલ ન કરવો જોઇએ. કારણ કે દાહક સ્થિતિના કારણે આમાશય ફુટી જવાનો પુરેપુરો સંભવ રહે છે. કારબોનેટ ઓફ કેલ્સીયમ, કારબોનેટ ઓફ મેગનેશીયા અથવા કેલસીન્ડ મેગનેશિયા પાણી અથવા પાણી અને દૂધ સાથે મેળવીને આપીને વિષને ઓગાળવું. જરૂરી પ્રસંગે આ દ્રવ્યો હાથ ઉપર હાજર ન હોય તો ચાક, દૂધ, મીઠું તેલ

અથવા સારી જાતના સાબુને પાણીમાં ઓગાળીને ત્વરિત ગતિએ આપવા અને પછી જવનું પાણી વગેરે આપવાં. લીંબુનું શરબત આપવું.

વેદના શામક તરીકે મોરફિયા ત્વચા સૂચિવેધ મારફતે યોગ્ય માત્રામાં આપવું. બાહ્યત્વચા બળી ગઈ હોય તો તેના ઉપર દાઝયાની સારવાર કરવી.

શવચ્છેદ દ્રશ્ય :–લેવાયેલ વિષની માત્રા ઉપર દ્રશ્યનો આધાર રહે છે. વિષ લીધા પછી જો તુરત જ મૃત્યુ થયું હોય તો મુખ, ગળુ, અન્ન નલિકા અને આમાશયમાં દાઝી ગયાનાં તથા શ્લેષ્મકળા વિદીર્ણ થયાના દ્રશ્યો નજરે પડે છે. આમાશય ફુટી જવાથી તેમાં છિદ્ર પડેલ હોય છે અને તે છિદ્ર દ્વારા વિષ ઉદરમાં જવાથી બીજા અવયવો ઉપર દાઝયાના દ્રશ્યો દેખાય છે. ગાલ તથા છાતી ઉપર લાલાસ્રાવ. આમાશય સંકુચિત થઇ ગયેલ અને તેની શ્લેષ્મકળા શોથયુકત તથા ગન્ધકામ્લથી કાળી અને ઉદ્રહરિકામ્લથી પીળી થઈ ગયેલ હોય છે.

ગન્ધકામ્લ-સલ્ફ્યુરીક એસિડ

સફેદરંગનું ભારે પ્રવાહી છે. અને હવાના સંસર્ગથી ધુમાડા નીકળતાં નથી. પાણી સાથે મેળવવામાં આવે ત્યારે ઘણી ગરમી છોડે છે અને તેનું વોલ્યુમ ઘટી જાય છે. બાહ્યત્વચા, લૂગડા વગેરેને કાળા કરી નાંખે છે. તેમજ બીજી જે વસ્તુઓ તેના સંસર્ગમાં આવે તેને બાળી નાંખે છે.

વિષ લક્ષણો :–જીભ સૂજી જાય છે અને તેના ઉપર સફેદ પડ જામી જાય છે અને તે સફેદ પડનો રંગ ધીમે ધીમે ભુરો અથવા કાળો થઈ જાય છે. જો ગન્ધકામ્લ ખુબ તેજ (Strong) હોય તો જીભ ખુબ બળી જાય છે અને બળી ગયેલ માંસના લોચા જેવી થઇ જાય છે. દાંત સફેદ ચાક જેવા બની જાય છે; હોઠ સુજી અને બળી જાય છે, લાલાસ્રાવ શરૂ થાય છે. અને મોઢાના ખુણાઓમાંથી દાઢી અને ગળા ઉપર ટપકે છે તેથી તે ચામડી કાળાશ પડતી બની જાય છે. કોઇ કોઈ વખત લાલાસ્રાવ બીજા અગર ત્રીજા દિવસે જોવામાં આવે છે. આ ઉપરાંત અમ્લવિષના સામાન્ય વિષ લક્ષણો આગળ કહ્યા છે તે પણ થાય છે.

ઘાતક માત્રા :–સામાન્યરીતે ઘાતક માત્રા એક ડ્રામ (૬૦ ટીપા) ની છે. પરંતુ ખરો આધાર ગંધકામ્લ લેવાયાની માત્રા કરતાં તેના કોન્સન્ટ્રેશન ઉપર વધારે આધાર રાખે છે.

ઘાતક સમય :–સામાન્યરીતે મૃત્યુનો સમય અઢારથી ચોવીસ કલાક છે. છતાં લાંબા ટુંકા સમયે થયેલ મૃત્યુના પ્રસંગો નોંધાયેલ છે, બાળકોનું મૃત્યુ ટુંક સમયમાં ગ્લોટીસના આક્ષેપથી થાય છે.

શવચ્છેદ દ્રશ્ય :–દાહક વિષમાં બધા દશ્યો હોય છે. મુખ, હોઠ અને આજુબાજુની ત્વચા ઉપર દાઝી ગયેલ ભુરા ડાઘા હોય છે. શ્લેષ્મકળા ભુરી અથવા કાળી હોય છે. આમાશય કાળું પડી ગયેલ હોય છે. અને મોટા ભાગે તેમાં છિદ્ર પડી જાય છે. જો છિદ્ર નથી પડયું હોતું તો આમાશયસ્થ પદાર્થ વા દ્રવ્ય કાળું, ભુરૂ અને શ્લેષ્મ તથા રક્તમિશ્રિત હોય છે. આમાશયમાં શોથ હોય છે. તથા પોચુ પડી ગયેલ હોય છે. કેટલીક વખત એટલું બધુ પોચું પડી ગયેલ હોય છે કે આમાશયની હેરવણી ફેરવણી કરતાં આમાશય ફાટી જાય છે. આમાશયની શ્લેષ્મકળાને ખસેડતા નીચેની દીવાલ લાલ અને શોથયુક્ત હોય છે. જો અઢારથી વીસ કલાક પછી મૃત્યુ થયું હોય તો નાના આંતરડા અને ખાસ કરી ગ્રહણીમાં શોથ અને દાઝયાના ચિહ્નો દેખાય છે. વૃક્ક અને યકૃતની વસા વિકૃતિ થયેલ હોય છે. તેમજ નાડીઓમાં લોહી જામી ગયેલ હોય છે.

ન્યાય સંબંધિ વિચાર :–બાળક, નિદ્રાધિન અથવા મદાત્યય સ્થિતિમાં જો માણસ હોય તો તે સિવાય બીજા ઉપર તેનો પ્રયોગ

અન્ન વગેરેમાં મેળવીને પરહત્યા માટે તેની ગંધ અને એવા બીજા કારણોસર થઇ શકતો નથી. દવાના મિશ્રણના બદલે ભૂલથી પીવાના આકસ્મિક પ્રસંગો બની જાય છે. આકસ્મિક રીતે ગર્ભપાત અથવા બસ્તિ આપતી વખતે ઉપયોગ થઇ જાય છે. વિષ લેવાયા બાદ જો તુરત જ ઉલટી થયેલ હોય અથવા ઉત્તમ ચિકિત્સા થઇ હોય તો આમાશયમાં વિષ મળી આવવું મુશ્કેલ છે.

નત્રકામ્લ-નાઇટ્રિક એસિડ

સફેદ પ્રવાહી દ્રવ્ય છે. ઉગ્રગંધી છે. તેમજ જો હવાના સંસર્ગમાં આવે તો તેનાથી ધુમાડા નીકળે છે.

વિષ લક્ષણો:—હોઠ, જીભ અને મોઢાની શ્લેષ્મકળા પ્રથમ નરમ અને સફેદ હોય પછી પીળી થઈ જાય છે. દાંત પીળા પડી જાય છે. બાહ્યત્વચા અને લુગડાં જો આ દ્રવ્યના સંસર્ગમાં આવ્યા હોય તો તે પણ પીળા પડી જાય છે. રક્તમિશ્રિત વમનમાં, વમનનો રંગ પણ પીળાશ પડતો હોય છે. આધ્માન, ઓડકાર, બેભાન અવસ્થા, કેટલાક પ્રસંગોમાં નીચેના જડબાનું જકડાઈ જવું, હોય છે. આ દ્રવ્ય કાનમાં નાંખવાથી મૃત્યુ થાય છે. નત્રકામ્લની વરાળથી આંખો લાલ થાય છે. ઉધરસ, ગભરામણ હોય છે અને શ્વાસાવરોધથી મૃત્યુ થાય છે.

ઘાતક માત્રા:—બે ડ્રામ (૧૨૦ ટીપા)

ઘાતક સમય:—બારથી ચોવીશ કલાક.

શવચ્છેદ દૃશ્ય:—ત્વચા અને શ્લેષ્મકળા પીળી હોય છે. દાહક વિષના બીજા ચિહ્નો હોય છે. ગન્ધકામ્લથી આમાશયમાં જે છિદ્ર પડે છે તે આ વિષથી પડતું નથી. દાહના બધા ચિહ્નો હોય છે અને રંગ પીળો હોય છે. ધુમાડો શ્વાસ-અવયવોમાં જવાથી મૃત્યુ થયું હોય તો શ્વાસ અવયવોમાં પ્રદાહ હોય છે અને ફુફ્ફુસ સોથયુક્ત અથવા તેમાં રક્તસ્રાવ થયેલ હોય છે.

ન્યાય સંબંધિ વિચાર:—આ વિષ ખાસ કરીને આત્મહત્યા માટે વપરાય છે. અને ઘણી વખત આકસ્મિકરીતે વિષ પ્રસંગો બને છે. નાના બાળકોની હત્યા કરવામાં વપરાય છે મદાત્યય અવસ્થામાં હોય તેવા સમયે પર હત્યા તરીકે વપરાય છે.

ઉદ્રહરિકામ્લ-હાઇડ્રોકલોરીક એસિડ

વિષ લક્ષણો:—આ દ્રવ્યના વિષ લક્ષણો મૃદુ હોય છે. શ્લેષ્મકળા કે બાહ્યત્વચા ઉપર આનો રંગ લાગતો નથી. લાલાસ્રાવ, આંચકી, પ્રલાપ થાય છે, અને કેટલીક વખત શાખાઓનો પક્ષાઘાત થાય છે. આ દ્રવ્યનો ધુમાડો શ્વાસ અવયવોમાં ઉત્તેજના કરે છે. શળેખમ, નેત્રા-ભિષ્યંદ અને ગળુ આવી જવું વગેરે થાય છે. ઊલટી ભુરા રંગની થાય છે. મુખમાંથી ધુમાડા જેવું નીકળવું, ઝાડા, વૃક્ક શોથ, મૂત્રકૃચ્છ તથા રક્તમિશ્રિત મૂત્ર કેટલીક વખત જોવામાં આવે છે.

ઘાતક માત્રા:—ચાર ડ્રામની છે (તોલો સવા)

ઘાતક સમય:—અઢારથી ત્રીસ કલાકનો છે.

શવચ્છેદ દૃશ્ય:—શ્લેષ્મકળા રાખોડી ભુરા રંગની થઈ ગયેલ હોય છે અને ઉઝરડા જેવું થઈ જાય છે. છિદ્ર ભાગ્યેજ પડે છે. આમાશયની દીવાલ લાલ થઇ જાય છે.

ન્યાય સંબંધિ વિચાર:—આત્મહત્યા તરીકે વપરાય છે. ને આકસ્મિક રીતે દવાના મિશ્રણના બદલે પીવાઈ જવાના પ્રસંગો બને છે. પરહત્યા તરીકે ભાગ્યેજ વપરાય છે. ગર્ભપાત માટે કોઈક વખત વપરાયેલ છે.

ઇન્દ્રિય ગમ્ય અમ્લો

ઓકઝેલીક એસિડ

પારદર્શક, સફેદ કણિઓ હોય છે. મેગને-શિયમ સલ્ફેટ અને ઝીન્ક સલ્ફેટને મળતી કણિયો હોય છે તેથી ભુલ થઈ જવાનો સંભવ છે. વ્યાપારી કામમાં ખુબ વપરાય છે. આ ત્રણેના પારખવા માટે પાછળનો કોઠો ધ્યાનમાં રાખવો જોઈએ.

નિર્ણય	ઓકઝેલીક એસિડ	મેગનેશિયમ સલ્ફેટ	ઝીન્ક સલ્ફેટ
સ્વાદ	અમ્લ (એસિડ)	તિક્ત અને વમનોત્પાદક	તિક્ત અને ધાતુ સ્વાદ
રાસાયણિક ક્રિયા	અતિ અમ્લ	ઉદાસીન	સામાન્ય અમ્લ
તપવાથી	બરાબર બને છે	કાંઈ ફેરફાર થતો નથી	કાંઇ ફેરફાર થતો નથી
સોડીયમ કાર્બોનેટના સંયોગથી	ફીણ આવે છે	,,	,,
શાહીના ડાઘ ઉપર	ડાઘ નીકળી જાય છે	કાંઈ અસર થતી નથી	કાંઈ અસર થતી નથી

વિષ લક્ષણો :–જો બહુ મોટા પ્રમાણમાં અને ધન રૂપમાં અપાય તો સ્થાનિક જગ્યાએ દાહક પ્રભાવ કરે છે. પરંતુ જો મૃદુ સ્વરૂપમાં અથવા મિશ્રિત રૂપમાં લેવામાં કે આપવામાં આવે તો સાદા વિષ લક્ષણો થાય છે. અમ્લ સ્વાદ, તૃષા, દર્દ, મોઢું–ગળું–આમાશય અને ઉદરમાં દાહ, વમન જે કેટલીક વખત મૃત્યુ સુધી રહે છે, થાય છે. વમનીય પદાર્થમાં રક્ત અને શ્લેષ્મ હોય છે અને તેનો રંગ લીલો, ભુરો અથવા કાળો કોફીરંગ જેવો હોય છે. પેટમાં ચુંક અને ઘણી વખત અતિસાર હોય છે. મૂત્રાઘાત, ઘણી વખત બે ત્રણ દિવસ સુધી પેશાબ બંધ રહે છે. શીત ત્વચા, હાથ પગમાં ખાલી ચઢવી, નબળી, અનિયમિત અને તીવ્ર ગતિવાળી નાડી, ત્વરીત ઉંડો શ્વાસોશ્વાસ, કૉલેપ્સ, કૉમા થઇને મૃત્યુ થાય છે. કળતર આંચકી, નીચલા જડબાનું જકડાઈ જવું અને પ્રલાપ મૃત્યુ પહેલાં ઘણી વખત થાય છે.

ઘાતક માત્રા : લગભગ સવા તોલો છે.

ઘાતક સમય : એકથી બે કલાકનો છે.

શવચ્છેદ દૃશ્ય :–મોઢું, ગળું, અન્ન નલિકા અને આમાશયમાં દાહના ચિહ્નો હોય છે. શ્લેષ્મકળા સફેદ હોય છે અને જલદી છુટી પડી જાય તેવી હોય છે. અન્ન નલિકાની શ્લેષ્મ-કળામાં ઉઝરડા પડી ગયેલ હોય છે. આમાશયમાં ઘેરૂં, ભુરૂં પ્રવાહી હોય છે. અમાશયમાં છિદ્ર ભાગ્યે જ પડે છે. પરંતુ દીવાલો પોચી પડી ગયેલ તેમજ જલદી તુટી જાય તેવી થઈ ગયેલ હોય છે. વિષ લીધા પછી તુરત જ મૃત્યુ થયું હોય તો આમાશય ફીકકું હોય છે. અને દાહના ચિહ્નો નથી હોતા. વૃક્ક શોથયુક્ત અને ઓક-ઝેલેટસથી ભરપુર હોય છે. જો ફક્ત નારકોટીક અસર થઈ હોય તો ફેફસાં, યકૃત, વૃક્ક અને મસ્તિષ્ક પ્રદાહયુકત થઈ ગયેલ હોય છે.

ન્યાય સંબંધિ વિચાર :–વિલાયતી મીઠાના જુલાબના બદલે ઓકઝેલીક એસિડ ભુલથી લેવાઇ જાય છે. પરહત્યા તરીકે ભાગ્યેજ વપરાય છે. બજારમાં છુટથી મળતું હોવાના કારણે, તે લુગડા ઉપરથી ડાઘ કાઢવા માટે વપરાતું હોવાથી, અકસ્માત ઘણા થાય છે. ખાસ કરીને વૃક્કમાર્ગે બહાર નીકળે છે. અને લગભગ બે અઠવાડિયા સુધી પેશાબમાં મળી આવે છે.

બીનોકઝેલેટ ઓફ પોટાસિયમ

ચિકિત્સા :–ઉપર વર્ણન આવી ગયા તે પાંચે વિષોની ચિકિત્સા લગભગ એક સરખીજ છે, ચાક અથવા કેલસીન્ડ મેગનેશિયા અથવા દીવાલ ઉપરના ચુનાનું કે ખડીનું પ્લાસ્ટર હોય તે ઉખાડીને, થોડા પાણીમાં અથવા દૂધમાં મેળવીને આપવું. ચુનાની આશ કે પાણી આપવું તે એક ઉત્તમ ઉપાય છે. ઓકઝેલીક એસિડના વિષમાં ક્ષારો (આલ્કાલીઝ) અને તેમ કારબોનેટસ ન આપવા જોઇએ કારણ કે તે ઓકઝેલીક એસિડ સાથે મિશ્રણ થઇને વિષ

ક્ષાર ઉત્પન્ન કરે છે. પાની જેમ બને તેમ થોડું આપવું કારણ કે આ અમ્લો પાણીમાં ઓગળીને આમાશયમા જલદી પચે છે.

ઉપરની સારવાર કર્યા પછી, એટલે કે અમ્લવિષને ઉદાસીન કર્યા પછી બસ્તિ આપવી અથવા એરંડતેલ આપવું. પછી લાક્ષણિક ચિકિત્સા કરવી. હૃદયોત્તેજક દ્રવ્યો આપવાં.

ગન્ધકામ્લ, નત્રકામ્લ, ઉદ્રહરિકામ્લમાં વમન ન કરાવવું તેમજ સ્ટમકટ્યુબ પણ ન વાપરવી. સર્જક્ષાર, એમોનિયાકાર્બ અને વમન નિષિદ્ધ છે. પાણી જેમ બને તેમ ઓછું આપવું. શ્લક્ષ્ણ પદાર્થો જેવા કે ઈંડા, આલ્બ્યુમીન વગેરે આપવા. વેદના શામક તરીકે વય, પ્રકૃતિ, કાળ વગેરે જોઇને યોગ્ય માત્રામાં મોરફિયા ત્વચા સૂચિવેધ મારફતે આપવું.

કાર્બોલીક એસિડ

ફેનોલના નામથી ઓળખાય છે. ખાણમાંથી નીકળતાં કોલસા અથવા કોલતારના તેલમાંથી રસાયણિક વિધિથી બનાવવામા આવે છે. રંગહીન, શલાકા આકૃતિ અને સ્ફટિક જેવા રૂપમાં હોય છે. દુર્ગન્ધ નાશક તથા જંતુઘ્ન તરીકે વપરાય છે. શલ્યકર્મમાં જંતુઘ્ન તરીકે વધારે વપરાય છે. આ દ્રવ્યથી વિષયુક્ત થાય ત્યારે કાર્બોલીઝમ કહેવાય છે. આ દ્રવ્ય સ્થાનિક જગ્યાએ દાહક અને દૂરવર્તિ નારકોટીક તરીકે પ્રભાવિત થાય છે. બાહ્યત્વચા ઉપર લગાડવામાં આવે તો દાહ, ખાલી ચડવી વગેરે ઉપદ્રવો કરે છે.

વિષ લક્ષણો:—આ દ્રવ્યનો સંસર્ગ જ્યાં થાય છે ત્યાં તંતુઓ બળી જાય છે. પીધા પછી તરત જ મોઢામાં, ગળામાં અને આમાશયમા દાહ થાય છે. કોઇ વખત વમન થાય છે, જેમાં ફીણયુક્ત શ્લેષ્મ નીકળે છે. હોઠ તથા મોઢાની શ્લેષ્મકળાં કઠણ અને સફેદ થઇ જાય છે. જલદી પચવાના કારણે અર્થાત લોહીમાં મળી જવાના કારણે ચક્કર ચડે છે, ચેતના જતી રહે છે, કોમાની સ્થિતિ ઉત્પન્ન થાય છે. હોઠ શ્યામ પડી જાય છે, કીકીઓ સંકુચિત, ત્વચા શીતળ, નાડી પાતળી એટલે કે મૃદુ, શ્વાસોશ્વાસ ધીમા અને ઘર્ઘરાટવાળા, શ્વાસમાં કાર્બોલીક એસિડની ગંધ આવે છે. કોઈ વખત આંચકી અને નીચલા જડબાનું જકડાઈ જવું હોય છે. પેશાબ બંધ થઈ જાય છે અથવા થોડો આવે છે. જ્યારે પેશાબ આવે છે ત્યારે સામાન્યરીતે સફેદ હોય અથવા લીલાશપડતો હોય છે પરંતુ તુરત જ હવાના સંસર્ગથી કાળો અથવા ઓલીવગ્રીન થઈ જાય છે અને લુગડા ઉપર ડાઘ પડયા રહે છે.

શ્વાસોશ્વાસ અને હૃદયના કેન્દ્રના પક્ષાઘાતથી મૃત્યુ થાય છે.

ઘાતક માત્રાઃ લગભગ સવા તોલાની છે.

ઘાતક સમયઃ ત્રણથી ચાર કલાકમાં મૃત્યુ થાય છે કોઇ વખત ૨ થી ૧૫ મિનિટમાં પણ મૃત્યુ થાય છે.

ચિકિત્સાઃ—સામાન્ય વમનિય ઔષધ અસર કરતું નથી. તૈલી પદાર્થ બીલકુલ આપવો નહિ. કારણ કે તૈલથી વિષનુ પાચન (Diffusion) વધે છે સ્ટમક ટ્યુબ દાખલ કરી કોકરવરણું પાણી શેર ૧૧ લગભગ કે જેમાં સીરપ કેલસી અથવા સોડિયમ સલ્ફેટ તોલો ૧૧ નાંખેલ હોય તેનાથી આમાશય ધોવું. જ્યાં સુધી કાર્બોલીક એસિડની ગંધ ન જતી રહે ત્યાં સુધી ધોવું. મેગનેશીયમ સલ્ફેટના પાણીથી ધોઈ શકાય છે. સોડિયમ સલ્ફેટ એ એક ઉત્તમ વિષ પ્રતિકાર દ્રવ્ય છે. વમન માટે ઝીન્ક સલ્ફેટ આપવું અથવા એપોમોર્ગીન હાઇડ્રોક્લોરાઇડ ૧/૧૦ ગ્રેઇન ત્વચા સૂચિવેધ મારફતે આપવું. ઈંડાની સફેદી દૂધ સાથે આપવી. એટ્રોપીન સલ્ફેટ યોગ્ય માત્રામાં ત્વચા સૂચિવેધથી આપવું. હૃદયોત્તેજક દ્રવ્યો આપવા. બહારની ગરમી સાચવવી. શિરા સૂચિવેધ મારફતે નોરમલ સેલાઇન આપવું. ચુનાનું સાંદ્ર પ્રવાહી (Solution) ઉત્તમ પ્રતિવિષ છે. ભોજનમાં સ્નિગ્ધ ભોજન આપવું. જરૂર પડે તો કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવા.

શવચ્છેદ દ્રશ્ય :—હોઠના ખુણા તથા દાઢી ઉપર સફેદ અને ભુરા ડાઘ, હોઠ, મોઢું તથા ગળાની શ્લેષ્મકળા સફેદ અથવા રાખોડી ભુરી અને ઉખડેલી હોય છે. એજ પ્રમાણે અન્ન નલિકા, આમાશય વગેરેમાં હોય છે. શરીરના અવયવોમાં કાર્બોલીકની ગંધ આવે છે. મસ્તિષ્કમાં રક્તાધિક્ય હોય છે. ફુફ્ફુસમાં રક્તાધિક્ય અને શોથ હોય છે. લોહી કાળું અને ઘટ્ટ અથવા અડધું જામી ગયેલું હોય છે.

ન્યાય સંબંધિ વિચાર : દુર્ગન્ધ નાશક અને જંતુઘ્ન તરીકે ખુબ વપરાય છે એટલે આકસ્મિક પ્રસંગો બનવાનો સંભવ રહે છે. ઉગ્ર ગંધ અને સ્વાદના કારણે પરહત્યા માટે બાળકો સિવાય બીજા ઉપર જવલેજ વપરાય છે. ગર્ભપાત કરવા માટે વપરાતા, વિષ લક્ષણો થાય છે. વ્રણ વગેરે ઉપર લગાડવાથી અથવા તેની વરાળ સુંઘવાથી વિષ લક્ષણો થયાની નોંધો છે.

ક્રિઓસોટ

વુડટારમાંથી બનાવવામાં આવે છે. તૈલી પ્રવાહી છે અને સ્વાદે દાહક છે. દંતશૂળ તથા રાજયક્ષ્મામાં વપરાય છે તેથી આકસ્મિક પ્રસંગો બની જાય છે. કાર્બોલીક એસિડ જેવો પ્રભાવ છે પરંતુ મૂત્રને કાળું કરતું નથી.

વિષ લક્ષણો :—હોઠ, જીભ અને મોઢાની શ્લેષ્મકળા ઉપર દાહના ચિન્હો હોય છે. આમાશયમાં દાહ, હલ્લાસ, વમન અતિસાર, હોઠ નીલા, કીકીઓ સંકુચિત, કૅામા, ઘુરઘુરાટ કરતો શ્વાસોશ્વાસ અને બાળકોમાં આંચકી
થાય **શવચ્છેદ** ...ાર્ગે બહાર નીકળે છે. અને
નલિકા અને આમા...ાવે છે.
છે. શ્લેષ્મકળા સફેદ હોય... ...ગ ૧૨૦ ટીપાની છે.
પડી જાય તેવી હોય છે. અન્ન
કળામાં ઉઝરડા પડી ગયેલ હોય છે. ...ત્રીસ કલાક છે.
દ્દોરૂં, ભુરૂં પ્રવાહી હોય છે. અમા...ની ચિકિત્સા
ભાગ્યે જ પડે છે. પરંતુ દીવાલો પે.

શવચ્છેદ દ્રશ્ય :—હોઠ, જીભ, મુખ અન્ન નલિકા અને આમાશયની શ્લેષ્મકળા ભુરી અથવા લાલ હોય છે તથા સુજેલી અને ઉઝરડા પડી ગયા હોય છે, મસ્તિષ્ક અને ફુફ્ફુસ સુજી ગયાની સ્થિતિમાં હોય છે. વૃકક શોથયુક્ત હોય છે.

પિક્રિક એસિડ

વિષ લક્ષણો :—આમાશયમાં વેદના વમન, વમનિય પદાર્થ પીળા રંગનો હોય છે. અતિસારમાં મળનો રંગ પીળો હોય છે. ત્વચા અને આંખો પીળા થઇ જાય છે. કીકીઓ વિસ્તૃત શરીરે કંફ, પેશાબ, સરૂઆતમાં ઝાડો પીળા રંગનો આવે છે અને પાછળથી લાલાશ પડતો હોય છે. નાડી ઉતાવળી, પગમાં કળતર, આંચકી, પ્રલાપ, નિદ્રાવસ્થા અને કૅાલેપ્સ થાય છે.

ઘાતક માત્રા—સમય :—અનિશ્ચિત.

ચિકિત્સા :—સ્ટમક ટ્યુબથી આમાશય ધોવું. મૂત્રલ અને વિરેચક દ્રવ્યો આપવાં. વેદનાશામક તરીકે જરૂર પડે તો મોરફિયા ત્વચા સૂચિવેધ મારફતે આપવું. પ્રતિવિષ તરીકે ઈંડા અને દૂધ આપવાં.

શબચ્છેદ દ્રશ્ય :—અંદરના અવયવો પીળા થઈ ગયેલ હોય છે.

સેલિસિલિક એસિડ

નિર્ગંધ, કણીઓ જેવું ઘન, સ્વાદે મધુર અને તીખો, શીતજળમાં ધીમે ધીમે ઓગળે છે અને ઉષ્ણજળ, મેધ અને ઈથરમાં જલદી ઓગળે છે. ઔષધમાં વધારે માત્રા અપાઈ જવાથી અથવા તૈયાર ખોરાકને સાચવવામાં વધારે પ્રમાણ પડવાથી અકસ્મિક પ્રસંગો થાય છે.

વિષ લક્ષણો :—ગળામાં તથા આમાશયમાં દાહ, ગળવામાં મુસ્કેલી, તૃષા, હલ્લાસ, વમન અતિસાર, શિરઃશૂળ, કાનમાં અવાજ થવો, અતિસ્વેદ, શીતત્વચા, ધીમી અનિયમિત અને નબળી નાડી, માનસિક અસામનતા, પ્રલાપ, બેભાન અવસ્થા અને કૅામા, શ્લેષ્મકળામાંથી રક્તસ્રાવ થાય છે જેમકે નસકોરી

ફુટવી, પેઢામાંથી લોહી આવવું, વૃક્કમાંથી મૂત્રમાર્ગે રક્તસ્રાવ વગેરે સગર્ભા સ્ત્રિઓમાં લોહીવા થઈને ગર્ભસ્રાવ થઈ જાય છે. હૃદય બંધ પડવાથી કે શ્વાસોશ્વાસ બંધ પડવાથી મૃત્યુ થાય છે.

સેલિસિલિક એસિડ મુખ્યત્વે મૂત્રમાર્ગે શરીરમાંથી બહાર નીકળે છે અને મુખમાર્ગે લેવાયા બાદ પંદર મિનિટમાં બહાર નીકળવું બંધ થાય છે.

જીર્ણ પ્રભાવ:—લાંબા સમય સુધી આ દ્રવ્ય લેવામાં આવે ત્યારે અથવા આ દ્રવ્યથી સચવાયેલ તૈયાર ખોરાક લાંબો સમય લેવામાં આવે ત્યારે જીર્ણ વિષ લક્ષણો થાય છે. મુખ્ય લક્ષણોમાં મંદાગ્નિ, અપાચન, અતિસાર અથવા વિબંધ, ત્વચા ઉપર ખરજવા જેવી સ્થિતિ, માનસિક અસ્વસ્થતા વગેરે.

ઘાતક માત્રા:—લગભગ તો. અઢીની છે.

ઘાતક સમય:—એકથી ચાર દિવસ.

ચિકિત્સા:—વમન, વિરેચન, કાચા ઈંડા, દૂધ, મેગનેશિયમ ઓકસાઈડ, શરીર ઉપર ગરમાવો આપવો અને હૃદયોત્તેજક ચિકિત્સા કરવી.

સિરકામ્લ-એસેટિક એસિડ

તીક્ષ્ણ (concentrated) રૂપમાં દાહક અને મૃદુ રૂપમાં ક્ષોભક પ્રભાવ કરે છે.

વિષ લક્ષણો:—મોઢું, જીભ અને બીજા જે અવયવોના સંસર્ગમાં આ દ્રવ્ય આવે છે. તે અવયવોની શ્લેષ્મકળા મૃદુ બની જાય છે અને પીળાશ-સફેદ રંગની થઈ જાય છે. આમાશયમાં સખતશૂળ આવે છે, વમન, આંચકી, કાસ, કૉલેપ્સ, શ્વાસાવરોધ વગેરે થાય છે.

ઘાતક માત્રા:—૧૦ ટીપાથી તોલા અઢી સુધીની છે.

ઘાતક સમય:—અનિશ્ચિત.

ચિકિત્સા: મેગનેશિયા આપવું. પછી વમન કરાવવું, વેદનાશામક તરીકે મોરફિયા યોગ્ય માત્રામાં ત્વચા સૂચિવેધ મારફતે આપવું. સ્નેહન આપવું. ગળાના લક્ષણો માટે બહારથી ગળા ઉપર પાણીના પોતા મુકવા, બરફ ચુસવા આપવો.

શવચ્છેદ દર્શ્ય:—મુખ, અન્ન નલિકા, આમાશય, આંત્ર વગેરેની શ્લેષ્મકળામાં ઉઝરડા જેવો દેખાવ હોય છે.

ટાર્ટરિક એસિડ

સામાન્યત: વિષ પ્રભાવ કરતું નથી, પરંતુ બહુ મોટી માત્રામાં લેવાય છે ત્યારે વિષ પ્રભાવ થાય છે.

વિષ લક્ષણો:—દાહ કરતા ક્ષોભક લક્ષણો વધારે દેખાય છે.

ઘાતક માત્રા-સમય:—અનિશ્ચિત.

ચિકિત્સા:—સોડા અને મેગનેશિયા આપવા. જો અતિસાર અને વમન હોય તો સ્તંભક ઔષધ આપવાં.

સાઇટ્રિક એસિડ

લીંબુ વગેરે અમ્લ ફળોના રસમાથી બને છે. ટાર્ટરિક એસિડ કરતાં સાઇટ્રિક એસિડ પ્રમાણમાં વધારે વિષ પ્રભાવ કરે છે ચિકિત્સા ટાર્ટરિક એસિડ જેવીજ કરવાની હોય છે.

ક્ષાર વિષ આલકલીઝ

અમિશ્રિત રૂપમાં વપરાય તો દાહક પ્રભાવ અને પાણીમાં ઓગાળીને વપરાય તો વિક્ષોભક પ્રભાવ કરે છે.

(૧) એમોનિયા—સફેદ પ્રવાહી, સ્વાદે કડુ છે, પરહત્યા કે આત્મહત્યા માટે વપરાતું નથી. પરંતુ ઉદ્યોગોમાં તથા ઘર કામમાં રંગ, તૈલી અસર તથા લુગડા ઉપરનો મેલ કાઢવા માટે વપરાય છે. એનો બાટલો ખોલતા ધ્યાન રાખવામાં આવે તો તેની બાષ્પ શ્વાસોશ્વાસમાં જવાથી વિષ ચિન્હો થાય છે.

(૨) કોસ્ટીક પોટાશ (૩) કોસ્ટીક સોડા (૪) પોટાસ કાર્બોનેટ (યવક્ષાર) (૫) સોડિયમ કાર્બોનેટ (સાજીખાર) (૬) એમોનિયમ કાર્બોનેટ.

વિષ લક્ષણો :--દાહક વિષના જેવાજ છે પરંતુ નીચે મુજબ ફેર છે.

સ્વાદ તીખો, વમનિય પદાર્થ ક્ષાર પ્રધાન્ય, વમન પ્રથમ કાંઇક ઘટ હોય છે અને પછી કાળાશ પડતુ લોહી તથા ગળામાંથી તથા આમાશયમાંથી શ્લેષ્મકળાની સ્તર નીકળેલી હોય છે. અતિસાર, જે દાહક વિષમાં ભાગ્યેજ હોય છે તે આ વિષમાં હોય છે. વિષના સંસર્ગમાં આવેલ કાળા લુગડા ઉપર લાલ ડાઘા પડે છે. ચુંક આવે છે અને મળ તથા શ્લેષ્મ રકતયુકત હોય છે.

એમોનિયા વિષ તરીકે લેવાયેલ હોય તો કોસ્ટીક સોડા અને પોટાસ કરતા, ગળામાં તથા આમાશયમાં ખુબ ષ્ણુતા અને દાહ હોય છે.

એમોનિયા કાર્બોનેટ સુંઘવાથી પ્રદાહ અને આંખમાં પાણી, નાકમાં પાણી, ગળામાં ઉષ્ણુતા અને શ્વાસાવરોધની સ્થિતિ ઉત્પન્ન થાય છે. ખુબ વધારે પ્રમાણમાં સુંઘવામાં આવે તો શ્વાસાવરોધથી મૃત્યુ થાય છે. અથવા શ્વાસનલિકામાં પ્રદાહ અથવા બ્રોન્કોનીમોનિયા થવાથી બે ત્રણ દિવસમાં મૃત્યુ થાય છે.

ઘાતક માત્રા :--એમોનિયા, કોસ્ટીક પોટાશ અને સોડાની માત્ર લગભગ તોલા સવાની છે. અને કાર્બોનેટ એફ પોટાશની પણ તેટલી જ માત્રા છે.

ઘાતક સમય :--સામાન્યત: ચોવીસ કલાકમાં મૃત્યુ થવાનો સંભવ છે.

ચિકિત્સા :--એસેટિક એસિડ, સાઇટ્રીક એસિડ અથવા ટાર્ટરીક એસિડ પાણીમાં ઓગાળીને વિષ પ્રતિકારક તરીકે આપવા. પછી ઓલીવ ઓઇલ, ઇંડાની સફેદી, દૂધ, માખણ વગેરે આપવા. બરફ ચુસવા આપવો. વેદના શામક તરીકે મોરફિયા યોગ્ય માત્રામાં ત્વચા સૂચિવેધ મારફતે આપવું. પેટ ઉપર શીત જળના પરિષેકો મુકવા એમોનિયમ કાર્બોનેટ વિષમાં પ્રાણવાયુ સુંઘાડવો.

ક્ષાર વિષમાં ખાસ ધ્યાન રાખવાનું કે વમન ન કરાવવું અને સ્ટમક ટયુબ ન વાપરવી.

શવચ્છેદ દ્રશ્ય :--દાહક ચિન્હો દેખાય છે પરંતુ અમ્લ વિષ જેવાં નહીં. પાચક અવયવોની શ્લેષ્મકળા કોમળ અને બળેલી હોય છે. આમાશયસ્થ પદાર્થ રકતમિશ્રિત હોય છે.

ન્યાય સંબંધિ વિચાર : અમ્લ દાહક વિષ કરતા ક્ષારિય દાહક વિષના પ્રસંગો ઘણાં ઓછા થાય છે. પરહત્યા માટે ભાગ્યે જ વપરાય છે. આકસ્મિક પ્રસંગો બની જાય છે.

પોટાસિયમ પરમેંગનેટ

વિષ લક્ષણો :--મોઢું, ગળુ અને આમાશયમાં દાહયુકત વેદના, તૃષા, ગળામાં કાઠિન્ય, સામાન્યત: વમન ચાલુ રહે છે, શ્વાસ કાઠિન્ય, જીભ ઉપર તથા ગળામાં દાહક ચિન્હો વગેરે થાય છે. આ દ્રવ્ય જે જે અવયવોની સંસર્ગમાં આવે છે તે દરેક અવયવોનો રંગ કાળાશ અથવા જાંબુડિયો થાય છે. હૃદયના પક્ષાઘાતથી મૃત્યુ થાય છે.

ઘાતક માત્રા-સમય :--અનિશ્ચિત.

ચિકિત્સા :--સામાન્યત: લાક્ષણિક ચિકિત્સા કરવી જરૂર પડે તો સ્ટમક ટયુબનો ઉપયોગ કરવો. શ્લક્ષ્ણ ઔષધો અને દ્રવ્યો આપવા.

(ક્રમશ:)

દિલ્હીના સરકારી ભવનમાં વડાપ્રધાન તરીકે પંડીત જવાહરલાલ નહેરૂ વહેલી સવારે ઉઠી જાય છે અને ત્યારથી કાર્યની જે શરૂઆત થાય છે તે છેક મોડી રાત સુધી અવિરત ચાલુજ રહે છે. સામાન્ય રીતે ઉનાળા સિવાય અન્ય દિવસોમાં શ્રી. નહેરૂ ૫ વાગે નિયમિત રીતે પથારી છોડી દે છે. પ્રાતઃકર્મમાં રોજ દાઢી બનાવવાનું એ કદી ચુકતા નથી. એ બધી વીધી પતાવીને સીધા જ ટેબલ પર પહોંચી જાય છે. જેમાં રોજના તાજા અખબારો પર ઝડપથી નજર ફેરવી દે છે. અને સેંકડોની સંખ્યામાં આવેલા પત્રો વાંચે છે.

નાસ્તાના ટેબલ પર

એ પછી બરાબર નવના ટકોરે પં. નહેરૂ નાસ્તાના ટેબલ પર ગોઠવાય છે. સામાન્ય રીતે કોઇક ને કોઇક મહેમાન સાથે હોય છે જ. અને તેમ ન હોય તો પછી પોતાની પુત્રી અને પૌત્રો સાથે ચા નાસ્તો લેવામાં શ્રી. નહેરૂને ઓર મજા આવે છે. અને એ વખતે પોતે બધુંએ ભૂલી જઇને પૌત્રોના સર્વ સામાન્ય દાદાજી બની જાય છે.

બરાબર ૯–૩૦ના ટકોરે નહેરૂ બહાર આવતાં ચારે બાજુથી દર્શનાર્થે જમા થયેલા ટોળામાંથી "નમસ્તે" "જયહિંદ" "નહેરૂકી જય" વગેરે અવાજો સંભળાય છે. અને તેમને લઇને મોટર સડસડાટ સેક્રેટરીએટના માર્ગે દોડી જાય છે.

વડાપ્રધાન નહેરૂ

સેક્રેટરીએટમાં શ્રી. નહેરૂની ચેમ્બરમાં વળી ઓર ધમાલ હોય છે. કામના ઝડપી નિકાલ માટે તેઓ ખૂબ જાણીતા છે. તેઓ કોઇપણ કાર્યને બનતા પ્રયાસે તેને તેજ દિવસે પુરૂં કરવાનો ભારે આગ્રહ રાખે છે. એક તરફ તેમની નજર તળે લાવવા માટે સંખ્યાબંધ ફાઇલોનો ગંજ ખડકાતો જાય છે. તેને જોતાં શ્રી. નહેરૂ પોતાના સ્ટેનોગ્રાફરોને એક પછી એક કામની સૂચના અને લખાણો આપતા જાય છે. શ્રી. નહેરૂના સ્ટેનોગ્રાફર તરીકેની ફરજ બજાવવી એ પણ એક ભારે કસોટી છે. લગભગ આખોય સમય અને સમય ઉપરાંત પણ કામ તો ચાલુ જ રહે છે. અને ચાર ચાર સ્ટેનોગ્રાફરો અસાધારણ ઝડપે શ્રી. નહેરૂની સૂચનાઓનો અમલ કર્યે જ જાય છે.

ભોજન સાથે મુલાકાત

ખાણાના સમયે પણ જરાય આરામ નહી. એક તરફ ઝડપથી ખાણાનું કામ ચાલતું રહે છે. અને બીજી તરફ મુલાકાતીઓને મુલાકાતો આપવાનું ચાલુ જ રહે છે, અને આ મુલાકાતો કંઈ સામાન્ય નથી હોતી. રાજ્યોના પ્રધાનો કે જેઓ શ્રી. નહેરૂને મળવા માટે દિલ્હીમાં આવ્યા હોય છે, કોંગ્રેસી નેતાઓ, પાર્લામેન્ટના સભ્યો, રાજદ્વારી પ્રતિનિધિ મંડળો વગેરેનો સમાવેશ થાય છે. જુદા જુદા મુલાકાતીઓ અને તેમના હેતુઓ પણ અલગ અલગ. આ બધું ખાણાના સમય દરેકને સંતોષ થાય એ રીતે. આ કાર્ય કેટલું મુશ્કેલ છે તે તો જેણે અનુભવ્યું હોય તેજ જાણે.

સામાન્ય રીતે શ્રી. નહેરૂ દોઢ વાગે ખાણું લે છે. અને શકય હોય તો એમાં મહત્વની વ્યકિતઓને જમવા માટે પણ તેઓ આમંત્રણ આપે છે. જમ્યા બાદ આરામ લેવાની શ્રી નહેરૂને આદત નથી. પરંતુ થોડોક સમય એકલા બેસીને ચિંતન કરવાનું ગમે છે. અને ફરી પાછા ઓફીસના કામમા ગુંથાઇ જાય છે. એ જ ઓફિસ, ફાઇલો અને મુલાકાતીઓનો ધસારો ચાલુ જ હોય છે. મોડી સાંજે એમાંથી જરાક રાહત મેળવે છે.

નિયમ પ્રમાણે સાંજે ૬–૩૦ કલાકે ઓફિસનું કામકાજ બંધ થાય છે. એ પછી મહેમાનો સાથે તેઓ ચા અગર સાંજની પાર્ટીઓની લિજ્જત માણે છે. અને એ બધું

ન હોય તો આરામથી ચા પીતાં પીતાં તેઓ પોતાને મનગમતાં પુસ્તકો વાંચવામાં પરોવાઈ જાય છે. નહેરૂને ગમતા વિષયોમાં વિજ્ઞાન, સાહિત્ય અને રાજકારણ છે. એટલું જ નહીં રોજબરોજ જીવન સાથે ગુંથાએલા પુસ્તકો, સામયિકોનું પણ તેઓ વાંચન કરે છે.

વાળુ પછી શું કરે છે

રાજભવનની ઘડીઆળ નવના ટંકોરા પાડે છે, એટલે પં. નહેરૂ રાત્રીના વાળુ માટે ઉભા થાય છે. સાથે મહેમાનો તો ખરા જ. અને જમતાં જમતાં મહત્ત્વની ચર્ચાઓ શરૂ થાય છે. તે મોડી રાત સુધી ચાલુ જ રહે છે.

આ બધું તો જાણે પ્રજા માટે, દેશ માટે થયું; પરંતુ એ પછીનું કાર્ય શરૂ થાય તે તો આખાએ દિવસના સખ્ત પરીશ્રમ કરતાં પણ ચઢી જાય એવું હોય છે. મોડી રાતે મહેમાનોથી છુટા પડયા પછી શ્રી. નહેરૂ પોતાના ખાસ રૂમમાં જાય છે, જ્યાં ટેબલ પર મંત્રીએ તૈયાર રાખેલાં અખબારોનાં 'કટીંગો' અને અન્ય મહત્ત્વના કાર્યો જોઇ જવા અને એની નોંધો કરવાના કાર્યમાં ગુંથાઈ જાય છે.

ઉપરની દિનચર્યા શ્રી. નહેરૂ જ્યારે પાટનગરમાં હોય છે ત્યારે હોય છે પરંતુ વડાપ્રધાન તરીકે કે કોંગ્રેસ પ્રમુખ તરીકે જ્યારે જ્યારે તેઓ સત્તાવાર પ્રવાસે નીકળે છે ત્યારે પણ એમાં કોઇ ઝાઝો ફેરફાર થતો નથી.

જ્યારે જ્યારે પણ બાળસમૂહ વચ્ચે નહેરૂ આવી પડે છે ત્યારે પોતાની બધીએ ચિંતા અને વડાપ્રધાન તરીકેનો બધો ભાર વેગળો મૂકી શ્રી. નહેરૂ એક નિખાલસ બાળક બની જાય છે. અને પછી તો ચારે તરફ બાળકોના કીલકીલાટ વચ્ચે નહેરૂનું મુક્ત હાસ્ય બધાંને સાંભળવા મળે છે. શ્રી. નહેરૂને બાળકો વચ્ચે ખેલતા અને આનંદ કરતા જોવા એ પણ એક લ્હાવો છે. શ્રી નહેરૂના પૌત્રો રાજીવ અને સંજીવ રાજભવનના બગીચામાં દાદાજીના ખભા પર 'ઘોડો ઘોડો' કરી ખેલવાનો આનંદ ઘણીએ વાર માણી લે છે. અને આખાએ દેશનો બોજ પોતા ઉપર ઉઠાવી લેતા દાદાજી નહેરૂ, આ બાળકોને ફુલની માફક ઉપાડીને આખાએ બગીચામાં ફરી વળે છે.

શ્રી. નહેરૂ ખર્ચાળ ટેવોને તીરસ્કારે છે. એમની અંગત રહેણી ઘણી જ સાદી છે. હાથે વણેલાં કપડાં, તેમાં ખાસ કરીને ચુડીદાર પાયજામો ને અચકન, પગમાં સેન્ડલ એ એમનો ખાસ પહેરવેશ. સ્વચ્છતાના ખાસ આગ્રહી નહેરૂને બધું જ વ્યવસ્થિત જોઇએ છે. એમાં જરા ચૂક થતાં પંડીતજી ગુસ્સે થઈ જાય ખરા!

ગુલાબ અને નહેરૂ

સૌથી મહત્ત્વની અને જાણીતી વાત એ છે કે, શ્રી. નહેરૂને રાતા ગુલાબની અર્ધ ખીલી કળી પોતાના કોટમાં ભેરવવાની જાણે કે આદત જ પડી ગઈ છે. શ્રી. નહેરૂને એ ગુલાબના ફુલ વીના જરા પણ ચાલતું નથી એમ જ કહી શકાય.

અનુભવની યાદી: શૂંઠયાદિચૂર્ણ

લેખક: વૈદ્ય ફુલાભાઇ મ. પટેલ આયુર્વેદાચાર્ય

દરદીનું વય:–૭૫:

ટૂંકમા હકીકત આ પ્રમાણે હતી. અઠવાડીયા ઉપર/ તેઓ તા. ૧૧મીએ બહારગામ ફેરણીમાં ગયેલા. ત્યાં મહેસાણામાં ભુસું (ભેલ પુરી) ખાધું હતું. બીજા દિવસથી ઉદરથી ઝીણી ઝીણી ચૂંક ચાલુ થઈ હતી. નાભિની આજુ બાજુના પ્રદેશમાં એની આ સ્થિતિ છે. દાબવાથી જરા રાહત અનુભવાય છે. આખો દિવસ એ ભાગ ભારે અને વેદનાયુક્ત હોવાથી ચેન પડતું નથી. ઓફિસમાં જઇ કામ તો થઇ શકે છે પણ ચિત્ત સ્વસ્થ રહેતું નથી.

દવાની શરૂઆત દાક્તરોથી કરી છે. ટીકડી અને મિશ્રણ લીધાં. દવા બદલ્યે જાય છે પણ આઠ દિવસમાં તનિક પણ ફેર પડયો નથી. ઝાડો પહેલેથી જ થાય છે પણ વાછૂટમાં અવરોધ રહે છે હમેશનો ખોરાક લેવાય છે.

વાયુ વિના વેદના નહિ: આયુર્વેદનું આ પ્રસિદ્ધ સૂત્ર એટલે દરદને વાયુના નાનાત્મ જ રોગ તરીકે ગણી અને વાતહર દ્રવ્યોમાં તેલ શ્રેષ્ઠ છે અને એ સૂત્રના આધારે તેલના સહપાનવાળું ઔષધ પણ તરત જ નક્કી કરી નાખ્યું અને દરદીને વિશ્વાસપૂર્વક જણાવ્યું કે આજે જ રાહત અનુભવશો.

ઔષધમાં દીપન પાચન ચૂર્ણ:–શુંઠ, સિંધવ અને શિવા તો. ૦। આપ્યું. તેના ત્રણ પડીકા કરી એક ચમચો તેલ અને ૦।। ચમચો મધ દરેક પડીકામાં મેળવીને ઔષધ ચાટવાની સલાહ આપી. શુક્ર અને શનિ આ બે દિવસની દવા આપીને રવિવારે આવવાનું કહ્યું. રવિવારે દરદીએ દરદમાં લેશમાત્ર પણ લાભ હોવાનો ઇન્કાર કર્યો. ઝીણી ઝીણી ચૂંક ચાલુ હતી. પૂછપરછ કરતાં તેલ મગફળીનું હતું તેમ જાણ્યું. અને તેને બદલે તલનું લેવા કહ્યું. તેલ એક મોટો ચમચો અને મધ અડધી ચમચી લેવા જણાવ્યું દવાનું પ્રમાણ ૬૦ ગ્રેન કર્યું અલબત્ત ત્રણે વખત થઇને.

બીજે દિવસે દરદમાં કંઈક રાહત છે એમ જાણવા મળ્યું. પણ દરદ ચાલુ રહે અને રાહતનું સાધારણ થીગડું પ્રાપ્ત થાય એ સંતોષની વાત ન હતી. તેલની અમોઘતા પર વિશ્વાસ કરવામાં સલામતી ના જોઇ. અને બીજા ઔષધ રૂપે દુધનો પ્રયોગ ચાલુ કર્યો. સવારે ૧૦ વાગ્યે દુધ લભ્ય ન હોતું તેથી તે દિવસે ચાલુ દવા આપી અને સાંજે ઓફિસેથી વળતાં ખીરુ દવા લઈ જવાનું સૂચવ્યું. એ દરમ્યાન રાહતમાં વધારો થાય તો ચાલુ દવાને મહત્વની માનતે, પણ કંઈ રાહત ન થઈ એટલે સાંજે દુગ્ધવટી ગ્રેન ૨।। સાંજે ૧ શેર દૂધ સાથે પીવા આપી. બીજે દિવસે દરદમાં સાધારણ ફેર હતો છતાં વેદના ઊભી હતી. મેં ખોરાક બંધ કરાવ્યો અને તે દિવસે ૫ ગ્રેન દુગ્ધવટીના પડીકાં બનાવી આપ્યાં. આખા દિવસમાં સવારે ૦।। શેર, બપોરે ૦। શેર અને રાત્રે ૧ શેર દૂધ દવા સાથે લેવામાં આવ્યું. છતાં દુખાવો ન મટયો. દરદીની ચિંતા વધતી હતી. અને એ ચિંતાએ એમને એકસરે (ફોટો) લેવડાવવા જેટલી તત્પરતા સુધી ખેંચ્યા પણ મેં આશ્વાસન આપ્યું. અને દરદ વાતિક છે ગભરાવાની જરૂર નથી. જરૂર મટશે. અને ઓછોવત્તો સમય લાગે તેથી દોડાદોડમાં ફાયદો નથી. ચિકિત્સકમાં શ્રદ્ધા એટલે ઉપચાર ચાલુ રાખવામાં આવ્યો. પણ શૂળ, ઉદાવર્ત અને ગુલ્મમાં જેને હિતકારક ગણ્યું છે અને જે છે પણ, તેનો આ દરદમાં ગજ ખાતો નથી એ જોઇને ત્રીજા શસ્ત્ર તરફ નજર નાખી, તા. ૨૫ મીએ શારંગધરોક્ત શુંઠયાદિચૂર્ણ તો. ૦। ત્રણ ભાગમા થઇને ગરમ પાણી સાથે આપ્યું અને સાંજ સુધી શુભ પરિણામની આશામાં બેઠા, પણ સાંજે દરદીએ અસર થઇ નથી કહીને આશા પર પાણી ફેરવ્યું. છતાં રાતના બે પડીકા આપ્યાં, એમાં શુંઠયાદિચૂર્ણ તો. ૦। + સંચળ તો. ૦। સળી તો. ૦।। નું પ્રમાણ કરી એના બે ભાગ કરી રાત્રે ગરમ પાણીમાં બબ્બે કલાકે લેવાની સૂચના આપી.

આ ચૂર્ણે રંગ રાખ્યો બીજે દિવસે દરદ કમી હોવાનું રુગ્ણે જણાવ્યું. ઉબકા આવવા તેમાં રાહત જણાઈ. ભૂખ પણ સાધારણ રીતે ઠીક હતી. એટલે સુધારો ધ્યાનાર્હ હતો. તે દિવસે ૬ આનીભાર શૂંઠયાદિ + ૬ આનીભાર સૌવર્ચલ (સંચળ) મેળવી ત્રણ વખતમાં થઇને ગરમ પાણીમાં આપ્યું.

પુનઃ શુક્રવાર આવ્યો. ઔષધોપચારને ૮ મો દિવસ થયો. દરદ ઘણુંજ ઓછું થઈ ગયું હતું. આજે એજ માપની બે દિવસની દવા આપી. રવિવારે બપોરે દરદીના પ્રસન્ન વદન પરથી દરદની વિદાયનું અનુમાન કર્યું. દરદીની ખૂશખબરથી આનંદ થયો. હવે સૌવર્ચલ (સંચળ) કાઢી નાંખ્યું. કેવળ શૂંઠયાદિચૂર્ણ ૬ આનીભાર, ૩ વખત થઇને ગરમ પાણી સાથે આપવાનું ચાલુ રાખ્યું. ઝાડો બરોબર સાફ થતો નહિ હોવાથી રાત્રે મૂળાની ભાજી લેવાની સૂચના કરી. સોમવારે દરદમાં ઘણોજ ફરક પડી ગયો. ઝાડો સાફ થયો હતો. પીડ કોઈકવાર આવતી પણ તે ૦। કલાક પૂરતીજ. અને તે પણ ઘણી હળવી. હવે તો ભૂખ પણ સારી લાગવા માંડી છે. દવાનું પ્રમાણ ૬ આનીભાર ચાલુ રાખ્યું.

બીજે દિવસે દુઃખાવો ન હોતો. ઝાડો સાફ થયો હતો. સવારમાં પેટ સહેજ ભારે. ચૂર્ણનું પ્રમાણ ૬૦ ગ્રેનનું કર્યું. બે ત્રણ દિવસ આ પ્રમાણે કર્યું. અને દરદની વિદાય સાથે ઉપચારને પણ વિદાય આપી.

વાગ્ભટે હૃદ્રોગના પ્રકરણમાં આ ચૂર્ણ આપ્યું છે. શારંગધરમાં એનું વિકલ સ્વરૂપ આ પ્રમાણે છે.

शुंठी सौवर्चलं हिंगु दाडिमं चाम्लवेतसम्।
चूर्णमुष्णाम्बुना पेयं श्वासहृद्रोग शान्तये॥

શુંઠ, સંચળ, હિંગ, દાડમસાર અને અમ્લવેતસનું ચૂર્ણ શ્વાસ અને હૃદ્રોગની શાંતિ માટે ગરમ જલ પીવું.

શ્વાસ અને હૃદ્રોગમાં જેનો ઉપયોગ દર્શાવ્યો છે તે ઉદરશૂલમાં યોજવામાં આવ્યું અને ધાર્યું પરિણામ લાવી શકાયું તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. ગમે તે અધિકાર (પ્રકરણ) માં ઔષધ મૂકેલું હોય તો પણ તેના ગુણદોષ પરથી તેનો અનુકૂળ વ્યાધિમાં પ્રયોગ થઇ શકે છે. અને એના અનેક ઉદાહરણ આપી શકાય છે. આરોગ્યવર્ધની કુષ્ઠના પ્રકરણમાં છે છતાં તે કયાં કયાં વપરાય છે? એ અજાણ્યું નથી. શૂંઠયાદિ ચૂર્ણ પણ તેમાંના ઔષધોના ગુણો તરફ જોતાં ઉદરશૂળમાં ઉપયોગી માલૂમ પડશે.

શૂંઠ :—કઇંક સ્નિગ્ધ, દીપન, વૃષ્ય, ઉષ્ણ, વાત કફનો નાશ કરનાર, વિપાકમાં મધુર, હૃદ્ય અને રૂચિકારક છે. (ચ. સૂ. અ. ૨૭)

સંચળ :—સુક્ષ્મ, ઉષ્ણ, લઘુ અને સુગંધી ગુણથી રૂચિકારક, વિબંધ દૂર કરનાર, હૃદ્ય, ઓડકારનું શોધન કરે છે. (ચ. સૂ. અ. ૨૭)

હિંગ :—વાત, કફ અને વિબંધનો નાશ કરનાર, કટુ, ઉષ્ણ, અગ્નિદીપક, લઘુ, શૂળ મટાડનાર, પાચક અને રૂચિકારક છે. (ચ. સૂ. અ. ૨૭)

અમ્લવેતસ :—અતિ અમ્લ, ભેદન, લઘુ, દીપન, હૃદ્રોગ, ગુલ્મ અને શૂળને હણનાર, પિત્તલ, લોમહર્ષણ, રૂક્ષ, પૂરીષ અને મૂત્રના દોષને હણનાર તથા પ્લીહા અને ઉદાવર્તનો નાશ કરનાર છે. (ભાવમિશ્ર)

ખાટું દાડમ :—પિત્તકારક, ખાટું, વાત તથા કફને દૂર કરનાર છે. (ભાવમિશ્ર)

અમ્લ તથા કષાય મધુર **દાડમ** વાતઘ્ન, ગ્રાહિ અને દીપન છે. (ચ. સૂ. અ. ૨૭)

ઉષ્ણ જળ :—વાયુનું અનુલોમન કરે છે, શીઘ્ર પચી જાય છે અને કફને સૂકવી નાખે છે.

પ્રતિલોમ વાયુ હૃદય પર દબાણ કરી હૃદ્રોગ અને શ્વાસ ઉત્પન્ન કરે ત્યાં શૂંઠયાદિ ચૂર્ણ પોતાના અનુલોમ ગુણથી વ્યાધિનું શમન કરે એ સ્વાભાવિક છે. એ કેવળ હૃદ્રોગ અને શ્વાસ પૂરતું મર્યાદિત નથી પણ જ્યાં વાયુનું અનુલોમન કરવું હોય ત્યાં એનો નિઃશંક ઉપયોગ થઇ શકે.

ચામડીના રોગોમાં કુદરતી ઉપચાર

એક યુવકનો અંગત અનુભવ

માલાડથી ભાઇ પૂનમચંદ ઇશ્વરલાલ કંસારા કુદરતી ઉપચારથી પોતાના મટેલા ચામડીના રોગનો નીતી અનુભવ નીચે પ્રમાણે લખી જણાવે છે.

હું જ્યારે અહિં આવ્યો ત્યારે જુની કબજીયાતથી પીડાતો હતો. બે બે દિવસે ઝાડો થતો. આમ તો મને નાનપણથી જ કબજીયાત હતી. ને તે કબજીયાતને લીધે મારૂં સાત વરસથી લોહી ખરાબ થયુ હતુ, ને ચામડીનો રોગ થયો હતો. પહેલા તો મે કાંઇ દરકાર કરી નહિ પણ જ્યારે વધવા માંડયું ત્યારે હું ગભરાયો. અને એક હોસ્પિટલમાં બતાવવા ગયો. ત્યા ડોકટરે મારી ચામડી તપાસવા માટે ગરમ પાણી મંગાવ્યું. જોવા કે મારી ચામડી જુઠી થઇ છે કે ને તેના પછી તેમણે હોલ્ડરની અણી બે ત્રણ ઠેકાણે રોપી. ને તેના ઘા રૂઝાતા લગભગ છ મહિના લાગ્યા તેમણે મને એક હોમમાં મોકલ્યો. ત્યાં ગયો તો ત્યાં પણ ડોકટરે તેજ રીતે ગરમ પાંણી અને અણીદાર વસ્તુથી તપાસી. અને વધુ તપાસ માટે મારી થોડી ચામડી કાપી લીધી. અને આ રીતે ડોકટરથી થોડી ચામડી કાઢવા જતાં જરા મોટો કાપ મુકાઇ ગયો ને તેમણે ટાંકા માર્યા. આ ચામડી લેવાનું કામ અને ટાંકા મારવાનું કામ મારી સારી સારી ચામડી ઉપરજ લેવા માંડયું. આ બધું હું જ્યારે પહેલે દિવસે ગયો. ત્યારે જ થયું. મને તો કલ્પના પણ ન હતી કે આમ ચામડી કાઢશે. પછી તેમણે મને લેપ્રસી છે એમ કહ્યું ને દવા શરૂ કરી. પણ મને ત્યાં બહુ બેદરકારી લાગવાથી હું બોમ્બેમાં એક ડોકટરને બતાવવા ગયો. તેમણે ૨૦ રૂપિયા ચાર્જ લીધો ને ત્રણ મહિને આવવાનું કહ્યું, ને થોડા ઇન્જેકશન લખી આપ્યા અને રોજ લેવાને કહ્યું.

આમ તો હું ન લેત પણ લોકોએ મને આ મારા ચામડીના રોગ વિષે એટલો ગભરાવી નાખ્યો હતો કે હું મુંગે મોઢે સહન કરી લેતો. અને આ ઇન્જેકશનોનો મહિને પચાસ રૂપિયા ખર્ચ આવતો. આમ ૭ મહિના ચલાવ્યું. પણ ઇન્જેકશનોથી મારા હાથ ને પગ ઢીલા પડી ગયા હતા. જાણે સખત માર ખાધો હોય તેવા ઢીલા અને કમજોર થઈ ગયા હતા. અને તેને લીધે મેં છોડી દીધાં.

આ બધું ૧૯૫૦માં થયું. અને મેં દવા બંધ કરી. ત્યારપછી ૧૯૫૦માં મને શિતળા નિકળ્યા જેણે સારામાં સારી દવાની ગરજ સારી. તે શિતળાથીજ મારો અડધો રોગ સારો થઈ ગયો, તેમ લાગ્યું. આમ ફરી ચામડીની દવા બંધ કરી જો કે આ દરમીયાન મારી સખ્ત કબજીયાત તો હતી જ કોઈ કોઇ વખત આઠ આઠ દિવસ સુધી ઝાડો ન થતો. પણ કોઇ ડોકટર તેની બહુ દરકાર ન કરતો. આમ ચાલ્યા કર્યું, પછી ૧૯૫૪ની શરૂમાં ફરીથી આ રોગ વધવા માંડયો. દવાને માટે 'સલ્ફોન'ની ગોળીઓ આપવા માંડી આ ગોળીથી એટલી કમજોરી આવી ગઇ કે ૭ મહિનામાં તો મારૂં શરીર જીર્ણ થઇ ગયું. પછી મેં કંટાળી દવા છોડી દીધી.

ગયા ડિસેબરમાં અમારા સગાવાલી એક બાઇ મોતીબાઈ જે અહિંના એક સુવાવડ-ખાતામાં કામ કરે છે. અને ત્યાં જોડે કુદરતી ઉપચારની એક સંસ્થા છે. તેણે મારા રોગ માટે એ સંસ્થાનો લાભ લેવા ભલામણ કરેલ. ડિસેંબરની શરૂઆતમાં મેં ત્યાંના ડોકટરને મારી હકીકત કહી

તે પરથી તેમને હોસ્પિટલમાં આવી જાતના કેસ ટ્રસ્ટના નિયમ પ્રમાણે રાખી શકાય નહીં પણ મારી ગરીબી હાલત, નાની ઉંમર, ખરાબ રોગ અને હોસ્પિટલોમાં રહી ફાયદો ન મળવાથી દયાની દષ્ટિએ એમણે છુટી જગામાં બહાર રાખી સારવાર કરવા સંમતી આપી. તે પ્રમાણે મને એક ઝાડ નીચે અલગ રાખવામાં

આવ્યો અને નિચે પ્રમાણે ઉપચારો કરવામાં આવ્યા. પરમાત્માની કૃપાથી નસીબયોગે એક ચમત્કાર થાય તેમ મને ફાયદો થયો. ઉપાયોમાં પહેલા બે દિવસ સંતરા મોસંબીના રસ ઉપર રાખ્યો. અને આ બેજ દિવસમાં મને જે ૬ દિવસ સુધી ઝાડો નહોતો થયો તે ઝાડો થયો. અને ડોકટરે એનીમા આપ્યા પછી મારૂં પેટ સાફ થઇ ગયું. ત્યાર પછી ધીરે-ધીરે મને ફળાહાર પર અને શાકાહાર (કાચા) પર લીધો. ને સાથે સાથે પલાળેલું કઠોર ચાલુ કર્યું આમ ફળાહાર, શાકાહાર (કાચા) અને પલાળેલું કઠોર પંદર દિવસ ચલાવ્યું. આ દરમ્યાન મને પણ દવાવગર બે બે સાફ ઝાડા થવા લાગ્યા ને મારામાં નવુંજ લોહી આવવા માંડયું. અને ધીરે-ધીરે દુધ શરૂ કર્યું. અને દુધ શરૂ કર્યા પછી મારૂં વજન ૭૬ રતલથી વધી ૮૨ાા રતલ સુધી વધ્યું. અને આમ મારી પુરી એક મહિનાની સારવાર પછી ૩-૧-૫૫ ને રોજ મને રજા આપવામાં આવી.

આ લેખ લખતી વખતે મારી ચામડી જ્યાં જ્યાં કાળી કઠણ અને મરેલી થઇ ગઇ હતી તે હવે ત્યાં હાથ લગાડતા ખબર પડે છે. કે તે નરમ થઇ ગઈ છે. અને તેનો રંગ પણ બદલાઈ ગયો છે.

એટલુંજ નહીં પણ મારા અભ્યાસમાં જે હરકત થતી હતી તે હું આનંદપુર્વક કરૂં છું. જ અને બીજી રીતે પણ તબીયતમાં ઘણો સુધારો થઈ તાકાત પણ વધી છે. હું ગરીબ માણસ હોવાથી મારી પાસેથી કોઇપણ પ્રકારનો ચાર્જ લેવામાં આવ્યો નથી. હોસ્પિટલના ટ્રસ્ટીઓનો, ડોકટર વર્મા સાહેબનો અને મને બચ્ચાની પ્રમાણે પ્રેમથી સંભાળી લેનાર માયાળુ વેણુબેનનો અને સ્ટાફના માણસોનો જેઓએ હું એક ફ્રી પેશંટ હોઈ મારા ઉપર માયા રાખી મદદ કરી. તેમનો હું આજન્મ ૠણી છું. આજ તા. ૯-૧-૫૫ દિને વજન ૮૩ ને ૧૪ ઔંસ.

(મુંબઇ સમાચાર)

કુટુંબનિયોજન: હોમિયોપેથિક પદ્ધતિએ

કુટુંબનિયોજન અર્થાત સંતતિ નિયમનની આજ કાલ જોર શોરથી હિમાયત થઈ રહી છે અને તે માટે વિવિધ પ્રકારની આયુર્વેદિક તેમજ એલોપેથિક પદ્ધતિઓ સૂચવાઈ રહી છે ત્યારે તે માટેની, સામાન્ય માણસોને માટે અત્યંત સરળ અને સસ્તી હોમિયોપેથિક પદ્ધતિ અત્રે દર્શાવવામાં આવી છે.

ગરીબમાં ગરીબ મનુષ્ય કુટુંબનિયોજન કરી શકે તેવી કલ્યાણકારી શોધની જાહેરાત મુંબઈના સ્વર્ગસ્થ ડો. બી. આર. ચૂધા એમ. ડી. (યુ. એસ. એ.) હોમિયોપાથે તેમની "બર્થ કન્ટ્રોલ અને હોમિયોપથી" નામની પુસ્તિકામા અનેક પ્રયોગો અને સંશોધનો બાદ નીચેના શબ્દોમાં કરી છે:

"નેટ્રલ મ્યુર ૨૦૦ X નામની હોમિયોપેથિક દવાના ત્રણ ડોઝ માસિક અટકાવ આવી ગયા પછી નાહ્યા પછીથી પ્રથમ દિવસે, બીજે દિવસે અને ત્રીજે દિવસે લેવાથી આખા મહિના દરમિયાન ગર્ભ રહેવાની કોઈ જ શકયતા રહેતી નથી. આ પ્રમાણે દર મહિને માસિક આવી ગયા પછી ત્રણ ડોઝ લેવાનું ચાલુ રાખવાથી કુટુંબનિયોજન સફળ રીતે કરી શકાય છે. બહુજ સગવડભરી અને બિનખર્ચાળ આ પદ્ધતિ છે. શારીરિક વિકૃતિનો એક ટકો બાદ કરતાં એમ કહી શકાય કે ૯૯ ટકા જેટલી ખાત્રીવાળુ કુટુંબ નિયોજન માટેનું સૌથી સુલભ અને સરલું—સૌના ખિસાને પોષાય તેવું સંતતિ નિયમન માટેનું એક સર્વોત્તમ સાધન છે. આમાં નથી કરાવવી પડતી શારીરિક તપાસ કે નથી વાપરવા પડતાં સંતતિ નિયમના કોઈ જ સાધનો. અરે, આમાં કોઈજ જાતની કડાકૂટ કરવાની હોતી નથી. ઉલટાનું મીઠી મધ જેવી ગોળીઓ મોંમા ચોકલેટની જેમ ઓગાળીને કુટુંબ નિયોજન કરવાનું હોય છે.

ફુદીનો: ઔષધ તરીકે

આપણે ત્યાં મુખ્યત્વે ચટણી મારફત જ ખવાતો ફુદીનો વાતહર ઔષધ તરીકે બહુ જ પ્રખ્યાત છે. વળી તેના રસના સેવનથી કફનાં બાઝી ગયેલાં જાળાં તૂટી જઈ સસણી અને દમના દરદોમા અતિ રાહત મળે છે. ફુદીનાનો અર્ક અથવા તાજો રસ કફ અને શરદીમાં ઘણો જ ઉપયોગી છે. ત્રિદોષજ્વર (ન્યુમોનિયામાં) આ ઔષધિનો તાજો રસ મધ સાથે મેળવી દર બે કલાકે આપવામાં આવે તો ન્યુમોનિયાથી થતા અનેક વિકારો થતા અટકી જઈ, ન્યુમોનિયા ઘણી જ ઝડપથી મટી જાય છે. કફના કોઇ પણ દરદીને સાથોસાથ પેટનું દરદ હોય અથવા તો દમના દરદીને અને કફ સંબંધી બીજા કોઇ પણ જાતના દરદીને મોઢામાં ચાંદા પડયાં હોય અને આંતરડાં ખરાબ થયા હોય તે સમયે ફુદીનાના તાજા રસ સમાન બીજું કોઇ ઔષધ નથી. ફુદીનાના તાજા રસનું સેવન ખૂબ ભૂખ લગાડી શરીરમાં સ્ફૂર્તિ અને આરોગ્ય આપે છે. આંતરડાની લાંબા સમયની ફરિયાદવાળા દરદીઓએ ફુદીનાના તાજા રસનું સેવન મધ સાથે કરવુ અમૃત સમાન છે. ફુદીનાનો રસ મગજની તમામ શરદીઓ માટે અતિ ઉપયોગી છે અને શક્તિની ઔષધિઓમાં પણ વિશેષત જાતીય તાકાત માટે આ ઔષધિનો ઉપયોગ અતિ પ્રચલિત છે. પૃથક્કરણની દૃષ્ટિએ તપાસતાં પણ (પ્રોટીન) દીપક તત્ત્વ એટલે પેટમાં અગ્નિ પેદા કરનાર તત્ત્વનું ઘણું મોટું પ્રમાણ ફુદીનામાં છે. આમ તે ભૂખ લગાડનાર ઔષધ છે. પ્રજીવક તત્ત્વની દૃષ્ટિએ તો ફુદીનાનું સેવન દુનિયાના તમામ રોગોમાંથી બચાવનાર જડીબુટ્ટી સમાન છે, કારણ કે પાંચ તોલા ફુદીનામાં ૧૬૪૦ એકમ પ્રજીવક તત્ત્વ 'અ' સમાયેલું છે. આજના યુગના તબીબો પ્રજીવક તત્ત્વ 'અ' વાળી ઔષધને શરીરના બાંધાના ઘડનાર સમી માને છે અને બાળકોને તેનું સેવન શરીરના તમામ સાંધાઓ અને મુખ્ય અવયવોને સુદૃઢ બનાવનાર સાબિત થયેલું છે.

આરોગ્યની ચાવી: બ્રહ્મચર્ય

બ્રહ્મ એટલે ભગવાન, ભગવાનને મેળવવાની ચરી એટલે બ્રહ્મચર્ય. તમે જાણો છો કે ખોરાક પણ બ્રહ્મ છે કારણ કે ખોરાકમાંથી રસ, રસમાંથી રક્ત, રક્તમાંથી માંસ, માંસમાંથી મેદ, મેદમાંથી હાડકું અને હાડકોમાંથી મજ્જા અને છેવટે વીર્ય બને છે. આ વીર્ય જ તમારો જઠરાગ્નિ છે, સાંધાનું તેલ છે, શ્વાસની મીઠાશ છે, હૃદયનું બળ છે, ખોરાકની પાચનશક્તિ છે, મોંનું ઓજસ છે. વીર્યનું ધારણ કરવું એટલે જીવન અને તેનો પાત કરવો એજ મોત. વીર્યની શક્તિ એટલી બધી સબળ અને ઉત્તેજીત છે કે તેને ઉર્ધ્વ કરવામાં મનને સત્સંગમાં, સારા વાંચનમાં સદ્‌વિચારમાં વાળવું જોઈએ.

મન અને પ્રાણ પર કાબુ રહેશે

તમારા વીર્ય સાથે તમારા મન અને પ્રાણનો સંબંધ જોડાયેલો છે. જો તમે વીર્ય જાળવશો તો પ્રાણ અને મનનો સંબંધ–કાબૂ તમારા હાજમાં જ રહેશે અને જો વીર્ય પાત થશે તો તમારા મન અને પ્રાણ ઉપર બીજાઓનો કાબૂ રહેશે. સાધારણ રીતે સોળ વર્ષ સુધી તો બ્રહ્મચર્ય જ રહે છે. સોળ પછી ધાતુઓ પરિપકવ થઇ ગૃહસ્થાશ્રમ યોગ્ય બને છે. ચાલીસ વર્ષ પછી જ્યારે ઇંદ્રિયો નિર્બળ બને ત્યારે વનમાં જવાનું થાય છે અને છેવટે કંઇ શક્તિ નહિ રહેવાથી સંન્યાસ અવસ્થા થાય છે.

એ માણસ વહેલો મરે છે.

સોળ વર્ષની બ્રહ્મચર્ય અવસ્થામાં આપણે જે જીવનમાં આનંદ, સુખ અને શાંતિ ભોગવીએ છીએ તે ચાલીસ વર્ષ સુધીમાં નથી ભોગવી શકતા. ઉંદર નાનપણથી બ્રહ્મચર્ય તોડે છે, પરિણામે તે માંડ વરસ જીવે છે. હાથી ત્રીસ વર્ષ બાદ બ્રહ્મચર્ય તોડે છે, પરિણામે તે સો વર્ષ જીવે છે. જે માણસ વધુ અને વહેલો વીર્યપાત કરે છે તે વહેલો મરે છે.

–તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતરે

તમે જાણો છો કે રામરૂપી આત્માને સીતારૂપી પ્રકૃતિ ઉપર જય મેળવવાને હનુમાન રૂપી બ્રહ્મચર્યની જરૂર પડી. બ્રહ્મચર્યના તપથી દેવોએ મૃત્યુને દૂર કર્યું. તમે જ વિચાર કરો કે તમારા વીર્યનું એક અણુ એક સુંદર બાળક જન્માવે છે તે હજારો અણુઓ તમારા શરીરમાં વહે તો તેનું બળ કેટલું હોય? વીર્યવાન માણસની દૃષ્ટિ જ્યાં જે જે પદાર્થ ઉપર પડે તે સર્વને અમી વળી રહે છે. વીર્યવાનની આંખમાં આકર્ષણ હોય છે, તેનો સ્વર મધુર હોય છે, તેનું રૂપ સૌમ્ય હોય છે, તેનો શ્વાસ મીઠો સુગંધવાળો હોય છે, તેના માથાની આજુબાજુ શાંતિનો ભાસ થાય છે. તેનો જઠરાગ્નિ તેજ હોય છે. તેથી જો આપણે બધા જ વીર્યવાન હોઈએ તો પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરે.

તુલસીદાસે સુંદર ચોપાઈ લખી છે:
"કાર્તિક માસકે કુતરે તજે અન્ન ઔર પ્યાસ,
તુલસી વાકી કયા ગતિ જીનકો બારે માસ."

કુતરાં ભાદરવા માસ ઉપરાંત આસો કારતકમાં સંયમ તોડે છે તો તેઓની તરસ ને ભૂખનો નાશ થઇ જાય છે તો તુલસીદાસ કહે છે કે માણસો બારેય માસ વિષયાંધ થાય તેની શી દશા થાય?

ક્ષય, શ્વાસ, ગરીબાઇ, નિસ્તેજતા

આવા કીમતી વીર્યનો વ્યય થવાથી, ક્ષય, શ્વાસ, બુદ્ધિની મંદતા, અધિરાઇ, ગરીબાઈ, નિસ્તેજતા પ્રાપ્ત થાય છે.

મનને તાબે રાખો

હવે આપણી ભૂલ કયાં થાય છે? ગૃહસ્થાશ્રમીઓ માટે કેવળ પ્રજોત્પત્તિને માટે જ ગર્ભાધાન આપવાનું શાસ્ત્ર સૂચન કરે છે. વાસનાને વશ થઈ મનુષ્ય વાસના ભોગવતો હોય તો પશુ અને માણસમાં કંઇ જ ફેર નથી. આહાર, નિદ્રા અને મૈથુન એટલું તો પશુઓ

પણ કરે છે. માણસ એટલે મનને તાબે રાખનાર. એટલે મન જ તમારો દુશ્મન છે અને મન જ તમારો મિત્ર છે. જેમ રોટલી માટે લોટને ખૂબ ગૂંદી ગૂંદી કેળવીને પોચો કરો છો તેમ બ્રહ્મ મેળવવાને મનને કેળવવું જોઈએ કામનું નામ જ સંસ્કૃતમાં મનસીજ એટલે મનમાં પેદા થયેલો આપ્યું છે. તેથી મનને જો સિનેમા, નોવેલો, નાટકો, નાચ અને સ્વાદ વિગેરેમાં જ પરોવાયેલું રાખશો તો આત્મા નહિ મળે.

હવે શસ્ત્રનું સાધારણ જ્ઞાન સમજીએ.

માસિક પછી લગભગ આઠેક દિવસ ગર્ભાશયનું મુખ ખુલ્લું રહે છે. તે ગર્ભાદાન કાળ હોય છે. કમળ બંધ થયા બાદ તો વીર્યનો ફોગટ વ્યય છે. માસમાં એક જ વખત ગર્ભાદાન કહેલો છે. તે પણ પ્રજોત્પત્તિ માટે અને એટલા સંયમ પછીની જે પ્રજોત્પત્તિ થશે તે બાળક સ્વર્ગમાંથી આશીર્વાદ મેળવશે.

વીર્યવાન આદમી કેવા હોય?

વીર્યમાંથી છેવટનો સાર ઓજસ નીકળે છે. તે એક ઓંશા જેટલું હોય છે. તે હૃદયમાં રહે છે. તેનાથી હિંમત, બળ, બુદ્ધિ, ઓજસ પ્રભાવ રહે છે. શરીરના અત્યંત જીવંત અવયવો ફેફસાં, મગજ અને હૃદય ત્રણેયના વિકાસ વીર્યને આભારી હોય છે. નીચે જવાને બદલે જો તમે ઉપર ઉર્ધ્વ ગતિ કરો તો એ ત્રણેયના આબાદ વિકાસ થાય. ગાંધીજીએ એકવાર હરિજનમાં લખેલું કે 'જે પાઇપ કાણાંવાળી હોય તેમાં પાણીનો ફોર્સ ન હોય, જે પાઇપ ચારે ય બાજુથી બંધ હોય તેની અંદરના પાણીનો ફોર્સ હોય.' તમારા જ હાથમાં છે વિકાસ કરવો કે નાશ કરવો. જીવનમાંથી સંયમને બાદ કરશો તો જીવવા જેવું કંઇ જ નથી મન, વચન, કર્મથી જે બ્રહ્મચર્ય પાળે છે તેને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય છે. આવો માણસ જગતમાં જે કંઇ ધારે તે કરી શકે. તેનો બોલેલો શબ્દ મિથ્યા જતો નથી. તેની આંજુબાજુના માણસોને સુખ શાંતિ મળે છે. તે પૃથ્વી ઉપર સ્વર્ગ ઉતારી શકે છે.

જે માણસ બ્રહ્મચર્ય પાળે છે તેનું વીર્ય ઘાટું, સફેદ, સુગંધવાળું અને પ્રમાણમાં ઘણું બને છે. તે હૃદયમાં જે કંઇ સંકલ્પ કરે છે તે અનાયાસે ફળીભૂત થાય છે.

આયુર્વેદ કહે છે કે શેરડીમાંથી રસ લો અથવા દૂધમાંથી માખણ કાઢી લો તેવી જ દશા વીર્ય વિનાના માણસની છે. ગૃહસ્થાશ્રમીઓએ પણ સંયમશીલ ઘણું થવું જોઈએ. દુઃખનું મૂળ જ વાસના છે. સુખનું મૂળ સંયમ છે. બંનેય મનનાં જ કારણ છે. વીર્ય ખૂબ બનાવો પણ તેને ઉર્ધ્વ બનાવી મગજના વિકાસમાં વહેવડાવો.

મનુષ્યમાંથી દેવ બનાવનાર એક માત્ર વીર્ય જ છે. તમને ખ્યાલ નહિ આવે પણ શરીરના એકએક કોષમાં જે વાઇટાલીટી—જીવન શક્તિ—રહે છે તે આ વીર્યને જ આભારી છે. વીર્ય તમારા કોષમાં નહિ હોય તો ઝાડો ઊતરે નહિ, પચે નહિ, કાર્યશક્તિ રહે નહિ પરિણામે દુઃખ જ રહેવાનું.

આયુર્વેદમાં લખ્યું છે કે બ્રહ્મચારી સારરૂપ છે. બ્રહ્મચર્ય પાળનારની સાતેય ધાતુઓ સહેજે વધ્યા જ કરશે.

વીર્યની દુર્દશાના ભયંકર પરિણામો

ઉશ્કેરે એવા પદાર્થો, ઉશ્કેરે એવું વાંચન, ઉશ્કેરે એવો સંગ અને ઉશ્કેરે એવી ટેવો બ્રહ્મચર્યનું ખંડન કરશે. તેથી તો તુલસીદાસે સંત મહિમા ગાયો છે તે યાદ રાખો.

"આધી સે આધી ઘડી આધીસે બી આધ,
તુલસી સંગત સંતકી કટે કોટી અપરાધ."

એક અર્ધી ઘડીનો સંત સાથેનો સહવાસ કરોડો પાપનો નાશ કરે છે.

આખી જિંદગીનાં કરોડો દુઃખોનો ચિતાર નજર આગળ કરો તો બ્રહ્મચર્યની કિંમત તરત જ સમજાઈ જશે.

બ્રહ્મચર્ય વિવાદ પંડિતાઇનો વિષય નથી, અનુભવનો વિષય છે.

અતિ મૈથુન કરનારા શરીરમાં વીર્યના સ્થાનમાં વાયુ ભરાઇ જાય છે. આ વાયુ ધાતુઓને સૂકવી દે છે.

હસ્તદોષની ટેવવાળા બિચારા આપઘાત કરવાની કોશિશ કરતા હોય છે. કારણ તેમના હૃદયમાં નિર્બળતા છે, શાંતિ નથી.

કેટલાક લોકો વાસના સંતોષવા (પેસરી) રબ્બરની કોથળીઓ વગેરેનો ઉપયોગ કરે છે. અબજો રૂપિયાની પણ જેની કિંમત ન અંકાય તેવા આ વીર્યની આવી દુર્દશા કરી તમે શું મેળવવાના?

ક્ષય અને બીજા ભયંકર રોગો

૬૦ ટકા ક્ષયના રોગ અતિ મૈથુનથી થાય છે. લગભગ ૮૦ ટકા ચાંદી પરમાના રોગો મૈથુનમાં થાય છે. લગભગ ૭૦ ટકા પ્રદરના કેસ અતિ મૈથુનથી થાય છે. લગભગ ૫૦ થી ૬૦ ટકા નબળી પ્રજા અતિ મૈથુનથી થાય છે. ૪૦ ટકા પેશાબની બળતરાના રોગ અતિ મૈથુનથી થાય છે.

નેપોલિઅન લખે છે કે જે રાત્રે હું મૈથુન કરતો તેના બીજા દિવસે હું લડાઇ હારી જતો. બ્રહ્મચારીએ બને તેટલું સ્ત્રી સાથેનું એકાંત ટાળવું જોઇએ. શ્રદ્ધા અને સંયમ પણ એકાંતમાં પાછા પડે છે.

સ્ત્રી એ વાસનાનું હથિયાર નથી પણ એ તો જગદંબાનું સ્વરૂપ છે. સાક્ષાત શક્તિ છે. કૉન્ટ્રાસેપ્ટીવ–સંતતિ નિયમનના જે સાધનો વપરાય છે તે જીવનનો નાશ કરનાર છે. તેના પંજામાં ફસાવું ન જોઇએ.

બ્રહ્મચર્ય પાળવાનો પરમ પ્રયત્ન કરો

હંમેશાં જાગ્રત રહો. બ્રહ્મચર્ય પાળવાનો પરમ પ્રયત્ન કરો. અહીં જ સ્વર્ગ ઉતારો તમે સુખી થાવ અને આજુબાજુના માણસોને સુખી કરો, તે સર્વ માટે બ્રહ્મચર્ય પાળો. તમને નવાઈ લાગશે કે શરીરનું માંસ એ બળનું કારણ નથી પણ વીર્ય અને તેમાંથી બનતું ઓજસ એ બળનું કારણ છે. પહેલવાનોના સ્નાયુઓ ઘણા મજબૂત હોવા છતાં એક તાવ આવતાં પથારીમાંથી ઊઠી શકતા પણ નથી. શિવાજી કરતાં અફઝલખાન ઘણો જ કદાવર હતો. વીર્ય જ બળનું કારણ છે. વીર્યવાન વખત આવે દરેક રીતે પોતાનું રક્ષણ કરી શકશે. વીર્યના જીવંત અણુઓ તમે સૂક્ષ્મદર્શક યંત્રમાં જુઓ તો તેનું બળ, હલનચલન ક્રિયા જોઈ તમને જરૂર એમ થશે કે આ બધા લોહીમાં ફરતા થાય તો કેવું સારૂં?

સૃષ્ટિ એ શક્તિનું સામ્રાજ્ય છે, શક્તિ નહિ હોય તો આખો સંસાર ભારરૂપ લાગશે. ગાયનું દૂધ, માખણ, તાજા ઘઉં, જુવાર, બાજરીના પોંક, કવચનાં બીજ, શતાવરી, ગાયનું દહીં, ઘી આ બધાં દ્રવ્યો અઢળક વીર્ય બનાવનાર છે. તેલ, બાજરી, અડદ, સૂંઠ, લસણ, ડુંગળી, જવ આ ઉષ્ણ વીર્ય બનાવનાર છે અને ગાયનું દૂધ, માખણ, ચોખા, મગ, ઘી, કેળા આ સર્વ શીત વીર્ય બનાવનાર છે. તમારી પ્રકૃતિ બહુ ઉષ્ણ હોય તો શીત વીર્યવાળા પદાર્થોનું સેવન કરો, અને તમારી પ્રકૃતિ જો શીત હોય તો ઉષ્ણનું સેવન કરો તમે ખૂબ જ સંયમમાં રહી વીર્ય ભેગું કરશો તો તમે વીર્યના સારવાળા પુરૂષ થઈ જશો, નરદમ ઘીથી ભરેલા ઘડા જેવું તમારૂં શરીર થશે. ભીષ્મની મહત્તા તો તમે બ્રહ્મચર્યની જાણો છો. હમણાં જે સ્વામીદયાનંદ સરસ્વતી થઈ ગયેલા રાજાની ચાર બગીની ગાડી એક હાથે તેમણે રોકી રાખી અને કદાવર જણાતા રાજાએ બે હાથ જોડી કબૂલ કર્યું કે બ્રહ્મચર્ય મહાન વસ્તુ છે. તમે પોતે પાળો અને પળાવવાનો ચારેય બાજુથી પ્રચાર કરો.

(ચરક)

વૈદક અને જ્યોતિષ (૧)

શ્વેત કુષ્ઠ અને કૃષ્ણ કુષ્ઠ:—

(૧) લગ્નનો અધિપતિ અને બુધ અથવા મંગળ અને ચંદ્ર રાહુથી અથવા કેતુથી યુક્ત થઈને કોઈ પણ ભાવમાં રહેલ હોય તો મનુષ્ય, નિશ્ચિત શ્વેત કુષ્ઠથી પીડાય છે. વળી સૂર્ય મંગળ સહિત કે શનિ સહિત કોઈ પણ ભાવમાં હોય તો કૃષ્ણ કોઢ થાય છે.

નોંધ:—માત્ર સૂર્ય–મંગળની યુતિ અથવા સૂર્ય–શનિની યુતિથી જ કુષ્ઠરોગ સોએ સો ટકા સંભવે એવો અર્થ શાસ્ત્ર કથનનો ન લેવો. સૂર્ય મંગળ ભેગા હોય તો પિત્તજન્ય ત્વક્ વિકારની અને સૂર્ય શનિ ભેગા હોય તો વાતજન્ય ત્વક્ વિકારની સંભાવના જાણવી. આ ગ્રહો જ્યારે ભારે રીતે વિકૃતિ પામે (Heavy Affliction) ત્યારે કુષ્ઠ સંપૂર્ણતઃ સંભવે છે. આ ફળો મહાદશા અંતર્દશામાં વધુ મળે.

(કોઢ) ચંદ્ર, મંગળ શનિ ભેગા થઈ મેષ કે વૃષભ રાશિમાં હોય તો સફેદ કોઢ થાય. શુક્ર મંગળ, ચંદ્ર શનિ ભેગા થઈ કર્ક, વૃશ્ચિક કે મીન રાશિમાં હોય, તો રક્ત પ્રકારનો કુષ્ઠ થાય.

કંઠમાળ:—

સૂર્ય સહિત લગ્નેશ ૬, ૮ કે ૧૨ મે હોય તો મનુષ્યને ગંડરોગ થાય છે. (૩) ગંડરોગાત્ કંઠમાળ, ગલગંડાદિક ગ્રહણ કરવા. લગ્નેશ, ચંદ્ર સાથે ૬, ૮ કે ૧૨ મે હોય તો મનુષ્યને ગંડમાળનો વ્યાધિ થાય છે. (૪) લગ્નેશ સહિત મંગળ ૬, ૮, ૧૨ મે હોય તો મનુષ્યને ગાંઠો તથા શસ્ત્ર દ્વારા વ્રણ થાય. **નોંધ:**—આ યોગ પ્રબળપણે Cancer સૂચવે છે.

પિત્તવિકાર:—

લગ્નેશ બુધ સહિત ત્રિકસ્થાનમાં હોય તો (અર્થાત્ ૬, ૮, ૧૨મે હોય તો) પિત્તરોગ થાય છે.

આમવિકાર:—

લગ્નેશ ગુરૂ સાથે ૬, ૮ કે ૧૨ મે હોય તો આમવિકાર થાય છે.

ક્ષયરોગ યોગ:—

લગ્નેશ શુક્ર સહિત ૬, ૮ કે ૧૨ મે હોય તો ક્ષયરોગ સંભવે છે.

શોથરોગ:—

ગુરૂ, શુક્ર અથવા ષષ્ઠેશ લગ્નગત ક્રૂર ગ્રહોવડે દૃષ્ટ હોય તો મનુષ્યના મુખમાં સોજા થાય છે.

પંગુયોગ:—

શનિ અને ચન્દ્ર ક્રૂર ગ્રહોની સાથે મેષ, મીન, કર્ક, મકર કે વૃશ્ચિક રાશિના થઈને નવમામાં રહેલા હોય તો મનુષ્ય પગે લંગડો થાય છે.

અલ્પબુદ્ધિ યોગ:—

લગ્નમાં રહેલા ચન્દ્રને અથવા શનિને મંગળ સંપૂર્ણ દૃષ્ટિથી જોતો હોય તો પુરૂષ બુદ્ધિવિનાનો થાય.

મંગળ ચન્દ્ર અને સૂર્યના મધ્યમાં રહેલા હોય ત્યારે પણ પુરૂષ બુદ્ધિવિનાનો થાય.

ચન્દ્રમા લગ્નમાં હોય અને હોરાદિવર્ગાધિપત્ય સહિત શનિ દશમામાં રહીને બુધથી સંપૂર્ણ જોવાતો હોય તો મનુષ્ય બુદ્ધિશાલી થાય.

બુધ લગ્નસ્થાનમાં ગએલા મંગળને પૂર્ણ દૃષ્ટિથી જોતો હોય અથવા ચન્દ્ર અને લગ્નેશ મંગળવડે પૂર્ણ દૃષ્ટિથી પીડાએલા હોય તો મનુષ્ય બુદ્ધિવિનાનો થાય.

બુધ લગ્નમાં હોય અને ક્રૂર ગ્રહોથી ન જોવાએલા સૂર્ય અને શનિ એકજ રાશિમાં અથવા સૌમ્ય ચક્રના પૂર્વાર્ધ અથવા પરાર્ધની સાથે ૭ઠ્ઠા સ્થાનમાં રહેલા હોય તો મનુષ્ય બુદ્ધિવિનાનો થાય.

હૃદયરોગ યોગ:—

પાપગ્રહયુક્ત સૂર્ય ષષ્ઠેશ થઈને ચોથા ભાવમાં રહેલો હોય તો મનુષ્ય હૃદયના રોગવાળો થાય.

કમ્પવાત:—

શનિ અથવા ઉદરપતિ પાપગ્રહસહિત ષષ્ઠેશ થઈને ચોથા સ્થાનમાં ગએલા હોય તો પુરૂષ હૃદયમાં વાતપિત્તના રોગવાળો અથવા દુષ્ટોથી પીડાઈને કમ્પના રોગવાળો થાય.

શીત પ્રકૃતિ :–

મંગળ અને બુધ એક બીજાને પૂર્ણદૃષ્ટિથી જોતા હોય તો મનુષ્ય ઠંડી પ્રકૃતિવાળો થાય.

શનિ, સૂર્ય અને મંગળ ચન્દ્રને પૂર્ણદૃષ્ટિથી જોતા હોય તો મનુષ્ય ઠંડી પ્રકૃતિવાળો થાય.

ક્ષીણ ચન્દ્ર જો મંગળની સાથે રહેલો હોય તો મનુષ્ય મહાપાપ કરનાર અને તીક્ષ્ણ સ્વભાવનો થાય.

કામવિકાર :–

શુક્ર વક્ર ગ્રહની રાશિમાં ગએલો હોય તો પુરૂષ મૈથુનમાં સ્ત્રીને સંતોષ આપનારો ન થાય.

લગ્નેશ પોતાના સ્થાનમાં રહીને સાતમામાં રહેલા શુક્રને જોતો હોય તો પુરૂષ સ્ત્રીને સંતોષ આપનારો ન થાય.

ચન્દ્ર શનિસહિત મંગળથી દશમે અથવા ચોથે રહ્યો હોય તો પુરૂષ રતિક્રીડામાં સ્ત્રીને સંતોષ આપનારો ન થાય.

મંગળ સહિત શુક્ર જો લગ્નથી છઠ્ઠા સ્થાનનો સ્વામી હોય તો મનુષ્યોને અધિક કામ ઉત્પન્ન થાય.

તે જ શુક્ર જો પાપગ્રહોથી જોવાએલો હોય તો તેથી પણ મનુષ્યને વિશેષ કામ ઉત્પન્ન થાય છે.

શુક્ર પોતાના સ્થાનમાં અથવા મિથુનમાં હોય તો મનુષ્ય કામી થાય.

શનિ લગ્નમાં ધન રાશિમાં કે વૃષભમાં હોય મનુષ્ય અલ્પકામવાળો થાય.

વિકાર :–

શુક્ર ક્ષીણ ચન્દ્રને ન જોતો હોય અને શનિને જોતો હોય તો મનુષ્ય અલ્પનેત્રવાળો થાય.

પોતાની રાશિમાં રહેલો ચન્દ્ર દશમામાં અથવા સાતમામાં રહેલા પાપગ્રહોથી જોવાતો હોય તો મનુષ્ય અલ્પનેત્રવાળો થાય.

બૃહસ્પતિ અથવા શુક્ર લગ્નમાં રહેલા મંગળને અથવા ચન્દ્રને જોતા હોય તો મનુષ્ય કાણી આંખવાળો થાય.

મંગળ સૂર્યથી આગલના ભાગમાં રહેલો હોય તો મનુષ્યની આંખ નિસ્તેજ થાય.

બુધ સૂર્યથી આગલા ભાગમાં રહેલો હોય તો મનુષ્યની આંખમાં ચિન્હ થાય છે.

લગ્નમાં અથવા આઠમામાં શુક્ર ક્રૂરગ્રહોથી જોવાયેલો હોય તો મનુષ્યના નેત્રમાં આંસુ પડવાથી પીડા થાય.

ચન્દ્ર અને મંગળ જો એક ભાવમાં પડેલા હોય તો બંને નેત્રોમાં ચિન્હ થાય.

સૂર્ય બારમા, નવમાં કે પાંચમાં સ્થાનમાં ગએલો હોય અને તે પાપગ્રહયુક્ત અથવા તેઓથી જોવાએલો હોય તો મનુષ્ય સ્વેચ્છાચારી અને અત્યંત વિકળ નેત્રવાળો થાય.

શનિ બારમા, નવમા કે પાંચમા સ્થાનમાં ગએલો હોય અને પાપગ્રહથી યુક્ત અથવા તેઓથી જોવાએલો હોય તો મનુષ્ય રોગી થાય.

પ્લીહાવિકાર :–

ષષ્ઠેશ ચન્દ્ર પાપગ્રહોથી દૃષ્ટ અને શુભ ગ્રહોથી અદૃષ્ટ હોય તો મનુષ્ય બરોળના રોગવાળો થાય.

નોંધ :–કુંભલગ્ન માટે જ સંભવે.

સપ્તમેશ ચન્દ્ર અથવા લગ્નેશ ચન્દ્ર પાપ-ગ્રહોથી દૃષ્ટ અને શુભગ્રહોથી અદૃષ્ટ હોય ત્યારે પણ મનુષ્ય બરોળના વ્યાધિવાળો થાય.

શનિ ચોથા સ્થાનમાં હોય તો મનુષ્ય આંધળો અને બરોળવાળો થાય.

શનિ લગ્નેશ થઈ ક્રૂર ગ્રહોથી દૃષ્ટ્યાદિવડે પીડાયલો હોય તો મનુષ્ય દુઃખી થાય.

શનિ લગ્નેશ થઈ લગ્નમાં રહેલો હોય તો મનુષ્ય બરોળનો રોગવાળો અને હર્ષવિનાનો થાય.

(ક્રમશઃ)

નોંધ: આ યોગો જાતકાલંકારમાંથી સંગૃહીત છે. વિશેષ વિવેચન ચાલુ લેખમાળા રૂપે આવતે અંકે અપાશે.

આરોગ્ય, વૈદ્યક, અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨	आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम् ।	માઘ ૨૦૧૧
અંક ૩	आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः ॥	માર્ચ ૧૯૫૫

हीरकमहोत्सव



આયુર્વેદ માર્તંડ, આયુર્વેદ વાચસ્પતિ,

વૈદ્યરાજ શ્રી યાદવજી ત્રિકમજી આચાર્ય

બિકાનેર ખાતે અખિલ આયુર્વેદ મહાપરિષદના ખાસ અધિવેશનમાં તેમનો હીરક મહોત્સવ સફળતા પૂર્વક ઉજવાયો હતો. વૈદ્યજગતની આ વંદનીય વિભૂતિએ પચાસથી વધુ વર્ષો તપસ્વીની પેઠે આયુર્વેદની સાચી સેવા નિસ્વાર્થ ભાવે કરેલ છે. નિર્વિવાદ, આજે તેઓ અજોડ છે.

"આરોગ્યસિંધુ" સપરિવાર એમને આદર વંદના અર્પે છે...

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્યસિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૩
માર્ચ ૧૯૫૫
ફાગણ સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક આપવામાં આવે છે.

સંપાદકીય:

વૈદ્ય-જગતની વંદનીય વિભૂતિનો

હીરકમહોત્સવ

વૈદ્ય સમાજે, શ્રી વૈદ્યરાજ પૂ. જાદવજીભાઈ ત્રિ. આચાર્યનો હીરકમહોત્સવ ફેબ્રુઆરી માસના બીજા સપ્તાહમાં બિકાનેર ખાતે ઉજવ્યો. આ પ્રસંગે એમના જીવનપરિચયની ઝાંખી કરવી યોગ્ય લેખાશે.

એમનો જન્મ માગશિર્ષ શુકલ પ્રતિપદા સંવત ૧૯૩૮ ના દિને ભાવનગર (સૌરાષ્ટ્ર)માં થયો. એમનાં પિતાશ્રી ત્રિકમજી આચાર્ય પોરબંદરના રાણાસાહેબના રાજવૈદ્ય હતા. શ્રી વૈદ્ય જાદવજીભાઈ મુંબઈમાં પંડિત શ્રીવાસુ ખીમજી વાલજી તથા વ્યાસ ઘેલારામ મથુરાદાસજી અને શાસ્ત્રી જીવરામ લલ્લુભાઈ પાસે ક્રમશઃ વ્યાકરણ, કાવ્યાદિક શીખી પંડિતોની શ્રેણીમા પ્રવેશ્યાં. તેમનામાં બાળપણથીજ પ્રતિભાના દર્શન થયા.

તેઓએ સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કરી કુલ પરંપરાગત ચિકિત્સા વ્યવસાય તરફ ધ્યાન આપી પોતાના પૂજ્ય પિતાજી તથા રાજસ્થાન નિવાસી પં. શ્રી ગૌરીશંકર વૈદ્ય પાસે અભ્યાસ કર્યો તથા મુંબઈમાં પ્રયાગ નિવાસી શ્રી હકીમ નારાયણજી પાસે યુનાની વૈદક પણ શીખ્યા.

૧૮ વર્ષની નાની વયે તેમણે અભ્યાસ સમાપ્ત કર્યો હતો. સને ૧૯૦૧ માં માધવનિદાન મધુકોશ વ્યાખ્યા સહિત સંશોધન કરી કરી નિર્ણયસાગર તરફથી બહાર પાડી. આ વખતે એમની વય ૧૯ વર્ષનીજ હતી. ત્યારથી તેમની સાહિત્ય સેવા આજસુધી ચાલુ છે.

તેમના પ્રકાશીન મુખ્ય ગ્રંથોમાં રસહૃદયતંત્ર, રસ પ્રકાશ સુધાકર, ગદનિગ્રહ, રાજમાર્તંડ, નાડી પરીક્ષા, વૈદ્ય મનોરમા, ધારા પદ્ધતિ, આયુર્વેદ પ્રકાશ, રસાયનખંડ, રસપદ્ધતિ, લોહસર્વસ્વ, રસસાર, રસસંકેતકલિકા, રસકામધેનુ, ક્ષેમકુતૂહલ આદિ તેમના પ્રકાશિત મૂળ સંસ્કૃત ગ્રંથો છે. તે ઉપરાત સંશોધન ગ્રથોમાં નિર્ણયસાગરના સુશ્રુત ડલ્હણ વિરચિત, આતંકદર્પણ, માધવનિદાન મધુકોશ, ચરક સંહિતા, ચક્રપાણિ, દત્તવિરચિત શિવદાસસેન કૃત વ્યાખ્યા મુખ્યત્વે છે. અન્ય પ્રકાશકો દ્વારા તેમના અન્ય ગ્રથો કંદર્પ ચૂડામણિ, અનંગરંગ પંચસાયક પ્રસિદ્ધિ પામ્યા છે.

ઉપરાંત તેમણે ઉદારચિત્તે અન્ય મહાનુભાવોને હસ્તલિખિત ગ્રંથો પ્રકાશીત કરવા આપ્યા છે. તાજેતરમાં તેમનાં સિદ્ધયોગસંગ્રહ, દ્રવ્યગુણવિજ્ઞાન, રસામૃતમ્, વ્યાધિ વિજ્ઞાનાદિ ગ્રથો વિદ્યાર્થીઓને બહુ ઉપકારક બન્યા છે. (અનુસંધાન પેજ ૧૦ ઉપર)

લોહ ભસ્મની કૃતિઓ

લેખક:
વૈદ્ય માહેશ્વર જી. વ્યાસ, ગોંડલ

લોહભસ્મ પ્રકાર ૧ (અગ્નિ અને તડકા વિના) સોમામૃતલોહ:—શોધેલી લોહનો ભુકો લઈ કાચાં ટીંબરૂના રસમાં ઘુંટવો પછી ત્રિફળાના ઉકાળામાં પછી ભાંગરાના રસમાં અને પછી ભોરીંગણીનાં ડોડવાનાં રસમાં એક એક દિવસ ઘુંટવાથી વારિતર ભસ્મ થાય. જુદા જુદા રોગ ઉપર અનુપાન ભેદથી વાપરવું.

લોહભસ્મ સોમામૃત લોહ (અગ્નિ અને તડકા વિના) પ્રકાર ૨—લોઢાનો ભુકો રતલ ૧॥, ગંધક રતલ ૧, પારદ રતલ ०॥ પ્રથમ પારદ ગંધકની કજ્જલી કરી તેમાં લોઢાનો ભુકો નાખી એમનેએમ ૧ દિ ઘુંટાવી પછી કુંવારના રસમાં ૬ કલાક ઘુંટી ગોળોવાળી તે ગોળા ઉપર એરંડાના પાન વીંટી તે ઉપર દોરા બાંધી તે ગોળાને ત્રાંબાની બે વાટકીની વચમાં (તામ્રસંપુટમાં) મુકી માટીથી છાંદી લઈ સુકવી દાણાના ઢગલામાં ૩ દિવસ સુધી રાખી મુકવું પછી કાઢી લઈ ખરલ કરી કપડે ચાળી શીશો ભરી લેવો વારિતર ભસ્મ થશે.

લોહભસ્મ સુર્યામૃત સુર્યતાપી ભસ્મ (વિના અગ્નિ) પ્રકાર ૩ હથીયાર બનાવતા તેના ઘસારાથી પડેલો ભુકો અથવા તેવી જ રીતે પડેલો લોહચુંબકનો ભુકો રતલ ૧ લેવો પછી તેમાં ०॥ રતલ ગંધક અને ०। રતલ પારો નાખી પ્રથમ ૬ કલાક કોરૂં ઘુંટી પછી ૬ કલાક સુરકાથી ઘુંટી પછી તડકે આખો દિ સુકાવવું. એ પ્રમાણે ૭ દિ સુધી ભાંગરાના રસમાં ઘુંટી ઘુંટી તડકે સુકાવવું પછી તેવીજ રીતે ગરણીના રસમાં ૭ દિ ઘુંટી ઘુંટી તડકે સુકાવવું. એમ કુલ ૧૪ સૂર્યપુટ આપી ગોળો વાળી તે ઉપર એરંડાના પાન વીંટી દોરા બાંધી ત્રાંબાના ડાબલામાં મુકી ઉપર પ્રમાણે કરવું. ધુંવાડાના જેવા રંગની ભસ્મ થશે.

લોહભસ્મ સુર્યામૃત સુર્યતાપી ભસ્મ (અગ્નિ વિના) પ્રકાર ૪—પારો તોલા ૧૦, ગંધક તોલા ૨૦ અને લોઢાનો ભુકો તોલા ૩૦ ને સાથે ઘુંટી કજ્જલી કરી ૬ કલાક કુંવારના રસમાં ઘુંટી ગોળો વાળી ત્રાંબાની વાટકીમાં મૂકી તે ઉપર એરંડાનું પાન ઢાંકી ૬ કલાક ઉગ્ર તડકામાં રાખવું. પછી તેના ઉપર બીજી વાટકી ઢાંકી માટી છાંદી લઈ ધાન્યના ઢગલામાં ત્રણ દિવસ રાખવું. પછી કાઢી ખરલ કરી કપડે ચાળવું. વારિતર ભસ્મ થશે. એવી રીતે સોનું, રૂપું, ત્રાંબુ વગેરે બધી ધાતુઓની પણ ભસ્મ થાય છે. આ પ્રયોગ અનુભવેલ છે ઘણાં યોગી પુરૂષો આ પ્રમાણે કરે છે.

લોહભસ્મ (અગ્નિપકવ) ૩૦ પુટી, પ્રકાર ૫—શોધેલા લોઢાનો ભુકો લઈ તેને ત્રિફળાનો ઉકાળો. રાતા ફુલની સાટોડીના પાનનો રસ, ગરણીનો રસ, ખાટી લુણીનો રસ અને જળજાંબવાનો રસ પ્રત્યેકના પાંચ પાંચ ગજપુટ આપવાથી ઉત્તમ વારિતર જાંબુ રંગની ભસ્મ થાય ઔષધના રસમાં ઘુંટી ગોળો વાળી શરાવસંપુટમાં મુકી છાંદી લઈ ગજપુટનો અગ્નિ દેવો. તેવી રીતે ૩૦ વખત કરવું.

લોહભસ્મ (અગ્નિપકવ) ૧૦૦ પુટી, પ્રકાર ૬—ત્રિફળાના ઉકાળામાં ઘુંટી ઘુંટી ગજપુટ આપવો તે રીતે ત્રિફળાના ૨૦ પુટ દેવા. પછી સાટોડીના પાનના ૨૦ ગજપુટ, ગરણીના રસના ૨૦ ગજપુટ, ખાટી લુણીના રસનાં ૨૦ ગજપુટ અને જળજાંબવાના રસના ૨૦ ગજપુટ દેવા. ઉત્તમ લોહભસ્મ થાય.

લોહભસ્મ (અગ્નિપકવ) ૭ પુટી, પ્રકાર ૭—લોઢાનો ભુકો તોલા ૪૮ માં હીંગળો તોલા ૪ નાખી કુંવારના રસમાં ૬ કલાક ઘુંટી ગોળો વાળી સુકાવી ગજપુટ આપવો. એવા ૭ ગજપુટ દેવાથી ઉત્તમ લોહભસ્મ થાય. પ્રત્યેક વખતે ચાર તોલા હીંગળો નાખવો.

લોહભસ્મ (અગ્નિપકવ) ૬ પુટી, પ્રકાર ૮–કાળી ઉંબરી (ભોઉંબરી અથવા બેઠી ઉંબરી પણ કહે છે)ના રસમાં લોઢાના પત્રાને તપાવી તપાવી ૬ વખત બુઝાવવાં પછી ખાઈણીમાં ખાંડી ભુકો કરવો પછી તેમાં પાંચમાં ભાગનો હીંગળો નાખી ૬ કલાક કોરેકોરૂં ઘુંટી શરાવસંપુટમાં મુકી ગજપુટનો અગ્નિ આપવો, તેમ કુંવારના ત્રણ પુટ દેવા, પછી ત્રણ વખત ત્રિફળાના ઉકાળામાં ઘુંટી ઘુંટી ગજપુટ આપવો. નિરૂત્થ ભસ્મ થાય.

લોહભસ્મ (અગ્નિપકવ) ૧૦ પુટી, પ્રકાર ૯–કાંસાના તપેલામાં લીંબુનોરસ ભરી તેમાં રસથી છઠ્ઠા ભાગની હીરાકસી નાખી હલાવવું પછી તેમાં તરવારના નાના કટકા કરી નાખવા ૧૨ કલાક સખત તડકો લાગવાથી તે કટકો ફુલી જશે તેને કાઢી લઇ ખાંડવા બારિક ભુકો કરી ત્રિફળાના ક્વાથમાં ઘુંટી ઘુંટી ૧૦ ગજપુટ આપવા પછી પારદ ગંધકની સરખે ભાગે કરેલ કજ્જલી લોઢાનો ભુકો બરાબર મેળવી ઘુંટી ત્રાંબાના સંપુટમાં નાખી ધાન્યના ઢગલામાં ૩ દિવસ રાખવાથી ઉત્તમ ભસ્મ થાય.

લોહભસ્મ (અગ્નિપકવ) ૫૨ પુટી, પ્રકાર ૧૦–લોઢાનાં પાતળાં પત્રાં કરાવી તપાવી તપાવી ત્રિફળાના ક્વાથમાં ૧૦૦ વખત બુઝાવવા, પછી ત્રિફળાના ક્વાથમાં ઘુંટી ઘુંટી ૧૩ ગજપુટ દેવા, પછી ગૌમૂત્રમાં ઘુંટી ઘુંટી ૧૩ ગજપુટ દેવા, પછી કુંવારના ૧૩ અને પછી ત્રિફળાના ૧૩ ગજપુટ દેવાથી ઉત્તમ લોહભસ્મ થાય.

લોહભસ્મ સૂર્યાગ્નિ પુટી (અગ્નિપકવ) ૨૧ પુટી, પ્રકાર ૧૧–લોઢાના ભુકાને દાડમના પાનના રસમાં ઘુંટી ગોળો વાળી કપડું વીંટી તડકે રાખવું એમ ૯ દિવસ તડકે સૂર્યપુટ દેવા. ત્રિફળા ગૌમૂત્ર વડવાઇનો ઉકાળો અને કુવારનો રસ દરેકમા ઘુંટી ઘુંટી ત્રણ ત્રણ ગજપુટ આપવાથી ઉતમ ભસ્મ થાય

લોહભસ્મ (અગ્નિપકવ) ૧ પુટી લાલ પ્રકાર ૧૨–લોઢાનો ભુકો ૮ તોલા, સુરોખાર ૮ તોલા, આમલસારો ગંધક ૮ તોલા બધાને સાથે ૬ કલાક ઘુટી કુંવારના રસમાં એક દિવસ ઘુંટી ગોળો વાળી તેના ૫૨ એરંડાના પાન વીંટી તે ઉપર બબ્બે આગળ માટી ચોપડી સૂકાવી ગજપુટનો અગ્નિ દેવો, ઉત્તમ વારિતર સિંદુરવર્ણી ભસ્મ થાય.

લોહભસ્મ (જળપકવ) પ્રકાર ૧૩–લીંબુના રસમાં અષ્ટમાંશ હીંગળો મેળવેલા પ્રવાહીમાં લોઢાનાં પત્રાંને લાલચોળ કરી તપાવી તપાવી બુઝાવવાં. ૧૦૦ વખત બુઝાવી ખરલમાં એક દિવસ ઘુંટવું. ઉત્તમ ભસ્મ થાય.

લોહભસ્મની પરીક્ષા પ્રકાર ૧–મધ, ઘી, ગુગળ. ચણોઠી અને ટંકણખાર એ **મિત્રપંચક** કહેવાય છે. લોહભસ્મને મિત્રપંચક સાથે મેળવી ધમવી જો પછી સજીવન (લોઢાના રૂપમાં) ન થાય તો તે નિરૂત્થ જાણી સેવવી અને કાંઈ કાચી લાગે તો ફરી થોડી ભઠ્ઠી આપવી.

પ્રકાર ૨–મધ, ઘી, લોહભસ્મ અને રૂપું એ બધાં સરખેભાગે લઇ સાથે મેળવી કોયલાપર ધમણથી ધમવું લાલચોળ થઇ જાય ત્યારે ઠંડું પાડવું. ઠંડુ રૂપું જેટલું મુકયું હોય તેટલા વજનનું ઉતરે તો લોહભસ્મ નિરૂત્થ થયેલી જાણવી.

લોહભસ્મ નિરૂત્થ કરવાની વિધિ:–લોહભસ્મની ઉપર પ્રમાણે પરીક્ષા કરતાં નિરૂત્થ ન જણાય તો તે લોહભસ્મમાં સરખેભાગે ગંધક મેળવી એક દિવસ ઘુંટવું પછી એક દિવસ કુંવારના રસમાં ઘુંટવું પછી શરાવસંપુટમાં મુકી છાંદી ગજપુટ અગ્નિ આપવો એટલે નિરૂત્થ થશે આવી રીતે બધી ધાતુ નિરૂત્થ કરી શકાય. (આયુર્વેદ રહસ્ય)

નિખીલ ભારતવર્ષીય આયુર્વેદ સમ્મેલનના પ્રમુખ તરીકે હરદ્વારમાં ૧૯૨૫માં, બીજીવાર ગ્વાલીયરમાં ૧૯૩૧ માં તથા દિલ્હીમાં ૧૯૫૦ માં ઘણું જ સફળતા પૂર્વક સંચાલન કર્યું હતું. તે ઉપરાંત વૈદ્ય મંડળ સભા અને સંમ્મેલનોમાં સદાય રસપૂર્વક ભાગ લઈ સક્રિય સહકાર આપ્યો છે. તેમણે કદિ પણ જરાય સ્વાર્થવૃત્તિ રાખ્યા વગર રોગીઓની આયુર્વેદિક પદ્ધતિથી હમેશાં ચિકિત્સા કરી છે. તેઓ ચિકિત્સક તરીકે ઘણીજ નામના કાઢી છે. તેઓ બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રિંસીપાલપદે ચૂંટાયા હતા પણ અસ્વસ્થ તબિયતને લઈ રાજીનામું આપ્યું હતું. બનારસ હિંદુ યુનિવર્સિટીએ એમને વાચસ્પતિ એટલે ડૉક્ટર ઑફ લિટરેચરની ઉપાધિ આપેલ છે. નિખીલ ભારતવર્ષીય આયુર્વેદ મહાસમ્મેલને એમને મથુરાના વાર્ષિક અધિવેશનમાં "આયુર્વેદ માર્તંડ"ની ઉપાધિ આપી હતી.

તેઓ મૂંગા કાર્યકરોમાંથી છે. આંજે તેમનો શિષ્યવર્ગ બહુ મોટો છે. આપને જાણી આશ્ચર્ય થશે કે કદિ પણ તેમણે પોતાના નામ આગળ વૈદ્ય સિવાય કોઈ શબ્દ કે પદવી લગાડી નથી. આ પત્રના આદ્ય સ્થાપક તંત્રી અને મારા પૂ. સ્વર્ગ. પિતાશ્રી વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર એમના શિષ્ય હતા. અને એમને વૈદ્યરાજ જાદવજીભાઈએ ખુલ્લાદિલે હમેશા પોતાને ત્યાં બનતા પ્રયોગો જરા પણ સંકોચ વગર આપ્યા છે.

'આરોગ્યસિન્ધુ' પત્ર આજે આ પ્રસંગે હર્ષ અનુભવે છે. અને સિન્ધ આયુર્વેદિક ફાર્મસીને વારંવાર દરેક ઔષધ નિર્માણાદિક ક્રિયામાં એમની બહુમુલ્ય સલાહ મળ્યા કરે છે તે બદલ ગૌરવ અનુભવીએ છીએ. જય જાદવજીભાઈ!

એમની પાસે અભ્યાસ કરી, શીખી ઉત્તીર્ણ થયેલા વૈદ્યોએ આજે એમના નામને દીપાવ્યું છે. એમના વિદ્યાર્થીઓ આજે જ્યાં પણ હોય તેઓ સુખી છે.

આજે વૈદ્ય-સમાજે એમનો હીરકમહોત્સવ ઉજવ્યો છે. એ તો આપણી ફરજ થઈ પણ આથી વિશેષ કઈંક આપણે એમને માટે કરી બતાવવું જોઇએ. આપણે એમના અનેક રીતે ઋણી છીએ. અનેક સંમેલનોમાં પરિષદોમાં સભાઓમાં તેમનું સફળ નેતૃત્વ આપણે માટે બહુજ ઉપકારક બન્યું છે. તેઓ માત્ર મહાન નથી પણ એથી વિશેષ છે. શબ્દો એમને વર્ણવવા માટે પર્યાપ્ત નથી.

ઇશ્વર એમને દીર્ઘાયુષ્ય આપો. એઓ આ ઉમરે પણ તેઓ અજોડ ઉત્સાહથી કામ કરતા રહ્યા છે. તેઓ સૌના અભિનંદનના અધિકારી બને છે.

પ્રકીર્ણ સમાચાર: સુરત વૈદ્યસભાની ચુંટણી

સૂરત વૈદ્યસભાની સભા રવિવાર તા. ૧૩-૨-૫૫ના રોજ શ્રી ભૂખણદાસ ડી. વ્યાસના પ્રમુખપદે મળી હતી તેમાં હિસાબ અને હેવાલ સર્વાનુમતે પસાર થયા હતા તથા નવા વર્ષના હોદ્દેદારો નીચે મુજબ ચૂંટાયા હતા.

(૧) પ્રમુખ વૈદ્યરાજ રણછોડરાય નારણજી દેસાઈ, (૨) ઉપ પ્રમુખ: વૈદ્યરાજ ભાસ્કરભાઇ છોટુભાઈ, (૩) પ્રધાન મંત્રી: વૈદ્યરાજ વાડીલાલ મણીલાલ અને સહાયક મંત્રી શ્રી બાલુભાઇ ટી. વૈદ્ય, (૪) ખજાનચી: વૈદ્યરાજ ઘેલાભાઈ કૃષ્ણરામ. (૫) અન્વેષક: વૈદ્યરાજ ભોળાનાથ નર્મદાશંકર. (૬) પુસ્તકાધ્યક્ષ: વૈદ્યરાજ ગમનલાલ જમીયતરામ.

કાર્યવાહક મંડળ: વૈદ્યરાજ બાપાલાલ ગ. શાહ, વૈદ્યરાજ ભૂખણદાસ વ્યાસ, વૈદ્યરાજ શંભુલાલ ચુનીલાલ, વૈદ્યરાજ ચંદુલાલ સી. કણીયા, વૈદ્યરાજ બાબુરાવ ગોવિંદરાવ, વૈદ્યરાજ દેવજીભાઇ ટોકરસિંહ, વૈદ્યરાજ લાભશંકર લક્ષ્મીશંકર, વૈદ્યરાજ છોટુભાઇ વનમાળીદાસની

ઓરીઓ-અને ટેરા-માઈસીન

લેખક:
પ્રો. નરસિંહ મુ. શાહ

આધુનિક વિજ્ઞાનની સિદ્ધિઓમાં વૈદકના ક્ષેત્રમાં રોગ પેદા કરનાર સૂક્ષ્મ જીવાણુઓ સામેની લડત એક ખાસ અંગ છે. જીવાણુઓને લીધે થતાં દર્દો મટાડવા અનેક ઔષધો શોધાયાં છે અને નવાં નવાં બીજાં શોધાતાં જાય છે. રાસાયનિક વિજ્ઞાનની પ્રગતિ આ કાર્યમા મહત્ત્વનો ફાળો આપે છે. છેલ્લા દસકામાં પેનિસિલીનથી માંડીને સ્ટ્રેપ્ટોમાઈસીન, ક્લોરોમાઈસેટીન, ઓરીઓમાઈસીન, બેસિટ્રેસીન, પોલિમિક્ષીન અને ટેરામાઈસીનની અદ્યતન શોધો ખાસ ધ્યાન ખેંચે એવી છે. આ બધામાંથી પેનિસિલીન અત્યારે એટલું સામાન્ય થઈ ગયું છે કે અનેક દર્દોના નિવારણ અર્થે તેનો ઉપયોગ થવા લાગ્યો છે. એને અર્વાચીન સંજીવનીનું બિરૂદ મળી ગયું છે. આ બધાં ઔષધો સૂક્ષ્મ જંતુજન્ય અસાધ્ય રોગો માટે રામબાણ ઈલાજ પૂરવાર થાય છે અને હજારો જીંદગી તેમના ઉપયોગ વડે બચી શકી છે. છેલ્લા વિશ્વયુદ્ધમાં પેનિસિલીનની બનાવટને અમેરિકાએ અગ્રસ્થાન આપ્યું હતું અને યુદ્ધને મોરચે ઘાયલ થયેલા હજારો સૈનિકોને મોતના મોંથી બચાવી લીધા.

આ અદ્‌ભુત ઔષધોને એન્ટી બાયોટિક્સ તરીકે ઓળખવામાં આવે છે. ગ્રીક શબ્દ એન્ટી એટલે વિરૂદ્ધ અને બાયો એટલે જીવ એ ઉપરથી જીવાણુઓને મારી નાખનાર પદાર્થો. આ અંગ્રેજી શબ્દનો ગુજરાતી પર્યાય જીવાણુરોધક યા જીવાણુનિવારક યોજી શકાય. આ જીવાણુરોધકો જીવાણુજન્ય પદાર્થો છે, અને તેમની હાજરી જીવાણુઓને મારે છે યા તેમનો વિકાસ રોકે છે. આ ઔષધો અતિ જૂજ પ્રમાણમાં બેકટીરિયા યા ફુગ જેવી વનસ્પતિ દ્વારા પેદા થાય છે. જેમકે પેનિસિલીન પેનિસિલીયમ નોટટમ નામની લીલી ફુગમાંથી અલ્પ પ્રમાણમાં નીકળે છે. વીસ લીટર એટલે એક મણ પાંચ શેર જેટલા ફુગ ઉગાડેલા પ્રવાહીમાંથી એક ગ્રામ જેટલું પેનિસિલીન મળે છે.

આ એન્ટીબાયોટિક ઔષધોની શોધે દર્દ નિવારણ ક્ષેત્રમાં પરિવર્તન આણ્યું છે. આ શોધ ફ્રાન્સના મહાન રાસાયનિક અને જંતુવિજ્ઞાની લુઇ પાશ્ચરની મૂળભૂત સંશોધન પરંપરાને આભારી છે. ૧૮૭૭માં પાશ્ચરે એક અવલોકન દ્વારા શોધી કાઢ્યું કે, હવામાં રહેલાં કેટલાંક સામાન્ય સૂક્ષ્મ જંતુઓનો વિકાસ રોકતાં હતાં. આ ઉપરથી પાશ્ચરે અભિપ્રાય બાંધ્યો કે, આ વસ્તુ દર્દ–નિવારણમાં ખૂબ ઉપયોગી નીવડશે. પરંતુ ઘણા વર્ષો સુધી તેનું વ્યવહારૂ ફળ આપણને ન મળી શક્યું. ૧૯૨૯માં આ દિશામાં દ્વાર ખુલ્યાં.

આ લેખના વિષય ટેરામાઇસીનની શોધ સમજવા માટે પ્રથમ ભૂમિકા તરીકે આપણે પેનિસિલીન અને સ્ટ્રેપ્ટોમાઈસીનની શોધો પર વિહંગાવલોકન કરી જઇએ.

૧૯૨૯ની સાલની વાત. લંડનમાં જીવાણુશાસ્ત્રી પ્રોફેસર ફ્લેમીંગ, સ્ટેફીલોકોકસ નામના ભયંકર રોગોત્પાદક જીવાણુઓ પર સંશોધન કરી રહ્યા હતા. નાની નાની કાચની રકાબીઓમાં જંતુપોષક પદાર્થો મૂકી તેમાં સ્ટેફીલોકોકસ જીવાણુઓને તેઓ ઉછેરતા હતા. બહારનાં બીજાં જંતુઓને યા ધૂળમાં રજકણોને અંદર જતાં અટકાવવા દરેક રકાબીને કાચના ઢાંકણાથી બંધ કરી હતી. સ્ટેફીલોકોકસ જંતુઓ તો રહ્યાં એટલાં અતિસૂક્ષ્મ કે સૂક્ષ્મદર્શની મદદ વિના જોઈ ન શકાય. એટલે આ સંશોધન દરમિયાન પ્રો. ફ્લેમીંગને રકાબીનું ઢાંકણુ વારંવાર ઉઘાડવાસ કરવું પડતું અને રકાબીમાંથી જંતુવાળો પદાર્થ લઇ કાચની સ્લાઈડ–પટ્ટી પર મૂકી સૂક્ષ્મદર્શકમાં જોવું પડતું.

આપણી આસપાસની હવામાં બેકટીરિયા અને ફુગના અસંખ્ય સૂક્ષ્મ જંતુઓ રહેલાં છે. રકાબીનું ઢાંકણુ ઉઘાડે અને બંધ કરે એ ગાળામા એ બેકટિરીયા અને ફુગનું રજકણ રકાબીમાં દાખલ થઈ જાય. તેની સૂક્ષ્મતાને

લીધે શરૂઆતમાં તેનું અસ્તિત્વ માલૂમ ન પડે, પણ થોડા દિવસમાં રકાબીમાં તેનો વિકાસ નજરે પડે, પ્રોફેસર ફ્લેમીંગની બાબતમાં કાંઈક આવું બન્યું. કોઈ વખત રકાબીની ઉઘાડ-વાસમાં હવામાં રહેલ એકાદ ફુગનું રજકણ અંદર દાખલ થઈ ગયું હશે. થોડા દિવસ પછી ફ્લેમીંગને માલૂમ પડયું કે સ્ટેફીલોકોકસ જીવાણુઓની સાથે એક લીલી ફુગ ઊગેલી છે. આ બીના તો સામાન્ય હતી. બીજો કોઈ હોત તો રકાબી સાફ કરાવી નાખતે યા ફેંકી દેત. પણ ફ્લેમીંગની જિજ્ઞાસા જાગી. તેમણે રકાબી સાફ ન કરાવતાં અંદર શું છે તેની વિશેષ તપાસ હાથ ધરી. પરિણામે જણાયું કે રકાબીના જે ભાગમાં ફુગ ઊગેલી હતી તે ભાગની આસપાસ કેટલાય સ્ટેફીલોકોકસ જીવાણુઓ નાશ પામ્યાં હતાં અને બીજાં ધીમે ધીમે નાશ પામતાં હતાં અને કેટલાંક નિષ્ક્રિય પડયાં હતાં. આ અવલોકન અસામાન્ય હતું. પ્રો. ફ્લેમીંગને એ અતિ મહત્તાપૂર્ણ લાગ્યું. તેમણે ફુગને લઈ કાચની કુપ્પીઓમાં ઉગાડી. આ અભ્યાસ દરમિયાન તેમને માલૂમ પડયું કે ફુગના ઊગવા અને વિકાસ દરમિયાન તેમાંથી કોઈક નવીન પદાર્થ પ્રવાહી માધ્યમમાં ઉમેરાતો જણાય છે, જે સ્ટેફીલોકોકસ જંતુઓને અને તેમના વિકાસને રોકવાની પ્રચંડ શક્તિ ધરાવે છે. આ પદાર્થ તેજ પેનિસિલીન. આ લીલી ફુગ તે પેનિસિલીયમ નોટેટમ. એ ઉપરથી આ પદાર્થનું નામ પેનિસિલીન પાડવામાં આવ્યું.

એક અકસ્માતને લીધે થયેલી શોધ હતી. લીલી ફુગ સામાન્ય નથી. પેનિસિલીન શોધાયું, પણ ખરૂં મહત્ત્વનું કાર્ય હજી બાકી હતું, પ્રવાહી માધ્યમમાંથી તેને શુદ્ધ રૂપમાં છૂટું પાડવાનું. જો આ ન થઈ શકે તો દવામાં તેનો ઉપયોગ કઈ રીતે કરી શકાય?

૧૯૩૯માં ડૉ. ફ્લોરે અને ડૉ. ચેઈને આ કાર્ય આરંભ્યું. પેનિસિલીયમ ફુગને પ્રવાહી માધ્યમમાં ઉગાડી, તે પ્રવાહીમાંથી પેનિસિલીન કાઢવા પ્રયત્ન આદર્યો અને પ્રાથમિક મુશ્કેલીઓ પછી તેમના પ્રયત્નોને સફળતા મળી. ૧૯૪૩ માં અમેરિકામાં પેનિસિલીનનું કુલ ઉત્પાદન માત્ર ૨૮ પૌંડ (૨૧.૨ મહાપદ્મ યુનિટ) જેટલું હતું. એક લાખ યુનિટ એટલે ૬૦ મીલીગ્રામની કિંમત ૨૦ ડૉલર હતી, ૧૯૫૧ માં એ ઉત્પાદન ખૂબ વધારવામાં આવ્યું: અને કિંમત એકદમ ઘટી—એક લાખ યુનિટના માત્ર બે સેન્ટ. એટલે એક પૌંડની કિંમત ૧૪૫ ડૉલર થઈ.

પૂના નજીક પીપરી ગામ પાસે ભારત સરકાર પેનિસિલીન બનાવવાનું કારખાનું ચાલુ કરવાની તૈયારી કરી રહી છે એ ખાસ નોંધવા જેવી બીના છે.

ન્યૂમોનિયા, ગોનોરિયા, મેનીન્જાઈટીઝ, ગેસ ગેન્ગ્રીન, પરૂથી થતા રોગો, ઊંડા જખમો, ગુમડાં, ભરનીંગળ, થોમ્બોસીસ વગેરે ભયંકર દર્દો પર પેનિસિલીન અસરકારક પુરવાર થયું છે. ટાઈફોઈડ, મરડો, ઈન્ફ્લ્યુએન્ઝા, ક્ષય, કેન્સર, પ્લેગ, ઊંટાટિયો વગેરે પર પેનિસિલીનની અસર લિગરૂલ થતી નથી.

પેનિસિલીનની શોધે આ દિશામાં બીજાં ઉપયોગી અને વિશેષ અસરકારક એન્ટીબાયોટિકો શોધવા વિજ્ઞાનીઓને પ્રેર્યા. પરિણામે એથી કરતાં પણ વધારે એન્ટીબાયોટિક પદાર્થો તેમના શુદ્ધ સ્વરૂપમાં શોધાયા છે. આ બધામાંથી સ્ટ્રેપ્ટોમાઈસીન, ક્લોરોમાઇસેટીન, ઓરિયોમાઇસીન, ટેરામાઈસીન ખાસ ઉપયોગી નીવડયાં છે.

તેમાંથી પ્રથમ સ્ટ્રેપ્ટોમાઇસીન લઈએ. આ ઔષધ અકસ્માત જડી આવ્યું નથી. તેની પાછળ વ્યવસ્થિત પરિશ્રમ રહેલો છે. ડૉ. વેક્ષમાન અને તેના સાથીઓએ શોધી કાઢયું કે જમીનમાં રહેલા કરોડો સૂક્ષ્મ જીવાણુઓ-માંથી એક જાત એવી છે કે, જે દર્દના ભયંકર જીવાણુઓનો નાશ કરે છે. (ક્રમશઃ)

પેનિસિલીનના શોધક

એલેકઝાંડર ફ્લેમિંગનો જીવનપરિચય

લંડનમાં વિશ્વવિખ્યાત સેંટ મેરી દવાખાનાના એક બારણા પર નીચેના લખાણવાળી તકતી મઢેલી નજરે પડે છે 'સૂક્ષ્મ જન્તુવિદ્યાના અભ્યાસ માટે આ રાઈટ--ફ્લેમિંગ સંસ્થાની સ્થાપના વિશ્વના બે મહાન જન્તુવિદ્યા વિશારદોની તથા બ્રિટનના વૈદ્યકશાસ્ત્રના નોંધપાત્ર યુગની સ્મૃતિ જાળવી રાખવાના ઉદ્દેશથી કરવામાં આવી છે. એલ્મરોથ રાઈટે રસી મૂકવાથી વિષમજ્વર અટકાવી શકાય છે એવી અને એલેકઝાંડર ફ્લેમિંગે પેનિસિલીનની શોધ કરી હતી. આ બે વૈજ્ઞાનિકોમાંથી સર એલેકઝાંડર ફ્લેમિંગના ગુરૂ એલ્મરોથ રાઈટ સ્વર્ગવાસી બન્યા છે. જ્યારે ૭૩ વર્ષના સર ફ્લેમિંગ હવે રાઈટ ફ્લેમિંગ સંસ્થાના વડાપદ પરથી નિવૃત્ત બને છે.

સર એલેકઝાંડર ફ્લેમિંગ સ્કોટલેંડમાં અયરશાયર પરગણાના એક ખેડૂતના સુપુત્ર છે. ૧૪ વર્ષની વયે તેઓ લંડન પહોંચ્યા હતા અને ત્યાં શાળાનો અભ્યાસ સમાપ્ત કરીને મળેલા થોડા વારસાની સહાયવડે સ. ૧૯૦૧ માં મેરી દવાખાનામાં વૈદ્યકીય અભ્યાસ માટે પ્રવેશ કર્યો હતો વૈદ્યકશાસ્ત્રના વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દી ઘણીજ ઉજ્વળ હતી અને સ. ૧૯૦૬ માં ઉપાધી પ્રાપ્ત કર્યા પછી તેમણે રાઈટની પ્રયોગશાળામાં સંશોધનકાર્ય શરૂ કર્યું હતું. તે દિવસોમાં પણ વિશ્વભરેમાંથી તબીબો આ પ્રયોગશાળામાં સંશોધન માટે આવતા અને તે જમાનામાં આશ્ચર્યજનક જણાતી રાઈટની માન્યતાઓ પરથી સદ્દગત સાહિત્યસમ્રાટ જ્યોર્જ બેર્નાર્ડ શોને "ધી ડોકટર્સ ડાઇલેમા" નામનું પુસ્તક લખવાનો વિચાર સ્ફુર્યો હતો.

આ અરસામાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં ઘા સડી જવાથી અનેક સૈનિકો મૃત્યુના મુખમાં ધકેલાઇ જતા હતા આથી ફ્લેમિંગે પોતાના ગુરૂ રાઈટની સાથે મળીને સૈનિકોના સડતા ઘાનો ફ્રાંસમાં અભ્યાસ આદર્યો હતો. તે દિવસોમાં તો સર એલેકઝાંડર રાસાયણિક જન્તુઘ્ન દવાઓ પ્રત્યે ખૂબજ દૃઢતાપૂર્વક તિરસ્કાર વ્યકત કરતા અને છતાં વિધિની સુન્દર વિચિત્રતા એ છે કે વિશ્વને સર્વાંગસમ્પૂર્ણ જન્તુઘ્ન દવાની ભેટ પણ તેમણે જ આપી છે.

જન્તુઘ્ન દવાની શોધ સર એલેકઝાંડરે ઘણા જ વિચિત્ર સંજોગોમાં કરી હતી. એકવાર તેમને સખત શરદી થઇ હતી, આથી કુતૂહલથી પ્રેરાઇને તેમણે લીંટમાં મળી આવતા સૂક્ષ્મ જંતુઓનો કાચની પ્રયોગપટ્ટી પર અભ્યાસ આદર્યો તેથી તેમને એમ જણાયું કે નકામાં કચરા જેવા લીંટમાં પણ એક જન્તુઘ્ન પદાર્થ રહેલો હતો. એટલામાં શરદીને લીધે તેમની આંખમાથી આંસુ નીકળીને કાચની પટી પર પડયા અને આશ્ચર્યના આંચકા સાથે તેમને એમ જણાયું કે તે જ્યાં જ્યાં પડયા તે જગ્યા પરના જન્તુઓ તદ્દન નાશ પામ્યાં! આથી આંસુમાંના આ પદાર્થને ફ્લેમિંગે 'લાઇસોઝાઇમ' એવું નામ આપ્યું.

ત્યાર પછી સ. ૧૯૨૮માં તેઓ અમુક રોગનાં ભયંકર જન્તુઓની વસાહતને કાચની પ્રયોગપટી પર ઉછેરી રહ્યા હતા. તેટલામાં બારીમાંથી એકાએક પવન સાથે ધૂળનો ફોદો આવીને તે પટ્ટી પર પડયો. આથી સર ફ્લેમિંગને લાગ્યું કે તેમનું કામ બગડયું છતાં મિજાજ ગુમાવવાને બદલે તેમણે તે વડે તત્કાળ કેટલાક પ્રયોગો કરી જોયા. તેને પરિણામે તેમની નીચેના સુપ્રસિદ્ધ ઉદ્દગારો કાઢયા હતાઃ 'સદ્દભાગ્યે કેટલાક વર્ષથી હું જન્તુઘ્ન દવાઓનો અભ્યાસ કરી રહ્યો છું તે હકીકત મ્હારે માટે આનંદપ્રદ નિવડી છે. આ જ પ્રમાણે થોડાં વર્ષ પહેલાં પણ મને કુદરતી લાઇસોઝાઈમ મળી આવ્યું હતું'.

'લાઇસોઝાઇમિ'ના અભ્યાસ માટે તેમણે અમુક વિશિષ્ટ પદ્ધતિ તૈયાર કરી હતી જે પેનિસિલીનની શોધ પછીની તેમણે ઘણી જ ઉપયોગી જણાઇ હતી તેમ છતાં સતત પ્રયાસો કરવા છતાં પેનિસિલીન તેમને હાથતાળી આપ્યા કરતું હતું અને તેથી તેનો જન્તુઘ્ન દવા તરીકે ઉપયોગ કરી શકાય તેવી પદ્ધતિ તેઓ શોધી કાઢી શકયા નહોતા. આથી તેઓ લખે છે કે હું નિરાશ અને એકાકી બની ગયો હતો છતાં મેં કેટલાક યુવાન સાથીઓની સહાયવડે સંશોધન ચાલુ રાખ્યું હતું. પેનિસિલીન વિષે અમે શકય તેટલી વધારે શોધો કરી છતાં રસાયણવિદ્યાના જ્ઞાનના અભાવે અમારું કાર્ય અટકી પડયું હતું.

દરમિયાનમાં લંડનની સ્વચ્છતા તથા ગ્રામ પ્રદેશો માટેની દવાઓનું શિક્ષણ આપતી શાળાના પ્રોફેસર હેરોલ્ડ રેઇકિટ્રેકે એક વૈજ્ઞાનિક સામયિકમાં ફલેમિંગનું ઉપર મુજબનું લખાણ વાંચીને પેનિસિલીન અંગે સંશોધન આગળ ધપાવવાનો નિશ્ચય કર્યો. પુરંતુ પેનિસિલીને તેમને પણ એટલાંજ મૂંઝવ્યા હતા. જો કે એલેકઝાંડર ફ્લેમિંગે પ્રોફેસર રેઇરીટ્રકે તૈયાર કરેલા પેનિસિલીન વડે કેટલાક રોગીઓને સારા કર્યાં હતા છતાં ઘણી જ થોડી પ્રગતિ થઈ શકી હતી.

પરંતુ સદભાગ્યે સં. ૧૯૩૮માં ઓકસફર્ડના પ્રોફેસર હોવર્ડ ફ્લોરી અને ડો. ઇ. બી. ચેઈનના મનમાં, બીજા પ્રકારનાં જન્તુઓના વિકાસ પર સારી કે માઠી અસર કરતાં જંતુઓ દ્વારા ઉત્પન્ન કરતા પદાર્થોનો અભ્યાસ કરવાનો વિચાર ઉદ્‌ભવતાં તે માટે તેમણે સૌથી પ્રથમ પસંદગી પેનિસિલીનને જ આપી પરંતુ ટૂંકમાં જ બીજું વિશ્વયુદ્ધ ફાટીનીકળ્યું અને સને ૧૯૪૦માં તેઓ એક ઘણો જ મહત્ત્વનો પ્રયોગ કરવાનું વિચારી રહ્યા હતા એટલામાં તો જર્મનો ફ્રાંસના ઈંગ્લીશ ખાડીના કિનારા પાસે આવી પહોંચ્યાં હતા. આથી તેમણે પોતા જન્તુઓની વસાહતોના ખમીરને કોટના અસ્તર તથા ખીસાના અંદરના ભાગ પર ચોપડીને ન્હાસી છૂટવાનો નિશ્ચય કર્યો હતો જેથી કરીને ભવિષ્યમાં તે વડે પ્રયોગો ચાલુ રાખી શકાય.

પ્રોફેસર ફ્લોરીએ પ્રયોગ માટે ૫૦ ઊંદરોના શરીરમાં સોય વડે ભયંકર રોગનાં જન્તુઓ મ્હોટા પ્રમાણુમાં દાખલ કર્યાં તેમાંથી ૨૫ની તેમણે પેનિસિલીન વડે સારવાર કરી. ૨૪ ઊંદરો ૧૬ કલાકમાં સારા થઇ ગયા, જ્યારે નસીબને આશરે રહેવા દીધેલા બાકીના ૨૫ ઊંદરો સ્વધામ પહોંચી ગયા. પ્રો. ફ્લોરીએ ટેલિફોનનું રીસીવર ઊંચકીને પોતાના સાથીને કહ્યું કે મને તો આ વસ્તુ મોટા ચમત્કાર જેવી જણાય છે, અને તે ખરેખર જ ચમત્કાર હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સૈનિકોને પેનિસિલિન વડે કરાળ કાળના જડબામાંથી ઉગારી લેવામાં આવ્યા હતા. જ્યારે પ્રથમ યુદ્ધ દરમિયાન પેનિસિલીનના પૂરતા જથ્થાને અભાવે લાખો સૈનિકો મૃત્યુને વશ થયા હતા.

આજ તો હવે પેનિસિલીન ઘરગથ્થુ શબ્દ પ્રયોગ બની ગયું છે અને વિશ્વના ખૂણે ખૂણામાં પ્રતિદિન હજારો માનવીઓ આ આશીર્વાદરૂપ અને કલ્યાણકારી દવાનો ઉપયોગ કરતાં જોવામાં આવે છે. આ કલ્યાણકારી શોધ માટે સર એલેકઝાંડર ફ્લેમિંગ, પ્રોફેસર હોવડ ફ્લોરી તથ ડો. ઇ. બી. ચેઇનને નોબેલ પારિતોષિક પ્રા થયું હતું. લંડનમાં સેંટ મેરીના દવાખાનાન સ્કોટલેંડના વતની સર એલેકઝાંડર ફ્લેમિંગે કરેલી ક્રાન્તિકારી શોધને પુરાણપ્રાચીન વિદ્યાધાર ઓકસફર્ડ ખાતે ઓસ્ટ્રેલિઆના પ્રજાજન પ્રો ફ્લોરી અને યૂરોપમાંથી ન્હાસી છૂટેલ નિર્વાસિત યહૂદી પ્રજાજન ડો. ચેઇને પરિપૂર્ણ કરી હતી. અને બ્રિટનની કીર્તિનો ડંકો જગતમ બજાવીને તેમણે તે દેશે આપેલા રાજકી આશ્રયનો પૂરેપૂરો બદલો વાળી આપ્યો છે.

વિષતંત્ર: લેખાંક ૨

લેખક: શ્રી ડૉ. ત્ર્યં. છો. નારીચાણિયા
મેડિકલ ઓફિસર: રાજ સીતાપુર, (સૌરાષ્ટ્ર)

વિક્ષોભક વિષ

જે વિષ પાચક અવયવોમાં પ્રદાહ અથવા શોથ ઉત્પન્ન કરે છે તે વિક્ષોભક વિષ કહેવાય છે. અથવા તીવ્ર દાહક વિષ જ્યારે મૃદુ બની જાય છે. ત્યારે તે વિક્ષોભક કહેવાય છે.

સામાન્ય લક્ષણો:–(૧) મોઢામાં ધાતુ સ્વાદ, રૂક્ષતા, અતિ તૃષા, હૃલ્લાસ અને વમન, જેમાં શરૂઆતમાં વમન પદાર્થ અન્ન મિશ્રિત હોય છે પછી પિત્ત મિશ્રિત અને છેવટે રકત મિશ્રિત હોય છે.

(૨) ગળામાં શોથ, રૂક્ષતા, ગળવામાં કાઠિન્યતા.

(૩) આમાશયમાં દાહ, શળ, પેટ દાબવાથી દુ:ખાવો વધારે થાય છે.

અતિસાર, પેટમાં સુંક, વાઢ, દુખાવો, ઝાડામાં શ્લેષ્મ તથા લોહી હોય છે મૂત્રાઘાત, શીતત્વચા, નાડીતીવ્ર અને અનિયમિત તથા કૉલેપ્સ થાય છે. પુરૂષોમાં શિશ્નની ઉત્તેજના, ચહેરો પીળો, હોઠ નીલા, બેચેની અને કેટલીક વખત મૃત્યુ જે એકથી ચાર દિવસમાં થાય છે. જેની પહેલાં આંચકી આવે છે. મૃત્યુ, આઘાત અથવા થાક અથવા અવરોધથી થાય છે.

નિદાન: વિક્ષોભક વિષનું નીચેના વ્યાધિઓથી નિદાન કરવું જોઇએ. જેવા કે વિસૂચિકા, તીવ્ર આમાશય પ્રદાહ, તીવ્ર આમાશયાંત્ર પ્રદાહ, ઉદરાવરણ કલા શોથ, ઉદરશળ અને આમાશય સ્ફૂટન.

વિસૂચિકા	વિક્ષોભક વિષ
(૧) એકી સાથે કેટલાએ માણસો ભોગ બનેલ હોય છે.	એક અથવા બે માણસો અથવા વિષ સંસૃષ્ટ અન્ન ખાનાર માણસો જ ભોગ બનેલ હોય છે.
(૨) પ્રથમ અતિસાર અને પછી વમન.	પ્રથમ વમન અને પછી અતિસાર વમન રકતમિશ્રિત હોય છે.
(૩) અતિસાર અને વમન પહેલેથી ચોખાના ધોણ જેવા હોય છે.	પાછળથી ચોખાના ધોણ જેવો રંગ આવે છે.
(૪) દસ્તની તપાસ કરાવતા તેમાં વિસૂચિકાના કૃમિઓ હોય છે.	કૃમિ નથી હોતા પરંતુ વિષ હોય છે.
(૫) આમાશય ઉપર દર્દ નથી હોતું.	દર્દ હોય છે.

અધાત્વીય (NON-METALLIC) વિષ: ફોસ્ફરસ

ફોસ્ફરસ અનૈન્દ્રિક, અધાત્વીય વિક્ષોભક વિષ છે. તે બે જાતનો હોય છે. પીળો અને લાલ.

પીળો ફોસ્ફરસ તીવ્ર વિષ છે અને તેથી ઉંદર વગેરે મારવામાં વપરાય છે. દીવાસળી બનાવવામાં પણ વપરાય છે.

લાલ ફોસ્ફરસ ઝેરી નથી પરંતુ વ્યાપારીક લાલ ફોસ્ફરસ ઝેરી છે. કારણ કે તેમાં પીળો ફોસ્ફરસ મેળવવામાં આવે છે.

વિષ લક્ષણો:–સામાન્યત: ૧ થી ૬ કલાકમાં લક્ષણો શરૂ થાય છે. પરંતુ મોટી માત્રામાં જો વિષ લેવાયું હોય તો થોડીક મિનિટોમાંજ લક્ષણો શરૂ થાય છે.

મોઢામાં લસણ જેવો સ્વાદ, આમાશય તથા ગળામાં દાહયુક્ત વેદના, અતિ તૃષા, હલ્લાસ અને વમન પદાર્થ પિત્તમિશ્રિત હોય છે અને પછી રક્તમિશ્રિત હોય છે. શ્વાસમાં લસણની જેવી ગંધ આવે છે. સામાન્યતઃ ઝાડા નથી હોતા પરંતુ જો હોય છે તો મળ કાળો અને દુર્ગંધયુક્ત હોય છે. મૃત્યુ અવસ્થા આવતી હોય તો કોલેપ્સ થાય છે અને પ્રલાપ અવસ્થામાં આતુર જાય છે. અથવા આંચકી અને કૉમા થાય છે.

સામાન્યતઃ મોટા ભાગના દર્દીઓમાં ધીમે ધીમે લક્ષણો ઓછા થતાં જાય છે અને દર્દી સારો થતો જાય છે. પછી ૨ થી ૬ દિવસ બાદ કમળો દેખાવો શરૂ થાય છે, ઉદરશૂળ વધે છે, આધ્માન, યકૃત અને પ્લીહા વધે છે, ખૂબ ઉલટીઓ થયા કરે છે, ઝાડા ખૂબ તીવ્ર રૂપ પકડે છે. ઝાડા અને ઉલટી રક્તમિશ્રિત હોય છે. નાક, મૂત્રનલિકા. યોનિ અને ગર્ભાશયમાંથી રક્તશ્રાવ થાય છે. સગર્ભા દર્દીમાં તીવ્ર રક્તસ્રાવ થઈ ગર્ભસ્રાવ થઇ જાય છે. મૂત્રાઘાત થાય છે.

શિરઃશૂળ, થાક, અનિદ્રા, કર્ણક્ષ્વેડ. બધિરતા, ઝાંઝવું દેખાવું, કળતર, આક્ષેપ, પક્ષાઘાત, નાડી નબળી ઉતાવળી અને અનિયમિત, જ્વર વધે છે અને કૉમા આવીને મૃત્યુ નીપજે છે. કેટલીક વખત મૃત્યુ પહેલાં પ્રલાપ અથવા આક્ષેપ–આંચકી આવે છે.

ઘાતક માત્રા :—૧/૮ થી ૨ ગ્રેઈન.

ઘાતક સમય :—ઓછામાં ઓછો સમય અડધા કલાકમાં મૃત્યુ થયેલ નોંધાયેલ છે. સામાન્યતઃ ચાર કલાકથી ૭ થી સાત દિવસ સુધીનો છે.

ચિકિત્સા :—પોટાસિયમ પરમેંગનેટ (એક ઔંસ પાણીમાં ચાર ગ્રેઈન)ના પ્રવાહીથી આમાશય ધોવું. અને આમાશય ધોયા પછી લગભગ સવાશેર જેટલું પ્રવાહી આમાશયમાં રહેવા દેવું. પોટાસિયમ પરમેંગનેટ રાસાયણિક રીતે પ્રભાવ કરીને વિષને બીજા સ્વરૂપમાં ફેરવી નાંખે છે. ફોસ્ફરસની ગંધ જતી રહે ત્યાં સુધી કોકરવરણા પાણીથી પણ આમાશય ધોઈ શકાય છે. પછી મેગનેશિયા અથવા મીલ્ક ઓફ મેગનેશિયા આપવું. શુ. તુત્થ (શુદ્ધ મોરથુથુ ૩ ગ્રેઈન પાશેર પાણીમાં ઓગાળીને) વમન થાય ત્યાં સુધી દર પાંચ પાંચ મિનિટે પાયા કરવું. તે પ્રતિવિષ તરીકે કામ કરે છે. તેલ અથવા વસા (*fat*) કોઈ પણ સ્વરૂપમાં ન આપવા કારણ કે તેલ ફોસ્ફરસને ઓગાળે છે. પરંતુ જુતું અનરેકટીફાઈડ ટરપેન્ટાઇન પ્રતિવિષ તરીકે આપી શકાય છે. કારણ કે તે ફોસ્ફરસ સાથે સંમિલિત થઇને અવિષ પદાર્થ ઉત્પન્ન કરે છે. દર કલાકે મ્યુસીલેજ બનાવીને ત્રીસ ટીપાની માત્રામાં અપાય છે. જો તે અપ્રાપ્ય હોય તો હાઇડ્રોજન પેરોકસાઈડ આપી શકાય છે. આઘાત અને વેદનાશામક માટે મોરફિયા યોગ્ય માત્રામાં ત્વચા સૂચિવેધ માર્ગે આપવું. એરંડતેલ સિવાયના બીજા યોગ્ય દ્રવ્યો વિરેચન માટે વાપરવાં. વિલાયતી મીઠું આપવું. ચરબી, માખણ, તેલ ન આપવા કારણ કે તેમાં ફોસ્ફરસથી ઓગળે છે. તે ખાસ ધ્યાનમાં રાખવું.

શવચ્છેદ દૃશ્ય :—પહેલાં ચોવીસ કલાકમાં ફેરફાર થતો નથી. આમાશયની શ્લેષ્મકળા પીળી અથવા હરી–શ્વેત તથા શોથયુક્ત હોય છે. ગેંગ્રીન અવસ્થા થયેલી હોય છે. યકૃત વધેલું અને પીળું હોય છે. પ્લીહા પ્રદાહયુક્ત. લોહી કાળું હોય છે. પેટના અવયવો ખોલતા લસણ જેવી ગંધ આવે છે. આમાશયસ્થ પદાર્થોમાં પણ લસણ જેવી ગંધ આવે છે. જો કે ભારતમાં આ બનવા સંભવ નથી કારણ કે ભારતમાં શબ જલદી સડવા માંડે છે.

જીર્ણવિષ લક્ષણો :—ફોસ્ફરસના કારખાનાઓમાં કામ કરતા મજુરો વગેરેમાં આ લક્ષણો જોવામાં આવે છે. ઉદરશૂળ, ઊલટી, ઝાડા, દુબળાપણું, શ્વાસમાં વિક્ષોભ, દાંતનું સડવું ખાસ કરીને નીચલા જડબાનું સડવું થાય છે. ક્ષીણતાથી મૃત્યુ થાય છે.

ચિકિત્સા :— લાક્ષણિક ચિકિત્સા કરવી. કારખાનાઓમાં હવાની પુરી અવર જવરની સગવડ હોવી જોઇએ. દાંત વગેરે અવાર નવાર તપાસતાં રહેવું જોઈએ દાંતમાં સડો થતો હોય તો દાંતમાં ચાંદી વગેરે પુરાવવી અથવા કઢાવી નાંખવા.

ન્યાય સંબંધિ વિચાર :—ફોસ્ફરસને ઓગાળીને આપવાથી તેના ઘન સ્વરૂપ કરતાં તે વધારે વિષ પ્રભાવ કરે છે. સગર્ભા સ્ત્રીઓ ગર્ભપાત માટે વાપરે છે તેવા સમયમાં વિષ પ્રભાવ થઈ જાય છે. પર હત્યા માટે ભાગ્યેજ વપરાય છે. કારણ કે તેનો સ્વાદ અને ગંધથી તુરત જણાઇ આવે છે. આત્મહત્યા માટે વપરાતું જોવામા આવે છે. આકસ્મિક રીતે બાળકો દિવાસળીઓ ઉપરનો 'ગંધક' ખાઇ જાય છે અને એ રીતે વિષ પ્રભાવ થાય છે. શરીરના તંતુઓ જલદી લય પામી જાય છે એટલે જો રાસાયણિક પરીક્ષા કરવામાં વિલંબ થાય તો મળવું દુર્લભ થઈ પડે છે

.કલોરિન

કલોરિન એક અનૈન્દ્રિક અધાત્વીય, વિક્ષોભક વિષ છે. આ લીલા—પીળા રંગની બાષ્પ (ગેસ) છે. તેની ગંધ વિક્ષોભક અને અનઇચ્છિનિય છે. બ્લીચીંગ કાચ તથા જંતુઘ્ન કાર્યોમાં વપરાય છે. આકસ્મિક રીતે કારખાનાઓમાં વિષ પ્રસંગો બને છે વિષ લક્ષણો—બાષ્પ શ્વાસોશ્વાસમાં પ્રવેશ પ્રામ્યા પછી છાતી ભીસાતી હોય તેવું તથા શ્વાસાવરોધ જેવું લાગે છે લક્ષણોની ત્રણ અવસ્થા છે:—

મૃદુ અવસ્થા :—વેદનાયુક્ત સુકી ઉધરસ, લીલાશપડતો ચીકણો કફ કોઇ કોઇ વખતે પડે છે. શિરઃશૂળ, આંખો દુ:ખવી, ઉદરશૂળ, ત્વરીત શ્વાસોશ્વાસ થાય છે. આ લક્ષણો થોડા સમયમાં સમી જાય છે.

તીવ્ર અવસ્થા :—નીલીમા, વેદનાયુકત શ્વાસોશ્વસ, શિરઃશૂળ, જ્વર અને નિદ્રાવસ્થા.

તીવ્રતમ અવસ્થા :—શુષ્ક રતાશપડતું ગળું, જીભ ફાટી જવી, નીલીમા, ફુફ્ફુસ શોથ, નાડી એક મિનિટે ૮૦ અને શ્વાસોશ્વાસ ૩૦, કૉમા અને મૃત્યુ. હૃદયનો પક્ષાઘાત અથવા શ્વાસાવરોધથી મૃત્યુ થાય છે.

ઘાતક માત્રા :—અચોક્કસ.

ઘાતક સમય :—લગભગ અડતાલીસ કલાકમા મૃત્યુ થાય છે

ચિકિત્સા :—દર્દીને શુદ્ધ હવામાં રાખવો. પ્રાણવાયુ સુંઘાડવો. મૃદુઅવસ્થામાં ત્વચા સૂચિવેધ માર્ગે એટ્રોપીન યોગ્ય માત્રામાં આપવું. કૃત્રિમ શ્વાસોશ્વાસ આપવા. બ્લીચીંગ પાઉડર લેવાયો હોય તો આમાશય ધોવું. અને ચીકાશદાર દ્રવ્યો આપવા. વેદના શામક તરીકે ત્વચા સૂચિવેધ માર્ગે મોરફિયા યોગ્ય માત્રામાં આપવું.

આયોડીન

આયોડીન એક અનૈન્દ્રિક, અધાત્વીય, વિક્ષોભક વિષ છે. અનઇચ્છિનિય સ્વાદવાળું અને શ્યામરંગની કણીઓના રૂપમાં હોય છે. પાણીમાં સ્હેજસાજ ઓગળે છે અને મદ્યમાં જલદી

ઓગળે છે. વિષ સંસૃષ્ટના પ્રસંગો ભાગ્યેજ બને છે. આકસ્મિક રીતે ટીંચર આયોડીન કે લીનીમેન્ટ આયોડીન ભૂલથી પીવાઈ જવાના પ્રસંગો બને છે.

વિષ લક્ષણો :—મોઢું, ગળું, અન્નનલિકા અને આમાશયની શ્લેષ્મ ત્વચા સુજી અને શ્યામ થઈ જાય છે. તથા તે અવયવોમાં દાહ, અતિ તૃષા, લાળ પડવી, ઝાડા તથા ઉલટી થાય છેઃ વમન પદાર્થ તથા મળ નીલા અથવા પીળા અને રક્તમિશ્રિત હોય છે. તથા તેમાં આયોડીનની ગંધ હોય છે, પેશાબ ઓછો અથવા બંધ થઇ જાય છે. તથા નીલા અને પીળા રંગનો હોય છે. તથા તેમાં આયોડીનની ગંધ હોય છે. નાડી ધીમી ગતિવાળી થઇ જાય છે. ત્વચા શીત અને કોલેપ્સ થાય છે દર્દી મૃત્યુ સુધી સભાન હોય છે. શ્વાસ માર્ગ તથા વૃક્કમાં વિક્ષોભ તથા શોથ હોય છે. ગર્ભપાત, આંચકી અને ખૂબ વધારે પડતો જ્વર વગેરે હોય છે.

જીર્ણ વિષ લક્ષણો :—જીર્ણ વિષ લક્ષણો ઘણી વખત, પોટાશિયમ આયોડાઇડની વધુ પડતી માત્રાથી થાય છે. કપાળના ભાગમાં સખ્ત દુઃખાવો, નાકમાંથી પાણી ઝમવા, લાલાસ્રાવ, હલ્લાસ, ઉલટી, ઝાડા, કૃશતા અને સ્તન–અંડકોશ–અને બીજી ગ્રંથિઓ ગળતી હોય તેવું થાય છે. તેમજ શરીર ઉપર ઝીણી ઝીણી ફોડકીઓ થાય છે.

ઘાતક માત્રા :—સામાન્યતઃ ૩૦ ગ્રેઈન. ટીંચર આયોડીન તોલા પાંચ અને લીનીમેન્ટ આયોડીન તોલો સવાનો છે.

ઘાતક સમય :—સામાન્યતઃ ૨૪ કલાક પછી મૃત્યુ થાય છે.

ચિકિત્સા :—વમન કરાવવું: સ્ટાર્ચ અને એલ્બ્યુમીન અથવા સોડિયમ થાયો સલ્ફેટના પ્રવાહીથી આમાશય ધોવું. જવનું પાણી તથા સાબુચોખાની કાંજી આપવી. અને લાક્ષણિક ચિકિત્સા કરવી. જરૂરત પ્રમાણે ઉત્તેજક ઔષધો આપવા. વેદનાશામક તરીકે મોરફિયા ત્વચા સૂચિવેધ માર્ગે યોગ્ય માત્રામાં વાપરવું.

પોટાશિયમ આયોડાઈડના વિષ લક્ષણોમાં સોડાબાઈકાર્બ મોટા પ્રમાણમાં આપવું. અથવા દ્રવ્ય ઔષધમાં અપાતું હોય અને વિષ લક્ષણો થયા હોય તો તેની માત્રા અપાતી હોય તેની અડધી અથવા બમણી કરવી.

શવચ્છેદ દૃશ્ય :—આમાશય તથા આંતરડાની શ્લેષ્મત્વચા સુજેલી તથા વિદીર્ણ થયેલ તથા ભુરા રંગની થઇ ગયેલ હોય છે આમાશયની અંદરનો ખોરાક વગેરે વાદળી રંગનો થઇ ગયેલ હોય છે.

બોરીક એસિડ

આ એક અનૈન્દ્રિક, અધાત્વીય, વિક્ષોભક વિષ છે.

વિષ લક્ષણો :—અરૂચિ, હલ્લાસ, ઊલટી, ઝાડા, મૂત્રાઘાત, ત્વચા ઉપર ફોડકીઓ અને કૉલેપ્સ, હૃદયના પક્ષાઘાતથી મૃત્યુ થાય છે. કેટલીક વખત પ્રલાપ થાય છે.

ઘાતક માત્રા :—અનિશ્ચિત.

ઘાતક સમય :—સામાન્યતઃ ત્રણ થી ચાર દિવસ મૃત્યુ માટે ગણાય છે.

ચિકિત્સા :—આમાશય ધોવું. લાક્ષણિક ચિકિત્સા કરવી અને ઉત્તેજક ઔષધો આપવા.

ધાત્વીય વિષ સોમલ—આરસેનીક

સોમલ એ એક ધાત્વીય, અનૈન્દ્રિક, વિક્ષોભિક વિષ છે. ધાત્વીય સોમલ પોતે અવિષ છે. કારણ કે તે પાણીમાં ઓગળતો નથી અને તેથી કરીને આમાશય કે પક્વાશયમાં તેનું પાચન થતું નથી. પરંતુ જ્યારે તે હવાના સંસર્ગમાં આવવાથી ઓક્સીડાઇઝ થાય છે ત્યારે તે વિષ બને છે. એવું માનવામાં આવે છે કે સોમલનો અમુક ભાગ પક્વાશયમાં ઓક્સીડાઇઝ થાય છે તેથી એ રીતે તે વિષ પ્રભાવ કરે છે. સોમલનું બારીક ચૂર્ણ જો ચામડી ઉપર ઘસવામાં આવે તો વિષ પ્રભાવ થાય છે.

સોમલનારૂપ:–(૧) સફેદ સોમલ—આરસેનીઅસ ઓક્સાઇડ.

સંખિયો અથવા સોમલખાર તરીકે બજારમાં વેચાય છે. તેના સફેદ કટકા અથવા ગાંગડા આવે છે. નિર્ગંધ તથા અસ્વાદુ છે, પાણીમાં ઓગળતો નથી. અઢી તોલા પાણીમાં અડધાથી એક ગ્રેઇન (લગભગ પા થી અડધી રતી) ઓગળે છે. અને જો બાર થી ૧૬ ગ્રેઇન અઢી તોલા પાણીમાં નાંખી એકાદ કલાક ઉકાળવામાં આવે ત્યારે તે ઓગળે છે. વજનમાં ભારે છે. ભારે હોવાના કારણે, તેનું બારીક ચૂર્ણ પાણીમાં નાખતા તે ઉપર તરે છે. જો પાણીને ખૂબ હલાવવામાં આવે તો નીચે બેસી જાય છે. પરંતુ સ્થિર થયે પાછુ ઉપર તરવા માંડે છે. સ્પીરીટ અને મધમાં ઉપર દર્શાવેલ પાણીના પ્રમાણમાં ઓગળે છે. પરંતુ અમ્લ તથા ક્ષારમાં જલદી ઓગળે છે.

સફેદ સોમલ ઉદ્યોગોમાં વધારે પડતો વપરાય છે. વૈદ્યો અને હકીમો જ્વર, ઉપદંશ વગેરે અનેક જાતના વ્યાધિઓમાં શુદ્ધ કરીને ઉપયોગ કરે છે.

પોટાસિયમ આરસેનાઇટ, કોપર આરસેનાઇટ, આરસેનીક એસિડ, સોડિયમ આરસેનાઇટ, આરસેનીક સલ્ફાઇડ્ઝ, રેડ આરસેનીક (મનઃશીલ) યલ્લો આરસેનીક (હરતાલ), આરસેનીક ટ્રીક્લોરાઇડ, આરસેનીક ટ્રાઓડાઇડ વગેરે અનેક જાતના નિર્માણો સોમલમાંથી બનાવવામાં આવે છે.

વ્યાપારમાં ઉપયોગ:—

(૧) વસ્તુઓ રંગવામાં, રમકડા તથા ફૂલો ઉપર કૃત્રિમ રંગ ચડાવવા વગેરેમાં.

(૨) ઉદ્યોગોમાં:—લુગડા વગેરે રંગવામાં, છાપવામાં, ગલીચા વગેરે બનાવવામાં.

(૩) રક્ષણ માટે:—ચામડી સુરક્ષીત રાખવા વગેરેમાં.

(૪) નાશ કરવા માટે:—માખીઓ, ઉંદરો વગેરે મારવામા.

(૫) ચિકિત્સા:—જંતુઘ્ન, ઉપદંશ વગેરે વ્યાધિઓ, શકિત, વાજીકરણ, ઉત્તેજના, ગર્ભપાત વગેરેમાં.

(૬) મિલાવટમાં:—વ્યાપારી અમ્લમાં (એસિડ) મેળવવામાં આવે છે.

(૭) સંમાસના રૂપમાં:—ઘેટાને નવરાવવાના પાણીમાં અને તેની ઉપરની માખીઓ મારવામા.

ઉપરની રીતે વ્યાપારમાં સોમલ વપરાય છે.

વિષ લક્ષણો:—તીવ્ર રૂપમાં વિષ પ્રભાવ લગભગ અડધા કલાકમાંજ થાય છે. પરંતુ ઘણી વખત જો મુખ સિવાય બીજા માર્ગે જેમકે ત્વચા ઉપર ઘસવું અથવા કોઈ વ્રણ ઉપર લગાડવાથી શરીરમાં દાખલ થાય છે તો પ્રભાવ થતાં કલાકો નીકળી જાય છે. આતુર પ્રથમ મૂર્ચ્છા, જીવ ઉંડો ઉતરી જતો હોય તેવી લાગણી, હલ્લાસ અને ગળું તથા આમાશયમાં તીવ્ર

દાહની—ફરિયાદ કરે છે. તીવ્ર તૃષા અને ઊલટી સતત ચાલુ હોય છે. વમન પદાર્થમાં પ્રથમ તો આમાશય માંહેનો પદાર્થ નીકળે છે અને પછી શ્લેષ્મ તથા લોહી આવવું શરૂ થાય છે. ઊલટી ન થતી હોય તેવું ભાગ્યેજ બને છે. વમન પદાર્થનો રંગ શ્યામ, પીળો, લીલો અને વાદળી હોય છે. પેટમાં ચૂંક અને પગમાં કળતર હોય છે.

મોટા ભાગે ચુંક અને વેદના સાથે ઝાડા હોય છે. બે ત્રણ રીતે વારેઘડીએ ઝાડા ચાલ્યા જાય છે જે ગંધાતા, શ્યામ અને રક્તમિશ્રિત હોય છે. પરંતુ પાછળથી કોઈ પણ જાતના રંગ વગરના ગંધયુક્ત અને પ્રવાહી ચોખાના ધોણ જેવા—વિસૂચિકાના ઝાડાને મળતાં હોય છે. પેશાબ ઓછો આવે છે વા આવી પડે છે તથા રક્તમિશ્રિત હોય છે. તથા વેદનાયુક્ત હોય છે. ઝાડાની શરૂઆત થતાં પહેલા પગની પીંડીઓમાં તથા બીજા સ્નાયુઓમાં સખત કળતર થાય છે તન્દ્રા અને કોલેપ્સની સ્થિતિ ઉત્પન્ન થાય છે. ત્વચા શીત, ચહેરો ફીક્કો અને ચિંતાગ્રસ્ત અને પછી પાછળથી નીલો (*Cyanosed*), થાય છે. આંખો ઉંડી ઉતરી ગયેલ હોય છે. છેવટે આંચકી અને સંજ્ઞાનાશ થઈ મૃત્યુ નીપજે છે. સામાન્યતઃ શુદ્ધિ છેવટ સુધી રહે છે. જો વધારે પ્રમાણમાં સોમલ લેવાયું હોય તો કાંઈ લક્ષણો થયા વગર આઘાતથી તુરત મૃત્યુ થાય છે. ઘણી વખત એવું બને છે કે મોટી માત્રામાં લેવાયાથી ખૂબ ઊલટીઓ થાય છે અને તેથી વધુ વિષ બહાર નીકળી જઈ દર્દી બચી જાય છે.

નારકોટીકરૂપ :—આમાશય તથા પક્વાશયમાં લક્ષણોનું પ્રમાણ ઘણું ઓછું હોય છે. ચક્કર ચડવાં, સ્નાયુઓમાં વેદના, પ્રલાપ અને તુરત જ કોમાની સ્થિતિમાં જઈને મૃત્યુ પામે છે. આંખની કીકીઓ વિસ્તૃત હોય છે. કેટલીક વખત શાખાઓનો પક્ષાઘાત થઈ જાય છે.

સબ એક્યુટરૂપ :—લાંબા સમય સુધી અમુક અંતરે જુજ માત્રામાં સોમલ આપવામાં આવે ત્યારે આ સ્થિતિ ઉત્પન્ન થાય છે. જેમાં પહેલાં અજીર્ણ, કાસ, ગળામાં ખરખરાટ, વમન, પેટમાં ચુંક, તથા પગમાં કળતર, સાથે અતિસાર, જીભ મેલી અને શુષ્ક તથા શોથયુક્ત ગળું, થાક તથા જીવ ઉંડો ઉતરી જતો હોય તેવી લાગણી થાય છે. ઝાડો રક્તમિશ્રિત હોય છે. સ્નાયુઓમાં કળતર, અનિદ્રા અને કોલેપ્સ થઈ મૃત્યુ થાય છે.

અસાધારણ લક્ષણો :—આંચકી, હનુસ્તંભ, પ્રલાપ, જ્વર, લાલાસ્રાવ, ન બોલી શકવું, કર્ણક્ષ્વેડ, અનિયમિતદૃષ્ટિ, પ્રકાશની અસહિષ્ણુતા અને શ્વાસાવરોધથી મૃત્યુ.

આરસેન્યુરેટેડ હાઈડ્રોજનના વિષમાં હલ્લાસ, વમન, આમાશયમાં દાહ, કમળો, સખ્ત શિરોવેદના, મૂર્ચ્છા, ભ્રમ, વૃક્કમાં વેદના, નીલીમા અને કોલેપ્સ, ફુફ્ફુસ શોથ અથવા હૃદય બંધ પડવાથી (*Heart Failure*) તુરત મૃત્યુ થાય છે.

ઘાતક માત્રા :—સાધારણતઃ ૩ ગ્રેઈન (લગભગ ૧॥ રતી)

ઘાતક સમય :—સામાન્ય રીતે બારથી ચોવીસ કલાકમાં મૃત્યુ થાય છે જો કે ઘણીવખત બેથી ત્રણ કલાકમાં પણ મૃત્યુ થાય છે.

નિદાન :—કેટલાક વ્યાધિઓથી સોમલ વિષનું નિદાન કરવું પડે છે. કારણ કે તે વ્યાધિઓના તથા સોમલના વિષના કેટલાક લક્ષણો સમાન જેવા દેખાય છે.

એક્યુટગેસ્ટ્રાઈટીઝ, એન્ટ્રાઈટીઝ અને ગેસ્ટ્રોએન્ટ્રાઈટીઝ આમાં દર્દીને અગાઉ કોઈ વ્યાધિ થયેલની હકીકત મળી આવે છે. આમાં ગળામાં વેદના થતી નથી.

વિસુચિકા—આ વ્યાધિના ઘણા ખરા લક્ષણો સોમલ વિષમાં જોવામાં આવે છે. સગવડતા માટે તેનો કોઠો નીચે આપ્યો છે.

લક્ષણો	સોમલ વિષ	વિસૂચિકા
(૧) ગળામાં વેદના	વમન પહેલાં	એ નથી હોતું.
(૨) અતિસાર	વમન પછી તુરતજ થાય છે	મોટેભાગે વમનની પહેલાં થાય છે.
(૩) દસ્ત (મળ)	રંગીન રક્તમિશ્રિત, દુર્ગંધયુક્ત, પેટમાં ચુંક તથા દસ્ત આવતા કરાંઝવું પડે છે. દસ્ત પાછળથી ચોખાના ધોણ જેવો આવે છે.	પ્રવાહી, સફેદ, સતત ચાલુ રીતે અને બેડાળુ દસ્ત આવ્યાજ કરે છે. તથા ચોખાના ધોણ જેવો પહેલેથી હોય છે.
(૪) અવાજ	અવાજ ઉપર કાંઈ અસર નથી હોતી.	સીસોટી જેવો અવાજ
(૫) આંખનું શ્વેતપટલ	સુજેલું.	નહિ સુજેલું
(૬) શવચ્છેદઃ શિરા શોથ	નથી.	મોટાભાગે હોય છે
(૭) રક્ત	જાડુ અને કલોટ્સવાળું હોય છે	પ્રવાહી હોય છે

કોલેરા મોરબસ—ઉનાળામાંજ ખાસ કરીને થાય છે. ખોરાક ખાવાના કારણે થાય છે. પરંતુ તે ખોરાક જેટલાએ ખાધો હોય તે દરેકને થતું નથી. ગળાના કોઈ ચિહ્નો હોતા નથી. યુવાન અથવા વૃદ્ધમાં મૃત્યુ નીપજાવે. વ્યાધિ શરૂ થયા પછી ત્રણ ચાર દિવસે મૃત્યુ થાય છે.

ઉદર પટલ શોથ (*Peritonitis*)—ઉદરશૂળ, આમાશયસ્થ નથી હોતું. પરંતુ આખા ઉદરમાં ગમે તે જગ્યાએ હોય છે વિબંધ એ એનું મુખ્ય લક્ષણ છે ગળાના લક્ષણો નથી હોતા અને આધ્માન હોય છે.

ચિકિત્સા:—ચિકિત્સકે યાદ રાખવું જોઈએ કે સોમલનું બારીક ચૂર્ણ જો ખાલી પેટે લેવામાં આવ્યું હોય તો આમાશયની શ્લેષ્મકળામાં તે ચોંટી જાય છે અને સખત સોજો લાવી તેમાં ચીકણો શ્લેષ્મ ઉત્પન્ન કરે છે. જે શ્લેષ્મ આમાશયની દીવાલ સાથે ચોંટી જાય છે જેથી વાન્તિકર તથા પ્રતિવિષ ઔષધોનો પ્રભાવ થઈ શકતો નથી.

પ્રથમ જેમ બને તેમ આમાશયમાંથી વિષ જલદી બહાર કાઢવું જોઈએ. જો આમાશય ભરેલ હોય અર્થાત વિષ લેવાયા પહેલાં કાંઈક ખોરક લેવાયેલ હોય તો વમન કરાવી આમાશય ખાલી કરવું. પરંતુ વમન કરાવવામાં ટારટર એમેટીક કે તુત્થ ન આપવું. જો દર્દીની સ્થિતિ કે સમય વમન કરાવવા જેવા ન હોય તો સ્ટમક ટ્યુબથી આમાશય ધોવું. આમાશય ક્ષારીય ઘોલથી (પ્રવાહી) ધોવું. ધોવા માટે દૂધ અને પાણી વધારે પ્રમાણમાં વાપરવું. આમાશય ધોવાઈ ગયા બાદ તુરતજ તેમા હાઈડ્રેટેડ ફેરીક ઓક્સાઈડનું પ્રવાહી ટયુબ વાટે આમાશયમાં નાંખવું જેથી સોમલ, ફેરીક આરસેનેટમાં ફેરવાઈ જાય જે અહાનિકર્તા અને ન ઓગળે તેવો ક્ષાર છે. એમોનિયાનું પાણી અથવા પોટાસિયમ કાર્બોનેટનું ઘોલ, ટીંચર ફેરીક કલોરાઈડમા મેળવીને હાઈડ્રેટેડ ફેરીક ઓક્સાઈડ બનાવાય છે. આ મિશ્રણને ઝીણા મલમલના ટુકડાથી ગાળીને લગભગ અડધો, અડધો તોલો પાંચ દશ મિનિટે લક્ષણો અદશ્ય થાય ત્યાં સુધી આપવું. ચીકાશદાર (*Demulcents*), સ્નેહન દ્રવ્યો જેવા કે ઘી, દૂધ, આલ્બ્યુમીન, જવનું પાણી વગેરે

આપવાં. શૂળ તરસ માટે બરફ ચુસાડવો. એરંડતેલ આપી પેટ સાફ કરવું. વેદના શામક તરીકે મોરફિયા ત્વચા સૂચિવેધ માર્ગે યોગ્ય માત્રામાં આપવું. કળતર માટે માલીસ કરવું અને ગરમ પાણીના બાટલાથી શેક કરવો અને કૉલેપ્સની સ્થિતિ જીતવી. હૃદયોત્તેજક તરીકે સ્ટ્રીકનીન ત્વચા સૂચિવેધ માર્ગે (મુખ અથવા ગુદ દ્વારા ન આપવું) અથવા બીજા તેવા દ્રવ્યો આપવા. મેગનેશિયા, કોલસાનું ચૂર્ણ (એનીમલ ચારકોલ), ઓલીવ ઓઇલ, ચુનાનું પાણી આપી શકાય. વમન માટે એપોમોરફીન સૂચિવેધથી આપી શકાય. મૂત્રાઘાત માટે કપીંગ *Cupping* કરવું. પોષણ માટે એરંડતેલ સાથે દૂધ આપવું.

આયુર્વેદિક ચિકિત્સા :–

(૧) એક અથવા બે તોલા રાઇનું ચૂર્ણ અને થોડું મીઠું પા શેર ગરમ પાણીમાં મેળવી પાવું જેથી ઊલટી થશે. (૨) જો વિષ લીધા વધારે સમય થયો હોય તો એરંડતેલ તોલા પાંચ પાવું. (૩) ઉનું ઘી પાવું જેથી ઊલટી થશે. તેમજ ઝેરનો કોઇ પણ ભાગ તે ઘીની અંદર વીંટાઇને નીકળી આવશે. (૪) ચુનાનું પાણી તેમજ ઈંડાનો સફેદ રસ પાવો. (આર્ય ઔષધ) (૫) ઓથમીજીરૂ (ઈસબગુલ) પાણીમાં વાટી ગાળી લઈ તેમાં મુગલાઇ બે દાણા, દહીં અને ગુલાબજળ મિશ્ર કરી પાવું. (૬) સરગવાની છાલનો રસ ચાર પૈસાભાર અને દૂધ અર્ધો શેર મેળવીને પાવાં. (૭) દાહ માટે તાંદળજાનો રસ સાકર નાખીને પાવો. તેમજ કડવા લીંબડાનો રસ પાવો. (૮) નવટાંક માંખણમાં કાળા મરીનું ચૂર્ણ ૭ માસા નાંખીને આપવું. (૯) ઉંબરાના પાંદડાનો રસ અથવા છાલનો રસ અર્ધો શેર સુધી આપવો. પ્રાણી વિષમાં એજ ઔષધ મોટી માત્રામાં આપવું. (૧૦) કેળાના રોપાનો રસ પાવો. (૧૧) ખરજવાળી કોંચની છાલ અને ધોળો કાથો એકત્ર કરી પાણીમાં થોડું થોડું પાવું. (૧૨) દાહ માટે કાથાનું પાણી કરી વારંવાર પાતા જવું. (૧૩) એક થી બે તોલા રાઇની ભુકી થોડું મીઠું પા શેર પાણીમાં નાંખી પાવું. થોડી થોડી વારે કોકરવરણું પાણી પાવું. દાહ ઓછો કરવા માટે દૂધ, દહીં, લીંબુ અથવા નારંગીના શરબતમાં બરફ નાંખીને આપવો. સાબુચોખાની કાંજી આપવી. ગુંદરનું પાણી આપવું અને થોડીવારે વમન કરાવીને બહાર કાઢી નાંખવું. (આર્ય ભિષક્) (૧૪) વિરેચન માટે નેપાળાની બનાવટ આપવી. (૧૫) કારેલીના પંચાંગનો રસ પાવાથી સોમલ વિષ વમન તથા અતિસાર મારફત તે બહાર નીકળી જાય છે. (વિષ ચિકિત્સા) (૧૬) સોમલ જેટલું લેવાયું હોય તેથી બમણી અથવા એક તોલો ફટકડી પાણીમાં ઓગાળીને આપવી. (૧૭) એરંડાના કુણાપાન બે રૂપિયાભાર, પાણીમાં વાટી તે કલ્ક પા શેર પાણીમાં મેળવી પાવું. (૧૮) દર્દીને કપૂર ચાર માસા ખવરાવી, ગાયના એંશી તોલા દૂધમાં વીસ તોલા ઘી મેળવી કપૂર ઉપર ચાટવું. (૧૯) લીંબડાની લીંબોળીઓ તોલો એક. સિંધાલુણ તોલો અડધો, કાળામરી તોલો અડધો, આ ત્રણેને વાટી ઘી તથા મધ સાથે મેળવીને ચટાડવું. (ઘી તથા મધ સમાન ન લેવું). (૨૦) મીંઢળ તોલો અડધો કોકરવરણા પાણી સાથે પાવાથી વમન થઈ વિષ બહાર નીકળી જાય છે. (૨૧) બાવળના કોલસાનું વસ્ત્રગાળ ચૂર્ણ પાણી સાથે પાવું. (૨૨) ચુનાનું આધરેલ પાણી તલના તેલમાં પાવું. (૨૩) અરીઠામાંથી ઠળિયા કાઢી નાખી, છાલનું વસ્ત્રગાળ ચૂર્ણ તોધો અડધો પાણી સાથે પાવું. (૨૪) ચોખા તોલા બે લઈ થોડા પાણીમાં થોડીવાર પલાળી રાખી તેજ પાણીમાં વાટી પાવું. (૨૫) સિંધાલુણ વાટીને ઘી મિશ્રિત કરીને પાવું. (૨૬) કાળાંમરી અને અંજીરનો ઉકાળો કરીને પાવો.

(ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો નામના પુસ્તકમાંથી)

હરતાલ તથા મનશીલના વિષની ચિકિત્સા :-

હરતાલ અને મનશીલ સોમલની બનાવટો છે તેથી તેમાં સોમલની ચિકિત્સા કરવી.

મનશીલમાં ઝાડો બંધ, ખુબ પેશાબ આવવો, પેશાબમાં રેતી જેવી કણીઓ નીકળે છે અને પેટમાં કૃમિ થાય છે.

(૧) જીરૂ અને સાકર સાત દિવસ ખાવા આપવાં. (૨) ભુરા કોળાનો રસ ચાર દિવસ સવાર સાંજ આપવો. (૩) ધમાસો, રાજહંસ, પીળી જુઈ, કરિયાતું એમાંથી ગમે તે એકનો ક્વાથ સાત દિવસ સુધી દર વખતે તોલા દશ પાવો. (૪) સર્પાક્ષીનો (નોળવેલ) રસ સાકરમાં આપવો. (૫) ધોળી ગરણીના પાંદડાનો રસ પીવા આપવો. (૬) અળસીના બીજ અને મરવાંનાં બીજને ઉકાળી મધ નાખી પાવાં એટલે વમન થશે. વમન થયા પછી દૂધ અને મુગલાઇ બે દાણાનો લુઆબ ખાવા આપવો. (૭) દૂધ તોલા પાંચ, ઘી તોલા પાંચ અને તેટલીજ સાકર નાખીને પાવું. (૮) વમન કરાવી પછી દૂધ તોલા દશમાં દ્રાક્ષ તોલો એક નાખી પાવું. (૯) કાળામરીનું ચૂર્ણ પાણીમાં મેળવી ખૂબ હલાવીને શરીરે ચોળવું. (૧૦) રાજહંસના પાનનો રસ પાવો. (આર્ય ભિષક્) (૧૧) ગાયનું દૂધ તોલા વીસ, મધ તોલો એક મેળવી સવાર સાંજ બાર દિવસ સુધી પાવું. એથી મનશીલનું વિષ ઉતરી જાય છે. (જીર્ણ વિષ). (૧૨) મુળાના પાનનો રસ પાવો તથા ચોપડવો. ગાયના દૂધના દહીંમાંથી કાઢેલું માખણ ખવરાવવું. હરતાલના વિષથી પીડાતા રોગીને દોઢ માસ સુધી ઘઉની રોટલી ઘી સાથે આપવી. આ ત્રણે ઉપચાર હરતાલ વિષના છે. (ઝેર ઉતારવાના તાત્કાલીક ઉપાયો નામના પુસ્તકમાંથી)

શવચ્છેદ દૃશ્ય :–શવચ્છેદ મૃત્યુ પછી તુરતજ કરવું જોઇએ.

બાહ્ય દૃશ્ય–અંગ વિક્ષેપ (રાઇગર મોર્ટીસ) સામાન્ય કરતાં વધારે સમય સુધી લંબાય છે. શરીર ક્ષીણ પડી ગયેલ હોય છે. તથા આંખો ઉંડી ઉતરી ગયેલી હોય છે. હાથ પગની બાહ્ય ત્વચા નીલા રંગની થઈ ગયેલી હોય છે પરંતુ વિસૂચિકામાં થઇ જાય છે તેટલી નહિ.

અન્તઃ દૃશ્ય–મોઢું, ગળું તથા અન્ન નલિકાની શ્લેષ્મકળા ઉપર સામાન્યતઃ કાંઇ અસર નથી હોતી પરંતુ કોઇ કોઈ વખતે શોથ અથવા ચાંદા જોવામાં આવે છે. મુખ માર્ગે અથવા બીજા માર્ગે સોમલ આપવામાં આવેલ હોય તો પણ આમાશય એ એક મુખ્ય અવયવ છે કે જેના ઉપર વિષના ચિહ્નો જોવામાં આવે છે જો કે એ વિષની માત્રા તથા વિષ લેવાયાના સમય ઉપર આધાર રાખે છે. આમાશયમા સોમલની કણિયો, આતુરે અગાઉ ખાધેલ અન્નની સાથે મિશ્રણ થયેલ જોવામાં આવે છે. અથવા શ્યામ–ભુરૂ (ડાર્ક બ્રાઉન) ગંધ રહિત જાડુ પ્રવાહી, સોમલની કણિયો તથા શ્લેષ્મયુક્ત જોવામાં આવે છે. આમાશયની અંદરની દીવાલ શોથયુક્ત, નરમ, રક્તના ધાબાવાળી હોય છે. અને સોમલની કણિયો શ્લેષ્મયુક્ત દીવાલ ઉપર જોવામાં આવે છે. આમાશયની ઝીણી કેશવાહિનીઓમાંથી રક્તસ્રાવ થયેલ હોય છે. આમાશયના મોટા વળાંક ઉપર, પાછળના ભાગે તથા હૃદય તરફના છેડા તરફ વધારે પડતો શોથ હોય છે.

નાના આંતરડામાં મળ થોડો અને શ્લેષ્મ વધારે હોય છે ગ્રહણી અને જેજ્યુનમમાં સામાન્ય રક્તશ્રાવ તથા શોથ હોય છે. પરંતુ આમાશય કરતાં ઓછો. મોટા આંતરડા ખાલી તથા સંકુચિત હોય છે. ખાસ કરીને ગુદ શોથયુક્ત હોય છે.

કોઇ વખત આમાશય તથા આંત્રમાં શોથના કોઇ ચિન્હો જોવામાં આવતા નથી. મસ્તિષ્ક, યકૃત, પ્લીહા, વૃક્ક,રક્તાહયુક્ત હોય છે. શ્વાસોચ્છવાસ અવયવોની કલા લાલ, ફુફ્ફુસ શુષ્ક અને શોથયુક્ત હોય છે. હૃદયના બન્ને ભાગમાં જામી ગયેલું લોહી હોય છે.

જીર્ણ વિષ :—જે કારખાનાઓ વગેરેમાં એક યા બીજા સ્વરૂપમાં સોમલનો ઉપયોગ થતો હોય છે અથવા જે મકાનોમાં દીવાલો અથવા છતો ઉપર સોમલ મિશ્રિત રંગો, કાગળો વગેરે ચોડેલા હોય છે તેના સંસર્ગમાં આવનાર મનુષ્યોને જીર્ણ વિષનો પ્રભાવ ખાસ કરીને થાય છે અથવા સોમલનો ઔષધ તરીકે લાંબા સમય સુધી અથવા મોટી માત્રામાં ઉપયોગ કરવામાં આવે છે ત્યારે પણ જીર્ણ વિષ પ્રભાવ થાય છે.

વિષ લક્ષણો :—જીર્ણ વિષમાં ચાર વેગો હોય છે:—

૧ લો વેગ—પાચનક્રિયાના લક્ષણો થાય છે. જેવા કે મંદાગ્નિ, લાલાસ્રાવ, ચુંક, વિબંધ અને કોઇ વખતે ઝાડા તથા પિત્ત અને શ્લેષ્મ મિશ્રિત ઊલટી, દાંતના પેઢા લાલ તથા નરમ અને જીભ ઉપર સફેદ છારી થાય છે. જ્વર ૧૦૨ થી ૧૦૩ અંશ સુધી આવે છે.

૨ જો વેગ—ગળામાં શુષ્કતા અને ચળ આવવી, ત્વચા ઉપર ફોડકીઓ થવી, સ્વરભંગ, આંખોનું ચોંટી જવું અને લાલાશ, નાકમાંથી સ્રાવ અને રકતમિશ્રિત કફનું નીકળવું.

ખાસ કરીને બગલ, સાથળના મૂળ. વૃષણ ઉપર શીળસ જેવાં ઢામઠાં તથા બીજા એવી જાતના ફોડકાઓ થાય છે. નખ બટકણા અને ઢીલા પડી જાય છે. વાળ શુષ્ક બની જાય છે.

૩ જો વેગ—એક થી ચાર અઠવાડિયા સુધીમાં શિરઃશૂળ થાય છે. પછી ખાલી ચડવી, ઝણઝણાટી થવી વગેરે થાય છે. પરસેવો ખૂબ આવે છે. માંસપેશીઓમાં કઠોરતા, ની જર્ક (*Knee Jerk*) થતો નથી. જાતિય શકિત જતી રહે છે. (*Loss of Sexual Power*).

૪ થો વેગ—આ વેગ પક્ષાઘાતનો છે. સ્નાયુઓ નબળા પડે છે. જેથી ચાલતા જલદી થાકી જવાય છે. તથા લડથડિયા આવે છે હાથપગનો ઉપયોગ ન કરી શકવાના કારણે પથારીવશ બની જવાય છે. કંપ, કૃશતા, મૂત્રાઘાત, ભ્રમ અને હૃદયના સ્નાયુઓનું કામ કરતાં બંધ પડી જવાથી મૃત્યુ થાય છે.

ચિકિત્સા :—વિષ સંસર્ગથી દર્દીને દૂર કરવો એટલે કે જે કારખાના વગેરેમાં કામ કરતો હોય જ્યાં સોમલનો ઉપયોગ થતો હોય ત્યાંથી આતુરને દુર કરવો અને લાક્ષણિક ચિકિત્સા કરવી.

ન્યાય સંબંધિ વિચાર :—(૧) અસ્વાદુ, થોડી માત્રામાં ઘાતક, વિસૂચિકાને મળતાં લક્ષણો થાય છે તથા એનો રંગ દૂધ, મીઠાઈ, લોટ વગેરેમાં મળી જાય છે તેમજ બજારમાં સહેલાઇથી મળી શકે છે માટે પર હત્યા કરવામાં વધારે વપરાય છે. ગર્ભપાત કરવા માટે પણ વપરાય છે. લડાઇ અને તે સિવાયના પ્રસંગોએ પણ કુવા વગેરેમાં નાંખી પાણી વિષ સંસૃષ્ટ કરવામાં આવે છે.

પેટમાં ઓગળતી વખતે દુઃખાવો થાય છે તે કારણે આત્મહત્યામાં ઓછું વપરાય છે.

પીણાઓ, ખોરાક અથવા ઔષધ પ્રયોગોમાં ભુલ થવાના કારણે આકસ્મિક પ્રસંગો બની જાય છે.

(૨) વિષ આપવા, લેવાની પદ્ધતિ—(*mode of introduction*)—પર હત્યા માટે ખોરાકમાં જેવાં કે મીઠાઇ, રોટલો, દાળ, ભાત અથવા દૂધ, ચા, કોરી વગેરેમાં મેળવી કોઈ વખત પાનમાં પણ આપવામાં આવે છે.

આત્મહત્યા અથવા ગર્ભપાત કરવા માટે સ્ત્રીઓ યોનિ માર્ગે ઉપયોગ કરે છે.

ચાંદા, ગુમડા વગેરે ઉપર લગાડવાથી પણ વિષ પ્રભાવ થાય છે.

(૩) સહિષ્ણુતા (*Tolarance*)—અફીણની માફક સોમલ ખાનારાઓ હોય છે. તેઓ ચાર ગ્રેઈન (લગભગ બે રતી) સુધી જીરવી શકે છે. વાજીકરણ તરીકે કેટલાક મનુષ્યો નિયમિત વાપરે છે. માણસને મારી નાખવા માટે કોઈ વખત બહુ થોડી માત્રામાં રોજ નિયમિત આપે છે. પરંતુ તે મરવાને બદલે તેનું શરીર સુધરે તથા મજબુત બને છે.

(૪) સોમલનું ઓગળવું અથવા દ્રાવણતા (*Solubility of Arsenic*)—પ્રવાહીમાં ઓગાળીને લેવામાં આવે તો તુરત જ લોહીમાં મળી જાય છે. પરંતુ સ્થૂલ અથવા ઘન રૂપમાં લેવામાં આવે તો ઘણી વખત વિષ લક્ષણો ઉત્પન્ન કર્યા વગર ઝાડા મારફતે બહાર નીકળી જાય છે.

(૫) નિકાસ (*Elimination*)—વૈદ્યકીય માત્રામાં લેવામાં આવે તો તેનો શરીરમાં સંચય થતો નથી અને તેથી વિષ લક્ષણો ઉત્પન્ન થતાં નથી.

મૂત્ર, મળ, ત્વચા, કેશ, નખ, સ્વેદ, થુંક, પિત્ત અને દૂધ (ધાવણ) મારફતે બહાર નીકળી જાય છે. સોમલ લીધા પછી લગભગ બે થી આઠ કલાકની અંદર મળ તથા મૂત્રમાં મળી આવે છે. આ માર્ગે નિકાસની શરૂઆત થતાં બે થી ત્રણ અઠવાડિયા સુધી એ રસ્તે નીકળતું મળી આવે છે ત્યાર બાદ બંધ થાય છે.

શ્લેષ્મ ત્વચા મારફતે આમાશય તથા આંતરડામાં બહાર નીકળે છે. જો કે ત્વચા મારફતે અપાયું હોય તો પણ આમાશય તથા આંતરડામાં બહાર નીકળે છે તેથી જો આમાશય કે આંતરડામાં મળી આવે તો મુખ વાટે વિષ અપાયેલ છે તેમ ચોક્કસ કહી ન શકાય, તેમજ શ્વાસ માર્ગે, મૂત્ર, યકૃત, ત્વચામાં પણ વિષ હોય છે.

(૬) સોમલનો સંગ્રહ (*Deposit of Arsenic*)—સોમલ વિષ પચી ગયા પછી વૃક્ક તથા પ્લીહા કરતાં યકૃતમાં વધારે પડતું સંગ્રહાયેલ મળી આવે છે. અને જીર્ણ વિષમાં મસ્તિષ્ક, સુષુમ્ણા અને સ્નાયુઓમાં મળી આવે છે.

(૭) રક્ષણાત્મક શક્તિ (*Power of Preservation*)—મૃત્યુ પછી શબના સડવાથી સોમલ શબમાંથી નાશ પામતું નથી. પરંતુ અમુક અંશે સડો થતો અટકાવે છે ખાસ કરીને લાંબા સમય સુધી જો સોમલ અપાયું હોય તો.

(૮) સોમલનું શવચ્છેદ નિરીક્ષણ (*Post mortem sumbibition of Arsenic*)—કોઈ સમયે બચાવ પક્ષ તરફથી દલીલ કરવામા આવે છે કે મૃત્યુ પછી સોમલ આમાશયમાં નાંખવામાં આવેલ છે. આવી હકીકત બનવી સંભવિત છે. પરંતુ શરીરની દ્રષ્ટિએ વિચાર કરતાં એ ખોટું છે. જમણી તરફના અવયવો કરતાં ડાબી તરફના અવયવો ઉપર વહેલી અસર થાય છે. મૃત્યુ પછી દાખલ કરવામાં આવ્યું હોય તો શોથ અને ચાંદા વગેરે નહિ હોય.

બીજો એક પ્રશ્ન એ રહે છે કે જે જમીનમા શબ દાટવામાં આવ્યુ હોય તે જમીનમાંથી સોમલે શબમાં પ્રવેશ કર્યો નથીને? આ માટે યાદ રાખવું જોઈએ કે જમીનમાંથી મળતો સોમલ અદ્રાવ્ય (*Insoluble*) હોય છે કારણ કે તે ચુનો અથવા લોહ મિશ્રિત હોય છે. જેથી ફરી અદ્રાવ્ય ક્ષાર જમીનમાંથી શરીરમા પ્રવેશ કરી શકે નહિ અને ખાસ કરીને જો શબ કફન સાથે દાટવામાં આવ્યું હોય તો. તે શંકા દુર કરવા માટે જે જગ્યાએ શબ દાટવામાં આવ્યું હોય ત્યાંની અથવા શબ ઉપરની ધુળ રાસાયણિક પરીક્ષા માટે સંગ્રહવી જોઈએ.

આયુર્વેદકે પાઠ્યક્રમકી એક રૂપરેખા

શ્રી ક. અત્રિદેવ ગુપ્ત સુપ્રી. આયુર્વેદ ફાર્મસી, બનારસ.

મહર્ષિ અત્રિપુત્રકા કહના હૈ કિ અપને શત્રુકા ભી મંગલમય, યશસ્વી વચન સુનના ચાહિયે, ઔર કરના ભી ચાહિયે. મૈં તો આપકી જમાતકા હી આદમી હૂં, ભલે મેરી પૂજામેં આપસે કુછ ભિન્નતા હો, જિસ પ્રકાર કિ બિંધ્યાચલકા એક અનપઢ ભીલ જંગલમેં બની શિવકી મૂર્તિપર અપની શ્રદ્ધા ઔર ભક્તિસે માંસ ઔર રકતકા નૈવેદ્ય ચઢાકર અપના સન્તોષ કરતા થા ઔર અન્તર્યામી ભગવાનને ઉસકી સચ્ચી ભક્તિકો પૂજા કરનેવાલે બ્રાહ્મણકી સેવાસે અધિક પસન્દ કિયા, કયોંકિ ઉસમેં ભક્તિ-શ્રદ્ધા સચ્ચી થી, ભલે હી ઉસકી પૂજાકા ઢંગ અશુદ્ધ રહા. ગીતામેં ભી તો પઢતા હૂં કિ મૈં વેદ પઢનેસે, તપસે, દાનસે પ્રાપ્ત નહીં હોતા, અપિતુ ભક્તિ ઔર અનન્ય શ્રદ્ધાસે હી પ્રાપ્ત હોતા હૂં. ઉસી શ્રદ્ધા યા ભક્તિકા હી યહ પરિણામ હૈ કિ કલ હી મૈંને અપના પચીસવાં પ્રસૂત 'સંસ્કૃત કાવ્યોંમેં આયુર્વેદ'-ઇસ અનાદિ-શાશ્વત-જન-કલ્યાણી વિજ્ઞાન આયુર્વેદકે ચરણોંમેં રખા હૈ. ઉસી શ્રદ્ધા ઔર ભક્તિકે કારણ હી અપની સૂઝ ઇસ સમ્બન્ધમેં રખ રહા હૂં, ભલે હી અનપઢ ભીલકી તરહ મેરી સેવામેં ત્રુટિ હો, પરન્તુ ભક્તિ યા શ્રદ્ધામેં કમી નહીં, ઇસકા મૈં આપકો વિશ્વાસ દિલાતા હૂં.

મેરી દૃષ્ટિમેં આયુર્વેદકા પાઠ્યક્રમ ચાર સાલસે અધિક નહીં રખના ચાહિયે. પાશ્ચાત્ય ચિકિત્સાકા જ્ઞાન ઔર પ્રાચીન આયુર્વેદકા જ્ઞાન સમ્મિલિત રૂપમેં હી હોના ચાહિયે. ઇસ જ્ઞાનકો સિખાનેકા માધ્યમ હિંદી ભાષા હોની ચાહિયે, પાશ્ચાત્ય ચિકિત્સાકે પરિભાષિક શબ્દ અંગ્રેજી મેં દેવનાગરી લિપિમેં બરતે જાયે. હિંદી માધ્યમ રહનેસે શિક્ષાક્રમ નિશ્ચિત રૂપસે ચાર સાલમેં સુગમતા સે હો સકતા હૈ.

પ્રવેશ યોગ્યતા-ઇસ શિક્ષાક્રમ કે લિએ વિદ્યાર્થીકી યોગ્યતા નિમ્નલિખિત પુસ્તકોંકે આધારપર હોની ચાહિયે-

૧ સંસ્કૃતમે-જીવાનન્દમ્ નાટક શ્રી અનન્દ રાય મખિ પ્રણીત.

૨ દર્શનમેં-ન્યાય મુક્તાવલી યા તત્સમ કોઇ પુસ્તક.

૩ અંગ્રેજીમેં-મૈટ્રિકકી.

૪ સાંઇંસમેં-મૈટ્રિકતક.

જન્તુ વિજ્ઞાન ઔર વનસ્પતિશાસ્ત્ર મેરી દૃષ્ટિમેં વ્યર્થ હી નહીં, બોઝ રૂપ રહતે હૈં.

પ્રથમ વર્ષમેં-શરીર-રચના, શરીર ક્રિયા, રસશાસ્ત્ર, (પરિભાષાકે સાથ), દ્રવ્યગુણ સંગ્રહ, શ્રી શિવદાસ સેનકા, જિસકે ૨૫ પૃષ્ઠ મય ટીકાકે પઢાયે જાયં. પુસ્તકોંમેં-

શરીર-રચનાકે લિયે-હમારે શરીરકી રચનાકા નયા સંસ્કરણ યા ફિર પૌટરકી એનૈટોમીકે સમાન કોઈ દૂસરી પુસ્તક અથવા મુસ્તફીકી એનૌટોમીમેંસે મુખ્ય વસ્તુએં.

શરીર-ક્રિયાકે લિએ-આયુર્વેદીય ક્રિયા-શારીર વૈદ્ય રણજીતરાયકા તથા એશબીકી ફિજિયાલાજી યા તત્સમ.

રસશાસ્ત્રકે લિએ-રસેન્દ્રસાર સંગ્રહમેંસે જારણ-મારણ તથા પરિભાષાકે લિએ શ્રી યાદવજી ત્રિકમજી આચાર્યકા પરિભાષા ખણ્ડ યા ફિર રસામૃત યા ભારતીય રસપદ્ધતિ.

દ્રવ્યગુણ સંગ્રહ-શિવદાસ સેનજીકા મય-ટીકાકે ૨૫ પૃષ્ઠતક.

દ્વિતીય વર્ષ-નિદાન, નિઘણ્ટુ, મૈટરિયા મૈડિકા, સ્વાસ્થ્ય-વિજ્ઞાન (સ્વસ્થ વૃત), જીવાણુ વિજ્ઞાન-

નિદાન-માધવ નિદાન.

નિઘણ્ટુ-દ્રવ્યગુણ વિજ્ઞાન-શ્રી યાદવજી મહારાજકા-ઇસ સંબંધમેં ઇતના નિવેદન કરના અનુપયુક્ત ન હોગા કિ હમેં વિદ્યાર્થિયોંકો નિર્ણીત ઔષધિયાં હી પઢાની ચાહિયે, સન્દિગ્ધ યા અનિર્ણીત ઔષધિયાં પઢાનેસે ક્યા લાભ? તમાલપત્ર જૈસી વસ્તુકા આજ નિર્ણય નહીં, જબ કિ કાલિદાસ ઇસે જાનતે થે.

આજ ઉસ તમાલપત્રકો ન જાન કર તમાખૂકા પત્તા અર્થ કરેં, ઇસિસે અચ્છા ઉસે ન પઢાયેં તો કયા હાનિ! ઐસી એક નહીં દો નહીં, તીન નહીં, સૈકડોં વનસ્પતિયાં હૈં, જિનકા નિરર્થક બોઝ વિદ્યાર્થિયોંકે કંધેપર હમ લાદતે હૈં. યહી બાત રસશાસ્ત્રમેં હૈ, વે યંત્ર જો કભી નહીં બરતે જાતે, જિનકો શાયદ દેખા ભી નહીં. ઉસકો હમ વિદ્યાર્થિકે સિરપર પ્રાચીનતાકે નામ સે પઢાતે હૈ. પ્રાચીન મૂષાસે .બહુત બઢિયા કુઠાલી, ક્રુસીપલ આજ સુલભ હૈં જો કિ ઊંચીસે ઊંચી આંચકો સહતે હૈં, ઉનકો ન બતા કર પ્રાચીનતાકે નામસે સન ઔર બિમ્બી કી મૂષા પઢાકર સમય નષ્ટ કરતે હૈં, સાથ હી ડાલડાપર જીવન વ્યતીત કરનેવાલે છાત્રકે સિરપર પ્રાચીનતાકા બોઝ લાદ રહે હૈં. ઇસલિયે શ્રી યાદવ મહારાજકા દ્રવ્યગુણ વિજ્ઞાન પર્યાપ્ત હૈ.

મેટેરિયા મેડિકા—ઘોષકી મેટેરિયા, ઇસમેં મુખ્ય-મુખ્ય ઔષધિયાં, નાન આફિસિયલ યોગાં કો છોડકર.

રસેન્દ્રસાર સંગ્રહ ઉત્તરાર્ધ, રોગોંમેં બરતે જાનેવાલે મુખ્ય યોગ.

સ્વાસ્થ્ય વિજ્ઞાનમેં—શ્રી ડાકટર મુકુન્દસ્વરૂપકા સ્વાસ્થ્ય વિજ્ઞાન.

જીવાણુ વિજ્ઞાનમેં મુખ્ય-મુખ્ય જીવાણુ, ઉનકે કલચર કરનેકી, રંગનેકી વિધિ, ઇમ્યુનિટિ તથા અન્ય આવશ્યક વ્યાખ્યાન, મૂત્ર, મલ, થૂક, પરીક્ષા ક્રિયાત્મક રૂપમેં.

તૃતીય વર્ષમેં પ્રસૂતિ તન્ત્ર, શલ્યશાસ્ત્ર, ચિકિત્સા, આંખ-કાન-નાકકે રોગ, ન્યાયવૈદ્યક, ઇનમેં પરીક્ષા પ્રસૂતિ તન્ત્ર, ન્યાયવૈદ્યક વિષતંત્ર, આખ-કાન-નાક રોગોંકે હી વિષય રહેં.

પ્રસૂતિ તંત્રકે લિયે શ્રી રામનાથ દ્વિવેદીકા પ્રસૂતિશાસ્ત્ર યા ડાકટર ચમનલાલ મહેતાકા પ્રસૂતિશાસ્ત્ર યા કોઇ દૂસરી પુસ્તક ચુન લેની ચાહિયે.

ન્યાયવૈદ્યકકે લિયે-સિન્ધ આયુર્વેદિક ફાર્મેસી સે પ્રકાશિત ઇસી નામકી પુસ્તક, વિષતંત્ર આધુનિક ઢંગસે પઢાયા જાય.

આંખ-નાક-કાનકે લિએ કોઇ પુસ્તક ચુની જાય, આંખકે લિએ—મે એણ્ડ વર્થકી પુસ્તકમેંસે મુખ્ય-મુખ્ય રોગ પઢાયે જાયં.

ઇસી વર્ષ અષ્ટાંગ સંગ્રહકે સૂત્ર, નિદાન, શારીર સ્થાન સમ્પૂર્ણ કરાદેને ચાહિયે.

શલ્યતંત્રકે લિયે—માઇનર સર્જરી એણ્ડ વૈડજિંગ યા શ્રી મુકુંદસ્વરૂપકા સંક્ષિપ્ત શલ્ય વિજ્ઞાન યા શલ્યતંત્ર (નયા સંસ્કરણ) લેં.

ચિકિત્સામેં—ઔપસર્ગિક રોગ, ક્લિનિકલ મૈડિસિન, ચક્રદત્તકે આધારપર.

જરૂરી બાત—તૃતીય ચતુર્થ વર્ષ મેં ક્રિયાત્મક ચિકિત્સાપર વિશેષ જોર દિયા જાય, ક્લિનિકલ મૈથેડકા ક્રિયાત્મક જ્ઞાન રોગ પરીક્ષા પુસ્તકસે સમ્પૂર્ણ રૂપમેં કરવા દે.

ચતુર્થ વર્ષમેં—શલ્ય ચિકિત્સા, કાય ચિકિત્સા, અષ્ટાંગ સંગ્રહકા શેષ ભાગ ઔર ક્રિયાત્મક જ્ઞાન.

કાય ચિકિત્સા ક્લિનિકલ મૈડિસિનકે ઢંગ પર પઢાની ચાહિયે, જિસસે કિ એક વ્યક્તિ દોનોં પદ્ધતિયોંકા સમન્વય કર લે

મેરી યહ નિશ્ચિત માન્યતા હૈ આજકલકે વિજ્ઞાનકી ઇસ યુગ મેં ઉપેક્ષા નહીં કી જા સકતી, યદિ ઉપેક્ષા કી. જાતી હૈ તો કાલિદાસકા યહ વચન સિરપર રહતા હૈ.

પુરાના સબ અચ્છા હી હૈ, ઐસી બાત નહીં, નયા સબ નિન્દનીય હૈ, ઐસી ભી બાત નહીં, ઇસલિએ બુદ્ધિમાનકો ચાહિયે કિ પરીક્ષા કરકે ગ્રહણ કરે. લોકમેં દેખતે હૈં, કિ આયુર્વેદસે ભી રોગ અચ્છે હોતે હૈં ઔર પાશ્ચાત્ય ચિકિત્સાસે ભી સૈકડોં બચતે હૈં. ફિર ઉસકી ઉપેક્ષા કૈસે કી જા સકતી હૈ ? પેનિસિલીનકો ઢૂંઢનેવાલેને કિતને વર્ષો તક નિરન્તર અપની પ્રયોગશાલામેં તપ કિયા હોગા, ઉસ ઋષિકે જ્ઞાનકા હમ ઉપયોગ

ન કરેં તો હમસે મૂર્ખ ઔર કૌન હોગા? ઐસી અવસ્થામેં ઉનકા પ્રયોગ જાનના ચાહિયે, ઔર જાનના હોગા.

ઔર જો આદમી ઇનકો બિના જાને ઈનકા ઉપયોગ કરતા હૈ, વહ ઇસકે આવિષ્કારક શ્રી અલેકજેંડર ફલેમિંગકે સાથ અન્યાય કરતા હૈ. અભી વે ભારતમેં આયે થે, ઉનકા કહના હૈ કિ ઈન દવાઇયોંકા જિતના દુરૂપયોગ ઈસ દેશમેં હો રહા હૈ, ઉતના કહીં ઔર નહીં. ઈનકે કારણ ત્વચાકે રોગ, શરીર સંતાપકી વિકૃતિ, મુખવિકાર, શ્વાસતંત્રકે રોગ, પાચન સંબન્ધી બીમારિયાં, મૂત્રપિંડ સંબન્ધી શિકાયતેં, જ્ઞાન-તન્તુઓં કે રોગ પ્રચુર માત્રામેં મિલતે હૈં. ઇસલિએ ઇનકા જાનના જરૂરી હૈ.

યહ ઋષિકી સામર્થ્ય હૈ કિ વે સર્પવિકારકો ભી રોગીકો દેનેકા સાહસ કરતે હૈં, પારદકો યુક્તિપૂર્વક મહીનોંતક નિરાપદ રૂપમેં દિલવા સકતે હૈં. મૂત્રકે રોગોંમેં ભી, ખૂનકે ખરાબ હોનેપર ભી પારેકે સમાસ આયુર્વેદકે વૈદ્ય આજ ભી બિના કિસી કષ્ટકે દેતે હૈં. આપ શાયદ વિશ્વાસ નહીં કરેંગે કિ એક બ્રહ્મી સાધુકો કચ્ચા પારા નિયમિત રૂપસેં ખાતે હુએ મૈંને અપની આંખોંસે દેખા! ઇસ બાતકો ડાકટર વામનદેસાઇ એમ. ડી. લન્દનને અપની પુસ્તકમેં સ્પષ્ટ ભી કિયા હૈ કિ ચાર્લ્સ અપની પત્નિયોંકો નિયમિત રૂપમેં પારા દેતા થા. દેખને સુનનેમેં બાત મુઝે ભી સન્દેહાસ્પદ લગતી હૈ, પરન્તુ બાત હૈ સત્ય! ફિર ઈસ પ્રકારકે ઋષિયોંસે પ્રદત્ત આયુર્વેદકી ઉપેક્ષા કૈસે કી જા સકતી હૈ, ભલે હી આજ હમારે પાસ ઈસકા સ્પષ્ટીકરણ નહીં પરન્તુ તો ભી આપ્તજનોંસે શબ્દપ્રમાણ પ્રત્યક્ષ પ્રમાણરૂપમેં જો ભી મિલે ઉસે લેના હોગા. અપની ધરોહરકો, અપની થાતીકો, અપને પૂર્વજોંકે સ્મૃતિરૂપ મેં, અપને પિતરોંકે ચિત્રોંકી તરહ, ઉનકે લિયે શ્રાદ્ધ કરનેકી ભાંતિ ઉસે જીવિત રખના હી હોગા. સાથ હી જન કલ્યાણકે લિયે આધુનિક વિજ્ઞાન કા સહારા હી લેના હોગા ક્યોંકિ કાશિપતિકા કહના હૈ કિ મુઝે તો પ્રજાકી હિતકામનાસે આયુર્વેદ માંગનેવાલોંકો દેના હૈ. ઇસીસે અત્રિપુત્રને કહા હૈ, વહી ઠીક ઔષધ હૈ જિસસે આરોગ્ય મિલે ઔર વહી શ્રેષ્ઠ વૈદ્ય હૈ જો રોગસે છુટકારા દે, ભલે વહ ઔષધ ઇસ દેશકી હો યા સાત સમુદ્રપારકી હો, રોગસે મુક્ત કરનેવાલેકે સિરપર ચોટી હો યા ન હો, ઉસકે ગલેમેં યજ્ઞોપવીત હૈ હો યા નહીં, ઇસે રોગી નહીં દેખતા. વહ દેખતા હૈ આરોગ્યતાકો. ચાર સાલસે પાઠયક્રમકે પીછે જો વ્યક્તિ આગે આયુર્વેદકા અભ્યાસ કરના ચાહેં, ઉનકે લિએ દો સાલકા પાઠયક્રમ પૃથક્ રુપમેં રખના ચાહિયે. ઈસ સમય વિદ્યાર્થિ જિસ ભી વિષયકા વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરના ચાહે, ઉસે ઉસકી પૂર્ણ સુવિધા દેની ચાહિયે, પરન્તુ આયુર્વેદકા ઇતિહાસ ઔર ચરકસંહિતા સબકે લિએ અનિવાર્ય રહની ચાહિયે. ઈસ પ્રકારસે આયુર્વેદકા પાઠયક્રમ યુગાનુરુપ હો સકતા હૈ.

પાઠયક્રમકે બનાનેમેં વિષ્ણુ શર્મા કા સૂત્ર સદા યાદ રખના ચાહિયે. શબ્દશાસ્ત્ર અનન્ત હૈ, આયુ છોટી હૈ, ઈસમેં ભી વિઘ્ન હૈં ઈસલિએ સાર ભાગકો લેકર કામ કરના ચાહિયે. અત્રિપુત્ર ભી તો કહતે હૈં કિ આયુર્વેદ કા પાર નહીં, સુશ્રુત કહતા હૈ કિ કરોડો શ્લોકોંમેં આયુર્વેદકા વ્યાખ્યાન નહીં હો સકતા. ઈસલિએ વાગ્ભટકે અનુસાર સમયોચિત પાઠયક્રમ બનાના ચાહિયે, જો આપકે સામને હૈ.

જો ભી કૃષ્ણ ભગવાન્ મનુષ્યોં કી રક્ષામેં લગે હૈં. ઉનકો તો મનુષ્ય જનાર્દન મનુષ્યોંકો પીડા દેનેવાલા કહતે હૈં ઔર જો મહાદેવ મનુષ્યોંકે મારનેમેં અકલ્યાણીમેં લગે હૈં, ઉનકો શિવ કહતે હૈં, ઈસલિયે મનુષ્યકો ઇનકી ચિંતા છોડકર જાનબૂઝકર કોઇ બુરા કામ નહીં કરના ચાહિયે!

એક વાર્તાલાપ

શરદીનું રહસ્ય

લેખકઃ વૈદ્ય કરુણાશંકર રામેશ્વર ત્રિવેદી
આયુર્વેદ વિશારદ

રમેશભાઈઃ નમસ્તે વૈદ્યદાદા.

વૈદ્યરાજઃ જય જય ભાઈ. આવો આપ ક્યાંથી?

રમેશભાઈઃ ગરજ વિના વૈદ્યનું ઘર ક્યાંથી સાંભરે દાદા? જુઓને શરદી છે. ભારે સળેખમ થયું છે.

વૈદ્યરાજઃ હવે વસંત ઋતુ. આવી આ ઋતુસંધિ કહેવાય એટલે શરદી હવે થવાની ભાઈ.

રમેશભાઇઃ મને શરદી તો સાધારણ હતી પણ ૨૬મી જાન્યુઆરીના સ્વાતંત્ર્ય દિવસે અને વસંત પંચમીનાં લગ્નમાં ગળપણ ખવાણુ પછી વધી છે. પહેલાં આવું ન હતું.

વૈદ્યરાજઃ ખરી વાત છે ભાઇ. શરદી થવાનુ કારણ તમે બરાબર સમજી ગયા છો.

રમેશભાઈઃ દાદા મને જ્યારે ગળું પકડાય અને ગળે પાણી પણ ઉતારતા મુશ્કેલી પડે એટલે હું સમજું કે હવે મુઆ પડયા. શરદીની લપ ચોટી!

વૈદ્યરાજઃ ખરેખર તદન ખરૂં છે. ગળું પકડાવું, પાણી પીતાં પણ ગળે કંઇ વાળ રહ્યો હોય તેમ લાગવું તે શરદીની નિશાની છે. પછી માથુ ભારે થાય છે અને પાણીનો પ્રવાહ શરૂ થાય છે આ કાચા સળેખમની નિશાની છે શરીર પણ બેચેન બને છે. કામ કરવું ગમતું નથી ઘણીવાર થોડો કે વધારે તાવ પણ ચઢી આવે છે.

રમેશભાઈઃ હું તો હવે થાક્યો છું. જ્યારે ત્યારે મને આ બધા ચિન્હો થયા કરે છે. ધોયેલો ૨-૩ મોટો ખાદીનો રૂમાલ સવારે લઉં છું. તે બપોર થતામાં તો આખો ભીંજાઇ જાય છે. હું તો ખરેખર આ શરદીથી બેહાલ બની ગયો છું. વારંવાર ડોકટરી સલાહ લીધી. પહેલાં ડોકટરો કહેતા હતા કે મસા છે. મસા કપાવો એટલે શરદી મટી જશે. મસા પણ કપાવ્યા. પણ મારા તો એના એ હાલ છે. ફક્ત બે વખત જ સાદું ભોજન લઉં છું. ડોકટરો કહે તેમ કરૂં છું. ક્યાંય ભુલ થતી નથી છતાં શરદી છોડતી નથી. હું યે મુંઝાયો છું અને મારા ડોકટર સાહેબે હવે તો મુંઝાયા છે. આનો કંઈ રસ્તો ખરો કે આમ ને આમ મરવું પડશે?

વૈદ્યરાજઃ ભાઈ ગભરાવ નહિ. હું તમારી બધી વાત પુરી સમજી ગયો છું. આપ ધીરે ધીરે હું પુછું તેનો ટુંકો જવાબ આપો. એટલે મને ખબર પડે.

રમેશભાઇઃ દુખે બબડાટ થઇ જાય છે. માથું તો એવું દુઃખે છે કે એક અક્ષર મોમાંથી ન કાઢુ પણ લાચારીથી દુઃખનો માર્યો બોલ્યે જાઉં છું.

વૈદ્યરાજઃ વારૂ, ભાઈ, અત્યારે આપ કેટલી વાર જમો છો? અને શું જમો છો.

રમેશભાઇઃ સવારે આમ તો રોજ ૪-૫ રોટલી અને થોડા દાળભાત જ લઉં છું ભાવતું નથી છતાં પરાણે પેટમા નાંખવું પડે છે. શું કરૂ કંઇક શકિત તો જોઇએને? બીજો શું ઉપાય.

વૈદ્યરાજઃ વારૂ, રોટલી, ભાતમા ઘી લો છો? કેટલું લોછો?

રમેશભાઇઃ રોટલી તો સાધારણ ચોપડી એકાદ ચમચી ઘી લઉ છું. બસ, એટલું જ જરાય વધારે નહિ. ભાત ભાવતા નથી એટલે તેમાં ચમચી ઘી નાખી છુટા કરૂં એટલે બે કોળિયાં ખવાય.

વૈદ્યરાજઃ અને સાંજે શું જમો છો?

રમેશભાઈઃ ભાવતું જ નથી પછી જમવાની વાત જ ક્યાં રહી? પરાણે ૫-૬ પુરી અને શાક લઉં છું. પછી દુધ પી લઉં છું. બસ માનોને કે હું ખાતો જ નથી!

વૈદ્યરાજઃ આ ઉપરાંત આપને ચા નાસ્તા વગેરેનું કંઈ વ્યસન ખરૂં કે નહિ?

રમેશભાઈઃ સવારે એક કપ ચા પીઉં છું. પણ ભાવે નહિ એટલે દુધમાં ચા નાખી આશરે ⅛ થી ¼ શેર દુધ ચાના રૂપમાં ઉકાળીને પીઉં છું. નાસ્તો તો બિલકુલ નહિ, કોઈવાર વધારેમાં વધારે ૧ શેર દુધ પીતો હોઈશ બસ.

વૈદ્યરાજઃ ૪ વાગે પછી ચા પીઓ છો?

રમેશભાઈઃ સાદી ચા લઉં છું. કોઈકવાર બટાકાની પત્રી કે સાદો નાસ્તો બસ.

વૈદ્યરાજઃ હવે ડોકટર સાહેબનો શું અભિપ્રાય છે?

રમેશભાઈઃ ડોકટર સાહેબ તો બિચારા કહે છે ભાઈ શક્તિ માટે દુધ વધારે લો, ઘી લો અને હમણાં મને શાર્ક માછલીનું તેલ લેવા ભલામણ કરી છે. શક્તિ ટકાવી રાખવા ખૂબ મહેનત કરે છે. પણ કોણ જાણે શું છે તે જેમ જેમ દવા કરૂં તેમ તેમ રોગ સામો જ થાય છે.

વૈદ્યરાજઃ આ ઉપરાંત હવે તમારે કંઈ કહેવું છે?

રમેશભાઈઃ માથું સખત ભારે રહે છે. ઓફિસમાં માથું નીચું કરી લખવા જાઉં કે મુઓ સમજો, આ દરદ ખમાતું નથી. ભુખ લાગતી નથી, તાવ થોડો થોડો રહ્યા કરે છે. કાકડા વધ્યાની બીક છે. ઉધરસનું ઠસકું આવ્યા કરે છે, કોઈવાર બીલકુલ ઉધરસ આવતી નથી. પણ છાશ જેવું પ્રવાહી નાકમાંથી નીકળ્યા જ કરે છે. આ છે મારી પરિસ્થિતિ. આમાં કંઈ ઉપચાર હોય તો બતાવો, હવે તો કહું "शिष्यस्तेहं शाधिमां त्वाम प्रपन्नम!"

વૈદ્યરાજઃ (હસીને) વૈદ્યના શિષ્ય બનીએ એટલે વૈદુંએ મફત શીખાય અને દવાએ મફત થાય. આ ઠીક લાગ શોધ્યો છે. પણ ગુરૂ દક્ષિણાએ આપવી પડશે, તે જાણો છો ને?

રમેશભાઈઃ તમે તો ઊંધું જ પકડયું. સાહેબ જે કહો તે ખરૂં પણ આ લપમાંથી છોડા

વૈદ્યરાજઃ મારી દવા તમને મોટા માણસને અનુકૂળ આવશે?

રમેશભાઈઃ મોટા શેના! અત્યારે તો મિયાંની મીંદડી જેવા બની ગયા છીએ. જેમ કહો તેમ કરૂં પણ તમે મારૂં દરદ સમજો છો કે મને પુછયે જ જાઓ છો?

વૈદ્યરાજઃ તમારૂં દરદ શું તેનું થડને પૂછું! બન્ને સમજી ગયો. બોલો હવે કંઈ કહેવું છે!

રમેશભાઈઃ મને સમજાવો તો હું માનું નો

વૈદ્યરાજઃ ત્યારે સાંભળો તમારી દવા અને ખોરાક તમારો રોગ વધારનાર છે, ઘટાડનાર નથી સમજ્યા તમે જે કહ્યું છે તેથી તમારો રોગ વધવો જ જોઇએ. આટલો ઓછો વધ્યો છે તે ઇશ્વરનો ઉપકાર.

રમેશભાઈઃ વૈદ્યરાજ ડોકટરોની સલાહ પ્રમાણે જ ચાલું છું અને મને કહો છો કે ઊંધી સારવાર થઇ છે એટલે આપ ડોકટરની પદ્ધતિ પર કુહાડો મારો છો કે મને કંઇ કહો છો, તે હું સમજતો નથી જો સ્પષ્ટ કરો તો સમજાય.

વૈદ્યરાજઃ ભાઈ, આમાં ડોકટરોનો પણ દોષ નથી. તેઓ નબળાઈમાં શરીર વધારનાર, ધાતુને પોષણ આપનાર દુધ, ઘી, માખણ, સાકર, કોડલીવર ઓઇલ, શાર્ક ઓઇલ, વિટામીનની બનાવટો વગેરે આપે છે. તેમની સમજ પ્રમાણે આ યોગ્ય હશે પણ અમારી સમજ તેથી સમૂળી જુદી છે.

રમેશભાઈઃ ત્યારે આપ શું આ પદ્ધતિમાં સમૂળી ક્રાન્તિ ઇચ્છો છો એમને?

વૈદ્યરાજઃ હાસ્તો, અને તેમ કરતાં જો આપની શરદી ન મટે તો આજથી પડીકાં બાંધવા હરામ બસ, બોલો પછી શું કહેવું છે?

રમેશભાઈઃ ત્યારે આપ કહો તે દવા અને કરી મારે મંજુર છે.

વૈદ્યરાજ : જુઓ ભાઈ ક્રિયામાં દૃષ્ટિ ફેર છે. તમારી દવા માટે આ ક્રમ હું જણાવું છું. દરેક શરદીવાળાએ અને સળેખમવાળાએ કાયમી શરદીવાળાએ આ ક્રમે જ ઉપચાર કરવો જોઇએ. જ્યાં સુધી આ ક્રમ નહિ જળવાય ત્યાં સુધી આ શરદીની લપ નહિ છૂટે એ વાત નિર્વિવાદ છે. અને તેમા બે મત છેજ નહિ.

રમેશભાઈ: આપ હવે ઔષધ બતાવો.

વૈદ્યરાજ: તમારા જેવા જેમને ખુબ પાણી નાકમાંથી આવતું હોય તેમણે પ્રથમ તો ૫ ઉપવાસ કરવા. અથવા પાણી આવતું બંધ થાય ત્યાં સુધી ઉપવાસ કરવા ઉપવાસમાં ફક્ત ગરમ કરી ઉકાળેલું પાણી જ પીવું. બીજું કંઈ નહિ. આને જ ઉપવાસ કહેવાય.

રમેશભાઈ: ચા પાણી પી શકાય કે નહિ?

વૈદ્યરાજ: ચા દુધ કંઇ નહિ, કેવળ ઉકાળેલું પાણી. તે પણ સવારે ઉકાળેલું સાંજ સુધી અને સાંજે ઉકાળેલું સવાર સુધી ચલાવવું. ઉકાળેલું પાણી ફરી ન ઉકાળવું. આ પાણી જ ફક્ત પીવું. ભૂખ્યા નીરાંતે ખાટલામાં સુઈ રહેવું અને ઇશ્વર ભજન કરવું આનું નામ ઉપવાસ.

રમેશભાઈ: ઉપવાસ ન થાય તો?

વૈદ્યરાજ: શરદી ન જાય. બીજું કંઈ નહિ.

રમેશભાઈ: ઉપવાસ માટે કબુલ છે. પછી શું કરવું. આપને ૫ ઉપવાસ કરવા પડશે. પછી આશરે ૨–૨ તોલા મગનું પાણી વધારીને સવાર સાંજ પીવું. બીજે દિવસે પાણી બમણું લેવું. ત્રીજે દિવસે પાણી ત્રણવાર એક એક કપ પીવું. પછી ચોથે દિવસે ૧ તોલો ભાત અને મગનું પાણી પીવું. પાંચમે દિવસે ૨ તોલા ભાત અને મગનું પાણી પીવું. અને પછી ધીમે ધીમે વધારતા જવું. એક અઠવાડિયે મગ ભાત પુરા પ્રમાણમાં ખાવા. ખાવામાં બિલકુલ ઉતાવળ ન કરવી.

હવે દવાની વાત.

ઉપવાસમાં પણ દરરોજ ૦ા તોલો શુદ્ધ હરડેનું ચૂર્ણ સવારે લેવું. અને હરડે દરરોજ ચાલુ રાખવી. હરડે ખાધા પછી ૨ કલાકે શૌચ જવું પડશે. શૌચ જઈ આવ્યા પછી નીચેનું ઔષધ લેવું.

કફકેતુ કે શ્વાસકુઠાર દરેક ફાર્મસીમાં મળે છે તે ૧ વાલ મધમાં ચાટવો. પછી આદુ તો. ૨ાા નો રસ કાઢી તેમાં થોડું પાણી નાખી તે રસ કપડાથી ગાળી તે રસમાં થોડું મધ નાખી તે રસ પી જવો પછી થોડીવારે જમવું જમવામાં પણ આદુ અને લસણનો ઉપયોગ ચટણીના રૂપમાં છૂટથી કરવો.

૮ દિવસ ફક્ત દાળ ભાત કે ખીચડી જ સવાર સાંજ, ખાવા રોટલા રોટલી બંધ કરવા.

જમીને નીચેનું ચૂર્ણ બનાવી લેવું ૪ ભાગ હરડે, ૩ ભાગ અજમો, ૨ ભાગ જીરૂં, ૧ ભાગ શુંઠ અને ૦ાા ભાગ સિંધાલૂણ તેમાં થોડા લવિંગ, તજ અને ઇલાયચી પણ સ્વાદ માટે ઊમેરી શકાય. આ ચૂર્ણ ખુબ ફાયદાકારક છે જો આ પંચાત ન કરવી હોય તો બજારમાંથી હિંગાષ્ટક લાવી તે ચૂર્ણ પણ ૦ા તોલો ખાઇ ઉપર પાણી પીવું.

આ ચૂર્ણથી ભૂખ લાગશે અને ગેસ પણ મટશે. શરદી પણ મટશે. પેટનાં બધાં દર્દો મટશે.

સાંજે જમ્યા પહેલાં ફરીવાર શ્વાસકુઠાર મધમાં લેવો. અને પછી આદુનો રસ અને મધ પીવાં. બહુ થોડું જમવું. બસ જમીને હિંગાષ્ટક કે ઉપર મેં ઘેર બનાવવાનું લખ્યું તે ચૂર્ણ લેવું.

રાતે અમે ઘેરથી પુર્ણચંદ્રોદય કે એવી શક્તિવર્ધક દવા આપીએ છીએ. પણ તમારે ઘેર દવા કરવાની છે, માટે તમારે આવી દવાની જરૂર નથી.

આ ક્રમે દવા કરશો એટલે તમારી શરદી ચોક્કસ જશે.

રમેશભાઈ: બધાને ઉપવાસની જરૂર ખરી?

વૈદ્યરાજ: ઉપવાસથી શરદી તરત મટે છે પણ સામાન્ય શરદીમાં ઉપવાસ વિના પણ મગના પાણી પર પાંચ દિવસ રહી પછી મગ ખાવા અને નીચે પ્રમાણે દવા.

સવારે હરડે તોલો ૦। થી ૦॥ લેવી શૌચ પછી શ્વાસકુઠાર ૧ વાલ મધમાં લેવાં.

પછી તુર્ત આદુનો રસ અને મધ લેવાં જમ્યા પછી હિંગાષ્ટક ચૂર્ણ લેવું સાંજે ૫ વાગ્યા પછી શ્વાસકુઠાર મધમાં લીધા પછી આદુનો રસ અને મધ અને જમીને પાછું હિંગાષ્ટક ચૂર્ણ પદ્ધતિ બરાબર સમજાઇને હવે. આમ કરજો એટલે આપને જરૂર આરામ થશે ન સમજાય તો જરૂર પુછજો. આ એક ઉપક્રમ આપની આગળ રજુ કર્યો છે. તે પ્રમાણે જરૂર વર્તજો.

રમેશભાઇ: આપ હમણાં એક માસથી અલોપ થઇ ગયા હતા એટલે અમને બહુ મુશ્કેલી આવી હતી.

વૈદ્યરાજ: હું હમણાં બહારગામ રખડપટ્ટીમાં હતો. હવે હું નિયમિત મળીશ અને પત્રોના જવાબ પણ નિયમિત મળશે. માટે હવે આપ આપની મુશ્કેલી જણાવજો.

રમેશભાઇ: નમસ્તે વૈદ્યરાજ, હવે હું રજા લઇશ.

વૈદ્યરાજ: આવજો ભાઇ નમસ્તે.

(જનસત્તા)

ખાસ નોંધ:–રજીસ્ટર્ડ અથવા એનલિસ્ટેડ વૈદ્ય, હકીમ કે ચિકિત્સકો જેમણે હજુ રિન્યુઅલ ફી ન મોકલી હોય તેઓ પાંચ રૂપિયા રિન્યુઅલ ફી ૩૧ માર્ચ સુધી બોર્ડને મોકલી શકે છે.

આરોગ્ય, વૈદક, અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ — अायु: कामयमानेन धर्मार्थसुखसाधनम्। — ચૈત્ર ૨૦૧૧

અંક ૪ — आयुर्वेदोपदेशेषु विधेय: परमादर:॥ — એપ્રીલ ૧૯૫૫

આયુર્વેદ કરતાં એલોપથી હજુ ઘણું પાછળ છે;

ડાકતરોએ આયુર્વેદને ઉતારી પાડવાની વલણ છોડી દેવી જોઇએ.

(અમારા ખબરપત્રી તરફથી)

મુંબઇ તા. ૧૯મી માર્ચ ૧૯૫૫

ઇંડિયન મેડિકલ કાઉન્સિલ (મુંબઈ શાખા)ના દ્વિતીય વાર્ષિક અધિવેશનનું જી. એસ. મેડિકલ કોલેજમાં ઉદ્ઘાટન કરતાં માનનીય વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઇએ, મુંબઇના આગેવાન એલોપથિક તબીબોને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા હતા, તેમણે પોતાના પ્રવચનમાં સાફ સાફ જણાવ્યું કે:–

"આયુર્વેદ એ એક એવું ભારે વિકસિત વિજ્ઞાન છે કે જેને આંબી લેતા એલોપથીને હજુ ઘણો લાંબો વખત લાગશે. એલોપથી, આયુર્વેદ કરતાં ઘણું પછાત છે. આયુર્વેદ એક પ્રગતિપ્રાપ્ત ઔષધશાસ્ત્ર (*An Advanced Medicine*) છે."

શ્રી મોરારજીભાઇએ આગળ ચાલતાં કહ્યું, "હા, એ વાત ખરી છે કે આજે આયુર્વેદની પ્રેકટીસ સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં નથી થતી. આ વિજ્ઞાન સંપૂર્ણ છે, પરંતુ કેટલાક કુવૈદ્યોએ એની પ્રતિષ્ઠા ઓછી કરી નાખી છે."

શ્રી મોરારજી દેસાઇએ વધુમાં ખેદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે "ડાકતરોએ આયુર્વેદ તથા હોમીયોપથીને બદનામ કરવાની વલણ ત્યજી દેવી જોઇએ. ચિકિત્સાશાસ્ત્રની બધી પદ્ધતિઓ તરફ આપણે માનથી જોવું જોઇએ."

માનનીય શ્રી વડા પ્રધાનના આ પ્રવચનથી મુંબઇના આયુર્વેદિક વર્તુલોમાં એક અનેરો આનંદ છવાઇ ગયો છે, અને એમ લાગે છે કે સમસ્ત દેશભરમાં આ યથાર્થ નિવેદનનો પડઘો અવશ્ય પડશે.

ડાકતરોને આવું નક્કર સત્ય, તેમની સભામાં કહેવા બદલ શ્રી મોરારજી દેસાઇ હાર્દિક અભિનંદનોના અધિકારી બને છે.

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્ય સિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ , અંક ૪
એપ્રીલ ૧૯૫૫
ચૈત્ર સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે.

શ્રી વૈદ્યરત્ન લક્ષ્મીશંકર રા. શાસ્ત્રી

તેમના તૈલચિત્રનો અનાવરણવિધિ મહોત્સવ

અમદાવાદ તા. ૧૮મી માર્ચ

અમદાવાદ ખાડીયા કબીર મંદિર હોલમાં, અમદાવાદ વૈદ્યસભાના નિવૃત્ત થતા પ્રમુખ શ્રી વૈદ્ય લક્ષ્મીશંકર રામકૃષ્ણ શાસ્ત્રીના તૈલચિત્રના અનાવરણ વિધિનો ઉત્સવ આનંદ પૂર્વક સંપન્ન થતો હતો. આ બદલ વૈદ્યસભાના તમામ કાર્યકર્તાઓ અભિનંદના અધિકારી બને છે.

આ પ્રસંગે વૈદ્યસભાના પ્રમુખ શ્રી વૈદ્યરત્ન માધવપ્રસાદ ના. શાસ્ત્રીએ શ્રી શાસ્ત્રીજીનો પરિચય આપતા કહ્યું:

"શ્રી વૈદ્ય લક્ષ્મીશંકરભાઇએ તે સમયમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરી ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, ધર્મશાસ્ત્રાદિકનુ અધ્યયન કરી આયુર્વેદના અભ્યાસ માટે જયપૂર રાજકીય પાઠશાળામા પદ્ધતિસર અભ્યાસ કરી આયુર્વેદ ઉપાધ્યાય થયા અને વડોદરા રાજ્યની શ્રાવણ માસ દક્ષિણા પરીક્ષા આપી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઇ વૈદ્યરત્ન બન્યા. ત્યાર બાદ તેઓ હમેશા આયુર્વેદની એકનિષ્ઠ સેવા કરી, અમદાવાદ વૈદ્યસભાના પ્રમુખપદને લાબો સમય શોભાવ્યુ. વર્તમાનમા તેઓ શુદ્ધાયુર્વેદ પાઠ્યક્રમ સમિતિના એક સભ્ય છે. આવા સુયોગ્ય વૈદ્યનુ સન્માન થાય તે આપણે સૌએ આનંદ લેવા જેવું છે."

આ ઉત્સવમાં બહારગામથી અનેક જાણીતા વૈદ્યોના સંદેશાઓ આવ્યા હતા અને તેમાં શ્રી બાપાલાલ ગ વૈદ્યનો સંદેશો ખાસ ધ્યાન ખેંચતો હતો.

તૈલચિત્રને ખૂલ્લું મૂકવાનો વિધિ મહાગુજરાત વૈદ્યમંડળના પ્રમુખ શ્રી વામનરાવ દીનાનાથે કર્યો હતો તેમણે કહ્યું, "શ્રી લક્ષ્મીશંકરભાઇની વિદ્વતા માટે આપણા અ ભા મહામંડળના ધુરંધર શ્રી યાદવજી ત્રિકમજી આચાર્યે વખાણ કર્યા હોય, તે માટે હુ તો શુ બોલી શકું? એટલે તમોએ જે કઇ કર્યું છે તે યોગ્યજ કર્યુ છે હવે તેઓ વિદ્યાપીઠના અધ્યક્ષ બને, એ જોવું રહ્યુ આજનો પ્રસગ મને પ્રાપ્ત થયો છે તે બદલ ગૌરવ અનુભવુ છું."

શ્રી વૈદ્ય લક્ષ્મીશંકરભાઇએ ગદગદ કંઠે આ પ્રસંગ બદલ આભાર વ્યકત કરી લાક્ષણિક અને વિદ્વતા પૂર્ણ શૈલિમાં વક્તવ્ય પૂરું કરતાં સૌને વૈદ્યસભાના ઉત્કર્ષ માટે કટિબદ્ધ થવાની વિનતી કરી હતી

છેવટે આભાર વિધિ અને હારતોરા થયા બાદ સભાનું કાર્ય પૂરું થયુ અને ભોજન સમારંભમા સૌએ સાનંદ ભાગ લીધો હતો

આરોગ્યસિન્ધુ આ પ્રસગે ફરી એકવાર વૈદ્યસભાના તમામ કાર્યકર્તાઓને અભિનંદે છે અને આ પ્રકારના પ્રસગો—પ્રવૃત્તિઓવડે વૈદ્ય સમાજમાં વધુ જાગૃતિ આવે તેમ ઇચ્છી શ્રી વૈદ્યરત્ન લક્ષ્મીશંકરભાઇને ઇશ્વર દીર્ઘાયુષ્ય આપો અને તેઓની વધુ સેવા આપણને પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થે છે.

દેશી વૈદ્યકીય બોર્ડ

શુક્રવાર તા ૪ માર્ચ ૧૯૫૫ના રોજ બપોરે બરોબર ૧ વાગ્યે દેશી વૈદ્યકીય બોર્ડની ૭ માસિક સર્વ સાધારણ સભા મુંબઇમાં ભરાઈ હતી. હકીમ હૈદર બેગ સિવાય ૧૩ સભ્યો ઉપસ્થિત હતા. સભા સમક્ષ બધાં મળી પાંચ વિષયો વિચારવાના હતા.

શરુઆતમાં અગાઉ ૧૦-૫-૫૪ના ભરાયેલા સભાના ઇતિવૃતને મંજુરી માટે મૂકવામા આવ્યો, તેમાં વૈ. પ્રતાપકુમાર તથા વૈ. વિ. મ. ગોગટેએ કઇંક સુધારા સૂચવ્યા તે માન્ય કરવામાં આવ્યા બાદ એ વૃતાંત મંજુર થયો.

હવે વૈ. ગોગટે અહીં એક રસિક મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે આનાથી આગલી સભા સ્થગીત કરવામાં આવી હતી માટે તેનો આગળનો ભાગ સમજવો જોઇએ આ વખતે પ્રમુખ શ્રી ડૉ. ગોધે, આ સભા અમુક તારીખ સુધી સ્થગીત કરવામાં આવી તે વખતે નિર્ણય ન આપવામાં આવ્યો હોઈ આ સભા બિલકૂલ નવી સમજવી જોઇએ, એવો નિર્ણય આપ્યો.

વૈં. ગોગટેએ અહીં એક નવી સૂચના આપી કે બોર્ડના દરેક ઠરાવને ક્રમાંક આપવો જોઇએ. પરંતુ તેના પર, "બીજી કોઈ વાર સૂચના કરજો. હમણાં નહીં", એમ કહી તેને પણ બાજુ પર મૂકવામાં આવી.

તીબ્બી એટલે જ યુનાની. ત્યારે બોર્ડના નામમાં યુનાની અને તીબ્બી એ બે શબ્દો ન હોવા ઘટે એવી સૂચના વૈદ્ય ગોગટે એ કરી. એસેંમ્બલીમાં ઠરાવ્યા પ્રમાણે એ સૂચના માન્ય કરી.

ત્યાર બાદ, ગવર્નર બાજપેયી, મધ્યવર્તી મંત્રી શ્રી રફી અહમદ કીડવાઈ તથા શ્રી જમનાદાસ મહેતાના નિધન બદલ દુઃખ બધા સભાસદોએ ઊભા રહીને કર્યો.

તા. ૩૧-૩-૫૫ સુધી જે વૈદ્યો રેજીસ્ટર્ડ થશે તેમના નામ સહિત નવું રજીસ્ટર છાપવામાં આવે એવો બીજો ઠરાવ પણ મંજુર થયો. ત્યારે વૈ. ગોગટેએ અને વૈ. વેણીમાધવ શાસ્ત્રીએ, નવી ચૂંટણીમાં, આ રજીસ્ટર પર નોંધાયલા સહુને મત આપવાનો અધિકાર છે કે કેમ? એ પ્રશ્ન પૂછતાં અધ્યક્ષે, "હું કોઇ પણ જાતનો અધિકૃત ઉત્તર કહી શકું તેમ નથી". એમ કહ્યું.

હવે વૈ. પ્રતાપકુમારે અહીં એક બહુ જરુરી સૂચના કરી જણાવ્યું કે છાપવામાં આવેલ યાદીમાં સારી એવી ભૂલો છે અને તે સુધારવા માટે એક કમિટી નીમવી. પરંતુ, "આ હક્ક કાર્યકારી મંડળનો છે આપણો નહીં," એમ અધ્યક્ષે કહ્યું ત્યારે, "હાલ તુરત અન-ઓફિશિયલ સમિતિ તો નીમવી" એવી શ્રી પ્રતાપકુમારની સુચના બદલ, "તમને ઠીક લાગે તેમ કરો, હું તૈયાર નથી" એવો ઉત્તર અધ્યક્ષે આપ્યો.

ત્યાર બાદ વૈં. પ્રતાપકુમારે સૂચવેલ, વૈ. ગોગટેએ અનુમોદેલ, અને સભાસદો તરફથી આવેલ વિષયોની ચર્ચાની શરુઆત થઈ. તે પૈકી સભાસદોએ આપેલ સૂચના અધ્યક્ષે શા માટે નકારી તેના કારણો અધ્યક્ષે આપવાં અને એકઝીક્યુટિવ કમિટિની સભાની કાર્યક્રમ પત્રિકા સર્વસાધારણ સભાના સભાસદોને મોકલવામાં આવે એ સૂચના નં ૪ અને ૫ બન્નેનો અસ્વીકાર નિયમ બહારની કહી અધ્યક્ષે કર્યો. નં. ૨ અને ૩ ની સૂચના વ્યવસ્થાને યોગ્ય હતી કહી તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યાર બાદ છેલ્લો ઠરાવ અધ્યક્ષ ઉપર અવિશ્વાસનો હતો. તે વખતે અધ્યક્ષે સમયોચિત ભાષણ કરી, "આપની અને મારી આ છેવટની સભા છે. અને તેમ હોઈવૈદ્યો તથા સભાસદોએ આપેલ સહકાર બદલ હું આપનો આભાર માનું છું" એમ જણાવ્યું, વળી તે વેળા એક સભાસદના પ્રશ્નના ઉત્તર રુપે, "હું પાંચ વર્ષ પૂરતો અહીં હતો અને હવે પછી હું અહીં આ જગાએ રહેનાર નથી" એવો ખૂલાસો કર્યો.

આગળ પ્રમાણે આ વેળાએ અધ્યક્ષે શ્રી બાકરેને અધ્યક્ષપદે નીમ્યા અને સભા ત્યાગ કર્યો. શ્રી બાકરે એ જગ્યાએ બેઠા કે શ્રી હિંમતલાલ મુનિએ પોઇંટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. અને અધ્યક્ષ આવી રીતે બીજા અધ્યક્ષને નીમી શકે કે કેમ તે બદ્દલ શંકા વ્યક્ત કરી.

એટલે આ પ્રશ્નના ઉત્તર રૂપે અધ્યક્ષ આવી રીતે બીજા અધ્યક્ષને નીમી શકે છે, એમ કહી વૈ. નેસરીએ આ બદ્દલ આગળનું દૃષ્ટાંત આપ્યું. ત્યારે તે દૃષ્ટાંત આજ પ્રકરણ બાબત હોઈ શંકાસ્પદ હોવાને કારણે તે ઉપયોગી થઇ શકે નહીં એમ વૈ. પ્રતાપકુમારે જણાવ્યું. ત્યારે શ્રી નેસરીએ આ સભામાં હું ભાગ લઈ શકતો નથી એમ જણાવ્યું અને એમ કહી સભા ત્યાગ કર્યો તથા ત્યાર બાદ શ્રી વૈ. બાગેવાડીકર, શ્રી ના. બ્યં. જોષી, શ્રી વૈ બાગેરે પણ સભા છોડી.

શ્રી વૈ. આપટે શાસ્ત્રી પણ આ સભામાં હતા અને તેમણે લોકનિયુક્ત સભ્યોને પૂછ્યું કે આ અધ્યક્ષ આપણને માન્ય છે કે કેમ? ત્યારે "અંડર પ્રોટેસ્ટ" (વિરોધ હેઠળ) એ અમે માન્ય કરીએ છીએ એમ સર્વેએ કહ્યું અને સભા ચાલુ રાખવા કહ્યું. પણ કોણ જાણે શું થયું, કે આપટે શાસ્ત્રીએ પણ ગર્જના કરી.

કોરમ ન હોવાને કારણે ૨૦ મીનીટ સભા તેમની તેમ સ્થગીત રહી. આ મુદ્દતમાં લોક નિયુક્ત પ્રતિનિધિઓએ અધ્યક્ષને અરજી આપી અવિશ્વાસના વિષય માટે સભા બોલાવવી એવી અરજી દાખલ કરી, ત્યાર બાદ પુનઃ સભા અનિર્ણીત સમય સુધી સ્થગીત કરવાનો ઓર્ડર આપ્યો અને સભા કાર્ય પૂરું થયું.

આ સભા બોર્ડની સર્વસાધારણ છેવટની સભા હતી. અને આ પછીની સર્વસાધારણ સભા નવીન ચૂંટાનાર, સરકાર નિયુક્ત સભાસદ અને અધ્યક્ષ (વૈદ્ય કે ડૉક્ટર?) એનીજ થશે એમ અત્યારે તો લાગે છે.

બોર્ડના કુલ્લ સભ્યો ૧૪, તેમાં શ્રી હજરત એમ ગેરહાજર હોઈ, ડૉ. ચોધ સભા છોડી ગયા હોઇ બાકી ૧૨ સભ્યો, તેમાં વૈદ્ય બાકરે અધ્યક્ષસ્થાને બીરાજ્યા. તેમાં વૈદ્યો નિયુક્ત બહુ સંખ્ય સભ્ય (૬) અને સરકાર તથા ફેકલ્ટી નિયુક્ત (૫) મળી ૧૧ સભાસદ રહ્યા તેમાં લોક નિયુક્ત બહુ સંખ્ય સભ્ય ૬ હતા તેથી અવિશ્વાસનો ઠરાવ પસાર થઈ જતે પણ તેમ ન કરવા માટે સરકાર નિયુક્ત સભ્યોએ પલાયન કરી ગણ સંખ્યા (કોરમ) ઓછી કરી નાખી અને સભા સ્થગિત કરી.

('આયુર્વેદ પત્રિકા' પરથી)

નિવેદન

* ભેટપુસ્તક ૧૫મી માર્ચના પ્રગટ થઇ ગયેલ છે. જેમના લવાજમો મળ્યા છે. તેવા બહાર ગામના ગ્રાહકોને તે બુકપોસ્ટથી અંડર પોસ્ટલ સર્ટિફિકેટ મોકલવામાં આવેલ છે.
* જે મુંબઈ સુરત અમદાવાદ અને વઢવાણના સ્થાનિક ગ્રાહકો હોય તેઓમા જેમણે લવાજમ ભર્યું છે તે રૂબરૂ ભેટપુસ્તક લઇ જાય. અને બાકીના જેમને લવાજમ ભરવાનું હોય તે સજ્જનો કૃપા કરી પોતાનું લવાજમ ભરી ભેટપુસ્તક લઈ જાય.
* જેમના લવાજમો એપ્રીલથી કે તે પછી શરૂ થતા હોય તે ગ્રાહકો કૃપા કરી મની ઓર્ડર દ્વારા લવાજમો મોકલી આપે અથવા વી. પી. દ્વારા ભેટપુસ્તક મંગાવી લે.
* આશા છે કે ગ્રાહકો બરોબર ધ્યાન દઈ ઉપરના નિવેદનનો અમલ કરી અમારી અને તેમની સગવડતા જાળવી ઉપકૃત કરશે.

વ્યવસ્થાપક:
આરોગ્યસિન્ધુ

અમદાવાદ વૈદ્ય-સભા

વૈદ્યસભાની ચૂંટણી બાદ નીચે પ્રમાણે હોદ્દેદારો નવા વર્ષ માટે ચૂંટાયા છે. પ્રમુખઃ શ્રી વૈદ્યરત્ન માધવ પ્રસાદ ના. શાસ્ત્રી. ઉપ પ્રમુખોઃ વૈ. શંભુપ્રસાદ શાસ્ત્રી, વૈ. જાદવજી ન. શાસ્ત્રી, વૈ. ગોવિંદપ્રસાદ હરિદાસજી, વૈ. રમણિકલાલ જે. દવે. મંત્રીઓઃ વૈ. શશિકાન્ત ભૂલાભાઇ પંડયા, વૈ. ડાહ્યાભાઈ કે. શાસ્ત્રી, વૈ. હરિશંકર બુ. પંડયા, વૈ. રમણલાલ ગી. શાસ્ત્રી. કોષાધ્યક્ષઃ વૈ. બાબુરાવ રણછોડલાલ. ઓડીટર્સઃ વૈ. નટવરપ્રસાદ નારાયણશંકર શાસ્ત્રી, વૈ. અમરપ્રસાદ બુલાખીદાસ. વ્યવસ્થાપક મંડળઃ વૈ. લક્ષ્મીશંકર શાસ્ત્રી, વૈ. મણિશંકર ત્રિવેદી, વૈ. રઘુનંદનદાસ નિર્મોહી, વૈ. ગુલામહુસેન મલમપટ્ટાવાળા, વૈ. કાલિચરણ મિશ્ર, વૈ. માણેકલાલ કૃષ્ણરામભાઇ, મહંત શ્રી રામરતનદાસજી, વૈ. અંબાશંકર જી. ત્રિવેદી, વૈ. પુરુષોત્તમદાસ જાની, વૈ. દામોદરાચાર્ય સ્વામી, વૈ. જગદીશચંદ્ર પંડયા, વૈ. પ્રેમદાસજી સેવાદાસજી, વૈ. રામકિશોર પાંડે, વૈ. ગિરજાશંકર સાંકળેશ્વર, વૈ. કાંતિલાલ ઓધડલાલ, વૈ. દુર્ગાપ્રસાદ ફૂલશંકર, વૈ. મણિલાલ પુરુષોત્તમદાસ.

તા. ૧૮મી માર્ચના દિન અમદાવાદ વૈદ્ય સભાના માજી પ્રમુખ તથા શુદ્ધાયુર્વેદ સમિતિના વિદ્વાન સભ્ય વૈદ્યરત્ન લક્ષ્મીશંકર રામકૃષ્ણ શાસ્ત્રીના તૈલચિત્રનો અનાવરણ વિધિ થયો થયો હતો. તે દિવસે વૈદ્યરાજ માણેકલાલ કૃષ્ણરામભાઇ પ્રમુખપદે હતા આ કાર્યમાં એમણે રૂા. ૧૦૧, વૈ. ગુલામહુસેનભાઇએ રૂા. ૧૦૧, વૈ. ગિરિજાશંકર સાંકળેશ્વર રૂા. ૨૫ આપ્યા છે બાકીનો ખર્ચ શ્રી વૈદ્યરાજ ગોવિંદપ્રસાદભાઇએ આપવા કબૂલેલ છે.

અમદાવાદ વૈદ્યસભાએ પોતાનું મકાન હોવું જરૂરી માની એ કીર્તિ મંદિર સ્થાપવા ભંડોળ એકઠું કરવા માંડયું છે. એ માટે વૈ. અંબાશંકર ત્રિવેદી, વૈ. ગોવિંદપ્રસાદ હરિદાસ તથા વૈ. જાદવજી નરભેરામ શાસ્ત્રીની સમિતિ નીમેલ છે.

આ વૈદ્યસભાનું લવાજમ આશ્રયદાતા રૂા. ૨૫૧, સંરક્ષક સભ્ય રૂા. ૧૦૧, સહાયક સભ્ય રૂા. ૫૧ (૨૦ વર્ષ માટે), તથા સામાન્ય સભાસદનું વાર્ષિક રૂા. ૩ છે.

અમદાવાદમાં વૈદ્યોનો ઉત્સાહ સારો છે. તેઓ અવારનવાર નિદાન ચિકિત્સા, વનસ્પતિ સંશોધનો, રસશાસ્ત્ર આ બધા વિષયોને અનુલક્ષી પ્રવચનો યોજે, ચર્ચાઓ ગોઠવે, પ્રત્યક્ષ નિર્માણોનું કરે એ જરૂરી છે. નિદાન, તે માટે મકાન હોવું જરુરી છે. પણ વૈદ્યસભા પોતાનું મકાન ન ધરાવે ત્યાં સુધી અન્યત્ર કહીં પણ એ કાર્યક્રમો યોજી શકે છે. વૈદ્યસભા પાસે આજે નોંધપાત્ર વિદ્વાનો છે, યોગ્ય પ્રમુખની સુંદર દોરવણી છે, ત્યારે આયુર્વેદના ઉત્કર્ષ માટે આટલું Concrete work થાય એ જરૂરી છે. અન્યત્ર સભાઓ, મંડળો પણ આયુર્વેદ માટે આવું નક્કર કાર્ય કરવા શક્તિમાન બનો એવી પ્રભુને પ્રાર્થના છે.

"બથુવા બૂટી"

લેખકઃ વૈદ્ય શ્રી ત્રિવેણીદાસ ત્યાગીઃ આબુ.

બથુઆ બૂટીકાહી અંગ્રેજી નામ ચીનોપોડિયમ હૈ. બથુઆ બૂટી જબ પક જાતી હૈ તબ ઉસકે ઊપર હરે રંગકા એક ગુચ્છા સા બન જાતા હૈ, જિસકે પ્રત્યેક હરે ખોલમેં બીજ હોતે હૈ, જબ યહ બીજ પકકર કાલે હો જાતે હૈ તબ યે પોસ્તકે દાનેકે સમાન શ્યામલ દાને પ્રતીત હોતે હૈ, યોરપ વાલે ઇન બીજોં કો ભારતસે મંગાકર તેલ નિકાલતે હૈ ઔર બોતલો મેં ભરકર ઇસકા વ્યાપાર કરતે હૈં અર્થાત સંસારકે પ્રત્યેક અંગ્રેજી ઔષધિ વિક્રેતા કે યહાં "ચીનોપોડિયમ" નામસે એક રૂપયે બારહ આને પ્રતિ ઔંસ કી દરસે બિકતા હૈ વાસ્તવમેં યહ બથુવેકા બીજોં કા તેલ હૈ જો 'હુકવર્મ' (એકપ્રકારકેકૃમિરોગ) મે ડાક્ટર અપને રોગિયો કો પિલાતે હૈ, "હુકવર્મ" રોગીમેં રોગી કે પેટમેં એક વિશેષ પ્રકારકે કીડે ઉત્પન્ન હો જાતે હૈં ઔર ઇસ રોગકે લિયે "ચીનોપોડિયમ" કા તેલ અચૂક ઔષધિ હૈ, ભારતીય ઇન બીજોં કો સંગ્રહ કર ઔર કોલ્હૂ દ્વારા ઇનકા તેલ નિકાલ કર સારે સંસારમેં ભેજ સકતે હૈં ઔર સસ્તે સે સસ્તા દેકર ભી લાખોં રૂપયા કમા સકતે હૈ. બહુત સેં મહાનુભાવો કે યહ ભી જાનનેકા અવકાશ નહીં કિ બથુઆ કે બીજ ભી હોતે હૈં યા નહીં. ઇસે કેવલ એલોપેથિક ડાક્ટરહી નહીં બરતતે વરન્ હોમ્યોપેથિક ડાક્ટર ભી અધિકતા સે કાર્ય મેં લાતે હૈ. આયુર્વેદજ્ઞો કો ચાહિયે કિ વહ ભી હુકવર્મ કે રોગિયો કો બથુઆ કે બીજ ખરલકર સેવન કરાયા કરેં, ઇસકે સેવનસે ઉદરકે અનેક કૃમિ હુકવર્મકે રૂપમેં શૌચકે સાથ નિકલતે રહતે હૈ ઔર જિનકા મુખ પિતવર્ણ કા તથા શરીર દુર્બલ હો જાતા હૈ, ઉસકા કારણ યહ કૃમિહી હૈ વે કૃમિ ઇસકે સેવનસે નષ્ટ હો જાતે હૈ ઔર રોગી સ્વસ્થ હો જાતે હૈં. પરન્તુ થોડે દિન બથુઆકે બીજકા સેવન કરાકર વિરેચન કરા દેખના ચાહિયે, યોરપ તથા દૂસરે દેશોં કો હિમાલય પર્વત કી ઉત્પન્ન હુઈ જડી બૂટિયાં સંગ્રહ કરકે કૌડિયોં કે મૂલ્યમેં ભેજી જાતી હૈં, ઔર વહી ઔષધિયાં સુન્દર રૂપ રંગમેં તૈયાર કી હુઈ ઉત્તમ રીતિસે પૈક કી હુઈ ભારતમેં આકર સ્વર્ણ મૂલ્યમેં બિકતી હૈં, ઇશ્વરકી દયા સે કચ્ચે માલકી વહી ઔષધિયાં (જો વે લોગ વહાં બનાતે હૈ) હમારે દેશમેં બનાકર વિદેશોં મેં ભેજી જાવેં જિન્હે ઉન્હે અનિવાર્યતઃ ભારતસે હી ખરીદના હોગા, ઉદાહરણાર્થ ઇન્દ્રાયણકો હી લે લિજીયે. યહ યોરપમેં ઉત્પન્ન નહીં હોતી ઔર ઉન્હે ભારતવર્ષ મેં ઇન્દ્રાયણકી જડ મહંગે સે મહંગી ૭) ૮) મન મિલ જાતી હૈ. કિન્તુ જબ યહ ઇન્દ્રાયણ ભારતવર્ષ કી ભૂમિસે નિકલ યોરપ પહુંચકર વાપિસ આતી હૈ તો "એક્સટ્રેક્ટ કાલીસંથ" ઔર પલોલી કાલોસથી કે નામસે લાખોં રૂપયે કી બિકને લગતી હૈ ઇસી પ્રકાર "અફસંતીન" (ખુરાસાની અજવાયન) દેશી ઔષધિ કા સાર "સેન્ટોનીન" કે નામસે આ રહા હૈ ઔર યહ ભી ઉદર કે વિશેષ પ્રકારકે કીડે મારને કે કામ આતા હૈ આદિ આદિ. અતઃ નિર્માણ કે બાદકા કઇ સૌ ગુના લાભ હમારે દ્રવ્યો સે જો વિદેશી લોગ ઉડાતે હૈં વહ લાભ હમેં વિદેશીયો સે ઉડાના ચાહિયે હમેં કચ્ચે માલ કે ભેજને કે બજાય ભારતસે હી એક્સટ્રેક્ટ કાલીસંથ ઔર પપોલી કાલીસંથ આદિ બનાકર વિદેશો કો ભેજના ચાહિયે. દેખેં કૈસે વહ લોગ ફિર નહીં ખરીદતે હૈ આજસે પ્રથમ જબ કિ હમ પરાધીન થે તો હમારે દેશકા કચ્ચા માલ દૂસરે દેશોં મેં જાતા થા ઔર વહાં ઔષધિયોં તથા અન્ય પ્રકાર કી ઔર વસ્તુઓં કે રૂપમેં હમારે દેશમેં વાપિસ આતા થા ઔર ઇસ પ્રકાર કૌડિયોંકા ભાવકી વસ્તુ રૂપયોં કે રૂપમે હમારે સામને પ્રસ્તુત કી જાતી થી ઔર ઉસે હમ બિના અપને દેશકે ભવિષ્ય કો સોચે હુએ ખરીદતે ઔર અપને કાર્યને લાતે થે. પરન્તુ ઐસા કરતે કો હમ વિવશ થે, ક્યોં કિ ગુલામ થે, પરાધીન થે,

સાથ હી હમારે દેશમેં વિદેશી સરકાર કી ઉપેક્ષા કે કારણ ઐસી વસ્તુઓં કા નિર્માણ હોના અસમ્ભવ થા. પરન્તુ આજ જબ અપની સરકાર હૈ ઔર સ્વતન્ત્ર વાયુ મંડલમેં સાંસ લે રહે હૈ. ઈસ થોડે સે હી અલ્પકાલ મેં સરકારને એસી અનેક વિષયો કી ઔર ધ્યાન દિયા હૈ ઔર પ્રસન્નતા હૈ કિ વિજ્ઞાન આયુર્વેદ તથા અન્ય વસ્તુઓં કી ખોજકે લિયે વહ પર્યાપ્ત પ્રયત્નશીલ હૈ પરન્તુ ઈતનેસે સંતુષ્ટ હો જાના ઠીક નહીં હૈ, હમ તો ઉસ દિન કી કલ્પના કરતે હૈ ઔર સરકાર સે ભી વહી આશા રખતે હૈ કિ વહ અવિલમ્બ ઈસ બાત કા પ્રયત્ન કરે કિ હમારે દેશકી જડી બૂટિયો સે હમારે દેશમે હી ઔષધિયોં કા નિર્માણ હો, તાકી વહ જનતાકો સસ્તે દામોમેં સુલભ હો સકેં, યહ બીચકી મુનાફા ખોરી ન કેવલ હાનિકાહી કારણ હૈ વરન્ યહ હમારી સ્વતન્ત્રતા કે લિયે કલંક હૈ ઔર ઈસે પ્રત્યેક ભારતવાસી અપને લિયે અપને દેશકે લિયે અપમાનજનક સમજતા હૈ.

આયુર્વેદિક દષ્ટિસે બથુઆ કે ગુણ એવં વિભીન્ન નામઃ—

સંસ્કૃતમે વાસ્તુક, ગૌડ વાસ્તુક, હિન્દી બથુવા, ચીલ્લી, બડાબથુવા. ગુજરાતી ટાંકો, ચીલ. ક. ચક્રવતી, વિલોપચિલ્લીકે. મ. ચાકવત, ચિવિલ, ચાકવતાચી ભાજી. બં. વેતુયા, વેતોશાક. ફા. મુસેલેસા સરમક. ઈં. હાઈટ ગુજફૂટ, પરમલગુજફૂટ, ચીનોપોડિયમ. લે. ઓનાપાડયં, આલ્બ, કેનાએટ્રિપ્લિસીસ, અ. બાકૂબતુલઅજામેલકુતુફ આદિ નામ હૈ.

वास्तुकोऽग्निकरोरसे च मधुरः पित्तहरश्चक्षुष्यः।
स्निग्धोवातविनाशनः कृमिहरः पितादि दोषावहः॥
वर्चोमूत्र विशोधनः प्रथनतः श्लेष्मामयानां तथा।
शाकानामपिचोत्तमोल्हुतरः पथ्या सदा प्राणिनाम्॥

બથુવા કે ગુણ:—અગ્નિ વર્ધક, મધુરરસાન્વિત, પિત્ત નાશક, નેત્રોં કો હિતકારી. સ્નિગ્ધ, વાત વિનાશક, કૃમિ નાશક, પિત્તાદિ દોષ નાશક, મલ મૂત્ર વિશોધક, શાકો મે ઉત્તમ ઔર કફરોગ વાલે મનુષ્યોં કો સદૈવ હિતકારી હૈ.

૧ ઉદરકૃમિ:—ઈસકે રસમેં લવણ મિલાકર પીને સે ઉદર કૃમિ નષ્ટ હો જાતે હૈ.

૨ વાયુપીડા:—ઈસકી પત્તિયોં કો ઉબાલકર સેંધા મિલા ગરમ ગરમ બાંધે.

૩ દગ્ધસ્થાનપર:—ઈસકા રસ લગાના ઉપયોગી હૈ.

૪ નાડીવ્રણ: ઈસકે પત્તે તથા તમાકુ કે ફૂલોં કો પીસકર ઘૃત મિલાકર લગાઓ.

૫ શીતલા રોગમે:—વમન કરાનેકો ઈસકે રસમેં મધુ મિલાકર પિલાઓ.

૬ રક્તપિત્ત તથા કૃમિ પર:—ઈસકે બીજોં કે ચૂર્ણ કો મધ કે સાથ સેવન કરને સે રક્તપિત્ત ઔર કૃમિ વિકાર નષ્ટ હોતા હૈ.

૭ બથુવા કે પંચાંગ કો ક્ષાર વિધિસે ક્ષાર બનાકર તક (છાછ) કે સાથ સેવન કરને સે યકૃત ઔર પ્લીહા નષ્ટ હોતા હૈ. ઈત્યાદિ.

આયુર્વેદીય ગ્રંથોમેં ઈસકે અનેક ગુણ ભરે પડે હૈ. અસ્તુ:

શિલાજિત

લેખકઃ **શ્રી બાપાલાલ ગ. વૈદ્ય**
પ્રધાનાચાર્યઃ ઓ. ના. આયુર્વેદ વિદ્યાલય, સૂરત.

નામો :–शिलाजतु, शिलानिर्यास, शैलेय, अश्मज, अश्मजतु, गिरिज (સં.), શિલાજિત. (ગુજ.); મોમીઆઈ (કાનડી); સલાજિત (પંજાબ); હજર ઉલ મૂસા. કુફર અલ યહૂદી (અરબી), મોમીઆઈ (ઇરાન); Asphalt or mineral pitch, Black Bitumen (અંગ્રેજી).

નામોના અર્થ :–Mineral pitch ગિરિપિચ્છ (ધાતુમલ).

Bitumen=જ્વલનશીલ પાર્થિવમલ.
Asphalt=જ્વલનશીલ જતુપાષાણ.
Pitch or Tar=અશ્મલાક્ષા.

શિલાજતુ :–શિલા=પહાડ, જતુ=લાખ. પહાડોમાંથી લાખ જેવો પદાર્થ ગરમીના દિવસોમાં ઝરે છે તે ઉપરથી.

રસાર્ણવમાં શિલાજિત માટે 'धातुसारनिर्यास' શબ્દ યોજાયલો છે.

ઉત્પત્તિ–પરિચય :–ભૂગર્ભમાં જ્યાં જ્યાં પત્થરના કોલસા (lignite) શિલાતૈલ (Petroleum) આદિ ખનિજ પદાર્થો રહે છે, એ સ્થાનોના ઉપરના પહાડોમાંથી, ગરમીની ઋતુમાં કાળો વા કપિલ રંગનો એક જાતનો સ્રાવ નીકળતો જોવામાં આવે છે. આનું નામ શિલાજિત. પત્થરનો કોલસો, શિલાતૈલ અને શિલાજિત આ ત્રણે ય એક કુટુંબનાં દ્રવ્યો છે. શિલાજિતમા અશુદ્ધ શિલાતૈલ (પેટ્રોલિયમ્), લોખંડનો અંશ, જ્વલનશીલ પાર્થિવદ્રવ્ય (Bitumen) અને એક વિશિષ્ટ જાતનું તેલ–આટલું હોય છે. આમાં ૫૦ ટકા ગંધક, ૧૦ ટકા પ્રાણવાયુ હોય છે. શિલાજિતમાં ઔદ્‌ભિદ, પાર્થિવ અને જંગમ–ત્રણેય જાતનાં દ્રવ્યોનો અંશ છે.

આજકાલ શિલાજિતના પત્થરો તરિકે જે ચીજ વેચાય છે તે હલકી કોલસા (લિગ્નાઇટ) જ મોટે ભાગે વેચાય છે. આ પત્થરોને ગાયના સડેલા મૂત્રમાં ભીજવી રાખીને શિલાજિતના પત્થરો તરિકે વેચે છે. આમાથી ઘનીભૂત પાર્થિવ તરલ (mineral Tar) નીકળે છે તે વેચાય છે.

રાસાયણિક પૃથક્કરણ :–કલકત્તા સ્કુલ ઑફ ટ્રૉપિકલ મેડિસિનમાં શિલાજિતનું પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. જેનો રીપોર્ટ નીચે મુજબ હતો :–

જલ	૯.૮૫ ટકા
ઔદ્‌ભિજ્જ દ્રવ્ય	૫૬.૨૦ ,,
ખનિજ દ્રવ્ય	૩૪.૯૫ ,,
	૧૦૦.૦૦
નાઇટ્રોજન	૧.૦૩ ટકા
લાઇમ	૭.૮૦ ,,
પોટાશ	૯.૦૭ ,,
ફૉસ્ફરિક ઍસિડ	૦.૧૬ ,,
સિલિકા	૧.૩૫ ,,

આ રીપોર્ટ ઉપરથી સ્વ. ડૉ. હેમચંદ્ર સેન (એમ. ડી) કહે છે કે શિલાજિત એ 'Hydrocarbon of Bituminus nature' છે. આમાં મીણ જેવો ચીકણો પદાર્થ છે જે ઇથર, આલ્કોહોલથી જુદો પાડી શકાય છે અને જેમા શિલાજિતની ખરી ગંધ રહેલી છે તે જ આનું 'એક્ટીવ પ્રિન્સિપલ' છે. અગ્નિ ઉપર ગરમ કરવાથી આ મીણ જેવા પદાર્થની અસર ઓછી થઈ જાય છે. આથી જ સંસ્કૃત લેખકોએ સૂર્યતાપી શિલાજિત વાપરવા ઉપર ભાર મુકેલો છે. શિલાજિત કાઢવા માટે એને અગ્નિ ઉપર ખૂબ ગરમ કરવાથી શિલાજિતનો ગુણ ઘણો ખરો માર્યો જાય છે શિલાજિતમાં શીઘ્ર ઉડી જનાર પેટ્રોલ જાતિનું તેલ છે એટલે તપાવવામાં એ ઉડી જાય છે. આધુનિક ચિકિત્સકોએ શિલાજિતમા ખનિજ તૈલ (મિનરલ ઓઇલ) જોયુ, એનો આયુર્વેદમાં ક્ષય વગેરે રોગોમાં ઉપયોગ જોયો એટલે એમણે Petrolum Emulsion–પેટ્રોલીયમ્ ઇમલ્સન બનાવી ક્ષય રોગમાં વાપરવા માંડયું છે.

શિલાજિત તિર્યક્‌પાતનથી અગ્નિ વડે પીગળાવવાથી એમાંથી એક વિશિષ્ટ તેલ નીકળે છે જે હાલ Icthyol ઇક્થીયૉલ તરીકે વપરાય

છે. આ તેલમાં ગંધસાર મેળવે છે અને એમાંની વધુ પડતી અમ્લતા ઍમોનિયાની મદદથી દૂર કરે છે. આ રીતે કાઢેલા લવણને Ammoninm Icthiosulphonas=मत्स्यगन्ध–કહેવામાં આવે છે. આમાં ૧૫ ટકા ગંધક હોય છે તેમ ઍમોનિયા પણ હોય છે. ઈકથીયૉલ વિવિધ રીતે આજે ઉપયોગમાં લેવાય છે.

શોધન :–શિલાજિતના પત્થરો ખાંડી ચૂર્ણ બનાવી એક મોટા સ્વચ્છ વાસણમાં એ ચૂર્ણ રાખવું. એમાં શિલાજિતથી બમણું પાણી અને શિલાજિતથી અર્ધા ભાગનો ત્રિફલા કવાથ નાખી ત્રણ કલાક સુધી તાપમાં રાખવું. આ પછી તાપમાં જ રાખી એને હાથ વડે મસળી લઇ, કપડા વડે ગાળી લેવું. આ ગાળેલું કાળું પાણી સ્વચ્છ પાત્રમાં રાખીને પ્રખર સૂર્ય તાપમાં રાખી મૂકવું. ખૂબ સખત તાપ (વૈશાખ કે જેઠ મહિનામાં જ શિલાજિત શોધનનું કામ રાખવું) થી પાણીની ઉપર સ્વચ્છ તથા અતિકૃષ્ણ વર્ણની મલાઈ જેવી સંતાનિકા–તોર વળે છે. આ તોરને ધીમેથી ત્યાં આગળ રાખેલા બીજા પાત્રમાં ગરમ પાણીમાં નાખવી. જ્યારે આ બીજા વાસણમાં પણ પાણી ઉપર તોર તરી આવે ત્યારે તે લઇ ત્રીજા વાસણના ગરમ પાણીમાં નાખવી. આવી રીતે ત્રીજા પાત્રની મલાઇને ચોથા પાત્રમાં ગરમ પાણીમાં નાખવી. આવી રીતે ચારેય પાત્રોના પાણીમાંથી જ્યાં સુધી તોર નીકળ્યા કરે ત્યાં સુધી તોર લઇ લઇને એક સ્વચ્છ પાત્રમાં એકઠી કરવી. જ્યારે પાણી સ્વચ્છ રંગનું થઇ જાય અને નીચે બધા કાકરા રેતી વગેરે પાણીના તળીયે બેસી જાય. જે પાત્રોમાં શિલાજિતનું પાણી રાખવામાં આવ્યું હોય તે પાત્રોને મુદ્દલ હલાવવાં નહિ, નહિતો મલાઈ જરાપણ હાથ નહિ આવે તેમ કાકરા રેતી વગેરે પણ નીચે નહિ બેસે. પાત્ર ઉપર ધૂળ ન પડે એટલા ખાતર એક બારીક મલમલનો કકડો એ પાણી ઉપર ઢાંકી રાખવો. મલાઈ ઉતારતી વખતે પણ પાણીને જરા પણ હલાવવું નહિ અથવા પાણી હાલે નહિ એવી રીતે ધીરેથી મલાઇ લઈ લેવી.*

દ્વિતીય શોધન વિધિ :–ત્રિફલાના કવાથની જગોએ ગૌમૂત્ર નાખીને ઉપર પ્રમાણે શિલાજિતની મલાઈ કાઢી શકાય છે.

તૃતીય શોધન વિધિ :–આ પ્રમાણે ભાંગરાનો તાજો રસ નાખીને ઉપર પ્રમાણે શિલાજિતની મલાઈ કાઢી શકાય છે.

વિશુદ્ધ શિલાજિતની પરીક્ષા :–જળતા અંગારા ઉપર શિલાજિતને નાખીએ તો એમાંથી ધુમાડો ન નીકળે અને અંગારા ઉપર પકાઇને તે લિંગાકાર થઈ જાય. એને જીભ ઉપર રાખીએ તો કટુ તિક્ત સ્વાદ લાગે. એક સળી ઉપર શિલાજિતને લઇને એક કાચના પ્યાલામાં પાણી ભરી તેમાં નાખવાથી ઝીણા ઝીણા રેસાઓ નીકળી ચોતરફ ફેલાઇ જશે. શિલાજિતમાં ગૌમૂત્રની ગંધ પણ હોવીજ જોઇએ.

ગુણ :–શિલાજિતમાં પ્રધાન રસ તિક્ત છે. વિપાકમાં એ કટુ છે, વિશેષ મૂત્રલ છે. યોગવાહિ છે અને રસાયન છે.

શિલાજિત બલકારક છે. શોથ, પાંડુરોગ, ક્ષય, શ્વાસ, પ્લીહા, વૃદ્ધિ, જ્વર, અગ્નિમાન્દ્ય વગેરે રોગોનો નાશ કરનાર છે. અપસ્માર, ઉન્માદ, ઉદરરોગ, હરસ, મૂત્રકૃચ્છ્ર વગેરે રોગોમાં શિલાજિતનો ઉપયોગ થઈ શકે છે.

---

*ઉપર દર્શાવેલી પદ્ધતિથી શિલાજીતના **બહિર્મલ** તથા **અંતર્મલ** બન્ને દૂર થાય છે. આ મલાઇ જેવા શિલાજીતમાં જ્વલનશીલ દ્રવ્ય (Bitumen) અને વિશિષ્ટ તેલ હોય છે, આમાં શિલાતૈલ નથી આવતું (ડૉ. દેસાઇ)

રસરત્નાકરકર્તા નિત્યનાથે શિલાજીતના શોધન માટે મેષશૃંગ અને ભૂર્જપત્રથી શિલાજીતને ધૂમાડો આપવાનું લખ્યું છે. ડૉ. દેસાઇ કહે છે કે આ શોધન અતિ ઉત્તમ છે કારણકે શિંગડું બળતાં તેમાંથી એમોનિઆ ઉદ્દભવે છે જે શિલાજીત સાથે મળે છે, દોષ એટલે અમ્લતા દૂર થઇને તેમાં ક્ષારભાવ વૃદ્ધિ પામે છે.

શિલાજિતના સેવનથી વાતપ્રકોપ, મેદવૃદ્ધિ, ઉરઃક્ષત, હૃદયશૂલમાં સારો ફાયદો થાય છે. શિલાજિત પ્રમેહ રૂપી હાથી માટે સિંહતુલ્ય છે, પ્રબલ શૂલ રૂપી દાનવ માટે કાલાગ્નિ તુલ્ય છે.' કુષ્ઠરોગ, વમન, ગુલ્મ, ભયંકર વાતરક્ત–વગેરે રોગોનો નાશ કરનાર છે. શિલાજિતના સેવનથી મૂત્રમાં થતો ઓજસ્રાવ (આલ્બ્યુમીન) મટે છે. બ્લડ પ્રેસર (રકતાધિક્ય) ઉપર શિલાજિતની ખૂબ જ ચોક્કસ અને સારી અસર છે. રકતાધિક્યને લઇને થતા ઉપદ્રવો વા લક્ષણો–શિર શૂલ, ભ્રમ, હૃદયના થડકા, આંખો ફુલી આવવી જીવ ગભરાવો, અગ્નિમાંદ્ય–આ બધામા શિલાજિતનો ઉપયોગ ગુણદાયી છે. પિત્તાશયમાં જમે થતા પિત્તને અથવા પિત્ત જાડું થઈ કણરૂપ બનેલું હોય તેમાં શિલાજીતનો ઉપયોગ પ્રશસ્ત છે. શિલાજિત સેવનથી પિત્તાશય શુદ્ધી થાય છે અને પિત્તાશય શોથ શાન્ત થાય છે. આથી પિત્તાશ્મરીમાં શિલાજિત બહુ ઉપયોગી દવા છે. શિલાજિતના સેવનથી મધુ પ્રમેહ* શાંત થાય છે અને પૂરેપૂરો મટે નહિ તો પણ તેના ઉપદ્રવોને તો તે જરૂર અટકાવી શકે છે શિલાજિત કમળો તથા ઉલટી–બન્નેને ઠીક કરનાર છે. નાડી મંડળની દુર્બળતા, માનસિક શિથિલતા, અધિક રકતદબાવ, તર્જ્જન્ય ઉન્માદ, આક્ષેપ, મૂર્છા, અપસ્માર, યોષાપસ્માર વગેરે રોગોને શિલાજિત દૂર કરનાર છે. શિલાજિત સેવનથી સ્વેદવાહિનીઓ વિસ્તૃત થાય છે, જેનાથી પરસેવો અધિક પ્રમાણમાં થાય છે અને આને લીધે ઉદરચ્છદાકલા તથા સન્ધિ આદિ સ્થાનોની કલાઓમાં સંચિત થએલું જલ શોષિત થઇ જાય છે હૃદય વધ્યું હોય તો શિલાજિતના ઉપયોગથી ઓછું થાય છે. અને સારી રીતે ઊંઘ પણ આવવા લાગે છે. શિલાજિતના સેવનથી સર્વ શરીરગત ધમનિઓ અને કેશવાહિનીઓ વિસ્તૃત થાય છે. વૃક્ક ઉત્તેજિત થાય છે, પરિણામે વધુ પેસાબ થાય છે. આથી જ શિલાજિત મૂત્રલ, પિત્તનિઃસારક, પ્રવૃદ્ધ રકતવેગહર અને સ્વેદલ છે. વૃક્કની ક્ષુદ્રધમનિઓ જેમ વિસ્તૃત થઈ વધુ પેસાબ ઉત્પન્ન કરે છે. તેમ યકૃતમાં રહેલ ક્ષુદ્ર ધમનીઓ પણ શિલાજિતના ઉપયોગથી વિસ્તૃત થાય છે અને યકૃતમાં સંચિત થએલું પિત્ત અધિક માત્રામાં નીકળવા લાગે છે. હૃદય વગેરે યત્રોની નષ્ટ થએલી સ્વાભાવિક ક્રિયાઓને પુનઃ સંજીવન કરવા માટે કે વધેલી ક્રિયાઓને નિયમિત કરવા માટે શિલાજિત સર્વોત્તમ દવા છે એમ કહીએ તો તો ચાલે. શિલાજિત સેવન કરવાથી મૂત્રાશયનો શોથ તથા રક્ત સંચયના કારણથી થવાવાળો મૂત્રાશયસ્રાવ અર્થાત્ અધિક મૂત્ર પ્રવૃત્તિ નષ્ટ થઈ જાય છે.

શિલાજિતના સેવનથી મૂત્રની પ્રતિક્રિયા (Reaction) માં કોઇ જાતનું પરિવર્તન થતું નથી, તેમજ મૂત્રના વર્ણ તથા ગધમાં પણ કોઇ પરિવર્તન જણાતું નથી પરંતુ એના સેવનથી ચોવીસ કલાકમા થનાર કૂલ પેસાબમાં લગભગ પહેલાં કરતાં ડબલ પેસાબ થાય છે. મૂત્ર પરિમાણમાં વૃદ્ધિની સાથે મૂત્રમાં આવતાં લવણોની માત્રા પણ વધી પડે છે, અર્થાત્ પેસાબમાં જો પહેલાંથી આલ્બ્યુમીન અથવા શર્કરા નીકળતી હોય તો શિલાજિત સેવનથી તે અટકી જાય છે.

માત્રા :–૨ રતીથી ૮ રતી સુધીની માત્રામાં રોગીનું બલ જોઇને. પ્રાચીન વૈદ્યોએ શિલાજિતની માત્રા ૧ કર્ષ, અર્ધું પલ અને એક પલ સુધી હીન, મધ્યમ અને ઉત્તમ બલવાળાં મનુષ્યો માટે નિયત કરેલી છે. પરંતુ આ પ્રાચીન મનુષ્યોની માત્રા આજનાં તકલાદી મનુષ્યો માટે યોજતા પહેલાં વિચાર કરવો જોઈએ.

*ડૉ. ચોપ્રા અને જે. પી બોઝ કહે છે કે મધુમેહીની રકતશર્કરા ઉપર કે મૂત્રશર્કરા ઉપર શિલાજિતની અસર મુદ્દલ નથી

આમયિક પ્રયોગ :-

रसोपरससूतेन्द्ररत्नलोहेषु ये गुणाः ।
वसन्ति ते शिलाधातौ जरामृत्युजिगीषया ॥
(ર. ર. સમુચ્ચય.)

અભ્રકાદિરસ, ગન્ધકાદિ ઉપરસ, પારદ તથા સમસ્ત રત્નો અને લોહ વગેરે ધાતુઓ-આ બધામાં જે જે ગુણો રહેલા છે તે બધા જ ગુણો (જરા અને મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરવાની ઇચ્છા થકી) શિલાજિતમાં પણ રહેલા છે.

શિલાજિત 'नात्युष्णं नातिशीतलम्' અર્થાત્ તે નથી બહુ ગરમ કે નથી બહુ ઠંડો. શિલાજિત પરમ યોગવાહિ છે.

ચરકમાં કહ્યું છે કે પૃથ્વી ઉપર એવો કોઈ રોગ નથી જેને શિલાજિત મારી ઝૂડીને કાંઢી કાઢી ન શકે.

આઠ મહારસોમાં શિલાજિતની ગણના થએલી છે.

ભિન્ન ભિન્ન અનુપાનો સાથે શિલાજિત ઘણા ખરા રોગોમાં વાપરી શકાય છે. ડૉ. દેસાઈ કહે છે કે "આની જેટલી સ્તુતિ કરીએ તેટલી થોડી છે. આ સર્વ રોગોમાં ચાલે એવી દવા છે."

શિલાજિતનું મારણ :- આપણે ઉપર જોઇ ગયા છીએ કે શિલાજિતને તપાવવાથી એમાં રહેલ ઉડનશીલ પદાર્થનો નાશ થાય છે અને એનો ગુણ ઓછો થાય છે. પરંતુ રસરત્નસમુચ્ચયમાં **શિલાજિતનું મારણ** આપેલું છે. "સમભાગ મનઃશિલ, ગંધક અને હરિતાલ સાથે શિલાજિતને માતુલુંગના રસમાં ઘૂંટીને આઠ અડાયાંની અગ્નિની આંચ આપવાથી શિલાજિતની ભસ્મ થઈ જાય છે." આ ભસ્મીભૂત થએલ શિલાજિતમાં સમાન ભાગે કાન્તલોહ ભસ્મ અને વૈક્રાન્તભસ્મ મીલાવી, આ મિશ્રણની એક વાલ જેટલી માત્રા ત્રિફલા ત્રિકટુના ચૂર્ણ તથા ઘીની સાથે ચાટવાથી અથવા આ અનુપાન સાથે ૧ વાર દવા સેવન કરવાથી પાંડુ, યક્ષ્મા, અગ્નિમાંદ્ય, પ્રમેહ, અર્શ, ગુલ્મ, પ્લીહાવૃદ્ધિ ઉદર, બહુવિધ શૂલરોગો અને સ્ત્રીઓના યોનિ રોગો નાશ પામે છે. આ રસાયન પ્રયોગ બરાબર ૭ માસ સુધી સેવન કરવાથી વલિપલિત નિર્મુક્ત રહીને સુખેથી સો વર્ષ માણસ જીવી શકે છે.

શિલાજિતનું સત્ત્વપાતન પણ રસરત્નસમુચ્ચયકારે દર્શાવેલું છે.

વક્તવ્ય :- રસરત્નસમુચ્ચયકારે શિલાજિતના બે ભેદો દર્શાવેલા છે (૧) ગોમૂત્ર શિલાજતુ અને (૨) કર્પૂર શિલાજતુ. ગોમૂત્ર શિલાજતુના પાછા બે ભેદો દર્શાવેલા છે (૧) સસત્ત્વ અને (૨) નિઃસત્ત્વ. ગોમૂત્ર શિલાજતુ ગુણમાં અધિક ગણાવેલું છે.

કર્પૂર શિલાજતુ એટલે સુરોખાર એમ વિદ્વાનોએ નક્કી કર્યું છે. આજે પણ શિલાજિતના અભાવમાં વૈદ્યો ચંદ્રપ્રભા વગેરેમાં સુરોખાર જ વાપરે છે. જ્યારથી રસશાસ્ત્રની પડતીના ગણેશ બેઠા ત્યારથી અશિક્ષિત વૈદ્યોએ આવાં દ્રવ્યો વાપરવા માંડયાં હશે. સુરોખાર શિલાજિત જેવો સૂત્રલ હોવાથી આ ચોકઠું ગોઠવાયું લાગે છે. પાષાણનું એક નામ कर्पूरशिला છે.

ચરકમા मल શબ્દ (સૂ. ૧-૭૦) શિલાજિત માટે વપરાયલો છે. ચક્રપાણિદત્ત લખે છે કે "समलाः इति मलशब्देन शिलाजतूनि लोहमलरूपाणि गृह्यन्ते।" મલ શબ્દથી શિલાજિત એ ધાતુઓના મલ જેવા રૂપમાં છે એમ માનવાનું છે. ચરકમાં ચાર જાતના શિલાજતુનો ઉલ્લેખ છે. "चतुर्भ्यो धातुभ्यः तस्य सम्भवः। हेम्नोऽथ रजतात्ताम्रात् वरं कृष्णायसादपि" (ચરક ચિ. ૧) સુવર્ણ, ચાંદી, તામ્ર અને લોહ આ ધાતુઓમાંથી શિલાજિત ઉત્પન્ન થાય છે. સુવર્ણવાળા પહાડમાંથી નીકળતો શિલાજિત જપા પુષ્પ સમાન લાલ હોય છે, વજનદાર હોય છે અને સહેજ

કડવો, વિશેષ મધુર અને તે ઉત્તમ રસાયન છે. ચાંદીવાળા પહાડમાંથી નીકળતો શિલાજિત સ્વાદમા મધુર રંગમા સ્હેજ પીળો, ભારે, પિત્ત રોગોનો નાશ કરનાર, વિશેષ કરીને પાંડુ રોગનો નાશ કરનાર છે. તાંબાના પહાડમાથી નીકળતો શિલાજિત નીલવર્ણનો, નક્કર, ભારે હોય છે. (રસરત્નસમુચ્ચય). લોહ શિલાજતનું વર્ણન ઉપર આપેલું નથી પરંતુ લોહ, સીસું, બગ વગેરે ખનિજોના પત્થરોમાંથી પણ શિલાજિત મળે છે. પરંતુ ઉપલા ત્રણ જ દવા માટે વિશેષ ઉપયોગી હશે એટલે તેટલાનો ઉલ્લેખ કરીને જ પતાવ્યું છે.

વાતગુલ્મમા ચરકે પંચમૂલના ક્વાથ સાથે શિલાજિતનો પ્રયોગ સૂચવેલો છે ત્રિફલાના ક્વાથ સાથે શિલાજિતના સેવનથી ત્રિદોષજન્ય શ્વયથુ પણ જલદીથી નાશ પામે છે (ચરક ચિ. ૧૨-૪૯). ઉદરમાં क्षीराशी वा शिलाजतु (ચિ. ૧૩-૧૫૩) શિલાજતુનો પ્રયોગ એકલા દૂધ ઉપર રહીને કરવાનું સૂચન છે. પાડુરોગમાં शिलाजतुवटका' નો પાઠ સુંદર છે. હૃદય રોગની ચિકિત્સામાં शिलाह्वयं वा भिषगप्रमत'। प्रयोजयेत् कल्पविधानदिष्टम् (ચિ ૨૬-૯૯) એટલું શિલાજિત રસાયન વિહિત વિધિથી વૈદ્યે આપવુ જોઇએ. વાતવ્યાધિ ચિકિત્સામા વાતના આવરણોનું બયાન કરાવ્યા પછી "शैलस्य जतुनोऽत्यर्थं पयसा गुग्गुलोस्तथा। વાતરોગોમાં શિલાજિતનું અત્યંત સેવન કરવા સૂચવેલું છે. ચિ. ૩૦ માં गिरिजस्य प्रयोगश्च रेतोयोन्यपोहति॥" શિલાજિતના પ્રયોગથી વીર્યના અને યોનિના રોગો દૂર થાય છે એમ કહેવામા આવ્યું છે.

સુશ્રુતમાં ૭ જાતનો શિલાજિત ગણાવેલો છે.

ડૉ. ચોપ્રા અને જે. પી. બોઝ જણાવે છે કે શિલાજતુના આટઆટલા ગુણો તેમાં રહેલ Benzoic acid and Benzoates ને લઇને જ છે અને શિલાજિતનું ખરું એકટીવ પ્રિન્સિપલ પણ એ જ છે.

બહાર લગાવવા અને ચોપડવાના કામમા પણ શિલાજિતનો ઉપયોગ થાય છે. મચક અને અસ્થિચ્યુત ઉપર શિલાજિતનો લેપ સારું કામ કરે છે. ઊકાળેળાને લાંબા કાળ સુધી બગડયા સિવાય સારા રાખવા માટે તેમાં શિલાજિત નાખવામા આવે છે. શિલાજિતથી ફુગ વળતી નથી. દુઝાત અને ખૂબ દરદવાળા અર્શ ઉપર શિલાજિત ખૂબ જ ઉપયોગી દવા છે કારણ કે એ યકૃતને સુધારનાર છે. **શિલાજિત રેચક છે અને અફીણના દુર્ગુણોનું એ મારણ છે.**

અશુદ્ધ શિલાજિત ખાવાથી ઉત્પન્ન થએલ વિકારોની શાંતિ માટે ત્રણ માસા મરીનુ ચૂર્ણ સાથે સાત દિવસ સુધી ચાટવા 'રસજલનિધિ' જણાવે છે ('ભારતીય રસશાસ્ત્ર'માંથી)

નારિયેળનું પાણી

नारिकेलोदकं स्निग्धं स्वादु वृष्यं हिमं लघु।
तृष्णापित्तानिलहरं दीपनं बस्तिशोधनम्॥

(અષ્ટાંગ હૃદય – સૂત્રસ્થાન – અ. ૫–૧૯)

લીલા નારિયેળનું પાણી સ્નિગ્ધ છે–સ્નેહન કરનાર છે, રસમાં સ્વાદિષ્ટ છે, વાજીકરણ શક્તિ સંપન્ન છે, શીતળ છે, પચવામાં હલકું છે તૃષા, પિત્ત અને વાયુના રોગોને હરનાર છે. જઠરાગ્નિ પ્રદિપ્ત કરનાર છે, મૂત્રાશયનું વિશોધન કરનાર છે કારણકે પેસાબને સાફ લાવનાર છે.

નારિયેળ પાણીના ગુણ ચરકે નથી આપ્યા, સુશ્રુતે એનો ગુણ 'ગુરુ' કહેલો છે જ્યારે વાગ્ભટે સૌ પ્રથમ આટલી સ્પષ્ટ રીતે આનું મહત્વ દર્શાવેલું છે. અને ખરેખર આ એક શ્લોકમાં નારિયેળના પાણીનો મહિમા સુંદર ગાયેલો છે. નારિયેળના પાણીને **વૃષ્ય** કહીને આ પાણીમાં રહેલ શક્તિને વાગ્ભટે યોગ્ય અર્ધ્ય અર્પેલો છે.

આધુનિકો કહે છે કે લીલા નાળિયેળના પાણીમાં ગ્લુકોઝ (ફ્લશર્કરા)નો સારો ભાગ છે જ્યારે પાકટ નારિયેળના પાણીમાં સુક્રોઝ (ઇક્ષુ શકરા)નો મોટો ભાગ છે. માનવ શરીરમાં જે જળ છે તે જળને લગભગ મળતું નારિયેળનું પાણી છે. નારિયેળના પાણીમાં પોટાસિયમ્ લવણો ઠીક પ્રમાણમાં છે જે માનવશરીરસ્થ જલ (ઇન્ટ્રાસેલ્યુલર ફ્લ્યુઇડ)ને મળતું છે. મૅગ્નેસિયમ્ અને કૅલ્સિયમ્ પણ સારા પ્રમાણમાં છે. સોડિયમ્ નહિ જેવું છે. એટલે સોજાના દરદીઓ માટે આ પાણી બહુ સુંદર છે. પ્રોટીનનું પ્રમાણ એમ તો સ્વલ્પ છે. પરન્તુ તેમાં પાચક દૃષ્ટિએ અતીવ ઉપયોગી એવાં એમિનો એસિડો રહેલાં છે. આ જલમાં નિકોટિનિક અને પેન્ટોથિનિક આ બે જાતનાં વિટામિનો સારા પ્રમાણમાં છે. આમાં એમિલેઝ, ડાયાસ્ટેઝ, કેટેલેઝ, પૅરોક્સિડેઝ આટલા પાચક રસો છે.

સ્નેહ (ચરબી)નું પ્રમાણ લીલા નારિયેળના પાણીમાં અત્યલ્પ છે. પાકટમાં કંઇક વિશેષ છે. આનું પાણી એટલું બધું નિર્મળ છે છે–દોષ-રહિત છે કે એનાં નસમાં ઈંજેકસનો આપી શકાય છે સેલાઇનિ અને ગ્લુકોઝની જગોએ આનો ઉપયોગ થઈ શકે એમ છે. કુદરતે એને એટલું બધું સુરક્ષિત બનાવેલું છે કે કાચની એમ્પ્યુલમાં ભરેલ પ્રવાહિ કરતાં તે વધુ સુરક્ષિત છે. એમાં ચીરો પડયો હોય તો જંતુઓ બહુ જલદીથી આ જલમાં વધે છે. પરન્તુ નારિયેળના પડમાં ચીરો પડવાનું શકયજ નથી. આ પાણીને વાસી રાખી મૂકવું ન જોઇએ, કારણકે જંતુઓ એમાં ઝપાટાબંધ વધી શકે છે. નારિયેળના પાણીને આથી કરી કદી રાખી મૂકવું ન જોઇએ, તુરતજ તે પી જવું જોઇએ.

તૃષા છીપાવવાનો આ પાણીનો ગુણ અદ્દભુત છે. ઉદર રોગીઓ માટે પાણી અમૃત જેવું કાર્ય કરે છે. પેસાબ સાફ લાવનાર છે, મીઠાનો ભાગ અંદર નથી એટલે સોજા અને ઉદર રોગના દરદીઓ માટે નારિયેળનું પાણી ઉત્તમ પેય છે. આ પાણીની 'વૃષ્ય' શકિતનો અનુભવ તો આ પાણી છૂટથી વાપરનારાજ કહી શકે.

નારિયેળનું પાણી પીતાં કુદરતની કરામતનો હમેશાં વિચાર આવે છે. સમુદ્ર કિનારે થતાં આ ગગનચુંબી વૃક્ષો પોતે ખારું પાણી લે છે અને મીઠું પાણી સંઘરે છે. એ આ ઝાડનો માનવસમાજ ઉપરનો મહદુપકાર છે.

(મેડિકલ ડાયજેસ્ટ ૧૯૫૪ સપ્ટેમ્બરમાં આવેલ ઉપરથી સ્ફુરિત ભિષગ્ભારતીમાંથી.)

सौतिकम्
(સંકલિત પ્રસૂતિ તંત્ર)

લેખકઃ
શ્રી વૈદ્ય પ્રભુભાઇ ભક્ત આયુર્વેદાચાર્ય, કાવ્યતીર્થ,
પ્રોફેસર ઓ. ના. આયુર્વેદ મહાવિદ્યાલય, સૂરત.

અધ્યાયઃ ૧ સ્ત્રી શારીર

अथाऽतो स्त्रीशारीरमध्यायम् व्याख्यास्यामः इति ह स्माहुरात्रेयादयो महर्षय ।

योनितंत्रम्–तस्य त्र्यावर्त विभागाः।

શંખની નાભિ અર્થાત્ મધ્યભાગ જેવી રીતે વચ્ચે મોટા અને પહોળો અને બંને તરફ તંગ હોય છે, તેના જેવી યોનિની આકૃતિ હોય છે. યોનિની રચનામાં આ આવર્તો તેની આન્તરિક ત્વચા ઉપર જોવામાં આવે છે. યોનિમાં ત્રણ આવર્તો હોય છે અને તેના ત્રીજા આવર્તમાં ગર્ભાશય્યા (જેમાં ગર્ભ શયન કરે છે યા અવસ્થાન કરે છે તે સ્થાન અર્થાત્ ગર્ભાશયનો અંદરનો અવકાશ (*Uterine cavity*) પ્રતિષ્ઠિત અર્થાત્ રહેલી છે)*

स्त्री कटी विशेषः–

ચરક કહે છે કે સ્ત્રીઓનો અધો ભાગ ગુરૂ હોય છે.× પુરૂષોનો ઉર્ધ્વ ભાગ ગુરૂ હોય છે. પુરૂષની છાતીની સમાન વિસ્તારની સ્ત્રિયોની શ્રોણિ હોય છે.+ સ્ત્રિયોનો છાતીનો ભાગ અઢાર અંગુલ વિસ્તારનો હોય છે અને પુરૂષોની કટિ પણ અઢાર અંગુલના પ્રમાણની (સ્ત્રીની છાતીના સમાન પ્રમાણ) હોય છે. ભગ વિસ્તાર (યોનિ વિસ્તાર) બાર અંગુલનો હોય છે. ચરકના મત મુજબ કટિનો વિસ્તાર ૧૬ અંગુલિનો હોય છે.

कटी अस्थि–संधिनाम् संख्या नाम–स्वरुप संबंधः, कटिविवर :–

શ્રોણિ પ્રદેશમાં પાંચ અસ્થિ હોય છે તે પૈકી ગુદ–ભગ અને નિતમ્બમા ચાર તથા ત્રિકમાં એક હોય છે.÷ શ્રોણી ફલકોપ ત્રણ સંધિયો હોય છે. ભગ અને નિતમ્બમાં સામુગ્દ સંધિ હોય છે. તથા કટિ કપાલોમાં તુન્ન સેવની સંધિ હોય છે. પૃષ્ઠ વંશમાં પ્રતર સંધિ હોય છે.

કટિના બંને પાર્શ્વોમાં એક એક શ્રોણિ ફલક રહેલું છે. કટિ પ્રદેશની સર્વ અસ્થિયોમાં આની અગત્યતા ઘણી છે. તે સૌથી વિશાલ છે. કટિના પાર્શ્વથી સક્થિના ઉપરના ભાગ સુધી તેનો વિસ્તાર છે. તેની આકૃતિ વિષમ હોય છે. રચના અનુસાર આ અસ્થિનો અન્તર્ભાવ કપાલાસ્થિમા થાય છે. અસ્થિ પંજરને જોઇએ તો આ બંને અસ્થિઓ તિર્યક્ રીતે ગોઠવાયલી પ્રતીત થાય છે. આ બંને અસ્થિયો પરસ્પર આગળના ભાગ પર જોડાયલ છે. પાછળના ભાગ પર બંને અસ્થિઓ ત્રિકાસ્થિથી જોડાયલી છે. આ બંને અસ્થિઓ તથા ત્રિકાસ્થિના સંયોગથી એક ચક્ર બને છે જેને શ્રોણિચક્ર (*Pelvic girdle*) કહે છે.

---

* शंखनाभ्याकृतिर्योनिस्त्र्यावर्ता सा प्रकीर्तिता।
तस्यास्तृतीये त्वावर्ते गर्भशय्या प्रतिष्ठिता॥ (सु. शा. अ ५–४३)

× अधोभागो गुरुः स्त्रीणामूर्ध्वं पुंसा गुरुस्तथा ॥ (चरक)

+ पुरुषोरः प्रमाणविस्तीर्णा स्त्रीश्रोणिः, अष्टादशांगुल विस्तारमुरः तत्प्रमाणा पुरुषस्य कटी॥ (सु सू. अ. ३५–१२) द्वादशांगुलानि भगविस्तारः षोडशांगुल विस्तार कटी। (च. चि. अ. ८)

÷ श्रोण्यां पंच, गुद भग नितम्बेषु चत्वारि, त्रिकसंश्रितमेकम्। त्रयः कटीकपालेषु। (सु. शा. अ. ५–१९) गुदभगनितम्बेषु सामुद्गा। ग्रीवा पृष्ठवंशयोः प्रतराः, शिरः कटीकपालेषु तुन्नसेवन्यः॥ (सु. शा. अ. ५–२७)

આ અસ્થિયોના મધ્યમાં જે સુશિર ભાગ (વિવર–પોલો) રહેલો છે તેને બસ્તિગુહા યા બસ્તિગહ્વર (*Pelvic carity*) કહે છે. પુરૂષોની આ ગુહા સંકુચિત તથા ઉંડી હોય છે. સ્રીઓની છાછરી તથા લંબાઇ અને પહોળાઈમાં વધુ હોય છે.

ત્રિકાસ્થિની નીચે ગુદાસ્થિ રહેલી છે.

આધુનિક દૃષ્ટિએ વિચાર કરીયે તો માલૂમ પડે છે કે યુવાવસ્થામાં આ શ્રોણિ ફલક ત્રણ અસ્થિયોનો સંયોગથી બનેલું લાગે છે. આ અસ્થિના વંક્ષણો દૂખલ નામના ભાગમાં એકઠા થતા ત્રણ અસ્થિયોની સંધિયો જોવામાં આવે છે. આના જઘનકપાલ–કુકુંદરાસ્થિ અને ભગાસ્થિ આ ત્રણ ભાગો છે.

કટિવિવર યા શ્રોણીગવાક્ષ ભગાસ્થિ અને કુકુંદરાસ્થિની વચ્ચે આવેલું છે. સમગ્ર શરીરમાં રહેલી અસ્થિયોમાં જોવામાં આવતાં સર્વ છિદ્રોમાં આ છિદ્ર સૌથી મોટું છે. જીવિતાવસ્થામાં આ દ્વાર એક કળાથી આવૃત હોય છે પુરૂષોમાં આ દ્વાર પહોળું અને લંબગોળ હોય છે સ્રીયોમાં સંકુચિત અને ત્રિકોણાકાર હોય છે.

સ્રિયોની શ્રોણિગુહાનું બંધારણ–ગર્ભવૃદ્ધિ તથા પ્રસવની ક્રિયાને અનુકૂળ હોય છે. સ્રિયોની આ ગુહા છાછરી તથા પહોળી હોય છે તેના બંને દ્વારો મોટા તથા અસ્થિયો હલકા–કોમળ અને લીસા હોય છે. સ્રિયોની ગુદાસ્થિ સગર્ભાવસ્થામાં વધારે છુટથી આઘું પાછું થઈ શકે છે. અને તેથી બાળકને બહાર આવવામાં સરળતા પડે છે. સ્રિયોની ભગસંધિનો વિસ્તાર મોટો હોય છે સગર્ભાવસ્થામાં આ સંધિ શિથિલ થાય છે જેથી શ્રોણિગુહાનો વિસ્તાર વધે છે. પુરૂષોમાં આ ગુહા ઉંડી તથા સાંકડી હોય છે તથા ભગ સંધિ નાની હોય છે. પ્રત્યેક સ્રીની શ્રોણિગુહામાં પણ થોડો ઘણો ફેરફાર હોય છે. સ્રી શરીરની ઉંચાઇની અસર શ્રોણિગુહાના કદ પર ખાસ જણાતી નથી.

कटीस्थाः आशयाः, तेषां परस्पर संबंधः–

કટિપ્રદેશ યા બસ્તિગુહામાં ૩ પ્રધાન આશયો આવ્યા છે. મૂત્રાશય–ગર્ભાશય અને મળાશય. આ આશયોમાં ઉદરની ત્વચાની (બાહ્ય આવરણ) નીચે મૂત્રાશય તેની નીચે ગર્ભાશય અને તેની નીચે મળાશય આવ્યું છે. સગર્ભાવસ્થામાં આ આશયોની ઉપયોગિતા ઘણી છે.

પ્રસવની પ્રથમાવસ્થામાં મળાશય ખાલી રહેવું જોઇએ, તેને માટે મૃદુ વિરેચન યા બસ્તિ આપવી જરૂરી છે ગર્ભના રસ્તામાં આથી રૂકાવટ થતી નથી તથા પ્રસવના સમયે મળથી અપત્યમાર્ગ તથા અન્ય વસ્ત્ર વગેરે ખરાબ થવાનો ભય રહેતો નથી, મૂત્રાશય પણ જો આ સમયે ખાલી હોય તો સમ્યક્ પ્રસવ થાય છે. મળાશય તથા મૂત્રાશય ખાલી રહેવાથી ગર્ભનો માર્ગ નિષ્કંટક થઇ જાય છે.

વિકૃતિની દૃષ્ટિએ વિચાર કરીએ તો ગર્ભાશય યા યોનિના રોગોમાં વાતાનુલોમન, મળ મૂત્ર પ્રવર્તક ઔષધો આપવાની જરૂરિયાત રહે છે.

गर्भाशयः तस्य प्रमाणं, आशयद्वारं, तत्रस्थ पेशीवर्णनम्, योनिगतवाहिन्यः तासां विवेचनम्ः–

રોહિત માછલીનું મુખ જે સ્વરૂપનું હોય છે તેના જેવા સ્વરૂપનું અને આકૃતિવાળું ગર્ભાશય હોય છે.* ગર્ભાશય શ્રોણિગુહામાં મૂત્રાશય અને મળાશયની મધ્યમાં રહેલું છે. ગર્ભાશય

---

* यथा रोहितमत्स्यस्य मुखं भवति रूपतः।
तत्संस्थानां तथारूपां गर्भशय्यां विदुर्बुधाः॥ (सु. शा. ५–४४)

ગોનિમાર્ગની ઉપલી દિવાલ સાથે લાગેલું હોય છે. યુવાવસ્થામાં ગર્ભ વિનાનું ગર્ભાશય મુઠી જેટલું હોય છે. જ્યારે સગર્ભાવસ્થા પ્રાપ્ત થાય ત્યારે તે મોટું થાય છે. ગર્ભાશયના ત્રણ મુખ્ય વિભાગો હોય ગર્ભાશયમુખ–ગ્રીવા અને શરીર.

ગર્ભાશયદ્વાર:–(મુખ) આ ભાગ યોનિમાર્ગના ઉપરના ભાગ સાથે જોડાયલો હોય છે. આની ઉપર એક ગોળ છિદ્ર આવેલું હોય છે જેને ગર્ભાશયદ્વાર (*External orfice of the Uterus*) કહે છે જેના દ્વારા ગર્ભાશય તથા યોનિમાર્ગ એકબીજાના સંબંધમાં આવે છે. આ દ્વાર હંમેશા સંકુચિત હોય છે જ્યારે ઋતુદર્શન થાય છે ત્યારે તે મોટું થઈ માસિકસ્રાવને બહાર જવાનો માર્ગ આપે છે. સુશ્રુતે કહ્યું છે કે જેવી રીતે દિવસ સમાપ્ત થવા પર કમળ નિશ્ચિત સંકુચિત થાય છે તેવી રીતે ઋતુ સમાપ્ત થવા પર સ્ત્રીની યોનિ સંકુચિત થાય છે.*

ગર્ભાશયગ્રીવા:–ગર્ભાશય મુખ તથા શરીર વચ્ચેનો આ સાંકડો ભાગ લગભગ બે અંગુલ લાંબો છે. તેની અંદરના ભાગને ગ્રીવાસરણિ (*Cervical Canal*) કહે છે. માસિકસ્રાવના સમય સિવાય આ માર્ગમાં કફ રહે છે.

ગર્ભાશયનો શરીરભાગ:–આનો આકાર તુંબડીના જેવો છે, અંદરથી આ ભાગ ત્રિકોણાકાર હોય છે આના દરેક ખુણા પર આર્તવવહ સ્રોતોનું દ્વાર ઉઘડે છે. આ તુંબી સદશ આકારવાળા ભાગમાં સગર્ભાવસ્થામાં અપરા લાગેલી હોય છે શ્રોણિગુહામાં ગર્ભાશય સમ હોતું નથી પરંતુ મૂત્રાશયની તરફ આગળ કંઈક ઝુકેલું હોય છે. આ ઝુકાવ ગ્રીવા અને શરીરના સંયોગ પર હોય છે. આઠ બંધનોથી ગર્ભાશય બંધાયલું રહે છે જેથી તે પોતાનાં નિયત સ્થાનમાં રહે છે.

યોનિ અને ગર્ભાશયની પેશિયો×–અપત્યમાર્ગમાં ચાર પેશિયો હોય છે. આમાંથી બે અંદરની તરફ ફેલાયલી હોય છે અને બે બહારની તરફ મુખ પર રહેલી હોય છે. ગર્ભ છિદ્ર પર ત્રણ અને શુક્ર તથા આર્તવને પ્રવેશ કરાવનારી ત્રણ પેશિયો હોય છે. કુમારિકાનું ગર્ભાશય સ્થિર પેશીથી નિર્મિત હોય છે.

પુરૂષોમાં શિશ્ન અને વૃષણ સંબંધી જે પેશીયો હોય છે તે સ્ત્રિયોના અન્તર્ગતફળને (બીજ કોષ) આવૃત કરીને રહેલી હોય છે.+

શુક્રોત્પત્તિને માટે બે શુક્રવહ ધમનિયો હોય છે. બે શુક્ર વિસર્જનને માટે હોય છે તે શુક્રવહ ધમનિયો સ્ત્રિયોમાં આર્તવ વહનનું કામ કરે છે. અધોગામી ધમનિયો શુક્ર તથા આર્તવને અધોભાગમાં વહન કરે છે.÷

---

* नियतं दिवसेऽतीते संकुचत्यम्बुजं यथा।
ऋतौ व्यतीते नार्यास्तु योनिः संव्रियते तथा॥ (सु. शा. ३-९)

× अपत्यपथे चतस्र.–तासां प्रसृतेऽभ्यन्तरतो द्वे, मुखाश्रिते बाह्ये च वृत्ते द्वे, गर्भच्छिद्रसंश्रितास्तिस्रः, शुक्रार्तवप्रवेशिन्यस्तिस्र एव॥ (सु. शा. ५-३९)

+ पुंसां पेश्यः पुरस्ताद्याः प्रोक्ता मेहनमुष्कजाः।
स्त्रीणामावृत्य तिष्ठन्ति फलमन्तर्गतं हिताः॥ (सु. शा. ५-४१)

÷ शुक्रवहे द्वे शुक्रप्रादुर्भावाय, द्वे विसर्गाय, ते एव रक्तमभिवहतो (विसृजतश्च) नारीणामार्तवसंज्ञं।
अधोगमास्तु वात...... शुक्रार्तवादीन्यधो वहन्ति (सु. शा. ९-७)

आर्तव वहस्रोतांसि – तयोःस्वरुपम् – कार्यम् (व्यान अपानयो स्थानिकं कार्यम्):-

આર્તવવહસ્રોત બે છે. તેનું મૂળ ગર્ભાશય અને આર્તવવાહી ધમનિયો છે.* આર્તવ શબ્દના બે અર્થ થાય છે. આર્તવશોણિત (*Menstrual blood*) અને સ્ત્રી બીજ (*Ova*) આ બે અર્થ અનુસાર આર્તવવહ સ્રોતોના પણ બે અર્થ થાય છે. આર્તવશોણિતને વહન કરવાવાળા સ્રોતો (*Blood vessels and capillaries*) તથા બીજને વહન કરનારા સ્રોતો (*Fallopian tubes*). ચરકે આ આર્તવવહ સ્રોતોનો (રજોવહ) સંબંધ પ્રદરની સંપ્રાપ્તિમાં બતાવ્યો છે. આ વચનની ફલિત થાય છે કે આર્તવવહ સ્રોતોથી ગર્ભાશયમાં રહેલી રક્તવાહિનીયોનો બોધ થાય છે.×

અષ્ટાંગ સંગ્રહમાં પણ કહ્યું છે કે ગર્ભાશયગત રક્તથીજ આર્તવ બને છે.+ આર્તવવાહી ધમનિયોથી ગર્ભાશય અને બીજકોષની ધમનિયો સમજવી (*Uterine and ovarain arteries*) ગર્ભવતી સ્ત્રિયોના આર્તવવહ સ્રોતોનો માર્ગ ગર્ભ દ્વારા બંધ થઈ જાય છે. એટલા માટે ગર્ભાધાન બાદ ગર્ભવતી સ્ત્રિયોમાં આર્તવસ્રાવ દેખાતો નથી. ગર્ભાશયની જે શ્લેષ્મળકલા અને રક્તાવાહિનિયોથી આર્તવ શોણિત બને છે તે ગર્ભની ઉપસ્થિતિથી અને તેના સંપર્કથી બનતો નથી અર્થાત્ આર્તવનો માર્ગ બંધ કરે છે.

આર્તવવહ સ્રોતોનો વેધ થવાથી વન્ધ્યતા, મૈથુન કર્મને સહન ન કરવું તથા આર્તવ નાશ થાય છે, મૈથુનની અસહિષ્ણુતા મૈથુન સમયે થવાવાળી વેદનાથી ઉત્પન્ન થાય છે આ સ્થાન પર વેધ થવાથી યોનિ ગર્ભાશય તથા આસપાસના ભાગો પર ઘા યા વ્રણ થવાથી મૈથુનમાં અસહિષ્ણુતા ઉત્પન્ન થાય છે.

સ્રોતોમૂળમાં વિદ્ધ થયેલા રોગીયોને અસાધ્ય સમજી ચિકિત્સા કરવી જોઈએ. શલ્ય કાઢયા બાદ ક્ષત અનુસાર ચિકિત્સા કરવી.÷

અપાનવાયુના સ્થાનો પક્વાશય – ગુદા – વૃષણ – મૂત્રેન્દ્રિય – મૂત્રાશય – નાભિ – જાંઘ તથા વંક્ષણ છે. આનું કાર્ય આવેગકાળમાં મળ – મૂત્ર – શુક્ર – આર્તવ તથા ગર્ભને ધારણ કરવાનું છે. અને વેગ અર્થાત્ કાળ ઉપસ્થિત થવા પર આ વાયુ શુક્ર – આર્તવ – ગર્ભ વગેરેને બહાર કાઢે છે.

વ્યાન વાયુ સમસ્ત શરીરમાં રહી રસરક્તાદિનું સંવહન કરે છે. સ્વેદ તથા રક્તનો સ્રાવ (કેશિકા યા સ્રોતોથી રસનો સ્રાવ) કરે છે. તથા વિવિધ અવયવોમાં માંસધાતુથી થવાવાળી પાંચ પ્રકારની ચેષ્ટાઓ આ વાયુને કારણેજ થાય છે.

---

* आर्तववहे द्वे, तयोर्मूलं गर्भाशयः आर्तववाहिन्यश्च धमन्यः। तत्र विद्धायां वन्ध्यात्वं मैथुनासहिष्णुत्वमार्तवनाशश्च। (सु. शा. अ. ९–१२)
गृहीतगर्भाणामार्तववहानां स्रोतसां वर्त्मान्यवरुध्यन्ते गर्भेण तस्माद् गृहीतगर्भाणामार्तवं न दृश्यते। (सु. शा. ४–२४)

× रक्त प्रमाणमुत्क्रम्य गर्भाशयगताः सिराः। रजोवहाः समाश्रित रक्तमादाय तद्रजः।
यस्मा द्विवर्धयत्याशु........तस्मादसृग्दरं प्राहुः। (च. चि. अ. ३०)

+ तथा च रक्तमेव स्त्रीणां मासे मासे गर्भकोष्ठमनुप्राप्य त्र्यहंप्रवर्तमानं आर्तवमित्याहुः। (अ. सं. शा. १)

÷ स्रोतोविद्धं तु प्रत्याख्यायोपचरेत्, उध्धृतशल्यं तु क्षतविधानेन उपचरेत्॥ (सु. शा. ९–१२)

मासिक स्रावः–तस्य प्रवृत्ति निवृत्तिकालः संप्राप्तिः च।

આર્તવશોણિત ૧૨ વર્ષની અવસ્થાથી પ્રારંભ થાય છે અને વૃદ્ધાવસ્થાથી પરિપક્વ શરીરવાળી સ્ત્રિયોમાં ૫૦ વર્ષે બંધ થાય છે* આ મર્યાદા બધીજ સ્ત્રિયોમાં એક સરખી જોવામાં આવતી નથી જે પ્રત્યેક સ્ત્રિયોમાં રહેણી કરણી, સ્વાસ્થ્ય અને વ્યવસાય અનુસાર બદલાતી જોવામાં આવામાં આવે છે. અરૂણદત્ત કહે છે કે द्वादशादिति प्रायिकमेतत। સ્ત્રીના યૌવનાવસ્થામાં ગર્ભાશયથી પ્રતિમાસે આર્તવ રક્તની પ્રવૃત્તિ થાય છે. રજોદર્શનના કાલમાં જળવાયુ અને સભ્યતા અનુસાર ભેદ જોવામાં આવે છે. શીતપ્રધાન દેશોમાં ઉષ્ણપ્રધાન દેશોની અપેક્ષાએ રજોદર્શન વિલંબથી થાય છે સામાજીક અવસ્થા, રહેણી કરણીની વિશેષતા–શિક્ષણ વગેરે વાતોમાં જે છોકરિયો અગ્રેસર હોય છે, તેમને રજોદર્શન શીઘ્ર થાય છે. ચંચળ અને નાજુક પ્રકૃતિવાળી બાળાઓમાં પણ રજોદર્શન શીઘ્ર થાય છે. જેને શારીરિક પરિશ્રમ અલ્પ કરવો પડે છે. પૌષ્ટિક અને ઉત્તેજક ભોજન વધુ મળે છે. તેને પણ રજોદર્શન શીઘ્ર થાય છે.

પ્રતિમાસે આર્તવ પ્રવૃત્તિ પહેલાં ગર્ભાશયની શ્લૈષ્મિકકલામાં રક્ત અધિક ઉપચિત થાય છે આથી ગર્ભાશયની કલા મોટી, મૃદુ અને શિથિલ બને છે ત્યારબાદ તે કલામાંથી રક્ત બહાર નિકળે છે તેને રજોદર્શન કહે છે. આનો વર્ણ કંઈક કૃષ્ણ હોય છે. આમાં શ્લૈષ્મિક કલાના ટુકડા વગેરે હોય છે.

રજોદર્શનના સમયે સ્ત્રીના સ્તન અને ગર્ભાશયની વૃદ્ધિ થાય છે. અર્થાત ગર્ભધારણા માટે ઉચિત પરિવર્તન થાય છે. નિતમ્બની વૃદ્ધિ થાય છે. ગુહ્યપ્રદેશપર વાળ ઉગે છે. મુખ પ્રસન્ન અને પુષ્ટ દેખાય છે.

રજોનિવૃત્તિના કાળની મર્યાદામાં પણ જાતિ–જળવાયુ–રહેણી કરણી અનુસાર ભેદ જોવામાં આવે છે. વિધવા સ્ત્રિયોમાં, પતિ સુખ થોડું મળે તેવી સ્ત્રિયોમાં, અધિક પરિશ્રમ કરવાવાળી સ્ત્રિયોમાં રજો નિવૃત્તિ જલદી થાય છે. વિવાહિત, અધિક સન્તાનવાળી સ્ત્રિયોમાં તથા આળસુ સ્ત્રિયોમાં રજો નિવૃત્તિ વિલંબથી થાય છે. રજો નિવૃત્તિ ૪૫ થી ૫૦ની ઉંમરમાં થાય છે પરન્તુ ક્વચિત ૩૦ ઉંમરમાં અને ક્વચિત ૫૫ ઉંમરમાં પણ નિવૃત્તિ જોવામાં આવે છે. પૂર્ણ રજો નિવૃત્તિ અકસ્માત પણ થાય છે પરન્તુ ઘણું કરીને તેના છેલ્લા થોડા માસિક સ્રાવોમાં ન્યૂનાધિકતા અને સમય–અસમયે પ્રવૃત્તિ જોવા મળે છે.

રજો નિવૃત્તિના સમયે ગર્ભધારણ–પ્રતિબન્ધ માટે યોગ્ય પરિવર્તનો થાય છે. ગર્ભાશય યોનિ તથા બીજકોષો સંકુચિત થવા લાગે છે. સ્તન્યાશય પણ સંકુચિત થાય છે અને શિથિલ થવાને કારણે નીચે લટકી પડે છે. દાઢી અને મૂછની જગ્યાએ વાળોનો ઉદ્ગમ થાય છે. સ્વરમાં પણ ભિન્નતા જોવામાં આવે છે અર્થાત્ સ્વર મોટો થાય છે. શરીર યા તો સ્થૂલ યા તો કૃશ થાય છે. મુખમંડળની કોમળતાનો નાશ થાય છે. સ્વભાવમાં ઉગ્રતા જોવા મળે છે. આ પરિવર્તનોથી સ્ત્રીનું સ્ત્રીત્વ નષ્ટ થાય છે. આ સિવાય માનસિક પરિવર્તનો પણ જોવામાં આવે છે.

સ્ત્રીના સ્વભાવમાં ઉષ્ણતા, ચિડિયાપણું તથા બેચેની આવી જાય છે ચિત્ત ઉદ્વિગ્ન તથા અવ્યવસ્થિત બને છે, અને કોઇ કોઇ વખત ગાંડપણ પણ આવી જાય છે. આ સિવાય ચક્કર, શરીરમાં કંપ–નિદ્રા નાશ–અપસ્માર વગેરે લક્ષણો જોવામાં આવે છે.

---

* तद्वर्षाद् द्वादशाद्काले वर्तमानमसृक् पुनः।
जरापक्वशरीराणां याति पंचाशतः क्षयम्॥ (सु. शा. ३-११)

આર્તવ પ્રવૃત્તિનું કારણ* માસિક રક્ત સર્વ દેહાશ્રિત રક્તથી અભિન્ન છે. પરન્તુ તેની પુષ્ટિ અને આવિર્ભાવ એક માસમાં થાય છે. કેશની સમાન સૂક્ષ્મ સિરાઓ (કેશિકાઓ) આ રક્તથી પરિપૂર્ણ થઈ ગર્ભાશયની કલાને પુષ્ટ કરે છે. આ કેશિકાઓનું પૂરણ બે ધમનિયો દ્વારા આવેલા રક્તથી થાય છે. આ રક્તથી પુષ્ટ થયેલું ગર્ભાશય બીજના ગ્રહણ માટે તૈયાર થાય છે. વાયુના પ્રભાવથી આ કંઇક કૃષ્ણવર્ણ અને વિકૃત ગંધવાળુ યા વિગન્ધ આર્તવ યોનિદ્વાર પર આવી નીકળી જાય છે. આ અવસર પર જો ગર્ભ સ્થિતિ ન થાય તો ગર્ભાશયનીકલા ફરી સંકુચિત થાય છે. રક્તનું વહન અને ઉત્સર્ગ કરવાવાળા બે સ્રોતો છે.

ऋतुकालः, आर्तव–धातुः उपधातुः, तेषां विज्ञानम्ः–

જે સમયે આર્તવ દર્શન થાય છે એ ઋતુકાળ ૧૨ દિવસનો છે. કેટલાક આચાર્યો કહે છે કે આર્તવસ્રાવ ન થાય તેવી સ્ત્રી પણ ઋતુમતી થાય છે.×

ઋતુકાલ એટલે ગર્ભધારણ માટેનો યોગ્યકાળ ગર્ભધારણા સ્ત્રીમાં બીજોત્સર્ગને કારણે થાય છે ઋતુકાળમાં બીજકોષથી પક્વ બીજનો ઉત્સર્ગ થાય છે. એટલા માટે ઋતુકાળ ગર્ભધારણાને માટે યોગ્ય સમય છે. આયુર્વેદમાં ગર્ભોત્પત્તિની તુલના અંકુરોત્પત્તિની સાથે કરવામાં આવી જાય છે.

અંકુરની સમ્યક્ ઉત્પત્તિને માટે જેવી રીતે અનુકૂળ સમયની જરૂરિયાત હોય છે તેવીજ રીતે ગર્ભની ઉત્પત્તિને માટે પણ અનુકૂળ સમયની આવશ્યકતા હોય છે. અંકુરની ઉત્પત્તિ માટેના સમયને જેવી રીતે ઋતુ કહે છે તેવી રીતે ગર્ભોત્પત્તિના અનુકૂળ સમયને પણ ઋતુ કહેવામાં આવે છે. જેવી રીતે ઋતુમાં વાવેલા બીજોનો સારી રીતે અંકુર નીકળે છે તેવી રીતે આર્તવ દર્શનરૂપી ઋતુમાં શુક્રરૂપી બીજથી ગર્ભની ઉત્પત્તિ થાય છે. ઋતુથી ઋતુબીજકાલનું ગ્રહણ કરવું જોઇએ એવો કશ્યપનો મત છે.

આયુર્વેદના અન્ય ગ્રંથોમાં (ચરક–ભાવપ્રકાશ વગેરે) ઋતુકાળ ૧૬ દિવસનો બતાવ્યો છે. યાજ્ઞવલ્કયસ્મૃતિ તથા મનુસ્મૃતિમાં પણ ઋતુકાળ ૧૬ દિવસનો કહ્યો છે. આ સોળ દિવસોની ગણના આર્તવદર્શનના દિવસથી કરવામાં આવી છે. સુશ્રુત–અષ્ટાંગહૃદય તથા અષ્ટાંગસંગ્રહમાં

---

* सूक्ष्मकेश प्रतीकाशा बीज रक्तवहाः सिराः।
गर्भाशयं पूरयन्ति मासाद् बीजाय जायते॥ (विश्वामित्र)
मासेनोपचितंकाले धमनीभ्यां तदार्तवम्।
ईषत्कृष्णं विगन्धं च वायुं योनिमुखम् नयेत्॥ (सु. शा. अ. ३–१०)

× ऋतुस्तु द्वादशरात्रं भवति दृष्टार्तवः, अदृष्टार्तवाऽप्यस्तीत्येके भाषन्ते॥ (सु. शा. अ. ३–६)
ऋतुबीजकालमवेक्षेत इत्याहुर्महर्षयः (काश्यपसंहिता जातिसूत्रीयशारीराध्याय)
मासिभवादार्तवदर्शनादारभ्य द्वादशरात्रम् (इन्दु)
ऋतुर्दर्शनात्प्रभृति यावद् द्वादश रात्र्यस्वातदृतुर्योषितः।
द्वादशमिति षोडश दिनेषु मध्ये आद्यं दिनत्रयमन्तिमं च षोडशं योनि संकोचदिनं न गणनीयम् (डल्हण)
वर्षं द्वादशकादूर्ध्वं यदि पुष्पं वहिर्न हि।
अन्तःपुष्पं भवत्येव पनसोदुम्बरादिवत्।
अतस्तत्र प्रकुर्वीत स्त्रीसंगं बुद्धिमान् नरः॥

બાર દિવસનો સમય ગણ્યો છે. આની ટીકામાં અરૂણદત્ત અને ઇન્દુ કહે છે કે ઋતુકાળનો પ્રારંભ આર્તવદર્શનના દિવસથીજ ગણવો જોઇએ ચરક તથા સ્મૃતિ ગ્રંથોના ઋતુકાળની તુલના આધુનિક મતથી કરવી હોય તો ઋતુકાળનો પ્રારંભ ઋતુસ્નાનના દિવસથી અર્થાત્ ચોથા દિવસથી ગણવો જોઇએ. ડલ્હણાચાર્ય કહે છે કે બાર રાત્રીનો અર્થ એ છે કે ૧૬ દિવસોમાં પહેલા ત્રણ દિવસો અને અંતિમ સંકોચ દિવસ ગણવો ન જોઇએ. આ વિવેચનનો સારાંશ એ છે કે જો ઋતુકાળ ૧૬ દિવસનો હોય તો તેનો પ્રારંભ આર્તવદર્શનના દિવસથી અને જો ૧૨ દિવસનો બતાવ્યો હોય તો તેનો પ્રારંભ ચોથા દિવસથી ગણવો જોઇએ કાશ્યપસંહિતામાં ઋતુકાળનો પ્રારંભ ચોથા દિવસથી બતાવ્યો છે. વર્ણ ભેદથી ઋતુકાળમાં ભિન્નતા બતાવી છે. ૧૨ દિવસ બ્રાહ્મણ સ્ત્રિયોનો, ૧૧ દિવસ ક્ષત્રિય સ્ત્રિયોનો, ૧૦ દિવસ વૈશ્ય સ્ત્રિયોનો અને ૯ દિવસ શુદ્ર સ્ત્રિયોનો ઋતુકાળ જાણવો.

ગર્ભોત્પાદક બીજ પરિપક્વ થઇ બીજકોષમાંથી ઋતુકાળ દરમ્યાન બહાર-આવે છે બીજનો ઉત્સર્ગ જે દિવસોમા થાય છે તે દિવસોમાં સમાગમ કરવાથીજ ગર્ભોત્પત્તિ થાય છે. બીજોત્સર્ગના દિવસે સ્રીની પ્રકૃતિ—શારીરિક સ્વાસ્થ્ય તથા માનસિક સ્વાસ્થ્યમાં કંઈક ભિન્નતા માલમ પડે છે. જે દિવસે ગર્ભોત્પાદક બીજ બીજકોષમાથી બહાર નીકળે છે તે દિવસે સામાન્ય તાપની વૃદ્ધિ જોવામાં આવે છે, કટિગુહામાં જે પાર્શ્વમાંથી બીજોત્સર્ગ થયો હોય તે તરફ કિંચિત વેદના પણ માલમ પડે છે. આ લક્ષણોથી બીજોત્સર્ગનો સમય માલમ પડે છે. કુશળ સ્ત્રિયો આ લક્ષણોનું બારિકાઇથી જો નિરીક્ષણ કરે તો તેને આ કાળની તુરતજ સમજ પડે છે. પ્રત્યેક સ્ત્રિયોમાં બીજોત્સર્ગનો સમય નિયત હોતો નથી.

સામાન્ય નિયમ એ છે કે ઋતુકાળમાંજ ગર્ભધારણા થાય છે પરન્તુ કોઈ કોઇ વખત ઋતુકાળ સિવાય પણ ગર્ભધારણા થતી જોવામાં આવે છે, આધુનિક વિદ્વાનોનું કહેવુ છે કે આર્તવવહસ્રોતોમાં ગર્ભોત્પાદકબીજ ગર્ભજનક અવસ્થામાં થોડા સમય સુધી રહે છે.

'अदृष्टार्तवाप्यस्तीत्येके भाषन्ते' આ સૂત્રનો સારાંશ એ છે કે સામાન્ય નિયમ એ હોય છે કે ગર્ભાધાન આર્તવદર્શન સિવાય થતુ નથી. અર્થાત્ આર્તવદર્શનની મહત્તા ગર્ભધારણા માટે જરૂરી છે. વ્યવહારમાં પણ જોવામાં આવે છે કે આર્તવદર્શન બાદ ગર્ભાધાન થાય છે પરંતુ ઉપરના વચનથી ફલિત થાય છે કે આર્તવદર્શન ગર્ભાધાન માટે આવશ્યક નથી. આર્તવદર્શન વિના પણ બીજકોષમાંથી ગર્ભાધાન યોગ્ય બીજનો ઉત્સર્ગ થાય છે તે સમયે જો પુરૂષ સમાગમ કરવામાં આવે તો ગર્ભોત્પત્તિ થાય છે. પ્રસૂતા સ્રીને પુનઃ રજોદર્શન ન થાય તે પહેલા પણ તે ગર્ભવતી થાય છે. પાણ્ડુરોગથી પીડિત સ્રીને પણ જો રજોદર્શન થતું ન હોય તો તે પણ ગર્ભવતી થાય છે. આ સિવાય ધર્મશાસ્ત્રમા પણ એક વચન જોવા મળે છે તેમાં સ્પષ્ટ કહ્યું છે કે બહિર્પુષ્પનો ઉત્સર્ગ થયો ન હોય પરંતુ જો અન્તઃ પુષ્પનો ઉત્સર્ગ થયો હોય તો અવશ્ય ગર્ભધાન થાય છે આવી અવસ્થામા જો કુમારિકા હોય તો તેવા સમયે તેને પુરૂષ સમાગમની અનુમતિ આપવી જોઇએ. જો આ સમયે ઉચિત ક્રિયા કરવામાં ન આવે તો ફણસ અને ઉમરડાના ફળ જેવી ગ્રંથિ ગર્ભાશયમાં થાય છે.

અષ્ટાંગહૃદયમાં ઋતુકાળ સંબંધી સર્વ મતોનો સમન્વય કરતાં વાગ્ભટ કહે છે કે શુદ્ધ યોનિ આર્તવ અને ગર્ભાશયથી યુક્ત સ્રીનો ઋતુકાળ ૧ માસનો છે. તેવીજ રીતે અદૃષ્ટાર્તવ સ્રીનો પણ સમજવો.

(૧) આર્તવદર્શનના પ્રારંભથી યૌવનાવસ્થાનો પ્રારંભ થાય છે. અને એની નિવૃત્તિથી યૌવનની સમાપ્તિ થાય છે. (૨) પ્રતિમાસે રજોદર્શન થવાથી સ્ત્રી શરીરની શુદ્ધિ થાય છે. (૩) પ્રકૃતિએ નિયત કરેલા સમયે જો આર્તવદર્શન ન થાય તેથી તેના શરીરમાં વિકૃતિઓનું જ્ઞાન થઈ શકે છે અને સ્ત્રી સુલભ આભ્યન્તર તથા બાહ્ય જનનાવયવોનો વિકાસ થતો નથી. (૪) ગર્ભાધાન માટેના યોગ્ય સમયનું જ્ઞાન થાય છે. (૫) સંતતિ નિયમનના હિમાયતિઓનું કથન છે કે સંતાનની અનુત્પત્તિ માટે રજોદર્શનના ચોક્કસ સમયનું જ્ઞાન હોવું જરૂરી છે. (૬) રજોદર્શનથી યોનિમાર્ગની શુદ્ધિ તથા ગર્ભાધાન માટેની યોગ્ય ભૂમિકા તૈયાર થાય છે. (૭) આર્તવના અદર્શનથી સગર્ભાવસ્થાનું જ્ઞાન થાય છે. (૮) પ્રસવકાલ નિશ્ચિત કરવા માટે અંતિમ રજોદર્શનનો સમય જાણવો ઉપયોગી છે. (૯) ઘણીવાર એવી અવસ્થા ઉત્પન્ન થાય છે કે જેમાં માસિકસ્રાવ વહેલો યા મોડો લાવવાની જરૂર પડે છે. દાખલા તરીકે લગ્ન સમય–ધર્મ કાર્ય વગેરે–આ અવસ્થામાં જો અન્તિમ રજોદર્શનનો (૩ યા ૬ માસનો) ચોક્કસ સમય ખબર હોય તોજ ઔષધોપચાર સફળ નીવડે છે.

આર્તવધાતુ રસના પ્રસાદ અંશથી ઉત્તરધાતુ રક્તનીસમાન સ્તન્ય તથા આર્તવની પુષ્ટિ થાય છે. રક્તધાતુ અને આર્તવમાં ભેદ એટલો છે કે આર્તવનું પોષણ સૂક્ષ્મતાને કારણે એક માસમાં પૂર્ણ થાય છે. ×

આર્તવનું કાર્ય+ પ્રાકૃત આર્તવ જીવરકતની સમાનજ ગુણધર્મવાળું છે, તેનું વિશેષ કાર્ય ગર્ભોત્પત્તિ કરવાનું છે. પ્રતિમાસે યોનિદ્વારા બહાર નિકળતા આર્તવનો ગર્ભ સાથે સાક્ષાત કોઈ સમ્બન્ધ નથી પરંતુ ત્યારપછીના સમયના અનિઃસ્રુત આર્તવથીજ ગર્ભાધાન થાય છે. વધુ વિવરણ માટે જુઓ (સુ. આ. ૨--૩૬ની ટીકા)

આર્તવાગ્નિ પ્રાચીન સંહિતાકારોએ દરેક ધાતુઓને ઉત્પન્ન કરનારી એક એક અગ્નિ માની છે. પુરૂષોમાં જેવી રીતે શુક્રાગ્નિ છે તેવી રીતે સ્ત્રિયોમાં આર્તવાગ્નિ છે નવીન મત સાથે તુલના કરવી હોય તો અન્તઃ ફલ (બીજકોષ)નો બહિઃ અને અન્તઃસ્રાવોના પ્રવર્તક બે અન્તઃ સ્રાવો પોષણિકા ગ્રંથિનો અગ્રિમખંડ ઉત્પન્ન કરે છે. જેને આર્તવાગ્નિ કહેવી જોઇએ. રજને ઉપધાતુ પણ કહેવામાં આવે છે કારણકે ઉપધાતુ શરીરનું ધારણ કરે છે પરન્તુ પોષણ કરતી નથી. ધાતુઓની સાથે ધારણરૂપ થોડું સામ્ય હોવાને કારણે તેને ઉપધાતુ કહે છે. સંસ્કૃતમાં કહ્યું છે उपमितो धातुना इति उपधातुः।

પ્રત્યેક ઉપધાતુઓની પણ અગ્નિ હોય છે પણ તેનો સમાવેશ ભૌતિકાગ્નિમાં થાય છે. ÷
આર્તવ ઉપધાતુ અગ્નિ મહાભૂત પ્રધાન છે.

स्त्रीबीजम्

અન્તઃ ફળ (બીજકોષ) ઉભયસ્રાવી ગ્રંથિ છે. યૌવનાવસ્થા પ્રાપ્ત થતાં આ કોષથી અન્તઃસ્રાવ તથા બહિઃસ્રાવની ઉત્પત્તિ થાય છે. પોષણિકા ગ્રંથિના બે અન્તઃસ્રાવોથી આ

× मासेनरसः शुक्रं स्त्रीणां चार्तवं भवति। (सु. सू. १४–१४)
रसादेव स्त्रिया रक्तं रजः संज्ञं प्रवर्तते। (सु. सू. १४–६)

\+ रक्त लक्षणमार्तवं गर्भकृच्च। (सु. सू. १५–५)

÷ अत्र च यान्यग्न्यन्तराणि उपधातुमलादिगतानि तान्यप्यवरुद्धानि भूताग्निष्वेव, किंवा अप्राधान्याद किंचित्कराणिनो क्तानि। (च. चि. १५–३८ ५२ चक्रपाणि)। आर्तवम् आग्नेयम्।

સ્રાવો ઉત્પન્ન થાય છે. બીજકોષના બહિઃસ્રાવને સ્ત્રીબીજ કહે છે, અન્તઃસ્રાવ સ્ત્રીબીજના આવરણથી અથવા ગર્ભાધાન થયા બાદ અપરાથી પણ ઉત્પન્ન થાય છે. અન્તઃફળના અન્તઃસ્રાવોનું મુખ્ય પ્રયોજન ગર્ભધારણા માટે ગર્ભાશયને તૈયાર કરવાનું છે જો ગર્ભ સ્થિતિ ન થાય તો આર્તવ પ્રવૃત્તિ થાય છે. પ્રત્યેક મહિને વારાફરતી જમણા અને ડાબા બીજકોષમાંથી એકજ બીજ પરિપક્વ (પુબીજના ગ્રહણ માટે યોગ્ય) થાય છે. જન્મબાદ પ્રત્યેક કુમારિકાના બીજકોષમાં ૭૦૦૦૦ આમ સ્ત્રીબીજ હોય છે. યૌવનાવસ્થામાં સ્ત્રીત્વદ્યોતક લક્ષણોનો પ્રાદુર્ભાવ બીજકોષના અન્તઃસ્રાવોનો આધીન હોય છે. અને આ અંતસ્રાવો આમ સ્ત્રીબીજોના વિકાસને આધીન છે. આમાવસ્થામાં પ્રત્યેક સ્ત્રીબીજ નાના નાના અન્ય કોષોથી અભિવ્યાપ્ત હોય છે આ કોષોના આવરણને બીજપૂટ કહે છે. રજોદર્શનની પહેલા અથવા ત્યારબાદ થવાવાળી પ્રત્યેક આર્તવ પ્રવૃત્તિની પેહેલા કેટલાક બીજપુટ પરિપક્વ થવા લાગે છે. તેમાં પૂર્ણ પરિપક્વ એકજ થાય છે બાકીના નાશ પામે છે. પરિપક્વ થયેલા બીજપુટના મધ્યમા અવકાશ હોય છે અને તેમ થોડો દ્રવ હોય છે. આ અવસ્થામા આ અન્તઃ ફળની બહાર આવે છે. પરિપાકની શરૂઆત થાય ત્યારબાદ દસ દિવસ પછી બીજપુટ ફાટે છે અને સ્ત્રીબીજ આમાંથી બહાર નીકળી આવે છે. આને બીજોત્સર્ગ કહે છે. સ્ત્રીબીજ બીજવાહિનીમા પહોચે છે આ રાસ્તે જો તેનો પુબીજની સાથે સમાગમ અને એકી ભાવ ન થાય તો બીજપુટકિણ ૧૨–૧૪ દિવસ સુધી પુષ્ટ થાય છે ત્યારબાદ ક્ષીણ થાય છે. એકીભાવ થઈ ગર્ભ સ્થિતિ થાય તો બીજપુટકિણ યથા સ્થિત રહે છે અને સંપૂર્ણ ગર્ભાવસ્થા સુધી રહે છે.

स्तनौ तयोः शारीरज्ञानं–स्तनपेश्यः, स्तनवाहिन्यः–

સ્ત્રિયોમાં પુરૂષોની અપેક્ષાએ ત્રણ અધિક આશયો + હોય છે. અષ્ટાંગહૃદય–અષ્ટાંગસંગ્રહ તથા સુશ્રુતે સ્ત્રિયોમાં ૮ આશયો ગણાવ્યા છે જ્યારે શાર્ઙ્ગધરે ૧૦ આશયો બતાવ્યા છે. આ ત્રણ આશયો પૈકી બે સ્તન્યાશય અને ગર્ભાશય. સ્તનો પુરૂષો અને સ્ત્રિયોમાં બંનેમાં જોવામાં આવે છે. પરંતુ પુરૂષોમાં સ્તન હોવા છતાં પણ તે સ્તન્યાશય કહેવાતા નથી. સ્ત્રિયોના સ્તનોમાં સ્તન્યાશયમાં પરિવર્તિત થવાની શક્તિ હોય છે. પુરૂષોના સ્તનો છેવટ સુધી એકજ અવસ્થામાં રહે છે. સ્ત્રિયોના સ્તનો જુવાની આવતા વધવા લાગે છે અને જ્યારે સ્ત્રી ગર્ભવતી થાય છે ત્યારે આ સ્તનોની વૃદ્ધિ વધુ થાય છે. આ વૃદ્ધિ દુગ્ધગ્રંથિયો અને સ્રોતોની વૃદ્ધિથી થાય છે. આ અવસ્થામાંજ તેને સ્તન્યાશય કહેવામાં આવે છે. સ્તન્યાશય છાતીમાં બંને તરફ હોય છે આ છાતીની પેશીઓ છે.

પુરૂષ શરીર કરતા સ્ત્રી શરીરમાં ૨૦ માંસપેશિયો વધુ હોય છે. તે પૈકી દશ પેશિયો સ્તનોમાં હોય છે પ્રત્યેક સ્તનમા પાંચ પાંચ પેશિયો હોય છે યૌવનાવસ્થામાં તેની વૃદ્ધિ થાય છે.÷

સ્તનોનો આકાર કંઈક અર્ધ ગોળાકાર હોય છે આ બીજી પાસળીથી છઠ્ઠી પાંસળી સુધી અને ઉરઃફલકના કિનારાથી કાખની મધ્ય રેખા સુધી ફેલાયલા હોય છે. સ્તનોની મધ્યમાં

\+ पुरुषेभ्योऽधिकाश्चान्ये नारीणामाशयास्त्रयः।
धरा गर्भाशयः प्रोक्तः स्तनौ स्तन्याशयौ मतौ॥ (शार्ङ्गधरसंहिता)

÷ स्त्रीणां तु विंशतिरधिका। दश तासां स्तनयोरेकैकस्मिन् पञ्च पञ्चेति, यौवने तासां परिवृद्धिः।
(सु शा. अ ५–३९)

એક ઉત્સેધ હોય છે જેને ચૂચુક (*Nipple*) કહે છે સ્તનમાં દુગ્ધવાહી નાની નાની ગ્રંથિયો હોય છે. ગ્રંથિયોનો સ્રાવ (સ્તન્ય) નાની દુગ્ધ હારિણી પ્રણાલિયોમાં એકત્ર થઈ મોટી પ્રણાલિકામાં આવે છે. મોટી પ્રણાલિયોની સંખ્યા ૧૫ થી ૨૦ હોય છે. આનું મુખ ચૂચુકમાં ખુલે છે. ચૂચુકની ચારે બાજુ એક ઘેરા રંગનું મંડલ હોય છે જેને સ્તનમંડલ (*Areola*) કહે છે. ગર્ભાશય અને સ્તન્યાશયોનો ઘનિષ્ટ સંબંધ છે. એટલા માટે ગર્ભાધાન થયા બાદ તેનો આકાર વધે છે. સ્તન્યપાનની અવસ્થામાં પણ સ્તનોની વધુ વૃદ્ધિ થાય છે. પ્રજોત્પાદન બંધ થયા બાદ સ્તનો સંકોચાઈ જાય છે.

બે સ્તનોમાં રહેલી ધમનિયો સ્ત્રિયોના સ્તન્યનું સંવહન કરે છે.

उपधातुः, स्तन्यं, तस्य उत्पत्तिकालः कार्यं च:-

સ્તન્ય શિશુઓને સર્વોત્તમ પુષ્ટિ આપનાર તથા બલદાયક* છે. તેની ઉત્પત્તિના સમયે સ્તનોની વૃદ્ધિ થાય છે. માતાનું સ્તન્ય શિશુને માટે સર્વોપરિ પ્રાકૃતિક આહાર છે. સ્તન્ય× આહારથી ઉત્પન્ન થયેલા રસનો મધુર સાર છે. શુક્રની સમાન સમસ્ત શરીરમાં રહે છે. સ્ત્રી સ્મરણ આદિથી જેવી રીતે શુક્રનો આવિર્ભાવ થાય છે તેવીજ રીતે સન્તાનનો સ્પર્શ-દર્શન ગ્રહણ અને વાત્સલ્યને કારણે સ્તન્યની પ્રવૃત્તિ થાય છે.+

જેવી રીતે પૂર્વ પૂર્વ ધાતુના પ્રસાદ યા સારભાગથી ઉત્તર ઉત્તર ધાતુની પુષ્ટિ થાય છે તેવી રીતે તે તે ધાતુના પ્રસાદ અંશથી તે તે ઉપધાતુનું પોષણ થાય છે. રસના પ્રસાદ અંશથી ઉત્તરધાતુ રક્તની સમાન સ્તન્યની પુષ્ટિ થાય છે.

સ્તનસંશ્રિત ધમનિયોની વિવૃતતા ગર્ભાવસ્થાના પ્રારંભથીજ શરૂ થાય છે અને સંપૂર્ણ ગર્ભાવસ્થા સુધી રહે છે. પ્રસવ બાદ ત્રીજા અથવા ચોથા દિવસથી સ્તન્યની પ્રવૃત્તિ શરૂ થાય છે.÷ સ્તન્ય પ્રવર્તનના પ્રાચીન મત મુજબ ૨ પ્રધાન કારણો છે. સ્વભાવ અને પ્રસૂતિ-જેવી રીતે ગર્ભાધાન થયા બાદ સ્તનોમાં રહેલી ધમનિયો વિવૃત થાય છે તેવી રીતે પ્રસૂતિ બાદ ત્રીજા અથવા ચોથા દિવસે સ્તનોમાંથી સ્તન્ય નીકળવા લાગે છે. અષ્ટાંગહૃદયકારનું કહેવું છે કે પ્રસૂતિથીજ સ્તનોમાંથી સ્તન્યની પ્રવૃત્તિ થાય છે.

---

* स्तन्यं स्तनयोरापीनत्वजननं जीवनंचेति। (सु. शा. १५-५)
प्रकृतिभूतत्वात् तत् पुष्टिकरमारोग्यकरंचेति (च. शा. ८-५४)
मातुरेव पिबेत्स्तन्यं तद्धलं देहवृद्धये। (अ. हृ. उ. १-१५)

× रसप्रसादो मधुरः पक्वाहार निमित्तजः।
कृत्स्नदेहात् स्तनौ प्राप्तः स्तन्यमित्यभिधीयते॥ (सु. नि. १०-१८)

\+ तदेवापत्य संस्पर्शाद्दर्शनात् स्मरणादपि।
ग्रहणाच्च शरीरस्य शुक्रवद् संप्रवर्तते।
स्नेहोनिरन्तरस्तत्र प्रस्रवे हेतुरुच्यते॥ (सु. नि. अ. १० २१-२२)

÷ धमनीनां हृदिस्थानां विवृतत्वादनन्तरम्।
चतूरात्रात्त्रिरात्राद्वा स्त्रीणां स्तन्यं प्रवर्तते॥ (सु. शा. अ. १०-१४)
ताः स्वभावेन प्रजातानां विवृता भवन्ते (सु. नि. १०-१७)
सिराणां हृदयस्थानां विवृतत्वाद् प्रसूतितः (अष्टांगहृदय)

આધુનિક દૃષ્ટિએ વિચાર કરીએ તો પોષણિકા ગ્રંથિના અગ્રિમ ભાગમાંથી જે અન્તઃસ્રાવ (દુગ્ધપ્રવર્તક—*Lactogenic hormone*) નીકળી રક્તમાં મળે છે તે સ્તનોમાં રક્તની સાથે પહોંચી તેને સ્તન્યોત્પત્તિમાં પ્રવર્તિત કરે છે. પ્રસૂતિ બાદ ગર્ભાશય સંકુચિત થાય છે અને તેથી પોષણિકા ગ્રંથિને નાડિયો દ્વારા સૂચના મળે છે કે હવે દુગ્ધ પ્રવર્તક દ્રવ્ય બનાવવાનો સમય આવી ગયો છે.

આયુર્વેદમાં સ્વભાવને પ્રધાનતા આપી છે જે સ્વભાવ ગર્ભાવસ્થામાં શિશુનું પોષણ ૯ માસ બાદ ગર્ભાશયમાંથી બહાર કાઢે છે તેજ દૂધ ઉત્પન્ન કરી શિશુને પોષક સામગ્રી આપે છે. પ્રારંભિક બે ત્રણ દિવસોમાં સ્તનોમાં સ્તન્ય હોતું નથી યા અત્યલ્પ હોય છે પ્રસૂતિને કારણે ઉત્પન્ન થયેલા પરિવર્તનનું પરિણામ સ્તન્યોત્પત્તિમાં થવાને માટે બે ત્રણ દિવસની અવધિ આવશ્યક હોય છે, જ્યારે સ્તનોમાં દુગ્ધોત્પત્તિનો આરંભ થાય છે ત્યારે તે કઠિન અને પીડાયુક્ત હોય છે.

માતાનું સ્તન્ય જો ન મળે તો શિશુને બકરી અથવા ગાયનું દૂધ માત્રાનુસાર પીવડાવવું જોઇએ કારણકે તેના ગુણધર્મો માતાના દૂધની સમાન હોય છે. જો આ બાળદુગ્ધ આપવું હોય તો લઘુપંચમૂલ (શાલપર્ણી પૃશ્નિપર્ણી—કંટકારી—બૃહતી—ગોખરૂ) અને સાકર સાથે આપવું જોઇએ. રાસાયનિક દૃષ્ટિએ વિચાર કરીએ તો ગાયના દૂધમાં અને માતાના દૂધમાં પ્રોટીન એકજ જાતિનો હોવા છતાં પણ ગાયના દૂધમાં પ્રોટીન ગુરૂ હોય છે. મદા સોનમાં પાક પડેલા દૂધ દહીંના રૂપમાં જામી જાય છે. નારી સ્તન્યનું પરિવર્તન દહીંના નાના ખંડોમાં થાય છે જેથી પાચકરસો તેમાં પ્રવેશી તેને સારી રીતે પચાવી શકે છે. ગાયના દૂધનું પરિવર્તન ચકતાના રૂપમાં થાય છે જેનું સમ્યક્ પાચન થતું નથી. એટલા માટેજ ગાયના દૂધની સાથે વિડંગ પિપ્પલીમૂલ આદિ દ્રવ્યો આપવા જોઇએ. (ક્રમશઃ)

તાજા સમાચાર

મેડીકલ પ્રેક્ટીશનર નીયમોમાં સુધારો

૧૯૩૮ના મુંબઇ મેડિકલ પ્રેક્ટિશનર નિયમોમાં સૂચવાયેલા સુધારા સંબંધમાં વાંધા અને વિરોધનો સ્વીકાર મુંબઇ સરકાર એપ્રિલની તા. ૭મી સુધી કરશે. માર્ચની તા. ૨૪મીના મુંબઈ સરકારના ગેઝેટના ભાગ ૪ થા (બી) માં પ્રસિદ્ધ થયેલા સુધારાના ખરડામાં આયુર્વેદિક અને યુનાની સીસ્ટમ ઓફ મેડિસિનની બોર્ડની ચુંટણીની કાર્યવાહીને લગતા ૬ઠા અને ૭મા નિયમો સુધારવાનું સૂચવવામાં આવ્યું છે. વાંધા અને સૂચનો મુંબઇ સરકારના સ્થાનિક સ્વશાસન અને જાહેર આરોગ્ય ખાતાના મંત્રી (સેક્રેટરિયેટ, મુંબઇ)ને મોકલી આપવાનાં છે.

(મું. સ. ૨૮–૩–૫૫)

યુનિવર્સલ હેલ્થ ઈંસ્ટિટ્યૂટ

રાજ્યની ધારાસભામાં પ્રશ્નોત્તરીમાં મુંબઇના આરોગ્ય ખાતાના નાયબ પ્રધાન શ્રીમતી ચંદ્રશેખરે જણાવ્યું હતું કે આયુર્વેદ હોમીયોપથી અને નેચરોપથીના સંશોધન માટે મુંબઇના હેલ્થ ઈંસ્ટિટયૂટને સરકારે રૂા. ૩૦ હજારની ગ્રાંટ આપી છે.

દીલ્હીમાં આયુ. ઇસ્પીતાલ

આધારભૂત સ્થળોએથી જાણવા મળે છે કે એક જાણીતા સખાવતી ટ્રસ્ટ તરફથી દિલ્હીમાં ૭૨ બીછાનાની આયુર્વેદિક ઈસ્પીતાલ સ્થાપિત કરવાના ચક્રો મોટા પાયા પર ગતિમાન થઈ ચૂકયા છે. આ ઇસ્પીતાલ ગંજાવર પાયા પર સ્થપાશે અને તેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સની સુંદર યોજના સાંકળી લેવામાં આવી છે. આ સમાચારો વિશ્વાસપાત્ર હોઈ આયુર્વેદિક વર્તુલોમાં એથી આનંદ છવાઈ ગયો છે.

સાહિત્ય-સ્વીકાર

પ્રાણાચાર્ય : કામવિજ્ઞાનાંક, સંપાદક: શ્રી વૈદ્યરત્ન ક. પ્રતાપસિંહજી D. Sc. A. પ્રકાશક: પ્રાણાચાર્ય ભવન, અલીગઢ (વિજયગઢ). પૃષ્ઠ ૨૮૪ સાઇઝ ક્રાઉન આઠ પેજી. સચિત્ર. મુદ્રણ મધ્યમ, વર્ષ ૬ઠું અંક ૧–૨ (વાર્ષિક લવાજમ રૂા. ૪–૧૦–૦).

આયુર્વેદના આઠ અંગોમાં રસાયન અને વાજીકરણનો સમાવેશ થાય છે. ધર્માર્થકામમોક્ષ એ ચતુર્વિધ હેતુમાં કામનો હેતુ ગણ્યો છે. મનુષ્યોમાં પ્રાણીઓમાં આહાર, નિદ્રા, મૈથુનાદિક પ્રાકૃત છે. આજે કામશાસ્ત્ર પર વૈજ્ઞાનિક દષ્ટિના જ્ઞાનની જરૂર બહુ મોટી છે. એ અંગે શાસ્ત્રીય ઢબે વૈજ્ઞાનિક દષ્ટિને ચર્ચતા પુસ્તકો બહુજ જૂજ ઉપલબ્ધ છે. એવી હાલતમાં, પ્રાણાચાર્યનો કામવિજ્ઞાનાંક, એ ઢબના સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો બની રહે છે.

આ અંકમાં બહુજ ખ્યાત વિદ્વાનોએ પોતાના લેખો આપ્યા છે. પણ સાથોસાથ કેટલાંક ઉતરતી કોટિનાં લેખો આમેજ ન કરાયા હોત તો વધુ સુંદર થતે. વિદેશમાં સ્ત્રી પુરૂષના દૈહિક સંબંધનાં આસનો વિશે આજે વૈજ્ઞાનિક દષ્ટિએ પુષ્કળ લખાવા લાગ્યું છે. આપણે ત્યાં વાત્સ્યાયનાદિક વિચક્ષણ ગ્રંથ કર્તાઓએ કામસૂત્ર, રતિરહસ્ય, કંદર્પચૂડામણિ આદિ ગ્રંથોમાં સ્ત્રી પ્રીતિ અને સ્ત્રી સંયોગ વિશે ઘણુંજ Practical અને ઉત્કૃષ્ટ સાહિત્ય આપ્યુ છે. આજે એ સાહિત્યને રજુ કરવાની જરૂર ઘણી મોટી છે.

પ્રાણાચાર્યના પ્રધાન સંપાદક: શ્રી બાંકેલાલજી ગુપ્ત એમની આ મોટી ઉમ્મરમાં તેમના ચિરંજીવીના સાથ વડે સાહિત્ય સેવા કરી રહ્યા છે તે અભિનંદન પાત્ર છે. તેઓ આ પત્રને દર માસે નિયમિત બનાવે તે બહુ જરૂરી છે ભલે થોડું સાહિત્ય અપાય, પણ પ્રતિમાસ નિયમિત પણે પત્ર પ્રગટ થાય તે પ્રાર્થનીય છે.

કામશાસ્ત્રના વિષયને છણતું આ પ્રકાશન–આવો કીમતી અંક–વાર્ષિક લવાજમ ભરનાર ગ્રાહકોને ભેટ રૂપે મળે છે. પ્રાણાચાર્યના આ અંકના સંપાદકોએ સારી એવી જહેમત લીધી છે, તે બદલ તેમને અભિનંદન ઘટે છે.

ઓરીઓ-અને ટેરા-માઈસીન

લેખકઃ
પ્રો. નરસિંહ મુ. શાહ

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૬૨ થી ચાલુ)

આવા હિતકારી જીવાણુઓ જુદા પાડવા પ્રયત્નો શરૂ થયા. સ્ટ્રેપ્ટોમાઇસીસ ગ્રીસીયસ નામના જીવાણુના કલ્ચરમાંથી જે ઉપયોગી પદાર્થ મળી આવ્યો તેનું નામ સ્ટ્રેપ્ટોમાઇસીન, પેનિસિલીન જ્યાં અસરકારક નથી થતું ત્યાં સ્ટ્રેપ્ટોમાઈસીન સફળ નીવડે છે ક્ષયના નિવારણમાં આ ઔષધ ખૂબ ઉપયોગી જ નીવડયું છે. ૧૯૪૬ માં અમેરિકામાં તેની કિંમત આમ દીઠ ૬ ૪ ડોલર હતી, એટલે એક પૌંડના ૨૯૦૦ ડોલર થયા. ૧૯૫૦ માં એ ઉત્પાદન ખૂબ વધારવામાં આવ્યું અને કિંમત પૌંડના ૧૪૭ ડોલર સુધી ઊતરી ગઇ.

૧૯૪૪માં કલોરમ ફેનીકોલ યા તો કલોરોમાઇસેટીનની શોધ જાહેર થઈ સ્ટ્રેપ્ટોમાઇસીસ વેનેઝ્યુએલી નામના જીવાણુઓ આ એન્ટીબાયોટિક પેદા કરે છે. તેમાં બે કલોરીન અણુઓ છે, એટલે તેને કલોરોમાઇસેટીન કહેવામાં આવે છે. આ એન્ટીબાયોટીક ટાઇફોઈડ તાવમાં અસરકારક રીતે ઉપયોગી નીવડયું છે. તેનો સ્વાદ ખૂબ કડવો હોય છે એ ખાસ નોંધવું જોઇએ કે આ એન્ટીબાયોટિક પ્રયોગશાળામાં રસાયનિક ક્રિયાઓ બનાવી વડે શકાય છે એટલે પ્રથમ બનાવટી—સીન્થેટીક એન્ટીબાયોટિકનું માન તેને મળ્યું છે, આ એન્ટીબાયોટિક અંગે આપણા દેશમા વિશેષ સંશોધન ચાલે છે એ આનંદની વાત છે.

આ ક્ષેત્રમાં છેલ્લામાં છેલ્લી શોધો ઓરિયોમાઇસીન અને ટેરામાઈસીનની છે. આ બંનેના ગુણધર્મની તપાસ બતાવે છે કે તેઓ રાસાયનિક રીતે ખૂબ સામ્ય ધરાવે છે. બનેની રચનામાં કાર્બન અને નાઇટ્રોજનનાં અણુઓની સંખ્યા સરખી છે. બંને પીળા રંગના પાસાદાર પદાર્થો છે. બંને એસિડ તેમજ આલ્કલીમાં દ્રાવ્ય છે, એટલે ઉભયરૂપી—એમ્ફોટેરિક છે. ઓરિયોમાઇસીન ૧૯૪૮માં ઔષધ તરીકે વપરાવા લાગ્યું.

હવે આપણે ટેરામાઈસીન લઇએ. ટેરામાઇસીન શબ્દ ટેરા એટલે પૃથ્વી એ ઉપરથી યોજવામાં આવ્યો છે. વ્યવસ્થિત યોજનાપુરઃસર સંશોધનના પરિણામરૂપે આ એન્ટીબાયોટિકની શોધ છે. ૧૯૫૦ માં તેની શોધ જાહેર થઇ અને માત્ર થોડા સમયના ગાળા બાદ તેનો ઉપયોગ સામાન્ય રીતે થવા લાગ્યો. ટેરામાઈસીનની શોધ કેવી રીતે થઈ તે જોઇએ. અનેક સાધનો દ્વારા ધરતીના પાંચે ખંડોમાંથી જુદી જુદી જગ્યાઓએથી જ જમીનની માટીના નમૂનાઓ એકઠા કરવામાં આવ્યા. આલાસ્કાથી ઓસ્ટ્રેલિયા પર્યંત અને એમેઝોનના કાંઠેથી ગંગાકિનારા સુધીની અનેક જગ્યાએથી માટીના નમૂનાઓ મેળવી તેમાં રહેલ ફુગનો અભ્યાસ શરૂ કરવામાં આવ્યો. આ બધા નમૂનાઓને તપાસી ઉપયોગી ફુગ કાઢવાનું કામ કેટલું અઘરૂં છે એ તો જેઓ એ કામમાં પડયા હોય તે જ જાણે. આ પ્રમાણે એકાદ લાખ નમુનાઓને તપાસને અંતે માલુમ પડયું કે સ્ટ્રેપ્ટોમાઈસીસ રીમોસસ નામની ફુગમાંથી નીકળતો એન્ટીબાયોટિક ઉપયોગી નીવડે એમ છે. આ થઇ ટેરામાઈસીનની શોધ. પ્રથમ ભૂમિકા પૂરી થઈ. હવે તેને ઔષધ તરીકે તપાસી જોવાનું કામ હાથ ધરવામાં આવે. એ જો સફળ થાય તો પુરતા જથ્થામાં તેને કાઢવાનું કામ હાથ પર લેવામાં આવે સંશોધનના પરિણામે આ બધું કાર્ય સફળ—પાર ઉતર્યું અને જીવાણુંજન્ય દર્દોના નિવારણના ક્ષેત્રમાં એક નૂતન એન્ટીબાયોટિક ઉમેરાયું.

ટેરામાઇસીનની વિશેષતા એ છે કે પેનિસિલીન, સ્ટ્રેપ્ટોમાઈસીન જ્યાં નિષ્ફળ નીવડયાં છે તેવાં દર્દો માટે આ અસરકારક પુરવાર થયું છે. એટલે ટેરામાઇસીન બ્રોડ સ્પેકટ્રમ એન્ટીબાયોટિક તરીકે ઓળખાય છે. એટલે કે બેક્ટીરીઆ, વાઈરસ અને એકકોષી જંતુઓ

બધાં જીવાણુઓ ઉપર તેની અસર થાય છે. મૂત્રાશયના દર્દો અને તેમના ચેપથી થતાં બીજાં દર્દો મટાડવામાં ટેરામાઇસીન ખૂબ ઉપયોગી છે. જૂનો એમીબીક ડીસેન્ટ્રી–મરડો મટાડવામાં તે સારૂં કામ આપે છે.

આ થઈ વૈદ્યકમાં એન્ટીબાયોટિક પદાર્થોની ઔષધ તરીકે ઉપયોગિતાની વાત. કેટલાંય અસાધ્ય લાગતા દર્દોની ચુંગાલમાંથી આ ઔષધો માનવજાતને બચાવવામાં ઉપયોગી પુરવાર થયાં છે એમાં શંકા નથી. વળી જનાવરોની બાબતોમાં પણ તેઓ અદ્‌ભુત પરિણામો લાવતાં માલુમ પડયાં છે. મરઘાં, બતકાં અને ભુંડને આ પદાર્થો અતિ જૂજ પ્રમાણમાં ખોરાક સાથે આપવાથી તેઓના પોષણમાં ફાયદો કરે છે અને આ જનાવરોની ચરબી વૃદ્ધિ પામે છે. આ શોધ તેમના ઉછેરમાં ઉપયોગી ભાગ ભજવશે એમ લાગે છે.

આ થઈ ઔષધોની જમા બાજુ; હવે તેની બીજી બાજુ જોઈએ. આ એન્ટીબાયોટિકો લાંબો વખત લેવાથી શરીરમાં ઉપયોગી અન્ય બેકટીરિયાઓ નાશ પામે છે. પરિણામે બકરૂં કાઢતાં ઊંટ પેસે એવી વાત થાય છે. આથી શરીરમાં વિટામીન 'બી' કોમ્પ્લેક્ષની ખામી ઉત્પન્ન થાય છે, કારણ કે શરીરમાં ખોરાકમાંથી વિટામીન 'બી' ઉત્પન્ન કરવામાં મદદરૂપ બેક્ટીરિયા નાશ પામે છે. એટલે આ દવાઓ લેતી વખતે દર્દીને વિટામીન મળતું રહે એની કાળજી દાકતરો રાખે છે. વળી આ એન્ટીબાયોટિક લેવાથી વિટામીન 'કે'ની ખામી જણાવા લાગે છે. આથી શરીરના કોઇ પણ ભાગમાંથી લોહી નીકળે છે કારણ કે આ વિટામીનમાં લોહી થીજવવાનો ગુણ છે. ઉપરાંત મોનિલિયા સમૂહની ફુગો મોંમાં તેમ જ શ્વાસનળીમાં ઉત્પન્ન થાય છે. આ ફુગો ધોળા યા કાળા રંગની હોય છે એટલે જીભ કાળી ધોળી લાગે છે. આ ફુગો મટાડવી ખૂબ જ મુશ્કેલ છે.

પેનિસિલીન અને સ્ટ્રેપ્ટોમાઇસીન મોટા ડોઝમાં દાકતરો આપે છે. જ્યારે ઓરિયોમાઇસીન અને ટેરામાઇસીન નાના ડોઝમાં જ આપવામાં આવે છે. પેનિસિલીન જંતુઓને મારે છે તેમજ તેમનો વિકાસ રોધે છે. ઓરિયોમાઈસીન અને ટેરામાઈસીન માત્ર તેમનો વિકાસ જ રોધે છે. ખાસ ભારપૂર્વક જણાવવું જોઈએ કે બરાબર નિદાન કરાવીને જ દાકતરોની સલાહ અનુસાર જ આ ઔષધ લેવાં જોઈએ.

(ગુજરાત સમાચાર)

વિષતંત્રઃ લેખાંક ૩

લેખકઃ શ્રી ડૉ. ત્ર્યં. છો. નારીચાણિયા
મેડિકલ ઓફિસરઃ રાજ સીતાપુર (સૌરાષ્ટ્ર)

નાગ–સીસું–લેડ

નાગ અનૈન્દ્રિક, ધાત્વીય, વિક્ષોભક વિષ છે.

૨૫–(૧) લેડ એસીટેડ–સ્યુગર ઓફ લેડ (ઘાતક માત્રા તોલા ૨॥).

(૨) લેડ સબ એસીટેટ.

(૩) લેડ કાર્બોનેટ (સફેદો).

(૪) લેડ નાઇટ્રેટ (૫) લેડ સલ્ફેટ (૬) લેડ ક્રોમેટ (૭) લેડ ક્લોરાઈડ (૮) લેડ આયોડાઈડ (૯) લેડ સલ્ફાઇડ (સુરમો) (૧૦) લેડ મોનોક્સાઈડ (મુર્દાશંગ–બોદાર, ઘાતક માત્રા તોલા ૫) (૧૧) લેડ ટેટ્રોક્સાઈડ–રેડ લેડ (સિંદૂર)

ઘાતક માત્રાઃ અચોક્કસ.

ઘાતક સમયઃ અચોક્કસ. બે થી ત્રણ દિવસ ગણાય છે.

વિષ લક્ષણો: મોટા ભાગે લેડ ઓક્સાઇડથી વિષ પ્રભાવ થાય છે. મધુર, ધાતુસ્વાદ, ગળાનું સુકાવું, અતિ તૃષા. વિષ લેવાયા પછી અડધા કલાકમાં ઊલટીઓ શરૂ થાય છે જેમાં વમન પદાર્થ સફેદ રંગનો અથવા રક્તમિશ્રિત હોય છે. પેટમાં ચૂંક જેમાં પેટ દાબતાં આરામ જેવું લાગે છે. કાયમ કબજિયાત રહે છે. પરંતુ કોઈ સમયે કેટલાક આતુરોમાં ઝાડા થાય છે જેમાં મળ કાળાશ રંગનો અને વધારે પ્રમાણમાં મળ આવે છે. પેશાબ ઘટી જાય છે. શ્વાસમાં દુર્ગંધતા, કલમ, શીતત્વચા, નાડી અનિયમિત તથા નબળી. વાતલક્ષણો જેવા કે તંદ્રા, શિરોવેદના, ભ્રમ, સ્નાયુઓમાં કળતર, આક્ષેપ, પગનો પક્ષાઘાત, શક્તિહ્રાસ અને મૃત્યુ થાય છે.

મૃદુવિષ લક્ષણો: લેડ એસીટેટ જેવા દ્રવ્યો જુજ માત્રામાં લાંબા સમય સુધી લેવાથી આ લક્ષણો થાય છે. પેઢા ઉપર કાળી રેખાઓ તથા પાચન ક્રિયાના લક્ષણો ઉત્પન્ન થાય છે. ચહેરો લીલાશ પડતો (લીલીક), ઉંડો ઉતરી ગયેલો, નિસ્તેજ તથા ચિંતાગ્રસ્ત હોય છે. સાંધો બંધ થઈ જાય છે. પેશાબ થોડો અને લાલ હોય છે. વાતલક્ષણો જેવાં કે ભ્રમ (*Vertigo*) કમરમાં વેદના, કળતર અને પગનો પક્ષાઘાત. ત્રણ દિવસમાં કૉમાની સ્થિતિ ઉત્પન્ન થાય છે અને આક્ષેપની સાથે મૃત્યુ થાય છે.

ચિકિત્સા: સોડિયમ સલ્ફેટ અથવા મેગ્નેશિયમ સલ્ફેટ જે રાસાયણિક પ્રતિવિષ છે તે આપવું. જેથી તે લેડ સલ્ફેટ બની જાય છે અને તે ઓગળતું નથી. પછી આમાશય ધોવું. એસિડ સલ્ફ્યુરીક ડાઈલ્યુટ (ગંધકામ્લ ૩૦ ટીપાં) આપવું. જો ઊલટીઓ ન થતી હોય તો વાન્તિકર દ્રવ્યો આપીને વમન કરાવવું. દૂધ, ઈંડાની સફેદી અને જવનું પાણી આપવું. ચુંક વગેરે માટે વેદના શામક તરીકે તથા અત્યંત ઊલટીઓ થતી હોય તો મોરફિયા વીથ એટ્રોપીન ત્વચા સુચિવેધ મારફતે આપવું. નાગ પીધેલ (ચૂર્ણરૂપમાં) હોય તો પોટાશિયમ આયોડાઇડ આપવું. પ્રવાહી ખોરાક આપવો મરચા, તેલ, રાઈ જેવા ઉત્તેજક પદાર્થો ન આપવા. ઝિંક સલ્ફેટ વમન માટે તેમજ પ્રતિવિષ તરીકે આપવું. અને તેની પાછળ દૂધ, ઈંડાની સફેદી વગેરે આપવા.

શવચ્છેદ દૃશ્ય: આમાશયમાં શોથ, વ્રણ, આમાશયની શ્લેષ્મકળા જાડી અને નરમ અને તેમાં ધબ્બા હોય છે. તથા સફેદ કણીઓથી ઢંકાયેલ હોય છે.

જીર્ણવિષ લક્ષણો: જે કારખાનાઓમાં સીસાની બનાવટનો ઉપયોગ થતો હોય તેમાં કામ કરતા માણસોમાં આ લક્ષણો થાય છે. જેવાકે પ્લમ્બરો, ચિત્રકારો વગેરે.

ધાતુસ્વાદ, પેઢા ઉપર ખાસ કરીને ઉપલા જડબા ઉપર વાદળી (*Blue*) રેખા પરંતુ જેના મુખમાં દાંત નથી હોતા તેને આ રેખા નથી થતી. નાડી મંદ. અજીર્ણ, દૌર્બલ્યતા, પાંડુતા, ચૂંક, વિબંધ, પક્ષાઘાત એ ખાસ લક્ષણો હોય છે.

ચૂંક અને વિબંધ: ફુંટી ફરતી તીવ્ર વેદના ચુંક આવ્યા કરે છે. જેના ઉપર દાબના આરામ જણાય છે. મલબંધતા હોય છે અને ભાગ્યેજ અતિસાર હોય છે.

આમવાત: સંધીવાત (*Arthralgia*) ઢીંચણ, કોણી, ખભા જેવા મોટા સાંધાઓમાં તથા અસ્થિઓમાં સખ્ત વેદના હોય છે. અને નાના સાંધાઓમાં વેદના નથી હોતી.

ઉન્માદાવસ્થા: તીવ્ર શિરોવેદના, ભ્રમ, તંદ્રા, ઓપટીકન્યુરાઈટીસ, આક્ષેપ, પ્રલાપ, ઉન્માદ, એકલેમ્પશિયા, કૉમા.

પક્ષાઘાત: સંપૂર્ણ અથવા એક પેશી અથવા પેશી સમૂહમાં થાય છે. કાંડુ ખરી ગયા જેવું થાય છે જેને રિસ્ટડ્રોપ (*wrist–drop*) કહે છે. પ્રકાંડાસ્થિનો સાંધો ઢીલો પડી જાય છે. પછી એજ પ્રમાણે પગમાં થાય છે. સ્વરભંગ, લડથડાતી ગતિ તથા ધ્રુજારી (*Tremors*) થાય છે.

ચિકિત્સા: કારણોને દુર કરવા. મેગનેશિયમ સલ્ફેટ આપી આંતરડા સાફ કરવા. ગરમ સ્નાન, ગંધક, ગેલ્વેનીઝની માલીસ, ચોખ્ખી ખુલ્લી હવા પૌષ્ટિક આહાર, વેદના શામક તરીકે મોરફિયા વીથ એટ્રોપીન અથવા બેલેડોના આપવું. પોટાશિયમ આયોડાઇડ આપવું. જેથી અંદરનું વિષ ઓગળી જાય અને પછી મેગનેશિયમ સલ્ફેટ (વિલાયતી મીઠું) આપવું જેથી વિષ બહાર નીકળી જાય. એરંડતેલ વિરેચન માટે આપી શકાય. વમન કરાવવું. પક્ષાઘાત માટે પોટાશિયમ આયોડાઇડ અને વિષતિન્દુકના નિર્માણો આપવા. પાંડુ માટે લોહ, એસિડ સલ્ફ્યુરીક ડાઈલ્યુટ (ગંધકામ્લ) વાપરવા.

શવચ્છેદ દ્રશ્ય: પેઢા ઉપર કાળી રેખા. પક્ષાઘાતવાળા સ્નાયુઓમાં ફેટીડીજનરેશન, આંતરડા સંકોચ પામેલા તથા જાડા થઈ ગયેલ હોય છે. યકૃત અને વૃક્ક કઠણ અને જાડાશ પડતા હૃદય હાઈપર ટ્રોફીક.

ન્યાય સબંધિ વિચાર: સીસું એક ધાતુ તરીકે વિષ નથી પરંતુ તેની બનાવટો વિષ પ્રભાવ કરે છે. તીવ્ર (*Acute*) વિષના પ્રસંગો ભાગ્યેજ બને છે. પરંતુ જીર્ણ વિષના પ્રસંગો વધારે બનવાનો સંભવ રહે છે.

સીસાના નિર્માણોમાં લેડ એસીટેટ, કાર્બોનેટ, ક્રોમેટ અને ઓક્સાઈડ વિષ પ્રભાવ કરે છે. લેડ એસીટેટ ભુલથી વધારે પ્રમાણમાં આપવાથી વિષ પ્રસંગો વધારે પ્રમાણમાં બને છે.

સીસું ત્વચા અને ફુફ્ફુસ માર્ગે પ્રવેશ કરે છે, પરંતુ ખાસ કરીને પાચક અવયવો મારફતે પ્રવેશ કરે છે, મળ સાથે વધારે પડતું બહાર નીકળે છે. જ્યારે મૂત્ર સાથે જુજ પ્રમાણમાં સ્વેદ તથા ધાવણની સાથે પણ બહાર નીકળે છે. પ્લીહા, માંસપેશીઓ તથા નાડીઓમાં (*nerves*) માં એકત્રિત થાય છે. ગર્ભપાત માટે વપરાય છે. જે પુરૂષને સીસાના વિષનો પ્રભાવ હોય અને જો તે પુરૂષથી પત્નિને ગર્ભ રહે તો તે ગર્ભપાત થઈ જાય છે. સ્ત્રીઓ કરતાં પુરૂષો વિષ પ્રભાવ વધારે સહન કરી શકે શકે છે.

વૈદ્યો સીસાને શુદ્ધ કરીને ભસ્મના રૂપમાં વાપરે છે. બીજી ભસ્મોના પ્રમાણમાં નાગભસ્મ સ્વતંત્ર રીતે બહુ ઓછી વપરાય છે. સીસાની બનાવટોમાં ઓદાર વધારે વપરાય છે, સિંદૂર સુરમો વગેરે ઘણા ઓછા પ્રમાણમાં વપરાય છે.

ઓદાર (લેડ મોનોક્સાઈડ) વિષ ચિકિત્સા.

વમન કરાવવું. વિરેચન આપવું. મુળા તથા સુવા ખવડાવવા. ગાયનું દૂધ સાકર નાખીને પાવું. દાડમનોરસ પાવો. (આર્યભિષક્),

સિંદૂર (રેડ લેડ) વિષ ચિકિત્સા:–

અક્કલકરો અને ઘોડાવજને પાણીમાં ઘસીને પાવું. લીંબુનોરસ સાકર નાખીને પાવો. ચણોઠીના પાંદડાં સાત દિવસ સુધી ચાવીને ખાવા. અવાજ બેસી ગયો હોય તો જેને માફક આવે તેને પાનમાં સવાર સાંજ બિલામ ૧/૪ (ચતુર્થાંશ) એટલે કે એક થી બે વાલ ખાવું.

(આર્યભિષક્) (ક્રમશઃ)

આરોગ્ય, વૈદ્યક, અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ | आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्। | વૈશાખ ૨૦૧૧
અંક ૫ | आयुर्वेदोपदेशेषु विधेय परमादरः॥ | મે ૧૯૫૫

શુદ્ધાયુર્વેદિક કોર્સ

વર્તમાનકાળમાં શુદ્ધાયુર્વેદનુ કોર્સનું શિક્ષણ આપતા વિદ્યાલયો નીચે મુજબ છે એ વિદ્યાલયોના નામ સામે તેમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા આપવામા આવી છે.

૧ શુદ્ધાયુર્વેદ વિદ્યાલય મુંબઇ ૧૯, ૨ પુનર્વસુ આયુર્વેદ વિદ્યાલય મુબઇ ૧૭, ૩ મ. હરિપ્રપન્નજી આયુર્વેદ વિદ્યાલય મુબઇ ૧૭, ૪ શુદ્ધ આયુર્વેદ વિદ્યાલય નાસિક ૭, ૫ [illegible] આયુર્વેદ વિદ્યાલય બેલગામ ૧૨, ૬ શુદ્ધ આયુર્વેદ વિદ્યાલય ૩૨, ૭ અષ્ટાંગ આયુર્વેદ મહા વિદ્યાલય પુના ૧૧.

વિદ્યાલયોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સખ્યા ૧૧૨ની છે જ્યારે માન્ય થયેલા ગુરુઓના નામ અને તેમની પાસે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સખ્યા નીચે પ્રમાણે. કુલ્લે માન્ય ગુરુઓ ૩૩ છે. અને તેમની બધાની પાસે મળી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ૯૦ છે.

કુલ્લે વિદ્યાલયમાં અભ્યા કરતા ૧૧૨ અને ગુરુ પાસે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ૯૦ મળી શુદ્ધાયુર્વેદનો અભ્યાસ કરતા ૨૧૨ વિદ્યાર્થીઓ છે.

વૈદ્ય ગણેશશાસ્ત્રી જોષી	પુના	૫	વૈદ્ય ત્ર્યબક એચ લાઇવ	ત્ર્યબક	૨
વૈદ્ય એન. એન. બાગેવાડીકર	શોલાપુર	૪	વૈદ્ય બ્રહ્મદત્ત શર્મા	ભૂસાવળ	૧
વૈદ્ય એન. એન. ભાગરે	ધુલિયા	–	વૈદ્ય કવીશ્વર આર એન	પુના	૪
વૈદ્ય એમ. બી. વાલ્વે	શાહપુર બેલગામ	૪	વૈદ્ય હીરેમાથ એસ. આર	બીજાપુર	૧
વૈદ્ય વી એસ પાઠક	ધુલિયા	૩	વૈદ્ય આર. કે. કુલકર્ણી	બેલગામ	૨
વૈદ્ય એ. પી. પાન્ડ્યે ગુર્જર રાજાપુર	રત્નાગીરી	૩	વૈદ્ય બી. એ સારંગપાણી	નાશીક	૨
વૈદ્ય અનન્તાચાર્ય આચ્ય	બીજાપુર	૫	વૈદ્ય ગુલરકરશાસ્ત્રી એમ બી	,,	૨
વૈદ્ય ડી. બી. મનોહર	દાભોલ રત્નાગીરી	–	વૈદ્ય મંગલેશ્વર એસ. વૈદ્ય	અમદાવાદ	૫
વૈદ્ય વાય. જી. નટોળીકર	કોલ્હાપુર	૫	વૈદ્ય જે. કે. દેસાઇ	વડોદરા	૩
વૈદ્ય બી જી પંડિત	નાશીક	–	વૈદ્ય પી એન. વૈદ્ય	નડિયાદ	–
વૈદ્ય ડી વી. ગોન્ડે	પુના	–	વૈદ્ય મગનલાલ ગીરીજાશંકર	ડભોઇ	૫
વૈદ્ય એમ. જી. જોષી	,,	૧	વૈદ્ય એન. ડી. દેશપાંડે	ચેમ્બૂર	૫
વૈદ્ય મરલારાધ્યશાસ્ત્રી	બીજાપુર	૩	વૈદ્ય કે. આર. ત્રીવેદી	અમદાવાદ	૫
વૈદ્ય બી. બી. વારેયર	,,	૨	વૈદ્ય એ. વી. એનાપુરે	મુબઇ	૫
વૈદ્ય પી. આર. કુલકર્ણી	કારેગાવ	૧	વૈદ્ય કે એસ. વૈદ્ય	સુરત	૪
વૈદ્ય કે. એન. અવધાણી	બીજાપુર	૨	વૈદ્ય પરશુરામ બારોટ	વડોદરા	૫
વૈદ્ય ગુંડુ દીક્ષીત કુડકે બનવાસી (સીરસી)		૧			

આરોગ્યસિન્ધુ

(સ્થાપના: સને ૧૯૨૧: સ્થાપક: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર)

સંપાદક: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

પ્રકાશન: આ માસિક દર માસની પહેલી તારીખે પ્રગટ થાય છે. જાન્યુઆરીથી આ પત્રનું વર્ષ શરૂ થાય છે. અને ડિસેંબરમાં પૂરું થાય છે અંકો સ્ટૉકમાં હોય ત્યાં સુધી પ્રથમ અંકથી જ ગ્રાહક કરવામાં આવે છે.

લવાજમ: આ પત્રનું હિંદમાં વાર્ષિક લવાજમ રૂા. ૪ છે. પરદેશમાં શિલિંગ ૮ છે. છુટક નકલ ૧ના આના ૮ છે. રૂા. ૪ મનીઑર્ડરથી અગાઉથી મોકલવાં વધુ હિતકર છે. વી. પી. થી મંગાવનારને આના નવ વધુ પડશે,

મુંબઇ, અમદાવાદ, સુરત અને સુરેન્દ્રનગરના સ્થાનિક ગ્રાહકોએ લવાજમ નીચેના સ્થળોએ ભરવું: સિન્ધ આયુર્વેદિક ફાર્મસી, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ. ગાંધી રોડ, અમદાવાદ. લીમડા ચોક, સુરત. મૂળીનો ઉતારો, સુરેન્દ્રનગર.

ભેટપુસ્તક: આ પત્રના ગ્રાહક થનારને દર વર્ષે એક ઉત્તમ વૈદ્યક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે. આ વર્ષે ભેટ પુતસ્ક તરીકે **"આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"** ભાગ ૩ આપવામાં આવ્યું છે.

વ્યવસ્થા: અંક વિશે તથા લવાજમ મોકલવા વિશે તમામ પત્રવ્યવહાર, વ્યવસ્થાપક **"આરોગ્ય સિન્ધુ" સિન્ધ આયુર્વેદિક ફાર્મસી,** ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ એ શિરનામે કરવો.

અંકો વ્યવસ્થાપકની દેખરેખ હેઠળ પોસ્ટ કરવામાં આવે છે. છતાંય અંક ગેરવલ્લે જાય તો ગ્રાહકે સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કરવી. અંકો સિલકમાં હશે ત્યાં સુધી, બીજીવાર આપવામાં આવશે, પણ ગેરવલ્લે થતાંજ આ રીતે ફરીથી અંક મેળવી શકશે, તે પણ તા. ૧૫મી સુધી ફરિયાદ મળતાં તેના પર ધ્યાન અપાશે.

શિરનામામાં ફેરબદલ હશે તો માસની ૨૫મી સુધીમાં જણાવ્યું હશે તોજ ફેરબદલ થઇ શકશે. અન્યથા જુને શિરનામે જ અંક જશે

પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો ખાસ જરૂરી છે.

સંપાદન: આયુર્વેદ અને આરોગ્યને લગતા ઉચ્ચ વૈદ્યકીય દૃષ્ટિએ લખાયલા લેખોને આ પત્રમાં સ્થાન મળે છે. લેખ મળ્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકારનો ઉત્તર એક માસ બાદ આપવામાં આવે છે. અસ્વીકૃત લેખ સાથે જરૂરી સ્ટેમ્પસ બીડયા હોય તો તે લેખ પરત મોકલવામાં આવે છે. સ્વીકૃત લેખ સમય અને સ્થળ પ્રમાણે યોગ્ય પદ્ધતિએ પ્રગટ કરવામાં આવે છે.

સંપાદક સાથે અગાઉથી સમય નક્કી કરી મુલાકાત લઇ શકાય છે.

વૈદ્યો, વૈદ્યકીય વિદ્યાર્થીઓ, ડૉકટરો અને આયુર્વેદના અભ્યાસીઓને આયુર્વેદ અને આરોગ્યને અનુલક્ષી લખાયલાં લેખો મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે.

સંપાદકનું શિરનામું આ પ્રમાણે કરવું: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર** સંપાદક: **આરોગ્યસિન્ધુ** ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

પુસ્તક પરિચય: વિસ્તૃતસાહિત્યાવલોકન માટે બે પુસ્તકો પ્રકાશકે મોકલવાં જરૂરી છે. એક આરોગ્યસિંધુ કાર્યાલયમાં રહે છે અને એક પ્રત એ વિષયના નિષ્ણાતને અવલોકન માટે મોકલવામાં આવે છે. નિષ્પક્ષપાતપણે તમામ અવલોકનો કરવામાં આવે છે.

જાહેરાત: આ પત્રનો ફેલાવો સુવૈદ્યોમાં અને જનતામાં સારો હોઇ, એમાં કરેલ જાહેરાત તુરત જ જવાબ આપે છે. જાહેરાતનો ભાવ એક ઈંચના રૂા. ૨ છે. ૦। પાનું એક વખતના રૂા. ૧૦, ૦॥ પાનું રૂા. ૨૦ અને આખું પાનું રૂા. ૩૬ ભાવ છે. પરંતુ બાર માસનો કોંટ્રેકટ કરવાથી સારૂ કમિશન મળે છે. એ વિષયમાં જીજ્ઞાસુએ પત્રવ્યવહાર કરવો.

પત્રનુંકદ: પત્ર રોયલ આઠ પેજીમાં પ્રગટ થાય છે. આખા વર્ષમાં બધું મળી ૩૫૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવે છે. પ્રત્યેક અંકમાં આશરે ૨૮ પૃષ્ઠ થાય છે. અને ભેટપુસ્તક ૧૦૦ થી ૧૨૫ પૃષ્ઠનું દર વર્ષે આપવામાં આવે છે. કુલ્લે ૫૦૦ પૃષ્ઠનું વાંચન રૂા. ચારમાં આપવામાં આવે છે.

આરોગ્યસિન્ધુ કાર્યાલય: ૩૭૫, કાલબાદેવી, **મુંબઈ, ૨**

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્યસિન્ધુ

સ્થાપક તંત્રી:
વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૫

મે ૧૯૫૫
વૈશાખ સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક આપવામાં આવે છે.

પહેલી એપ્રિલથી, અમલમાં આવ્યો છે
વાંધાભરી જાહેરાતો પર પ્રતિબંધક કાયદો

વાંધાભરી જાહેરાત પર પ્રતિબંધ લાવતો કાયદો ૧લી એપ્રીલથી કેન્દ્રીય સરકારે અમલમાં મૂક્યો છે, એની સત્તાવાર જાહેરાત થઇ ગઇ છે. અમોએ આ કાયદો ખરડા સ્વરૂપે આવેલો તે ડિસેંબર ૧૯૫૪ના આરોગ્ય-સિન્ધુના અંકમા સમગ્રરૂપે પ્રગટ કર્યો છે દવાનું લેખલ સાહિત્ય, જાહેરાત આદિમાં નીચેના ૩૨ દરદો પ્રતિબંધિત લેખાયા છે.

(૧) અંધાપો (૨) બ્લડપ્રેશર–ઉંચુ કે નીચુ (૩) સ્તનના રોગો (૪) બ્રાઇટ ડિસિઝ (કિડનીનો રોગ) (૫) કેન્સર (૬) મોતિયો (૭) વિલંબિત માસિક ધર્મ (૮) મધુમેહ (૯) અપસ્માર–એપિલેપ્સી (૧૦) આંખ–સ્થાનિક ખામી (૧૧) સ્ત્રીના સ્તનો–તેમાં ફેરફાર કરવાની શક્યતા (૧૨) આંચકી–Fits (૧૩) આમાશયને હોજરીના મણો (૧૪) ઝામરવા (૧૫) હૃદયરોગો (૧૬) ઉંચાઇમાં વધારો (૧૭) વધરાવળ (૧૮) ગાંડપણ (૧૯) કુષ્ટ (૨૦) હનુસ્થંભ (૨૧) Lupus–ત્વક્‌રોગ વિશેષ (૨૨) મેદવૃદ્ધિ (૨૩) લકવો (૨૪) પોલિયોમાયલાઇટિસ–બાળલકવા (૨૫) સંધિવા–જીર્ણ કે સતત (૨૬) જાતીય નબળાઇ–નપુંસકતા (૨૭) વંધ્યત્વ–વાંઝીયાપણું (૨૮) આંખમાં ખીલ (૨૯) ક્ષય (૩૦) અર્બુદ ગંડમાલા–ગ્રંથિ (૩૧) ગર્ભાશયના કાર્ય તેમા વિકૃતિ–પ્રદર શ્વેતપ્રદર માસિક સ્રાવનો અવરોધ (૩૨) સ્ત્રીઓના અન્ય દરદો

એમાં અપવાદરૂપે રજી. મેડિકલ પ્રેકટીશનર પોતે પોતાના રહેઠાણ ઉપર લગાવેલ સાઇનબોર્ડ કે નોટિસમાં ઉપરના દરદોમાથી કોઇપણ લખી શકે છે તે રીતે કોઇ પણ વૈદકીય પુસ્તક–નિબંધ–ઉચ્ચ વૈજ્ઞાનિક કે સામાજીક દૃષ્ટિબિંદુથી લખાયલુ હોય તેને પણ આમાંથી બાકાત રાખવામા આવ્યા છે. તે ઉપરાંત કેન્દ્રીય કે પ્રાંતીય સરકારે નીમેલા અધિકારી પાસેથી રજા મેળવી હશે તેવી જાહેરાત છાપી શકાશે. તેમા કોઇ વાંધો નહીં રહે આ રજા માટે તે અધિકારીને અરજ કરવી પડશે અને તેમા દવા તેનો રેજી ટ્રેડમાર્ક, તેની બનાવટ અને તેની જાહેરાત કરવાની છુટ કયા કારણોસર આપવી જોઇએ, તે બધી વિગતો રજુ કરવી પડશે

આ અમલ હેઠળ ખાનગી રીતે જા. ખ મોકલવાની છુટ છે તેમાં જાહેરાત, પેમ્ફલેટ કે પરિપત્ર ટપાલથી રેજી તબીબ કે જથ્થાબંધ યા છુટક વેપારીને સીલબંધ કવરમા ખાનગી રીતે તેના કવર પર હોસ્પીટલ લેબોરેટરી કે રેજી તબીબના ઉપયોગ માટે એવુ લખેલુ હોવુ જોઇએ. અને કાયદા નીચે દર્શાવેલા રોગો કે સ્થિતિને દવા મટાડી દેશે એવો દાવો કરી શકાશે નહિ

આ કાયદાની ત્રીજી ચોથી અને પાંચમી કલમ હેઠળ ગર્ભપાત માટે કે ગર્ભાધાનના નિરોધ માટે, માનવીની જાતીય તાકાત નિભાવવા કે સુધારવા માટે, સ્ત્રીની ઋતુ સબંધી ફરિયાદોના નિવારણો માટે, કોઇપણ ગરમીના ઉપદંશાદિ રોગોના નિદાન, સુધારો, રાહત, સુશ્રુષા કે અટકાવ માટે, જાહેરાત કરી શકાશે નહિ.

આ કાયદાની વિસ્તૃત માહિતિ આરોગ્યસિન્ધુના વર્ષ ૩૧ના ૧૨ મા (ડિસેંબરના) અંકમા આપેલી છે જે જિજ્ઞાસુને જોઇએ તે આરોગ્યસિન્ધુ કાર્યાલયને ૦–૮–૦ના પોસ્ટેજ સ્ટામ્પ મોકલી મંગાવી લ્યે

બીજોરૂં

લેખક: **શ્રી જટુભાઇ વૈદ્ય: બોટાદ.**

આ બીજોરાનું વૃક્ષ લીંબુડીને મળતું થાય છે. એ બગીચામાં વાવીને ઉછેરી શકાય છે અથવા ઘર આંગણે કે પાસેના વાડામાં જો છૂટથી ક્યારો કરી ખૂબ પાણી પાવામાં આવે તો પણ ઉગી શકે છે અને ઉછરે છે. એનાં ફળો લંબગોળ–વેંત દોઢ વેંત લાંબા વચમાંથી પહોળાં ખરબચડી અને ખાડા ખૈયાવાડી જાડી છાલવાળાં હોય છે પાકે છે ત્યારે એનો રંગ પીળો થાય છે. એનાં ફળોને જેમ ઝાડ ઉપર વધારે વખત રાખીને પાકવા દેવામાં આવે તેમ એમાં વધારે ગુણ આવે છે. આ ફળો નારંગી, મોસંબી અને લીંબુની જેમ સુગંધી હોય છે. જ્યારે એની છાલ ઉપરથી છોલી નાંખવામાં આવે છે ત્યારે એમાંથી મોસંબીના જેવો કળીયોવાળો ગર્ભ નીકળે છે, જે ઘણો ખાટો હોય છે. આ ગર્ભને લાકડાની ખાંડણીમાં સાંમેલાથી ખાંડી જાડા કપડાવડે નીચોવીને રસ કાઢી શકાય છે.

આ બીજોરાના ફળનો ગર્ભ અને રસ લીંબુની જગ્યાએ વાપરી શકાય છે. પણ એનામાં લીંબુ કરતાં અધિક ગુણો રહેલા છે.

બીજોરાં ગુજરાતમાં ઘણી જગ્યાએ થાય છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત તરફ–પાલણપુરમાં એની બહુ જ છત હોય છે. એનાં પાકેલાં ફળોની મોસમ ચોમાસામાં શ્રાવણ ભાદરવો માસ હોય છે. એનાં પાન, ફુલ વગેરેનું લીંબુડીની સાથે ઘણું જ સામ્ય-સરખાપણું છે.

બીજોરાનાં સંસ્કૃત નામો બીજવુર અને માતુલુંગ એવાં છે.

બીજોરાનાં ફળોનો રસ આયુર્વેદમાં પેટની ઘણી દવાઓને ભાવના દેવામાં વપરાય છે વળી બીજોરાના ગર્ભનું અથાણું મુરબ્બો વગેરે પણ બને છે. એનો પાક પણ થાય છે. વળી એના રસનું શરબત પણ પીવાય છે.

બીજોરૂં દવામાં ઘણું જ ઉપયોગી ફળ છે એ અમ્લ–ખાટું છે. ગુણમાં લઘુ છે, દીપન પાચન અને ઉલટી બંધ કરનાર છે. અરૂચિ, શૂળ, વિબંધ, આફરો, મંદાગ્નિ, હેડકી, ખાંસી, શ્વાસ, ગુલ્મ–ગોળો ચડવો, હરસ, કોષ્ટબદ્ધતા વગેરે રોગોને મટાડે છે. વળી કંઠને સ્વચ્છ કરનાર છે. પ્રિય લાગે એવું છે અને હૃદયને બળ આપનાર છે. તેમજ વાયુ અને કફના રોગોમાં હિતકર છે, તેમજ એનો ગર્ભ પિત્ત-શામક પણ છે. ઉપર ગણાવ્યા એ સઘળા રોગોમાં એના ગર્ભનો રસ વાપરવાથી ફાયદો થાય છે. બીજોરાના ફળની છાલ કડવી છે, પચવામાં ભારે છે પણ એની છાંયે સુકવેલી છાલનું ચૂર્ણ કૃમિનો નાશ કરનાર છે. બીજોરાનો ગર્ભ સ્વાદુ–મધુર, શીત, ગુરૂ અને સ્નિગ્ધ છે એના ગર્ભમાં જે તંતુઓ હોય છે એ ખાસ બુદ્ધિવર્ધક છે, ઉપરાંત એનામાં પણ બીજોરાના ગર્ભમાં રહેલા સઘળા ગુણો છે. વળી એ તંતુઓ પચવામાં હલકા છે. વળી શરીરમાં ખાસ કરીને પેટમાં રહેલા દ્રવ–પ્રવાહીનું શોષણ કરનાર છે.

વળી બીજોરૂં શરીરના વર્ણ–કાંતિને સુધારનાર છે, રક્તપ્રસાદન અને માંસ તથા બળને વધારનાર છે.

બીજોરાના મૂળ–એની છાલ, એનાં પત્ર પાન ફુલ તથા ફળ એની છાલ તથા ગર્ભ અને એમાં રહેલાં તંતુઓ એ સઘળાં અંગો ઔષધીય ઉપયોગમાં આવે છે.

બીજોરાનાં ફળનો રસ શોણિત સ્થાપન છે અર્થાત્ લોહીના દોષોને હરી લઇને એને નિર્દોષ અને પ્રકૃતિસ્થ રાખી એના અતિસ્રાવને બંધ કરે છે, એના ફળની છાલ સુગંધી અને કટુપૌષ્ટિક છે એના પત્ર–પાન સ્વેદ જનક–પરસેવો લાવનાર અને વેદનાસ્થાપન એટલે વેદના હરનાર ગુણવાળાં છે.

વળી બીજોરાનાં ફળો સ્વાભાવિક રીતે જ મૃદુ નિદ્રાકારક પણ છે. બીજોરાનાં વૃક્ષનાં મૂળમાં પણ થોડા વેદના હરવાનો ગુણ છે.

બીજોરામાં ખાસ કરીને વાતાનુલોમન એટલે વાયુની ગતિને નીચે ઉતારવાનો તથા યકૃત–લીવર તથા બરોલની ગ્રંથિનો સોજો ઉતારી આંતરડામાં થયેલ ગ્રંથિઓ કે વાયુના પ્રકોપથી ચડતો ગુલ્મ ગોળો એ ઉપદ્રવોને મટાડવાનો મુખ્ય ગુણ છે.

લોકોમાં બીજોરાનાં ફળોની ઘણી પ્રતિષ્ઠા છે. અને એનો રસ પેટનાં ઘણા દર્દમાં ઘરગથ્થુ દવા તરીકે વપરાય છે.

જ્યારે આધુનિક વૈદ્યક વિજ્ઞાનનો આટલો બધો પ્રચાર નહોતો ત્યારે ભારે કે વાયડા ખોરાક ખાવાથી દર્દીને પેટમાં દુખવા આવતુ, ગોળો ચડી આવતો કે આફરી થતી ત્યારે એને માટે બીજોરાની ગોળીઓ વપરાતી. અચાનક જ્યારે આવી ઉપાધી આવી પડે ત્યારે વાપરવા માટે લોકો આ ગોળીઓ ઘરે બનાવીને હાજર જ રાખતા અથવા વૈદ્યને ત્યાંથી તૈયાર લાવીને ઘરમાં રાખી મુકતા અને ઉપયોગમા લેતા અને એનાથી તરત જ આરામ આવી જતો.

હવે અત્યારે એને બદલે લોકોને આવું થાય છે ત્યારે પેનકીલર, અમૃતબિંદુ કે અમૃતધારા નામની દવાના ટીપાં પાણીમાં મેળવી પાય છે. અથવા દાક્તરને બોલાવીને મોર્ફીઆ–અફીણના સત્વનું ઈન્જેક્ષન લઈ લે છે. કે જેનાથી કાયમી આ દર્દ જતું નથી અને વધારામાં બીજું શરીરને નુકશાન પણ થાય છે

પણ આ બીજોરાની ગોળીઓના સેવનથી તો આવાં દર્દો થવાનું મૂળ કારણ જ દૂર થઇ જતું. કશી હાનિ થતી ન હતી. અને શરીર કાયમને માટે નિરોગી બની જતું.

જ્યારે પેટમાં વાયુનો ગોળો ચડે ત્યારે અફીણના સત્વનાં ઈન્જેક્ષનથી દુખાવો મટાડી ઘેનમાં પડી જનાર દર્દીને વખતોવખત આવા દુખાવા ઉપડે છે અને પછી તો એના કાયમી ગુલામ બનવું પડે છે.

વળી બીજોરાનાં ફળોને માટે સમજમાં એવી પણ લબ્ધપ્રતિષ્ઠ માન્યતા છે કે એના ફળમાં જો લોઢાની સોય પરોવી રાખી હોય તો થોડા દિવસમાં એ પણ ગળી જાય તો પછી પેટમાં ગમે તેવી કઠણ અને મોટી ગાંઠ થઈ હોય તો યે કેમ ન ગળે?

આ માન્યતા સાચી છે. બીજોરાની ખટાશથી લોઢા જેવી કઠણ ધાતુ પણ પોતાનું કાઠિન્ય તજી દે છે. બીજોરામાં નાંખેલી સોય થોડા દિવસે જો બહાર કાઢવામાં આવે તો એની ઉપર કાટ ચડી ગયો હોય છે. અને એવી બની ગઇ હોય છે કે જો હાથે દબાવીને મસળી હોય તો પણ ભુક્કો થઈ જાય. મતલબમાં એની ખટાશ લોહનું એના જેવી બીજી કઠણ ધાતુઓનું મારણ કરવાની શક્તિ ધરાવે છે.

એટલે આ અમ્લતા જઠરને સુધારે અને પેટમાં થયેલી ગ્રંથિઓને પણ ગાળે એ સ્વાભાવિક છે.

પેટમાં આમ અથવા કફ ભરાવાથી થયેલા વાયુનો અવરોધ ટળી, સ્રોતો ખુલ્લાં થઈને વાતાનુલોમન બીજોરાના રસથી થવા લાગે છે અને અધોમાર્ગે વાયુ સરે છે એટલે ઉર્ધ્વવાતને લઇને થની છાતીની ગભરામણ વગેરે દૂર થાય છે અને પેટમાં રાહત મળે છે. વળી બીજોરાનાં ફળોના ગર્ભ અને એના રસથી આતરડાં સુધરે છે. ગ્રહણી વિકાર પણ નષ્ટ થાય છે એટલે મરડો, અતિસાર–ઝાડા, મંદગ્રહણી વગેરે રોગો પણ એનાથી મટે છે.

બીજોરાંના ફળનો લીંબુની જગ્યાએ દરેક સ્થળે ઉપયોગ કરી શકાય. દાળ, શાક ભાત વગેરેમાં મેળવીને ખવાય. છાશમાં પણ એનો રસ નીચોવીને પીવાય, એના રસનું શરબત બનાવીને પણ વપરાય.

બીજોરાનાં ફળના ગર્ભના રસથી બકારી ઉલટી વગેરે-પણ શમી જાય છે અને પ્રકુપિત પિત્ત પણ શાંત થાય છે. હેડકીમાં પણ એનો રસ વાપરવાથી ફાયદો થાય છે.

બીજોરાનાં ફળોમાં પણ એના ગર્ભ સાથે લીંબુની જેમ એના જેવાં જ બીયાં હોય છે અને એ ગર્ભપ્રદ પણ છે.

બીજોરાંના ફળોની છાલ કાઢી નાંખી એના ગર્ભના નાના નાના કટકા કરી છાંયે સુકવવા. પછી ખાંડી એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું, પછી એને ખરલમાં નાંખી બીજોરાના ફળના ગર્ભના રસની ભાવના—આપી એની ટચલી આંગળી જેવડી વર્તિ—વાટય બનાવી રાખવી. અને નાનાં બોર જેવડી ગોળીઓ પણ વાળવી—ગુલ્મ, ગોળો મરડાના દર્દીને આ ગોળીઓ સવાર, બપોર, સાંજ ત્રણવાર ૨ થી ૪ ગોળીઓ પાણી સાથે ખવરાવવી અને જ્યારે વાયુનો ગોળો ચડી પેટમાં આફરી ચડી હોય જે ટચલી આંગળી જેવી લાંબી વાટય બનાવી હોય તે જરાક ઘી ચોપડી—પુંઠ—ગુદામાં પહેરાવી દેવી તો એનાથી તરત જ ઝાડો થશે અને પવન છુટવા લાગશે એટલે પેટ તરત જ હલકું પડી જશે. આ પ્રમાણે બીજોરાના મૂળની છાલનો પણ ઉપયોગ કરી શકાય.

બીજોરાંનો રસ એમાં લીંડીપીપર અને કાળાં મરીનું ચૂર્ણ તથા મધ મેળવીને પીવાથી વિમાર્ગી થએલું પિત્ત સ્વસ્થાને આવી ગયેલા ઉપદ્રવો શમે છે. વળી બીજોરાના રસમાં એકલું શુઠનું ચૂર્ણ અને મધ મેળવીને પીવું હોય તો પણ ફાયદો થાય છે.

જ્યારે તાવમાં મોઢામાં અમી રહેતું નથી અને શોષ પડે છે તેમજ અરૂચિ થઈ જાય ત્યારે બીજોરાંના ગર્ભની કળીઓ અને એનાં કેસર—તંતુઓ સિંધાલુણ અને મધ સાથે મેળવી ખરલ કરી એની ચટણી જેવી લુગદી મોઢામાં રાખી ચુસી રસ ઉતારવાથી ફાયદો થાય છે.

બીજોરાનાં રસનાં કાનમાં ટીપાં નાખવાથી ચસકા આવતા હોય કે સણકા મારતા હોય તો મટી જાય છે.

(ક્રમશઃ)

सौतिकम्

(સંકલિત પ્રસૂતિ તંત્ર)

લેખક:
શ્રી વૈદ્ય પ્રભુભાઇ ભક્ત આયુર્વેદાચાર્ય, કાવ્યતીર્થ,
પ્રોફેસર ઓ. ના. આયુર્વેદ મહાવિદ્યાલય, સૂરત.

અધ્યાય: ૧ સ્ત્રી શારીર

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૦૭ થી ચાલુ)

विकृतिविज्ञानम्, विकृतक्रियाविशेषः इत्यादि स्त्री रोग विशेषस्य प्रसूतितंत्र संबधि विषयस्य विवरणम्

આર્તવક્ષયના લક્ષણો જો આર્તવનો ક્ષય થાય તો નિયત સમયે તેનું દર્શન થતું નથી જો દર્શન થાય તો અલ્પ પ્રમાણમાં જોવામા આવે છે અને યોનિમાં વેદના થાય છે.

ચિકિત્સા વમન-વિરેચન દ્વારા દોષોની શુદ્ધિ કરાવવી તથા તીક્ષ્ણોષ્ણ દ્રવ્યોનુ વિધિપૂર્વક સેવન કરાવવું.

આર્તવ વૃદ્ધિના લક્ષણો અતિ વૃદ્ધ આર્તવ આર્તવની અતિ પ્રવૃત્તિ કરે છે. વૃદ્ધ આર્તવ વાયુનો અવરોધ કરી અંગમર્દ ઉત્પન્ન કરે છે. પિત્તના જેવા સ્વભાવનું હોવાથી વિદગ્ધ (સડવું) થવાને કારણે તેમાં દુર્ગન્ધ ઉત્પન્ન થાય છે જેથી દુર્બળતા અને રક્તગુલ્મ થાય છે.

આર્તવ વૃદ્ધિની ચિકિત્સા વૃદ્ધ આર્તવને સંશોધન, આર્તવને વધારનાર પદાર્થોનો ત્યાગ અને આર્તવ વૃદ્ધિહર કર્મોદ્વારા સમાવસ્થામાં લાવવું જોઇએ.

આર્તવ ક્ષયમાં રૂચિ આર્તવ ક્ષયથી પીડાતી સ્ત્રીને કટુ-અમ્લ-લવણ-અમ્લ, વિદાહી અને ગુરૂ ફળ અને શાક તથા અન્નપાનના સેવનથી અભિલાષા થાય છે

સ્તન્ય ક્ષયના લક્ષણો સ્તન્યનો ક્ષય થવા પર સ્તનોની મ્લાનતા તથા સ્તન્યની ન્યૂનતા યા નાશ આ લક્ષણો ઉત્પન્ન થાય છે.

સ્તન્ય ક્ષયની-ચિકિત્સા શતાવરી-વિદારીકંદ-સિંઘોડા આદિ ઔષધ દ્રવ્યોનો ઉપયોગ કરવો, કફ વધારનાર દ્રવ્યોનું સેવન હિતકારક છે.

સ્તન્ય વૃદ્ધિના લક્ષણો સ્તન્યની વૃદ્ધિથી સ્તનોની વિશાળતા, સમય-અસમયે સ્તન્યનો સ્રાવ તથા સ્તનોના ખેંચાણથી વેદના થાય છે. પ્રસવ બાદ પ્રથમ પ્રસવા સ્ત્રીમાં સ્તનોનું ખેંચાણ થવાથી જ્વર આવે છે.

સ્તન્ય વૃદ્ધિની ચિકિત્સા પ્રવૃદ્ધ સ્તન્યનું સંશોધન કરવું અથવા દુગ્ધાકર્ષક યંત્રથી કાઢી નખાવવું તથા સ્તન્ય વૃદ્ધિહર (લઘુ) દ્રવ્યોનું સેવન કરાવવું, પ્રથમ પ્રસવા સ્ત્રીમાં જો ખેંચાણને કારણે જ્વર હોય તો સ્તનો પર ગૈરિક અથવા ગુલેઅરમાનીનો લેપ કરાવવો યા ચમેલીના ફૂલનો કલ્ક બનાવી તેનો લેપ લગાવવો.

સ્તન્ય ક્ષયમાં રૂચિ સુરા-શાલ્યન્ન-માંસ-ગાયનું દુધ સમાકર આસવ-દહીં અને હૃદ્ય પદાર્થોની અભિલાષા સ્તન્ય ક્ષયમાં થાય છે.

શુક્રાવૃત વાયુના લક્ષણો વાયુ જો શુક્રથી આવૃત થાય તો શુક્રનું અપતન અથવા વેગથી પતન થાય છે. અથવા ગર્ભોત્પત્તિની અયોગ્યતા ઉત્પન્ન થાય છે.

શુક્રગત વાયુના લક્ષણો શુક્રગત પ્રકૃતિ વાયુ શુક્રની અપ્રવૃત્તિ કિંવા અતિ શીઘ્ર પતન અતિ ધીમે ગ્રથિત-વિવર્ણ તથા વિકૃત શુક્રની પ્રવૃત્તિ, ગર્ભનો સ્રાવ અપાત અથવા ચિરકાળ સુધી ગર્ભાશયમાં ગર્ભ રહેવો અથવા ગર્ભની વિવિધ આકૃતિયો ઉત્પન્ન થાય છે.

પ્રજનન યંત્રોની વિકૃતિ બને લઘુ ભગોષ્ઠોની મધ્યમાં મૂત્ર પ્રસેક દ્વારની નીચે ઈંડાના આકારનું યોનિદ્વાર હોય છે જેની પ્રત્યેક બાજુ પર પેશીયો રહેલી હોય છે કુમારિકાઓમાં આ દ્વાર ઉપર એક કલામય પડદો હોય છે જેને કુમારિચ્છદ કહે છે. (Hymen) આ પડદો ક્વચિત સમગ્ર યોનિદ્વારને આવૃત કરીને રહેલો હોય છે, જેથી આર્તવદર્શનના સમયે ગર્ભાશયમાંથી આવેલું આર્તવ ત્યાં એકઠું થાય છે જેની તીવ્ર શૂળ થાય છે આ અવસ્થામાં યથા શીઘ્ર સ્ત્રી ચિકિત્સક પાસે જઈ તેને કાપી માર્ગ ખુલ્લો કરવો પડે છે આર્તવ વિકારોમાં આ અવસ્થાને ગુપ્ત આનાર્તવ કહેવામાં આવે છે.

બહિર્ભગની વિકૃતિ પૂયમેહ તથા દોષ પ્રકોપ આહાર વિહારના સેવનથી, આર્તવ દોષથી યોનિદ્વારની આસપાસ અર્શની ઉત્પત્તિ થાય છે. જેને ભગાર્શ કહે છે.

અન્તર્ભગની વિકૃતિ સ્ત્રી પુરુષના પ્રજનન અપયવોના કદમાં જો બહુજ તફાવત હોય પ્રસવ સમયે પ્રયુક્ત થયેલા યંત્ર શસ્ત્રોનાં અનુચિત ઉપયોગથી તથા બળાત્કારથી યોનિ માર્ગની વિકૃતિ ઉત્પન્ન થાય છે, વિધવા યા કુમારિકાઓ ગર્ભપાત કરવા માટે કેટલીવાર ચિત્રકમૂળ જેવા આગ્નેય ઔષધોનો આભ્યંતર પ્રયોગ કરે છે તેથી પણ યોનિ માર્ગની વિકૃતિ થાય છે આ સિવાય કૃત્રિમ રીતે કામવાસના તૃપ્ત કરવા માટે અપ્રાકૃત સાધનોનો ઉપયોગ કરવાથી યોનિ માર્ગની આભ્યન્તર દિવાલ તૂટવાથી યોનિ માર્ગની સાથે બસ્તિ જોડાઈ જાય છે જેથી યોનિ માર્ગદ્વારા મૂત્ર બહાર આવે છે.

ગર્ભાશય ગ્રીવાની વિકૃતિ કોઈવાર સહજ વિકૃતિને પરિણામે અથવા પૂયમેહ જેવા ભયંકર રોગોને પરિણામે આખી ગ્રીવાસરણિ (સર્વાઈકલ કેનલ) તેમજ યોનિ માર્ગ સંકોચાઈ જાય છે (Atresia) જેથી સ્ત્રીને ગર્ભધારણા થતી નથી. જો કોઈવાર ગર્ભધારણા થાય તો પ્રસવ સમયે વેદના ઘણી થાય છે.

બીજકોષની વિકૃતિ પૂયમેહ તથા અન્ય રોગજનક જીવાણુઓના ઉપસર્ગથી જ્યારે આર્તવવહ સ્રોતોમાં શોથ આવે છે ત્યારે બીજકોષમાં પણ વિકૃતિ ઉત્પન્ન થાય છે, તેમાં શોથ અથવા પાક ઉત્પન્ન થાય છે, પરિણામે વંધ્યત્વ પ્રાપ્ત થાય છે. જો તેને કાઢી નાખવામાં આવે રજોદર્શન બંધ થાય છે. ગર્ભાશય યોનિમાર્ગ વગેરે અવયવો શિથિલ થઈ જાય છે.

આર્તવવહ સ્રોતોની વિકૃતિ યોનિ અને ગર્ભાશયના કેટલાક વિકારોમાં આ સ્રોતો પણ વિકૃત થાય છે પરિણામે તેમાં શોથ ઉત્પન્ન થાય છે આ શોથને કારણે માર્ગાવરોધ થવાથી સ્ત્રી બીજ ગર્ભાશયમાં જઈ શકતા નથી પરિણામે વંધ્યત્વ પ્રાપ્ત થાય છે.

संकुचित श्रोणीगुहा :-

સ્ત્રીની બસ્તિગુહા જન્મબલ પ્રવૃત-આઘાત અને વ્યાધિ આ ચૈકી કોઈ એક યા વધુ કારણોને લઈ સંકુચિત બને છે, સંકુચિત બસ્તિગુહા (Contracted Pelvis) ને કારણે પ્રસવમાં વિલંબ-મુશ્કેલી યા તો અવરોધ થઈ યોનિમાર્ગ દ્વારા ગર્ભનો પ્રસવ અશક્ય બને છે આ કારણોથી બસ્તિગુહાઓની વિકૃતિઓ જાણવી જરૂરી બને છે

ક્ષ કિરણ આદિ સાધનોથી વિકસતા જતા આ યુગમાં (X-Ray stercoradiograph) પહેલાની અપેક્ષાએ સંકુચિત બસ્તિગુહાના રોગીઓના નિદાન અને ચિકિત્સામાં સરળતાને કારણે સંકુચિત બસ્તિગુહાના રોગીઓની સંખ્યા ઘટી ગઈ છે. આવા રોગીયોની સંખ્યા બહુજ અલ્પ હોય છે. આવા રોગીયોમાં પૂર્વ પ્રસૂતિ નિદાન તથા તાત્કાલિક ચિકિત્સાની અત્યંત આવશ્યકતા હોવાથી તેના નિદાન તથા લક્ષણોના ભેદો જણાવા જરૂરી છે.

સંકુચિત બસ્તિગુહાના ભેદો સંકુચિત બસ્તિગુહાના આઠ ભેદો છે.

(૧) લઘુ સંકુચિત બસ્તિ (Generally contracted Pelvis)

(૨) Flat Pelvis વિસ્તૃત શ્રોણિ આના ત્રણ અવાન્તર ભેદો છે. (૧) Simple Flat Pelvis (૨) Rhachitic Flat Pelvis (૩) Generally contracted Flat Rhachitic Pelvis

(૩) Obliquely contracted Pelvis

(૪) Transversely Contracted Pelvis

(૫) Spondylolisthetic Pelvis

(૬) Osteomalacic Pelvis

(૭) Funnel Shaped Pelvis

(૮) Pelvis contracted by Tumour Formation

(૧) **સર્વાંગીય સંકુચિત બસ્તિ** આ પ્રકારમાં બસ્તિગુહાના બધાજ વ્યાસોનો સંકોચ સમાન રીતે થયેલો હોય છે. આથી બસ્તિગુહાના સ્ત્રી લિંગના બધાજ લક્ષણો જળવાઇ રહે છે. આવા રોગીઓને દર્શન પરીક્ષાથીજ જાણી શકાય છે. તેમના મુખના અસ્થિઓ નાના હાથ પગ પણ નાના હોય છે. આવી સ્ત્રિયોના ગર્ભનું પ્રમાણ પણ નાનું હોવાને કારણે ભાગ્યેજ તેમને મુશ્કેલી પડે છે Android અને Antropoid આ બે ભેદોનો પણ આમાંજ સમાવેશ કરવામાં આવે છે. Android માં પુરૂષની બસ્તિગુહાના સદૃશ લક્ષણો હોય છે. આમાં વિટપસંધિ આગળનો કોણ (Subpubic angle) સાંકડો (નૅરો) હોય છે. તથા ટ્રાન્સવર્સ ડાયામીટરનો સૌથી વિસ્તીર્ણ ભાગ બસ્તિગુહા આભ્યન્તર દ્વારના પાછળના ભાગમાં ત્રિકોશની પાસે હોય છે. Anlopoid માં ટ્રાન્સવર્સ ડાયામીટરનો સંકોચ થયો હોય છે.

(૨) **સીમ્પલ ફ્લેટ પેલ્વીસ**

(अ) આ વિકાર ભાગ્યેજ જોવામાં આવે છે. આમાં ડ્રંકોન્જ્યુગેટ અને એક્સટર્નલ કોન્જ્યુગેટ બંને સંકુચિત થાય છે. Interspinous અને Intercristal વ્યાસોમાં કંઇ ફેરફાર થતો નથી.

(च) Rhachitic Flat Pelvis આ પ્રકારમાં ફક્ક (રિકેટસ) રોગને કારણે અનેક વિકૃતિયો ઉત્પન્ન થાય છે.

(क) Generally contracted Flat Rhachitic Pelvis બાલ્યાવસ્થામાં ફક્કરોગના પરિણામે બસ્તિગુહા નાની તથા અન્ય ફક્કરોગના લક્ષણો જોવામાં આવે છે.

(૩) Obliguely contracted Pelvis આ પ્રકાર વંક્ષણ સંધિના સહજ વિકારો-સંધિ વિચ્યુતિ તથા યક્ષ્માને કારણે થાય છે. આ વિકારમાં વિકૃતિ એટલી બધી હોતી નથી કે જેથી પ્રસવમાં મુશ્કેલી પડે Kyphosis, Scoliosis અને Lordosis ને કારણે પણ આ વિકૃતિ જોવામાં આવે છે.

(૪) Transversely contracted Pelvis આમાં ત્રિકાસ્થિના એક ભાગનો (Lateral mass of the Sacrum) સંપૂર્ણતયા વિકાસ ન થવાને કારણે સંકુચિત બસ્તિગુહા થાય છે. કે ત્રિકાસ્થિના બંને ભાગો વિકાસ ન પામ્યા હોય તો તેની બસ્તિગુહાને રોબર્ટ પેલ્વીસ કહે છે. આ બંને પ્રકારો જવલ્લેજ જોવા મળે છે.

(૫) Spondylolisthetic Pelvis આ પ્રકારની બસ્તિગુહા કટિની અંતિમ કશેરૂકા ત્રિકાસ્થિના પ્રથમ ભાગ ઉપર ઉપચિત થવાને કારણે થાય છે. આ પ્રકારપણ ભાગ્યેજ જોવા મળે છે.

(૬) Osteomalacic Pelvis આ પ્રકારની બસ્તિગુહા અસ્થિ વિકારને કારણે થાય છે. જેમાં ફક્કના જેવા લક્ષણો કટિપ્રદેશની અસ્થિયોમાં જોવામાં આવે છે.

(૭) Funnel-Shaped Pelvis ગરણી આકારની બસ્તિગુહા આમાં કટિ કશેરૂકાઓના Kyphosis ને કારણે ત્રિકોઘ પાછળ ખસે છે જેથી ગરણી આકારની કટિ બને છે આનો બીજો પ્રકાર પણ હોય છે જેમાં બસ્તિગુહાનો બહિમાર્ગ સંકુચિત થયો હોય છે. આ પ્રકારો પણ જવલ્લે જ જોવા મળે છે.

(૮) Contracted Pelvis by Tumour Formation અસ્થિ અર્બુદજન્ય બસ્તિગુહા ત્રિકાસ્થિ અને જઘનકપાલાસ્થિના અર્બુદને કારણે આ વિકાર જોવામાં આવે છે. આનાથી ગર્ભના માર્ગમાં અવરોધ ઉત્પન્ન થાય છે. આ પ્રકાર પણ જવલ્લેજ મળે છે.

બસ્તિગુહાના વ્યાસો બસ્તિગુહાના વ્યાસોના માપો નીચે મુજબ છે.

કૂટમધ્યવ્યાસ	૧૦।
શિખરમધ્યવ્યાસ	૧૧।
External Conjugate	૭॥

જનરલી કોન્ટ્રેક્ટેડ પેલ્વીસના વ્યાસો નીચે મુજબ હોય છે.

Interspinous (કૂટમધ્યવ્યાસ)	૯
Intercristal (શિખરમધ્યવ્યાસ)	૧૦
External Conjugate	૭

ફ્લેટ પેલ્વીસના વ્યાસો નીચે મુજબ હોય છે.

કૂટમધ્યવ્યાસ	૧૦
શિખરમધ્યવ્યાસ	૧૧
એકસટરનલ કૉન્ઝયુગેટ	૬॥

રીકેટીક પેલ્વીસના વ્યાસો નીચે મુજબ હોય છે.

કૂટમધ્યવ્યાસ	૧૧
શિખરમધ્યવ્યાસ	૧૧
એકસટરનલ કૉન્ઝયુગેટ	૬॥

જનરલી કોન્ટ્રેક્ટેડ ફ્લેટ રીકેટીક પેલ્વીસના વ્યાસો નીચે મુજબ હોય છે.

કૂટમધ્યવ્યાસ	૧૦
શિખરમધ્યવ્યાસ	૧૦
એકસટરનલ કૉન્ઝયુગેટ	૬।

ઑબ્લીકલી કોન્ટ્રેક્ટેડ પેલ્વીસના વ્યાસો નીચે મુજબ હોય છે.

કૂટમધ્યવ્યાસ	૮॥
શિખરમધ્યવ્યાસ	૯॥
એકસટરનલ કૉન્ઝયુગેટ	૭॥

(इति प्रथमोऽध्यायः)

અધ્યાય ૨: ગર્ભ વિજ્ઞાનીયમધ્યાય

अथाऽतो गर्भविज्ञानीयमध्यायम् व्याख्यास्याम। इतिह स्माहुरात्रेयादयो महर्षय॥

वैद्यक दृष्ट्या गर्भसंपत् संविधिनी वधुवर परीक्षा*

એકવીસ વર્ષનો પુરુષ અસમાન ગોત્રવાળી ધન અને કુળમાં સમાન, સંચરણ કરવાવાળા (યક્ષ્મા–કુષ્ઠ–અપસ્માર–શ્વિત્ર વગેરે) રોગોવાળા કુળમાં ઉત્પન્ન ન થયેલી રૂપ શીલ તથા શુભ લક્ષણોથીયુક્ત દાંત–ઓષ્ઠ–કાન–નખ–કેશ અને સ્તનોથી પૂર્ણ તથા ઉત્પન્ન (જન્મ) થયા બાદ પણ જેના અંગ સંપૂર્ણ હોય (વિકૃત ન હોય) કોમળ અંગવાળી, સ્વસ્થ પ્રકૃતિવાળી, જેનો વર્ણ કપિલ તેમજ પિંગલ ન હોય, જેના અંગો અધિક તેમ જ હીન ન હોય તેવી બાર વર્ષના ઉમરવાળી, દેવતા (શચી–ઉમા–લક્ષ્મી–સરસ્વતી વગેરે) ભુજગ (તક્ષકી વગેરે) સરિત (ગંગા–જમના–સરસ્વતી) અચલ (પર્વતમલય–વિન્ધ્ય વગેરે) વૃક્ષ (અપરાજીત–બકુલા–નીલી વગેરે) પક્ષિ (હંસા–કોકિલા વગેરે) નક્ષત્ર (રેવતી રોહિણી વગેરે) અન્ત્યા (નીચજાતિ–રજક–ચંડાલ વગેરે) પ્રેષ્ય (રામદાસી વગેરે) ભીષણ (શૂર્પણખા હિડમ્બા વગેરે ભયાનક) નામો જેના ન હોય તેવી, પાપ રહિત તથા નિન્દિત ન હોય તેવી કન્યા સાથે વિધિપૂર્વક વિવાહ કરવો

આવા ગુણવાળી વિવાહિત કન્યાની ૧૬ વર્ષની ઉમર થવા પર ૨૫ વર્ષવાળા પુરૂષે પુત્રની ઉત્પત્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ. આ ઉમરમાં જ તેઓ સંપૂર્ણ રૂપથી વીર્યવાળાં થાય છે ત્યારેજ તે વીર્યવાન સન્તાનને ઉત્પન્ન કરે છે. સુશ્રુતનો મત છે કે જો આ ઉંમર પહેલાં ગર્ભાધાન થાય તો તે નિષ્ફળ જાય છે. અને જો શિશુનો જન્મ થાય તો તે દીર્ઘાયુ થતો નથી.

સ્ત્રી અને પુરૂષ બંનેના કુલોમાં વિદ્યમાન અને અવિદ્યમાન પુરૂષો સ્વસ્થ–દીર્ઘાયુ અને સ્થિરેન્દ્રિય હોવા જોઇએ રક્તાર્બુદ (કેન્સર) વાતરક્ત–રક્તપિત્ત–રાજયક્ષ્મા–કુષ્ઠ–અર્શ મધુમેહ–હૃદ્રોગ–ઉન્માદ–અપસ્માર–વાતવ્યાધિ–માનસિક રોગો–ષણ્ડત્વ–તાલુવિદાર તથા અન્ય આરીરિક વ્યંગ વગેરે રોગો હોવા ન જોઇએ. બંનેના કુળનું સ્વાસ્થ્ય હોવું નિતાન્ત આવશ્યક છે. એટલા માટે પ્રાચીન આચાર્યોએ તુલ્યગોત્ર વિવાહનો નિષેધ કર્યો છે. કેટલાક કુલ જ રોગો એવા હોય છે કે જેની પ્રવૃત્તિ ભાવિ સંતતિમાં જોવામાં આવે છે. કેટલાક રોગોની પ્રવૃત્તિ એક બે પેઢી બાદ જોવામાં આવે છે કેટલાક રોગો કેવળ પુરૂષ સંતતિમા જોવામાં આવે છે. કેટલાક રોગો અનુકૂળ પરિસ્થિતિ મળવા પર જોવામા આવે છે.

સ્ત્રી અને પુરૂષ બંને સ્વસ્થ હોવા જોઇએ. તેમાં કુલજ વિકારો હોવા ન જોઇએ તથા નિષ્ઠુરતા–માત્સર્ય–કામાન્ધતા–ક્રોધ–ઉદ્વેગ–અનવસ્થિતચિત્ત–અહંકાર વગેરે માનસ દોષ ન હોવા જોઇએ. મદ્ય–અહિફેન–વિજયા અને ગાંજો વગેરે નશો ઉત્પન્ન કરનારી ચીજોની આદત હોવી ન જોઇએ. અર્થાત બંને સ્વસ્થ–સુન્દર–દેખાવડા–આનંદી અને વ્યસનોથી મુક્ત હોવા જોઇએ. આ સિવાય બંનેની જનનેન્દ્રિયોનું સ્વાસ્થ્ય પણ સારૂં હોવું જોઇએ સ્ત્રીના

* अथखलु पुमानेकविंशतिवर्षः कन्यामतुल्यगोत्रामतुल्याभिजनामसञ्चारिरोगकुलप्रसूता रूपशील-लक्षणसम्पन्नामनूनामविनष्टदन्तौष्ठकर्णनखकेशस्तनीं मृदुमरोगप्रकृतिमकपिलामपिङ्गला महीनाधिकाङ्गी-द्वादशवर्षं देशीयाममरभुजगसरिद चल वृक्ष पक्षि नक्षत्रान्त्यप्रेष्यभीपणनामान्यनुद्वहन्तीमनघा-मनिन्द्येन विधिनोद्वहेत्। तस्यां षोडशवर्षायां पंचविंशतिवर्ष. पुरुष, पुत्रार्थं प्रयतेत। तत्र हि तौ प्राप्तवीर्यौ वीर्यान्वितमपत्यं जनयतः।... (अ. स शा १-३-४)

આર્તવવહસ્રોતો–ગર્ભાશય તથા યોનિ અને પુરૂષના વૃષણો તથા શિશ્ન સ્વસ્થ અને શુદ્ધ હોવા જોઇએ. પ્રદર–ઉપદંશ–ફિરંગ વગેરેથી પ્રજનનમાર્ગ વિકૃત હોવો ન જોઇએ. યાજ્ઞવલ્કય સ્મૃતિમાં કહ્યું છે કે જે ગુણો સ્ત્રીના કહ્યા છે તે પુરૂષોમાં પણ હોવા જોઇએ. વિશેષતયા પુરૂષ જન પ્રિય હોવો× જોઇએ.

गर्भ संभव सामग्री+ –क्षेत्रविचार :–

જેવી રીતે ઋતુ–ક્ષેત્ર–અમ્બુ (જલ) અને બીજ આ ચાર ભાવોની સન્નિધિથી અંકુર નિશ્ચિત વિધિપૂર્વક ઉત્પન્ન થાય છે તેવી રીતે ઋતુ–ક્ષેત્ર–અમ્બુ અને બીજ આ ચારેની સન્નિધિથી નિશ્ચિત વિધિપૂર્વક ગર્ભ ઉત્પન્ન થાય છે.

અંકુરની ઉત્પત્તિ માટે ઋતુ આદિનો વિચાર

ઋતુ સામાન્યતયા શાલિ–ષષ્ટિકને માટે વર્ષા ઋતુ ચણા–ઘઉં વગેરેને માટે શિશિર ઋતુ અનુકૂળ હોય છે. પરંતુ કેવળ ઋતુ શબ્દથી તે તે ઋતુઓના માસોનું ગ્રહણ કરવું યોગ્ય નથી કારણકે વર્ષા ઋતુ હોય પણ આર્દ્રતા ન હોય, શિશિર ઋતુ હોય પણ શીતતા ન હોય તેથી ઋતુથી તે સમય ગ્રહણ ન કરતાં તે સમયની વિશેષ પરિસ્થિતિ અર્થાત્ આર્દ્રતા–શીતતાનું ગ્રહણ કરવું જોઇએ. ઋતુ વિપરીત હોય પણ શીતલતા–આર્દ્રતા હોય તો તેથી અંકુર સારી રીતે ઉત્પન્ન થાય છે. આ નિયમના આધારે પ્રતિકૂલ ઋતુમાં પણ કૃત્રિમતયા શીતાદિ ઉત્પન્ન કરી અંકુરોત્પત્તિ કરી શકાય છે.

ક્ષેત્ર અંકુરની અત્પત્તિ માટે કાંકરા–રેતી–ઘાસ વગેરે જે ભૂમિમાં ન હોય તેવી જમીન આવશ્યક છે. કારણકે કાંકરા વગેરેથી અંકુરની સમ્યક્ ઉત્પત્તિ તથા વૃદ્ધિ થઈ શકતી નથી.

અમ્બુ અંકુરની ઉત્પત્તિ થયા બાદ તેને સારી રીતે જળ મળવું જોઇએ. જો જળ સારી રીતે ન મળે તો તેની ઉચિત વૃદ્ધિ થતી નથી અને અંકુર સુકાઇ જાય છે.

બીજ સારા અંકુરની ઉત્પત્તિ માટે બીજ સળેલું–ભીનું–સારહીન તથા જીર્ણ હોવું ન જોઇએ અર્થાત્ પુષ્ટ તથા નવું હોવું જોઇએ. અંકુરની સમ્યક્ ઉત્પત્તિ માટે આ ચારે ભાવોની સંનિધિ હોવી આવશ્યક છે.

ગર્ભની ઉત્પત્તિમાં ઋતુ આદિનો વિચાર

ઋતુ ઋતુ એટલે ગર્ભાધાન માટેનો અનુકૂળ કાળ. આ કાળ ૧૨ યા ૧૬ દિવસનો હોય છે. આ દિવસોમાં ગર્ભ ધારણા થવાની અધિક સંભાવના રહે છે. એટલા માટે આ સમયને ગર્ભ ધારણ યોગ્ય કાલ કહ્યો છે. જેવી રીતે અંકુરની દૃષ્ટિએ ઋતુથી શીતતા અને આર્દ્રતાનો બોધ થાય છે તેવી જ રીતે ગર્ભની દૃષ્ટિથી પણ ગર્ભ ધારણા માટે જે ફલકોષમાં સ્ત્રીબીજ બને છે તેના ઉત્સર્ગ સમયને જ ઋતુ કહેવામાં આવે છે. જો બીજનો ઉત્સર્ગ પહેલા ૧૬ દિવસમાં થાય તો તે સમયને ઋતુકાળ કહેવામાં આવે છે. જો આ સમયે બીજનો ઉત્સર્ગ ન થાય અને ત્યારબાદ થાય તો તે સમયને ઋતુકાળ કહેવાય છે અર્થાત્ ગર્ભની ઉત્પત્તિની દૃષ્ટિએ બીજકોષમાંથી જે સમયે પકવ બીજનો ઉત્સર્ગ થાય છે તે સમયને ઋતુકાળ કહેવામાં આવે છે.

× एतैरेव गुणैर्युक्तः युवाधीमान् जनप्रियः (याज्ञवल्क्य स्मृति)

ध्रुवं चतुर्णा सान्निध्याद्गर्भः स्याद्विधिपूर्वकः।

\+ ऋतुक्षेत्राम्बुबीजानां सामग्र्यादंकुरो यथा ॥ (सु. शा. अ. २–३३)

ક્ષેત્ર* ગર્ભની ઉત્પત્તિ અને વૃદ્ધિ જે સ્થાનમા થાય છે તે સ્થાનને (ગર્ભાશય) ક્ષેત્ર કહે છે. ચરકે ક્ષેત્ર શબ્દનો પ્રયોગ સ્ત્રીને માટે કર્યો છે.× કારણકે શુક્રરૂપી બીજનો પ્રરોહ સ્ત્રી શરીરમાં થતો હોવાથી તેને ક્ષેત્ર કહે છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે ક્ષેત્ર શબ્દથી સ્ત્રીનું ગ્રહણ કરવું કારણકે બીજ અને ક્ષેત્રના સમયોગથીજ સર્વ પ્રાણિયોની ઉત્પત્તિ થઈ છે. આ સૂત્રની ટીકામાં કુલ્લુકભટ્ટ કહે છે કે યવ વગેરેની ઉત્પત્તિ સ્થાન જેવી રીતે ક્ષેત્ર છે તેવી રીતે ગર્ભની ઉત્પત્તિનું સ્થાન સ્ત્રી હોવાથી તેને ક્ષેત્રસંજ્ઞા મુનિયોએ આપી છે.

સંસ્કૃત સાહિત્યમાં પણ ક્ષેત્ર શબ્દનો પ્રયોગ સ્ત્રીના અર્થમાં મહાકવિ કાલિદાસે કુમારસંભવ કાવ્યમાં તથા શાકુન્તલ નાટકમાં કર્યો છે. ઋગ્વેદમાં પણ ક્ષેત્ર શબ્દનો પ્રયોગ સ્ત્રીને માટે થયો છે.

ક્ષેત્ર શબ્દનો અર્થ સ્ત્રી કરવાનું કારણ એ છે કે ગર્ભાશય ફક્ત ગર્ભના નિવાસ માટે જ છે. તેનું પોષણ સ્ત્રીના શરીરથી થાય છે. આ સિવાય આહાર વિહાર તથા આચારનું પરિણામ ગર્ભ પર પડે છે.

અમ્બુ ગર્ભનું પોષણ માતાના આહાર રસથી થાય છે. જો યથોચિત પોષણ ગર્ભને ન મળે તો ગર્ભ ગર્ભાશયમાં ઉપશુષ્ક યા નાગોદરના રૂપમાં રહે છે.

બીજ જેનાથી ગર્ભ ધારણા થાય છે તે બીજ. જેવી રીતે ક્ષેત્રથી સ્ત્રીનું ગ્રહણ થાય છે તેવી રીતે બીજથી પુરૂષનું ગ્રહણ થાય છે.+ મનુસ્મૃતિમાં કહ્યું છે કે "बीज भूत' स्मृतः पुमान्" આનું કારણ એ છે કે બીજની ગુણવત્તાનો આધાર પુરૂષના આહાર–આચાર–વિચાર અને માનસિક વિકારો પર પણ રહે છે. ગર્ભોત્પત્તિ માટે સ્ત્રી પુરૂષના સંગોગ સાથે આ ચારે ભાવોની સંનિધિ હોવી જોઇએ.

स्त्रीबीजं पुरुषबीजं, तयोः गुणकर्म विचारः (शुद्धशुक्रस्वरूपम्)

સ્ત્રીબીજ ગર્ભાશયની બંને બાજુ પર ૧॥ ઈંચ લાંબી ૦॥। ઈંચ પહોળી તથા ૦॥ ઈંચ પરિણાહની એક એક ગ્રંથિ હોય છે જેને અંતઃફલ કહે છે. આનું કાર્ય પ્રતિમાસે ક્રમશઃ એક સ્ત્રીબીજ ઉત્પન્ન કરવાનું છે. જન્મ સમયે અન્તઃફળમાં ઘણી મોટી સંખ્યામાં સ્ત્રીબીજ અવિકસિત અવસ્થામાં હોય છે. પ્રથમ રજોદર્શનથી રજોનિવૃત્તિ સુધીમાં ૪૦૦ જેટલા સ્ત્રીબીજ પરિપકવ થાય છે. ગર્ભ સ્થિતિ માટે કેવળ એકજ સ્ત્રીબીજની આવશ્યકતા હોય છે.

પુરૂષબીજ વૃષણ ગ્રંથિયોના બહિઃસ્રાવને પુંબીજ અથવા પુરૂષબીજ કહેવામાં આવે છે. મૈથુનને અંતે ઉત્સર્ગિત થયેલું શુક્ર અનેક ગ્રંથિયોના રસોનું મિશ્રણ હોય છે તેમાં પ્રધાન અંશ પુંબીજ હોય છે. એકવારના શુક્રોત્સર્ગમાં વીસ કરોડથી અધિક પુંબીજો હોય છે. જે પુંબીજ સૌથી વધારે બળવાન હોય છે તે જ સ્ત્રીબીજની સાથે મળી શકે છે. શેષ પુંબીજનો નાશ થાય છે.

આર્તવ આર્તવના બે ભેદો હોય છે. અન્તઃપુષ્પ અને બહિઃપુષ્પ પ્રતિમાસે જે યોનિ દ્વારા આર્તવનો સ્રાવ થાય છે તેને બહિઃપુષ્પ કહે છે. આ આર્તવ સ્રાવથી ગર્ભાશય અને

* क्षेत्रभूता स्मृता नारी बीजभूतः स्मृतः पुमान्।
बीजक्षेत्र समायोगात् संभवः सर्व देहिनाम्॥ (मनुस्मृति ९–३३)

× वाजीकरणम्य च क्षेत्रं स्त्रीया प्रहर्षणी (च. वि. अ. २)

+ रेतोबीजं तथापि तदधिकरणत्वात्पुरुषो बीजमिति व्यपदिश्यते (कुल्लकभट्ट)

યોનિ શુદ્ધ બને છે. આ બે અવયવો ગર્ભાધાન માટે યોગ્ય બને છે. જેથી શુક્રાણુઓ સરળતાથી સ્ત્રીબીજને મળવા માટે સમર્થ થાય છે. ગર્ભોત્પત્તિ માટે જે પ્રત્યક્ષ ભાગ લે છે તેને અન્તઃપુષ્પ (સ્ત્રીબીજ) કહે છે. જો આર્તવસ્રાવ સ્વાભાવિક હોય તો ગર્ભાશય ગર્ભગ્રહણ કરવાને સમર્થ બને છે. જો આર્તવ દોષોથી દૂષિત થયું હોય તો તેથી ગર્ભાશય ગર્ભ ધારણ કરી શકતું નથી. આ બહિઃપુષ્પના ગુણો નીચે મુજબ છે.

શુદ્ધ આર્તવના લક્ષણો* જે આર્તવની પ્રવૃત્તિ મહિનામાં એકવાર થાય, જેમાં પિચ્છ અર્થાત્ ગર્ભાશયની શ્લેષ્મકલાના આભ્યન્તર સ્તરના ટુકડા ન હોય, આર્તવ પ્રવૃત્તિના સમયે યોનિમાં દાહ, વેદના તથા કંડુ થતી ન હોય, જેનું પ્રમાણું ન વધુ હોય તેમજ ન બહુ ઓછું હોય, જેનો વર્ણ ચણોઠી, લાલ કમળ–લાખનો રસ–બીરબહુટી અને સસલાના રક્ત જેવો હોય, વસ્ત્રપર લાગવાથી જેના દાગો સરળતાથી નીકળી જાય, જેની પ્રવૃત્તિ પાંચ દિવસ સુધી હોય તે આર્તવ પ્રશસ્ત જાણવું.×

આર્તવકાલ ચરક સુશ્રુત તથા અષ્ટાંગ સંગ્રહમાં આર્તવકાળ ૨૮ દિવસનો બતાવ્યો છે. વ્યવહારમાં પણ ઘણી ખરી સ્ત્રિયોમાં આ કાળ જોવામાં આવે છે. જો આર્તવ દોષ દૂષિત હોય તો તેની પ્રવૃત્તિ નિયત સમયે થતી નથી.

આર્તવ પ્રવૃત્તિના સમયે કોઈપણ પ્રકારની તકલીફ થવી ન જોઇએ પરંતુ અનેક સ્ત્રિયોમાં આર્તવ પ્રવૃત્તિના સમયે દાહ અને કંડુ પણ થાય છે. એટલા માટે રજઃ પ્રવૃત્તિના સમયે કોઈપણ પ્રકારની તકલીફ થવી ન જોઇએ.

આર્તવ સ્રાવનું પ્રમાણ રજઃ સ્રાવનું પ્રમાણ દરેક નિરોગી સ્ત્રિયોમાં દરેક વખતે એક સરખું હોતું નથી એટલા માટે શાસ્ત્રકારોએ તેનું ચોક્કસ પ્રમાણ બતાવ્યું નથી અને કહ્યું એ કે 'नैवाति बहुलात्यल्पम्' અર્થાત્ ન અતિ અધિક અને ન અતિ અલ્પ પ્રમાણ હોવું જોઇએ. અર્વાચીન વિદ્વાનો આ સ્રાવનું પ્રમાણ ૫ તોલાથી ૪૦ તોલા સુધીનું બતાવે છે.

વર્ણ ચરક–સુશ્રુત અને અષ્ટાંગસંગ્રહે આર્તવનો વર્ણ રક્ત બતાવ્યો છે. અર્વાચીન વિદ્વાનોનું મંતવ્ય છે કે જ્યારે સ્વાભાવિક પ્રમાણથી વધુ રક્તનો સ્રાવ થાય તો તેનો વર્ણ લાલ હોય છે. સ્વાભાવિક અવસ્થામાં તેનો વર્ણ કાળાસ પડતો લાલ હોય છે. સુશ્રુતે શરીર સ્થાનના અધ્યાય ૩ જાના ૧૦ માં શ્લોકમાં કહ્યું છે કે અપાનવાયુની પ્રેરણાથી પ્રતિમાસે યોનિદ્વારથી કંઇક કાળાસપડતું રક્ત બહાર આવે છે.

વસ્ત્ર પરીક્ષા માસિક રક્તસ્રાવથી ભીંજાયલા વસ્ત્રને ગરમ પાણીથી ધોવામાં આવે અને તેમાં જો દાગ ન રહે તો આર્તવ શુદ્ધ જાણવું જોઇએ. જો ડાગ ન જાય તો આર્તવ દુષ્ટ જાણવું જોઇએ.

---

* माषाग्निपिच्छदाहार्ति पंचरात्रानुबन्धि च।
नैवाति बहुलात्यल्पमार्तवं शुद्धमादिशेत्॥
गुंजाफल सवर्ण च पद्मालक्तक सन्निभम्।
इन्द्रगोपकसंकाशांमार्तवं शुद्धमादिशेत्॥ (च. चि. ३० २२५-२६)

× शशासृक् प्रतिभं यत्तु यद्वा लाक्षारसोपमम्।
तदार्तवं प्रशंसन्ति यद्वासो न विरञ्जयेत्॥ (सु. शा. अ. २-१७)

સ્રાવના કુલ દિવસો આયુર્વેદના વિદ્વાનો તથા અર્વાચીન પ્રસૂતિ શાસ્ત્રીઓએ સ્રાવની અવધિ ભિન્ન ભિન્ન માની છે. અષ્ટાંગસંગ્રહ અ. હૃદય અને ભાવપ્રકાશમાં સ્રાવની અવધિ-ત્રણ દિવસની, ચરકમાં પાંચ દિવસની, હારીતમાં સાત દિવસની માની છે. દરેક સ્ત્રિયોનું પ્રાકૃતિક સ્વાસ્થ્ય ભિન્ન હોવાથી સ્રાવના કાળમા પણ ફેરફાર જોવામાં આવે છે. વ્યવહારમાં જોવામાં આવે છે કે કોઈ કોઇ વખત સ્રાવ એક બે દિવસ બંધ થઈ જાય છે. અને ફરી તેની પ્રવૃત્તિ થાય છે. હેલીબર્ટન અને રેન ટીચર્સમાં આ મર્યાદા ક્રમશઃ ૩ થી ૫ અથવા ૫ થી ૬ અને બ્લન્ડસટને ૨ થી ૭ દિવસની બતાવી છે.

શુદ્ધ શુક્રના લક્ષણો* સ્ફટિકના જેવું શ્વેતવર્ણવાળું, દ્રવ, મધુરરસ પ્રધાન – મધનાજેવી ગંધવાળુ, તૈલ અને મધના જેવું સંગ્રહ અનુસાર ઘૃતના જેવું, સ્નિગ્ધ–બહુલ× –અવિસ્ર (દુષિત ગંધથી મુક્ત) ગુરૂ, પિચ્છિલ–બહુ અને સૌમ્ય ગુણોવાળું શુક્ર ગર્ભાધાન યોગ્ય છે.

અદુષ્ટ શુક્રના મુખ્ય ત્રણ વર્ણો બતાવ્યા છે ઘૃતજેવું શ્વેતવર્ણવાળુ, મધના જેવું શ્યામ-વર્ણવાળું અને તૈલના જેવું કૃષ્ણવર્ણવાળું શુક્ર પ્રશસ્ત છે.

સ્નિગ્ધ અને પિચ્છિલ દ્રવ શરીરમા અનેક દ્રવો હોય છે પરંતુ તે દ્રવોની અપેક્ષાએ શુક્રની વિશેષતા હોય છે. દ્રવ એટલે પાણી જેવું પ્રવાહી નહીં પરંતુ કંઇક ગાઢોદ્રવ. જો શુક્ર પાણી જેવું હોય તો તે મૈથુનને અંતે યોનિમાં રહી શકતું નથી અને બહાર નીકળી જાય છે. જેથી પ્રજોત્પત્તિ થતી નથી. શુક્રમાં સ્નિગ્ધતા અધિક હોય છે. સ્નિગ્ધતાને કારણે મૈથુનજન્ય ઘર્ષણથી પ્રતપ્ત થયેલી યોનિની શ્લેષ્મકલાને શાન્તિ મળે છે. અને ત્યાથી તેનું શોષણ થઈ સ્ત્રી શરીરને પુષ્ટિ આપે છે. આયુર્વેદમાં પણ સ્નિગ્ધનો અર્થ શરીર પુષ્ટિકર બતાવ્યો છે. સ્નિગ્ધતાને કારણે શુક્રાણુઓ ગર્ભાશયમાં સરળતાથી ગતિ કરી શકે છે.

મધુર દ્રવ્ય માત્રની મધુરતા ઘ્રાણ–કંઠ–મુખ–ઓષ્ઠ અને જીહ્વાથી શીઘ્ર માલમ પડે છે. શુક્રની મધુરતા જાણવા માટે આસેક્ય નપુંસકનું ઉદાહરણ લેવું જોઇએ. કારણકે શુક્રપાનથીજ તેને ધ્વજોચ્છ્રાય થાય છે. મધુર રસના લક્ષણોમાં ચરકે કહ્યુ છે કે 'षट्पदपिपीलिकानामिष्टतम.' જ્યારે શુક્ર પૃથ્વી પર પડે છે યા વસ્ત્ર પર લાગે છે. ત્યારે કીડીઓ જોવામા આવે છે. આ ઉદાહરણોથી સિદ્ધ થાય છે કે શુક્રમાં મધુરતા છે.

દ્રવ સુશ્રુતે શુક્રનું પ્રશસ્ત લક્ષણ દ્રવ માન્યું છે. ચરકે દ્રવના સ્થાનમાં ઘન શબ્દનો પ્રયોગ કર્યો છે. સંગ્રહકારે બહલ શબ્દનો ઉપયોગ કર્યો છે. જેનો અર્થ એ થાય છે કે શુક્ર ન અતિ દ્રવ તેમજ ન અતિ ઘન હોવું જોઇએ.

બહુ ચરકે અને અષ્ટાગસંગ્રહકારે આ વિશેષણ વધુ બતાવ્યું છે જેનો અર્થ એ કે પુરૂષમાં શુક્રસારતા હોવી જોઇએ.

પિચ્છિલ ચિકણુ–પિચ્છિલ ગુણ હોવાને કારણે શુક્રાણુ શીઘ્ર ગતિ કરી શકે છે. જેથી તે યોનિથી ગર્ભાશય અને ગર્ભાશયથી બીજવાહિની સુધી જવાને માટે સમર્થ થાય છે.

---

* स्फटिकाभं द्रवं स्निग्धं मधुरं मधुगन्धि च।
शुक्रमिच्छन्ति केचित्तु तैल क्षौद्रनिभंतथा ॥ (सु. शा. २–११)

× बहलं मधुरं स्निग्धमविस्रं गुरुपिच्छिलम्।
शुक्रं बहु च यच्छुक्रं फलवत्तदसंशयम् ॥ (च. चि. अ २–५)

અવિદાહી સામાન્યતયા આ વિશેષણથી ત્રણે દોષોની દુષ્ટિનું ગ્રહણ કરવું જોઇએ. અર્થાત્ શુક્રોત્સર્ગ વખતે વેદના (વાયુ) દાહ (પિત્ત) અને કંડુ (કફ) ન થવી જોઇએ.

મધુગન્ધિ જે મધના જેવી વિશિષ્ટ પ્રકારની ગંધવાળુ હોય તે શુક્ર પ્રશસ્ત જાણવું જોઇએ.

ઘૃત–તૈલ–મધુવર્ણ સામાન્યતયા શુક્રનો સ્વાભાવિકવર્ણ શ્વેત હોય છે પરન્તુ ભોજ્ય પદાર્થની ભિન્નતાને કારણે શુક્રના વર્ણમાં ભિન્નતા જોવામાં આવે છે. આ વર્ણો પ્રાકૃત છે. અ. હૃદયની ટીકામાં કહ્યું છે કે ઘૃતવર્ણ શુક્રથી ગર્ભ ગૌર, ક્ષૌદ્રવર્ણ શુક્રથી ગર્ભ શ્યામ, તૈલવર્ણ શુક્રથી ગર્ભ કૃષ્ણ બને છે.

સૌમ્ય સોમગુણભૂયિષ્ઠ અર્થાત્ જલમહાભૂતથી ઉત્પન્ન થયેલું અથવા કફના ગુણોની પ્રધાનતાવાળું શુક્ર ગર્ભાધાન યોગ્ય જાણવું.

શુક્ર અને આર્તવનું સ્વરૂપ* શુક્ર સૌમ્ય અને આર્તવ આગ્નેય છે તથાપિ તેમાં અવશિષ્ટ મહાભૂતોનું (શુક્રમાં પૃથ્વી–વાયુ–તેજ અને આકાશ, આર્તવમાં પૃથ્વી–જલ–વાયુ અને આકાશ) પરસ્પર ઉપકાર પરસ્પર અનુગ્રહ અને પરસ્પર અનુપ્રવેશથી સૂક્ષ્મ માત્રામાં સાન્નિધ્ય રહેલું છે.

આ સમગ્ર સૃષ્ટિ પાંચ મહાભૂતોથી ઉત્પન્ન થઈછે અને સમસ્ત પદાર્થોમાં આ મહાભૂતોનો પ્રવેશ છે. અનુપ્રવેશથી એક પદાર્થમાં પાંચોનું સાન્નિધ્ય થતું નથી કારણકે તેજ અને જળ પરસ્પર વિરોધી છે. અને એક સાથે મળવાપર બંનેનો નાશ થાય છે. આ વિરોધ દૂર કરવાને માટે મૂળ વચનમાં પરસ્પર અનુગ્રહ અને પરસ્પરોપકાર આ શબ્દોનો પ્રયોગ થયો છે× ત્રિદોષના પ્રકરણમાં પણ વાતાદિ દોષ સર્પ અને તેના વિષ સમાન પરસ્પરોપકારી હોય છે.+ સત્વ રજ અને તમ પરસ્પર વિરોધી હોવા છતાં પણ દીપની માફક ઉપકારક અને અનુગ્રાહક હોય છે. પરસ્પર અનુપ્રવેશ એટલે અનુલોમ અને પ્રતિલોમ બંને પ્રકારથી પાંચોમાં પાંચોનો પ્રવેશ હોય છે. અન્ય શબ્દોમાં કહીયે તો શબ્દ ગુણવાળું આકાશ વાયુમાં રહેલું છે. આકાશ અને વાયુ તેજની અંદર રહેલા છે. આકાશ વાયુ તેજ જળમાં રહેલા છે. આકાશ વાયુ તેજ અને જલ પૃથ્વીમાં રહેલા છે.

वीजमेलनक्रिया – भूतमेलनक्रिया÷

જુનું રજ નીકળી જાય અને નવું રજ ઉપસ્થિત થાય ત્યારે જેના યોનિ–આર્તવ

---

* सौम्यं शुक्रमार्तवमाग्नेयमितरेषामप्यत्र भूतानां सान्निध्यमस्त्यणुना विशेषेण परस्परोपकारात्, परस्परानुग्रहात्, परस्परानुप्रवेशाच्च (सु. शा. अ. ३–३)

× अन्योन्यानि प्रविष्टानि सर्वाण्येतानि निर्दिशेत्।
स्वेस्वे द्रव्ये तु सर्वेषां व्यक्तं लक्षणमिष्यते ॥ (सु. शा. अ. १–२१)

+ विरुद्धैरपि न त्वेते गुणैर्घ्नन्ति परस्परम्
दोषाः सहजसात्म्यत्वाद्विषं घोरमहीनिव (च. चि. अ. २६–२९३)

÷ गते पुराणे रजसि नवे चावस्थिते शुद्ध स्नातां स्त्रियमव्यापन्नयोनि शोणित गर्भाशयामृतुमती मा चक्ष्महे। तया सह तथा भूतया यदा पुमानव्यापन्न वीजो मिश्रीभावं गच्छति तदा तस्य हर्षोदीरितः परःशरीरधात्वात्मा शुक्रभूतोऽङ्गादङ्गात् संभवति। स तथा हर्षभूतेनात्मनोदीरितश्चाधिष्ठितश्च वीजरूपो धातु पुरुष शरीरादमिनिष्पत्योचितेन यथा गर्भाशयमनुप्रविश्यार्तवेनाभिसंसर्गमेति ॥ (च. शा. ४–७)

અને ગર્ભાશય વિકાર રહીત છે એવી ઋતુમતી સ્ત્રીની સાથે અવિકૃત બીજવાળો પુરૂષ સંયોગ કરે ત્યારે વાયુ શરીરમાંથી તેજને પ્રકટ કરે છે* અને તેજ અને વાયુના સહકારથી (બીજા શબ્દોમાં કહીયે તો મેઢ્ર અને યોનિના અભિસંઘર્ષથી વાયુ ઉષ્માને ઉત્પન્ન કરે છે.) હર્ષપ્રેરિત અને શરીરનું ઉત્કૃષ્ટસાર અર્થાત્ શુક્ર અંગ અંગમાંથી ઉત્પન્ન થાય છે. અને હર્ષપૂર્ણ આત્માથી પ્રેરિત અને અધિષ્ઠિત તે બીજધાતુ પુરૂષના શરીરમાંથી બહાર નીકળીને ઉચિત માર્ગદ્વારા (યોનિ) ગર્ભાશયમાં પ્રવેશીને આર્તવ સાથે સંયુક્ત થાય છે. ત્યારબાદ આગ્નેય આર્તવ અને સૌમ્યશુક્રના સંયોગથી ઉત્પન્ન થયેલો ગર્ભ ગર્ભાશયમાં આશ્રય કરે છે.

મૈથુનના સમયે ત્વગિન્દ્રિય અધિક કાર્ય કરે છે એટલા માટે મૈથુનને સ્પર્શસુખ કહે છે. ત્વચામાં વાયુની અધિકતા હોય છે એટલા માટે મેઢ્ર અને યોનિના સંઘર્ષથી તથા સ્ત્રી શરીરના સ્પર્શથી વાયુ ઉત્તેજીત થાય છે. વાયુની ઉત્તેજનાના બે પરિણામ હોય છે, એક સમસ્ત શરીરમાં થનારૂં અને બીજું શિશ્નમાં થનારૂં. આ બંને પરિણામો એક અવસ્થાના જ બે સ્વરૂપો છે. આ અવસ્થાને **તેજોદીરણ** કહે છે. આ સ્વાભાવિક અવસ્થા ત્યારે જ ઉત્પન્ન થાય છે કે જ્યારે પુરૂષનું મન વિષયપ્રવણ થાય છે., આ વિષયપ્રવણાવસ્થા સારી રીતે ત્યારે થાય છે કે જ્યારે પુરૂષનું શરીર બળવાન તથા શુક્ર સારતા હોય. આ અવસ્થામાં હૃદય પણ ઉત્તેજીત થાય છે. તેની ગતિ શીઘ્ર અને બળવાન બને છે. મુખમંડલ તથા નેત્ર લાલ થાય છે રક્તભારની વૃદ્ધિ થાય છે. શરીરમાં ઉષ્ણતા માલમ પડે છે. પસીનો આવવા માંડે છે. શરીરના રોમ--રોમ તેજથી ઉદીર્ણ થાય છે. આ અવસ્થા શિશ્નમાં પણ થાય છે. તેને કારણે શિશ્ન દૃઢ થાય છે. આ અવસ્થા જ્યારે ઉચ્ચકોટિ પર પહોંચે છે ત્યારે વાયુ અને તેજના સહયોગથી શુક્ર યોનિમા ફેંકાય છે આ અવસ્થાને તેજસ્ખલન કહે છે.

તેજસ્ખલનના સમયે કોઈ કોઈ વખત રોગી અને દુર્બળ પુરૂષના હૃદયની ગતિ રક્તભાર વધી જાય છે. જેનું પરિણામ અપસ્માર પક્ષાઘાત યા મૃત્યુમાં આવે છે.

સ્ત્રીમાં પ્રણ પુરૂષની સમાન ઉપર કહેલી ઉત્તેજનાઓ થાય છે પરન્તુ પુરૂષનું કાર્ય સક્રિય હોવાથી તેમાં સ્ત્રીની અપેક્ષાએ આ ઉત્તેજના અને તીવ્ર હોય છે.

મૈથુનના અંતમાં શુક્ર ભગદ્વારપર--અન્તર્ભગમાં યા ગર્ભાશયના મુખપર પડે તો તેની હંમેશા ગર્ભાશય તરફજ હોય છે. તે સમયે ગર્ભાશય પણ નીચેની તરફ આવે છે. અને તેનું મુખ પ્રસારિત થાય છે× જેથી તેના મુખપર ઉત્સર્ગિત થયેલું શુક્ર શીઘ્ર અંદર પ્રવેશ કરી શકે છે. મૈથુનના અંતે જેટલું શુક્ર નીકળે છે તેમા અસંખ્ય શુક્રાણુઓ હોવા છતાં પણ સ્ત્રીબીજ સાથે ફક્ત એકજ શુક્રાણુનો સંસર્ગ થાય છે. આ બંનેનું સંયોગસ્થાન આર્તવવહ સ્રોતો છે.

અ. સંગ્રહમાં કહ્યું છે કે વાયુથી પ્રેરિત શુક્ર અન્ય સૂક્ષ્મ સ્વરૂપો સહિતમન તન્માત્રા અને મહાભૂતોના ગુણો સહિત કર્મને કારણે આર્તવની સાથે મળે છે.

ગર્ભ આકાશ--વાયુ--અગ્નિ--જલ અને પૃથ્વીનો વિકાર છે અને ચેતનાધાતુના આશ્રયરૂપ છે.

---

* तत्र स्त्रीपुंसयो· संयोगे तेजः शरीराद्वायुरुदीरयति, ततस्तेजोनिलसन्निपाताच्छुक्रंच्युतं योनिमभिप्रतिपद्यते संसृज्यते चार्तवेनततोऽग्नीषोमसंयोगात् संसृज्यमानो गर्भोगर्भाशयमनुप्रतिपद्यते (सु. शा. अ. ३-४)

× तत् संसृत्य व्यात्तमुखं याति गर्भाशयं प्रति (भावप्रकाश प्र-खंड)

गर्भसंभवकालः, गर्भव्याख्या, बीजप्रवेशः, गर्भस्यषड्धातुत्वं इति तेषां विज्ञानम्

ભાવપ્રકાશકાર કહે છે કે આર્તવસ્રાવના દિવસથી ૧૬ દિવસના સમયને ઋતુ કહેવામાં આવે છે તે જ કાળ ગર્ભધારણા માટે યોગ્ય છે.* ગર્ભાશયમાં જ્યારે શુક્ર–શોણિત અને જીવનો સંયોગ થાય છે ત્યારે તેને ગર્ભ કહે છે.× ગર્ભ પૃથ્વી–અપ–તેજ–વાયુ અને આકાશનો વિકાર છે. અને જીવાત્માનું ભોગાયતન છે. આ નિયમના આધારે પંચમહાભૂતોના વિકારોના સમુદાયાત્મક ગર્ભ ચેતનાનું અધિષ્ઠાન છે એટલા માટે આત્મા ગર્ભની છઠ્ઠી ધાતુ છે.

પ્રશસ્ત શુક્રયુક્ત પુરૂષને પ્રાકૃત યોનિ આર્તવ અને ગર્ભાશયયુક્ત સ્ત્રીની સાથે જ્યારે ઋતુકાળમાં સંસર્ગ થાય છે. ત્યારે આ બંને સ્ત્રી પુરૂષના સંસર્ગના સમયે મનના યોગથી જીવાત્મા ગર્ભાશયની અંદર શુક્રશોણિતના સંયોગમાં પ્રવેશ કરે છે. ત્યારે ગર્ભની ઉત્પત્તિ થાય છે. આ જીવાત્માના સ્વરૂપનો ઉલ્લેખ નીચે મુજબ છે.

ક્ષેત્રજ્ઞ+ (શરીરરૂપી ક્ષેત્રને જાણનાર અથવા શરીરરૂપી ક્ષેત્રમાં બદ્ધ થયેલા આત્માને ક્ષેત્રજ્ઞ કહે છે.) વેદયિતા (સુખ દુઃખાદિને અનુભવ કરનાર) સ્પ્રષ્ટા–ઘ્રાતા–દ્રષ્ટા–શ્રોતા–રસયિતા (પંચજ્ઞાનેન્દ્રિયોથી મળવાવાળા જ્ઞાનને જાણનાર અથવા તે દ્વારા કાર્ય કરવાવાળો કર્તા) પુરૂષ (ભૌતિક શરીરમાં નિવાસ કરનાર) સ્રષ્ટા (શરીરમાં ચૈતન્ય ઉત્પન્ન કરનાર) ગન્તા (એક શરીરમાંથી બીજા શરીરમાં ગમન કરનાર) સાક્ષી (જ્ઞાનવાન હોવાને કારણે તટસ્થની સમાન સુખ દુઃખાદિથી વિચલિત ન થનાર) ધાતા (પંચમહાભૂતાત્મક શરીરને ધારણ કરનાર) વક્તા, અચિન્ત્ય (જે મન અને બુદ્ધિની ચિન્તન શક્તિની બહાર હોય તે) હોવા છતાં પણ દૈવના સંગથી ભૂતાત્મા સત્વ–રજ તમ–દૈવ આસુર યા અન્યભાવથી (મન–ડલ્હણ) યુક્ત મૈથુનના સમયે જે હર્ષાદી પિત્ત વાયુ શુક્રને યોનિમાં ફેંકે છે. તે વાયુની પ્રેરણાથી ગર્ભાશયમાં શુક્ર અને આર્તવના સંયોગમાં તત્કાળ પ્રવેશ કરી અવસ્થાન કરે છે.

ગર્ભોત્પત્તિને માટે આત્માની આવશ્યકતા હોય તથાપિ આત્મા પોતે શુદ્ધ–બુદ્ધ–નિષ્ક્રિય અને જ્ઞાની હોવાને કારણે તેને જન્મ લેવાની કોઈ જરૂરિયાત હોતી નથી પરન્તુ જ્યારે તે વાસનાથી પ્રેરાય છે ત્યારે જન્મ મરણના ફેરામાં છે આ આત્મા બુદ્ધિ–અહંકાર–મન–દશ ઈન્દ્રિય અને પંચતન્માત્રા આ તત્વોની સાથે ભ્રમણ કરે છે. (ક્રમશઃ)

---

* आर्तवस्रावदिवसादृतुः षोडशरात्रयः।
गर्भग्रहणयोग्यस्तु स एव समयःस्मृतः॥ (भा. प्र.)

× पुरुषस्यानुपहतरेतसः स्त्रियाश्चा प्रदुष्ट योनि शोणित गर्भाशयायाः यदा भवति संसर्गः ऋतुकाले यदा चानयोस्तथायुक्ते संसर्गे शुक्रशोणितसंसर्गमन्तगगर्भाशयगतं जीवोऽवक्रामति सत्त्वसंप्रयोगात्तदा गर्भोऽभिनिर्वर्तते। (च. शा. ३–३)

\+ क्षेत्रज्ञो वेदयिता स्प्रष्टा–घ्राता–द्रष्टा–श्रोता रसयिता पुरुषः स्रष्टा–गन्ता–साक्षी–धाता वक्तायः कोऽसावित्येवमादिभिः पर्यायवाचकैर्नामभिरभिधीयते दैवसंगादक्षयोऽव्ययोऽचिन्त्यो भूतात्मना सहान्वक्षं सत्त्वरजस्तमोभिर्दैवासुरैरपरैश्चभावैर्वायुनाऽभिप्रेर्यमाणः गर्भाशयमनु प्रविश्यावतिष्ठते (सु. शा. ३–४)

વિષતંત્ર: લેખાંક ૪

લેખક: શ્રી ડૉ. ત્ર્યં. છો. નારીચાણિયા
મેડિકલ ઓફિસર: રાજ સીતાપુર (સૌરાષ્ટ્ર)

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૧૦ થી ચાલુ)

યશદ–ઝિન્ક

યશદ અનૈન્દ્રિક, ધાત્વીય, વિક્ષોભક વિષ છે, વિષ-તંત્રની દૃષ્ટિએ યશદના નિર્માણો નીચે મુજબ છે.

રૂપ: (૧) ઝિન્ક કલોરાઇડ (૨) ઝિન્ક સલ્ફેટ (યશદ ગંધકામ્લ), (૩) ઝિન્ક ઓક્સાઇડ (યશદ પુષ્પ), (૪) ઝિન્ક સ્ટીઅરેટ.

વૈદ્યો યશદને શુદ્ધ કરી ભસ્મ તરીકે સ્વતંત્ર રીતે વાપરે છે. તેમજ બીજી કેટલીએ બનાવટો યશદ ભસ્મ મેળવીને વાપરે છે

ઘાતક માત્રા: લગભગ તોલો ૧ાની છે.

ઘાતક સમય: ભાગ્યેજ મૃત્યુ થાય છે. ૩ કલાકથી ૫ દિવસ. ઝિન્ક કલોરાઇડમાં આઘાત અને કૉલેપ્સથી મૃત્યુ થાય છે.

વિષ લક્ષણો: ધાતુ સ્વાદ, લાલા સ્રાવ, વમન, આમાશય શૂળ અને ઉદર શૂળ, તીવ્ર અતિસાર, કૉલેપ્સ, આંચકી અને મૃત્યુ.

જો ઝીન્ક કલોરાઈડ, લેવાયું હોય તો દાહક લક્ષણો વધારે પડતા હોય છે જેમા હોઠ, મુખ, ગળું, આમાશયમાં દાહ, રક્તમિશ્રિત વમન, ચૂંક સાથે અતિસાર, કલમ, કૉલેપ્સ અને મૃત્યુ.

ચિકિત્સા: ઝિન્ક સલ્ફેટ પોતેજ વાન્તિકર દ્રવ્ય છે માટે વાન્તિકર ઔષધો ન આપવા જોઈએ. પરંતુ કોકરવરણું પાણી અથવા દૂધ આપી વમનને ઉત્તેજન આપવું જોઈએ. અથવા ગળામાં આંગળા નાંખી વમન કરાવવું. લેવાયેલ વિષ ઝિન્ક કલોરાઈડ ન હોય તો સોડિયમ કાર્બોનેટના પાણીથી આમાશ ધોવું. પ્રતિવિષ તરીકે ઈંડા, દૂધ અને ટેનીન વાળા વનસ્પતિજ સ્તંભક દ્રવ્યો જેવા કે લીલી ચાનો ઉકાળો, હરીતકી વગેરે આપવા લાક્ષણિક ચિકિત્સા કરવી વેદના શામક તરીકે અફીણની બનાવટો યોગ્ય માત્રામાં આપવી શરીર ગરમ રાખવું. મેગનેશિયમ આપવું.

શવચ્છેદ દૃશ્ય: જો ઝિન્ક સલ્ફેટ વિષ તરીકે લેવાયું હોય તો મુખ, ગળું, આમાશય તથા આંત્રમાં પ્રદાહ અને જો ઝિન્ક કલોરાઇડ લેવાયું હોય તો મુખ, ગળું, આમાશય તથા આંત્રની શ્લેષ્મત્વચા સફેદ, ઉખડી અને સડીગયેલ હોય છે. વખતે, ચાંદા અને છિદ્રો પણ હોય છે.

જીર્ણ વિષ લક્ષણો: ખાસ કરીને યશદ ઓગાળવાનું કામ કરનારાઓને, તેનો ધુમાડો શ્વાસ માર્ગે જવાથી થાય છે. યશદના વાસણોમાં કાયમ ભરી અથવા સંગ્રહી રાખવામાં આવેલ પાણી પીવાથી પણ વિષ પ્રભાવ થાય છે.

પાચનક્રિયામા વિકૃતિ, અજીર્ણ, શૂળ, વિબંધ અને ઘણી વખત અતિસાર, પાંડુ, પક્ષાઘાત, આંખની કીકીઓ વિસ્તૃત અને નાડી તીવ્રગતિવાળી હોય છે.

ચિકિત્સા: કારણોને દુર કરવા અને લાક્ષણિક ચિકિત્સા કરવી.

ન્યાય સબંધી વિચાર: યશદના વાસણોમાં રંધાયેલ ખોરાક લેવાથી આકસ્મિક પ્રસંગો ઉદ્ભવે છે. મેગનેશિયમ સલ્ફેટના બદલે ભૂલથી ઝિન્ક સલ્ફેટ લેવાઈ જવાથી આકસ્મિક પ્રસંગો બને છે. ઝિન્ક કલોરાઈડ આત્મ હત્યા માટે વપરાયેલ નથી. ઝીન્ક કલોરાઈડ વ્રણ ઉપર લગાડવાથી વિષ પ્રભાવ થાય છે. ઝીન્કના ક્ષારો આંત્ર માર્ગે બહાર નીકળે છે.

ઘાતક માત્રા: ટીન ક્લોરાઇડની અડધા ડ્રામની માત્રાથી મૃત્યુ થયેલ નોંધાયેલ છે.

ચિકિત્સા: વમન કરાવવું અથવા અમાશય ધોવું. ઇંડાની સફેદી, ચીકાશદાર પીણા આપવા. ઉત્તેજક ચિકિત્સા કરવી. વેદના શામક તરીકે અફીણની યોગ્ય બનાવટ યોગ્ય માત્રામાં આપવી.

પોટાસિયમ

પોટાસિયમ નાઇટ્રેટ–સુરોખાર–કલમીસોરા, પોટાસિયમ નાઇટ્રેટ અનૈન્દ્રિક, ધાત્વીય, વિક્ષોભક વિષ છે. વૈદ્યો શુદ્ધ કરીને સ્વેદલ તથા મૂત્રલ તરીકે વાપરે છે.

તીવ્ર વિષ: મેગનેશિયમ સલ્ફેટ અથવા સોડિયમ સલ્ફેટના બદલે ભુલથી લેવાઈ જવાથી વિષપ્રભાવના પ્રસંગો બને છે.

વિષ લક્ષણો: હલ્લાસ, આમાશય શૂળ, વમન, અતિસારનો પદાર્થ રક્તમિશ્રિત હોય છે. શ્વાસાવરોધ (*Dyspnoea*), નબળી–અનિયમિત નાડી, આંચકી, કૉલેપ્સ અને મૃત્યુ. પાચનક્રિયા અનિયમિત અને કળતર થાય છે.

ઘાતક માત્રા: ૨ ડ્રામથી ૧ ઔંસ. **ઘાતક સમય:** સામાન્યતઃ ૧૩ કલાક.

ચિકિત્સા: આમાશય ધોવું. ઉત્તેજક દ્રવ્યો ત્વચા સૂચિવેધ મારફતે આપવા. પેટ ઉપર રાઇનું પ્લાસ્ટર લગાડવું. શરીરની ઉષ્મા જાળવવી, લાક્ષણિક ચિકિત્સા કરવી.

શવચ્છેદ દ્રશ્ય: આમાશયની શ્લેષ્મત્વચા ચળકતા લાલ અથવા ભુરા લાલ રંગની થઈ જાય છે તથા શોથયુક્ત અને ઉખડી ગયેલ હોય છે. નાના આંતરડા સુજી ગયેલ હોય છે. તથા લોહી પ્રવાહી પાતળું થઇ ગયેલ હોય છે. (ક્રમશઃ)

હરડે

અનેક રોગોનું મૂળ કબજિયાત છે એવું જાણ્યા પછી દેવોના વૈદ્ય અશ્વિનિકુમારોએ દક્ષ પ્રજાપતિને પ્રશ્ન પૂછ્યો કે, એવો શો ઉપાય રોજ કરીએ, કે જેથી આંતરડાં મળ રહિત રહે, પાચક રસો બરાબર ઝરે, ને અગ્નિ રોજ ને રોજ વધતો જ જાય? દક્ષ પ્રજાપતિએ જવાબ આપ્યો કે આખી સૃષ્ટિમાં હરડે જ માત્ર એવું ઔષધ છે કે જે કબજિયાત દૂર કરે, પાચક રસો ઝરાવે, અગ્નિ વધારે અને અનેક રોગોનો નાશ કરે.

ઉત્પત્તિ: શિવજીના સ્થાન–હિમાલયમાં જે ઉત્પન્ન થયેલી છે, નાડીઓના માર્ગને મળ રહિત કરી, કોષોને મરવા નહિં દેનાં પોષક તત્ત્વ પહોંચાડી, બીના જ રાખવાનો જેનો ગુણ છે અને સર્વ વ્યાધિઓનો નાશ કરે છે તેનું નામ હરડે.

આવું સર્વશ્રેષ્ટ ઔષધ આપણા જ દેશમાં થાય છે, તેની ઉત્પત્તિ વિષે કહેવાય છે કે દેવરાજ ઇન્દ્ર જ્યારે અમૃત પીતા હતા ત્યારે એક ટીપું પૃથ્વી ઉપર પડયું, તેનાથી સાત પ્રકારની હરડે ઉત્પન્ન થઇ. (૧) વિજ્યા (૨) રોહિણી (૩) પૂતના (૪) અમૃતા (૫) અભયા (૬) જીવંતી અને (૭) ચેતકી (હીમજ)

પશ્ચિમની પ્રજા દર બાર મહિને ત્રણ કરોડ રૂપીયાની હરડે ચામડા રંગવાના તથા દવાઓ બનાવવાના કામ માટે અહિંથી લઈ જાય છે. આપણા દેશમાં પણ ચામડા રંગવાના કામમાં હરડે વપરાય છે. હરડેથી રંગાયેલું ચામડું મજબુત બને છે, વધુ વજન ઝીલી શકે છે અને તેની આવરદા વધે છે. હરડેમાંનો તૂરો રસ મરેલા ચામડાંનો સંકોચ કરી તેને મજબુત કરે તો પછી આપણા પેટમાંના જીવતાં આંતરડાના ચામડાને સંકોચી તેને પોષણ આપી જાડું, ટકાઉ, મજબુત અને લોખંડી બનાવે તેમાં શી નવાઇ?

આયુર્વેદમાં સર્વ ઔષધિઓમાં જે સૌથી વધારે પ્રશંસા કોઇ ઔષધિની કરવામાં આવી હોય, તો તે હરડેની જ છે. હરડેનાં ગુણદર્શક નામ સાંભળો:—અભયા એટલે ભયરહિત કરવા વાળી, અમૃતા=અમર કરવા વાળી, (શરીરના કોષોને મરવા ન દેનારી) અવ્યથા=પીડા ઉત્પન્ન ન કરવા વાળી, અમોઘા—ચોક્કસ અસર કરવા વાળી, કાયસ્થા=શરીરનું સ્થાપન કરવા વાળી, ચેતકી=ચેતન આપવા વાળી, જીવન્તી=જીવન આપવા વાળી, જીવનીયા=જિવાડનારી, જીવપ્રિયા=જીવ માત્રને વહાલી, વૈદ્યપ્રિયા—વૈદ્યને વહાલી, જયા=જય મેળવવા વાળી, દિવ્યા=તેજ આપવા વાળી, દેવી=કલ્યાણ કરવા વાળી, પથ્યા=માર્ગ સાફ કરવા વાળી, પૂતના=પવિત્ર કરવા વાળી, પાચનીયા=પાચન કરવા વાળી, પ્રથમા=રોગને જડ મૂળથી કાઢનારી, પ્રપથ્યા=બહુજ માફક હિતકર, પ્રાણદા=પ્રાણ આપનારી, બલ્યા=બળ આપનારી, રસાયન ફલા=ઘડપણ અને વ્યાધિને દૂર કરવા વાળી, રુદ્રપ્રિયા=મહાદેવજીને વહાલી, રોહિણી=વિજળી જેવી અસર કરવા વાળી, વિજ્યા=રોગ ઉપર જીત મેળવવા વાળી, વયસ્થા=જીવન ટકાવનારી, શીવા=કલ્યાણ કરનારી.

સુધા=અમૃત જેવી.

સુધોદ્ભવા=અમૃતમાંથી ઉત્પન્ન થયેલી.

શ્રેયસી=સારું કરવા વાળી.

હરીતકી=સર્વ રોગ હરનારી.

ઋષિ મુનિઓએ હરડેના કેવાં સુંદર નામ પાડયાં છે! સારુંય જીવન, લંગોટી વાળી, ગંગા યમુનાના કિનારે ધ્યાન–ધારણામાં પસાર કરી, જગત કલ્યાણની જ દૃષ્ટિ રાખનાર નિસ્વાર્થ મુનિઓ શું હરડેના આવાં નામ પાડી કરી અતિશયોક્તિ કરતા હશે!

જન્મ પછી તરત જ ત્રણ વર્ષ સુધી બાળકને 'હરડેનો ઘસારો' પાવાની જરૂરવાન ચરક ભલામણ કરે છે.

પહેલાના જમાનામાં હરડેનો ઘેર ઘેર છૂટથી ઉપયોગ થતો હતો એટલે પ્રજા નિરોગી અને લાંબુ આયુષ્ય ભોગવતી હતી.

આપણે હરડેને ભૂલી ગયા જ્યારે પશ્ચિમની પ્રજા આજે એનો છૂટથી ઉપયોગ કરી નિરોગી અને લાંબુ જીવન જીવી શકે છે! આજે હરડે વિદેશમાં જતી હોવાથી આપણને જ તે મોંઘી પડે છે. તેથી તેના ગુણનો અમૂલ્ય લાભ મળતો નથી. બાળકને પાવા જોઇતી ઉત્તમ પ્રકારની એક હરડેના બે–પાંચ કે દસ–વીસ રૂપીયા આપવા પડે, એ સ્થિતિ સુધારવા માટે સંયુક્ત પ્રાંતની, મદ્રાસ ઈલિકાની, બીહારની અને પંજાબની સરકારોએ યોગ્ય પગલાં લેવાં જોઇએ.

આજ કાલ બજારમાં ગુંદર અને હીમેજનો ભૂકો મેળવીને તૈયાર કરેલી બનાવટી મોટી હરડે પણ વેચાય છે. જે હરડે વજનમાં ચાર તોલા હોય તે, સર્વશ્રેષ્ટ ગુણવાળી જાણવી.

હરડેમાં ગુણકારી પાંચ રસો છે પણ નુકશાન કર્તા ખારો રસ નથી માટે જ તે સર્વોત્તમ રસાયણ છે.

અજબ હરડેના ગજબ ગુણો

મગના ઓસામણ સાથે હરડે લેવાથી ૧૦૦ વર્ષનું આયુષ્ય થાય છે ને રોગો દૂર થાય છે. વળીયાં પળીયાંનો નાશ થાય છે. હરડે બુદ્ધિ આંખોનું તેજ તથા આયુષ્ય વધારે છે. શરીરને મજબુત અને સુંદર બનાવે છે. અવળા ગયેલા અપાન વાયુને સવળે માર્ગે વહન કરાવે છે. તથા પુરૂષાતન આપે છે. ચાવીને ખાવાથી અગ્નિ વધારે છે ખાંડીને ખાવાથી મળને શુદ્ધ કરે છે. ઉકાળીને પીવાથી મળને બાંધે છે. (ઝાડાના રોગમાં હિતકર છે) તળેલી હરડે ત્રણેય દોષોનો નાશ કરે છે. ભોજનની સાથે હરડે ખાવાથી બુદ્ધિ, બળ અને ઈન્દ્રીયોની શક્તિનો વિકાસ થાય છે. તથા મળ–મૂત્ર વિગેરે દોષોનો નાશ થાય છે. જો તે જમ્યા પછી તરત જ લીધી હોય તો ખાવા પીવાથી ઉદ્દભવેલાં વાત, પિત્ત અને કફ ત્રણેય દોષોની વિકૃતિનો હરડે તત્કાલ નાશ કરી ખોરાકને પચાવે છે. પ્રમેહ, કોઢ, રક્તવિકાર, સોજો, વાતરક્ત (પત્ત–*Leprosy*) પેશાબના દરદો વિ. નો નાશ કરે છે. હૃદયને બળ આપે છે. આત્મા, ઇન્દ્રીય અને મનને આનંદ આપે છે. ગાંડા માણસને ડાહ્યા કરે છે. પેટના તમામ દર્દોને દૂર કરે છે. ઘડપણ અને વ્યાધિને દૂર કરે છે. ચામડીના રોગો અને આમના દર્દોને દૂર કરનારી અને યોગવાહિની છે. હરડે ઉષ્ણવીર્ય છે. અગ્નિને વધારનારી છે. મળને કાચો ને કાચો આંતરડામાંથી નહિ ઉખેડતાં, પકાવીને આંતરડાંને નૂકશાન કર્યા વગર બહાર કાઢે છે. યાદશક્તિ વધારનાર, યુવાન બનાવનાર, શીકાશનો નાશ કરનાર તથા ગરમીથી ઉત્પન્ન થતાં રોગો (ફોલ્લાં વિગેરે)નો નાશ કરનાર માથાનું દર્દ, સ્વરભંગ, વિષમજ્વર (*Malaria*) જીર્ણ જ્વર, પાન્ડુ, હૃદયરોગ, કમળો, શોષ, સંગ્રહણી, અતિસાર, પથરીરોગ, ઉલટી, કરમિયાં, ઉધરસ, શ્વાસ, દમ, ઝેર, ઉદરરોગ, પસીનો આવવો, કબજિયાત, આફરો, કાનના રોગો, અર્શ–મસા (*Piles*) પ્લીહા, ગુલ્મ રોગ, (ગોળો), હેડકી, ઘા, સાથળ જકડાઈ જવી, ચૂંક, અરુચિ, ખસ, ખુજલી, દાદર, ખરજવું, બરોળ, બહુ મૂત્ર, મૂત્રઘાત, હાઈ બ્લડ પ્રેશર, મધુપ્રમેહ (*Diabetes*), બગડેલ સ્વભાવ વિગેરે અનેક રોગોને મટાડે છે. હરડે રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર એ સાતેય ધાતુને સરખી રાખે છે. હરડે દુબળો હોય તેને જાડો કરે ને જાડો હોય તેને સરખો કરે છે. હરડે વજન વધારે છે. પ્રજાને સ્થાપન કરે છે. (વાંઝીયાપણું મટાડે છે), સર્વને પથ્ય છે (હિતકર છે) हरीतकी सर्व रोग प्रशमनी। હરડે સર્વ રોગ નાશ કરનારી છે. આ બધા હરડેના શાસ્ત્રોક્ત ગુણ છે. અતિશયોક્તિ નથી!

આરોગ્યની ઇચ્છાવાળાએ રોજ હરડે ખાવી,” મોક્ષની ઈચ્છાવાળાએ રોજ હરિનું

રટન કરવું અને તપ-જપથી શુદ્ધિ ઇચ્છતા મનુષ્યે દરરોજ ગાયત્રીનો જાપ કરવો.

હરડે ખાવાનું માપ

એક વર્ષ સુધીના બાળકને ચાર-પાંચ ઘસરકા, બે વર્ષના બાળકને સાતથી આઠ ઘસરકા. ત્રણ વરસના બાળકને એક આની ભાર ભૂકો પાણીમાં ઓગાળી પાવો. ચારથી આઠ વરસનાને બે આનીભાર અને આઠથી સોળ વરસનાને પાવલીભાર ભૂકો પાણી સાથે પાવો-મોટાઓએ મૃદુ કોઠો હોય તો પાવલીભાર અને ભારે કોઠો હોય તો આઠ આની ભાર હરડેનો ભૂકો પાણી સાથે પથારીમાંથી ઉઠતાંની સાથે નરણે કોઠે લેવો જોઈએ.

હરડે કોણે ન ખાવી?

(૧) માર્ગમાં બહુ ચાલવાથી થાકેલાઓ, (૨) બળ વગરના માણસોએ, (૩) રક્ષ, કૃશ અને લંઘન કરવાથી દૂબળા થયેલાઓ, (૪) અધિક પિત્તવાળાએ, (૫) દુબળી અને અશક્ત ગર્ભવતી સ્ત્રીઓ, (૬) સુવાવડી સ્ત્રીએ સવા મહિના સુધી હરડે ન લેવી. (૭) કફસંનિપાત બીલકુલ ન રહેતી હોય તેવી ગર્ભવતી સ્ત્રીઓ, (૮) જેના શરીરમાંથી લોહી નીકળી ગયું હોય અથવા ફસ ખોલી હોય તેવાઓ, (૯) નવા તાવવાળાએ, (૧૦) હનુસ્તંભ રોગવાળાઓ, (૧૧) ક્ષયવાળાઓ. ઉપરના દર્દીઓએ હરડે ન લેવી.

કેટલાક લોકો હિમેજ દિવેલમાં અને ઘીમા શેકીને તેનો ઉપયોગ કરે છે. તેનાથી હરડેમા રહેલા જીવરસનો નાશ થાય છે. માટે હરડેનો ભૂકો પાણીમાં જ લેવો હિતકર છે.

ઉલટી કર્યા પછી હરડે લેવી

હરડે લેતાંની સાથે ઉલટી થાય તો સમજવું કે આપણી હોજરીમાં પુષ્કળ કફ છે. હરડે એ કફને પ્રથમ બહાર કાઢે છે. હોજરીનો કફ સાફ કર્યા પછી જ તે આગળ જાય છે. જ્યારે બીજા રેચક દવા હોજરીમાંના કફને નીચે લઈ જઈ છિદ્રોને પૂરી નાખી કાચો ને કાચો મળ ઉખેડે છે એથી અનેક નવા રોગો પેદા થાય છે માટે આયુર્વેદ આજ્ઞા કરે છે કે-વમન વધારે વિરેચન ઉલટી કર્યા પછી જ જુલાબ લેવો.

સંગીતમાં હરડેના ગુણગાન

(૧) માતા વિનાના માનવીની, હરડે મા સમાય;
કોક દિવસે કોપે માતા, હરડે નહિ જરાય.

(૨) ઓછી દાતણ જે કરે, નરણાં હરડે ખાય;
દૂધે વાળુ જે કરે, તે ઘેર વૈદ ન જાય.

(૩) આપે ત્રિફળા હિત લખ્યું,
પેટ ન ભરવુ ચારે ખૂણ;
જમીને ડાબે પડખે સુએ,
તેની નાડ વૈદ ના જુએ.

(૪) ખાધા વિના રહેવાથી નુકસાન નથી,
પણ હરડે વિના રહેવાથી નુકસાન અતિ.

(૫) મળાશય અને મૂત્રાશય બન્નેની વચ્ચે વીર્યની કોથળી આવેલી છે. મળાશય અને મૂત્રાશય બન્ને ભરેલાં હોય તો વીર્યની કોથળી ઉપર દબાણ આવે છે જેથી વીર્યસ્રાવ (*Discharge*) થાય છે. હરડેનું નિયમિત સેવન કરનારને ઝાડો તથા પેશાબ ભરાઈ રહેતાં ન હોવાથી વીર્યં સ્વપ્નદોષ થતો નથી.

(૬) હરડે મુકદાલમાંથી મર્દ બનાવનારી રામબાણ માતા છે.

(૭) દુનિયાના હે મનુષ્યો! તમે જમ્યા પહેલાં આદુ અને જમ્યા પછી હરડે ખાઈ જુઓ.

બે રુગ્ણાનુભવો

શ્રી ડૉ. રસિકલાલ પરીખઃ સંપાદક, "ચરક"

(આયુર્વેદની દૃષ્ટિએ રુગ્ણોપચારની પ્રવૃત્તિનો નિષ્કર્ષ એજ સાચું સંશોધન છે. આયુર્વેદ માટે જેમને સાચા "તપસ્વી" કે "લેખધારી" ગણાવી શકાય તેવા શ્રી રસિકલાલ પરીખના બે રુગ્ણાનુભવો આપતાં આનંદ થાય છે. **તંત્રી.**)

(૧)

મારા એક સ્નેહીએ પોતાના વૃદ્ધ ફૈબાને લઈને આવીને વાત કરી કે તેઓ લગભગ છએક માસથી પીડાય છે. શ્રાવણ માસમાં અરકનો બનાવેલો ગોળો ખાધો અને ત્યારથી આ દર્દ શરુ થયું છે. મોઢાના ડાબા ભાગમાં આંખ, નાક, કાન, કપાળ, દાંત કે જીભને કંઈ પણ પાણીનું ટીપું અગર થોડું અનાજ અડે તો પારાવાર દુઃખ થાય છે. જુનાગઢ, ભાવનગર, અમરેલી વગેરે સ્થળનાં દવાખાને જઈને ઉપચાર કર્યા પણ કંઈ પણ ફેર પડતો નથી. છેવટે થાકીને અહીં આવ્યાં છે. અહીં આવ્યાને બે દિવસ થયા છે પણ અન્ન કે પાણી હોઠે અડાડયાં નથી ભૂખ લાગે છે તરસ લાગે છે પણ હોઠે અડે કે મહાવેદના શરૂ થાય છે.

મેં તપાસ કરી. માથાના ડાબા ભાગને કોઈ પણ સ્થળે અડકી શકાતું ન હતું. તપાસવા, મેં હાથ મૂકયો પણ દરદીએ બે હાથ જોડી ના પાડી કે મારાથી કંઈ સહન થઈ શકતું નથી. માજીની આંખોમાં આંસુ હતાં અને મને વારંવાર મૂકભાવે હાથ જોડતાં હતાં.

માજીની સાથે આવેલા મારા સ્નેહીને મેં વાત કરી કે ભાઈ! માથાના-મુખના રોગ કફથી જ થાય છે અને એ માટે આયુર્વેદમાં નસ્ય લેવાનું કહ્યું છે. યોગ શતકમાં કહ્યું છે કે ગોળ અને સૂંઠ અથવા સિંધાલૂણ અને લીંડીપીપરનું ચૂર્ણ સુંઘવામાં-નસ્ય લેવામાં આવે તો નાક, મુખ, ડોક, દાઢી, માથું, આંખ, કાન અને ગળાના રોગ મટે છે. માટે લીંડીપીપર અને સિંધાલૂણનું ચૂર્ણ લઈ જાઓ અને ઘેર જઈ આખો દિવસ સૂંઘ્યા કરજો.

સ્નેહીને તો શ્રદ્ધા હતી પણ દરદીને નહોતી તો પણ ઘેર જઈ પ્રયોગ શરૂ કર્યો, ત્રણ દિવસ સતત નસ્ય લીધા કર્યું. ત્રણ દિવસ કફ નાક વાટે નીકળી ગયો. ત્રીજે દિવસે મારે ઘેર હસતાં હસતાં આવ્યાં અને તે દિવસે શાન્તિથી ભોજન પણ લીધું. આજે તેઓ ઉક્ત રોગથી મુક્ત છે.

(૨)

એક બાઈ ઉંમર વર્ષ પચાસ ચરબી ઘણી પ્રથમથી જ મેદસ્વી શરીર. રસ પછી જે રક્ત બનવું જોઈએ તે ન બને કારણ કે સ્રોતો વધુ ખાવાથી કાચા રસથી પુરાઈ ગયેલા તેથી સીધો લોહી, માંસ બન્યા વિના મેદ જ બને અને મેદના થર જામતા જાય.

તેને પ્રથમ સાત લંઘણ કરાવી (એક લંઘણે એક ધાતુ શુદ્ધ થતી જાય છે) પછી તેનો ખોરાક નીચે પ્રમાણે ગોઠવ્યો.

જુના ચોખા-મગ બાફેલા.

કળથીની દાળ.

સરગવાનું અને તાંદળજાની ભાજીનું શાક મશાલામાં મીઠું બંધ. (વરાગડુ, ધસીયું. સિંધવ, સંચળ અને બીડલવણ બધાં જ ભાઈ બ્હેન છે)

તેલમાં સરસવનું તેલ.

સવારમાં પાશેર ગરમ પાણીમાં બે ચમચા મધ નાખી પીવું.

જમ્યા પહેલાં ૩-૩ ગોળી યોગરાજ ગુગળની આદાના રસમાં.

રોજ સવારમાં ૦ાા તોલો હરડેનું સેવન.

અપથ્યમાં-દિવસે ઉંઘવાની મનાઈ.

શેરડી અને દૂધમાંથી બનતો કોઈ પણ પદાર્થ ખાવાનો નહિ, પાણી ઉકાળેલું માપમાં જ પીવાનું.

દર ત્રીજે દિવસે આઠ આનીભાર મીંઢળની ફાકીને ઉલટી કરાવવી.

પ્રથમ માસે દસ રતલ વજન ઉતર્યું બીજા માસે સાત રતલ ઉતર્યું હજી ઉતરતું જ જાય છે.

આપણા બાળકો શું ભણે છે?

લેખક: શ્રી પ્રતાપકુમાર વૈદ્ય

એકવડો, આડો અને અન્યાય્ય પ્રચાર

અમારા પાડોશમા રહેતી એક બાળાનાં પાઠ્ય પુસ્તકમાં વાંચવા મળેલા એક પાઠને નીચે તારવીને રજુ કર્યો છે.

"વસંતને 'વણો' તાવ આવે છે. શરીરમાં 'બળતરા' થાય છે. 'ચેન' પડતું નથી. 'પાણી' માગ્યાં કરે છે. તેના પિતા ઘેરે આવીને તેને જોઇને તુરત જ દા. મહેતાને બોલાવી લાવે છે. બન્ને જણા ગાડીમાં આવે છે."

ત્યાર પછી દાક્તતર વસંત પાસે ગયા. તેમણે તાવ માપવા થર્મોમિટર કાઢ્યું અને વસંતની બગલમાં મુક્યું. ભુંગળી (સ્ટેથોસ્કોપ) છાતી ઉપર મુકી તેમણે વસંતની છાતી તપાસી. થર્મોમિટરમા જોયું તો ૧૦૫ ડિગ્રી તાવ દાક્તર બોલ્યા 'કંઈ બીવા જેવું નથી. તાવ જરા વધારે છે એટલું જ મેલેરિયા તાવ છે બીજી રીતે તબિયત ઠીક છે. માથા પર બરફ મુકવાનું ચાલુ રાખજો.'

વસંતની માની ઈચ્છા તાવ જલ્દી ઉતરી જાય તેવું 'કંઈક' કરવાની હતી એટલે દાક્તરે વસંતને 'કિવનીનનું ઈંજેક્ષન આપ્યું. એ ત્રણ દિવસમાં વસંતનો તાવ જતો રહ્યો અને તે હરતો ફરતો થઈ ગયો.'

ચાર દિવસ પછી દાક્તર વસંતને ત્યાં આવે છે અને ચહા પીવા બેસે છે અને જિજ્ઞાસુ વસંતને પોતાની પાસે એક ચોપડી હતી તેમાંથી મેલેરિયાનાં જંતુ બતાવે છે. 'કિવનીનનાં ઈંજેક્ષનથી જંતુ મરી જાય એમ દાક્તર કહે છે એટલે સ્વાભાવિક વસંતના બાપ કહે છે કે ઈંજેક્ષન શા માટે? એક આનાનું કિવનીન શરીરમાં દાખલ કરવા માટે તમે રૂ. ૨ લો છો.'

દાક્તરનો ઉત્તર: 'બન્નેનું પરિણામ એક જ પણ ઈંજેક્ષનની અસર જલ્દી થાય. કિવનીન કડવું છે એટલે તે પીવાનો ત્રાસ બહુ થાય છે. ઉપરાંત કિવનીન લોહીમાં જાય એટલે તાવનાં જંતુ નાશ પામે છે.' છેવટે, મચ્છરનું જ્ઞાન પણ દાક્તર વસંતને આપે છે અને વસંત મચ્છરને 'સેંકડો ઈંજેક્ષન આપનાર દાક્તર' તરીકે વર્ણવે છે. 'એનાં ઈંજેક્ષનથી તાવ આવે અને દાકતરનાં ઈંજેક્ષનથી તાવ જતો રહે.'

મચ્છરથી બચવા માટે આજુ બાજુ હોજ કે ખીલીાતરીતે ના થવા દેવી તેમ દાકતર સલાહ આપે છે અને ત્યાં તેમને કોઇ દરદીનું તેડું આવવાથી તે ચાલ્યા જાય છે." (નવયુગ વાંચનમાળા· પુસ્તક ચોથું: લે. વ્યાસ અને દેસાઇ (પાઠ પૂરો)

વિચારપ્રદ બાબતો

આપણી શાળાઓમા આપણા બાળકોને શું વંચાવવામાં આવે છે તેના નમુના રૂપે ઉપલો કિસ્સો રજુ કર્યો છે. આ વિષયમાં ઘણી બાબતો વિચારપ્રદ છે. શાળેય પાઠય પુસ્તકોમાં બાળકને એમ બતાવાય કે બિમાર પડતાં ડાકટરને જ બોલાવી શકાય, શીઘ્ર ચિકિત્સા માટે ઈંજેક્ષન જ આવશ્યક ગણાય. વિ. ગર્ભિત સૂચનો કેટલી હદે યોગ્ય છે? આવો એકવડો પ્રચાર કે રીતે ન્યાય્ય છે?

મૂળ પાઠ પણ અનેક રીતે ચર્ચાસ્પદ છે. વસંત બિમાર પડતાં તેના પિતા ડોકટરને તેડવા જાય એ તો ઠીક, પણ, થર્મોમિટર મુકી અને છાતી 'તપાસી' એ તાવ મેલેરિયા હોવાનું જાહેર કરનાર ડાકટર કાં તો મૂર્ખ હોય વા તો કંઈક નામ આપવા ખાતર તેણે તાવને એ નામ આપ્યું હોય.

માથા પર બરફ મુકવાની સૂચના ખરું જોતાં બરફ ઘસવાની હોવી ઘટે. જો કે અત્યારે એ ઉપરાંત કપાળ પર મીઠાંના પાણીનાં પોતાં મુકવાની સૂચનાં પણ અપાય છે. પાઠય પુસ્તક લખનારને એ ખ્યાલ પણ રહ્યો લાગતો નથી

રહે તબ ઉતારકર પિલાવે, ઇસી પ્રકાર સપથ્ય એક માસ તક દોનોં સમય સેવન કરનેસે મધુમેહ કા રોગ શાન્ત હો જાયગા. પથ્યસે.

તૃતીયાનુભૂત યોગ–યહ યોગ નવીન રોગમેં અતિ શીઘ્ર ચમત્કાર દિખાતા હૈ, પુરાના રોગ ભી દો માસ સેવન કરનેસે ચલા જાતા હૈ, પકે જામુનકી ગુઠલી છાયામેં સુખાકર રખલે બારીક ચૂર્ણ બનાલેં નિમ્નલિખિત વિધિસે સેવન કરે–તીન માસા ગુડમાર બૂટી કો પાવ પાનીમેં પકાવેં, પકતે પકતે જબ એક છટાંક જલ શેષ રહે તબ ઉતારકર છાનલેં ઔર શીશીમેં ભરલે, ફિર ઉપરોક્ત જામુન બીજકા ચૂર્ણ છઃ માસા પ્રાતઃકાલ ૬ માસા ચૂર્ણ શામકો ફાંક કર ઉપરસેં ૨।। તોલા ગુડમાર બૂટીકા કવાથ પિલે, ઇસ પ્રકાર એક ડેઢ માસ નિરન્તર નિત્ય ગુડમાર બૂટી કે તાજા કવાથ કે સાથ સેવન કરનેસે કષ્ટ સાધ્ય મધુમેહ ભી અચ્છા હો જાતા હૈ. પથ્યસે.

ચતુર્થ યોગ–યહ યોગ મધુમેહ કી શર્કરા નષ્ટ કરને કે લિયે ઉત્તમ હૈ, ઇસકી વિધિ યહ હૈ કિ કૈથ કે ફલ કે ગુદા કો છાયામેં સુખાલે ઔર કૂટકર બારીક ચૂર્ણ બનાલો, ઇસ ચૂર્ણ કો ૬ માસા તક નિત્ય ઉપરોક્ત વિધિ (ગુડમાર કવાથમેં) સે પ્રાતઃ શાંય નિયમિત સેવન કરનેસે મધુમેહ ઔર ઉસકે વિકાર અવશ્ય શાન્ત હો જાતે હૈ. પથ્યસે.

પથ્યાપથ્ય સંક્ષેપ–પ્રમેહ કો ઉત્પન્ન કરને વાલે સમ્પૂર્ણ આહાર વિહાર, ચીની, ગુડ શકર આદિ મિઠા ઔર ઉનસે બને મિઠાઇ વિગેરે તથા દેરસે પચને વાલે, ઉડદ, ચાવલ, પૂરી ઔર અન્ય ચીજે અપથ્ય હૈ. ગરમ કરકે ઠંડા કિયા પાની પીના. પૈદલ ઘુમના. મુંગ, મસુર, અરહર કી (પાની જૈસી પતલી) દાલ પુરાને જવ, ચનેકી રોટી, કચ્ચા કેલા, પરવલ પાલક મુલીશાક કઢી આદિ મકખન નિકાલા ફિકા દુધ, આંમલે, કાગદી નીંબુ, જામુન, કસેરૂ આદિ પથ્ય હૈ.

આરોગ્ય, વૈદક, અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર
તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ | અંક ૬
आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्।
आयुर्वेदोपदेशेषु विधेय परमादर ॥
જ્યેષ્ઠ ૨૦૧૧ | જુન ૧૯૫૫

આયુર્વેદના વિકાસની આવશ્યકતા

કેન્દ્રીય સરકાર તરફથી આયુર્વેદના સંશોધનને જે પ્રોત્સાહન આપવાનો દાવો કરવામાં આવે છે તે માત્ર આયુર્વેદિક જડીબુટ્ટિઓનું એક એવા દષ્ટિકોણથી પરીક્ષણ છે કે તેને અંતે એલોપથિક દવા બનાવી લેવામાં આવે. વસ્તુતઃ આ સંશોધન આયુર્વેદનું નહીં પણ એલોપથીનું છે. દેશમાં આયુર્વેદના સંશોધન માટે આયુર્વેદના વિશિષ્ટ વિદ્વાનોની એક કેન્દ્રીય પરિષદ સ્થાપવી જોઇશે જો આયુર્વેદિક અનુસંધાન ઉપર્યુક્ત રીતિથી કરવામાં આવે તો જરૂર આયુર્વેદને લાભ થશે એટલા માટે આયુર્વેદના વિદ્વાનોએ અનુસંધાન કાર્યકર્તાઓની સહાયથી આ કામ કરવું જોઇએ. ભારતમાં અત્યારે 'આયુર્વેદની જે સ્થિતિ છે તે જોઇ હું રાજી નથી. અને એ હું જાણું છું કે કોઇ પણ પ્રકારનુ જ્ઞાન જેણે સદીયોની સદીયો સુધી માનવ જાતિનું કલ્યાણ કર્યું હોય તેવા જ્ઞાનને વિદેશી શાસનને કારણે એટલી મુશીબતો નહીં ઉઠાવવી પડી હોય જેટલી કે આયુર્વેદને. ૧૫૦ વર્ષના વિદેશી શાસન અને એલોપથી ને સરકાર અને સંપન્ન સજ્જનોને જે સહકાર મળ્યો છે તે છતાં એ વૈદ્યો જ છે કે જેમના બળ પર આપણી રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સેવા ટકી રહી છે. પરંતુ આ કાળમા (પાછલા ૧૫૦ વર્ષોમાં) એલોપથીએ અહીં ભારતવર્ષમાં બહુ મોજ માણી છે અને તેમાં આયુર્વેદની સ્થિતિ એક **ભિખારી જેવી હતી કે જેણે બહાર દરવાજા પર ઊભા રહી ક્યારેક તેના પ્રતિ ફેંકવામાં આવેલા ટૂકડાને સ્વીકાર્યો!** આ ખેદજનક છે! માટે તો આયુર્વેદને પ્રોત્સાહન આપવા સર્વ રીતે પ્રયાસ કરવો ઘટે!!

—કનૈયાલાલ માણેકલાલ મુનશી
રાજ્યપાલ—ઉત્તર પ્રદેશ

આરોગ્યસિન્ધુ

(સ્થાપના: સને ૧૯૨૧: સ્થાપક: સ્વ. **વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર**)
સંપાદક: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર**

પ્રકાશન: આ માસિક દર માસની પહેલી તારીખે પ્રગટ થાય છે. જાન્યુઆરીથી આ પત્રનું વર્ષ શરૂ થાય છે. અને ડિસેંબરમાં પૂરૂં થાય છે અંકો સ્ટોકમાં હોય ત્યાં સુધી પ્રથમ અંકથી જ ગ્રાહક કરવામાં આવે છે.

લવાજમ: આ પત્રનું હિંદમાં વાર્ષિક લવાજમ રૂા. ૪ છે. પરદેશમાં શિલિંગ ૮ છે. છુટક નકલ ૧ના આના ૮ છે. રૂા. ૪ મનીઓર્ડરથી અગાઉથી મોકલવાં વધુ હિતકર છે. વી. પી. થી મંગાવનારને આના નવ વધુ પડશે,

મુંબઇ, અમદાવાદ, સુરત અને સુરેન્દ્રનગરના સ્થાનિક ગ્રાહકોએ લવાજમ નીચેના સ્થળોએ ભરવું: સિન્ધ આયુર્વેદિક ફાર્મસી, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ. ગાંધી રોડ, અમદાવાદ. લીમડા ચોક, સુરત. મૂળીનો ઉતારો, સુરેન્દ્રનગર.

ભેટપુસ્તક: આ પત્રના ગ્રાહક થનારને દર વર્ષે એક ઉત્તમ વૈદ્યક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે આ વર્ષે ભેટ પુતસ્ક તરીકે **"આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"** ભાગ ૩ આપવામાં આવ્યું છે.

વ્યવસ્થા: અંક વિશે તથા લવાજમ મોકલવા વિશે તમામ પત્રવ્યવહાર, વ્યવસ્થાપક **"આરોગ્ય સિન્ધુ" સિન્ધ આયુર્વેદિક ફાર્મસી**, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ એ શિરનામે કરવો.

અંકો વ્યવસ્થાપકની દેખરેખ હેઠળ પોસ્ટ કરવામાં આવે છે. છતાંય અંક ગેરવલ્લે જાય તો ગ્રાહકે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. અંકો સિલકમાં હશે ત્યાં સુધી, બીજીવાર આપવામાં આવશે, પણ ગેરવલ્લે થતાંજ આ રીતે ફરીથી અંક મેળવી શકશે, તે પણ તા. ૧૫મી સુધી ફરિયાદ મળતાં તેના પર ધ્યાન અપાશે.

શિરનામામાં ફેરબદલ હશે તો માસની ૨૫ મી સુધીમાં જણાવ્યું હશે તોજ ફેરબદલ થઇ શકશે. અન્યથા જુને શિરનામે જ અંક જશે

પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો ખાસ જરૂરી છે.

સંપાદન: આયુર્વેદ અને આરોગ્યને લગતા ઉચ્ચ વૈદ્યકીય દૃષ્ટિએ લખાયલા લેખોને આ પત્રમાં સ્થાન મળે છે. લેખ મળ્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકારનો ઉત્તર એક માસ બાદ આપવામાં આવે છે. અસ્વીકૃત લેખ સાથે જરૂરી સ્ટેમ્પસ બીડયા હોય તો તે લેખ પરત મોકલવામાં આવે છે. સ્વીકૃત લેખ સમય અને સ્થળ પ્રમાણે યોગ્ય પદ્ધતિએ પ્રગટ કરવામાં આવે છે.

સંપાદક સાથે અગાઉથી સમય નક્કી કરી મુલાકાત લઇ શકાય છે.

વૈદ્યો, વૈદ્યકીય વિદ્યાર્થીઓ, ડૉકટરો અને આયુર્વેદના અભ્યાસીઓને આયુર્વેદ અને આરોગ્યને અનુલક્ષી લખાયલાં લેખો મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે.

સંપાદકનું શિરનામું આ પ્રમાણે કરવું: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર** સંપાદક: **આરોગ્યસિન્ધુ** ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

પુસ્તક પરિચય: વિસ્તૃતસાહિત્યાવલોકન માટે બે પુસ્તકો પ્રકાશકે મોકલવાં જરૂરી છે. એક આરોગ્યસિંધુ કાર્યાલયમાં રહે છે અને એક પ્રત એ વિષયના નિષ્ણાતને અવલોકન માટે મોકલવામાં આવે છે. નિષ્પક્ષપાતપણે તમામ અવલોકનો કરવામાં આવે છે.

જાહેરાત: આ પત્રનો ફેલાવો સુવૈદ્યોમાં અને જનતામાં સારો હોઇ, એમાં કરેલ જાહેરાત તુરત જ જવાબ આપે છે. જાહેરાતનો ભાવ એક ઈંચના રૂા. ૨ છે. ૦। પાનું એક વખતના રૂા. ૧૦, ૦॥ પાનું રૂા. ૨૦ અને આખું પાનું રૂા. ૩૬ ભાવ છે. પરંતુ બાર માસનો કોંટ્રેકટ કરવાથી સારૂં કમિશન મળે છે. એ વિષયમાં જીજ્ઞાસુએ પત્રવ્યવહાર કરવો.

પત્રનું કદ: પત્ર રોયલ આઠ પેજીમાં પ્રગટ થાય છે. આખા વર્ષમાં બધું મળી ૩૫૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવે છે. પ્રત્યેક અંકમાં આશરે ૨૮ પૃષ્ઠ થાય છે. અને ભેટપુસ્તક ૧૦૦ થી ૧૨૫ પૃષ્ઠનું દર વર્ષે આપવામાં આવે છે. કુલ્લે ૫૦૦ પૃષ્ઠનું વાંચન રૂા. ચારમાં આપવામાં આવે છે.

આરોગ્યસિન્ધુ કાર્યાલય: ૩૭૫, કાલબાદેવી, **મુંબઈ, ૨**

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્ય સિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૬

જુન ૧૯૫૫
જયેષ્ઠ સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૪)
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે

તાજા સમાચાર

•ત્રિવેન્દ્રમ, તા ૨૨–૨૩–૨૪ના રોજ અખિલ આયુર્વેદિક ૪૦ મું મહા અધિવેશન પં. શિવશર્માના પ્રમુખપદે મળી ગયું. જ્યાં મુબઇના વડા પ્રધાન ના શ્રી મોરારજી દેસાઇએ ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી વડા પ્રધાને આયુર્વેદજ્ઞોને ગાંધીજીના આદેશ અનુસરવાની ખાસ ભલામણ કરી હતી. અને સામાન્ય નિર્દેશ કરતાં કહ્યું હતું કે પ્રાંતીય સરકારો અત્યારે એલોપથી પાછળ જેટલી રકમ ખર્ચે છે તેનો ચોથો ભાગ પણ આયુર્વેદ જેવી શ્રેષ્ઠ પદ્ધતિ પાછળ ખર્ચાય તો આ પદ્ધતિ પોતાની અસરકારકતા પૂરવાર કરી શકે અત્યારે કઇ પદ્ધતિ સારી એ જાતના વાદવિવાદમાં મુક્ત રહેવા તેમણે ખાસ ભલામણ કરી હતી

•પં શિવશર્માએ પ્રમુખ તરીકે પ્રેરક પ્રવચન કર્યું હતું. એમના પ્રવચનની નોંધો આગામી અંકમા પ્રસિદ્ધ કરવામાં આવશે.

•અખિલ ભારત આયુર્વેદિક કોંગ્રેસના ૪૦ મા વાર્ષિક અધિવેશનની ત્રણ દિવસ માટેની બેઠકની પૂર્ણાહુતિ થઇ છે. ભારતના ઓછામાંઓછા પચાસ ટકા ગામડાઓને પૂરતી તબીબી રાહત આપવાની જોગવાઇવાળી એક વિસ્તૃત યોજનાનો બીજી પંચવર્ષીય યોજનામાં સમાવેશ કરવા માટે રાષ્ટ્રીય આયોજનપંચને સુપ્રત કરવાનો અધિવેશને નિર્ણય કર્યો છે

•આયુર્વેદિક ઔષધો, સિદ્ધાંતો, હોસ્પીટલો, દવાખાનાઓની આ યોજનામાં જોગવાઇ કરવામાં આવશે આયુર્વેદિક તબીબોની નોંધણીની પદ્ધતિમાંથી વર્ગીકરણને દુર કરવાની કોંગ્રેસે રાજ્ય બોર્ડને વિનંતિ કરી છે અને રાજ્યોના નોકરોને પણ આયુર્વેદિક પદ્ધતિ દ્વારા તબીબી રાહત આપવાની સરકાને વિનતી કરવામાં આવી છે. ઉપરાંત બધા તાલુકાના વડા મથક ખાતેની હોસ્પીટલોમા આયુર્વેદિક વિભાગ શરૂ કરવાની પણ વિનતી કરવામાં આવી છે

•વધુ ને વધુ પ્રમાણમા વિદેશી તબીબી પદ્ધતિને ઉત્તેજન આપીને આયુર્વેદિક પદ્ધતિને બાજુ પર હડસેલી મુકવાના મદ્રાસમાં લેવાતા પગલાં સામે કોંગ્રેસે વિરોધ વ્યક્ત કર્યો છે. અને મદ્રાસ સરકાર સમક્ષ એક પ્રતિનિધિ મંડળ મોકલાનો નીર્ણય કર્યો છે. આ પ્રતિનિધિ મંડળ મદ્રાસ રાજ્યમાંના ગ્રામવિસ્તારોમાંના બધાંજ આયુર્વેદિક દવાખાનાઓ અને ફાર્મસીઓનેજ સબસીડીઓ રૂપે નાણાકીય સહાય આપવાની રાજ્ય સરકારને વિનતી કરશે

•મુંબઇ રાજ્યમાની આયુર્વેદીક સંશોધન બોર્ડના કામકાજ પરત્વે કોંગ્રેસે ઉંડા ખેદની લાગણી વ્યક્ત કરી છે અને આયુર્વેદિક બોર્ડ પરના એલોપેથિક સ્કોલરોને બદલે આયુર્વેદિક સ્કોલરોને નીમવાની માગણી કરી છે. કોંગ્રેસનું હવે પછીનું અધિવેશન આંધ્રમાં મળશે.

•અધિવેશનની પૂર્ણાહુતિ પ્રસંગે પ્રમુખશ્રી પંડીત શિવશર્માએ આયુર્વેદિક પદ્ધતિની અસરકારકતા અને તેની શ્રેષ્ઠતા પર ભાર મુકયો હતો અને પ્રજા તથા સરકારને આયુર્વેદિક પદ્ધતિને ટેકો આપવાની અપીલ કરી હતી

આરોગ્યસિન્ધુ

(સ્થાપના: સને ૧૯૨૧: સ્થાપક: સ્વ. **વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર**)

સંપાદક: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર**

પ્રકાશન: આ માસિક દર માસની પહેલી તારીખે પ્રગટ થાય છે. જાન્યુઆરીથી આ પત્રનું વર્ષ શરૂ થાય છે. અને ડિસેંબરમાં પૂરૂં થાય છે અંકો સ્ટૉકમાં હોય ત્યાં સુધી પ્રથમ અંકથી જ ગ્રાહક કરવામાં આવે છે.

લવાજમ: આ પત્રનું હિંદમાં વાર્ષિક લવાજમ રૂા. ૪ છે. પરદેશમાં શિલિંગ ૮ છે. છુટક નકલ ૧ના આના ૮ છે. રૂા. ૪ મનીઓર્ડરથી અગાઉથી મોકલવાં વધુ હિતકર છે. વી. પી. થી મંગાવનારને આના નવ વધુ પડશે,

મુંબઇ, અમદાવાદ, સુરત અને સુરેન્દ્રનગરના સ્થાનિક ગ્રાહકોએ લવાજમ નીચેના સ્થળોએ ભરવું: સિન્ધ આયુર્વેદિક ફાર્મસી, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ. ગાંધી રોડ, અમદાવાદ. લીમડા ચોક, સુરત. મૂળીનો ઉતારો, સુરેન્દ્રનગર.

ભેટપુસ્તક: આ પત્રના ગ્રાહક થનારને દર વર્ષે એક ઉત્તમ વૈદ્યક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે આ વર્ષે ભેટ પુતસ્ક તરીકે **"આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"** ભાગ ૩ આપવામાં આવ્યું છે.

વ્યવસ્થા: અંક વિશે તથા લવાજમ મોકલવા વિશે તમામ પત્રવ્યવહાર, વ્યવસ્થાપક **"આરોગ્ય સિન્ધુ" સિન્ધ આયુર્વેદિક ફાર્મસી**, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ એ શિરનામે કરવો.

અંકો વ્યવસ્થાપકની દેખરેખ હેઠળ પોસ્ટ કરવામાં આવે છે. છતાંય અંક ગેરવલ્લે જાય તો ગ્રાહકે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. અંકો સિલકમાં હશે ત્યાં સુધી, બીજીવાર આપવામાં આવશે, પણ ગેરવલ્લે થતાંજ આ રીતે ફરીથી અંક મેળવી શકશે, તે પણ તા. ૧૫મી સુધી ફરિયાદ મળતાં તેના પર ધ્યાન અપાશે.

શિરનામામાં ફેરબદલ હશે તો માસની ૨૫મી સુધીમાં જણાવ્યું હશે તોજ ફેરબદલ થઇ શકશે. અન્યથા જુને શિરનામે જ અંક જશે

પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો ખાસ જરૂરી છે.

સંપાદન: આયુર્વેદ અને આરોગ્યને લગતા ઉચ્ચ વૈદ્યકીય દૃષ્ટિએ લખાયલા લેખોને આ પત્રમાં સ્થાન મળે છે. લેખ મળ્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકારનો ઉત્તર એક માસ બાદ આપવામાં આવે છે. અસ્વીકૃત લેખ સાથે જરૂરી સ્ટૅમ્પ્સ બીડયા હોય તો તે લેખ પરત મોકલવામાં આવે છે. સ્વીકૃત લેખ સમય અને સ્થળ પ્રમાણે યોગ્ય પદ્ધતિએ પ્રગટ કરવામાં આવે છે.

સંપાદક સાથે અગાઉથી સમય નક્કી કરી મુલાકાત લઇ શકાય છે.

વૈદ્યો, વૈદ્યકીય વિદ્યાર્થીઓ, ડૉકટરો અને આયુર્વેદના અભ્યાસીઓને આયુર્વેદ અને આરોગ્યને અનુલક્ષી લખાયલા લેખો મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે.

સંપાદકનું શિરનામું આ પ્રમાણે કરવું: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર** સંપાદક: **આરોગ્યસિન્ધુ** ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

પુસ્તક પરિચય: વિસ્તૃત સાહિત્યાવલોકન માટે પુસ્તકો પ્રકાશકે મોકલવાં જરૂરી છે. એક આરોગ્યસિંધુ કાર્યાલયમાં રહે છે અને એક પ્રત એ વિષયના નિષ્ણાતને અવલોકન માટે મોકલવામાં આવે છે. નિષ્પક્ષપાતપણે તમામ અવલોકનો કરવામાં આવે છે.

જાહેરાત: આ પત્રનો ફેલાવો સુવૈદ્યોમાં અને જનતામાં સારો હોઇ, એમાં કરેલ જાહેરાત તુરત જ જવાબ આપે છે. જાહેરાતનો ભાવ એક ઈંચના રૂા. ૨ છે. ૦। પાનું એક વખતના રૂા. ૧૦, ૦॥ પાનું રૂા. ૨૦ અને આખું પાનું રૂા. ૩૬ ભાવ છે. પરંતુ બાર માસનો કોંટ્રેક્ટ કરવાથી સારૂં કમિશન મળે છે. એ વિષયમાં જીજ્ઞાસુએ પત્રવ્યવહાર કરવો.

પત્રનું કદ: પત્ર રાયલ આઠ પેજીમાં પ્રગટ થાય છે. આખા વર્ષમાં બધું મળી ૩૫૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવે છે. પ્રત્યેક અંકમાં આશરે ૨૮ પૃષ્ઠ થાય છે. અને ભેટપુસ્તક ૧૦૦ થી ૧૨૫ પૃષ્ઠનું દર વર્ષે આપવામાં આવે છે. કુલ્લે ૫૦૦ પૃષ્ઠનું વાંચન રૂા. ચારમાં આપવામાં આવે છે.

આરોગ્યસિન્ધુ કાર્યાલય: ૩૭૫, કાલબાદેવી, **મુંબઈ, ૨**

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના ૧૯૨૧

આરોગ્ય સિંધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક.
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૬

જુન ૧૯૫૫
જ્યેષ્ઠ સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૪)
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે.

તાજા સમાચાર

•ત્રિવેન્દ્રમ, તા. ૨૨–૨૩–૨૪ના રોજ અખિલ આયુર્વેદિક ૪૦ મું મહા અધિવેશન પં. શિવશર્માના પ્રમુખપદે મળી ગયું જ્યાં મુંબઇના વડા પ્રધાન મા. શ્રી મોરારજી દેસાઇએ ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી વડા પ્રધાને આયુર્વેદજ્ઞોને ગાંધીજીના આદેશ અનુસરવાની ખાસ ભલામણ કરી હતી. અને સામાન્ય નિર્દેશ કરતાં કહ્યું હતુ કે પ્રાંતીય સરકારો અત્યારે એલોપથી પછવાડે જેટલી રકમ ખર્ચે છે તેનો ચોથો ભાગ પણ આયુર્વેદ જેવી શ્રેષ્ઠ પદ્ધતિ પછવાડે ખર્ચાય તો આ પદ્ધતિ પોતાની અસરકારકતા પૂરવાર કરી શકે અત્યારે કઇ પદ્ધતિ સારી એ જાતના વાદવિવાદમાં મુક્ત રહેવા તેમણે ખાસ ભલામણ કરી હતી

•પં. શિવશર્માએ પ્રમુખ તરીકે પ્રેરક પ્રવચન કર્યું હતુ. એમના પ્રવચનની નોંધો આગામી અંકમા પ્રસિદ્ધ કરવામા આવશે

•અખિલ ભારત આયુર્વેદિક કોંગ્રેસના ૪૦ મા વાર્ષિક અધિવેશનની ત્રણ દિવસ માટેની બેઠકની પૂર્ણાહુતિ થઇ છે ભારતના ઓછામાઓછા પચાસ ટકા ગામડાઓને પૂરતી તબીબી રાહત આપવાની જોગવાઇવાળી એક વિસ્તૃત યોજનાનો બીજી પંચવર્ષીય યોજનામાં સમાવેશ કરવા માટે રાષ્ટ્રીય આયોજનપંચને સુપ્રત કરવાનો અધિવેશને નિર્ણય કર્યો છે.

•આયુર્વેદિક ઔષધો, સિદ્ધાંતો, હોસ્પીટલો, દવાખાનાઓની આ યોજનામાં જોગવાઇ કરવામાં આવશે આયુર્વેદિક તબીબોની નોંધણીની પદ્ધતિમાંથી વર્ગીકરણને દૂર કરવાની કોંગ્રેસે રાજ્ય બોર્ડને વિનંતિ કરી છે અને રાજ્યોના નોકરોને પણ આયુર્વેદિક પદ્ધતિ દ્વારા તબીબી રાહત આપવાની સરકાને વિનતી કરવામાં આવી છે. ઉપરાંત બધા તાલુકાના વડા મથક ખાતેની હોસ્પીટલોમા આયુર્વેદિક વિભાગ શરૂ કરવાની પણ વિનતી કરવામા આવી છે

•વધુ ને વધુ પ્રમાણમા વિદેશી તબીબી પદ્ધતિને ઉત્તેજન આપીને આયુર્વેદિક પદ્ધતિને બાજુ પર હડસેલી મુકવાના મદ્રાસમાં લેવાતા પગલા સામે કોંગ્રેસે વિરોધ વ્યક્ત કર્યો છે અને મદ્રાસ સરકાર સમક્ષ એક પ્રતિનિધિ મંડળ મોકલાનો નીર્ણય કર્યો છે. આ પ્રતિનિધિ મંડળ મદ્રાસ રાજ્યમાના ગ્રામવિસ્તારોમાંના બધાંજ આયુર્વેદિક દવાખાનાઓ અને ફાર્મસીઓને જ સબસીડીઓ રૂપે નાણાકીય સહાય આપવાની રાજ્ય સરકારને વિનતી કરશે

•મુંબઇ રાજ્યમાંની આયુર્વેદીક સંશોધન બોર્ડના કામકાજ પરત્વે કોંગ્રેસે ઉંડા ખેદની લાગણી વ્યક્ત કરી છે અને આયુર્વેદિક બોર્ડ પરના એલોપેથિક સ્કોલરોને બદલે આયુર્વેદિક સ્કોલરોને નીમવાની માગણી કરી છે કોંગ્રેસનુ હવે પછીનુ અધિવેશન આંધ્રમાં મળશે

•અધિવેશનની પૂર્ણાહુતિ પ્રસંગે પ્રમુખશ્રી પંડીત શિવશર્માએ આયુર્વેદિક પદ્ધતિની અસરકારકતા અને તેની શ્રેષ્ઠતા પર ભાર મુકયો હતો અને પ્રજા તથા સરકારને આયુર્વેદિક પદ્ધતિને ટેકો આપવાની અપીલ કરી હતી

મહાગુજરાત વૈદ્ય મંડળ

સ્થાયી સમિતિની મળેલી સભા

ઉતર ગુજરાતમાં આવેલ, વસઈ ડાભલા ગામે વૈદ્ય અંબાલાલ નાનાલાલ યાજ્ઞિકની બે પુત્રીઓના લગ્ન હોવાથી, વૈદ્ય રવિશંકર મટુભાઇ યાજ્ઞિકનાં આમંત્રણથી, ઉપર્યુક્ત સભા, વસઈ ડાભલા ગામે તા. ૬-૫-૫૫ના, મંડળના પ્રમુખ શ્રી વૈદ્ય વામનભાઈ દીનાનાથ વ્યાસના પ્રમુખ પદે મળી હતી.

એ પ્રસંગે મુંબઇથી વૈદ્ય સોમેશ્વર મયાશંકર ભટ્ટ (મંડળના મંત્રી), વૈદ્ય હેમચંદ્ર નરશી, વૈદ્ય રતીલાલ ગોરડીયા (કાળા ગાંધી), વૈદ્ય ધનજીભાઇ ઠાકોર તથા વૈદ્ય શ્રી રામ શર્મા હાજર થયા હતા અને ત્યાં પ્રમુખશ્રી, તથા વૈદ્ય જયંતીલાલભાઈ અને વૈદ્ય મહેન્દ્ર શુકલભાઇ જોડાયા હતા.

કાર્યક્રમોમાં ૧૪ કલમો રાખવામાં આવેલ અને તે સંબંધે આવેલ સુચનાના પત્રો (વૈદ્ય માધવપ્રસાદભાઇ, વૈદ્ય પ્રતાપકુમારભાઇ, વૈદ્ય બાણુભાઇ નારાણુ, વૈદ્ય હરપ્રસાદભાઈ, વૈદ્ય ત્ર્યંબકલાલ જોશી તથા વૈદ્ય બાપાલાલભાઈના) હાથ ધર્યાં હતાં જેમાં (૧) લોદ્રાના અધિવેશનમાં થયેલ ઠરાવની વિનંતીને માન્ય રાખી ના. સરકારે આયુર્વેદ નિયામક વિભાગ ખોલી, તે માટે સંચાલક તરીકે પણ વૈદ્ય શાસ્ત્રીની કરેલી નિમણુક માટે ધન્યવાદ આપતો ઠરાવ, (૨) એ હોદ્દે નીમાયલા વૈદ્ય શ્રી હરિદત્ત શાસ્ત્રીજીને અભીનંદનનો ઠરાવ, (૩) સૌરાષ્ટ્ર તથા ભારત સરકારના સહકારથી, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાઈટીમાં શરૂ કરવામાં આવનાર આયુર્વેદ અનુસ્નાતક અભ્યાસક્રમ માટે તેના યોજકોને ધન્યવાદ તથા એ અભ્યાસક્રમમાં આયુર્વેદનેજ પ્રાધાન્ય આપવા વિનંતી કરતો ઠરાવ, (૪) મજકુર સોસાઇટીના મંત્રિ તરીકે વૈદ્ય બાલકૃષ્ણ હરિરામ દવે તથા વૈદ્ય દેવેન્દ્ર મોતીરામ દેશાઇની થયેલી નીમણુક માટે અભીનંદનનો ઠરાવ, (૫) ના. સરકારે માન્ય કરેલા શુદ્ધ આયુર્વેદ પાઠયક્રમના વીદ્યાર્થીઓનો દરજ્જો તથા અધીકારો વ્હેલીતકે જાહેર કરવા તથા તેવા પાઠયક્રમના વધુ સફળ પ્રચાર માટે રૂગ્ણાલયો ખોલવા અને જોઇતી સાહાતા આપવા સરકારને વીનંતીનો ઠરાવ, (૬) મુંબઈ રાજ્ય વીમા યોજનામાં વૈદ્યોને સલાહકાર તરીકે પણ નીમવા, વીશેષ પ્રકારની ઔષધીઓ મળતી રહે તેવી વ્યવસ્થા કરવા અને વૈદ્યોની અન્ય માંગણીઓ તાત્કાલીક સ્વીકાર ના. સરકારને વીનંતીનો ઠરાવ, (૭) મુંબઈની રીસર્ચ ઓફ આયુર્વેદ સમિતિ તરફથી પ્રકાશીત થયેલ સ્વસ્થવૃત ગ્રંથ આયુર્વેદ વિષે વધુ ગેર સમજ પેદા કરતું હોવાથી તથા આયુર્વેદનું દૃષ્ટિ બીંદુ પ્રમાણિકપણે રજુ કરતું ન હોવાથી તે પ્રકાશનનો તીવ્ર વીરોધ કરતો અને આનું તથા આવું પુનરાવર્તન ન શાય તેની તકેદારી રાખવા આગ્રહ કરતો ઠરાવ તેમજ આ સમિતિ પર પણ કેવળ વૈદ્યોનીજ નીમણુક કરવા વીનંતી કરતો ઠરાવ, (૮) પાટણની "ગૃહીત આયુર્વેદ" પરીક્ષા માન્ય હોવાનાં, આર. એમ. ઓ. માટેની યોગ્યતામાં તેની થયેલી અવગણનાનો તીવ્ર વિરોધ કરતો તથા ફરીથી તેને તક આપવા વિનંતી કરતો ઠરાવ, (૯) મુંબઇ રાજયની બોર્ડ ઓફ આયુર્વેદ અને યુનાની સિસ્ટમ્સ ઓફ મેડિસિનની આમાંથી ચુંટણી પ્રસંગે પ્રાંતીય વૈદ્ય મંડળો અને મુંબઇ રાજ્ય વૈદ્ય મંડળો સાથે સંપર્ક રાખી, સુસંગત નીતિ નક્કી કરી ભાગ લેવા નિર્ણય કરતો ઠરાવ થયો હતો અને તે માટે વૈદ્ય વામનરાવભાઈ, વૈદ્ય માધવપ્રસાદ ભાઇ, વૈદ્ય ભુખણદાસ વ્યાસભાઈ, વૈદ્ય બાણુભાઈ નારાણજી તથા વૈદ્ય મણિભાઇ નારાણભાઇની એક કમીટી સ્થપાઇ હતી અને તેને રૂા. ૧૦૧) સુધી ખર્ચ કરવા સત્તા આપવામાં આવી હતી. (૧૦) અને મજકુર બોર્ડની આગામી ચુંટણી માટે રીટર્નીંગ ઓફીસરની નીમણુંક કરતી

વખતે, ભુતકાળના રીટર્નીંગ ઓફીસરની કારકીર્દીઓ વીષે વીચાર કરી, વૈદ્ય સમાજનો વિશ્વાસુ કીવા નિષ્પક્ષપાત પ્રમાણિક ઓફીસર નીમવા માટેનો ઠરાવ. (૧૧) ગ્રામ, શહેર, જીલ્લા, પ્રાંત, રાજ્ય અને અખીલ ભારત વૈદ્ય સંસ્થાઓના એકી કરણની યોજના કરવા, સંસ્થાઓના મંત્રીઓની એક કમીટી તથા તેના સંયોજકો તરીકે વૈદ્ય બાબુભાઈ નારાયણ અને વૈદ્ય મણીભાઈ નારાણભાઇની નીમણુક કરતો ઠરાવ, (૧૨) શુદ્ધ આયુર્વેદ વિદ્યાલયો માટે અનુભવી અધ્યાપકો તૈયાર કરવા સંબંધિત વિષયે વૈદ્ય શ્રી વામનરાવભાઈ, વૈદ્ય નાગરદાસ પાઠક, વૈદ્ય ત્રીકમલાલભાઈ રાવળ તથા વૈદ્ય રણછોડરાયભાઇની એક કમીટી નીમી તેના સયોજક તરીકે વૈદ્ય શ્રી રામશર્માની નિમણુકનો ઠરાવ થયો હતો.

ત્યાર બાદ (અ) ના. સરકારે નીમેલી વૈદ્યોની બે સમિતિઓ માટે ના. સરકારને ધન્યવાદનો ઠરાવ, (આ) દંત વૈદ્ય શ્રી જનવદે પરદેશ જતા હોવાથી તેમને પ્રતીક સહાય તરીકે મંડળ તરફથી રૂા. ૨૫) આપવાનો ઠરાવ, તથા (ઇ) તા. ૧૮–૯–૧૯૪૯ના મંડળે કરેલ ઠરાવ પ્રમાણે મંત્રીને સહાયભુત થવા રૂા. ૧૦ થી ૧૫) લગીના માસિક પગારે એક મહેતાજીને રાખી લેવા, પ્રમુખશ્રીની આજ્ઞાથી સભાએ નિર્ણય કર્યો હતો.

મહારાષ્ટ્ર પ્રાંતીય વૈદ્ય સંમેલન: ૧૦ મું અધિવેશન

મહારાષ્ટ્ર પ્રાંતીય વૈદ્ય સંમ્મેલનનું ૧૦મું અધિવેશન તા. ૧૬–૧૭–૧૮ મીના રોજ (ભુસાવળ મુકામે) આયુર્વેદાચાર્ય પાંડુરંગ શાસ્ત્રી દેશપાંડેના પ્રમુખપદે સફળતા પૂર્વક ભરાયું હતું. અધ્યાપક ચર્ચા પરિષદ પણ યોજાઈ હતી. તા. ૧૮ મી બુધવારના દિન મુંબઇ રાજ્ય પરિષદની બેઠક પણ મળી હતી. તેમાં શ્રી ગં. વિ. પુરાણિક પ્રમુખ પદે હતા અને ના. શાંતિલાલ શાહે ઉદ્‌ઘાટન કર્યું હતું.

ગર્ભના સાત્મ્યજ ભાવો* આરોગ્ય–અનાલસ્ય–અલોલુપતા–ઇન્દ્રિયોની પ્રસન્નતા વર્ણસમ્પત્–સ્વરસમ્પત્–બીજસમ્પત્–આરોગ્ય–બલ અને મેધા આ સાત્મ્યજ ભાવો છે.

ગર્ભના રસજ ભાવો× શરીરની ઉત્પત્તિ–શરીરની વૃદ્ધિ–પ્રાણોનો અનુબંધ–તૃપ્તિ પુષ્ટિ–ઉત્સાહ–બલ–વર્ણ–સ્વાસ્થ્ય અને અલૌલ્ય આ રસજ ભાવો છે.

ગર્ભના સત્વજ ભાવો+ ભક્તિ–શીલ–શૌચ–દ્વેષ–સ્મૃતિ–મોહ–ત્યાગ માત્સર્ય શૌર્ય–મદ–ક્રોધ–તન્દ્રા–ઉત્સાહ–તીક્ષ્ણતા–મૃદુતા–ગંભીરતા–મનની ચંચળતા–આસ્તિકતા–કૃતજ્ઞતા–દાક્ષિણ્ય–વ્યવસાય–બુદ્ધિ–મેધા સ્મૃતિ–રૂચિ અને સભિષણાભાવ (ક્રોધાદિથી મુક્ત) આ સત્વજ ભાવો છે.

ગર્ભના જે પિતૃજ આદિ ભાવો છે તે બધા પંચમહાભૂતોના વિકાર છે.

આકાશાત્મક ભાવો શબ્દ, શ્રોત્રેન્દ્રિય, લઘુતા, સૂક્ષ્મતા, સર્વ પ્રકારના (સ્થૂલ, સૂક્ષ્મ, હ્રસ્વ, દીર્ઘ) છિદ્ર, વિવિક્તતા (શરીરાન્તર્ગત શિરાસ્નાયુ આદિ સમસ્ત દ્રવ્યોની પૃથક્તા) આ આકાશજ ભાવો છે.

વાયવીય ભાવો સ્પર્શન, સ્પર્શનેન્દ્રિય, રૂક્ષતા, ધાતુવ્યૂહ (રચના તથા વહન) પ્રેરણા (સર્વદોષો, ધાતુઓ, મળો, ઉપધાતુઓ તથા અંગ પ્રત્યંગોને પોતપોતાના નિયત કાર્ય કરવાની પ્રેરણા) પ્રશ્વાસ, ઉચ્છ્વાસ, ચેષ્ટા (શારીરિક, વાચિક તથા માનસિક) સર્વ શરીર સ્પન્દન અને લઘુતા આ વાયવીય ભાવો છે.

આગ્નેય ભાવો રૂપ, દર્શનેન્દ્રિય, પિત્ત, પ્રકાશ, વર્ણ, મેધા, સંતાપ, ભ્રાજિષ્ણુતા, પક્તિ (આહારની રસ રૂપમાં અને રસની ધાતુ આદિના રૂપમાં પરિણતિ) ક્રોધ, તીક્ષ્ણતા અને શૌર્ય આ આગ્નેય ભાવો છે.

જલીય ભાવો રસ, રસનેન્દ્રિય, શીતલતા, મૃદુતા, સ્નિગ્ધતા, ગુરૂતા, ક્લેદ (દોષધાતુમલ આદિમાં દ્રવાંશ) સ્વેદ, વસા, સ્નેહ, રક્ત, શુક્ર, મૂત્ર આદિ દ્રવ સમૂહ આ જલીય ભાવો છે.

પાર્થિવ ભાવો ગંધ, ઘ્રાણેન્દ્રિય, ગુરૂતા, સ્થૈર્ય, શરીરાવયવોની કઠિનતા કેશ, નખ, અસ્થિ, ધૈર્ય, સ્થૈર્ય આ પ્રાર્થિવ ભાવો છે.

गर्भवासकाल मर्यादा, तस्याः स्थूलावस्थाभेदाः–

નવમા,÷ દશમાં, અગિયારમાં અને બારમાથી કોઈ એક માસમાં ગર્ભનો સ્વાભાવિક પ્રસવ થાય છે. ત્યાર બાદ જો ગર્ભ ગર્ભાશયમાં રહે તો પ્રસવ વિકારી જાણવો, ચરક કહે છે કે આઠમાં મહીનાના અંત પછી નવમા મહીનાના પ્રથમ દિવસથી લઇ દશમા માસ સુધીના

* आरोग्यमनालस्यमलोलुपत्वमिन्द्रियप्रसादः स्वरवर्णबीजसम्पत् प्रहर्षभूयस्त्वं चेति सात्म्यजानि (च. शा. अ. ३–१७)

× शरीरस्याभिनिर्वृत्तिरभिवृद्धिः प्राणानुबन्धस्तृप्तिः पुष्टिरुत्साहश्चेति रसजानि (च. शा. अ. ३–१८)

+ भक्तिः शीलं शौचं द्वेषः स्मृतिर्मोहस्त्यागो मात्सर्यं शौर्यं भयं क्रोधस्तन्द्रोत्साहस्तैक्ष्ण्य मार्दवंगाम्भीर्य मनवस्थितत्वमित्येवमादयश्चान्ये (च. शा. अ. ३–१९)

÷ नवम दशमैकादश द्वादशानामन्यतमस्मिन् जायते, अतोऽन्यथा विकारीभवति। सु. शा. ३–६० तस्मिन्नेकदिवसातिक्रान्तेऽपि नवमं मासमुपादाय प्रसवकालमित्याहु दशमान्मासात् एतावान् प्रसवकालः वैकारिकमतः परंकुक्षौस्थानं गर्भस्य (च. शा. अ. ४–२५)

સમયને પ્રસવકાલ કહે છે. ત્યારબાદ જો ગર્ભ ગર્ભાશયમાં રહે તો સમજવું કે વૈકારિક પ્રસવ છે. અથર્વવેદમાં તથા યાજ્ઞવલ્કય સ્મૃતિમાં ક્રમશઃ દશમો તથા નવમો અને દશમો મહીનો બતાવ્યો છે.

ગર્ભવૃદ્ધિહેતુ* ગર્ભનીવૃદ્ધિ માતાના આહારરસને કારણે તથા વાયુના આધ્માનને કારણે થાય છે. ગર્ભની નાભિની અંદર ઉદરગુહામાં અગ્નિનું નિશ્ચય સ્થાન છે. વાયુ તે સ્થાનની અગ્નિને પ્રધ્માપનથી પરિવર્ધિત કરે છે. તે અગ્નિ સાથે યુક્ત થયેલો વાયુ જેમ જેમ ઉપર નીચે અને તિર્યક્ દિશામાં સ્રોતોનું વિદારણ કરે છે તેમ તેમ ગર્ભની વૃદ્ધિ થાય છે. જેવી રીતે કુલ્યાથી (નાની નાડિયોથી) ખેતરની પુષ્ટિ થાય છે તેવી રીતે નાભિ નાડિથી ગર્ભની પુષ્ટિ થાય છે.

गर्भपोषणं (अपरानाल उत्पत्ति–पूर्वोत्तरम्) तयोः गर्भाशय–संबंधः, अपरा–नाभि–नाडि–संबंधः, तयोः कार्यम्

ગર્ભસ્થ શિશુનું પોષણ× સગર્ભાવસ્થાના પોષણના બે કામ છે. અપરા તથા નાભિ નાડીની ઉત્પત્તિ ન થાય ત્યાંસુધીના સમયને પ્રથમ પોષણકાલ (निषेकात् प्रभृति) કહે છે. અપરા તથા નાભિનાડી બંન્યા પછીના પોષણ કાલને द्वितीय पोषणकाल (व्यक्तीभव अंगप्रत्यंग) કહે છે. પ્રથમ પોષણકાલ માટે ચરકે सदसद्भूतांगावयवः શબ્દનો પ્રયોગ કર્યો છે. ગર્ભાધાન પશ્ચાત્ જ્યાંસુધી અંગ પ્રત્યંગોના વિભાગની (અપરા-જરાયુ આદિ) ઉત્પતિ થઈ નથી ત્યાંસુધી સર્વ શરીરના અવયવોને અનુસરનારી રસવહ તિર્યગ્ગત ધમનીનો ઉપસ્નેહ ગર્ભસ્થ જીવને જીવાડે છે. નિષેક પછી (યોનિના શુક્રનું સિંચન થયા બાદ) શુક્ર અને રજના સંયોગોને ગર્ભાશયનો ઉપસ્નેહ અને ઉપસ્વેદ જીવાડે છે. તરસ અને ભૂખ રહિત પરાધીન વૃત્તિવાળો અને સત તથા અસત અંગ અને અવયવવાળો ગર્ભ માતાનો આશ્રય કરીને ઉપસ્નેહ અને ઉપસ્વેદથી ગર્ભાશયમાં જીવે છે.

અપરા અને નાભિનાડી ઉત્પન્ન થયા પછી પ્રસવ સુધી અપરાની સાથે (માતાની રસવહા નાડીમાં) ગર્ભની નાભિનાડી લાગેલી હોય છે. તે નાભિનાડી દ્વારા માતાનો આહારસ અને વીર્ય ગર્ભને મળે છે. આ ઉપસ્નેહથી ગર્ભની વૃદ્ધિ થાય છે. અંગ પ્રત્યંગો વ્યકત થયા પછી (નાભિનાડી-અપરા) ગર્ભસ્થ શિશુની નાભિમાં નાભિનાલ અને નાળમાં અપરા અને

---

* गर्भस्य खलु रसनिमित्ता मारुताध्माननिमित्ता च परिवृद्धिर्भवति। (सु. शा. अ. ३–५७)

× असंजाताङ्ग प्रत्यङ्ग प्रविभागमानिषेकात् प्रभृति सर्वशरीरावयवानुसारिणीनां रसवहानां तिर्यग्गतानां, धमनीनामुपस्नेहोजीवयति (सु. शा. अ. ३–३१)

निषेकात् प्रभृति गर्भाशयोपस्नेहोपस्वेदौ वर्तनम् (अ. सं. शा. २–३०)

व्यपगत पिपासा बुभुक्षस्तु खलुगर्भः परतन्त्रवृत्तिमतिरमाश्रित्य वर्तयत्युपस्नेहोपस्वेदाभ्यां गर्भाशये सदसद्भूताङ्गावयवः (च. शा. ६–२३)

मातुस्तु खलु रसवहायां नाड्यां गर्भनाभिनाडी प्रतिवद्ध। साऽस्य मातुराहाररसवीर्यमभिवहति। तेनोपस्नेहेनास्याभिवृद्धिर्भवति। (सु. शा. ३–३३)

ततो व्यक्तीभवदङ्ग प्रत्यङ्गस्याऽस्य नाभ्यां प्रतिवद्धा नाडी नाड्यामपरातस्यामातृहृदयम्। ततो मातृ हृदयादाहाररसो, धमनीभिःस्पन्दमानोऽपरामुपैति। ततःक्रमान्नाभिम्। ततश्च संपुनर्गर्भस्य पक्काशये स्वकायाग्निना पच्यमानः प्रसाद वाहुल्याद्धात्वादिपुष्टिकरः संपद्यते। ततो रोमकूपैरुपस्नेहो। (अ. सं. शा. अ. २–३१)

અપરામાં માતાનું હૃદય (तत्र मातुः रसवाहिन्यो धमन्यः प्राप्नोति। ताभिर्धमनीभिः सुतोऽपरां प्राप्नोति (स. सं. शा. अ. ૨–૩૧ની ટીકા) સંબદ્ધ હોય છે. ત્યારબાદ માતાના હૃદયમાંથી આહારરસ ધમનીઓ દ્વારા અપરામાં આવે છે. અપરામાંથી નાભિનાલ દ્વારા ગર્ભસ્થ શિશુની નાભિમાં ત્યારબાદ ગર્ભના પક્વાશયમાં જઈ સ્વકાર્યાગ્નિથી પરિપક્વ થઈ સારની અધિકતાથી શિશુના શરીરની પુષ્ટિ કરે છે. તથા ગર્ભાશયનો સ્નેહ ગર્ભના રોમકૂપ દ્વારા પ્રવિષ્ટ થઈ ધાતુની પુષ્ટિ કરે છે. ત્યારપછી કંઈક ઉપસ્નેહ લોમકૂપ દ્વારા અને કંઈક નાભિનાડિના માર્ગેથી થાય છે. સલિલથી પૂર્ણ સરોવરના કિનારે રહેલા કદંબવૃક્ષને તેનો સ્નેહ જેવીરીતે છવાડે છે તેવીજ રીતે ગર્ભાશયનો ઉપસ્નેહ ગર્ભને છવાડે છે.

અપરા માતાના રસ રક્તથી પોષક તથા અન્ય દ્રવ્ય ગર્ભને પહોંચાડવા અને મળ દ્રવ્યો તેનાથી ગ્રહણ કરવા આ અપરાનું પ્રધાન કર્મ છે અપરા એક અન્તસ્રાવી ગ્રન્થિ પણ છે ઇસ્ટ્રિન–પ્રોજેસ્ટિન તથા બીજ ગ્રન્થિ પ્રવર્તક અન્તઃસ્રાવ અપરાથી ઉત્પન્ન થાય છે. ગર્ભસ્થિતિ અને પોતાની સ્થિતિ માટે અપરા અધિક માત્રામાં પ્રોજેસ્ટિન ઉત્પન્ન કરે છે.

જરાયુ–ઉલ્બ અને અપરાનો શાસ્ત્રશુદ્ધ અર્થ આ શબ્દોના અર્થના વિષયમાં ઘણીવખત નવા વિદ્યાર્થીઓને કેટલીક મુશ્કેલીઓ પડે છે આના સ્પષ્ટ અર્થોના સ્મરણ માટે ગીતાનું આ સૂત્ર "यथोल्बेनावृतो गर्भः" સ્મરણમાં રાખવું જોઇએ. ચાર પ્રકારના પ્રાણીઓમાં અણ્ડજની સમાન જરાયુ પણ પ્રસિદ્ધ છે. ગર્ભને ચારે તરફથી અંડની સમાન આવરણ કરવાવાળી જે કલા હોય છે (Foetal Membrane) તેને ઉલ્બ અથવા જરાયુ કહે છે. માતાના રક્તદ્વારા માધ્યમ રૂપથી ગર્ભને પોષણ કરવાવાળા અવયવ વિશેષને અપરા (Placenta) કહે છે. ગર્ભધારણા થવા બાદ ગર્ભાશયની અન્તઃકલા મોટી થવા લાગે છે અને ચાર પાંચ મહીનામાં તો તે દસગણી મોટી થઈ જાય છે. તેનો બહારનો ભાગ અધિક નરમ હોય છે અને અંદરનો ભાગ કંઈક શિથિલ હોય છે. આનો આકાર દીર્ઘગોળ, વ્યાસ ૬ થી ૭ ઇંચ વચ્ચે ૧ ઇંચ સ્થૂલ વજનમાં ૧ થી ૧॥ રતલ હોય છે

અપરાનો અર્થ સામાન્યતયા પ્લેસેન્ટા હોવા છતાં પણ કેટલેક સ્થળે તેનો પ્રયોગ જરાયુસહિત અપરાના અર્થમાં થયો છે. દાખલા તરીકે अथापराऽपतन्यानाहाध्मानौ कुरुते (सु. शा. अ. १०–२१) तस्यास्तु खलु अपरायाः प्रपतनार्थे कर्मणि क्रियमाणे (च. शा. अ. ८–४२) अथ प्रसूताया न चेदपरा पतति ततः (अ. स. शा ३–३०) ततस्तदपरा. प्रतिहतामपरे कोपवीरमान· परेत्याहुः जरायुरित्यन्ये (अ. सं. शा. २–९) આ વચનોથી સિદ્ધ થાય છે કે અપરા શબ્દ પ્રસિદ્ધ અપરા તથા આવરણ બંને અવયવોનો બોધ કરાવવા માટે પ્રયુક્ત થયો છે.

કેટલેક સ્થળે અપરા શબ્દ કેવળ પ્લેસેન્ટાને નામે પ્રયુક્ત થયો છે. नाभ्यां ह्यस्य नाडी प्रसक्ता, नाड्यां चापरा अपरायां मातु प्रसक्ता हृदये, मातृहृदयं........(च. शा. अ. ६–२३) अपरा गर्भस्य नाभिनाडी प्रतिबद्धा 'अमरा' इतिलोके ख्याता (चक्रपाणिदत्त)

જરાયુ શબ્દનો પ્રયોગ ફક્ત આવરણના અર્થમાં નીચેના સ્થળે થયો છે. जरायुणा मुखेच्छन्ने (सु. शा. २–५५) गर्भवेष्टन चर्मपुटके जरायुः (डल्हण)

उल्बंजरायुः (डल्हण) सु. शा. १०–१२ पर अथ जातस्य उल्बमपनीय (सु. शा. १०–१२) अथ खलु जातमात्रमेव बालमुल्बात् सैन्धवसर्पिषा मार्जयेत् (अ. सं. उ. अ. १) ગર્ભવતી સ્ત્રિયોના

આર્તવવહસ્રોતોનો માર્ગ ગર્ભદ્વારા બંધ થઈ જાય છે. ગર્ભાશયની જે કલા અને રક્તવાહિનિયોથી આર્તવ શોણિત બને છે તે ગર્ભ તેના ઉપર રહેલો હોવાથી આર્તવ બનતું નથી. જેથી ગર્ભાધાન બાદ ગર્ભવતી સ્ત્રિયોમાં આર્તવ દેખાતું નથી. નીચેની તરફ બંધ થયેલા આર્તવના પરિવર્ધિત અંશથી ઉત્તરકાળમાં અપરા બને છે. શેષ આર્તવ સ્તનોમાં જઇ સ્તનોને પરિપુષ્ટ કરી સ્તન્યના નિર્માણ માટે ઉચિત પરિવર્તન કરે છે જેથી ગર્ભવતી સ્ત્રીના સ્તનો પુષ્ટ અને ઉન્નત હોય છે.

નાભિનાલ જરાયુ અને ગર્ભનો પરસ્પર સંબંધ નાભિનાલ દ્વારા હોય છે. નાલની લંબાઇ ૬ ઈંચથી ૬ ફુટ સુધીની હોય છે. તેની જાડાઇ કનિષ્ઠિકા અંગુલિની સમાન હોય છે કોઈ કોઇ વખત નાભિનાલ હોતીજ નથી ત્યારે જરાયુ ગર્ભની નાભિમાંજ લાગેલો હોય છે.

ગર્ભવૃદ્ધિક્રમ ગર્ભાશયમાં ગર્ભાધાન થયા બાદ સાત્મય રસોના ઉપયોગ અને સારી ઉપચર્યાથી તેની રોગી રહીને ક્રમશઃ વધે છે.

માતા વગેરે ગર્ભકર ભાવોની સંપત્તિથી તથા માતાના આચરણની ઉત્તમતાથી માતાથી મળતા ઉપસ્નેહ અને ઉપસ્વેદથી કાળક્રમે પરિપાક પામવાથી અને સ્વાભાવિક વૃદ્ધિ થવાની ગર્ભ ઉદરમાં વૃદ્ધિ પામે છે.

गर्भस्य अंगप्रत्यंगोत्पत्तिकालः–*

પ્રધાન ઇન્દ્રિયો શિરમૂલમાં રહેલી હોવાને કારણે ગર્ભમાં સર્વ પ્રથમ શિરથી ઉત્પત્તિ થાય છે આ શૌનકઋષિનો મત છે. બુદ્ધિ અને મનનું સ્થાન હૃદય હોવાથી તેની પ્રથમ ઉત્પત્તિ થાય છે આ કૃતવીર્યનો મત છે. મનુષ્યોના શરીરની વૃદ્ધિ નાભિદ્વારા થાય છે એટલા માટે નાભિની પ્રથમ ઉત્પત્તિ થાય છે આ પારાશરનો મત છે. ગર્ભની ચેષ્ટાનું મૂળ હાથ અને પગ છે તેથી તેની પ્રથમ ઉત્પત્તિ થાય છે આ માર્કણ્ડેય ઋષિનો મત છે. મધ્ય શરીરમાં સંપૂર્ણગાત્રો નિબંદ્ધ હોવાને કારણે પ્રથમ તેની ઉત્પત્તિ થાય છે આ સુભૂતિ ગૌતમ ઋષિનો મત છે. વાયુનું અધિષ્ઠાન પક્વાશય અને ગુદા હોવાથી તેની પ્રથમ ઉત્પત્તિ થાય છે આ ભદ્રશૌનકનો મત છે. ઇન્દ્રિયો બુદ્ધિનું અધિષ્ઠાન હોવાથી પ્રથમ તેની ઉત્પત્તિ થાય છે આ જનકવૈદેહનો મત છે. પરોક્ષપણુથી આ વસ્તુ અચિન્ત્ય છે એમ મારીચિ કશ્યપનો મત છે.

---

* गर्भस्य खलु संभवतः पूर्वं शिरः संभवतीत्याह शौनकः शिरोमूलत्वात्प्रधानेन्द्रियाणाम् हृदयमिति कृतवीर्यो बुद्धेर्मनसश्च स्थानत्वात् नाभिरिति पाराशर्यस्ततो हि वर्धते देहो देहिनः पाणिपादमितिमार्कण्डेय स्तन्मूलत्वाच्चेष्टाया गर्भस्य, मध्य शरीरमिति सुभूतिर्गौतमस्तिन्निबद्धत्वात् सर्वं गात्र संभवस्य (सु. शा. अ. ३ ३२)

पक्वाशयो गुदमिति भद्रशौनको मारुताधिष्ठानत्वात्। इन्द्रियाणि इति जनको वैदेहः तान्यस्य बुद्धयधिष्ठानानीतिकृत्वा, परोक्षत्वादचिंत्यम् इति मारिचिः कश्यपः (च. शा. अ. ६ २१) तत्तु नमस्यक् सर्वाण्यंग प्रत्यंगानि युगपत् संभवन्तीत्याह धन्वन्तरि गर्भस्य सूक्ष्मत्वान्नोपलभ्यन्ते वंशांकुरवच्चूतफलवच्च, तद्यथा चूतफले परिपक्वे केशर मांसास्थि मज्जानः पृथक् पृथक् दृश्यन्ते कालप्रकर्षात्, तान्येव तरुणेनोपलभ्यन्ते, सूक्ष्मत्वात् तेषां सूक्ष्मामां केशरादीनां कालः प्रव्यक्तता कालः प्रव्यक्ततां करोति,......एवं गर्भस्य तारुण्ये सर्वेस्वंग प्रत्यंगेषु सत्स्वपि सौक्ष्म्यादनुपलब्धिः। तान्येव काल प्रकर्षात् प्रव्यक्तानि भवन्ति (सू. शा. अ. ३ ३२)

ધન્વન્તરિ સિદ્ધાન્ત આ મતભેદો યોગ્ય નથી કારણકે સર્વ અંગપ્રત્યંગોની ઉત્પત્તિ એકી સાથે થાય છે. વાંસના અંકુર અને આમ્રફળની માફક ગર્ભની તરૂણાવસ્થામાં તે ભાવોની સૂક્ષ્મતા હોવાને કારણે ઉપલબ્ધિ થતી નથી જેવી રીતે કે પરિપકવ આમ્રફળમાં કેસર (રેશા) માંસ (રસ યા સારભાગ) અસ્થિ (ગોટલો) અને મજ્જા (ગોટલાની અંદરની ગોટલી) કાળાન્તરે (આમ્રફળ પરિપકવ થવા પર) પૃથક્ પૃથક્ દેખાય છે આજ ભાવો અપકવ અર્થાત્ સૂક્ષ્મ ફળમાં જુદા જુદા જોવામાં આવતા નથી. આ સૂક્ષ્મ ભાવોને કાળજ વ્યક્ત કરે છે. તેવી રીતે ગર્ભની સૂક્ષ્મ અવસ્થામાં સર્વ અંગ-પ્રત્યંગો હોવા છતાં પણ સૂક્ષ્મતાને કારણે તેની ઉપલબ્ધિ થતી નથી યોગ્ય સમય આવતાં તે ભાવો વ્યક્ત થાય છે.

હૃદય વગેરે સર્વે અંગો એકી સાથે ઉત્પન્ન થાય છે કારણકે સર્વભાવો અન્યોન્ય બંધાયેલા હોય છે.

मानव विग्रहत्व कालः-

માતૃજ આદિ વિવિધ પ્રકારના ગર્ભકર ભાવોના સમુદાયથી આ ગર્ભ બને છે. જેમ તંબુ વિવિધ દ્રવ્યોના સમુદાયથી બને છે અથવા જેવી રીતે રથના વિભિન્ન અવયવોને એકત્રિત કરવામાં આવે તો રથ બને છે તેવી રીતે માતૃજ-પિતૃજ આદિ ૭ ઘટકોથી ગર્ભ બને છે.

પ્રાણીઓની ચાર જાતની યોનિઓ હોય છે-જરાયુ-અંડજ-સ્વેદજ અને ઉદ્ભિજ, પ્રાણીઓની આકૃતિયોના અસંખ્ય ભેદો હોવાથી તે તે યોનિના પણ અસંખ્ય ભેદો થાય છે. જેવી રીતે સોનું-ચાંદી-તાંબુ-કલાઈ અને સીસાને ઓગાળીને વિવિધ પ્રકારના મીણથી બનાવેલી આકૃતિ દ્વારા નિર્મિત માટીના બીબામાં રેડવાથી તે તે રૂપની આકૃતિ થાય છે. જ્યારે તેને મનુષ્યના બીબામાં નાંખવામાં આવે છે ત્યારે મનુષ્ય સ્વરૂપે ઉત્પન્ન થાય છે તેવી રીતે સમુદાયથી ઉત્પન્ન થતો ગર્ભ મનુષ્ય સ્વરૂપે જન્મે છે આ રીતે તે મનુષ્ય યોનિનો હોવાથી મનુષ્ય મનુષ્યથી ઉત્પન્ન થયેલો કહેવાય છે.

लिंग भेदकालः हेतुः च

*શુક્રાર્તવના સંયોગ સમયે શુક્રની બહુલતા હોય તો પુરૂષ-આર્તવની બહુલતા હોય તો સ્ત્રી અને બંનેની સમતા હોય નપુંસક ગર્ભ ઉત્પન્ન થાય છે.

આધુનિક દષ્ટિએ આ સૂત્રની વ્યાખ્યા કરીશું. શરીરના પ્રત્યેક અણુમા એક કેન્દ્ર હોય છે. તે કેન્દ્રમાં રંગદ્રવ્ય હોય છે તેને ક્રોમેટીન (*Chromatin*) કહે છે. સેલવિભજનના સમયે આ રંગદ્રવ્ય કેટલાક સૂત્રોમાં વિભક્ત થાય છે તેને રંગસૂત્રો (Chromosomes) કહે છે મનુષ્યોમાં આની સંખ્યા ૪૮ હોય છે. પુંબીજ અને સ્ત્રીબીજ પરિપકવ જ્યારે થાય છે ત્યારે તેમાં વિભજનને અંતે ૨૪-૨૪ રંગસૂત્રો રહે છે. આ રંગસૂત્રો દ્વારા પુરૂષોના ગુણદોષો ભાવિ સંતતિમાં આવે છે. પ્રાચીન મતઅનુસાર આ રંગસૂત્રોને બીજનો બીજભાગ કહે છે, જેમાં

* अत्र शुक्रबाहुल्यात् पुमान्, आर्तव बाहुल्यात् स्त्री, साम्यादुभयोर्नपुंसकमिति। (सु. शा. अ ३ ५)

आधिक्ये रजसः कन्या, पुत्रः शुक्राधिके भवेत्।

नपुंसकं समत्वेन, यथेच्छा पारमेश्वरी॥ (शारंगधरसंहिता)

पितू रेतोऽतिरेकात् पुरुषो, मातूरेतोऽतिरेकात् स्त्री, उभयोर्बीजतुल्यत्वान्नपुंसको भवति (गर्भोपनिषद्)

વ્યક્તિના પ્રત્યેક અંગ પ્રત્યંગનું સૂક્ષ્મ ચિત્ર હોય છે. ચક્રપાણીએ કહ્યું છે કે मनुष्यवीजं हि प्रत्यंग बीजभाग समुदायात्मकं स्वसदृश प्रत्यंग समुदाय रूपपुरुषजनकम्।

કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે કે શુક્રાણુઓમાં ૪૭ ક્રોમોસોમ્સ હોય છે અને જ્યારે તેમાં વિભજન થાય છે ત્યા ૨૪ યા ૨૩ ક્રોમોસોમ્સ રહે છે. ૨૪ ક્રોમોસોમ્સયુક્ત શુક્રાણુઓ બળવાન હોય છે. જે સ્ત્રીબીજ સાથે મળે ત્યારે પુમાન ગર્ભ ઉત્પન્ન થાય છે સુક્રોમોસોમ્સયુક્ત શુક્રાણુઓ નિર્બળ હોય છે જે સ્ત્રીબીજ સાથે મળે ત્યારે સ્ત્રી ગર્ભ ઉત્પન્ન થાય છે.

લિંગનો નિર્ણય ક્રોમોસોમ્સ દ્વારાજ થાય છે. પ્રાણિમાત્રમાં સ્ત્રીના કોષોના ક્રોમોસોમોના બધા યુગ્મો પરસ્પર એક સરખા હોય છે. પરન્તુ પુરૂષના કોષોમાં એક યુગ્મોના ક્રોમોસોમામાં પરસ્પર કંઈક ભેદ હોય છે. તેમાં એક ક્રોમોસોમતો સ્ત્રીના કોષના ક્રોમોસોમોના અથવા પુરૂષ કોષના અન્ય ક્રોમોસોમોની માફકજ હોય છે પરંતુ બીજો કંઈક નાનો અને પાતળો હોય છે. પુરૂષોના કોષોમાં વિદ્યમાન આ વિસદૃશ ક્રોમોસોમને ‘વાય ક્રોમોસોમ કહે છે’ તથા બીજા અન્ય ક્રોમોસોમોની સદૃશ ક્રોમોસોમને ‘એકસ ક્રોમોસોમ’ કહે છે. લિંગનો નિર્ણય આ વાય ક્રોમોસોમથી જ થાય છે. પુરૂષ કોષગતં એકસ ક્રોમોસોમની સદૃશ સ્ત્રી કોષમાં જે યુગ્મ હોય છે તેમાં પ્રત્યેકને એકસ ક્રોમોસોમ કહે છે. પુરૂષ અને સ્ત્રી કોષમાં વિદ્યમાન ક્રોમોસોમોની ભિન્નતાનો પ્રભાવ પુંબીજો અને સ્ત્રીબીજોથી ગર્ભબીજની ઉત્પત્તિ થઈ તેના લિંગના નિશ્ચય પર હોય છે. પ્રજનન કોષોનો સ્વભાવસિદ્ધ અપચયાત્મક (Reduction Division) વિભજન થતી વખતે ક્રોમોસોમોના પ્રત્યેક યુગ્મો જ્યારે વિભક્ત થાય છે ત્યારે અપરિપકવ સ્ત્રીબીજથી ઉત્પન્ન બધા સ્ત્રીબીજોમાં એકસ ક્રોમોસોમ થઈ જાય છે. પરંતુ પુંબીજોમાં એક પુત્ર બીજમાં એકસ તથા બીજામાં વાઈ ક્રોમોસોમ જાય છે. જો એકસ ક્રોમોસોમવાળા પુંબીજનો સંયોગ સ્ત્રીબીજ સાથે થાય તો બે એકસ ક્રોમોસોમવાળુ ગર્ભબીજ બને છે જે સ્ત્રીલિંગી હોય છે. પરન્તુ જો વાય ક્રોમોસોમવાળા પુંબીજનો સ્ત્રીબીજથી સંયોગ થઇ ગર્ભબીજ બને તો વાઈ ક્રોમોસોમને કારણે ગર્ભ પુંલિંગી બને છે. કરોડો પુંબીજોમાં વાઈ ક્રોમસોમવાળું પુંબીજ યા એકસ ક્રોમોસોમવાળું પુંબીજ સ્ત્રીબીજ સાથે સંયોગ પામશે તે તે (यथेच्छा परमेश्वरी) પ્રકૃતિના નિયમને આધીન છે. શુક્રની બહુલતાના બે અર્થ થઇ શકે છે. પ્રમાણની અધિકતા તથા કાર્યકર શક્તિની અધિકતા.

પ્રમાણની અધિકતા અંજલિ પ્રમાણ બતાવતાં આચાર્યે કહ્યું છે કે આર્તવનું પ્રમાણ ચાર અંજલિ છે અને શુક્રનું પ્રમાણ પ્રસૃતિ છે. તો પુમાન ગર્ભની ઉત્પત્તિ કેવી રીતે થઈ શકે? પ્રત્યક્ષ ગર્ભોત્પત્તિમાં આ આર્તવની આવશ્યકતા નથી ત્યાર પછીના અનિઃસ્રુત આર્તવથી જ ગર્ભધારણા થાય છે. ગર્ભાશયમાં જેટલું મલરહિત આર્તવ છે તેનું જ ગ્રહણ કરવું જોઇએ.

કાર્યકરશક્તિની અધિકતા પુંસ્ત્વ યા સ્ત્રીત્વકારક શક્તિની અધિકતા શુક્ર બળવાન હોય તો અલ્પ આર્તવને દબાવી પુમાન ગર્ભને ઉત્પન્ન કરે છે.

આ રીતે બાહુલ્યથી શુક્રબીજની પુંસ્ત્વકારક શક્તિની અધિકતા સમજવી જોઇએ અને અલ્પતાથી પુંસ્ત્વકારક શક્તિની અલ્પતા યા અભાવ સમજવો જોઇએ.

કેટલાક અર્વાચીન વિદ્વાનોનો મત છે કે સ્ત્રી બીજમાં પણ સ્ત્રીત્વજનક અને પુંસ્ત્વજનક

બે પ્રકારના બીજ સ્વભાવથીજ હોય છે. જો સ્ત્રીત્વજનક બીજથી ગર્ભોત્પત્તિ થાય તો કન્યા અને પું સ્ત્વજનક બીજથી ગર્ભોત્પત્તિ થાય તો પુત્રની ઉત્પત્તિ થાય છે.

વધુ અન્વેષણોથી માલમ પડયું છે કે જમણા બીજકોષમાંથી ઉત્પન્ન થનાર બીજ પુત્રજનક અને વામ બીજ કોષમાંથી ઉત્સર્ગ થવાવાળુ બીજ કન્યાજનક હોય છે. અન્ય શબ્દોમાં કહીયે તો વામકોષવાળું બીજ પ્રબળ અને દક્ષિણકોષવાળું બીજ અલ્પ બળવાળું હોય છે.

શરીર સ્વાસ્થ્ય અને આહાર પુત્રોત્પત્તિ માટે પુરૂષને પૌષ્ટિક આહાર વિહાર અને સ્ત્રીને લઘુ આહાર વિહાર આપવો જોઇએ. વાજીકરણ પ્રકરણમાં પણ કહેવામાં આવ્યું છે કે વાજીકરણ વિધાનથી શુક્રને પુષ્ટ કરી પુત્રની ઉત્પત્તિ માટે મૈથુન કરવું જોઇએ. વૃષ્ય વગેરે પ્રયોગોથી ઉત્પન્ન થયેલો પુત્ર ધર્મ–અર્થ આદિ પુરૂષાર્થો સારી સંપન્ન કરી શકે છે. અષ્ટાંગ સંગ્રહમાં કહ્યું છે કે પુત્રોત્પત્તિ માટે પુષ્પ દર્શનની શરૂઆતથી સ્ત્રીને અલ્પ અને કર્શણ આહાર આપવો જોઇએ. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કહ્યું છે કે પુત્રોત્પત્તિ માટે ક્ષામતા સ્ત્રીને જરૂરી છે. આની ટીકામાં વિજ્ઞાનેશ્વર કહે છે કે ક્ષામતા રજસ્વલા વ્રતથી થાય છે જો ક્ષામતા આથી ન થાય તો અલ્પ અને અસ્નિગ્ધ ભોજનથી કરવી, અર્વાચીન વિદ્વાનોનું મંતવ્ય છે કે સ્ત્રીની ક્ષામતા પુત્રોત્પત્તિ માટે સહાયતા કરે છે.

આ સિવાય પુત્રની ઇચ્છાની પ્રબળતા તથા શારીરિક અને માનસિક સ્વાસ્થ્યમાં જો પુરૂષ બળવાન હોય તો પુત્ર અને સ્ત્રી બળવાન હોય તો કન્યાની ઉત્પત્તિ થાય છે.

પુત્રની ઉત્પતિ માટે બ્રહ્મચર્યની ખુબજ આવશ્યકતા હોય છે એટલા માટે પુત્રીય વિધાનમાં સુશ્રુતે કહ્યું છે કે માસં બ્રહ્મચારી બ્રહ્મચર્યથી બળવાન પુત્ર ઉત્પન્ન થાય છે. આધુનિક વિદ્વાન આઇડીઅલબર્થ પણ આ સિદ્ધાન્તને ટેકો આપે છે.

પુત્રીય વિધાનમાં સમ-વિષમ દિન ×સમાગમનું ફલ બતાવતાં સુશ્રુત કહે છે. ઋતુકાળના સમ દિવસોમાં સમાગમ કરવાથી પુત્ર અને વિષમ દિવસોમાં સમાગમ કરવાથી કન્યા ઉત્પન્ન થાય છે. એટલા માટે બ્રહ્મચર્યાદિથી શુચિ થઈ પુત્રની ઇચ્છાવાળા પુરૂષે સમ અને કન્યાની ઇચ્છાવાળા પુરૂષે વિષમ દિવસોમા સ્ત્રી સમાગમ કરવો.

વિદેહનો મત છે કે યુગ્મ યા સમ દિવસમાં સ્ત્રિયોનું રજ અલ્પતર અર્થાત્ નિર્બળ હોય છે જેથી તે વખતે સમાગમ કરવાથી પુત્રની ઉત્પત્તિ થાય છે. અ યુગ્મ યા વિષમ દિવસોમાં સ્ત્રિયોનું રજ બહુતર અર્થાત બળવાન હોય છે જેથી તે વખતે સમાગમ કરવાથી કન્યાની ઉત્પત્તિ થાય છે.

જે મહીનાંમાં જમણા બીજકોષમાંથી બીજ નીકળે છે તે મહિનામાં સમાગમ કરવાથી પુત્ર ઉત્પન્ન થાય છે. આ પહેલા ૧ મહીનો બ્રહ્મચર્યનું પાલન કરવું અને વૃષ્ય દ્રવ્યોથી શુક્રને બળવાન બનાવી પહેલા નવ દિવસમાં સમાગમ કરવો. આ દિવસોમાં સ્ત્રીએ અલ્પાહાર યા લંઘન કરવું. સમાગમ પહેલા અને સમાગમના સમયે મનમાં પ્રબળ પુત્રની ઇચ્છા કરવી અને શુક્રોત્સર્ગ ગર્ભદ્વાર પાસે ન કરતાં યોનિદ્વાર પાસે કરવો સમાગમને અંતે સ્ત્રીએ વીર્ય ગ્રહણ માટે શિથિલ અવસ્થામાં રતી ચત્તા સુંઈ જવું જોઇએ.

× युग्मेषु तु पुमान् प्रोक्तो दिवसेष्वन्ययाऽबला।
पुष्पकाले शुचिस्तस्मादपत्यार्थी स्त्रियं व्रजेत्॥ (सु. शा. अ. १२)

पुंसवन हेतुः प्रयोगकालश्च

પુંસવન વિધિ ગર્ભને પુરૂષ બનાવવા માટે કરવામાં આવે છે. पुंसवनमिति पुंस्त्वकारकं (चक्रपाणिदत्त) અથવા पुमांल्लब्धो जायते तेन पुंसवनम्।

પુંસવન્ સંસ્કારનો અર્થ એ છે કે સંતાન પુત્રજ થાય, કન્યા નહીં. શિશ્ન–ભગ ઈત્યાદિ લિંગ દર્શક બાહ્યાંગોની અને વૃષણ તથા બીજકોષ (અન્તર્ફળ) આ લિંગદ્યોતક અન્તરંગોની ઉત્પત્તિનો પ્રારંભ થાય તે પહેલા આ સંસ્કાર કરવામાં આવે છે. આ અંગોની ઉત્પત્તિનો પ્રારંભ થયા બાદ લિંગપરિવર્તન કરવું અતિ મુસ્કેલ છે.

સગર્ભાવસ્થામાં બાળકનું લિંગ નક્કી કરવું અધિક કઠિન છે. તથાપિ પ્રાચીન આચાર્યોએ નીચે મુજબ લક્ષણો બતાવ્યા છે.*

વામઅંગથી અધિક કાર્ય કરવાવાળી, પુરૂષની ઇચ્છા રાખવાવાળી, નિદ્રાયાન, શીલ, લક્ષ્ય તથા પેય પદાર્થોમાં સ્ત્રી લિંગ વસ્તુઓની ઇચ્છા થવી, વામ પાર્શ્વમાં ગર્ભની અધિક વૃદ્ધિ થવી, ગર્ભ પરિમણ્ડલયુકત, ગોળાકાર રહિત અને જો વામ સ્તનમાં પ્રથમ દુધ ઉત્તરે તો સમઝવું કે કન્યા ગર્ભની ઉત્પત્તિ થશે. આ લક્ષણોથી વિપરીત લક્ષણો માલમ પડે તો જાણવું કે પુત્ર ગર્ભની ઉત્પત્તિ થશે. બનેના મિશ્ર લક્ષણો માલમ પડે તો નપુંસક ગર્ભની ઉત્પત્તિ થાય છે.

બીજી કલ્પના એ છે કે સામાન્યતયા કન્યાની અવસ્થામાં ગર્ભોદકની માત્રા અધિક હોય છે અને પુત્ર સમયે અલ્પ, પુત્ર પ્રસવમાં કઠિનતા ઓછી હોય છે અને ગર્ભાવસ્થામાં બેચેનીના લક્ષણો ઓછા હોય છે. કન્યાની અવસ્થામાં આ લક્ષણો અધિક હોય છે. આ સિવાય અનુભવી વૃદ્ધ સ્ત્રિયો તથા વૈદ્યો ગર્ભવતીની ચાલ તથા પગ મુકવાના ઢંગને જોઈ કન્યા અથવા પુત્રના વિષયમાં ભવિષ્યવાણી કરે છે. તે ૭૫ પ્રતિશત સત્ય નીવડે છે.

પુંસવન કર્મ માટેના પ્રાચીન વાંગ્મયના ઉદ્ધરણો જોતાં ફલિત થાય છે કે પુમાન ગર્ભની ઉત્પત્તિ માટે પુરૂષે વીર્યવાન થવું જોઇએ.

પુંસવન ક્રિયાનો સમય× જ્યાંસુધી ગર્ભનું સ્ત્રીત્વ અથવા પુંસ્ત્વદ્યોતક લિંગ વ્યકત થયું નથી તે પહેલા પુંસવન કર્મ કરવામાં આવે તો લિંગ પરિવર્તન થાય છે. આ અવ્યક્તાવસ્થા આધુનિક ગર્ભવિજ્ઞાનના આચાર્ય જે. ઇ. ટ્રેઝરના મત મુજબ ૬ સપ્તાહ સુધીની હોય છે. પ્રાચીનોની પણ આજ મર્યાદા+ છે. લિંગની અપ્રકટાવસ્થા પહેલા આ સંસ્કાર કરવો જોઈએ.

---

* सव्यांगचेष्टा पुरुषार्थिं स्त्री, स्त्री स्वप्नपानाशनशीलचेष्टा।
सव्यात्तगर्भा न च वृत्तगर्भा, सव्यप्रदुग्धा सत्रीयमेव सूते॥ (च. शा. अ. २–३३)

× लब्धगर्भाचैना विदित्वा प्राग्व्यक्तीभावाद्गर्भस्य पुष्ये पुंसवनानि प्रयुंजीत (अ सं. शा. अ. १–९१) गर्भः पुंसवनान्यत्र पूर्वव्यक्तेः प्रयोजयेत् (अ. हृ. शा. १–३७) तयोः कर्मणा वेदोक्तेन विवर्तनमुपदिश्यते प्राग्व्यक्ती भावात् प्रयुक्तेन सम्यक् (चरक) આની ટીકામાં ચક્રપાણી કહે છે કે प्राग्व्यक्तिभावादितियावन्न स्त्रीत्वं पुंस्त्वं वा गर्भस्यव्यक्तं भवति तावदेवतद्वक्ष्यमाणं कर्म लिंगपरिवृत्तिकरं भवति।

\+ अव्यक्तः प्रथमे मासि सप्ताहात्, कललीभवेत्। (अ. हृ. शा. १–३७) सप्राहादनन्तरं यावन्मासस्तावदव्यक्ताकृतिः कलली भवेत्। अत्रकललीभूतेयावत् स्त्री पुरुषाद्युत्पत्ति लक्षणा व्यक्तिर्न भवति तावद्व्यक्तेः प्राक् प्रथमे मासि पुंसवनादि प्रयोजयेत्। (अरुणदत्त)

ગર્ભધારણાનું સૌથી પ્રથમ લક્ષણ ઋતુસ્રાવ ન થવો એ છે. સામાન્યતયા પ્રતિમાસે ઋતુદર્શન થાય છે. પરંતુ ગર્ભધારણા થવાથી ઋતુદર્શન થતું નથી, આ સમય લગભગ એક માસનો છે. બીજું લક્ષણ એ છે કે પથારીમાંથી ઉઠવાના સમયે બેચેની યા વમનની આશંકા આ લક્ષણ લિંગની ઉત્પત્તિનું સૂચક પણ હોય છે. કારણકે કેટલીક સ્ત્રિયોમાં કન્યાની અવસ્થામાં આ લક્ષણ અતિ પ્રકટ અવસ્થામાં હોય છે પરંતુ પુત્રની અવસ્થામાં આ લક્ષણ બીલકુલ જોવામાં આવતું નથી અને કદાચ જોવામાં આવે તો થોડા રૂપમાં હોય છે. એટલા માટે આ લક્ષણની ઉત્પત્તિના પહેલા પુંસવન વિધિ કરવી જોઇએ આ લક્ષણનો સામાન્યતયા ૬ ૬ અઠવાડિયાબાદ આરંભ થાય છે. આજ સમય પુંસવન માટે ઉતમ છે.

પ્રથમ માસમાં સ્ત્રીબીજ અને પુરૂષબીજના મિલનથી બનેલો ગર્ભ સર્વધાતુઓના સારરૂપ, એકત્રિત તથા અસ્પષ્ટ શરીરવાળો હોય છે. આમાં અંગ તથા પ્રત્યંગ હોવા છતાં પણ દેખાતા નથી. જેવી રીતે કુંભાર માટીના એકજ પિણ્ડમાંથી કેવળ પોતાના હાથની કુશળતાથી ઇશારા માત્રથી ચક્કર ઉપર ઘડો, શરાવ વગેરે ભિન્ન ભિન્ન વસ્તુઓ બનાવે છે તેવી રીતે કફના જેવા કલલથી વેદોક્ત વિધિથી યા અન્ય ઉપાયથી કરવામાં આવેલા કર્મથી પુરૂષ, સ્ત્રી અને નપુંસકરૂપ બને છે. ઘેટીભૂત કલલમાં સ્ત્રી લિંગ યા પુરૂષ લિંગને બતાવવાળા લક્ષણ તથા અંગની અભિવ્યકિત તે સમયે થતી નથી, જેવી રીતે માટીના પિંડમાંથી કુંભાર શરાવ બનાવશે અથવા ઘડો બનાવશે એ કહી શકાતું નથી. મૃતપિંડમાંથી તે વિવિધ પદાર્થો બનાવશે. એવીરીતે ઘેટીભૂત કલલમાંથી સ્ત્રી પુરૂષ અને નપુંસક બનશે, આ અવ્યક્તાવસ્થામાંજ પુંસવન વિધિ કરવી જોઇએ.

અષ્ટાંગ સંગ્રહમાં કહ્યું છે કે ગર્ભાવસ્થાનો નિર્ણય થવા પર લિંગવિભેદક લક્ષણો સ્પષ્ટ થવાં પહેલા પુષ્યનક્ષત્રમાં પુંસવન વિધિ કરવી જોઇએ બાર દિવસ સુધી આ વિધિ કરવી. પુંસવનના પ્રયોગની અવધિ સંબંધમાં થોડો મતભેદ છે. કેટલાક આચાર્યનો મત છે કે ઋતુકાળના બાર દિવસોમાં કરવી જોઇએ. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે આ બાર દિવસોમાં પણ સમ દિવસોમાંજ કરવી જોઇએ. કેટલાક પંડિતો કહે છે કે આ વિધિ પ્રતિદિત કરવી જોઇએ, કેટલાક આયુર્વેદના નિષ્ણાતોનું મંતવ્ય છે કે આ વિધિ બે મહિના સુધી કરવી જોઇએ *

પુંસવન કર્મ બે પ્રકારથી કરવામાં આવે છે. નસ્ય અને પાન.

૧ નસ્ય પુત્રની ઇચ્છા રાખનાર સગર્ભા સ્ત્રીના જમણા નાસિકામાં લક્ષ્મણા, વડના નવીન અંકુર, પીતબલા, શ્વેતબલા આમાંથી કોઈ એકને ગાયના દુધમાં પીસી તેના ત્રણ અથવા ચાર ટીપા નાંખવાં તેને થુંકવાં નહીં તે રસનું પાન કરી જવું. ટીપાં પાડવાનું કાર્ય પતિ યા વૈદ્ય સ્વયં શબ્દનો પ્રર્યો છે.

૨ પુષ્ય નક્ષત્રમાં ઉખાડેલી શ્વેત કંટકારીના મૂળના કલ્કનો સ્વસર નાકમાં નાખવો. (અ. હૃદય)

૩ કમળપત્ર, નીલકમળ અને વડની કોમળ કુંપળનું નસ્ય લેવું. (અ. સંગ્રહ)

૪ શાલીધાન્યને પીસી તેનો પિણ્ડ બનાવી તેને પકાવવો. પકાવતી વખતે જે વરાળ નીકળે તેને સુંઘવી અને તેને નીચોવી તેનું પાણી રૂના પિચુવડે જમણા નાસાપુટમાં મુકવું (ચરક)

---

* लब्धगर्भा .....पुष्येपुंसवननानि प्रयुंजीत। द्वादशरात्रमित्यन्ये। तत्रापियुग्मदिनेष्विति केचित्। प्रत्यहमित्यपरे (अ. सं. शा. १-६१)

૧ પાન જ્યાં ગાયો બેસી આરામ કરે છે (ગોબર અને મૂત્ર રચ્યા કરે છે) તે સ્થાનના વડની પૂર્વ અથવા ઉત્તર દિશાની શાખાઓમાંથી કોમળ કુંપળો લાવી તેનું પ્રમાણ બે માસા લઈ દહીંમાં મેળવી તેનું પાન કરવું (ચરક)
૨ જીવક, ઋષભક, અપામાર્ગ અને સહચર (કાંટાસળીયો) આ ઔષધોમાંથી કોઈ એક લઈ તેનો દુધ સાથે કલ્ક કરી સગર્ભા સ્ત્રીને પીવા આપવો (ચરક)
૩ સોનું, ચાંદી અથવા લોખંડની પુરુષ સદૃશ પ્રતિમા બનાવી તેને અગ્નિમાં લાલ થાય ત્યાંસુધી ગરમ કરી તપાવવી, ત્યારબાદ એક અંજલી દુધ દહીં અને પાણીમાં બુઝાવવી, આ દુધ દહીં અથવા પાણીને પી જવું. આ વિધિ પણ પુષ્ય નક્ષત્રમાં કરવી જોઈએ (ચરક)

પુંસવન વિધિમાં પ્રયુક્ત થયેલા ઔષધો પોતાની શક્તિથી બેટીભૂત ગર્ભમાં સૌમ્યતત્વ વધારે છે અને આગ્નેયતત્વોનો થોડો ક્ષય કરે છે. સૌમ્યતત્વની અધિકતાથી પુરૂષ અને આગ્નેયતત્વની અધિકતાથી સ્ત્રી ઉત્પન્ન થાય છે. એટલા માટે આ સર્વ સૌમ્ય ઔષધિયોને ગ્રહણ કરવામાં આવે છે.

અષ્ટાંગ હૃદય શારીરસ્થાન અધ્યાય ૧ના ૪૦માં શ્લોકમાં કહ્યું છે કે 'पुत्रार्थं दक्षिणे सिञ्चेद्वामे दुहितृवाञ्छया' અર્થાત્ પુત્રની ઇચ્છા રાખનાર સ્ત્રીએ વામનાસિકાપુટમાં ઔષધબિંદુઓ નાંખવા જોઈએ.

પુંસવન વિધિનું પાશ્ચાત્કર્મ પુંસવન કર્મ કર્યા બાદ ખાનપાનમાં વિશેષ ધ્યાન રાખવું જોઈએ. સગર્ભાવસ્થાની પરિચર્યાનું અવશ્ય પાલન કરવું જોઈએ.

વેદોકતવિધિમાં ગુડૂચી સ્વરસનો પણ પુમાન ગર્ભ માટે પ્રયોગ બતાવ્યો છે. સ્મૃતિગ્રંથોમાં કહ્યું છે કે આ વિધિ પ્રથમવાર ગર્ભધારણા થાય ત્યારેજ કરવામાં આવે છે. દરેક ગર્ભધારણા વખતે કરવામાં આવતી નથી. વ્યવહારમાં પ્રત્યેક ગર્ભાધાન માટે આનો પ્રયોગ જોવામાં આવે છે.

પુંસવન સંસ્કારની સફળતા÷ જો દૈવ (પ્રાકતનકર્મ) પ્રબળ હોય તો સારી રીતે કરવામાં આવેલી પુંસવન વિધિ પણ વ્યર્થ જાય છે. અને જો પ્રાકતનકર્મ નિર્બળ હોય તો પુરૂષકાર કર્મ તેને નષ્ટ કરી દે છે. અર્થાત પુસવન વિધિ સફળ થાય.

વેદોકત કર્મ અનુસાર યોગ્યરીતે કાર્ય કરવાથી, લક્ષણો સ્પષ્ટ થવા પહેલાં જો પુંસવનવિધિ કરવામાં આવે તો લિંગ-પરિવર્તન થાય છે કારણકે દેશ-કાલની સંપત્તિથી યુક્ત કર્મો દ્વારા અવશ્ય ઇચ્છિત ફળ મળે છે. અને દેશકાલની સમ્પતથી રહિત કર્મોથી અવશ્ય સિદ્ધિ થતી નથી.

દૈવ (પ્રાકતકર્મ) અનુકૂળ થવા પર યુક્તિપૂર્વક સમયસર કરવામાં આવેલું પુંસવન કર્મ નિશ્ચિત ફળદાયક બને છે. એટલા માટે લિંગવિભેદક લક્ષણો વ્યકત થવા પહેલા પુંસવન કર્મ કરવું જોઈએ.

બળવાન પ્રયત્ન કરવામાં આવે તો દૈવદત્ત લિંગમાં પણ પરિવર્તન ÷થઈશકે છે. આધુનિક વિદ્વાનો પણ આ મતને પુષ્ટિ આપે છે.

× दैवं पुरुषकारेण दुर्बलं ह्युपहन्यते।
दैवेन चेतरेत् प्रकृष्टे नोपहन्यते॥ (च. वि. अ. ३-३६)
बली पुरुषकारो हि दैवमप्यति वर्तते॥ (अ. हृ. शा. अ. ६-३८)

÷ अविरुद्धे ध्रुवं दैवे काले युक्तस्यकर्मणः।
सिद्धिः पुंसवनाद्यस्मात् पूर्वंव्यक्तेः प्रयोजयेत्॥

આયુર્વેદની વર્તમાન શિક્ષણ પદ્ધતિ

લેખક: વૈદ્ય યાદવજી ત્રિ. આચાર્ય–મુંબઇ.

(આયુર્વેદનું શિક્ષણ કઇ રીતે આપવુ હિતાવહ છે? એ ઉપર પૂજ્ય વૈદરાજ યાદવજીભાઇએ એક વિશિષ્ટ અભ્યાસપ્રદ નિબંધ લખ્યો છે. તેઓએ વિષય પ્રધાન ગ્રંથ શૈલીને મહત્વ આપ્યુ છે. એમના વિચારો મનનીય છે. તંત્રી.)

હાલમાં વૈદ્યસમાજમાં આયુર્વેદની શિક્ષણ પદ્ધતિ (અધ્યયન-અધ્યાપન વિધિ) સંબંધમાં ખૂબ ઉહાપોહ ચાલી રહ્યો છે. કેટલાક વૈદ્યોનો એવો મત છે કે શુદ્ધ (વર્તમાન ઉપલબ્ધ પ્રાચીન) આયુર્વેદનું જ અધ્યયન–અધ્યાપન હોવું જોઇએ. આ પ્રકારના શિક્ષણને શુદ્ધ આયુર્વેદ શિક્ષણ કહેવામાં આવે છે. આ પ્રકારે માનનારાઓના પણ બે વર્ગ – પક્ષ છે, એક પક્ષ માને છે કે શિક્ષણ ગ્રંથ પ્રધાન હોવું જોઇએ. અર્થાત્ ચરક સુશ્રુત આદિ ગ્રંથો આદ્યન્ત અક્ષરશઃ ભણાવવા જોઇએ. તેઓનું કહેવું છે કે વિષય પ્રધાન અભ્યાસક્રમ રાખવાથી સંહિતા ગ્રંથોના કેટલાક ભાગો (ભણાવવાના) રહી જાય છે. બીજા પક્ષનું કહેવુ છે કે શિક્ષણ વિષય પ્રધાન હોવું જોઇએ. કારણ કે ચરક સુશ્રુત વગેરે સંહિત ગ્રંથોમાં વિષયક્રમ બરાબર સચવાયો નથી. એકજ અધ્યાયમા અનેક વિષયોનો સંગ્રહ જોવામાં આવે છે. જેનો પરસ્પર સંબંધ પણ હોતો નથી. દાખલા તરીકે:—ચરક વિમાન સ્થાનનો સાતમો અધ્યાય. એટલે વિષયાનુસાર સંહિતા ગ્રંથોના વચનોનો સંગ્રહ કરી વિષય પ્રધાન ગ્રંથ બનાવવો જોઇએ, અને તેનું અધ્યયન—અધ્યાપન થવું જોઈએ. આ પ્રમાણે પ્રાચીન સમયમાં પણ થતું હતું. જેમકે આયુર્વેદમાં માધવ નિદાન, વ્યાકરણમાં સિદ્ધાંત કૌમુદી વગેરે. નિ. ભા. આયુર્વેદ વિદ્યાપીઠના કલકત્તાના ૬ ઠ્ઠા અધિવેશનમાં વિષય પ્રધાન પાઠ્યક્રમ બનાવાયો અને તે પ્રમાણે આજસુધી નિ. ભા. આયુર્વેદ વિદ્યાપીઠની પરીક્ષાઓ થાય છે, અને એ અભ્યાસક્રમ એટલો લોકપ્રિય થયો કે ત્યાર બાદ ભારતમાં જેટલાં આયુર્વેદનાં વિદ્યાલયો–મહાવિદ્યાલયો નીકળ્યાં તેમાં વિષય પ્રધાન જ શિક્ષણક્રમ રખાયો. પરંતુ આ પાઠ્યક્રમની અનુસાર વિષય પ્રધાન પાઠ્યગ્રંથ તૈયાર કરવા માટે નિ. ભા. આયુર્વેદ વિદ્યાપીઠે કે બીજી કોઈ સંસ્થાઓએ કંઈ પણ ધ્યાન આપ્યું નહીં. વિષય પ્રધાન પાઠ્ય ગ્રંથ તૈયાર ન હોવાથી અધ્યાપકોને અને વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી પડે છે પાછલાં કેટલાક વર્ષોથી કોઇક કોઈક વિદ્વાનોએ વિષય પ્રધાન ગ્રંથ લખ્યા છે. પરંતુ તેનો યોગ્ય પ્રચાર થયો નથી. મારો મત છે કે પાઠ્યક્રમ વિષય પ્રધાન રહે એજ હાલના સમયમાં યોગ્ય છે. અને વિષય પ્રધાન ગ્રંથ જેમ બને તેમ જલ્દીથી બનાવવા જોઇએ. જેથી અધ્યયન–અધ્યાપન સહેલું થઈ જાય. શુદ્ધાયુર્વેદ અને મિશ્ર શિક્ષણ, એ બંનેના પક્ષપાતીઓને તેમનો પોતપોતાનો મત દર્શાવવાનો અધિકાર છે. પરંતુ પોતાનો મત દર્શાવતાં બીજા પક્ષના ઉપર આક્ષેપ કે તેને ઉતારી પાડવાનો પ્રયત્ન કરવો જોઈએ નહીં. આયુર્વેદના અધ્યયન–અધ્યાપનના વિષયમાં હું મારા કેટલાક વિચારો વૈદ્યસમાજની સામે રાખું છું; મને આશા છે કે બંને પક્ષો પૂર્વગ્રહ રહિત થઇને આની ઉપર વિચાર કરશે.

વૈદ્ય પોતાની પાસે આવેલા બધા પ્રકારના સાધ્ય રોગીઓની ચિકિત્સા કરવામાં—તેને રોગમુક્ત કરવામાં સમર્થ હોવો જોઈએ, એ વાત તો બધાએ સ્વિકારવી પડશે. તો શું આજકાલ બધા વૈદ્યો એવા છે? જો તેમની પાસે મૂઢ ગર્ભ, અવરુદ્ધ અંત્ર વૃદ્ધિ (Strangulated Hernia) જેવાં શસ્ત્ર સાધ્ય રોગી આવે તો તેને તે રોગમુક્ત કરી શકશે? આ વાત બધાએ વિચારવી જોઈએ. હાલમાં શસ્ત્ર ચિકિત્સા તથા

પ્રસૂતિ કર્મનો પ્રચાર વૈદ્યોમાં લગભગ ઓછો થઈ ગયો છે. આ સિવાય વર્તમાનમાં ઉપલબ્ધ સંહિતા ગ્રંથોમાં જે શારીર જોવામાં મળે છે તે પ્રસૂતિશાસ્ત્ર અને શલ્ય શાલાક્ય ભણાવવામાં અપુરતું છે. ચરક સુશ્રુત અને વાગ્ભટના ટીકા ગ્રંથો તથા ભાવપ્રકાશ, ટોડરાનંદ આદિ સંગ્રહ ગ્રંથોને જોતાંજ માલુમ પડે છે કે તે સમયમાં (ઇ. સ. ૧૦૦૦ થી ૧૭૦૦ સુધીમાં) પચીસ ત્રીસ સંહિતા ગ્રંથો ઉપલબ્ધ હતા. આ સંગ્રહ ગ્રંથો અને ટીકા ગ્રંથોમાં ઉધ્ધૃત અનેક આર્ષવચનો મળે છે કે જે ચરક સુશ્રુત અને અષ્ટાંગ સંગ્રહમાં જોવામાં આવતાં નથી. હાલમાં મળતી ભેલસંહિતા અને કાશ્યપસંહિતા જે બંને ખંડીત છે તેમાં અનેક એવા નવા વિષયો જોવામાં આવે છે જે ચરક સુશ્રુતમાં મળતા નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે વર્તમાન સમયમાં ઉપલબ્ધ આયુર્વેદીય સાહિત્યને સંપૂર્ણ આયુર્વેદ માની લેવું એ ઠીક નથી. અત્યારે તો એવું સાહિત્ય તૈયાર કરવું જોઇએ કે જેના અધ્યયન—અધ્યાપનથી આયુર્વેદિક ચિકિત્સક સર્વ પ્રકારની ચિકિત્સા કરવામાં નિપુણતા મેળવી શકે. અર્થાત્ વર્તમાન આયુર્વેદનો પ્રતિસંસ્કાર અને બૃંહણ (ન્યુન વિષયોની પૂર્તિ) કરીને આયુર્વેદનું સમયોપયોગી સ્વરૂપ બનાવવું આવશ્યક છે. આમ કર્યા સિવાય આયુર્વેદ અને આયુર્વેદિક ચિકિત્સાને જીવતાં રાખવાં મુશ્કેલ છે. સંસારમાં એ પ્રાણી જીવતું રહી શકે છે, જે નવું ખાય છે અને ખાઇને પાચન કરી શકે છે, તે—આત્મસાત કરી શકે છે.

આયુર્વેદનો પ્રતિસંસ્કાર અને બૃંહણ—પૂર્તિ કેવી રીતે કરવી જોઈએ તે અંગે હું કેટલાક વિષયોમાં મારા વિચારો દિશા સૂચન પૂરતા વૈદ્ય સમાજ સમક્ષ મૂકું છું.

આયુર્વેદીય પદાર્થવિજ્ઞાનઃ—જેમ આધુનિક ચિકિત્સા શાસ્ત્રને ઠીક સમજવા માટે આધુનિક પદાર્થવિજ્ઞાન (ફીઝીકસ કેમેસ્ટ્રી)નું જ્ઞાન આવશ્યક છે તેમ આયુર્વેદીય દોષધાતુ મલવિજ્ઞાન (શારીરક્રિયાવિજ્ઞાન ફિઝીયોલોજી), રોગવિજ્ઞાન (વિકૃતિવિજ્ઞાન—પેથોલોજી), દ્રવ્ય-ગુણવિજ્ઞાન અને ચિકિત્સા વિજ્ઞાનને ઠીક સમજવા માટે આયુર્વેદીય પદાર્થવિજ્ઞાનનું જ્ઞાન હોવું આવશ્યક છે. ચરક સુશ્રુતમાં પદાર્થવિજ્ઞાનના વિષયો કોઈ એક સ્થાનમાં સ્વતંત્ર રીતે આપેલા નથી; પરંતુ ચરકમાં પ્રધાનપણે સૂત્રસ્થાન, વિમાનસ્થાન તથા શારીરસ્થાનમાં અને સુશ્રુતમાં મુખ્યત્વે શારીરસ્થાનના પ્રથમ અધ્યાયમાં પદાર્થવિજ્ઞાન વર્ણવેલું છે. સંહિતાકારોએ પદાર્થવિજ્ઞાન મુખ્યત્વે વૈશેષિક, ન્યાય અને સાંખ્યદર્શનમાંથી લીધું છે. પરંતુ તેને તેના તે સ્વરૂપમાં ન લેતાં આયુર્વેદને અનુકૂળ બનાવી આયુર્વેદમાં લીધું છે. આ બાબતમાં સ્વતંત્ર ગ્રંથ લખવાવાળાએ એ ખાસ ધ્યાન રાખવું કે આયુર્વેદોકત વિષયોને જ મૂળમાં સ્થાન આપવું જોઈએ. બીજાં દર્શનોના વિચારોને નીચે ટીપ્પણીમાં પોતાના વકતવ્ય, પરિશિષ્ટ યા ઉપોદ્ઘાતમાં સ્થાન આપવું. જ્યાં સુધી આવો કોઈ ગ્રંથ તૈયાર ન થાય ત્યાં સુધી છેલ્લાં દશ વર્ષમાં આયુર્વેદાચાર્ય પં. રામરક્ષજી પાઠક, આયુર્વેદાલંકાર પં. રણજીતરાયજી દેશાઈ, વૈદ્યરાજ પં. બલવન્ત શર્મા દીક્ષિત તથા શ્રી કાશીકરજી એમ. એ. આ ચાર વિદ્વાનોએ આ વિષય ઉપર જે ગ્રંથો લખ્યા છે તેમાંથી ગમે તે એકને પાઠય ગ્રંથ અને બીજી ગ્રંથોને આલોચ્ય ગ્રંથના રૂપમાં રાખી ભણાવવા જોઈએ. આ વિષયના અધ્યયન—અધ્યાપનાર્થે સાંખ્યકારિકા—તર્કસંગ્રહ જેવો સ્વતંત્ર ગ્રંથ જ્યાં સુધી આ વિષયમાં તૈયાર ન થાય ત્યાં સુધી પાઠય ગ્રંથમાં ભલે રખાય. પણ હવે એને પાઠય ગ્રંથમાં રાખવો ઉચિત નથી. આધુનિક પદાર્થવિજ્ઞાનમાં વિસ્તૃત રૂપથી વર્ણવેલ પ્રકાશ, ધ્વનિ, ઉષ્ણતા, વિદ્યુત આદિ વિષયોમાંથી આયુર્વેદને ઉપયોગી અંશો લઇ આ વિષયની પૂર્તિ કરવી જોઇએ.

શારીર:–શારીરના હાલમાં બે વિભાગ કરવામાં આવે છે (૧) રચના શારીર (એનેટોમી) (૨) ક્રિયાશારીર (ફિઝીયોલોજી). આયુર્વેદમાં શારીર શબ્દથી પ્રધાનતયા રચના શારીર વિવક્ષિત છે. ક્રિયાશારીરનું વર્ણન દોષધાતુ મલવિજ્ઞાનના રૂપમાં કર્યું છે. ચરક સુશ્રુતના શારીરસ્થાનમાં પદાર્થવિજ્ઞાન. ગર્ભ શારીર (એમ્બ્રીયોલોજી), રચના શારીર, કૌમારભૃત્ય પ્રસૂતિતંત્ર વગેરેના કેટલાક અંશોનો સંગ્રહ કરેલો છે. હાલના સંહિતા ગ્રંથો અને રચના ગ્રંથોમાં મળતું રચના શારીર શલ્ય શાલાક્ય અને પ્રસૂતિ કર્મને માટે પર્યાપ્ત નથી. આ ત્રૂટીને દૂર કરવા માટે સ્વ. કવિરાજ ગણનાથસેનજીએ પ્રત્યક્ષ શારીર તથા સ્વ. પી. એસ. વારિયરે અષ્ટાંગશારીર અને બૃહચ્છારીર એ બે ગ્રંથો લખ્યા છે. પ્રત્યક્ષ શારીરનો ભારત વર્ષમા ઘણા વૈદ્યોએ પઠન પાઠનમાં ઉપયોગ કર્યો છે. પરંતુ મહારાષ્ટ્રના કેટલાક વૈદ્યોએ આની વિરૂદ્ધમાં આંદોલન શરૂ થયું હતું. રચના શારીર ભણાવવા માટે જ્યાં સુધી આ બે ગ્રંથોથી વધુ સારો બીજો કોઇ ગ્રંથ તૈયાર ન થાય ત્યાંસુધી આ બે ગ્રંથોમાંથી ગમે તે એકને પાઠ્યક્રમ તરીકે મંજુર કરવો જોઇએ.

બધા જાણે છે અને માનવું પણ પડશે કે સંહિતા ગ્રંથોમાં શિરા, ધમની, નાડી વગેરે શબ્દો તો અને કાર્યમાં (એકથી અધિક અર્થોમાં) પ્રયોગ થયો છે તથા હૃદય, નાભિ, ત્રિક વગેરે શબ્દોનો કોઇક જગ્યાએ મુખ્ય અર્થ તરીકે તો જગ્યાએ અન્ય અવયવોના ઉપલક્ષણાર્થમાં પણ પ્રયોગ થયો છે, આ ત્રુટીને દૂર કરવાનું ઘણું જરૂરી છે. તેનો એક જ ઉપાય છે કે વર્તમાન સંહિતા ગ્રંથોમાં જ્યાં જ્યાં આ શબ્દો આવ્યા હોય ત્યાં ત્યાં આ શબ્દોનો અમુક અર્થ લેવો જોઇએ તથા ભવિષ્યમાં લેખકોએ આ નિશ્ચિત અર્થમાં જ (આ શબ્દોનો) પ્રયોગ કરવો જોઇએ એવો નિર્ણય કરવો જોઇએ આ કાર્ય અત્યંત આવશ્યક અને પ્રથમ કરવા જેવું છે. શારીર સંજ્ઞાઓના અર્થનો નિશ્ચય કર્યા વિના નવા સાહિત્યના નિર્માણમાં પણ મોટી મુશ્કેલી ઉભી થવાનો તથા જુદા જુદા લેખકોના ગ્રંથોમાં અસમાનતા આવવાનો સંભવ છે.

દોષ ધાતુ મળ વિજ્ઞાન:–આયુર્વેદમાં જીવિત શરીરમાં હોવાવાળી સર્વ ક્રિયાઓનું વર્ણન દોષો, ધાતુઓ અને મળોની ક્રિયાઓના રૂપમાં કરેલું છે. એટલે આયુર્વેદમાં હૃદય, મસ્તિષ્ક, યકૃત, ફુફ્ફુસ, વૃક્ક આદિ શારીર અવયવોનું વિસ્તૃત વર્ણન મળતું નથી. આધુનિક ચિકિત્સાશાસ્ત્રમાં શરીર પરમાણુઓ (સેલ્સ)થી માંડીને હૃદય, મસ્તિષ્ક વગેરે પ્રધાન મોટા મોટા અવયવોની ક્રિયાઓનું વર્ણન વિસ્તારથી કરેલું છે. આયુર્વેદોક્ત દોષો, ધાતુઓ અને મળોની ક્રિયાઓની સાથે સમન્વય કરીને (અર્થાત્ હૃદય, મસ્તિષ્ક, યકૃત વગેરેની ક્રિયાઓ આ દોષ દ્વારા થાય છે એમ બતાવીને) શરીરના સ્થુલ સૂક્ષ્મ અવયવોની ક્રિયાઓનું વર્ણન જેમાં હોય એવા નવીન ગ્રંથો નિર્માણ કરવાની આવશ્યકતા છે. અર્થાત્ આધુનિક ક્રિયાશારીરમાં સ્થૂલ, સૂક્ષ્મ અવયવોની જે ક્રિયાઓ વર્ણવેલી છે તે અમુક દોષ, ધાતુ યા મળ દ્વારા થાય છે, તેનું વર્ણન આ ગ્રંથોમાં હોવું જોઇએ. અને તે જ ગ્રંથો વિદ્યાલયોમાં ભણાવવા જોઇએ. (દોષધાતુ મલવિજ્ઞાન અને ફીઝીયોલોજી જુદું ભણાવવું યોગ્ય નથી). લેખકોએ અને અધ્યાપકોએ આ વાત અવશ્ય ધ્યાનમાં રાખવી જોઇએ કે આયુર્વેદમાં વર્ણિત દોષ, ધાતુ અને મળ એ, એક સ્વતંત્ર દ્રવ્ય નથી પણ સમાન-ગુણકર્મવાળા અનેક દ્રવ્યોનો વર્ગ (ગ્રુપ) છે. સજીવ માનવ શરીરમાં તે સમયના આયુર્વેદ પ્રણેતાઓએ જે જે દ્રવ્યોનો અનુભવ કર્યો હતો તેનો તેમણે દોષ, ધાતુ અને મળ આ ત્રણ પ્રધાનવર્ગોમાં વિભાગ કરી પ્રત્યેક વર્ગના અનેક ઉપવર્ગ બનાવી પ્રત્યેક વર્ગોપવર્ગનું પૃથક્ પૃથક્

વર્ણન કર્યું છે. જેમકે આયુર્વેદમાં વાયુ–પિત્ત–કફના જે પાંચ પાંચ ભેદ વર્ણવેલા છે તે એના ઉપવર્ગો છે. આ ઉપવર્ગ પણ સમાનગુણકર્મ કરવાવાળા અનેક દ્રવ્યોનો વર્ગ છે. જેમકે પાચકપિત્ત–આમાશયગત સ્રાવ પ્રાકૃતપિત્ત, અગ્ન્યાશય (પ્રેનક્રિયાસ)નો સ્રાવ અને અન્ત્રરસ આ ચારનો એક ઉપવર્ગ છે. અર્થાત્ આ ચાર દ્રવ્યના સમુદાયને પાચકપિત્ત નામ આપવામાં આવ્યું છે. એ પ્રમાણે રસરક્તાદિ ધાતુ આર્તવ વગેરે ઉપધાતુ અને મૂત્રસ્વેદ વગેરે મળોના વિષયમાં પણ જાણવું, આપણા કેટલાક વૈદ્ય ભાઈઓ કહે છે કે વાત, પિત્ત, કફ એ કંઈ ટેસ્ટ ટયુબમાં નાંખી બતાવવાની વસ્તુ નથી પણ શાસ્ત્રગમ્ય તથા કર્માનુમેય વસ્તુ છે. હું કહું છું કે આ કોલેજોમાં ફીઝીયોલોજી ભણાવતી વખતે ટેસ્ટ ટયુબમાં નાંખીને વિદ્યાર્થીઓને નિત્ય ભિન્ન ભિન્ન નામોથી બતાવી શકાય છે. એનો એના સમાનગુણ કર્માનુસાર–"आधिक्याद् व्यपदेशा भवन्ति" એ ન્યાય મુજબ દોષ, ધાતુ અને મળ એ ત્રણ વર્ગોમાં સમન્વય–અન્તર્ગત કરી એનો આયુર્વેદમાં સમાવેશ કરી લેવો જોઇએ અને આધુનિક ફીઝીયોલોજીને આ પ્રમાણે આત્મસાત કરી લેવી જોઇએ. આયુર્વેદાલંકાર પં. રણજીતરાયજી દેશાઈએ આ વિષય ઉપર આયુર્વેદિય ક્રિયાશારીર નામનો સમન્વય વાળો ગ્રંથ લખ્યો છે. તેના પાઠય કે આલોચ્ય ગ્રંથ તરીકે ઉપયોગ કરવામાં આવે અને એનાથી વધારે સારો કોઈ ગ્રંથ પ્રકાશિત ત્યારે તેનો વિચાર કરવામાં આવે.

દ્રવ્ય ગુણ વિજ્ઞાન :—આયુર્વેદમાં દ્રવ્યોનાં ગુણ ધર્મોનું વર્ણન તેનાં પાંચ ભૌતિક સંગઠન, ગુણ, રસ, વિપયક, વીર્ય, પ્રભાવ અને કર્મદ્વારા કર્યું છે. શરીરના વિભિન્ન અવયવો ઉપર થનારી એની ક્રિયાઓનું વર્ણન નહીવત્ જેવું છે. આધુનિક વૈદ્યકમાં શરીરના વિભિન્ન અવયવો ઉપર થનારી દ્રવ્યોની ક્રિયાઓનું વર્ણન અને તે અનુસાર દ્રવ્યોનું વર્ગીકરણ હોય છે. આ અંગે આ ક્રિયાઓ દ્રવ્યના કયા કયા રસ, ગુણ, વિપાક, વીર્ય વગેરેના કારણે થાય છે એનો સમન્વયાત્મક ઉલ્લેખ કરીને આયુર્વેદમાં તેનો સમાવેશ પૂર્તિ કરીને કરવો જોઈએ. એજ પ્રમાણે ઉદ્ભિજ્જ દ્રવ્યોના સ્વરૂપ પરિચય માટે આધુનિક વનસ્પતિશાસ્ત્ર (બોટેનીમાં ઉદ્ભિજ્જ દ્રવ્યોનું જે રચના અનુસાર વર્ગીકરણ કર્યું છે તથા ઉદ્ભિજ્જ દ્રવ્યોનાં અંગ પ્રત્યંગોની જે વ્યાખ્યા કરવામાં આવી છે તેનો આયુર્વેદમાં સમાવેશ કરી લેવો જોઈએ. આ પ્રકારના વર્ગીકરણ અને ઉદ્ભિજ્જ દ્રવ્યોનાં અંગ–પ્રત્યંગોની રચનાના વર્ણનથી તેના સ્વરૂપની ઓળખાણ–પરિચય–સહેલાઈથી થઈ શકે છે. જે દ્રવ્યો હજુ સુધી સંદિગ્ધ છે તેને પાઠય ગ્રંથોમાંથી દૂર કરવાં જોઈએ અને યુનાની, એલોપથી, હોમીયોપેથી વગેરે અન્ય ચિકિત્સા પદ્ધતિઓમાં જે જે ઉદ્ભિજ્જ, પ્રાણિજ અને ખનિજ દ્રવ્યોનો સફળતાથી ઉપયોગ થાય છે, તેનો આયુર્વેદમાં સમાવેશ કરી લેવો જોઇએ. ઔષધ દ્રવ્યોના નિઘંટુઓમાં જે અનેક પર્યાયો આપ્યા છે તેમાં જેનો સંહિતા ગ્રંથોમાં દ્રવ્ય ગુણોના પ્રકરણોમાં કે યોગોમાં વિશેષ રૂપથી પ્રયોગ થયો હોય તેવાને રાખીને બાકીનાને પાઠય ગ્રંથોમાંથી દૂર કરવા જોઇએ. આયુર્વેદોકત કેટલાંક દ્રવ્યોનાં ગુણકર્મો, યુનાની વૈદ્યક વગેરેમાં અધિક વર્ણવેલા છે, તેની પણ પરીક્ષા કરીને આયુર્વેદમાં સમાવેશ કરી લેવો જોઇએ.

રોગ વિજ્ઞાન–વિકૃતિ વિજ્ઞાન:—આયુર્વેદમાં વર્ણવેલા જ્વર, કાસ, શ્વાસ, પ્રમેહ, કુષ્ટ, વિસર્પ શોથ વગેરે અનેક રોગો એક રોગ નથી પણ સમાન (પ્રત્યાપ્ત)–ખાસ લક્ષણવાળા અનેક રોગોનો એક વર્ગ (ગ્રુપ) છે. આયુર્વેદમાં પ્રત્યેક રોગની સંપ્રાપ્તિનું વર્ણન કરતી વખતે સ્થાનસંશ્રય (સ્થાન અવયવ વિકૃતિ)નું વર્ણન અતિ સંક્ષેપમાં સૂત્ર રૂપમાં કરેલું છે. આધુનિક

તથા આ વિષના પઠન, પાઠનના માટે નવીન ગ્રંથનિર્માણ કરવું પણ આવશ્યક છે. વધારામાં આયુર્વેદમાં વર્ણવેલું પૂર્વકર્મ અને પાશ્ચાત-કર્મનો પ્રચાર કરવો અને આયુર્વેદમાં કહેલ-વ્રણ ચિકિત્સામાં કામમાં આવતા અનેક ફલપ્રદ યોગોનો પણ ઉપયોગ કરવો જોઇએ. હાલમાં આધુનિક વૈદ્યકે પોતાની શસ્ત્રચિકિત્સાના પ્રભાવથીજ જનતાને પોતાના તરફ વિશેષ આકર્ષિત કરી છે. વૈદ્યોએ પણ શસ્ત્રચિકિત્સાને આત્મસાત કરીને આગળ વધવું જોઇએ.

નવાં આવિષ્કૃત ઔષધ :–હાલમાં યુરોપ, અમેરીકા, જાપાન વગેરે દેશોમાં દરરોજ એક એક નવાં નવાં જીવાણુનાશક ઔષધો શોધાઇ રહ્યાં છે. આ શોધખોળ પાછળ મુખ્ય હાથ તો ત્યાંની ફાર્મસીઓના વેપારીઓનો છે તેમની સુશોભિત પ્રચારપત્રિકાઓને જોઇને પારકાની બુદ્ધિ પર ચાલવાવાળા ડોકટરો અને વૈદ્યો પણ તેનો ઉપયોગ–દુરઉપયોગ કરવા લાગ્યા છે. આપણો વૈદ્ય સમાજ પણ જ્યારે પ્રગતિશીલ હતો ત્યારે તેઓએ અનેક ઔષધો, જેનો આર્ષસંહિતાઓમાં ઉલ્લેખ પણ નથી, તેવા રસસિંદૂર, સ્વર્ણસિંદૂર, (મકરધ્વજ ચંદ્રોદય), મલ્લસિંદૂર વગેરે સિંદૂરકલ્પો, પર્પટીકલ્પ, વસંતમાલતી, વાતચિંતામણી વગેરે અનેક સદ્ય ફલપ્રદ ઔષધોને શોધ્યાં હતાં આયુર્વેદનો એ સિદ્ધાંત છે કે नानौषधिभूतं जगति किंचिद् द्रव्यमस्ति, तदेवयुक्तं भैषज्यं यदारोग्याय कल्पते॥ આ સિદ્ધાંત અનુસાર કોઈપણ લાભપ્રદ દ્રવ્ય કે ઔષધોનો ઉપયોગ કરવાનું આયુર્વેદ નિષેધ કરતું નથી. નવા શોધાયેલા ઔષધોની કેવળ નિંદા કરવાથી કે તેના દોષ બતાવવાથી નહીં ચાલે. અથવા તેનો પ્રતિનિધિ–પ્રતિસ્પર્ધી ઔષધયોગ આપણે ત્યાં પણ શોધીને તૈયાર કરવો જોઇએ અને એજ ઉત્તમ ઉપાય છે અથવા તેનો આયુર્વેદ સિદ્ધાંત અનુસાર દોષ-દૂષ્યપ્રકૃતિ વગેરેનો વિચાર કરીને ઉપયોગ કરવો જોઇએ અને આપણાં શાસ્ત્રમાં એનો સમાવેશ કરવો જોઇએ. નહીં તો ચિકિત્સા સ્પર્ધામાં આપણે ટકી શકીશું નહીં. આશા છે કે વૈદ્ય સમાજ આની ઉપર વિચાર કરશે.

નવું સાહિત્ય કેવા પ્રકારનું તૈયાર કરવું :–ઉપર મેં દિગ્દર્શન કરીને વૈદ્યકના કેટલાક વિષયોનું વિવેચન કરીને એ બતાવવા પ્રયત્ન કર્યો છે કે વર્તમાન સમયમાં પ્રાચીન ઉપલબ્ધ સાહિત્યના અધ્યયન–અધ્યાપન માત્રથી સર્વ કાર્યકુશળ વૈદ્ય તૈયાર થઈ શકે નહીં. તેવા વૈદ્યો તૈયાર કરવા માટે પ્રાચીન આયુર્વેદનો પ્રતિસંસ્કાર અને તેમાં નવા વિષયોનો સમાવેશ તેમજ ઘટતા વિષયો ઉમેરી આયુર્વેદિક સાહિત્યને સમયોપયોગી બનાવવું જોઇએ. મારા વિચાર મુજબ નવું સાહિત્ય નિર્માણ આ પ્રમાણે તૈયાર થઈ શકે છેઃ જે વિષય ઉપર ગ્રંથ લખવો હોય એ ગ્રંથમાં કયા કયા વિષયોનો સમાવેશ કરવાનો છે, તેની એક વિષય સૂચિ પ્રથમ તૈયાર કરવી જોઇએ. પછી તે વિષયનું જેટલું સાહિત્ય વર્તમાન સમયમાં ઉપલબ્ધ પ્રાચીન ગ્રંથોમાં હોય અને તે સમયોપયોગી હોય તેનો પ્રાચીન ગ્રંથોમાંથી પુનરૂક્તિ દોષ બચાવીને સંગ્રહ કરવો જોઈએ ત્યાર બાદ તે વિષયમાં જે જે નવા વિષયોનો સમાવેશ કરવાનો હોય તે લખવાં જોઈએ. ગ્રંથનું કદ પણ એવડું જ હોવું જોઇએ કે પાઠયક્રમમાં તે વિષયના નિશ્ચિત કરેલા સમય અને વ્યાખ્યાનોમાં તેનું અધ્યયન–અધ્યાપન પુરૂં થઈ શકે. નવો વિષય જે લખાય તેના માટે નવીન સંજ્ઞા શબ્દો (પારિભાષિક શબ્દો) તૈયાર કરવા આવશ્યક છે. તે શબ્દો એવા હોવા જોઇએ કે જે પ્રાચીન પદ્ધતિ મુજબ સાર્થક–અન્વર્થક હોય, નિરર્થક મનગઢન્ત શબ્દોનો પ્રયોગ કરવો અનુચિત છે. જે નવો ગ્રંથ બને તે ક્ષીર–નીર ન્યાયથી એવો બનવો જોઈએ કે જેમાં પ્રાચીન અને પાછળથી લીધેલા

વિષયોનો ભેદ જલ્દીથી જાણી ન શકાય. અને તેવો ગ્રંથજ અમારા આયુર્વેદ વિદ્યાલયોમાં પાઠ્ય ગ્રંથ તરીકે મંજુર થાય. એક વિષયનો એક જ પાઠ્ય ગ્રંથ હોય, અને એક વિષયના એક જ અધ્યાપક હોય. એક વિષયને પ્રાચીન પદ્ધતિથી વૈદ્ય જુદી પરિભાષામાં ભણાવે અને ડોક્ટર બીજી પરિભાષામાં ભણાવે. આ પ્રકારની અધ્યાપન પદ્ધતિ ઠીક નથી. આ પદ્ધતિ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી શુદ્ધ મિશ્રનો ઝઘડો દૂર થઈ શકશે નહીં.

જે નવો ગ્રંથ લખવામાં આવે તે સંસ્કૃત ભાષામાંજ લખાવવો જોઈએ. સંસ્કૃત ભાષામાં ગ્રંથ બનવાથી તે નેપાલથી કન્યાકુમારી તથા મણીપુરથી પંજાબ સુધી સમાન રૂપે પ્રચલિત થઇ શકે અને તે સાહિત્ય ચિર સ્થાયી થશે. ભારતની રાષ્ટ્ર ભાષા ભલે હિંદી હોય પરંતુ ભારતવર્ષની શાસ્ત્રીય ભાષા સંસ્કૃત હતી અને રહેશે. પહેલાં સંસ્કૃત ભાષામા ગ્રંથ લખાઇ ગયા પછી તેના વિશેષ પ્રચાર માટે જુદી જુદી પ્રાદેશિક ભાષા માટે તેનો અનુવાદ થાય તો સારૂં જ કહેવાય.

હાલમાં મિશ્ર શિક્ષણ પદ્ધતિના વિદ્યાલયોમાં આધુનિક વિષયો ઠીક સમજવામા ઉપયોગી થઇ પડે એ દૃષ્ટિએ વિદ્યાર્થીનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઇન્ટર સાયન્સ સુધી (ઓછામાં ઓછી મેટ્રીક સુધી) હોવું આવશ્યક મનાય છે, અને તે માટે આગ્રહ પણ રખાય છે. પરંતુ આયુર્વેદને ઠીક સમજવા માટે સંસ્કૃતનું જ્ઞાન સંસ્કૃત મધ્યમા સુધી હોવું જોઈએ એ આવશ્યક મનાતું નથી, અને એવા વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવે છે કે જેમનું સંસ્કૃતનું જ્ઞાન સ્વલ્પ માત્ર—નહીંવત્ જેટલું જ હોય છે. પરિણામ એ આવે છે કે આયુર્વેદનું એનું જ્ઞાન કાચું રહે છે.

રસતંત્ર :—રસતંત્રમાં પણ હાલમાં પ્રાચીન ગ્રંથોમાં જેનું વર્ણન નથી મળતું તેવા અનેક યોગો—કલ્પો શોધાયેલા છે. સ્વ. વૈદ્યરાજ સદાનંદ શાસ્ત્રી રચિત રસતરંગિણી નામના ગ્રંથમાં ગંધક દ્રાવક (ગંધકામ્લ), નિમ્બુકામ્લીય યવજ, ટંકણામ્લ, સોરક દ્રાવક, લવણ દ્રાવક, સુવર્ણ લવણ, સોરકામ્લીય રજત, અરનાલીય સીસક, ગંધકામ્લીય રજત, ગંધકામ્લી યશદ, મુગ્ધરસ આદિ અનેક આધુનિક વૈદ્યકમાં પ્રચલિત કલ્પોને સસ્કૃત ભાષામાં પદ્યબદ્ધ કરી સમાવેશ કર્યો છે. એ પ્રકારે ઉપયુક્ત અન્ય આધુનિક કલ્પોના તથા બીસ્મથ, મેંગેનીઝ વગેરે ચિકિત્સોપયોગી ધાતુઓનો રસતંત્રમાં સમાવેશ કરવો જોઈએ.

પ્રસુતિ તંત્ર :—પ્રસૂતિ તંત્રમાં પણ આધુનિક પ્રસૂતિ તંત્રના ઉપયોગી વિષયોનો સમાવેશ કરીને પ્રાચીન અને આધુનિક બંને વિષયોનો સમન્વયાત્મક નવીન ગ્રંથ તૈયાર કરવાની આવશ્યકતા છે. આ પ્રકારનો યત્ન—આયુર્વેદાચાર્ય પંડિત દામોદર શર્મા ગૌડે અભિનવ પ્રસૂતિ તંત્ર નામનો ગ્રંથ લખીને કર્યો છે.

ઉપર મેં સંક્ષેપમાં એ બતાવવા પ્રયત્ન કર્યો છે કે હાલમાં જે આયુર્વેદિક ગ્રંથ સાહિત્ય, ઉપલબ્ધ છે તેના અધ્યયન—અધ્યાપનથી આપણે કાર્યક્ષમ (બધી પ્રાચીન ચિકિત્સા કરી શકે તેવા) વૈદ્ય તૈયાર કરી શકતા નથી એટલે વર્તમાન આયુર્વેદિક સાહિત્યના પુનઃ પ્રતિસંસ્કાર અને અનુક્ત વિષયોનો નવીન તન્ત્રાન્તરોમાથી સંગ્રહ કરી, ન્યુન વિષયોની પૂર્તિ કરી સમયોપયોગી સાહિત્ય નિર્માણ કરવું જોઇએ. આયુર્વેદ અને તેના સિદ્ધાંતો એટલા બધા વ્યાપક છે કે તેમાં આપણે નવા વિચારોનો સમાવેશ આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતોને જરા પણ ખંડીત કર્યા વગર કરી શકીએ છીએ.

નવા સાહિત્ય નિર્માણનું કાર્ય કાશી હીન્દુ વિશ્વવિદ્યાલય, અખિલ ભારતીય આયુર્વેદ મહાસંમેલન, સાધનસંપન્ન અન્ય આયુર્વેદ મહાવિદ્યાલય જેવી સંસ્થાઓએ (પોતાના

હાથમાં લઇ) કરવું જોઇએ. અને રાજ્ય તથા વૈદ્યો અને આયુર્વેદપ્રેમી ધનીદાતાઓએ આ કાર્યમાં યથાશકિત સહાય આપવી જોઇએ. આ કાર્ય મન લગાડીને અને તત્પરતા પૂર્વક જો કરવામાં આવે તો પાંચજ વર્ષમાં થઈ શકે તેમ છે.

આયુર્વેદ ભણાવવા માટે હાલમાં સારા અધ્યાપકો મળવા કઠીન થઇ પડયા છે. એટલે કાશી વિશ્વવિદ્યાલય જેવી સાધન સંપન્ન સંસ્થાઓએ અધ્યાપક તૈયાર કરવા માટે સ્નાતકોત્તર કોર્સ જેવો કોર્સ તૈયાર કરી ચલાવવો જોઇએ.

હાલમાં આપણા આયુર્વેદ મહાવિદ્યાલયોમાં જે સ્નાતકો નીકળે છે તેમાં કોઇક અપવાદ છોડીને અધિકાંશ સ્નાતકો આયુર્વેદના વિષયમાં કાચા, અનુભવહીન અને આયુર્વેદમાં શ્રદ્ધા ન રાખવાવાળા મળે છે. તેના કારણોમાં અધ્યાપનોપયોગી ગ્રંથસાહિત્યની અપૂર્ણતા, એકજ વિષયને બે જુદી જુદી પદ્ધતિવાળા અધ્યાપકો દ્વારા ભણાવવાનું, સંસ્કૃતના ઘણા ઓછા જ્ઞાનવાળાને કોલેજમાં દાખલ કરવાનું, અને આયુર્વેદિક અધ્યાપકોએ વિદ્યાર્થીઓને ભણાવતી વખતે અને ચિકિત્સાનુભવ કરાવતી વખતે જોઇતી મહેનત ન લેવી એ મુખ્ય કારણો છે. મહાવિદ્યાલયના સંચાલકો અને વિદ્વાન અધ્યાપકોને મારી પ્રાર્થના છે કે તેઓ આ ત્રુટીઓને સુધારે.

આજ સુધી મારા લાંબા સમયના અવલોકન અને અનુભવથી વર્તમાન આયુર્વેદની અધ્યયન અધ્યાપન શૈલીમાં જે ત્રુટીઓ આવી છે અને તેને દૂર કરવાના જે ઉપાયો મારા ધ્યાનમાં આવ્યા છે તે મેં વૈદ્યસમાજ સમક્ષ મુકયા છે. આશા છે કે વૈદ્યસમાજ, આપણા આયુર્વેદના નેતા અને સંસ્થાઓના કર્ણધાર આ વિષય ઉપર અવશ્ય ધ્યાન દેશે.

(આયુર્વેદ વિજ્ઞાન)

સુવારોગ

લેખક:
વૈદ્ય શ્રી. જગદીશચંદ્ર મો. પંડયા, અમદાવાદ

સુવારોગ એટલે સ્ત્રીને સુવાવડ આવ્યા બાદ થતાં દર્દો, જેને સુતિકારોગ પણ કહેવામાં આવે છે.

આ દર્દ અત્યારે મોટા ભાગે સેંકડે પંચાણું ટકા સ્ત્રીઓમાં જોવા મળે છે. અત્યારે સુવાવડ માટેની ખાસ હોસ્પિટલોમાં તેમજ ખાનગી પ્રસુતિગૃહોમાં અદ્યતન અને સારામાં સારી સગવડો હોય છે છતાં આ દરદનું પ્રમાણ વધારે કેમ છે? આ એક બહારથી સામાન્ય જણાતો પ્રશ્ન છે. પણ એના ઉંડાણમાં ઉતરતાં આ પ્રશ્ન કેવો ગભીર છે એનો પૂરો ખ્યાલ આવી જાય છે.

જ્યારે સ્ત્રી સ્વાભાવિક રીતે સગર્ભાવસ્થા ધારણ કરે છે ત્યારે દરેક સ્ત્રીએ સમજી વિચારીને પોતાને અનુકૂળ આહારવિહાર અપનાવવો જોઈએ. આજની આધુનિકતાને કારણે રોજીંદા જીવનવ્યવહારમાં અગાઉ સ્ત્રીને જે કસરત મળતી હતી એ ભૂતકાળની વાત બની ગઈ છે. ખોરાક પણ સત્વહીન બની ગયો છે. પાણી મિશ્રિત દૂધ, ભેળસેળીયું ઘી અને અન્ય બીજી ખાદ્ય ચિજોમા પણ ભેળસેળ વિના બીજું કઇ નહિ! આવી સ્થિતિમાં સગર્ભા સ્ત્રીને કે પેટમાં રહેલા બાળકને પૂરતું પોષણ કયાંથી મળે?

આટલું ઓછું હોય તેમ સગર્ભાવસ્થા બાદ પણ શારીરિક સંઘર્ષણ, અસંયમ, બેકાળજી વગેરે કારણોને લીધે મૂળથી જ સ્ત્રીના કથળેલા સ્વાસ્થ્યમાં વધારો કરે છે, પરિણામે કેલ્શીયમ અને વિટામીનોના ડોઝ ચાલુ હોવા છતાં પણ સુવાવડ બાદ સ્ત્રીનું શારીરિક સ્વાસ્થ્ય એટલી ઉગ્ર હદે નબળું બની કથળી જાય છે કે સ્ત્રી દેહ પર રોગોનો એકી સાથે હલ્લો શરૂ થઈ જાય છે.

ભારતીય સન્નારીઓએ સદા ખ્યાલમાં રાખવું જરૂરી છે કે એમની કુખે જન્મ લેતાં બાળકો આ દેશનાં મહાન નાગરિક બનનાર છે. એ ભાવિ નાગરિકો નિર્બળ હશે તો દેશની કયી રીતે સેવા કરી શકશે? અને મનનાં તંદુરસ્ત બાળકો જ દેશને ઉન્નતિને રસ્તે લઈ જાય છે. શરીરે અને મનની તંદુરસ્ત માતાઓ જ એવાં બાળકોને જન્મ આપી શકે છે. માટે દેશની માતાઓએ સગર્ભાવસ્થામાં અને સુવાવડ બાદ પોતાની તંદુરસ્તી ખાસ સાચવવી જોઇએ સગર્ભાવસ્થાના સંસ્કાર ગર્ભમાંના બાળક પર પણ અસરકર્તા નીવડે છે એ કોઇ પણ સ્ત્રીએ ભૂલવું જોઇએ નહિ, માટે આ સમય દરમ્યાન સ્ત્રીઓએ સદા સારા વિચારો સેવવા જોઈએ.

સુવાવડ શબ્દ સાંભળીને આજની યુવતિ કંપી ઉઠે છે. આજની યુવતિ માને છે કે સુવાવડ એના માટે મોતની પથારી છે. એ ખોટો ડર છે. શું સુવાવડમાં બધી જ સ્ત્રીઓ મરી જાય છે? આ ડર મનમાંથી કાઢી નાખવો જોઈએ આધુનિક ફેશન-પરસ્તી અને મોજ-શોખની વૃત્તિએ જે વધારે પડતી કોમળતા આજની યુવતિને બક્ષી છે એનું આ પરિણામ છે. સગર્ભાવસ્થા દરમ્યાન યોગ્ય આહારવિહારના નિયમનને અનુસરવામાં આવે તો કંઈ જ થતું નથી, સુવાવડ સુખરૂપ થાય છે.

જેમ જેમ દિવસો વિતતા જાય તેમ તેમ મનને વધુ ને વધુ પ્રસન્ન રાખવાનો પ્રયાસ કરવો જોઇએ. સારાં સંસ્કારી પુસ્તકોનું વાચન વધારવું જોઈએ. અને નકામી દવાઓના રગડા પીવાની વૃત્તિ છોડવી જોઇએ. સુવાવડના દિવસોમાં કંઈક પીડા ઉપડી કે તરત શીશી હાથમાં લઈને ચાલ્યાં દવાખાને! દવા લઈને ગળામાં ઉતારી દીધી અને માની લીધું કે આરામ થઈ ગયો. મનની ક્ષણિક નબળાઈનું આ પરિણામ છે. ખરેખર જોવા જઇએ તો કોઇ દવાની જરૂર હોતી નથી, પરંતુ થોડી જ વેદના, થોડાક દુ:ખને વિના કારણે ડરપોક મન મોટું-ઘણું જ મોટું રૂપ આપી દે છે, અને એ ભારે દર્દ જણાય છે. આવા વખતે સ્ત્રી-ચિકિત્સક પાસે જઇને યોગ્ય સલાહ માત્ર લેવાની જરૂર હોય છે.

અત્યારે મોટા ભાગની સ્ત્રીઓ સુવાવડ આવવાની હોય છે ત્યારે કોઇ હોસ્પિટલ કે પ્રસૂતિગૃહમાં નામ લખાવી આવે છે. અને અણીના સમયે હોસ્પિટલ કે પ્રસૂતિગૃહમાં દાખલ થઇ જાય છે. ત્યાં સુવાવડ આવ્યા બાદ દસ કે પંદર દિવસ રહે છે. આ હોસ્પિટલ કે પ્રસૂતિ-ગૃહમાં કેટલીક સ્ત્રીઓ પોતાના જીહ્વા–સ્વાદને રોકી શકતી નથી. ડોકટર કે પરિચારિકાની ગેરહાજરી હોય ત્યારે તેઓ ભજીયાં, ચવાણું વગેરે જેવી ચીજો ખાનગીમાં મંગાવીને ખાય છે. આનું પરિણામ કેટલું ભયંકર આવે છે એનો ખ્યાલ એમને એ વખતે નથી હોતો.

બાળકને લઇને માતા બનીને સ્ત્રીઓ હોસ્પિ-ટલમાંથી ઘેર આવતાંજ પોતાના રોજીંદા કામમાં ગુંથાઈ જાય છે. પુરતા પોષક ખોરાકનો અભાવ, કામેચ્છા વિષય વાસનાનું નિરંતર ચાલતું કુચક્ર અને ઘર કામનો ચાલુ બોજો–આ ત્રેવડા પડ વચ્ચે સ્ત્રી–સ્વાસ્થ્ય ઘસાય છે. પરિણામે માથું દુઃખે છે, કમરમાં પીડા થાય છે, ચક્કર આવે છે. ઝીણો તાવ શરીરમાં ભરાય છે. આવી ફરિયાદો રોજની સાંભળવા મળે છે. ચિકિત્સકો બિચારા શું કરે? દવાઓના ડોઝ ઘરમાં ચાલુ થઈ જાય છે. અને એની સાથે સાથે આર્થિક અને શારીરિક બરબાદી પણ!

આ રોજની ફરિયાદો આગળ વધતાં બે કાળજીને ધીમે જીર્ણ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તેનું ભયંકર પરિણામ આવે છે. જીર્ણ સ્વરૂપે આ દરદોમાં ખાંસી, અનિદ્રા, વજન ઘટી જવું, ખોરાકનો અભાવો, ઝીણો તાવ, મગજના ચસકા વગેરે દર્દો ઘર ઘાલી જાય છે. આવી શારીરિક સ્થિતિને આધુનિક ચિકિત્સકો ક્ષયની ઉપમા પણ આપે છે. સમયસર આ તબકકે સમજી–વિચારીને યોગ્ય નિદાન કરીને જો સારવાર કરવામાં આવે તો સ્ત્રી દર્દની ભયંકર ચૂંડમાંથી બચી જવા ભાગ્યશાળી થાય છે.

ઉપર જણાવી તેવી ફરીયાદોવાળી પરિસ્થિ-તિમાં જે ચિકિત્સકો ક્ષય ગણીને કમનસિબ સ્ત્રીને એવું કહે કે "હવે સુવાવડ આવશે તો તમે મરી જશો." એનો અર્થ એટલોજ કે એવા સંજોગોમાં સંયમી જીવન ગાળવાની અનિવાર્ય આવશ્યકતા છે. સ્ત્રી બીજી સુવાવડનો બોજો સહન કરી શકે એવી શારીરિક શકિત ધરાવતી નથી. માટે એ પતિ–પત્નિએ સંયમ પાળવાની જરૂર છે. પરંતુ અફસોસની વાત છે કે આવા સંજોગોમાં સંયમનો આશરો લેવાને બદલે વિષય વાસનામાં મશગુલ રહીને જ્યારે સ્ત્રીને સગર્ભાવસ્થા પ્રાપ્ત થાય છે, ત્યારે ગર્ભપાતનો નિંદ્ય માર્ગ લેવામાં આવે છે. અને સ્ત્રીની જીંદગીને વધુ જોખમમાં મૂકવામાં આવે છે.

સુવારોગ જે ખતરનાક અને દારૂણ પરિ-સ્થિતિ સર્જે છે, એનું આ સત્યતા પર રચાયલું આલેખન છે. સુવારોગના ભયંકર સ્વરૂપનું આ દર્શન છે. આપણા દેશમાં પ્રવર્તતી પરિસ્થિતિનું આ પ્રતિબિંબ છે. સુવારોગ એ ભારતના સ્ત્રી જીવન માટે સાક્ષાત જમદુત છે. એના પાશમાંથી બચવા માટે ભારતીય સ્ત્રીઓએ પોતાના ગર્ભાવસ્થાના કાળથી પ્રસવકાળ સુધી પોતાની તંદુરસ્તીનું પૂરતુ જતન કરવું જરૂરી છે. એટલું જ નહિ પરંતુ યોગ્ય આહાર–વિહારના નિયમનને અપનાવી ખોટી ફેશન–પરસ્તી અને મોજશોખની વૃત્તિઓથી દૂર રહેવું આવશ્યક છે.

પ્રસવકાળ બાદ પણ એક માસ સુધી પોતાના આરોગ્યને અનુકૂળ આવે તેવા પદાર્થોનુ સેવન કરવું જોઇએ. સ્વાસ્થ્ય સાચા નિયમોનું પાલન કરવા સાથે દવાઓ પાછળ દુર્વ્યય કરવાનું છોડી દઇને પોતાની શારિરિક તંદુરસ્તિ પ્રત્યે સમાનતા કેળવવાથી સ્ત્રીઓ સુવારોગથી બચી શકશે, એટલુંજ નહિ પરંતુ બીજી પણ વ્યાધિઓ એમનાથી દૂર રહેશે.

આશા છે કે સ્ત્રીઓ સુવાવડ શબ્દથી ગભરાવાનું છોડી દઇને પોતાની તંદુરસ્તી યોગ્ય આહાર વિહારના નિયમનને અપનાવી પોતાનું અને દેશનું કલ્યાણ સાધશે.

ઔષધના યોગ્ય અનુપાનો.... ....

આયુર્વેદમાં ઔષધ સેવનમાં તેના યોગ્ય અનુપાનની સુહિત આપણા આચાર્યોએ બહુજ સુંદર રીતે વિચારી છે. સુજ્ઞ વૈદ્યો એ વસ્તુ સારી પેઠે જાણે છે કે ઔષધ એ કોઈ એક રોગ માટેજ લક્ષિત નથી હોતું પણ એ રોગમાં વૃદ્ધ દોષને ઘટાડવા અને ઘટેલા દોષને વધારવા માટે હોય છે. દોષ સામ્યમ્ આરોગતાનો સિદ્ધાંત સમક્ષ હોય છે. એ દૃષ્ટિએ પ્રયુક્ત ઔષધને વધુ કારગત બનાવવા અનુપાન તેને વધુ મદદગાર નીવડે છે. ઉદાહરણ સ્વરુપે મકરધ્વજને અનુપાન ભેદથી સર્વરોગનાશક તરીકે પૃથક્ પૃથક્ રોગોમાં આપણે વાપરીએ છીએ. અનુપાનનો આ એક વિશિષ્ટ ઉપયોગ છે. અન્ય ઉપયોગમાં એક દોષ હણવા તેને માટે બનાવેલ કલ્પને આપણે તેજ દોષ નાશક ક્વાથ, ફાંટ. કષાયાદિ ભેષજ કલ્પના અનુપાન રુપે વાપરીએ છીએ. પણ એ અનુપાન નથી. એ તો ભેષજક્રમ ગણાશે. મધમાં, ઘીમાં, સાકરમાં, પાણીથી. તેલમાં લેવું એ અનુપાન ગણાય. પરંતુ મધ સાથે લેજો એમ કહેવા પાછળની આયુર્વેદીય દૃષ્ટિ કફઘ્નની હોવીજ ઘટે અને ઘી સાથે લેવાનું કહેતી વખતે દૃષ્ટિ પિત્તશામક હોવીજ ઘટે અને તેલ સાથે લેવાનું કહેતી વખતે વાતશામક ઉપક્રમ દૃષ્ટિ સમક્ષ હોવો ઘટે આ દૃષ્ટિનો અભાવ આજે વૈદ્યોના વર્ગમાં મોટા પ્રમાણમાં છે તેમાં આશ્ચર્ય નથી. એથી વધુતો અનુપાનની એક નવી શ્રેણી આપણે વિચારીએ:

ચંદ્રપ્રભા, આરોગ્યવર્ધની કે તત્સદૃશ સર્વ દોષ શામક ઔષધો માટે આપણે સમયાનુસાર કલ્પના કરીએ.

(અ) બાલ્યવયમાં કફ પ્રધાન, યુવામાં પિત્ત પ્રધાન અને વાર્ધક્યમાં વાતપ્રધાન શરીરાવસ્થામાં તદ્દોષઘ્ન ઔષધના અનુપાન રુપે:

(બ) સવારમાં ઔષધ કફઘ્ન અનુપાન સાથે, બપોરે પિત્તઘ્ન અનુપાન સાથે અને સાંજે વાતઘ્ન અનુપાન સાથે.

(ક) જે જે ઋતુમાં જે જે દોષ પ્રકુપિત હોય તેના શમન કરનાર અનુપાન સાથે...દા. તરીકે વર્ષામાં પ્રકુપિત વાતને દબાનાર અનુપાન.

(ડ) તે જ રીતે રોગીની પ્રારંભિક, મધ્ય કે અંતિમ અવસ્થાનુસાર અનુપાન.

આ રીતે આપણે અનુપાન સંબંધી અનેરો વિચાર કરી તેની યોજના કરવી ઘટે. ઉપર દર્શાવ્યા તેવા મુદ્દા વ્યવહારુ વૈદ્ય વર્ગે વિચારશેજ. રોગીને અનુપાન તરીકે દૂધ, ચા, કોફી કે કોઈ પણ પીણા સાથે યા પાણી સાથે લેવાનું કહી દેવું યથાર્થ નથીજ. ડોકટરો આજે સવાર બપોર કે સાંજે લેવું એમ B. D. S. (બે વાર) કે T. D. S. (ત્રણ વાર) કે Q. D. S. (ચાર વાર) એમ લખી આપે છે તેમ લખી આપવું પણ આપણા માટે યોગ્ય નથી. કેમકે એમાં આયુર્વેદીય દૃષ્ટિબિંદુ મરી જાય છે.

એજ રીતે ડોકટરો ત્રણ ચાર ઔષધો ભેગાં લખે છે માટે આપણે એનું અનુકરણ કરીએ છીએ. સીતોપલાદિ લ્યો. તેમાં તજ, એલચી, પીપર, વંસલોચન અને સાકર છે આ એક કલ્પ છે. તો એનું મિશ્રણ આપતા હો તો એ એકલુ આપી જુઓ. આધુનિક ચિકિત્સકો ત્રણ થી ચાર (કે વધુ) દ્રવ્યો લખે છે તે તો મૂળ પૃથક્ પૃથક્ ઔષધતત્વો હોય છે. એટલે પોટાશ સાઈટ્રેટ, પોટાશ ક્લોરાઈડ એમો કાર્બોનેટ, સોડાબાયકાર્બ એમ ચાર પાંચ જુદા લખ્યા હોય માટે સીતોપલાદિ-ભાગોત્તર-ચંદ્રામૃત-શૃંગ-સુવર્ણબંગ એ બધાં ભેગાં કરી કલ્પોનો ચંદુમેળો ન કરો. સીતોપલાદિ આપ્યા બાદ સાથે તાલીસાદિ આપવાની જરૂર નથી બે માંથી એક આપો. યા બન્ને જુદા જુદા સમયે પૃથક્ પૃથક્ જરૂર આપો.

આપણા નામદાર શ્રી મોરારજી દેસાઈએ ખરુંજ કહ્યું છે. આજના વૈદ્યો પરથી આયુર્વેદ કલ્પગો નહિ. વૈદ્યોએ આયુર્વેદના ગૌરવને વધારવું હોય તો એના પોતાના વિશિષ્ટતાઓ

લેવી પડશે. લાજા મંડ, યવાગૂ, પેયા, વિલેપી. આદિ શબ્દરુપ આપણા ગ્રંથોમાંજ રહેવા માટે જ હોય તો તો ડોકટરો ખરું કહે છે તેમ પાંચ પચીશ અનુભૂત આયુર્વેદિક બનાવટો ડોકટરીમાં સમાવી દ્યો. પછી આયુર્વેદ જેવું રહેશે જ નહિ. ઔષધ યોજનાં કરતાં ઉપયોગી એનો ક્રમ છે. પોદ્દાર કોલેજના પ્રિંસિપાલ શ્રી વૈદ્ય લેલે વારંવાર કહે છે તેમ શ્વાસના રોગીને વમન કરાવવો એ પહેલું આયુર્વેદીય તત્વ છે. પછી એને શ્વાસકુઠાર આપો કે એલોપથિક કફ નિઃસારક ઔષધ આપો એ ગૌણ છે. મૂળ જરૂરત છે યોગ્ય ચિકિત્સાક્રમની......

તેજ રીતે યોગ્ય ઔષધને સુયોગ્ય અનુપાનની જરૂરત છે. ઉપર તો સ્હેજ વિચારણાજ કરી છે. વધુ તો વિદ્વાન સંશોધક વૈદ્યો ઇસ્પીતાલોમાં એ રીતે દર્શાવ્યું તેમ ઔષધ યોજના કરી તેના અનુભવો બહાર પાડે. વાગ્ભટ્ટનાં સૂચિત ૧૦ ઔષધકાળો પણ મહત્વના છેને?

આજે આયુર્વેદમાં આવા રિસર્ચની જરૂર બહુ મોટી છે, કે નહિ?

કેટલાક ખોરાકનો પાચનકાળ

ખોરાક	અને પાચનનો સમય (કલાકમાં)	ખોરાક	અને પાચનનો સમય (કલાકમાં)	ખોરાક	અને પાચનનો સમય (કલાકમાં)
કેરી	૨	૨. મસૂર	૨	બટાકા	૨
અનેનાસ	૨	૩. કળથી	૨	બિલાં	૨।।
આરારૂટ	૧	૪. ચણા	૩	ભાત	૨
ઈંડાં–કાચા	૨।।	૫. તુવેર	૩	માછલાં–જાતજાતના	૨–૨।।
,, પકાવેલાં	૩	દાડમ	૧	**માંસ :**	
,, અર્ધપકવ	૩।।	દૂધ–ગાય	૨	બકરાં	૨।।
કાચાં ફળાં	૨।।	,, બકરી	૨	ઘેટાં	૨।।
કચોરી	૩	,, ભેંસ	૨।।	હરણ	૨।।
ખીચડી	૩	દૂધપાક	૪	કૂકડાં	૨
ખાંડ	૩	નાળિયેર (પાકાં)	૩	કબૂતર	૪
ગાજર	૨।।	,, (કાચા લીલાં)	૨।।	વનપક્ષી	૩
ગોળ	૨।।	પરવળ	૨।।	માવાની બનાવટો	૩–૪
ગીલોડાં	૨।।	પિસ્તા	૫	માખણ	૩
ઘી	૩	પૌઆનો મંડ	૧।।	મમરા	૨
ચણા	૪	પૂરી	૨।।	મૂળા (કૂણા)	૨
જવનો સાથવો	૩	ફુલ–કોબીજ	૩	રીંગણાં ,,	૨।।
તરબૂચ	૨	ફણસ	૩	રોટલી	૨।।
તેલ	૪	પતાસાં	૨		
દાળના યૂષ		બદામ	૪		
૧. મગ	૧	બાર્લિ	૧		

(વૈદ્યકલ્પતરુએ પ્રગટ કરેલ પુસ્તક 'પથ્યાપથ્ય' માંથી)

આરોગ્ય, વૈદ્યક, અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી : સ્વ વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી : ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ | आयु. कामयमानेन धर्मार्थसुखसाधनम्। | અષાઢ ૨૦૧૧
અંક ૭ | आयुर्वेदोपदेशेषु विधेय परमादरः॥ | જુલાઈ ૧૯૫૫

આયુર્વેદના અનુસ્નાતક અભ્યાસક્રમો

આજની સરકારમાન્ય આયુર્વેદિક કોલેજોમા ચાલતા ડીગ્રી કે ડિપ્લોમા કોર્સવાળા વિદ્યાર્થીઓના ભવિષ્ય બાબતનો પ્રશ્ન વિચારણા માગી લે છે. પ્રાંતીય સરકારો દ્વારા શરૂ થયેલ આ પાઠ્યક્રમો જ્યાં જ્યાં યુનિવર્સિટી દ્વારા માન્ય હોય ત્યાં એમાં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ પરદેશ જઈ આવીં વધુ અભ્યાસ કરી શકે છે. એમને આ એક તક મળે છે. તે સિવાય પ્રાંતીય સરકારોની ફેકલ્ટી તરફથી માન્ય અભ્યાસક્રમોમા ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે અન્ય ઉપાયજ નથી વધુમાં વધુ તો એમા બે પાંચ વિદ્યાર્થીઓ સ્થાનિક હસ્પીતાલોમાં હાઉસમેનશીપ કરી શકે છે પરંતુ આ પરિસ્થિતિ અસહ્ય છે. આજ સંસ્થાઓએ આ વિદ્યાર્થીઓ માટે અનુસ્નાતક -પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ યોજવો ઘટે. ચાર વર્ષનો ડિપ્લોમા કે ડીગ્રીકોર્સ કરનાર વિદ્યાર્થીઓ માટે ઓછામા ઓછો બે વર્ષનો થીયેરી અને પ્રેકટીકલ બન્નેનો સમન્વય સાધતો પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ હોવો જ ઘટે.

જામનગર ખાતે ચાલી રહેલ કેન્દ્રીય સરકારના આયુર્વેદ સંશોધન કેન્દ્રના સહકાર સાથે જામનગરમાં પોસ્ટ ગ્રેજ્યુએટ આયુર્વેદિક અભ્યાસક્રમો શરૂ થવાના ચક્રો ગતિમાન થઈ ચૂક્યા છે અને ગણત્રીના મહીનાઓમાં આ અભ્યાસક્રમો શરૂ થઇ જશે, ત્યારે એમાં પ્રવેશ માટે માત્ર કોઇ એક સંસ્થાની પદ્દવીવાળાને નહિ પરંતુ આજે પ્રવર્તમાન તમામ શુદ્ધ અને મિશ્ર પદ્દવીવાળા સૌ કોઇને એમાં પ્રવેશ આપવામાં આવશે એવી આશા આપણે રાખીએ.

આરોગ્યસિન્ધુ

(સ્થાપના: સને ૧૯૨૧: સ્થાપક: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર)

સંપાદક: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર**

પ્રકાશન: આ માસિક દર માસની પહેલી તારીખે પ્રગટ થાય છે. જાન્યુઆરીથી આ પત્રનું વર્ષ શરૂ થાય છે. અને ડિસેંબરમાં પૂરૂં થાય છે અંકો સ્ટોકમાં હોય ત્યાં સુધી પ્રથમ અંકથી જ ગ્રાહક કરવામાં આવે છે.

લવાજમ: આ પત્રનું હિંદમાં વાર્ષિક લવાજમ રૂા. ૪ છે. પરદેશમાં શિલિંગ ૮ છે. છુટક નકલ ૧ના આના ૮ છે. રૂા. ૪ મનીઓર્ડરથી અગાઉથી મોકલવાં વધુ હિતકર છે. વી. પી. થી મંગાવનારને આના નવ વધુ પડશે,

મુંબઇ, અમદાવાદ, સુરત અને સુરેન્દ્રનગરના સ્થાનિક ગ્રાહકોએ લવાજમ નીચેના સ્થળોએ ભરવું: સિન્ધ આયુર્વેદિક ફાર્મસી, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ. ગાંધી રોડ, અમદાવાદ. લીમડા ચોક, સુરત. મૂળીનો ઉતારો, સુરેન્દ્રનગર.

ભેટપુસ્તક: આ પત્રના ગ્રાહક થનારને દર વર્ષે એક ઉત્તમ વૈદ્યક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે આ વર્ષે ભેટ પુતસ્ક તરીકે **"આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"** ભાગ ૩ આપવામાં આવ્યું છે.

વ્યવસ્થા: અંક વિશે તથા લવાજમ મોકલવા વિશે તમામ પત્રવ્યવહાર, વ્યવસ્થાપક **"આરોગ્ય સિન્ધુ" સિન્ધ આયુર્વેદિક ફાર્મસી**, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ એ શિરનામે કરવો.

અંકો વ્યવસ્થાપકની દેખરેખ હેઠળ પોસ્ટ કરવામાં આવે છે. છતાંય અંક ગેરવલ્લે જાય તો ગ્રાહકે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. અંકો સિલકમાં હશે ત્યાં સુધી, બીજીવાર આપવામાં આવશે, પણ ગેરવલ્લે થતાંજ આ રીતે ફરીથી અંક મેળવી શકશે, તે પણ તા. ૧૫મી સુધી ફરિયાદ મળતાં તેના પર ધ્યાન અપાશે.

શિરનામામાં ફેરબદલ હશે તો માસની ૨૫ મી સુધીમાં જણાવ્યું હશે તોજ ફેરબદલ થઇ શકશે. અન્યથા જુને શિરનામે જ અંક જશે

પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો ખાસ જરૂરી છે.

સંપાદન: આયુર્વેદ અને આરોગ્યને લગતા ઉચ્ચ વૈદ્યકીય દષ્ટિએ લખાયલા લેખોને આ પત્રમાં સ્થાન મળે છે. લેખ મળ્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકારનો ઉત્તર એક માસ બાદ આપવામાં આવે છે. અસ્વીકૃત લેખ સાથે જરૂરી સ્ટેમ્પસ બીડ્યા હોય તો તે લેખ પરત મોકલવામાં આવે છે. સ્વીકૃત લેખ સમય અને સ્થળ પ્રમાણે યોગ્ય પદ્ધતિએ પ્રગટ કરવામાં આવે છે.

સંપાદક સાથે અગાઉથી સમય નક્કી કરી મુલાકાત લઇ શકાય છે.

વૈદ્યો, વૈદ્યકીય વિદ્યાર્થીઓ, ડૉકટરો અને આયુર્વેદના અભ્યાસીઓને આયુર્વેદ અને આરોગ્યને અનુલક્ષી લખાયલાં લેખો મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે.

સંપાદકનું શિરનામું આ પ્રમાણે કરવું: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર** સંપાદક: **આરોગ્યસિન્ધુ** ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

પુસ્તક પરિચય: વિસ્તૃત સાહિત્યાવલોકન માટે બે પુસ્તકો પ્રકાશકે મોકલવાં જરૂરી છે. એક આરોગ્યસિંધુ કાર્યાલયમાં રહે છે અને એક પ્રત એ વિષયના નિષ્ણાતને અવલોકન માટે મોકલવામાં આવે છે. નિષ્પક્ષપાતપણે તમામ અવલોકનો કરવામાં આવે છે.

જાહેરાત: આ પત્રનો ફેલાવો સુવૈદ્યોમાં અને જનતામાં સારો હોઇ, એમાં કરેલ જાહેરાત તુરત જ જવાબ આપે છે. જાહેરાતનો ભાવ એક ઈંચના રૂા. ૨ છે. ાા પાનું એક વખતના રૂા. ૧૦, ાા પાનું રૂા. ૨૦ અને આખું પાનું રૂા. ૩૬ ભાવ છે. પરંતુ બાર માસનો કોંટ્રેકટ કરવાથી સારૂ કમિશન મળે છે. એ વિષયમાં જીજ્ઞાસુએ પત્રવ્યવહાર કરવો.

પત્રનું કદ: પત્ર રોયલ આઠ પેજીમાં પ્રગટ થાય છે. આખા વર્ષમાં બધું મળી ૭૫૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવે છે. પ્રત્યેક અંકમાં આશરે ૪૮ પૃષ્ઠ થાય છે. અને ભેટપુસ્તક ૧૦૦ થી ૧૨૫ પૃષ્ઠનું દર વર્ષે આપવામાં આવે છે. કુલ્લે ૫૦૦ પૃષ્ઠનું વાંચન રૂા. ચારમાં આપવામાં આવે છે.

આરોગ્યસિન્ધુ કાર્યાલય: ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્ય સિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૭

જુલાઈ ૧૯૫૫
અષાઢ સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે.

શુદ્ધાયુર્વેદાભ્યાસક્રમ

શુદ્ધાયુર્વેદના અભ્યાસક્રમ માટે આથી પૂર્વે, પ્રવેશ માટે મેટ્રિકમાં ઉત્તીર્ણ હોય કે અનુત્તીર્ણ હોય પણ સંસ્કૃતમાં ૫૦ ટકા ગુણ જોઈએ એવી યોગ્યતા ઠરાવવામાં આવી હતી આ પરત્વે અમોએ અમારા અગ્રલેખમાં અંગુલિનિર્દેશ કરતાં એ મર્યાદા વધુ પડતી હોવાનું સૂચવ્યું હતું જે સુજ્ઞ વાચકોના લક્ષ્યમાં હશેજ એટલુંજ નહિ પણ ધારો કે મેટ્રિકમાં સંસ્કૃતના વિષયમાં ૪૮ ટકા માર્કસ હોય અને કોલેજમાં એથી ફર્સ્ટ ઇયર પાસ કરેલ હોય કે ઇન્ટર થયેલ હોય, પરંતુ કાયદાની દૃષ્ટિએ એ વ્યક્તિને શુદ્ધાયુર્વેદ અભ્યાસક્રમમાં પ્રવેશ ન મળી શકે. આ વિચિત્ર તો જણાયું હતું. અને એને લીધે બી. એસ સી. કે બી એ થયેલા વિદ્યાર્થી પણ પ્રવેશ નહોતા મેળવી શકતા. પરંતુ હવે સરકારે યથાયોગ્ય પરિવર્તન કરી

(૧) મેટ્રિકમાં સંસ્કૃતમાં ૪૫ ટકા ગુણ હોય. અથવા

(૨) કોલેજમાં ફર્સ્ટ ઇયર કે તેથી આગળનો અભ્યાસ કર્યો હોય

એવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું નક્કી કર્યું છે આ સમાચાર આનંદજનક છે એટલુંજ નહિ, પણ આ કોર્સમાં વધુ પ્રવેશ થવાથી વિકાસ થઈને આ અધ્યયનક્રમની પુષ્ટિ થશે અને વૈદ્યો વધુ મોટી માત્રામાં તૈયાર થઈ શકશે જેમને ૪૫ ટકાથી વધુ માર્કસ મેટ્રિકમાં હોય અથવા જેમણે કોલેજમાં આગળ અભ્યાસ કર્યો હોય તેવી વ્યક્તિઓ હવે જો ઇચ્છુક હોય તો આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે નહીં તો કોઈ માન્ય સંસ્કૃત વિદ્યાલયની પ્રથમા સંસ્કૃત પરીક્ષા (જે ઘણીજ સરળ હોય છે), આપી ઉત્તીર્ણ થઈ આ અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે

આપણા આરોગ્ય મંત્રી ના શાંતિલાલ શાહે, ભુસાવલ ખાતે પ્રવચન કરતા આ અભ્યાસક્રમ ઉત્તીર્ણ કરનારને રજીસ્ટ્રેશન આપવાનું નક્કી આશ્વાસન આપ્યું છે. આરોગ્યમંત્રીએ વધુમાં આ અંગે વિષયવાર પાઠ્યક્રમ માટે પાઠ્ય પુસ્તકો રચવા સરકાર સહાય આપશે તેમ પણ કહ્યું છે તે બહુજ નોંધપાત્ર વસ્તુ છે એટલે ધીમે ધીમે રાજ્યાશ્રય મળતાં આ પાઠ્યક્રમ વિદ્યાર્થીઓને આકર્ષી શકશે અને તેમાં આયુર્વેદની પ્રાચીન અને ગૌરવવતી પરંપરા જળવાઈ રહેશે

• સ્વ શ્રી વૈદ્યરાજ ગોપાલજી કુંવરજી ઠક્કુરના દ્વિતીય સુપુત્ર ભાઈ નરેન્દ્ર, ટી એ. એસ. એફ માં સારા ગુણે ઉત્તીર્ણ થયા છે તથા, વૈદ્યરાજ લવજી કુંવરજી ઠક્કુરના પુત્ર ભાઈ **અરવિંદ** એસ. એસ. સી. માં ઉત્તીર્ણ થઈ કોલેજમાં ફર્સ્ટ ઇયર સાયંસમાં દાખલ થયા છે.

શુભ પ્રસંગ

• સ્વ. શ્રી વૈદ્યરાજ ગોપાલજી કુંવરજી ઠક્કુરના સુપુત્રી ચિ બ્હેન **હંસાનાં** લગ્ન તા. ૨૮-૬-૫૫ના રોજ મુંબઇમાં શ્રી લાલજી નેણશીના સુપુત્ર ચિ **કુંવરજી** સાથે થયાં છે.

આયુર્વેદના ઉત્કર્ષ માટે જરૂરી વિચારણા

ત્રિવેન્દ્રમ ખાતે મળેલી સમસ્ત હિંદ આયુર્વેદિક કોંગ્રેસના ૪૦ મા અધિવેશન પ્રસંગે થયલા ભાષણોમાં આયુર્વેદને સ્પર્શતા અનેક પ્રશ્નોની ચર્ચા ચાલી છે તેમાંથી આયુર્વેદના હિમાયતીઓ તેમજ વિરોધીઓ બંન્નેને ઘણું જાણવાનું બની શકે તેમ છે. ભાષણકર્તાઓ બધા નિષ્ણાત અને આયુર્વેદ પારંગત ન હોય છતાં તેઓ અનુભવી હતા તે જોતાં, તેમણે પોતાના અનુભવ અને વાંચનને આધારે કહાડેલા ઉદ્દગાર સ્વતંત્ર વિચાર માગી લે છે એમ લાગ્યા વિના રહેતું નથી. અધિવેશનનું ઉદ્ઘાટન મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી. મોરારજી દેશાઈએ કર્યું હતું. તેમણે એ પ્રસંગના પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે જો આ દેશની જનતાની તનદુરસ્તી જાળવી રાખવી હોય તો આયુર્વેદનો વધુ ને વધુ ઉપયોગ કરવો પડશે અને આયુર્વેદના ધંધાદારી વૈદ્યરાજોની સેવાનો લાભ લેવો પડશે. હિંદની જનતાનો પિંડ હિંદના અન્ન અને પાણી પર બંધાયલો છે તે જોતાં તેને હિંદમાંજ ઉત્પન્ન થયલી ઔષધિ વધુ માફક આવે તે સમજી શકાય તેમ છે. આયુર્વેદ જૂનું શાસ્ત્ર છે અને તે અનુભવ પર રચાયું છે તેમાં છેલ્લી ઢબના સુધારા કરી તેને અદ્યતન બનાવવામાં આવ્યું નહિ હોય છતાં જ જમાનામાં રચાયું હશે તે જમાનાની સ્થિતિ અને સંયોગો ધ્યાનમાં લઈ રચાયલું હોવું જોઇએ તેમાં અત્યારે પણ ઝાઝો ફેરફાર થયો નથી તે હવે કરવાની અગત્ય ઉભી થઈ છે પશ્ચિમનું તબીબી શાસ્ત્ર પશ્ચિમના અનુભવ અને પશ્ચિમની જનતાને અનુકુળ આવે એવી રીતે રચાયું છે તે હિંદની આબોહવા અને જનતાની નીતિરીતિ અને સંયોગોને અનુકુળ ન આવે તે સમજી શકાય તેવું છે છતાં પરદેશી અમલને પ્રતાપે પરદેશી તબીબી વિદ્યા આ દેશમાં ફુળી ફાલી છે અને તબીબો જામી ગયા છે તેમને એકદમ કહાડી નાખવાનું કદાચિત મુશ્કેલ હશે કારણ કે લોકોનો એક વર્ગ તેનાથી ટેવાઇ ગયો છે તેમનું સ્થાન આયુર્વેદ અને વૈદ્યોને આપવાના પ્રયત્ન થઈ રહ્યા છે અને કેટલાક પ્રાંતોમાં ત્યાંની સરકારોએ આગેવાની લીધી છે પરંતુ જે રીતે કામ લેવાય છે તે સામે અધિવેશનના પ્રમુખ પંડિત શિવશર્માએ વાંધો ઉઠાવી આખી પદ્ધતિ જ ફેરવી નાખવાની ભલામણ કરી છે તે પર પ્રાંતોની સરકારોએ વિચાર કરવાનો છે. પંડિત શિવશર્માજીએ જણાવ્યું છે કે આયુર્વેદનું શિક્ષણ આપવાના કાર્ય પર પશ્ચિમના તબીબી વિદ્યા જાણનારા તબીબો દેખરેખ રાખે છે અને સરકાર તેમની સલાહ પ્રમાણે વર્તે છે, પણ ખરી રીતે આયુર્વેદનું શિક્ષણ આપવાનું અને તેને લગતી વ્યવસ્થા અને ગોઠવણ કરવાનું કાર્ય આયુર્વેદના જાણકારોને સોંપાવું જોઇએ. તેમણે સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું છે કે દેશમાં આયુર્વેદના શિક્ષણ પર પશ્ચિમી તબીબી વિદ્યાના જાણકારો એટલે એલોપથીનો અંકુશ નિકળી જવો જોઈએ. પશ્ચિમી તબીબી વિદ્યા જાણનારાઓને પોતાની વિદ્યા માટે પક્ષપાત હોય અને આયુર્વેદ પ્રત્યે તેઓ સુગ ધરાવે અને તે કારણે આયુર્વેદનો પુનરૂદ્ધાર થવા ન દે તો તે સમજી શકાય તેમ છે, જો કે પશ્ચિમી તબીબી વિદ્યાના અભ્યાસી ડોકટરોને પણ હવે આયુર્વેદનો રંગ લાગ્યો છે અને તેમણે તેનો લાભ લેવા માંડયો છે. અત્યાર અગાઉના યુગમાં વૈદ્યો અને ડોકરો એક બીજાની સાથે મળીને કામ કરતા હતા અને દર્દીની સ્થિતિ ગંભિર બનતાં એક બીજાની સલાહ લેતા હતા. પંડિત શિવશર્માએ જણાવ્યું છે કે આયુર્વેદનું શિક્ષણ અને તેનો વહિવટ કરવાનું કાર્ય આયુર્વેદના જાણકારોને સોંપવામાં નાહિ આવે ત્યાં સુધી આયુર્વેદની પદ્ધતિ પ્રગતિ થઇ શકશે નહિ અને આયુર્વેદનું શિક્ષણ આપવા પાછળ

રાષ્ટ્રનું નાણુ ખર્ચાશે તે વ્યર્થ જશે. તેમણે કહ્યું કે આયુર્વેદનું શિક્ષણ આપવા પર ડૉકટરોનો અંકુશ છે તેમને કહાડીને તે કામ આયુર્વેદ નિષ્ણાતોને સોંપાવું જોઇએ. તેમણે કહ્યું કે કેટલાક રાજ્યોમાં આયુર્વેદની શોધખોળ થઈ રહી છે પણ તે નામની આયુર્વેદિક છે કારણ કે જડીબુટીના અખ્તરા કરાય છે તેને શોધખોળ નામ અપાઈ રહ્યું છે. હિંદની સરકારના સુખ શાંતિ ખાતાં સામે પંડિત શિવશર્માએ ફરિયાદ કરી જણાવ્યું છે કે એ ખાતાની સમિતિ અને તેની પરિષદમાં આયુર્વેદના જાણકારોના પ્રતિનિધિઓને સ્થાન નથી. આયુર્વેદના ઉદ્ધાર માટે તેમણે કેટલીક સુચના કરી છે તેમાંની મુખ્ય એ છે કે આયુર્વેદ નિષ્ણાતોની બોર્ડ સ્થાપવી. વડી સરકારના સુખ શાંતિ ખાતામા આયુર્વેદ નિષ્ણાતોના પ્રતિનિધિઓને સ્થાન આપવું, આયુર્વેદનો વહિવટ કરવાનું કામ તેના જાણકારોને જ સોંપવું અને આયુર્વેદના વહિવટમાં ડૉકટરોને સ્થાન છે તેમને વિદાય આપવી. તેમના કહેવાનો ભાવાર્થ એ છે કે આયુર્વેદનો ઉદ્ધાર જેમને આયુર્વેદ માટે પ્રેમ કે લાગણી નથી તેમને હાથે થશે નહિ, પણ આયુર્વેદના જાણકારોને જ હાથે થશે.

હિંદની જનતાને આયુર્વેદ વધુ અનુકુળ આવે તેમ છે તેથી તેને તેનો વધુ ને વધુ લાભ મળે તે ઇચ્છવા યોગ્ય છે. પંડિત શિવશર્મા એ દિશામાં પગલાં ભરી આયુર્વેદના ઉદ્ધાર માટે જે લડત ચલાવી રહ્યા છે અને તેને પરિણામે આખા હિંદમાં આયુર્વેદ માટે જે લાગણી અને પ્રેમ પ્રગટી નિકળ્યા છે તે માટે તેમને જરૂર ધુન્યવાદ ઘટે છે છતાં આયુર્વેદને જમાનાની સાથે લાવવાની અને નવી નવી શોધખોળનો પણ લાભ લેવાની જરૂર છે તે પણ તેઓ સ્વીકારે છે, પરંતુ આ એવો મહાન વિષય છે કે તે માટે રાજ્યાશ્રય અને ભારે પરિશ્રમની જરૂર છે. આયુર્વેદિક કોંગ્રેસ અધિવેશનમા વૈદ્યરાજો અને સુખ શાંતિ ખાતાના પ્રધાનોએ હાજરી આપી હતી અને તેમાંના અનેકે પોતપોતાના વિચાર અને અભિપ્રાય દર્શાવ્યા હતા. ત્રાવણકોર અને કોચીનના આગલા મુખ્ય પ્રધાન શ્રી. પટમાયાનુ પિલાઇએ આયુર્વેદિક કોંગ્રેસ અધિવેશનમાં ભાષણ કરતાં આયુર્વેદ અને પશ્ચિમની તબીબી વિદ્યાને એકઠી કરવાની સુચના કરી જણાવ્યું હતું કે મોડા વહેલાં તે તેમ કર્યા વિના ચાલવાનું નથી. આયુર્વેદ આપણા દેશનું શાસ્ત્ર અને વિદ્યા છે તેથી તેના પ્રત્યે અંધ ન બનતાં બાહેરનું જ્ઞાન સારૂ અને લાભદાયક હોય તો તેને પણ અપનાવી લેવાની તેમણે સલાહ આપી હતી. આપણું જ બધું સારૂ અને બાહેરનું બધુંજ ખોટું એ લાગણી અને શ્રદ્ધા અમુક સંજોગો વચ્ચે વખાણવાલાયક છે છતાં બાહેરનું ગમે તેવું સારૂં હોય છતાં તેનો સ્વીકાર નહિ કરવાનો દુરાગ્રહ આ જમાનામાં પાલવી શકે તેમ નથી. આયુર્વેદ આપણા દેશની આબોહવા જોતાં આપણે માટે વધુ અનુકુળ આવે એમ છે એ ખરૂં છે છતાં આયુર્વેદને જમાનાની સાથે રાખવા માટે નવા નવા પ્રયોગો અને શોધખોળોનો લાભ પણ તેને આપવાનો છે અને આયુર્વેદના જાણકારોએ આયુર્વેદના ક્ષેત્રમાં વધુ ને વધુ શોધખોળ કરવાની તે પણ ભુલાવું જોઇતું નથી. નવી નવી શોધખોળ અને અતખરા માટે સંસ્થાઓ અને સાધનોની જરૂર છે આયુર્વેદ કોંગ્રેસની વિદ્યાપીઠ પરિષદને પ્રમુખપદેથી ભાષણ કરતાં શ્રી. બી. વી. ડગવેકરે આયુર્વેદના ઉદ્ધાર અને પ્રચાર માટે આયુર્વેદિક યુનિવર્સિટી સ્થાપવાની સુચના કરી હતી. આયુર્વેદિક કોલેજો તો હવે સ્થપાતી જાય છે પણ એ બધી કોલેજોને સાંકળી લેવા અને એક બીજાને પરસ્પર સમાગમમાં લાવી એકના જ્ઞાનનો લાભ બીજાને આપવા માટે યુનિવર્સિટિ જેવી સંસ્થાની જરૂર છે. અત્યારે આયુર્વેદિક કોલેજો છે અને તેમાં

શોધખોળ અને પ્રયોગો થાય છે ખરા, પણ પંડિત શિવશર્માએ જણાવ્યું છે તેમ ત્યાં થતી શોધખોળ અને પ્રયોગો ફારસરૂપ છે શ્રી. ડેગ્વેકરે જણાવ્યું હતું કે આયુર્વેદિક યુનિવર્સિટી સ્થાપવાનું અશકય નથી, એકલા વૈદ્યો મદદ કરે તો પણ એ દિશામાં ઘણું થઈ શકે તેમ છે. આયુર્વેદિક કોંગ્રેસ અને તેના સ્તંભોનો સાથ શોધવામાં આવે તો એ દિશામાં ઘણું થઈ શકે તેમ છે. શ્રી ડેગ્વેકરે જણાવ્યું હતું કે આયુર્વેદમાં વાઢ કાપની વિદ્યાનો પણ સમાવેશ થાય છે પણ એ વિદ્યા અત્યારે પુસ્તકોમાં જ રહેલી છે તેને બહાર લાવવાની જરૂર છે. આ સુચના ગંભીર વિચારણા માગી લે છે. પશ્ચિમની તબીબી વિદ્યાના જાણકારો કહે છે કે આયુર્વેદમાં વાઢ કાપ નથી તેથી વાઢકાપ યોગ્ય દર્દોની સારવાર માટે લોકોને પશ્ચિમની તબીબી વિદ્યાનો આશ્રય લેવો પડે છે. શ્રી. ડેગ્વેકરે જણાવ્યું છે તેમ આયુર્વેદમાં વાઢકાપને સ્થાન હોય અને છેજ તો તે પર પ્રકાશ પાડવાની તેને બાહેર લાવવાની અને તેના અખ્તરા કર્યા પછી તેને વ્યવહારમાં મૂકવા કોલેજો સ્થાપવાની જરૂર છે તેની ભાગ્યે જ કોઇ ના પાડશે.

પચવી શકશે

વિદ્યાપીઠ પરિષદ અધિવેશનનું ઉદ્‌ઘાટન ત્રાવણકોર યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચેન્સેલર શ્રી. પી. આર. પરમેશ્વર પાણીકરે કર્યું હતું તેમણે પોતાના ભાષણમાં એવી સુચના કરી હતી કે આયુર્વેદમાં નવો પ્રાણ પૂરવા માટે તેનો અભ્યાસ નવી અને આધુનિક ઢબે કરાવવો ઘટે છે. આયુર્વેદનો ઉદ્ધાર તેની પોતાની રીતે જ થવો જોઈએ એવા વિચાર અને માન્યતાનો તેમણે વિરોધ કરી જણાવ્યું હતું કે આયુર્વેદ અને પશ્ચિમની તબીબી વિદ્યાને એક બીજાનો લાભ આપવામાં આવે અને એમાંથી જે સારૂ હોય તે ગ્રહણ કરવાની તક અને સગવડ આપવી જોઇએ એવી પણ શ્રી. પાણીકરે સુચના કરી હતી પણ પશ્ચિમી તબીબી જ્ઞાન મેળવનારા તબીબો આયુર્વેદમાં માલ નથી 'સાર' નથી અને તેની પાછળ વખતની બરબાદી કરવી જોઈતી નથી એમ માનતા હોય તેમને સમજાવવાનું કાર્ય સમય પર છોડવામાં આવે તો વખત વખતનું કામ કર્યા વિના રહેશે નહિ.

(મુંબઈ સમાચાર)

આયુર્વેદના ઉત્કર્ષ માટે સહૃદયી પ્રયાસો જરૂરી છે....

અ. ભા. આયુર્વેદ મહા સમ્મેલનના પ્રમુખ પં. શિવશર્માનું પ્રેરક પ્રવચન

"વૈદ્યોને હું અપિલ કરૂં છું કે તમારા હેતુને સિદ્ધ કરવા માટે ને તમારી સંસ્થાને મજબુત બનાવવા માટે સાચી અને નિસ્વાર્થ સેવા બજાવો અને એકતા જાળવી રાખીને ભંગાણ પાડનાર અનિષ્ટ તત્વોનો વિનાશ કરો."

અખીલ ભારત આયુર્વેદિક કોંગ્રેસના ચાલીસમાં અધિવેશન પ્રસગે અહીં બોલતાં વૈદ્યરત્ન પંડિત શિવશર્માએ પ્રમુખસ્થાનેથી કરેલા પ્રવચનમાં વૈદ્યોને ઉપર પ્રમાણે સલાહ આપી હતી. તેમના પ્રવચનનો સારભાગ નીચે મુજબ છે.

આયુર્વેદના પ્રખર જ્ઞાતા ગીરીજા વલ્લભ મેનનના અવસાન અંગે ભાવભરી અંજલિ આપ્યા બાદ પંડિત શીવશર્માએ જણાવ્યું કે વૈદ્યોની સામે આજે સૌથી અગત્યની સમસ્યા પશ્ચિમના મોહમાં તણાયેલા સુશીક્ષીતોના મનને ફેરવવાની છે. કારણ કે અભણને શીખવવું સહેલું છે. પણ સુશીક્ષીતને નવું શીખવવું અઘરૂં છે.

આજે આપણા સામે આયુર્વેદ મારફત ગામડામાં તબીબી રાહત, શીક્ષણ, સંશોધન અને સંચાલન જેવા વિષયો રહેલા છે. ગામડાઓમાં રહેલા ૨ લાખ જેટલા વૈદ્યોની સેવાઓનો લાભ લેવો જોઇએ અને આને માટે ફરતાં આયુર્વેદિક એક્રમો સ્થાપવા જોઇએ કે જેથી ગામડાના વૈદ્યોનું જ્ઞાન અદ્યતન રહે. આયુર્વેદીય ચિકિત્સાથી દર્દીમાં રોગનો સામનો કરવાની શકિત આવે છે. જ્યારે એલોપથીની દરેક અગત્યની દવાને અંતે વધારાની ગંભીર અસર થાય છે અને તેને માટે ખાસ તબીબી સારવાર કરવી પડે છે. એમનો નાશ કરનારી ઝેરી દવાઓને લીધે ગાત્રનાશક રોગો થાય છે. અને દરદીની તાકાત ઘટતી જાય છે. તથા તેના આયુષ્યમાં પણ ઘટાડો થાય છે. વળી દરદી જ્ઞાનતંતુઓના રોગો, મગજ ખાલી થઇ જવું. નાડી દુર્બળ બનવી તથા મનોવિકૃતિ જેવા રોગોનો ભોગ થઇ પડે છે.

એલોપથીની ચિકિત્સાઓ લેનાર દર્દીની કીડની, લીવર, નસો વગેરે ધીમે ધીમે નાશ પામે છે. પ્રજાને સલ્ફો નામાઇડઝ, સેલીસીલેટસ તથા બારબીટયુરેટસની ઝેરી દવાઓમાંથી બચાવવા જોઇએ અને તેમને વન પુષ્પ સ્વવન પ્રાશ, લક્ષ્મીવિલાસ રસ જેવી નિર્દોષ દવાઓ આપવી જોઇએ.

આયુર્વેદના વિકાસને રૂંધવા માટે છેલ્લા ૩૦ વર્ષ દરમિયાન થયેલ પ્રયાસોનું તેમણે વિગતવાર વર્ણન કર્યું હતું અને જણાવ્યું હતું કે આયુર્વેદની પદ્ધતિ વધુ વૈજ્ઞાનિક છે અને તેને એલોપથીની માફક ધોરણસરની બનાવવાનો કશો અર્થ નથી.

આયુર્વેદની પદ્ધતિએ ચિકિત્સા કરાવવા માટે ઘણા મોટા ભાગના લોકો તૈયાર હોય છે. અને એમને એલોપથી કરતાં દસમાં ભાગનો સમય અને દશમા ભાગની રકમ આપવામાં આવે તો પણ ભારતના ગ્રામવાસીઓ આયુર્વેદના વિરોધીઓને ક્યાંયે ફેંકી દેશે.

એલોપથીના દોષોનું નીવારણ કરે એવી આયુર્વેદની પદ્ધતિ એજ ભાવિની સાચી પદ્ધતિ છે. પ્રાચીન સમયમા એક હજામ સામાન્ય છુરી વડે પ્રસૂતિનું ઓપરેશન કરતો હતો. એ દર્શાવે છે કે તે સમયે શરીર ઘણાં નીરોગી હતા.

સરકારે ગામડાના વૈદ્યોની સેવાનો પુરેપુરો ઉપયોગ કરવો જોઇએ અને તેને માટે યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. હાલની આયુર્વેદિક કોલેજોમાં જે શીક્ષણ અપાય છે તેમાં એલોપથીને વધુ પડતું મહત્વ આપવામાં આવે છે. એ શીક્ષણનું સંચાલન એલોપથીના દાકતરોને હસ્તક હોય છે. આવી કોલેજોમાંથી બહાર પડતા વિદ્યાર્થીઓ મોટે ભાગે એલોપથી તરફ જ ઢળે છે આવા સ્નાતકો ભાગ્યે જ આયુર્વેદિક પદ્ધતિથી ચિકિત્સા કરે છે એમ જણાયું છે.

આયુર્વેદિક શિક્ષણની વ્યવસ્થા એવી રીતે થવી જોઈએ કે શરૂઆતના સાડા ત્રણ વર્ષ સુધી માત્ર આયુર્વેદનો જ અભ્યાસ થવો ઘટે અને બાકીના દોઢ વર્ષમાં એલોપથીમાંથી સામાન્ય ઓપરેશન સુવાવડ અને રસી મુકવી વગેરે શીખવવું જોઇએ. આવા વિદ્યાર્થીઓ માટે ઓપરેશનની બાબતમાં સિદ્ધાંતો કરતાં વ્યવહારૂ શિક્ષણને મહત્વ મળવું જોઇએ. આવા વિદ્યાર્થીઓ માટે નક્કી કરવામાં આવતાં પાઠ્ય પુસ્તકો પણ બહુજ કીંમતી હોય છે. તેને બદલે ડૉ. કેનેથ વાકરના શરીરશાસ્ત્ર જેવાં સસ્તાં પાઠ્ય પુસ્તકો નક્કી કરવા જોઈએ.

સંશોધન

આયુર્વેદનું સંશોધન એલોપથીના એવા ડાક્તરોને સોંપવામાં આવ્યું છે જેઓ આ બાબતમાં કશું જાણતા નથી અને જેઓ આયુર્વેદના કટ્ટર દુશ્મનો છે. ૧૫૦ વર્ષ દર્મયાન એલોપથીને રાજ્યનો આશ્રય મળવા છતાં પણ સંશોધનની બાબતમાં એલોપથી વાંઝણી જ રહી છે અને એક પણ નવી દવા શોધી કાઢવામાં આવી નથી અથવા એક પણ નવા પ્રકારનું ઓપરેશન કરવામાં આવ્યું નથી.

આયુર્વેદના એક જાણીતા વિદ્વાનને ભારતની સરકારની આયુર્વેદની સંશોધન સંસ્થા તરફથી આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ આ વિદ્વાનને સંશોધન બોર્ડના પ્રમુખનું સંસ્કૃત પુસ્તક સુધારવા આપતાં તેમાં એટલી બધી ભુલો જણાઇ હતી કે તેમણે સુધારવાની જ ના પાડી બતી અને તેને લીધે સંશોધનનું તમામ કામકાજ બંધ કરી દેવામાં આવ્યું ?

આ ઉપરાંત મુંબઇની આયુર્વેદ સંશોધન બોર્ડ તરફથી આયુર્વેદમાં જાહેર આરોગ્ય નામનું પુસ્તક પ્રગટ થયું છે. એની વિચીત્રતા એ છે કે તેમાનું મુળ અંગ્રેજી ભાષાંતર પહેલાં લખાયું છે. અને સંસ્કૃત વિષય માત્ર પાછળથી અંગ્રેજીના અનુવાદરૂપે પ્રકટ કરવામાં આવ્યો છે.

જ્યાં સુધી વૈદ્યો સરકારના આવા પ્રયાસો સામે વિરોધ નહિ કરે ત્યાં સુધી આયુર્વેદનો ઉદ્ધાર નહિ થાય. આયુર્વેદનું સંશોધન માત્ર એલોપથીના લાભ માટે જ થઇ રહ્યું છે. એલોપથીની પદ્ધતિએ આયુર્વેદિક દવાઓ ધોરણ સરની બનાવી શકાય નહિ. સરકારે આયુર્વેદનો નાશ કરવા માટે જે ભાંગ ફોડ ચાલે છે તેનો ગંભીર વિચાર કરવો જોઇએ. સરકારે ખાનગી મંત્રણાઓ ચલાવવાનું છોડી દેવું જોઇએ અને આયુર્વેદિક ચિકિત્સકોને વિશ્વાસમાં લેવા જોઇએ. અને તેમના પ્રતિનિધિઓનેજ આયુર્વેદના સાચા પ્રતિનિધિઓ ગણવા જોઇએ. આયુર્વેદના ઉદ્ધારનો દંભ કરનારા અને અનેક મુખે વાતો કરનારા કહેવાતા આયુર્વેદના ઉદ્ધારકોને દુર કરવા પડશે.

આયુર્વેદ અને યુનાની પદ્ધતિની સરખામણી કરતાં તેમણે જણાવ્યું હતું કે યુનાની પદ્ધતિ આયુર્વેદમાંથી જ ઉતરી આવી છે અને તેનો જ એક ભાગ છે. આ હકીકત સીદ્ધ કરવા માટે તેમણે અનેક સત્તાવાર ઉદાહરણો ટાંકયા હતા.

વૈદ્યોને ઉદ્દેશીને તેમણે કહ્યું કે સંકુચિત પ્રાંતવાદ છોડી દેવો જોઇએ અને અલગ અલગ સંસ્થાઓ સ્થાપવાને બદલે એક સાથે મળીને અને એક અવાજે કામ કરવું જોઇએ.

પ્રમુખપદના પોતાના રાજીનામાં અંગે બોલતાં તેમણે જણાવ્યું કે એકજ વ્યકિત પર આધાર રાખવાને લીધે આયુર્વેદિક કોંગ્રેસ રોગીષ્ઠ બની જશે. હું આપને ખાત્રી આપું છું કે આયુર્વેદિક કોંગ્રેસ અને આયુર્વેદ માટેનો મારો પ્રેમ એવોને એવો જ રહેશે અને મારા પછી પ્રમુખપદે આવનાર વ્યકિતને હું પુરેપુરો સાથ અને સહકાર આપીશ.

बालशोष (सूखारोग) और चिकित्सा

वैद्य विशारद त्यागी त्रिवेणीदास आयु

दो शब्द :–देशमें प्रतिवर्ष लाखों बच्चोंकी मृत्युका हेतु यह दुष्ट रोग (सूखा) भी बन जाता है, बालशोषरोगका मूल कारण अब तक भ्रममेंही पड़ा है। यही इस रोगके नष्ट होनेमें बाधक है। यदि इसका सम्यक् प्रकारेण कारण ज्ञात हो जाय तो फिर रोग नाश होनेमें देर कहाँ? महर्षि कश्यपने इस रोगका वर्णन "फक्करोग" के नाम से ही किया है। इसे तीन भेदों में विभक्त करते हुए उन्होंने लिखा है।

और जो बालक एक वर्षका हो करभी इतना क्षीण हो गया है कि वह अपने पैरों के सहारे खड़ा नहीं हो सकता और चलनेमेंभी असमर्थ है वह फक्करोगसे पीड़ित है। इसका कारण बच्चे को दूध पिलानेवाली धात्रीका दुध यदि कफ दोषसे दुआ हुवा है तो वह बालकके अन्दर जाकर अनेक प्रकारके बहु लक्षणयुक्त रोग उत्पन्न कर देगा और बालक दिनप्रतिदिन क्षीण होता हुआ "फक्करोगसे" ग्रसित हो जायगा ॥ १ ॥

गर्भिणी मातृकः क्षिप्रं स्तन्यस्य विनिवर्तनात्।
क्षीयते म्रियते वापि स फक्को गर्भ पीडितः॥

और जब बालक की माता पुनः गर्भिणी हो जाती है तब उसका दूध दूषित हो जाता है, यदि बालक गर्भिणी माताका दूध पीता रहता है तो बीमार होकर क्षीण होना आरम्भ हो जाता है, यदि दूध छुड़वा दिया जाता है और अन्य दूध (गाय बकरी आदि) पर उसका पालन किया जाता है तो कुछ कालके लिये पशु दूध सात्म्य न होने पर बच्चेको हरे पिले दस्त और वमन शुरु हो जाते है, इस प्रकार भी बच्चा क्षीण होकर "फक्करोगी" बन जाता है, यदि भली प्रकारसे उसका उपचार और चिकित्सा आदि नहीं की जाती तो उसके काल कवलित होनेमें भी सन्देह नहीं होता। जो बालक माताके गर्भमें है, उसका भी पोषण पूर्ण रूपेण नहीं हो पाता यदि माता दूसरे बालक को दूध पिलाती रहे, इस प्रकार वह गर्भमें ही सूखने लग जता है, गर्भस्थ बच्चा बीमार होता ही है साथ २ माताका स्वास्थ्य भी गिरने लग जाता है। ऐसे बच्चे जन्म लेने के पश्चात भी स्वस्थ नहीं रहते तथा उनकी अकाल मृत्यु हो जाती है ऐसे बच्चेको गर्भपीड़ित फक्करोग कहते है ॥ २ ॥

और निज और आगन्तुक ज्वर आदि व्याधियों से पीड़ित हुआ वह बालक अनाथकी तरह दुःख पाता हुआ क्षीण हो जाता है, जो बालक कुछ दिन पहले हृष्ट-पुष्ट और बलवान था, जिसकी एक मन्द मुस्कान पर मातापिता अपने आपको न्योछावर कर देते थे, उसे ही रोगोंने इतना धर दबाया कि उसका मांस सूख गया, हाथ पैर चलाने की शक्ति जाती रहती है, कान्तिका नामो निशान मिट गया, नितम्ब प्रदेश, जोकि शरीरका सबसे अधिक मांसल प्रदेश होता है, वह क्षीण होकर लटकने लग गया, जंघायें और बाहु सुख गये, इन सब शाखाओं के सूख जाने से शिर और पेट बहुत बड़ा दिखाई देने लग गया, आंखोंकी ज्योति क्षीण हो गयी और ऐसा प्रतीत होने लगा मानो वहां पीलेपनने अपना राज्य जमा लिया हो, बिस्तर परही मलमूत्र कर देने के कारण अत्यन्त सफाई रखते हुए भी मक्खियां चारो और मण्डराने लगी, दुर्बल होजानेके कारण शारीरिक चेष्टाएँ मन्द हो गई और स्फूर्ति भाग गई, अब स्वभाव भी चिड़ चिड़ा हो गया, बात २ पर जिद् करने और रोने लगा, इन लक्षणों से युक्त बच्चेको हम व्याधिजनीत "फक्करोग" से पीड़ित कहेंगे ॥ ३ ॥

आधुनिक पश्चात्य चिकित्सा शास्त्रके अनुसार यह रोग शरीरमें कैल्शियम विटामिन 'ए' और विटामिन 'डी' की कमी के कारण उत्पन्न होता है, ऐसे स्थान जहा पर सूर्यकी किरणें न पहुंचती हो और वातावरण गन्दा रहता हो, माताके पूर्णरूपसे आहारमें पोषक तत्व न मिल रहे हों, वहां बच्चोंको यह बालशोष अथवा फक्करोग होता है।

रोगके प्रधान लक्षण :–जब बालक लगातार २–४ दिन नासिका, कर्ण मींसे या खुजलाये, अकारण कराहें या कांखे, तन्द्रा या निद्रा (सुषुप्ति)

अवस्था जैसा सुस्त रहे, अरुचि शारीरिक दुर्बलता नेत्रोंकी झपक देखपड़े तो समझ लेना चाहिये कि सूखा रोग आरम्भ हो गया, अब क्रमशः बालक सूखता चला जाता है, कानकी गदेली (बूट) दबाने से बालक रोता और चीखता भी नहीं, ब्रह्म तालुमें गढा पड़ जाता है, और उसकी हरकत बढ़जाती है, शरीरमें यत्र-तत्र झुर्रियां पड़जाती हैं, यह रोगकी अंतिम दशायें है, रक्त तो बिलकुल रहता नहीं, हरे पीले दस्त, दूधका वमन, मन्द ज्वर इस भीषण रोग के स्पष्ट लक्षण है, और रोग ग्रसित बच्चेके मरी हुई मक्खी किसी चीजमें खिलाई या पिलाई जाय यदि वह हजम हो जाय तो सूखा रोग है, और उलटी हो जाय तो रोग नही जानो और हाथकी हथेली को रगड़कर सुँघना चाहिये यदि मछलीके समान गन्ध आवे तो सूखा रोग है अन्यथा रोग नहीं है, अथवा रोगीके तालुवोमें नवसादर १ मासा, गुड़ ६ मासा दोनों को मिला टिकिया बना तालु पर रखो और बांधो यदि रोग होगा तो झट उठजायगी नही तो टिकड़ी ज्यों का त्यों बनी रहेगी, इत्यादि परिक्षाएँ हैं।

१ उपचार और चिकित्सा :—यदि रोगके निदानमें भ्रम हो तो एक विधि और हम लिख रहे हैं, उसमें पहचान भी होगी और रोग से मुक्ति भी होगी, यद्यपि यह प्रयोग हिंसात्मक है किन्तु फिर भी शारीरिक शास्त्रोंमें समस्त जीवधारियों से अधिक मानव जीवन का मूल्य आंका गया है, अतः सफेद मुर्गी का एक अंडा लेकर तोड़ डाले और उसके अन्दर के सिर्फ पीतता (जर्दी) को एक कम्बल या पत्ते के ऊपर रख देवें, पश्चात सूखा रोग वाले बच्चेको उसी जर्दी के ऊपर बिठा देवे। अगर जर्दी गुदा के स्थानसे होकर पेटमें चली जाय तो वह अवस्था सूखारोगकी है, ऐसा ही प्रयोग एक सप्ताह करने से बच्चा स्वस्थ हो जायगा, बीचमें कुछ ज्वर होगा किन्तु कोई हानि नहीं, और शरीर पर नारायणतेल की मालिस करें.

२ बालशोष रोगमें बालकको सुखी हवामें टहलावे और गलेमें देशी कपुर १ तोला बांधदेना सहन होने पर स्नान कराना धूपमें रखकर या तौलिया (कपड़ा) भीजा के पोंछ लेना चाहिये, इसके पहले लाक्षादितेल मालिस कर स्नान कराना लाभदायक होगा और हो सके तो हरी गिलोयके रसमें कपड़ा भीगोकर सुखाया हुआ कपड़े या स्वच्छ कपड़े पहनाना लाभकारी है, जिस घरमें बालक रहता हो उस घरमें धूप गुगळ की धूनी करनी चाहिये, माता हरि चीजसें परहेज रखे माता महेनत का काम करके तुरन्त दूध न पिलावें दूध शुद्ध होना चाहिये।

३ कीड़ा निकालने की बूटी: तलावकी हरी काई स्याह मकोय के पत्ते हरा पान और गेरु पानीमें पीसकर लुगदी बनावे पिंडोरा पिसकर पीठ पर लेप करे ऊपरसें लुगदीको रीढ पर मलें. पानी डालते जाय मलते जाय कीडे निकलेंगे उन्हें जल्दी २ बीनकर पीठ पोंछ लेवे. यह क्रिया रवि. मंगलको करे बहुत जल्दी सफल होगी। दूसरा आपामार्ग, ओंगा, लटजीरा, आंधीजाड़ा विगेरे एक बूटीका नाम है, इसके पत्ते और नागरवेलके पान काथा चूना लगाया हुआ दोनों मिला मुंहसे चवाना और पिक् (जो चवानेसे रस निकले वह) पीठ की हड्डी जो सिद्धि मेरुदंड आकारकी है उसके उपरके भागमे रस रगडते जावे और कीडे निकले उसे चुटकीसे लेते जावे रगड़नेका कार्य आस्ते २ करे यह क्रिया जब तक कीडे निकलते जाय वहांतक प्रतिदिन ५ से १० मिनिट तक करे, रविवारसे शुरु करें लाभकारी होगा। अथवा तीसरा-चोकीया सोहागा आधा शेका आधा कच्चा बराबर काली मीर्च लेकर पीसो कुंवारपाठा के रससे खरल कर चने प्रमान गोली बनालो बाद एक पान कथा चूना लगाया हुआ उसमे १ गोली मिला पीठकी हड्डी पर मलो इस क्रियासे भी कीडे निकलने लगेंगें उसको चुटकी से उठाते रहो और प्रतिदिन वही गोली १-१ शाम शुवह गरम पानीसें बालक को खिलाओ बीस दिनमें बालक हृष्ट-पुष्ट होजायगा।

બે ઘરગથ્થુ ઔષધો

લેખક: શ્રી. બાપાલાલ ગ. વૈદ્ય

('ગૃહમાધુરી' પત્રમાં શ્રી વૈદ્ય બાપાલાલ ગ શાહે હમણાં ઘરગથ્થુ ઔષધોની નવી લેખમાળા શરૂ કરી છે તે આમજનતા અને વૈદ્યક રસિક વાચકોને ખૂબ ગમી જાય તેવી મનોહર શૈલીએ લખાયલી છે. આરોગ્યસિન્ધુ વાચકો માટે તે લેખમાળામાંથી બે હપ્તા સાભાર અને સાનંદ રજુ કરીએ છીએ. તંત્રી.)

૧
અજમો

સ્વ. ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ એક વખત મને કહેતા હતા, કે પેટના આફરા અને ચૂંક માટે મને અજમા જેવું બીજું ઉત્તમ ઔષધ એકેય જણાયું નથી. કોઈ દરદી પેટમા ગેસ, આફરો કે ચૂંકની બૂમ મારતો મારી પાસે આવે કે હું એને અજમો ચાવવાનું કહુ છું સાથે થોડુંક મીઠું યા સોડા બાઈ કાર્બ લેવામાં આવે તો સારો ગુણ જણાય છે. એનાથી વાછૂટ થાય છે, ઓડકાર આવે છે, ભૂખ પણ સારી લાગે છે. 'મે' એમને કહ્યું હતું કે આ પેટના ગેસના જમાનામાં અજમાં ઉપર એક કાવ્ય લખો' હું આજે પણ કહું છું કે જેને પેટમાં ગૅસ થતો હોય પેટ ફુગાર રહેતું હોય, વાછૂટ થતી ન હોય, પેટમા દુઃખતું હોય તેણે રોજ અજમો ખાવાનું રાખવું જોઈએ. ૦।-૦। તોલો અજમો સવાર સાંજ ચાવીને ખાઈ જવાથી પેટનો ગેસ મટી જશે અને ફુગાર પેટ પણ મટી જશે ભૂખ લાગતી ન હોય તો પણ અજમો ખાવો હિતાવહ છે. ચાવતા તીખાશ લાગે તો અજમો વાટીને ગરમ પાણી સાથે ફાકી જવો. અજમાને તુરત વાટીને જ લેવો જોઈએ. અજમાનું જૂનું ચૂર્ણ ઉપયોગમાં ન લેવું જોઈએ. મરાઠીમાં કહેવત પ્રચલિત છે કે જ્યાંચે પોટ દુખેલ તાં ઓંવા માગેલ; મરાઠી ભાષામાં અજમાને ઓવા કહે છે. ટુંકમાં ૧ પૈસાભાર અજમાનું ચૂર્ણ થોડુંક મીઠું વા સિંધાલુણ મેળવી ગરમ પાણી સાથે ફાકી જવાથી પેટનો દુઃખાવો અવશ્ય મટી જાય છે. અજમો સારક પણ છે. ઝાડો સાફ આવતો ન હોય તેવાઓએ રોજ સૂતી વખતે અજમો ચાવીને ખાવાનો રાખવો. ઝાડો જરૂર સાફ આવશે.

ભૂખ ન લાગતી હોય તો રોજ સવાર સાંજ ૦।-૦। તોલો અજમો ચાવી ખાવો અથવા ચૂર્ણ કરી સહેજ સિંધાલુણ મેળવી પાણી સાથે ફાકી જવો.

ખાઈ ઊઠયા પછી જેને દાઝરો બળતો હોય, છાતીમાં બળતરા થતી હોય તેણે ખાઈ ઊઠયા બાદ અજમો ચાવી ખાવો.

જેના પેટમાં કરમ હોય તેને રોજ અજમો ખવડાવવો. અજમાનું સત્ત્વ 'થાઈમૉલ' નામે ઓળખાય છે. આ 'થાઈમૉલ'ની કૃમિઘ્ન શકિત પ્રસિદ્ધ જ છે. ગેસવાળાએ રોજ એક નાની સળી પાનમા ખાવી હિતાવહ છે. બચ્ચું રડ રડ કરતું હોય, પેટમાં ગુડગુડાટ થતો હોય, ઝાડા કાચા થતા હોય તો અજમો અને સંચળ બન્નેને વાટી ૧-૧ વાલ પાણીમાં પાઈ દેવાં; વાછૂટ થઈને બચ્ચાંને આરામ લાગશે.

રાત્રે ખાસી આવતી હોય તો રોજ રાત્રે અજમો ચાવીને ખાવાનો રાખવો. કફ પાકી જશે, જલદી બલગમ છૂટશે.

કફમાં દુર્ગંધ હશે તો અજમાના સેવનથી મટશે. ક્ષય અને દમવાળાને માટે અજમો ખૂબ જ હિતાવહ છે.

દૂધ પચતું ન હોય, દૂધ પીધા પછી પેટ ફુગાળ થતું હોય તેને દૂધ પી ઉપર અજમો ખાવાને રાખવો. દૂધના પાચનમા અજમો ઉપયોગી છે.

વારંવાર પેશાબ કરવા જવું પડતુ હોય તેવાઓએ રોજ ૦। તોલો અજમો અને ૦। તોલો ગોળ (ગોળ જૂનો ૧-૨ વર્ષનો હોય તે જ વાપરવો જોઈએ)ના ચાર ગોળા બનાવી સવાર સાંજ થઈને પૂરા કરવા. પેશાબનું પ્રમાણ એકદમ ઓછું થવા માંડશે.

જે બાળકો રાત્રે ઊંઘમાં પેશાબ કરે છે તેવાઓને રોજ રાત્રે સૂતી વખતે બેઆનીભાર અજમો ખાવા આપવો. થોડા જ દિવસમાં બાળક ઊંઘમાં પેશાબ કરતુ અટકશે. તલ અને અજમો બન્ને આપવાથી વધુ લાભ થાય છે.

શીળવામાં અજમો અને ગોળ સાત દિવસ રોજ ખાવો. ઘણાના શીળવા આ પ્રયોગથી મટે છે. ગોળ બને ત્યાં સુધી ૧–૨ વર્ષનો જૂનો જ વાપરવો જોઇએ.

દાંત પોલો હોય ને દુઃખતો હોય તો અજમો ચાવીને એ ભાગમાં રાખવો અથવા વાટેલો અજમો ત્યાં ભરી આપવો. ઘોડાવજ ને અજમો બન્ને ચાવવાથી દાંતનું કળતર મટે છે.

ગળાના કાકડા વધ્યા હોય તો આખો દિવસ અજમો ચાવ્યા કરવો અથવા મોંમાં રાખવો.

બચ્ચું કફથી ભરાઇ જાય ત્યારે અજમાનો ખરડ કરવામાં આવે છે. સાંધા દુઃખતા હોય તો તે ઉપર અજમાની પોટીસ બાંધવાથી દરદ નરમાય છે.

પ્રસૂતા સ્ત્રીઓ માટે સુવાવડમાં સુવાની પેઠે અજમો ખાવો પણ હિતાવહ છે. અજમો ખાવાથી ભૂખ લાગે છે, વા સરે છે, કમરનું દરદ મટે છે અને કંઈ બિગાડ હોય તો નીકળી જાય છે. સુવા અને અજમો સુવાવડમાં ખાવાથી સૂતિકાજ્વરનો ડર નથી- રહેતો. પ્રસવ પછી અજમાની પોટલી ઉઠાવવાથી પણ લાભ થાય છે. સૂતિકાજ્વરમાં અજમો બહુજ લાભકારક છે. ઠંડી દઇને આવનાર તાવમાં અજમાનું સેવન કરવાથી સારો લાભ થાય છે. ટાઢિયા તાવમાં અજમો ફાકી જવાથી ટાઢ ઓછી થાય છે અને તાવ પરસેવો વળીને ઊતરી જાય છે. જ્વરની અશક્તિ ઓછી જણાય છે.

કોઇ પણ જાતની દુર્ગંધ પછી તે મોંમાંથી આવતી હોય, પાયોરિયાને લઇને હોય, પેટના સડાને લઇને અધોવાયુમાં હોય, કફમાં કે કફના ગળામાં હોય, ઘામાં હોય તો અજમો આ માટે ઉત્તમ કોથપ્રશમન (કોથ એટલે સડોઃ પ્રશમન–શાંત કરનાર. અંગ્રેજી શબ્દઃ એન્ટિસેપ્ટિક) છે. જેનું મ્હોં ગંધાતું હોય કે પાયોરિયા હોય; અધોવાયુમાં બહુ દુર્ગંધી મારતી હોય તેવાઓને હું રોજ અજમાનો ઉપયોગ છુટથી કરવાની સલાહ આપું છું. કોલેરામાં કે અતિશય દુર્ગંધ મારતા ઝાડાના રોગમાં પણ આથી કરી અજમો અત્યંત હિતાવહ છે. અજમો કોથપ્રશમન કૃમિઘ્ન અને દુર્ગંધીનાશક છે.

અજમાનો વઘાર મૂકવાનો ચાલ ખૂબ જ શાસ્ત્રીય છે. વાલમાં અજમાનો જ વઘાર ચાલે. વાલ જે અત્યંત વાયડા છે, પચવામાં ભારે છે. તેમાં રહેલા ગંધકના અતિશય પ્રમાણને લઈને આંતરડામાં ગંધક છુટો પડી તેમાંથી ‘સલ્ફ્યુરેટેડ હાઇડ્રોજન’ નામનો દુર્ગંધી મારતો ગેસ જન્મે છે જે આપણા અધોવાયુમાં–લૌકિક બોલીમાં વાછુટમાં બ્હાર નીકળે છે. અજમાનો વઘાર દુર્ગંધી અટકાવે છે, પચાવવામાં સહાય કરે છે. આંતરડાના સમસ્ત પ્રદેશને સુરક્ષિત રાખવામાં અજમા જેવું બીજું સારું ઔષધ નથી.

ડૉ. બોરી લખે છે, અજમામાં રાઈ અને મરચાંની તીક્ષ્ણતા, કરિયાતાની કડવાશ અને હિંગનો આક્ષેપનિવારક ગુણ (એન્ટિસ્પાસ્મોડિક) આ ત્રણે ગુણો સમાએલા છે. એથીજ આયુર્વેદમાં અજમાનો ગુણ કડવો, તીખો, ગરમ હોવાનું લખ્યું છે. આવા સામટા ગુણો એક જ દ્રવ્યમાં મળવા મુશ્કેલ છે.

બજારમાં અજમાનો અર્ક મળે છે, જે બાળકોની ચૂંક ઉપર, કફ ઉપર, કોઈ પણ દુઃખ ઉપર ઉપયોગમાં લેવાય છે.

અજમાની ચાર જાતો છેઃ

(૧) અજમોઃ જે આપણે ખાઈએ છીએ તે.

(૨) ખોડી અજમોદઃ દાણા જરા મોટા થાય છે.

(૩) કીરમાણી અજમોઃ કાશ્મીર તરફ બહુ થાય છે અને એમાંથી જ પેટના કૃમિની અકસીર દવા સેન્ટોનીન કાઢવામાં આવે છે. કિરમાણી અજમો

કૃમિઘ્ન છે. જેના પેટમાં કરમ હોય તેને કિરમાણી અજમો ગોળના પાણીમાં રોજ પાવો. (૪) ખોરાસાની અજમો: આ અજમો ઘેન લાવવા માટે વપરાય છે. એમાંથી ઈંજેક્શનો બને છે. દવામાં વપરાય છે જેને ઊંઘ ન આવતી હોય તેને ૧૦ થી ૧૫ ગ્રેન જેટલો ખોરાસાની અજમો પાણી સાથે ફાકી જવો, ઊંઘ આવશે.

ટૂંકમાં અજમો સારી ઘરગથ્થુ દવા છે. અને એનો ઉપયોગ કરવાથી આજે દવા પાછળ નાહકના પૈસા લોકો વેડફે છે તે બચી શકે એમ છે.

૨
લીંડીપીપર

પીપર, મરી, નાગરવેલ, ચીનીકબાલા એ એક જ વર્ગની વનસ્પતિ. પીપરની બે જાત આવે છે. બંગાળી પીપરમાં તીખાશ ઓછી હોય. ગુજરાતમાં ગણદેવી, નવસારી વગેરેમાં ખૂબ પીપર થાય છે. તે સ્વાદમાં તીખી હોય છે. ઔષધમાં તે જ લેવી જોઈએ. એ પાતળી, કાળી, ભાંગતાં લીલી ને જીભ પર મૂકતાં તમતમાટ ઉત્પન્ન કરે તેવી છે.

પીપર એ ગરીબોની કસ્તૂરી છે. શરદી થાય કે એક વાલ પીપરનું ચૂર્ણ મધ સાથે ચાટી જવાથી ગરમાટો આવી જાય છે. સુવાવડમાં પણ પીપર, પીપરીમૂળ વગેરે દીપન-પાચન દવાઓ હોય છે. પીપર એ ખરેખર ઘરગથ્થુ દવા છે. કોઈ ઘર એવું ન હોવું જોઈએ જ્યાં પીપર ન હોય. અનેક રોગોમાં તે વાપરી શકાય એવી સુંદર ચીજ છે. તે સ્વાદમાં તીખી હોઈ લોકો એને બહુ ગરમ ગણે છે, પરંતુ ક્ષય, દમ ને ઝીણા તાવવાળાને જે દવા અપાય તે બહુ ગરમ ન જ હોય. એ વહેમ છે. એનાથી કોઈ જાતની ગરમી-લોહી પડવું વગેરે કંઈ જણાતું નથી.

પીપર રસાયન છે. આપણામાં 'રસાયન' એટલે તાંબાની, સોમલની કે એવી બીજી ભસ્મો એવો ખયાલ રૂઢ થઈ ગયો છે તે બરાબર નથી. રસાયન એટલે રસ, રક્ત વગેરે શરીરની ધાતુઓની વૃદ્ધિ કરે, ઘડપણ દૂર રાખે, રોગો ન થવા દે તે. પીપર આ અર્થમાં રસાયન છે. આપણા દેશમાં આજકાલ પાંડુરોગ (ઍનીમિયા) ઘણો જોવામાં આવે છે. આવા ઓછા લોહીવાળા ફીક્કા માણસો માટે નીચે આપેલો પ્રયોગ સતત કરવાથી ઘણો લાભ થાય છે. ભૂખ લાગતી ન હોય, ઝીણો તાવ રહેતો હોય, શરદી વારંવાર થતી હોય, શરીર ફિક્કું રહેતું હોય, લોહી સેતું ના હોય તેવાઓ માટે આ પ્રયોગ સુંદર છે.

૧ તોલો પીપરનું ચૂર્ણ ઘૂંટી, રાતે લોખંડના એક વાસણમાં પાણીમાં કાલવીને રાખી મૂકવું. સવારમાં આ ચૂર્ણ નવટાંક પાણી સાથે પી જવું. આ પ્રયોગ એક વર્ષ સુધી ચાલુ રાખવો. લિવરનાં ઈંજેક્શનનો જે કામ નથી કરતાં તે આ સાદો પ્રયોગ કરે છે. લોહભસ્મ અને લિવરનાં ઈંજેક્શનો પાછળ પૈસા બરબાદ કરવા કરતાં આ સાદો પ્રયોગ નિયમિત કરો. પરહેજી કોઈ જાતની નથી. ખર્ચ ઝાઝું નથી, ને ગુણ બહુ છે. ઝીણો તાવ (જેને ટી. બી. ની શરૂઆત તરીકે ઓળખવામાં આવે છે એ), શરદી, ખાંસી, દમ, પાંડુરોગ વગેરે ઉપર આ પ્રયોગ અજમાવવા સૌને વિનંતિ છે. સ્વસ્થ માણસો કરે તો કોઈ જાતનું નુકસાન નથી.

પીપર ઝાડો સાફ લાવનાર ને વાછૂટ કરનાર છે, એટલે મૅસવાળા તથા હરસના દરદીઓ માટે સારી છે. હરસના દરદીએ રોજ જૂના ગોળ સાથે પીપરનું ચૂર્ણ ખાવું. ખાંસી, અજીર્ણ, પાંડુરોગ, મંદાગ્નિ, કમળો તથા અરૂચિમાં રોજ પીપર જૂના ગોળ સાથે ખાવી.

નાના બાળકો માટે નીચેનું 'બાલ ચાતુર્ભદ્ર' ચૂર્ણ ઘણું સારું છે. અતિવિષની કળી, કાકડાશીંગ, નાગરમોથ અને લીંડીપીપર આ ચારેય દવાઓ સરખા ભાગે લઈને બારીક ચૂર્ણ કરી

રાખવું. પ્રત્યેક બાળકવાળા ઘરમાં એ રાખવા જેવું છે. તાવ, ખાંસી, સસણી, વરાધ, કાચા ઝાડા વગેરે રોગોમાં આ ચૂર્ણ નિર્ભયપણે બાળકોને સવાર બપોર સાંજ ૦ા–૦ા વાલને આશરે મધમાં અથવા મધ–ધાવણમાં કાલવીને ચટાડવાથી બાળકોના સામાન્ય રોગો બધા મટે છે.

ત્રિકટુ નામ સાંભળ્યું છે? कटुનો અર્થ સંસ્કૃતમાં તીખું થાય છે. ત્રિકટુ એટલે ત્રણ તીખી ચીજોનો યોગ. સૂંઠ, મરી ને પીપર એ ત્રણ ઘરગથ્થુ દવાઓનો યોગ કરનારને હું મોટો શોધક માનું છું. જઠરાગ્નિ પ્રદીપ્ત કરી ખાધેલું પચાવવાની આમાં જે શક્તિ છે તે બીજાં ઓછાં ઔષધોમાં છે, કફ, શરદી, જૂના વખતનું સળેખમ (પીનસ), હાથીપગું આ બધા રોગોમાં ત્રિકટુ જો નિયમિત લેવાય તો દરેક કુટુંબના ઘણા પૈસા બચી જાય. ત્રિફળાની પેઠે ત્રિકટુ પણ આયુર્વેદની વિશ્વને એક અનોખી ભેટ છે.

પીપરને આયુર્વેદના આચાર્યોએ વૃષ્ય એટલે વીર્યવર્ધક–વાજીકરણ કહેલી છે. પીપર સ્વાદમાં તીખી છે. પરંતુ એનો આખરી વિપાક–મધુર છે. લીલી પીપરનું અથાણું પણ થાય છે, જે રોજ ખાવામાં સારું છે. પરંતુ લીલી પીપર કફ કરનાર છે. જ્યારે સૂકી કફનો નાશ કરનાર છે. પીપર ફેફસાના રોગો ઉપર સુંદર દવા છે. શીત અને કફપ્રધાન રોગો ઉપર પીપરની અસર અદ્ભુત છે. પ્રસૂતિના આવતા તાવમાં, સંધિવામાં ગૃધ્રસી (સાયેટિકા)ને કફજ્વરમાં પીપર રોજ મધ સાથે ચાટવી. મેદવાળાએ રોજ પીપર મધમાં ચાટવી. કોઇ પણ દ્રવ્ય બારીક પિસાય અને લાંબો વખત ઘૂંટાય તેમ તેની અભિશોષક શક્તિ વધે છે. આથી 'ચોસઠ પહોરી પીપર'ની મહત્તા છે. ચોસઠી પીપર થોડી મધમાં ચાટવાથી શરીરમાં ગરમી ને તાઝગી લાગે છે.

એક મોટી 'ગજપીપર' વેચાય છે, તે જુદી. તેની દાંડીને ચવક કહે છે. પીપરના મૂળ એ પીપરીમૂળ અથવા ગંઠોડા. આપણે ત્યાં ગંઠોડાનો વાપર ઘણો છે. સારી ગાંઠોવાળા પીપરીમૂળ પસંદ કરવાં. બજારમાં હલકી કિંમતે વેચાય છે, તે પીપરનાં ડાંખળાં. તે કંઇજ ગુણ કરતાં નથી. મોટી ગાંઠો જેવાં પીપરમૂળ જ લેવાં જોઇએ. પીપરના તમામ ગુણો એમાં છે. વિશેષ કરી ઊંઘ લાવવા માટે આનો ખાસ ઉપયોગ છે. આયુર્વેદમાં ઊંઘ આણનાર દવાનો સર્વથા અભાવ છે. આ માટે આયુર્વેદની એક દૃષ્ટિ છે કે **વાયુની વૃદ્ધિ થવાથી ઊંઘ ઊડી જાય છે.** જ્યારે **કફની વૃદ્ધિ થવાથી ઊંઘ આવે છે.** એટલે વાયુના નાશ માટે પીપરીમૂળ ઉત્તમ હોવાને લઇને તેનો ઉપયોગ કરવો. એનાથી ઊંઘ તો આવશે જ, પરંતુ સાથે સાથે પેટનો વાયુ ટળશે, ભૂખ સારી લાગશે, હૃદય નબળું હશે તો સબળ બનશે, કફના રોગો મટશે.

પીપરીમૂળનું ચૂર્ણ ૦। થી ૦ાા તોલો લઇ તેમાં બમણો ગોળ નાખી ખાવું અને ઉપરથી ભેંસનું દૂધ પી જવું. આ પ્રયોગથી ઊંઘ આવે છે.

પીપરીમૂળની ખાસ અસર ગર્ભાશય પર છે. વેણો (લેબર પેઇન્સ) ન આવતી હોય તો પીપરીમૂળની ભૂકી ઉપરાઉપરી કડક ચા કે કોફી સાથે આપવાથી વેણો ઉપડે છે અને બાળકનો પ્રસવ થઇ જાય છે. બાળક જન્મ્યા પછી પણ આપણે ત્યાં પીપરીમૂળની રાબડી અપાય છે. એનાથી ઓળ અંદર રહી ગઈ હોય તો સહેલાઇથી નીકળી આવે છે ને ગર્ભાશયનું સંકોચન સાધે છે. આથી સુવાવડોમાં પીપળીમૂળને અગત્યનું સ્થાન છે. અસેળિયાની અને પીપળીમૂળની રાબડી આપવાથી પણ જલદી પ્રસવ થાય છે. જેમ કફના રોગો અથવા ફેફસાં ઉપર પીપરનો ચોક્કસ પ્રભાવ છે તેમ પીપરીમૂળનો પ્રભાવ ગર્ભાશય ઉપર છે. સારા પીપરીમૂળથી હૃદયના રોગો ઉપર પણ સારો ફાયદો થાય છે.

બનાવટી ઔષધોનો અમાનુષી વેપાર

લેખક: શ્રી. બી. વી. પટેલ, ડ્રગ કંટ્રોલર, મુંબઈ રાજ્ય

બનાવટી ઔષધોનો વેપાર ખૂબ જ ફુલ્યો ફાલ્યો છે. એથી દરદી સાજો થતો નથી એટલું જ નહિ, એની જિંદગી સાથે, બનાવટી દવાઓ દ્વારા રમત રમાય છે. બનાવટી ઔષધો કઇ રીતે બનાવાય છે ને એની સામે શી સાવચેતી લેવી જોઇએ તે આ લેખમાં સુચવવામાં આવ્યું છે

ઊતરતી કોટીનાં અને બનાવટી ઔષધોનો વ્યાપાર છેલ્લા કેટલાંક વર્ષોથી ચાલી રહ્યો છે અને એણે સારાય દેશનું ધ્યાન ખેંચ્યું છે. હિંદુસ્તાન જેવા ગરીબ અને અનેક જાતના રોગો અને યાતનાઓથી પીડાતા દેશના વતનીઓ માટે આ કેવી આપત્તી! રોગો મટાડવા જે જે ઔષધોનો ઉપયોગ થવો જોઇતો હતો તે દવાઓથીજ પ્રજાને વંચિત રહેવું પડે છે એ કરૂણાજનક ઘટના છે.

આ બનાવટી અને હલકી કોટીનાં ઔષધોનો વેપાર કેમ ફાલી રહ્યો છે તેનાં કારણો નીચે મુજબ છે.

(૧) લડાઇ વખતે અને લડાઇ પછીથી દવાઓની આયાત ઉપરના અંકુશો.

(૨) રાતોરાતમાં લખપતી થઇ જવાની પ્રજામાં જાગેલી લોભવૃત્તિ.

(૩) સસ્તી કિંમતે ઔષધ ખરીદવાની જનતાની રોગિષ્ટ મનોવૃત્તિ.

આવાં ઔષધો બનાવનારે કે એનો વેપાર કરનારે આ બાબતનો ઉપયોગ પોતાના લાભમાં કેવો કર્યો છે તે હવે આપણે જોઇશું આ દવાના વેપારીઓ તો મોટો નફો મેળવવા માટે સતત ઉદ્યોગશીલ રહેતા હોય છે અને એથી આ લોકો તેજ ઔષધો બનાવે છે જે,

૧ અહીં આયાત–નિયમનને લઇને આયાત કરવા દેવામાં નથી આવતાં. દા. ત. ઓલેટ્રિયલ કોર્ડિયલ, વુડવર્ડ્ઝ ગ્રાઇપ વોટર.

૨ જે મોંઘી કિંમતે વેચાય છે. એવી પેનિસિલિન, સ્ટ્રેપ્ટોમાઇસીન વગેરે એન્ટિબાયોટિક્સ અને હોર્મોનની બનાવટો.

૩ જે ઘરગથ્થુ ઉપયોગમાં આવનારા ઔષધોનો ઝપાટાભેર ઉપાડ થાય છે. પેઇન બામ, ગ્રાઇપ વોટર એખી સિરપ ઇત્યાદિ

આવાં બનાવટી ઔષધોના બનાવનારાઓ પાસે કદી મેન્યુફેકચરર્સ લાયસન્સ નથી હોતું અર્થાત્ જેની પાસે રીતસરનું મેન્યુફેકચરર્સ લાયસન્સ હોય છે તેવાઓ તો કદી આવા ધંધામાં સામેલ હોતા નથી. બનાવટી દવાઓ બનાવનારા પાસે કોઇ રેગ્યુલર ફેક્ટરી તો હોતી જ નથી. એ તો એકાદ ઝુંપડી કે નાનીશી ઓરડીમાં પોતાનો દુષ્ટ વ્યવસાય કરતો હોય છે અને કોઇની નજરે ન ચઢે એટલા ખાતર વારંવાર જગા બદલતો જ હોય છે.

આવાં બનાવટી ઔષધો બનાવનારામાંથી કેટલાક પકડાયા છે અને તેમની ઉપર જે કેસો થયા છે તે કેસોમાંથી જે વિગતો હાથ આવી છે અને એ ધુર્તોએ જે ઉપાયો અજમાવેલા છે તેમાંથી નીચેની બાબતો બહાર આવી છે.

૧ શીશી, તેનું લેબલ અને ઉપરનાં ખોખાં એ બરાબર હતું પરંતુ અંદરની દવા બનાવટી હતી. એન્ટિબાયોટિક્સની બાબતમાં આવું બનતું જોવામાં આવ્યું છે.

૨ ખોખું બરાબર–અસલ–હોય પરન્તુ લેબલ અને કાર્ટન બન્ને બનાવટી હોય. કોઇને પણ વહેમ ન પડે એવા સુંદર આબેહુબ તે બનાવેલાં હોય, પરન્તુ અંદરની દવા જ બીજી હોય.

૩ લેબલ શીશી અને ખોખું બધુંજ બનાવટી હુબહુ નકલ કરીને બનાવેલું હોય ને અંદરની દવા પણ બનાવટી હોય.

૪ કેટલાક ખરા પેકિંગ્ઝ બનાવટી દવાઓમાં વાપરેલાં હોય.

આ પુરવાર કરે છે કે આ બનાવગીરો કોઈ પણ પ્રકારે અસલી શીશીઓ, લેબલો

સાથે કે લેબલો વિનાની લાવે છે લેબલો અને પેકીંગ બરાબર બનાવરાવે છે અને પછી એમાં અસલ દવાઓનો રંગ, ગંધ અને સ્વાદને મળતી આવે એવી કોઈ ભળતી દવા અંદર ભરી દે છે.

સૌ પ્રથમ આ ધૂર્તો ખાલી શીશીઓ ભેગી કરવાનું કાર્ય હાથ ધરે છે. ફેરીઆઓ દ્વારા આ કામ સરસ રીતે સધાય છે, કારણ કે લેબલ સહિત સારી હાલતમાં રહેલી શીશીઓ માટે એ સારા પૈસા ઘરાકને આપે છે. સ્ત્રીઓ આવી રીતે ખાલી શીશીઓના સારા પૈસા ઉપજે છે એથી આનંદ પામે છે પરંતુ એમને કયાં ખબર છે કે આજ શીશીઓમાં ભળતી દવાઓ ભરીને તે જ શીશીઓ તેમના ઘરોમાં જ આવે છે!

આવી શીશીઓ મેળવ્યા પછી આવા બનાવગીરો અસલ જેવા જ સુંદર લેબલો છાપી આપનાર પ્રેસની તપાસમાં રહે છે. પ્રેસનું ગોઠવાઈ ગયા બાદ અસલ દવાના રંગ, સુગંધ અને બીજા સાધનો—જેમા વડે બનાવટી દવા બનાવી શકાય એ બધું તે મેળવે છે.

હવે તેની આ બધી દુષ્ટ પ્રવૃત્તિઓ કોઈના ધ્યાનમાં ન આવી જાય એટલા માટે આ બનાવગીરો દવાઓ બનાવવાનું, તેને ભરવાનું, ઉપર લેબલ લગાવવાનું, પેકિંગ—આ સૌ કાર્યો એક જગા ઉપર બનાવતા હોતા નથી પરન્તુ કાર્ય ભિન્ન ભિન્ન સ્થળે થતું હોય છે બધું તૈયાર થયે તેને બજારમાં મોકલવામાં આવે છે.

દવાના ધંધામાં પડેલા કેટલાક હરામખોરો આવી દવાઓને બજારમાં પહોંચાડવામાં મદદ કરે છે મુખ્યત્વે આવી દવાઓ રેસ્ટોરાંવાળાઓ, ગાંધીઓ, જનરલ સ્ટોરો અને નાની દુકાનવાળાઓને વેચવામાં આવે છે બજાર ભાવ કરતાં સસ્તી કિંમત જોઈ આ લોકો તે ખરીદે છે.

સારા કેમિસ્ટો અને દવાવાળા આવા ધંધામાં કદી પડતા નથી કારણ કે તેમને દરેક દવાઓનાં રીતસર હિસાબ લખવાના હોય છે એટલે આવાઓ કદી આ બનાવટી દવાઓ ખરીદતા નથી. સારા દુકાનદારો પાસે મોટો સ્ટાક, ગોડાઉન, કોલ્ડ સ્ટોરેજ કાયદા પ્રમાણે રાખવા પડતા રેકર્ડ વગેરે હોય છે. એટલે આવાઓને ઓછી કિંમતે ઔષધો આપવા પોસાતા જ નથી આથી ઉલટું, રેસ્ટોરાવાળાઓ, ગાંધીઓ, નાના જનરલ સ્ટોરો—જેમની પાસે આમાંનું કશું જ નથી હોતું તે આવા ચલતા-પૂર્જાઓ પાસેથી સસ્તા ભાવે દવાઓ ખરીદે છે અને બજાર કરતાં સસ્તી કિંમતે દવાઓ વેચવી એમને પોષાય પણ છે. સામાન્ય પ્રજા સસ્તાપણાથી આવી દવાઓ ખરીદવા લલચાય છે.

આ બનાવટી દવાઓમાં કેટલીક વખત તદ્દન નિર્દોષ દ્રવ્યો હોય છે તો તે કેટલીક વખત ઝેરી શરીરને નુકશાન કરનાર અને અફીણ જેવી ટેવ પાડનાર દ્રવ્યો હોય છે. બનાવટી ઔષધો આમ અનપાયી હોય છે. પરંતુ આવાં જ ઔષધો રોગને અટકાવવામાં અસમર્થ હોઈ રોગીને મારી નાંખે છે. દા. ત. મેનિન્જાઈટિસના દરદીને જો સમયસર સ્ટ્રેપ્ટોમાઈસીન આપવામાં આવે તો તે બચી જવાનો સંભવ છે. પરંતુ એ સ્ટ્રેપ્ટોમાઈસીન જ ન હોય, કેવળ ગ્લુકોઝ હોય તો પછી એ રોગ કાબુમાં ન જ આવે અને દરદી મરી જાય આ જ પ્રમાણે ટાઇફોડનો દરદી જો તેને કલોરોમાઈસેટીન આપવામાં આવે તો બચી જાય, પરંતુ જો એ કેપ્સ્યુલોમાં કલોરોમાઇસેટીનની જગ્યાએ કેવળ સોડા બાઈ કાર્બ ભરેલો હોય તો દરદી મરી જાય છે.

બજારમાં મળતા ઔષધોની જાત, શુદ્ધતા, વીર્ય (સ્ટ્રેંગથ) જાળવવાનું કામ ડ્રગ કંટ્રોલરનું હોય છે, ડ્રગ કંટ્રોલર મોટી ઓફીસ આ માટે નિભાવે છે અને બનાવટી ઔષધો બનાવનારાઓની ઉપર કડક ચાંપ રાખે છે આને લઈ હમણાં હમણાં ઘણાં ઘણાં પકડાય છે અને પ્રજા

સમક્ષ આવી પ્રવૃત્તિઓ ઉઘાડી પાડવામાં આવે છે. એક માણસ લોકપ્રિય અને સુપ્રસિદ્ધ એવી ૨૦ જુદી જુદી પેટંટ દવાઓની બનાવટ કરતાં પકડાયો હવે આવા ભયંકર ગુન્હેગારને તો સખ્ત શિક્ષા થવી જોઇએ પરંતુ કાયદામાં આ માણસનો સો-બસો રૂપિયા જેવો નજીવો દંડ થયો આવા નજીવા દંડથી આવા ગુન્હા કદી ન જ અટકે.

પ્રજાને આવી દવાઓ બનાવનારાઓથી સંરક્ષવા માટે નીચેના ઉપાયો યોજવાની જરૂર છે.

૧ ડ્રગ્ઝ એક્ટ અને ઇન્ડિઅન પેનલ કોડની કલમો હેઠળ જે શિક્ષા આવાઓને થાય છે તેને સખત બનાવવાની જરૂર છે. ધુર્ત ઉપર કેસ સાબિત થતાં તેની સર્વ સંપત્તિ છીનવી લઇ તેને ભિખારી બનાવી છોડવો જોઇએ. જેથી ભવિષ્યમાં તે માનવ જિંદગીના ભોગે પાછો માતેલો બનવા ન પામે. સખત દંડ સાથે સખત કેદ પણ શિક્ષામાં હોવી જોઇએ.

૨ પ્રજા અને ખાસ કરી ગૃહિણીઓએ દવાની લેબલવાળી શીશીઓ કદી વેચવી નહિ જોઇએ, બને તો તેવી ખાલી શીશીઓને ભાંગી જ નાખવી જોઇએ.

૩ છાપખાનાવાળાઓએ પાકી ખાતરી કર્યા વિના લેબલો, ખોખાંઓ વગેરે છાપવાં ન જોઇએ.

૪ પ્રજાએ નામાંકિત કેમિસ્ટો અને દવાઓ વેચનારા પ્રમાણિક દુકાનદારો પાસેથી જ દવાઓ ખરીદવી જોઇએ અને બીજા સ્થળેથી સસ્તી દવા મળતી હોય તો પણ તે ખરીદવી ન જોઇએ.

૫ કેમિસ્ટો અને ડ્રગિસ્ટો જ ફક્ત દવાઓ વેચે તો અનિષ્ટ સહેલાઇથી ડામી શકાય.

('કુલછાબ'માંથી)

દ્વિતીય માસમાં ગર્ભનું સ્વરૂપ* બીજા માસમાં શીત (કફ) ઉષ્મા (પિત્ત) અને અનિલથી પરિપક્વ મહાભૂતોના સંઘાત સ્વરૂપ તે ગર્ભ ઘન રૂપને પ્રાપ્ત થાય છે. જો તે ગર્ભ પિણ્ડાકાર હોય તો પુરૂષ, પેશીઆકાર હોય તો સ્ત્રી અને અર્બુદાકાર હોય તો નપુંસક બને છે.

તૃતીય માસમાં ગર્ભનું સ્વરૂપ× ત્રીજા માસમાં હાથ–પગ અને શિરની પાંચ પિંડિકાઓ ઉત્પન્ન થાય છે. અને અંગપ્રત્યંગ વિભાગ સૂક્ષ્મરૂપમાં વ્યક્ત થાય છે. ચરકના મત મુજબ ત્રીજા માસમાં+ સર્વેન્દ્રિય અને સર્વ અંગ અને અવયવો એકીસાથે ઉત્પન્ન થાય છે. સંગ્રહ અનુસાર ત્રીજા÷ માસમાં સક્થિ–બાહુ અને શિરની ઉત્પત્તિ થાય છે. અને જન્મોત્તર કાલજ દન્તાદિ સિવાય સર્વ–અંગ–પ્રત્યંગો અને ઇન્દ્રિયો સ્ફુટ થાય છે.

ચતુર્થ માસમાં ગર્ભનું સ્વરૂપ૬ ચોથા મહીનામાં સંપૂર્ણ અંગ–પ્રત્યંગ વિભાગ અધિક વ્યક્ત થાય છે. ગર્ભ હૃદય વ્યક્ત થવાથી તથા હૃદય તેનું સ્થાન હોવાથી ચેતનાધાતુ પણ અભિવ્યક્ત થાય છે. એટલા માટે ચોથા માસમાં ગર્ભઇન્દ્રિયોના વિષયોમાં માતાદ્વારા પ્રાર્થના કરે છે. અને બે હૃદયવાળી સ્ત્રીને દૌહૃદિની કહે છે.

પાંચમાં માસમાં ગર્ભનું સ્વરૂપ૭ પાંચમાં માસમાં ગર્ભનું મન અધિક પ્રબુદ્ધ થાય છે. ચરક અનુસાર આ માસમાં અન્ય માસોની અપેક્ષા ગર્ભમાં અધિક માંસ અને શોણિતનો ઉપચય થાય છે. ગર્ભોપનિષદમાં કહ્યું છે કે પાંચમાં માસમાં પૃષ્ઠવંશ થાય છે અષ્ટાંગ હૃદયમાં ચેતનાની અભિવ્યક્તિ આ માસમાં બતાવી છે. આ માસમાં ગર્ભના અંગોનું જ્ઞાન–ગર્ભ હૃત્સ્પન્દન અને ગર્ભની ગતિયોનું જ્ઞાન સરળતાથી થાય છે.

છઠ્ઠા માસમાં ગર્ભનું સ્વરૂપ* છઠ્ઠા મહીનામાં અન્ય માસોની અપેક્ષાએ ગર્ભના બળ અને વર્ણની અધિક પુષ્ટિ થાય છે. આ માસમાં બુદ્ધિ વ્યક્ત થાય છે. તથા કેશ, રોમ, નખ, અસ્થિ અને સ્નાયુની અભિવ્યક્તિ તથા બળ અને વર્ણનો ઉપચય થાય છે. મુખ, નાસિકા, અક્ષિ અને શ્રોત્રની ઉત્પત્તિ થાય છે.

---

* द्वितीये शीतोष्मानिलैरभिप्रपच्यमानानां महाभूतानां संघातोघनः संजायते, यदि पिण्डः पुमान् स्त्रीचेत् पेशी, नपुंसकं चेदर्बुदमिति (सु. शा. अ. ३–१८)

× तृतीये हस्तपाद शिरसांपंचपिण्डका निर्वर्तन्तेऽङ्ग प्रत्यङ्ग विभागश्च सूक्ष्मो भवति। (सु. शा. अ. ३–१८)

+ तृतीये मासि सर्वेन्द्रियाणि सर्वाङ्गावयवाश्च यौगपद्येनाभिनिर्वर्तन्ते। (च. शा. अ. ४)

÷ तृतीये पंचधा प्ररोहन्ति तद्यथा सक्थिनी बाहुशिरश्च। सक्थ्यादिप्ररोहैककालमेव च सर्वाङ्गावयवेन्द्रियाणि युगपत्संभवन्त्यन्यत्र जन्मोत्तरकालजेभ्यो दन्तादिभ्यः क्रमेणतु स्फुटी भवन्ति (अ. सं. शा. २–१२)

६ चतुर्थे सर्वाङ्गप्रत्यङ्ग विभागाः प्रव्यक्ततरो भवति गर्भहृदयप्रव्यक्तिभावाच्चे तना धातुरभिव्यक्तो भवति कस्मात्? तत्स्थानत्वात् तस्मात् गर्भश्चतुर्थे मासि अभिप्रायमिन्द्रियार्थेषु करोति, द्विहृदयां, नारीं दौहृदिनीमाचक्षते। (सु. शा. अ. ३–१८)

७ पंचमे मनः प्रतिबुद्धतरं भवति (सु. शा. अ. ३–३०)। पंचमे मासि गर्भस्य मांसशोणितोपचयो भवत्यधिकमन्येभ्यो मासेभ्यः (च. शा. ४–२१) पंचमे पृष्टवंशो भवति (गर्भोपनिषद)। पंचमे मनः प्रतिबुद्धतरं भवति मांसशोणितोपचयश्च (अ. सं. शा. २–१४) चेतनायाश्च पंचमे। अ. हृ. शा. अ. १–५७)

સાતમા માસમાં ગર્ભનું સ્વરૂપ× સાતમાં સંપૂર્ણ અંગપ્રત્યંગો (હૃદય–ફુફ્ફુસ–અન્ય–અસ્થિ–ગુદ આદિ)નો વિભાગ અધિક વ્યક્ત થાય છે. આ માસમાં ગર્ભ સર્વ ભાવોથી આપ્યાયિત થાય છે. આ માસમાં ગર્ભ જીવનયુક્ત (અર્થાત્ પ્રસવ થાય તો જીવે છે) હોય છે. આ મહીનામાં જીવન માટે સર્વ અંગ–પ્રત્યંગોની જેટલી વૃદ્ધિ જરૂરી છે. તેટલી વૃદ્ધિ આ મહીનાના અંતમાં થાય છે. અષ્ટાંગ હૃદયમાં 'सर्वैः सर्वांगसम्पूर्णो भावैः पुष्यति सप्तमे' ની ટીકામાં અરૂણદત્તે કહ્યું છે કે तेन सर्वेण जन्म जीवन लक्षणेनार्थेनांगैश्च संपूर्णो भवतीत्यवतिष्ठते' આ વચનનો સાર એ છે કે જો આ મહીનાના અંતમાં બાળકનો જન્મ થઈ જાય તો જીવે છે. પરન્તુ તેનું ઉચિત પાલન પોષણ કરવું અધિક જરૂરી છે. પરન્તુ અકાલ પ્રસવ થવાને કારણે બાળક દીર્ઘાયુ તથા ઉત્તમ સ્વાસ્થ્યવાળો થતો નથી.

આઠમા માસમાં ગર્ભનું સ્વરૂપ+ આઠમા માસમાં ઓજ અસ્થિર રહે છે. તે સમયે જો શિશુનો જન્મ થાય તો ઓજ ન હોવાને કારણે તથા નૈઋત્ય ભાગની પ્રબળતાને કારણે તે જીવિત રહેતો નથી. નિશાચરોની વક્ર દૃષ્ટિ દૂર કરવાને માટે માસ અને ઓદનની બલિ આપવી જોઈએ

÷આ માસમા રસવાહિનીઓ દ્વારા ગર્ભસ્થ શિશુની સંપૂર્ણતા ન હોવાથી ગર્ભ માતામાંથી અને માતા ગર્ભમાંથી વારંવાર પરસ્પર ઓજનું ગ્રહણ કરે છે. તેથી જ્યારે ગર્ભિણીમાં ઓજ હોય ત્યારે તે આનંદયુક્ત બને છે અને ઓજરહિત હોય ત્યારે તે મ્લાન બને છે. તેજ પ્રમાણે ગર્ભ પણ આનંદિત અને મ્લાન બને છે. આ કારણોથી તે સમયે ઓજની અસ્થિરતાથી ગર્ભનો જન્મ દોષયુક્ત બને છે. કેટલાક વિદ્વાનોનો મત છે કે આઠમાં મહિનામાં ગર્ભનું મૃત્યુનું કારણ નિશાચરો (રાક્ષસભૂત–રજનીચર)ની વક્ર દૃષ્ટિ છે. માટે આઠમા મહિનામાં સ્નાનાદિથી શુદ્ધ થઈ ગર્ભિણી સ્ત્રીએ માસ અને ઓદનની બલિ આપવી જોઈએ. આ નિશાચરો ગર્ભના ઓજનું હરણ કરે છે. તેના શરીરનુ નહી. ચરકમાં કહ્યું છે કે ओजोशनाना रजनीचरागा-माहारहेतोर्नशरीरमिष्टम् (च. शा. २–१०) આ માસમાં ગર્ભની પ્રાણશકિત બહુજ ઓછી હોય છે. જેથી તેનો જન્મ થયા બાદ કોઈને કોઈ વ્યાધિથી તેનું મૃત્યુ થાય છે. ગર્ભોપનિષદ્‌માં કહ્યું છે કે ડઆઠમાં માસમાં ગર્ભ સર્વ લક્ષણથી સંપૂર્ણ થાય છે. નવમાં મહીનામાં ગર્ભમાં

\+ पष्ठे मासि गर्भस्य बलवर्णोपचयो भवन्यधिकमन्येभ्यो मासेभ्य (च. शा. ४–२२) पष्ठे बुद्धिः (सु. शा. अ. ३–३०) पष्ठे केशरोमनखास्थिस्नाय्वादीन्यभिव्यक्तानि बलवर्णोपचयश्च (अ. सं. शा. २–१५) पष्ठे मासे मुखनासिकाक्षिश्रोत्राणि भवन्ति (गर्भोपनिषद)

× सप्तमे सर्वांग प्रत्यंग विभागः प्रव्यक्ततरः (सु. शा. अ. ३–३०) सप्तमे मासि गर्भः सर्वैः भावैः आप्यायते (च. शा. ४–२३) सप्तमे मासे जीवने सयुक्तो भवति (गर्भोपनिषद्)

\+ अष्टमे अस्थिरी भवत्योजः, तत्र जातश्चेन्न जीवेन्निरोजस्त्वान्नैऋतभागत्वाच्च ततोबलिं मांसो-दनमस्मै दापयेत् (सु. शा. अ. ३–३०)

÷ अष्टमे मासि गर्भश्च मातृतो गर्भतश्च माता रसहारिणीभि. सवाहिनीभिर्मुहुर्मुहुरोज. परस्परत आददाते गर्भस्या सपूर्णत्वात्। तस्मात्तदा गर्भिणी मुहुर्मुहुर्मुदायुक्ता भवति मुहुर्मुहुश्चम्लाना तथा गर्भः तस्मात्तदा गर्भस्य जन्म व्यापत्तिमद्भवति ओजसोऽनवस्थितत्वात्। तं चैवार्थमभिसमीक्ष्याष्टमं मासमगण्यमित्याचक्षते कुशला. (च शा. अ. ४–२४)

ड अष्टमे मासे सर्वे लक्षग सम्पूर्णो भवति (गर्भोपनिषद)

કોઈ વિશેષ પરિવર્તન થાતું નથી પ્રાચીન આર્ષ ગ્રંથોમાં આ માસનું વર્ણન આપ્યું નથી. પરંતુ ગર્ભોપનિષદ્‌માં તેનું નીચે મુજબ વર્ણન છે.

નવમાં માસમા ગર્ભનું સ્વરૂપ* નવમાં માસમાં સર્વ લક્ષણ—જ્ઞાન અને ઇન્દ્રિયોથી સંપૂર્ણ થાય છે.

જેવી રીતે કાળનાx પરિણામને કારણે પરિપકવ થયેલું ફળ સ્વભાવથી જ વૃન્તથી છુટું પડી નીચે પડે છે. અન્યથા બીલકુલ પડતું નથી તેવી રીતે પૂર્ણ સમય થવા પર ગર્ભાશયમાં જે ગર્ભ હોય તે તે નાડીબંધ નથી વિમુકત થઈ જન્મ લે છે.

વૃક્ષ પર જે ફળ લટકી રહ્યું છે તે તુલ્યબળ પરન્તુ બે વિરૂદ્ધ દિશામાં કાર્યકરવાવાળી બે શકિતયોના આધાર પર હોય છે. જે શકિત નીચેની તરફ ખેંચે છે તે પૃથ્વીની આકર્ષણશકિત છે જે ઉપરની તરફ ખેંચે છે તે વૃન્તની અર્થાત્ વૃક્ષની શકિત છે. જ્યારે ફળ પરિપકવ થવા લાગે છે. ત્યારે તેની પરિપકવતાની સાથે વૃન્ત અને ફળનું સંયોગસ્થાન નિર્બળ થવા લાગે છે. અને જ્યારે ફળ પૂર્ણ પરિપકવ થાય છે ત્યારે તે સંગોગસ્થાન અત્યંત નિર્બળ થઇ જાય છે. આથી પૃથ્વીની આકર્ષણશકિત જે પહેલેથી જ ફળને ખેંચતી હતી તે વૃન્તને છુટું પાડી પોતાની તરફ ખેંચી લે છે. આને પતન કહે છે.+

માતાના ગર્ભાશયમાં પણ ગર્ભની ઉપસ્થિતિ બે આધાર પર હોય છે. એક ગર્ભાશય અને બીજુ નાભિનાડી. ફળના આધારની સમાન આ બે આધારો તુલ્ય બળવાળા હોતા નથી અને વિરોધી પણ નથી એનો પરસ્પર સંબંધ ઉપકારી હોય છે. ગર્ભાશય ગર્ભનું રક્ષણ કરે છે. અને નાભિનાડી ગર્ભનું પોષણ કરે છે. નાભિનાડીનો સંબંધ અપરાની સાથે હોય છે. અને અપરા ગર્ભાશયની આભ્યન્તર કલા સાથે લાગેલી હોય છે અને ગર્ભાશય ધમનિયો દ્વારા માતાના હૃદયની સાથે સંબદ્ધ રહે છે. ગર્ભની પર્યાપ્ત વૃદ્ધિ થયા બાદ ફળ વૃન્તના સંયોગની સમાન અપરા અને ગર્ભાશયના સંયોગમાં કંઇક પરિવર્તન થવા લાગે છે જેથી પ્રસવના સમયે અપરા ગર્ભાશયથી છુટી થવા લાગે છે. અને ગર્ભાશય પણ ઉત્તેજીત થાય છે. પ્રધાન કારણ એ છે કે ગર્ભાશયમાં સંકોચ થવા લાગે છે ત્યારે ગર્ભ પરિપૂર્ણ થાય છે અને ગર્ભાશયમાં રહેવાની તેને આવશ્યકતા નથી હોતી ત્યારે આ સંકોચોનો પ્રારંભ થાય છે. આ સંકોચ આયુર્વેદમતે સ્વભાવને કારણે થાય છે. આ સંકોચને કારણે પરિપૂર્ણ ગર્ભ પોતાના નાડીબન્ધનોથી મુકત થઇ અપાનવાયુની પ્રેરણાથી બહાર નીકળે છે.

गर्भस्य दोषधातु मलक्रिया वर्णनम् (સ્વપ્ન–શ્વસન–વાતમૂત્ર પુરીષ સંબધિ વિચાર)

ગર્ભની વૃદ્ધિ અત્યંત પ્રસાદભૂત રસથી થાય છે એટલા માટે તેના શરીરમાં સ્થૂલમળ ઉત્પન્ન થતો નથી ગર્ભના મલોત્પાદક અવયવ ગર્ભાવસ્થામાં નિષ્ક્રિય હોય છે જે થોડો સૂક્ષ્મ

---

* नवमे मासि सर्व लक्षणज्ञानकरण संपूर्णो भवति (गर्भोपनिषद्).

× कालस्य परिणामेनमुक्तं वृन्ताद्यथा फलम्।
प्रपद्यते स्वभावेन नान्यथा पतितं ध्रुवम्॥
एवं काल प्रकर्षेण मुक्तो नाडीविबन्धनात्।
गर्भाशयस्थयो गर्भो जननाय प्रपद्यते॥ (सु. नि. ८)

\+ आकृष्टिशक्तिश्च महीतयायत् स्वस्थगुरुस्वाभिमुखं स्वशक्त्या आकृष्यते तत्पततीव भाति। (गोलाध्याय)

મળ બને છે તે રસવાહિની દ્વારા માતાના શરીરમાં સ્થૂળ મળ બનતોજ નથી.* અથવા ગર્ભાવસ્થામાં ગર્ભના શરીરમાં મળ અલ્પ હોવાથી તથા પક્વાશયમાં રહેવાવાળા અપાનવાયુના અયોગથી (અકાર્યકારિતાથી) શિશુને વાત-મૂત્ર અને મળની પ્રવૃત્તિ થતી નથી.×

આંતરડાની શ્લેષ્મકલાના ટૂટેલા સેલો એકઠા થઈ થોડો મળ જમી જાય છે. પિત્તને કારણે એનો વર્ણ લીલો યા કાળો બને છે. આ મળનો ઉત્સર્ગ પ્રાયઃ જન્મ બાદ થાય છે. આ મળના વર્ણની સામ્યતા અફીણ જેવી હોય છે.

જરાયુ (ગર્ભનું આવરણ) દ્વારા મુખ ઢંકાયલું હોવાથી, કફથી કંઠ લિપ્ત રહેવાથી અને વાયુના માર્ગમાં અવરોધ હોવાથી ગર્ભસ્થ શિશુ રડતો નથી.+

માતાના નિશ્વાસ-ઉચ્છ્વાસ-સંક્ષોભ તથા સ્વપ્નથી ઉત્પન્ન થયેલા નિશ્વાસ-ઉચ્છ્વાસ-સંક્ષોભ અને સ્વપ્નોને ગર્ભ પ્રાપ્ત કરે છે. અર્થાત્ જ્યાં સુધી શિશુ માતાના ગર્ભાશયમાં રહે છે ત્યાં સુધી માતાના શરીરના એક અંગ સમાન હોય છે અને માતાના દરેક સારા અને ખરાબ કર્મનું પરિણામ જેવી રીતે તેના શરીર પર થાય છે તેવી રીતે ગર્ભ પર પણ થાય છે બાહ્ય વાયુનું નાસિકા દ્વારા ગ્રહણ થાય છે તેને પ્રશ્વાસ યા નિઃશ્વાસ કહે છે. છાતીમાં રહેલા વાયુને બહાર કાઢવો તેને ઉચ્છ્વાસ કહે છે માતાના પ્રશ્વાસથી ગર્ભને પણ શુદ્ધ વાયુ મળે છે અને નિઃશ્વાસથી તે વાયુને બહાર (માતાના શરીરમા) કાઢે છે. માતા જ્યારે શયન કરે છે ત્યારે ગર્ભને પણ આરામ મળે છે. માતા જ્યારે ભોજન કરે છે ત્યારે તેના શરીરના પોષણની સાથે ગર્ભનું પણ પોષણ થાય છે. માતા જ્યારે સંક્ષુબ્ધ થાય છે ત્યારે તેના શરીર પર જે પરિણામ થાય છે તે પરિણામ ગર્ભ પર પણ થાય છે. માતાની પ્રત્યેક કર્મની સાથે ગર્ભ પણ તે કર્મ કરતો માલમ પડે છે.÷

गर्भस्य मातृ हृदय-मनः संबंधः-

ગર્ભના અંગ-પ્રત્યંગ સ્પષ્ટ થતી વખતે ગર્ભની નાભિમાં એક નાડી લાગેલી હોય છે. આ નાડિની સાથે અપરા જોડાયલી હોય છે. આ અપરાનો સબધ માતાના હૃદયની સાથે હોય છે. માતાના હૃદયથી આહારરસ ધમનિયો દ્વારા અપરામાં આવે છે. અપરાથી નાભિનાડી દ્વારા નાભિમાં આવે છે. ત્યાર બાદ તે ગર્ભના પક્વાશયમાં પહોંચી સ્વકાયાગ્નિથી પરિપક્વ થઇ સારની અધિકતાથી શિશુના શરીરની પુષ્ટિ કરે છે

પાંચમાં મહિનામાં મન અધિક જાગૃત બને છે. સગર્ભાવસ્થામાં સ્ત્રીના મન અને સ્વભાવમાં જે ફેરફાર માલમ પડે છે તેનું કારણ ગર્ભનું મન હોય છે. આ અવસ્થામાં સ્ત્રીનું મન અસ્થિર સ્થિતિમાં હોય છે. જે વાતવાતમાં ચીડાય છે આનુ પરિણામ ગર્ભ પર પણ પડે છે.

---

* मलाल्पत्वादयोगाच्च वायो पक्वाशयस्य च।
वातमूत्रपुरीषाणि न गर्भस्थ. करोति हि॥ (सु. शा. २-५३)

× अजातस्य साक्षादन्नपानानुप्रवेशादमलत्वाच्च रसस्यगर्भस्य स्थूलमलासंभवः (अ. सं. शा. २-३२)

+ जरायुणा मुखेच्छान्ने कण्ठे च कफवेष्टिते।
वायोर्मार्गनिरोधाच्च न गर्भस्थ. प्ररोदिति॥ (सु. शा. २-५४)

÷ नि.श्वासोच्छ्वाससंक्षोभस्वप्नान् गर्भोऽधिगच्छति।
मातुर्निश्वसितोच्छ्वाससक्षोभस्वप्नसंभवान्॥ (सु शा. २-५५)

गर्भस्य स्वरुपम्

ગર્ભાશયમાં જ્યારે શુક્ર–શોણિત અને જીવનો સંયોગ થાય ત્યારે તેને ગર્ભ કહે છે.*

ગર્ભ ખરેખર આકાશ–વાયુ–અગ્નિ–જલ અને પૃથ્વીનો વિકાર છે અને ચેતના ધાતુના આશ્રય રૂપ છે.

શુક્ર અને આર્તવનો ગર્ભાશયમાં સંયોગ થવા પર તેમાં તત્કાળ સૂક્ષ્મ શરીર સહિત આત્માનો પ્રવેશ થાય છે આ સૂક્ષ્મ શરીરમાં આઠ પ્રકારની પ્રકૃતિ (પ્રકૃતિ–મહત્તત્વ–અહંકાર તથા પંચ તન્માત્રા) પાંચ સૂક્ષ્મ જ્ઞાનેન્દ્રિયો, પાંચ સૂક્ષ્મ કર્મેન્દ્રિયો તથા એક ઉભયાત્મક ઇન્દ્રિયમન–એ પ્રકારે કુલ ૧૧ ઇન્દ્રિયો હોય છે. આ સમુદાયમાં માતાની ધમનિયો દ્વારા રસ–રક્તાદિ પોષક દ્રવ્યોની આયાત થાય છે. આ દ્રવ્ય પંચમહાભૂતમય હોય છે. શુક્ર–આર્તવ–અષ્ટવિધ–પ્રકૃતિ–પંચમહાભૂત–અગિયાર ઇન્દ્રિયો તથા આત્માના આ સંયોગને ગર્ભ કહે છે. ગર્ભ પર પંચમહાભૂતોની ક્રિયા થઇ તેની ક્રમિક પુષ્ટિ થાય છે.

गर्भस्य वर्ण×

પંચમહાભૂતોમાંથી તેજોધાતુ સર્વ વર્ણોની ઉત્પત્તિનું પ્રધાન કારણ છે. જ્યારે તે ગર્ભોત્પત્તિના સમયે જળધાતુ પ્રધાન હોય છે ત્યારે ગર્ભને ગૌરવર્ણ કરે છે, જ્યારે પૃથિવી ધાતુ પ્રધાન હોય છે ત્યારે ગર્ભને કૃષ્ણવર્ણ કરે છે. પૃથિવી આકાશ ધાતુ પ્રધાન હોય ત્યારે કૃષ્ણ શ્યામ કરે છે. જળાકાશ ધાતુ પ્રધાન હોય ત્યારે ગૌર શ્યામ કરે છે. કેટલાક પંડિતોનું મંતવ્ય છે કે જે વર્ણનો આહાર ગર્ભિણી સેવન કરે છે તે વર્ણવાળી સંતતિને ઉત્પન્ન કરે છે. વર્ણભેદમાં આ સિવાય અન્ય કારણો પણ ભાગ ભજવે છે. જેવી રીતે કે–શુક્રનોવર્ણ–કુલજાતિ બીજ આહાર–દેશ–વ્યવસાય–ચિન્તન અને વિહાર.

શુક્રનો વર્ણ:–+શુક્રનો વર્ણ શ્વેત હોય તો ગર્ભ ગૌરવર્ણનો બને છે. શુક્રનો વર્ણ તેલ જેવો હોય તો ગર્ભ કૃષ્ણ વર્ણનો, શુક્રનો વર્ણ મધ જેવો હોય તો ગર્ભ શ્યામ વર્ણનો બને છે.

કુલ–જાતિ:–જેવી રીતે નીગ્રોની સંતાન–કૃષ્ણ વર્ણની–જાપાની અને ચીનીઓની પીળાવર્ણની–યૂરોપિયનોની ગૌરવર્ણના હોય છે. હિન્દુસ્તાનના ઉત્તર પથમાં ગૌરવર્ણ, દક્ષિણ, આન્ધ્ર, દ્રાવિડમાં કૃષ્ણવર્ણ અને મધ્ય પ્રદેશમાં શ્યામવર્ણના પુરૂષો જોવામાં આવે છે.

બીજ:–ગૌરવર્ણનો પુરૂષ અને કૃષ્ણવર્ણની સ્ત્રીના સહવાસથી ગૌરવર્ણની સંતતિ ઉત્પન્ન થાય છે. વ્યવહારમાં આ નિયમ જોવા જાણવા મળે છે.

આહાર:–માતાના આહારરસથી ગર્ભની વૃદ્ધિ થાય છે. ત્વચા પણ બને છે. અને ત્વચાગત રંગદ્રવ્ય પણ બને છે. એટલા માટે માતાના આહારનું પરિણામ ગર્ભના શારીરિક અને માનસિક વિકાસ પર જેવી રીતે થાય છે તેવી રીતે વર્ણપર પણ થાય છે. જાતિગત યા

* शुक्रशोणितं गर्भाशयस्थमात्मप्रकृति विकार संमूर्छितं 'गर्भ' इत्युच्यते।

× तत्र तेजो धातुः सर्ववर्णानां प्रभवः स यदा गर्भोत्पत्तावब्धातुप्रायो भवति तदा गर्भं गौरं करोति, पृथिवी धातुप्रायः कृष्णं, पृथिव्याकाश धातुप्रायः कृष्णश्यामं, तोयाकाशधातुप्रायो गौरश्यामम्। यादृग्वर्णमाहारमुपसेवते गर्भिणी तादृग्वर्ण प्रसवा भवतीत्येके भाषन्ते।

+ शुक्ते शुक्रे घृतमण्डाभे वा गर्भस्य गौरत्वं, तैलाभे कृष्णत्वम्, मध्वाभे श्यामत्वम्।

(अ. सं. शा. १–६६)

કુલગત એક પ્રકારનો શરીરનો વર્ણ જોવામાં આવે છે તેનું પ્રધાન કારણ આહાર છે. યુરોપિયનો પોતાનો દેશ છોડી જ્યાં જાય છે ત્યાં તેનો આહાર પોતાના દેશ જેવો જ રાખે છે.

જો માતાના દુધ વગેરે મધુર દ્રવ્ય પ્રધાન આહારનો વધુ÷ ઉપયોગ કરે તો ગર્ભનો વર્ણ ગૌર બને છે. તલ વગેરે વિદાહી અન્નનું સેવન કરે તો ગર્ભનો કૃષ્ણવર્ણ બને છે. મિશ્ર આહારવિહારના સેવનથી શ્યામવર્ણ ગર્ભનો બને છે. કષાયરસનું જે સગર્ભા સ્ત્રી નિત્ય સેવન કરે તેના ગર્ભનોવર્ણ શ્યાવ બને છે.

દેશ :—જે રાજ્યની આબોહવા જેવી હોય છે તેવી તે રાજ્યના લોકોની ત્વચાનો વર્ણ બને છે. જેવી રીતે ઠંડા પ્રદેશમાં રહેવાવાળા મનુષ્યોની ત્વચાનોવર્ણ ગૌર હોય છે. ઉષ્ણપ્રદેશમાં રહેવાવાળા મનુષ્યોની ત્વચાનોવર્ણ કૃષ્ણ હોય છે. કૃષ્ણવર્ણનો મનુષ્ય જો ઠંડા પ્રદેશમાં રહેવા લાગે તો તેની ત્વચાનોવર્ણ કંઈક બદલાય છે. તેવી જ રીતે ગૌરવર્ણનો પુરૂષ જો ઉષ્ણ પ્રદેશમાં રહેવા લાગે તો તેની ત્વચાનોવર્ણ કિંચિત્ કૃષ્ણ બને છે.

વ્યવસાય :—વ્યવસાય તથા રહેણી કરણીની પણ અસર વર્ણ ઉપર થાય છે. જે પુરૂષોને પોતાના વ્યવસાય માટે ખુલ્લા શરીરે તાપમાં કામ કરવુ પડે છે તેનો વર્ણ કાળો જોવામાં આવે છે તેનાથી ઉત્પન્ન થયેલા છોકરાઓનો વર્ણ પણ તેવોજ હોય છે. જેને હંમેશા છાંયડામાં તથા પૂરા પહેરેલા કપડાની સાથે કામ કરવાનું હોય છે તેનો તથા સંતાનનો વર્ણ કિંચિત ગૌર હોય છે.

ચિન્તન× ગર્ભાધાનના સમયે તથા ત્યાર બાદ સગર્ભાવસ્થામાં સ્ત્રી જે વર્ણના બાળકનું મનની સતત ચિન્તન કરે છે તે વર્ણની સંતતિ જોવામાં આવે છે. ચિન્તનનો પ્રભાવ તેના વર્ણ પર પડે છે.

જે જે સ્ત્રી જેવી જાતના પુત્રની અપેક્ષા રાખતી હોય તે તે સ્ત્રીની તેવી તેવી પુત્રકામના સાંભળીને તે તે દેશોનું તેને માનસિક રીતે ધ્યાન કરાવવું. ત્યાર પછી જે જે સ્ત્રી જે જે દેશોનાં મનુષ્ય જેવા પુત્રની આશા રાખતી હોય તે તે દેશના મનુષ્યોના આહાર વિહાર-ઉપચાર અને પરિચ્છદનું તું અનુકરણ કર એમ તેને કહેવું જોઇએ આજ કર્મથી વર્ણ પરિવર્તન થઇ શકે છે.

વિહાર :—સગર્ભાવસ્થામાં તડાવ-નદી વગેરેમાં જળક્રીડા કરવાથી ગર્ભનો વર્ણ ગૌર બને છે.

गर्भस्य-आनुवंशिकगुण संबंधः-दैवसंबंधः च

પ્રારબ્ધ કર્મનું ફળ ભોગવ્યા* વિના જીવનો છુટકારો થતો નથી આ વેદાન્તનો મત છે. કોઈ વખત આ ફળ એક જન્મમાં સમાપ્ત થાય છે કોઈ વખત અનેક જન્મની આવશ્યકતા હોય છે.

÷ क्षीरादिमधुराणामुपयोगात् गौरता, तिलान्नविदाहिता कृष्णता, व्यामिश्राणां श्यामता। (अ. सं. शा. १-६६) कषायनित्या श्यावं जनयति (च. शा. ८-२१)

× इच्छतां यादृशं पुत्रं तद्रूप चरितांश्चतौ।
चिन्तयेता जनपदांस्तदाचार परिच्छदौ॥ (अ. हृ. शा. अ. १-२१)

* शरीरारम्भकंकर्म योगिनोऽयोगिनोपिच।
विना फलोपभोगेन नैव नश्यत्यसंशयम्॥ (पराशर)

શુક્ર દોષની સંપ્રાપ્તિ:–ઉપરોક્ત કારણોથી કુપિત થયેલા દોષો પૃથક્ પૃથક્ અથવા બધા વીર્યવહ શિરાઓમાં જઈ શીઘ્ર વીર્યને દૂષિત કરે છે.

શુક્ર દોષોનું પરિણામ:–જેવી રીતે યોગ્ય બીજ, અકાલ, વર્ષા, કૃમિ, કીટ તથા અન્ય કારણોથી જો દૂષિત થાય તો તેમાંથી અંકુરોત્પત્તિ થતી નથી.

ફળમાં અંકુરોત્પાદનની શક્તિ હીનત્તા બીજના અભાવથી અથવા બીજની વિકૃતિથી થાય છે, તેવી જ રીતે વીર્યમાં પણ પ્રજાની ઉત્પત્તિનું અસામર્થ્ય શુક્રાણુઓની અભાવથી યા તેની વિકૃતિથી થાય છે. જ્યારે વીર્યમાં શુક્રાણુઓની અનુપસ્થિતિ હોય છે ત્યારે તે અવસ્થાને અશુક્રાણુતા કહે છે. આના મુખ્ય પાંચ ભેદો જોવામાં આવે. પહેલા પ્રકારમાં વૃષણોમાં શુક્રાણુઓની ઉત્પત્તિ થતી જ નથી. બીજા પ્રકારમાં વૃષણોમાં શુક્રાણુઓ ઉત્પન્ન થાય છે પરંતુ તેનો નાશ થઈ જાય છે. કવચિત્ પહેલા પ્રકારમાં શુક્રાણુઓ થોડી સંખ્યામાં જોવામાં આવે છે પરંતુ તે બહુ જ નબળા હોય છે આ અવસ્થાને અલ્પ શુક્રાણુતા કહે છે. બીજા પ્રકારમાં વીર્યમાં રહેલા શુક્રાણુઓ મૃતપ્રાય હોય છે આ અવસ્થાને નષ્ટ શુક્રાણુતા કહે છે. ત્રીજા પ્રકારમાં વીર્યમાં રકત મળેલું હોય છેતેને રકત-શુક્રતા કહે છે. ચોથા પ્રકારમાં વીર્ય અલ્પ પ્રમાણમાં અને કઠિનતાથી બહાર નીકળે છે તેને અલ્પ શુક્રતા કહે છે. પાચમાં પ્રકારમાં વીર્યનો ઉત્સર્ગ થતો જ નથી તેને વીર્યક્ષય કહે છે.

ચરકોક્ત શુક્ર દોષો:–ફીણવાળુ, પાતળું, રૂક્ષ, વિવર્ણ, પૂતિ પિચ્છિલ બીજી ધાતુઓથી યુકત અને અવસાદ આ આઠ વીર્યના દોષો છે.×

વાતદૂષિત શુક્રના લક્ષણો:–વાતદૂષિત વીર્યનો વર્ણ અરૂણ હોય છે. તથા રૂક્ષ, ફીણવાળુ તથા અલ્પ હોય છે અને વીર્યની પ્રવૃત્તિ સમયે વિવિધ વાતિક વેદનાઓ થાય છે અને તેની પ્રવૃત્તિ વિલંબથી થાય છે.

પિત્તદૂષિત શુક્રના લક્ષણો:–પિત્તદૂષિત વીર્ય નીલ તથા પીતવર્ણનું, અતિ ઉષ્ણ, દુર્ગન્ધયુકત હોય છે તથા તેની પ્રવૃત્તિ સમયે દાહ થાય છે.

કફદૂષિત શુક્રના લક્ષણો:–કફદૂષિત વીર્યનો વર્ણ અતિ શ્વેત તથા મજ્જા સદશ હોય છે. આ વીર્ય અતિ પિચ્છિલ હોય છે તથા તેની પ્રવૃત્તિ સમયે કંડુ ઉત્પન્ન થાય છે.

રક્તદૂષિત શુક્રના લક્ષણો:–રકતદૂષિત વીર્યનો વર્ણ લાલ હોય છે.

શબગંધી શુક્રના લક્ષણો:–આ પ્રકારના વીર્યનો મુડદાના જેવી ગંધ આવે છે અને તેનું પ્રમાણ અલ્પ હોય છે.

ગ્રંથિભૂત શુક્રના લક્ષણો:–આ પ્રકારમાં વાત અને કફના લક્ષણો જોવામાં આવે છે. જો વીર્યમાં વૃષણો સિવાય બીજી ગ્રંથિયોનો સ્રાવ ન મળે તો વીર્ય અતિ ગાઢુ બને છે જે કઠિનતાથી બહાર નીકળે છે અને તેમાં શુક્રાણુઓ પણ નિશ્ચલ હોય છે જે સ્ત્રીબીજ સાથે મળી શકવાને અસમર્થ હોય છે.

દુર્ગન્ધિત શુક્રના લક્ષણો:–(પૂતિપૂયમાં) આ પ્રકારમાં કફ અને પિત્તના લક્ષણો

× फेनिलं तनुरूक्षं च विवर्णं पूति पिच्छिलम्।
अन्यधातूपसंसृष्टमवसादि तथाऽष्टमम्॥ (च. चि. ३०-१३९)

જોવામાં આવે છે. અષ્ઠીલા અથવા વૃષણોમાં જો જીર્ણ શોથ હોય તો તેને કારણે પરૂની સમાન વીર્ય નીકળે છે.

ક્ષીણ શુક્રના લક્ષણો:–શરીરની દુર્બળતા, મુખની શુષ્કતા, પાંડુતા, અંગોમાં શિથિલતા અને અનાયાસે શ્રમ, ક્લીબતા, મૈથુનમાં અશક્તિ, વીર્યની અપ્રવૃત્તિ યા વિલંબથી પ્રવૃત્તિ તથા પ્રવૃત્તિના સમયે વીર્યમાં રક્ત આવવું. શિશ્ન અને વૃષણમાં વેદના આ લક્ષણો થાય છે. આ પ્રકારનો શુક્રક્ષય સ્વાભાવિક નથી પરંતુ અતિ મૈથુનને કારણે જ થાય છે. શરીરની કોઈ પણ ધાતુનો ક્ષય બે કારણોથી થાય છે. એક અતિ યોગ અને બીજો અયોગ. અતિ મૈથુનથી વીર્યને ઉત્પન્ન કરનાર અંગોને અધિક કાર્ય કરવું પડે છે. થોડા સમય સુધી આ અંગો પોતાનું કાર્ય કરે છે પરંતુ અંતે તે અંગો અસમર્થ થઈ જાય છે. જેથી વીર્યની ઉત્પત્તિ અલ્પ થાય છે યા થતી જ નથી.

મૂત્રપુરીષગંધી શુક્રના લક્ષણો:–શુક્રવહ સ્રોતો તથા શુક્રાશય મૂત્રાશય અને મળાશયની મધ્યમાં હોય છે જો કોઈ વિશેષ કારણે બંનેનો સંબંધ થઈ જાય તો બંનેની ગંધ વીર્યમાં આવે છે જેથી તેના ગંધથી શુક્રાણુઓ મરી જાય છે. આ વિકાર સન્નિપાતજન્ય છે.

શુક્રદોષની સાધ્યાસાધ્યતા:–શવગંધી, ગ્રથિભૂત, દુર્ગન્ધિત, પૂયભૂત અને ક્ષીણ શુક્રદોષો કષ્ટસાધ્ય છે અને મૂત્રપુરીષગંધી વીર્યદોષો અસાધ્ય છે આ સિવાયના બીજા વિકારો સાધ્ય જાણવા.

શુક્રદોષોની સામાન્ય ચિકિત્સા:–વાત, પિત્ત અને કફ દૂષિત શુક્રમાં સ્નેહન સ્વેદન આદિ પંચકર્મો, ઉત્તરબસ્તિ તથા વિશેષ ગુણકારી રસાયન ઔષધિયોનો પ્રયોગ કરવો જોઈએ.

વાતદૂષિત શુક્રની ચિકિત્સા:–વસ્તક, સૈન્ધવ અને આમળાથી સાધિત ઘૃતનો દુધ સાથે ઉપયોગ કરવો. બિલ્વફળ અને વિદારીકંદથી સાધિત દુધની આસ્થાપન બસ્તિ આપવી. યષ્ટિમધુ અને દેવદારૂથી સાધિત તેલની અનુવાસન બસ્તિ આપવી. દુધ અને કુલીર (કેકડો) થી સાધિત તેલની ઉત્તર બસ્તિ આપવી.

પિત્તદૂષિત શુક્રની ચિકિત્સા:–શેરડી, ગોખરૂ અને ગોળથી સાધિત ઘૃતમાં મોરવેલ અને યષ્ટિમધુ મેળવી પીવું. નસોતરના ચૂર્ણને ઘી સાથે આપવુ. ક્ષીરકાકોલી અને સીવણથી સાધિત દુધની આસ્થાપન બસ્તિ આપવી. જેઠીમધ અને મુદ્ગપર્ણીથી સાધિત તેલની અનુવાસન અને ઉત્તર બસ્તિ આપવી. રક્તદૂષિત શુક્રમાં પણ આજ ઉપાયો યોજવા.

કફદૂષિત શુક્રની ચિકિત્સા:–પાષાણભેદ, શિલાજીત અને આમળાના ક્વાથથી સાધિત ઘીમાં પીપર અને જેઠીમધનું ચૂર્ણ આપવું. મદનફળના ઉકાળાથી ઉલ્ટી કરાવવી. દન્તી અને વાવડિંગનું ચૂર્ણ વિરેચન માટે તેલ સાથે આપવું, ગરમાળો અને મીંઢળના ક્વાથથી આસ્થાપન બસ્તિ આપવી. જેઠીમધ અને પિપરથી સાધિત તેલની અનુવાસન અને ઉત્તર બસ્તિ આપવી.

કુણપગંધી શુક્રની ચિકિત્સા:–ધાવડીનાફૂલ, ખદિર, દાડમ અને અર્જુનથી સાધિત ઘૃત અથવા તો સાલસારાદિગણથી સાધિત ઘૃત આપવું.

ગ્રંથિભૂત શુક્રની ચિકિત્સા:–શટી દ્વારા સાધિત અથવા પલાશ ભસ્મમાં સિદ્ધ કરેલું ઘી પીવડાવવું.

પૂતિપૂય શુક્રની ચિકિત્સા:–પરૂષક અને વટાદિ ગણોથી સાધિત ઘૃત આપવું.

ક્ષીણ શુક્રની ચિકિત્સાઃ—વીર્ય વધારનારા જીવક, ઋષભક, કાકોલી, ક્ષીરકાકોલી, મુગ્દપર્ણી, માષપર્ણી, મેદા, શતાવરી, અશ્વગંધા વગેરે ઔષધો તથા ચ્યવનપ્રાશ, દુધ, શાલિ, ઈંડા વગેરે આપવા.

મળમૂત્રગંધી શુક્રની ચિકિત્સાઃ—ચિત્રક, ઉશીર અને હિંગથી સાધિત ઘૃત આપવું.

સામાન્યતયા દરેક પ્રકારના શુક્રદોષમાં સ્નેહન, વમન, વિરેચન, નિરૂહ અને અનુવાસન આ ક્રિયાઓથી શરીર શુદ્ધ કરી ઉત્તર બસ્તિ આપવી જોઈએ.

જીવનીયઘૃત, ચ્યવનપ્રાશ તેમજ શિલાજીતનો પ્રયોગ શુક્રદોષોને દુર કરે છે. અભયા, આમલકી રસાયન, લોહ રસાયન, ત્રિફળા રસાયન અને ભલ્લાતક રસાયનનો પણ પ્રયોગ હિતકારી છે.

શુક્રદોષમાં પથ્યાપથ્યઃ—ઘી, દુધ, માંસરસ, શાલિચોખા, યવ, ઘઉં, સાઠીચોખા આ આહારો પ્રશસ્ત છે. ખાસ કરીને બસ્તિકર્મ કરાવવું વધુ ફાયદાકારક છે. અતિ ઉષ્ણ, અમ્લ અને લવણ આહાર વર્જ્ય જાણવા.

શુક્રની અતિવૃદ્ધિના લક્ષણોઃ શુક્રની અતિવૃદ્ધિ થવાથી શુક્રની પથરી અને તેની અતિ પ્રવૃત્તિ થાય છે.

શુક્રદોષજ દોષોઃ—નપુંસકતા, સ્ત્રિયોપ્રતિ ઉદાસીનતા, ધ્વજભંગ, મૈથુનની અશક્તિ, શુક્રાશ્મરી, શુક્રમેહ, દૂષિત શુક્રથી ગર્ભાધાન થતું નથી જો થાય તો સ્થિરતા રહેતી નથી અર્થાત ગર્ભસ્રાવ યા ગર્ભપાત થાય છે.

આર્તવ દોષોઃ—આર્તવ પણ વાત, પિત્ત, કફ, રક્ત, વાતપિત્ત, વાતકફ, કફપિત્ત તથા ત્રણે દોષોથી દૂષિત થયેલું પ્રજોત્પાદનમાં અયોગ્ય હોય છે. આ પૈકી શવગંધી, ગ્રંથિભૂત, દુર્ગન્ધિત, ક્ષીણ અને મૂત્રપુરીષ સમ આર્તવ અસાધ્ય હોય છે બીજા સાધ્ય હોય છે આના લક્ષણો શુક્ર સમાન જાણવા.

વાતજ આર્તવદોષની ચિકિત્સાઃ—ભાર્ગી, યષ્ટિમધુ અને દેવદારૂથી સિદ્ધ કરેલા ઘીનું પાન કરાવવું અથવા ગંભારી અને મુગ્દપર્ણીથી સાધિત દુધનું પાન કરાવવું, યષ્ટિમધુ, પૃશ્નપર્ણીના કલ્કને દુધ અને ઘીમાં મેળવી પાવો. પ્રિયંગુ અને તલના કલ્કને યોનિમાં રાખવો. સરલ અને મુગ્દપર્ણીના ક્વાથથી ગર્ભાશયનું પ્રક્ષાલન કરવું.

પિત્તજ આર્તવદોષની ચિકિત્સાઃ—કાકોલી, ક્ષીરકાકોલી અને વિદારી મૂળનો ક્વાથ, ઉત્પલ અને પદ્માખનો ક્વાથ, મહુડાનાફૂલ અને ગંભારીના ફળનો ક્વાથ સાકર સાથે આપવો અથવા સફેદચંદનનો ક્વાથ મધ સાથે આપવો. જવ અને ધાવડીના ફૂલના કલ્કને ઘી સાથે આપવો. જેઠીમધ, વરીયાળી અને દ્રાક્ષના કલ્કને ઘી સાથે આપવો. ગરમાળો અને ઇન્દ્રાયણથી સાધિત દુધથી વિરેચન આપવું. ચંદન અને ક્ષીરવિદારીના કલ્કને યોનિમાં રાખવો. ગેરૂ અને લીમડાના ક્વાથથી યોનિનું પ્રક્ષાલન કરવું.

કફજ આર્તવદોષની ચિકિત્સાઃ—કુટજ, કટુકી અને અશ્વગંધાનો ક્વાથ આપવો. ક્ષીરીવૃક્ષના પાનનો ક્વાથ મધ સાથે આપવો અથવા તેની છાલના ચૂર્ણને મધ અને ઘી સાથે ચટાડવું. મદનફળના ક્વાથથી ઉલ્ટી કરાવવી. મદનફળનો કલ્ક યોનિમાં રાખવો. લોધ્ર, તિન્દુકના ક્વાથથી યોનિનું પ્રક્ષાલન કરવું અથવા બકરા અને ઘેટાના મૂત્રથી પ્રક્ષાલન કરવું. (ક્રમશઃ)

આરોગ્ય, વૈદ્યક અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રીઃ સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી. ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ | आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्। | શ્રાવણ ૨૦૧૧

અંક ૮ | आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः॥ | ઑગષ્ટ ૧૯૫૫

મુંબઈ રાજ્ય વૈદ્ય સમ્મેલનનો અપૂર્વ વિજય

આયુર્વેદ અને યુનાની વૈદ્યકીય બોર્ડની બિનાવિરોધ ચૂંટણી

મુંબઈ રાજ્યના મહારાષ્ટ્ર, મહાગુજરાત, નિખીલ કર્ણાટક અને મુંબઈ ઉપનગર એમ વૈદ્યોની ચાર સંગઠ્ઠન સંસ્થાઓ પોતાની સ્વતંત્ર રીતે કાર્ય કરતી હતી, તેઓ સંગઠીત થઈ હમણા તાજેતરમાં ભૂસાવલ ખાતે રાજ્ય સમ્મેલન ભર્યું અને સરકાર સમક્ષ સંગઠીત સ્વરુપે વાતચીત કરવાનુ ઠરાવ્યું.

મુંબઈ રાજ્ય વૈદ્ય સંમેલને તા ૧૨ મી જુનના રોજ મુંબઈમાં સભા ભરી ૫ વૈદ્ય ઉમેદવાર તા. ૧૮ જુન ૧૯૫૫ પર્યંત ઊભા કર્યા; તે સિવાય બીજા ૪ વૈદ્યોએ પોતાની જાતે અરજી કરી હતી. હકીમની એક જગ્યા માટે હકીમ દેવાસીંગ અને ગોપાળસીંગ એ બન્ને ઊભા રહ્યા હતા.

આ સર્વે ઉમેદવારોની અરજીની તપાસણી, તા. ૨૦-૫-૫૫ના રોજ થઈ. બધી અરજીઓ (અધિકૃત રીતે લખાઇ હોઇ) મંજુર થઇ. તે બાદ અન્ય ચાર વૈદ્યોએ અને હકીમ દેવાસિંગ રામસિંગે પોતાની અરજીઓ પાછી ખેંચી લીધી હતી. એટલે દેશી વૈદ્યકીય બોર્ડની ચૂંટણી વિના વિરોધે થઇ ગઈ.

આવતા ૫ વર્ષો માટે દેશી વૈદ્યકીય બોર્ડના વિના વિરોધે ચૂંટાઇ આવેલા સભ્યો.

૧	વૈદ્ય અમરપ્પા વીરપ્પા, આયુર્વેદ ભિષક્ ગદગ,	કર્ણાટક આયુર્વેદ વિદ્યાપીઠ, બેલગાંવ.
૨	,, ગોવિંદપ્રસાદ હરિપ્રસાદ આયુર્વેદ ભિષક્	ગોમતીપુરા, અમદાવાદ ૧૦
૩	,, પ્રતાપકુમાર પોપટભાઈ, ભિષગ્વર,	૯૨, આત્મારામ રોડ, મુંબઈ, ૨
૪	,, બ્રહ્મદત્ત પ્રભુદયાલ અનાઢ્ય, આયુર્વેદાચાર્ય,	ભૂસાવળ (પૂ. ખા.)
૫	,, યશવંત ધોંડોપંત નાટોલીકર,	કાગલ, (કોલ્હાપુર)
૬	,, હકીમ ગોપાલસિંગ રામસિંગ કાલરા,	૩૮૮, સેંડહર્સ્ટ રોડ. મુંબઈ ૪

આરોગ્યસિન્ધુ

સંપાદક: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

પ્રકાશન: આ માસિક દર માસની પહેલી તારીખે પ્રગટ થાય છે. જાન્યુઆરીથી આ પત્રનું વર્ષ શરૂ થાય છે. અને ડિસેંબરમાં પૂરૂં થાય છે અંકો સ્ટોકમાં હોય ત્યાં સુધી પ્રથમ અંકથી જ ગ્રાહક કરવામાં આવે છે.

લવાજમ: આ પત્રનું હિંદમાં વાર્ષિક લવાજમ રૂ. ૪ છે. પરદેશમાં શિલિંગ ૮ છે. છુટક નકલ ૧ના આના ૮ છે. રૂ. ૪ મનીઓર્ડરથી અગાઉથી મોકલવાં વધુ હિતકર છે. વી. પી. થી મંગાવનારને આના નવ વધુ પડશે,

મુંબઇ, અમદાવાદ, સુરત અને સુરેન્દ્રનગરના સ્થાનિક ગ્રાહકોએ લવાજમ નીચેના સ્થળોએ ભરવું: સિન્ધ આયુર્વેદિક ફાર્મસી, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ. ગાંધી રોડ, અમદાવાદ. લીમડા ચોક, સુરત. મૂળીનો ઉતારો, સુરેન્દ્રનગર.

ભેટપુસ્તક: આ પત્રના ગ્રાહક થનારને દર વર્ષે એક ઉત્તમ વૈદ્યક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે આ વર્ષે ભેટ પુતસ્ક તરીકે **"આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"** ભાગ ૩ આપવામાં આવ્યું છે.

વ્યવસ્થા: અંક વિશે તથા લવાજમ મોકલવા વિશે તમામ પત્રવ્યવહાર, વ્યવસ્થાપક **"આરોગ્ય સિન્ધુ" સિન્ધ આયુર્વેદિક ફાર્મસી.** ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ એ શિરનામે કરવો.

અંકો વ્યવસ્થાપકની દેખરેખ હેઠળ પોસ્ટ કરવામાં આવે છે. છતાંય અંક ગેરવલ્લે જાય તો ગ્રાહકે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. અંકો સિલકમાં હશે ત્યાં સુધી, બીજીવાર આપવામાં આવશે, પણ ગેરવલ્લે થતાંજ આ રીતે ફરીથી અંક મેળવી શકશે, તે પણ તા. ૧૫મી સુધી ફરિયાદ મળતાં તેના પર ધ્યાન અપાશે.

શિરનામામાં ફેરબદલ હશે તો માસની ૨૫મી સુધીમાં જણાવ્યું હશે તોજ ફેરબદલ થઇ શકશે. અન્યથા જુને શિરનામે જ અંક જશે

પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો ખાસ જરૂરી છે.

સંપાદન: આયુર્વેદ અને આરોગ્યને લગતા ઉચ્ચ વૈદ્યકીય દૃષ્ટિએ લખાયલા લેખોને આ પત્રમાં સ્થાન મળે છે. લેખ મળ્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકારનો ઉત્તર એક માસ બાદ આપવામાં આવે છે. અસ્વીકૃત લેખ સાથે જરૂરી સ્ટેમ્પસ બીડયા હોય તો તે લેખ પરત મોકલવામાં આવે છે. સ્વીકૃત લેખ સમય અને સ્થળ પ્રમાણે યોગ્ય પદ્ધતિએ પ્રગટ કરવામાં આવે છે.

સંપાદક સાથે અગાઉથી સમય નક્કી કરી મુલાકાત લઇ શકાય છે.

વૈદ્યો, વૈદ્યકીય વિદ્યાર્થીઓ, ડૉક્ટરો અને આયુર્વેદના અભ્યાસીઓને આયુર્વેદ અને આરોગ્યને અનુલક્ષી લખાયલાં લેખો મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે.

સંપાદકનું શિરનામું આ પ્રમાણે કરવું: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર** સંપાદક: **આરોગ્યસિન્ધુ** ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

પુસ્તક પરિચય: વિસ્તૃત સાહિત્યાવલોકન માટે બે પુસ્તકો પ્રકાશકે મોકલવાં જરૂરી છે. એક આરોગ્યસિંધુ કાર્યાલયમાં રહે છે અને એક પ્રત એ વિષયના નિષ્ણાતને અવલોકન માટે મોકલવામાં આવે છે. નિષ્પક્ષપાતપણે તમામ અવલોકનો કરવામાં આવે છે.

જાહેરાત: આ પત્રનો ફેલાવો સુવૈદ્યોમાં અને જનતામાં સારો હોઇ, એમાં કરેલ જાહેરાત તુરત જ જવાબ આપે છે. જાહેરાતનો ભાવ એક ઈંચના રૂ. ૨ છે. ૦। પાનું એક વખતના રૂ. ૧૦, ૦॥ પાનું રૂ. ૨૦ અને આખું પાનું રૂ. ૩૬ ભાવ છે. પરંતુ બાર માસનો કોંટ્રેક્ટ કરવાથી સારૂ કમિશન મળે છે. એ વિષયમાં જીજ્ઞાસુએ પત્રવ્યવહાર કરવો.

પત્રનુંકદ: પત્ર રોયલ આઠ પેજીમાં પ્રગટ થાય છે. આખા વર્ષમાં 'બધું' મળી ૩૫૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવે છે. પ્રત્યેક અંકમાં આશરે ૨૮ પૃષ્ઠ થાય છે. અને ભેટપુસ્તક ૧૦૦ થી ૧૨૫ પૃષ્ઠનું દર વર્ષે આપવામાં આવે છે. કુલ્લે ૫૦૦ પૃષ્ઠનું વાંચન રૂ. ચારમાં આપવામાં આવે છે.

આરોગ્યસિન્ધુ કાર્યાલય: ૩૭૫, કાલબાદેવી, **મુંબઈ, ૨**

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્ય સિંધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કર

વર્ષ ૩૨ અંક ૮
ઑગષ્ટ ૧૯૫૫
શ્રાવણ સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂ. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે.

મુંબઈ સરકાર અને આયુર્વેદ

આયુર્વેદ સંશોધન કેન્દ્રની સરકારી યોજના

તાજેતરમાં વર્તમાનપત્રોમાં અવાર નવાર પ્રગટ થતી જાહેરાતો પરથી એ સ્પષ્ટ બન્યું છે કે મુંબઈ સરકારે આયુર્વેદના ઉત્કર્ષમાં સારો એવો રસ દાખવ્યો છે. સરકારે શરુ કરાવેલો શુદ્ધાયુર્વેદિક કોર્સ કે જે ૩।। વર્ષનો છે, તેની ૧।। વર્ષની પહેલી ટર્મ પૂરી થવા આવી છે, અને ઑક્ટોબરમાં તો એની પરીક્ષાઓ લેવાશે. સરકારે અન્ય બે સમિતિઓ પં. શિવશર્મા તથા શ્રી બાપાલાલ ગ. વૈદ્યના પ્રમુખપદ હેઠળ નીમી છે. ટૂંક સમયમાં સરકાર તરફથી વિશાળ જમીન ખરીદી ત્યાં આયુર્વેદિક સંશોધન-કેન્દ્ર શરુ કરવામાં આવશે. આ કાર્ય માટે શ્રી નામજોશી એમ. એસ. સી. (પોદ્દાર આયુર્વેદિક કોલેજના માજી પ્રાધ્યાપક)ની મંત્રી તરીકે જાહેરાત પણ થઈ ચૂકી છે. આ વિભાગ મોટા પાયા પર આયુર્વેદીય સંશોધનનું કાર્ય કરશે. આ માટે એક પૃથક્ સમિતિની રચના થઈ છે. એલોપથી પદ્ધતિએ જેમ હાફકીન ઇનસ્ટીટ્યૂટ મુંબઈમાં છે તે રીતે આ સંસ્થા આયુર્વેદિક પદ્ધતિએ કાર્ય કરશે. આયુર્વેદિક ઔષધોના પાઠ નિશ્ચિત કરવા અને તે પ્રમાણે નિર્માણ કાર્ય કરવાનું ગોઠવી તેનો દરજ્જો વધારવો એ કાર્ય હાથ ધરાશે. એટલે મોટા નામ હેઠળ વેચાતાં ખોટા ઔષધથી જનતા બચી જશે. આ પ્રચંડ સંશોધનકેન્દ્રમાં એક આયુર્વેદીય ઔષધ શાળા, એક દ્રવ્યગુણ વિજ્ઞાન શાળા, એક વનસ્પતિ ઉદ્યાન અને એક વનસ્પતિ સંગ્રહાલય વગેરે એમાં યોજવામાં આવશે. થાણા (મુંબઈ)થી ૩ માઇલ દૂર ૫૦૦ એકરની જમીનમાં આ કાર્ય શરુ થશે. આ કામની શરુઆત બહુજ નજદિકના ભવિષ્યમાં થનાર છે અને બધું મળી ૭ વર્ષોમાં યોજના પાર પડવા સંભવ છે. આયુર્વેદીય ઔષધીકરણમાં આશરે ૨૫૦ વનસ્પતિ વપરાય છે. તે ગામડાઓના પ્રદેશમાંથી આવે છે. આયુર્વેદના ગ્રંથોમાં એના ગુણો યત્ર તત્ર વર્ણવેલ છે. આ ક્ષેત્રનું સંશોધન પણ હાથ ધરવામાં આવશે.

મધુ સંચય

બ્લડ પ્રેશરના તજ્જ્ઞ ડૉક્ટરની આ રોગ માટે ૧૦ સુચનાઓ

૧ બ્લડ પ્રેશર (લોહીનું દબાણ) એ કોઈ રોગ નથી એ ધ્યાનમાં રાખો. પ્રકૃતિ બગડવાનું એ એક લક્ષણ છે.

૨ પ્રાણાયામ કરો. રોજ ખુલ્લી હવામાં શાંત ચિત્તે બેસીને બહારની તાજી હવા અંદર ભરો અને અંદરની વિષાક્ત હવાને બહાર કાઢો. હૃદય અને રકતવાહિનીઓ ઉપર રકતદાબ અવલંબે છે એ જોતાં પ્રાણાયામ રકતના દોષોને દૂર કરનાર હોઈ, આચરવા યોગ્ય છે.

૩ નિયમિત પણ કાળજી પૂર્વક વ્યાયામ કરો. ઈંદ્રિયો રૂપી યંત્ર ઉપર વ્યાયામની અસર સ્પષ્ટ છે જ. સર્વ ભાગોમાંથી સમ પ્રમાણમાં રકતનું અભિસરણ થાય એ માટે વ્યાયામ ઇષ્ટ છે.

૪ માનસિક અને શારીરિક બોજો દૂર કરો. આ રોગ બહુધા મન અને શરીર ઉપર પડતા વધુ પડતા બોજાથી જ થનાર છે. બે કલાક માનસિક કાર્ય કર્યા બાદ પાંચ મિનિટ સુધી સંપૂર્ણ વિશ્રાંતિ લેવાનું રાખો. આ વખતે હાથ પગ તાણીને લાંબા કરવા, નહિતર ઓરડીમાં ને ઓરડીમાં જ ૧૦ પગલાં ચાલો. શારીરિક શ્રમ પછી પણ વચમાં થોડો આરામ લેવાનું રાખો. ખાસ કરીને જમ્યા પછી તો થોડીવાર વિશ્રાંતિ લેવી જ જોઇએ. રાત્રે ઓછામાં ઓછી ચાર કલાક વિશ્રાંતિ લેવી યોગ્ય છે.

૫ નિયમિત મલ વિસર્જન કરો. મલાવરોધથી લોહીમાં ઝેરી દ્રવ્યો ફરતાં થઇ જાય છે એટલે રકતદાબ વધે છે. દિવસમાં કમમાં કમ બે વાર ઝાડે ફરવા જાઓ અને છ વાર પેશાબ કરવા જાઓ. થોડો પરસેવો રોજ આવવો જ જોઈએ.

૬ શરીરને અમ્લ પ્રતિયોગિતા—આલ્કેલાઇન રાખો. ખટાશ થશે તો રકતદાબ વધશે. રોજ તાજાં ભાજી, ફળ, દૂધ વગેરે લેવાથી અમ્લતા ઓછી થાય છે અને અમ્લતા વધે છે.

૭ જમવાની અનેક વાનીઓમાંથી માંસ વર્જ્ય કરો. કોલેસ્ટ્રોલ નામના એક જાતના ચીકણા પદાર્થનો થર રકત વાહિનીઓમાં જામે છે અને તેથી કરીને રકતદાબ વધે છે. માંસમાં આ કોલેસ્ટરોલ મોટા પ્રમાણમાં હોય છે. માટે માંસ ત્યજી દૂધ, ચીઝ (પનીર) અને સંપૂર્ણ વનસ્પતિ આહાર લેવો.

૮ લસણ ખાવાનું રાખો. લસણમાં જે ઔષધિ દ્રવ્યો રહેલાં છે તે રકતદાબ ઓછો કરવામાં મદદ કરે છે, માટે ચટણી, આમટી વગેરેમાં લસણ વાપરો.

૯ માનસિક ત્રાસ ટાળો. રાગ, દ્વેષ, મત્સર, ચિંતા—આ બધાં રકતદાબ વધારે છે. માટે આનંદી સ્વભાવ રાખો.

૧૦ સર્વ વાતમાં સમયોગ સાચવો.

ડૉ. એસ. બી. વ્હાઇટહેડ એમ. ડી.

'આરોગ્ય માટે અનુભવસિદ્ધ માર્ગમાંથી'

આયુર્વેદીય અનુસ્નાતક અભ્યાસક્રમ

જામનગર સેંટ્રલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટના ડિરેક્ટર જણાવે છે કે આ સંસ્થાની નિગાહ હેઠળ આયુર્વેદીય અનુસ્નાતક કેન્દ્ર જે સૌરાષ્ટ્ર સરકાર, ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી અને મધ્ય સરકાર—ત્રણેના સહકારથી અસ્તિત્વમાં આવેલું છે. થોડા વખતમાં આયુર્વેદીય અનુસ્નાતક અભ્યાસ વર્ગો શરૂ કરશે. શરૂઆતમાં આવા વર્ગોમાં જે સ્નાતકો શિક્ષણ સંસ્થાઓમાં અમુક વર્ષોથી કામ કરતા હોય તેવાઓને જ લેવામાં આવશે. કારણકે સ્નાતકો આ વર્ગમાં તૈયાર થઇને પાછા ફર્યા પછી પોતાની સંસ્થાઓને સવિશેષ ઉપયોગી થવાના છે. આ વર્ગની આખી રૂપરેખા થોડા વખતમાં તૈયાર થઇ જશે. વર્ગમાં જોડાનાર સ્નાતકોને શિષ્યવૃત્તિઓ પણ આપવાની છે. અભ્યાસક્રમની વિગતો હજી તૈયાર થઇ રહી છે, તૈયાર થયે સૌને તેની જાણ કરવામાં આવશે, સંસ્થા પોતે કેટલા સ્નાતકોને ત્યાં મોકલવા ઇચ્છે છે તે તુરતજ જણાવવા માટે લખે છે. ઉમેદવારોની આખરી પસંદગી તો એક એડ હોક કમિટી દ્વારાજ થશે પરન્તુ જે નામો સંસ્થાના સંચાલકો તરફથી મોકલવામાં આવશે તે આ કમિટી પાસે રજુ કરવામાં આવશે.

(શિવભારતી)

હિમેજ વિષેનો મારો અનુભવ

શ્રી તંત્રીજી,

મને છેલ્લા પાંચેક વરસથી પિત્તનો વધારો (hyperacidity) તેમજ લીવર વધેલું (plus liver) હતું. એલોપેથિક ઉપચાર કર્યા પણ દરદ મટયું નહિ, તે પછી દુધ અને બાફેલા શાક ભાજી ઉપર થોડોક વખત રહ્યો; જેનાથી દરદ નરમ પડી ગયું. પણ હંમેશનો ખોરાક ચાલુ કરતાં, પાછું શરૂ થયું.

મુંબઈના નગીનદાસ એન્ડ માણેકલાલની પેઢીવાળા શ્રી માણેકલાલભાઈને બીજા કામ પ્રસંગે મળવાનું થયું તે વખતે તેમની પાસેથી હીમજના ગુણદોષ ઉપર માહીતી જાણવા મળી. તેમણે ખરજવા ઉપર હીમજનો લેપ કરી એક ભાને તદ્દન મટાડી દીધેલું, જેથી મેં મારા દરદ વિષે વાત કરી. તેમની સલાહ મુજબ છેલ્લા બે માસથી રાત્રે સુતી વખતે હીમજ પાવડર ૦। તોલો સાધારણ ગરમ પાણીમાં લેવાનું રાખ્યું છે. મને જણાવતા આનંદ થાય છે મારું દર્દ ૮૦ ટકા ઉપરાંત નાબુદ થયું છે, અને આહારમાં હું વધારે નિયમિત રહું તો મને ખાત્રી છે કે ૧૦૦ ટકા દર્દ જડમુળમાંથી જશે. મારા અનુભવથી હું જણાવું છું કે હીમજનો ઉપયોગ પિત્તનો વધારો તેમજ લીવરનું વધવું સંપૂર્ણ રીતે કાબુમા લાવી શકે તેમ છે. હીમજનો પાવડર બીજા ઘણા દરદો ઉપર પણ ઉપયોગી છે. આ બાબત શ્રી માણેકલાલ મહેતા, ૨૯, માલ્ડન હાઉસ, મરીન લાઈન્સ મુંબઈ-૧. એ સરનામે પુછવાથી વધુ માહિતી મળી શકશે.

ધી અરવિંદ બોર્ડઝ એન્ડ પેપર
પ્રોડકટસ લીમીટેડ, બીલીમોરા.
લી. શંકરલાલ એ. દેસાઈ
(ગ્રામસેવામાંથી)

દુ:ખદ અવસાન

સોરઠના મશહૂર વૈદરાજ શ્રી નથુશંકર ઈશ્વરપ્રસાદ ભટ્ટ પચ્છેગામવાળા, જેઓ ઝંડુભટ્ટજીના પટ્ટ શિષ્યો માહેથી એક હતા, તેમનું તા. ૭-૭-૫૫ના રોજ અવસાન થવાના સમાચાર આપતાં અમો ખેદ અનુભવીએ છીએ. શુદ્ધાયુર્વેદાભિમાની વૈદ્ય તરીકે તેઓએ બહુજ સારી કીર્તિ મેળવી હતી. તેમના અવસાનથી સૌરાષ્ટ્રે એક બહુજ ઉમદા ચિકિત્સક ગુમાવેલ છે. સદ્દગત સ્વભાવે મિલનસાર અને આનંદી હતા. તેમની પછવાડે તેમના પુત્ર શ્રી જટાશંકર વૈદ્ય બોટાદમા ચિકિત્સા કાર્ય સંભાળે છે. ઈશ્વર એમને આવી પડેલ આ આફત સહન કરવાનુ કરવાનું બળ આપે અને સદ્દગતના આત્માને શાંતિ આપે એવી અમારી પ્રભુને પ્રાર્થના છે.

સાહિત્ય સ્વીકાર અને સમાલોચના

આયુર્વેદીય હિતોપદેશ: લેખક: શ્રી વૈદ્ય રણજીતરાય ના. દેસાઈ, પ્રકાશક: શ્રી વૈદ્યનાથ ભવન લિ૦ કલકત્તા પૃષ્ઠ સંખ્યા ૨૮૦ પાકી બાંધણી **મૂલ્ય રૂ. ૨ાા.** હિંદી ભાષા.

શ્રી વૈદ્ય રણજીતરાય આજના આપણા ક્ષેત્રના નામખ્યાત લેખક છે આયુર્વેદના સાહિત્યમાં તેમની અજોડ કૃતિઓ—આયુર્વેદીય ક્રિયાશારીર, આયુર્વેદીય પદાર્થ વિજ્ઞાનમાં આ ગ્રંથ હિતોપદેશ વડે બહુજ નોંધપાત્ર ઉમેરો થાય છે. વેદ, મહાભારત, રામાયણ, ઉપનિષદ, ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ આદિ અનેક ગ્રંથોમાંથી આયુર્વેદીય હિતસૂત્રોને એકઠાં કરી ભાષાંતર સહિત સરળ સ્વરુપે રજુ કરી તેમણે એક બહુજ ઉત્કૃષ્ટ ગ્રંથની રજુઆત આપણા સમક્ષ કરી દીધી છે. આ ગ્રંથનો ઉપયોગ આયુર્વેદિક પાઠ્યક્રમોમાં થશે એવી આશા ગ્રંથના આમુખમાં શ્રી વૈ. દત્તાત્રેય કુલકર્ણીએ વ્યકત કરેલ છે, તે યથાર્થ છે. વૈદ્ય રણજીતરાય દેસાઈના આ ગ્રંથને તો અમો આયુર્વેદની સૂત્ર—ગીતા તરીકે ઓળખાવીશું. આ ગ્રંથનો ઉપયોગ—આયુર્વેદિક છાત્રોને—સંસ્કૃતના વિષયમાં કરવાથી તેમનું સંસ્કૃત સબળ તો બનશેજ પરંતુ સાથોસાથ એક પંથ ઓર દો કાજની જેમ આયુર્વેદના હાર્દરુપ સૂત્રોનો—સિદ્ધાંતોનો યથેષ્ટ પરિચય થઇ જશે, જેથી આયુર્વેદપ્રતિ વિદ્યાર્થીનું હૃદય ઊંડો અભ્યાસ કરવા ઉલ્લસિત થશે. આજે જે છાત્રો મિશ્ર શિક્ષણમાં એલોપથી Modern Medicine—થી અંજાઇ જાય છે, તેમના મગજમાં આ ગ્રંથ આયુર્વેદમાં રહેલ માનવતા હિતદર્શન વગેરેના વીચારો પેદા કરી આયુર્વેદ પ્રત્યે માનની લાગણી ઉત્પન્ન કરાવશે, એ નિઃશંક છે. પુસ્તકમાં અનુક્રમણિકા યોજવી બહુજ જરુરી હતી. આગામી આવૃત્તિમાં એ કરી લેવાય તે જરુરી છે. અમે આ ગ્રંથ લેખકને અભિનંદન અર્પતાં આવાં વધુ ગ્રંથરત્નો આપવાની વિનંતી કરીએ છીએ.

શરીર રચના (આયુર્વેદીય): લેખક: શ્રી વૈદ્ય પ્રભુભાઇ મ. ભક્ત: આયુર્વેદાચાર્ય: પ્રકાશક પોતેજ શિરનામું મહીધરપરા, થોભા શેરી, સુરત. પૃષ્ઠ ૨૮૦ પાકી બાંધણી **મૂલ્ય રૂ. ૪** પોસ્ટેજ જુદું.

શરીર રચના–Anatomy–વિષયને સ્પર્શતા સંહિતા ગ્રંથોમાંના સૂત્રોને એકઠા કરી તેમને ક્રમબદ્ધ યોજી અધ્યાયવાર લખી આ ગ્રંથદ્વારા લેખકે આયુર્વેદીય સાહિત્યમાં નોંધપાત્ર ઉમેરો કર્યો છે. લેખક આ વિષયના સૂરત આયુર્વેદીય વિદ્યાલયના અધ્યાપક છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારનો ગ્રંથ પહેલવહેલોજ છે. આ ગ્રંથની રચના હમણા ફેકલ્ટી તરફથી પ્રચલિત બનેલા ડીગ્રી કોર્સ—જી. એફ. એ. એમ. ના પ્રથમ વર્ષનાં શારીરના કોર્સને અનુલક્ષી કરવામાં આવી છે. ગ્રંથાલેખનની શૈલી સરળ અને સ્પષ્ટ છે. આ પુસ્તક આયુર્વેદના અભ્યાસકો માટે જુદા જુદા ગ્રંથોમાંથી જ્ઞેયાંશો અને ગ્રંથાંશો એકઠા કરવાની જહેમત બચાવશે. મૂળ સંસ્કૃત સૂત્રો સાથે અનુવાદ આપી લેખકે પ્રયાસની પ્રમાણિકતામાં ઉમેરો કર્યો છે. શ્રી પ્રભુભાઇ ભક્તના નામથી આરોગ્યસિન્ધુના પાઠકો સુપરિચિત છે. લેખકને હાર્દિક અભિનંદન અર્પતાં, અમો આ પુસ્તકનો ઉપયોગ પાઠ્ય પુસ્તક તરીકે થાય તેમ ભારપૂર્વક ઇચ્છતાં પ્રત્યેક આયુર્વેદ પ્રેમીને આ ગ્રંથ વસાવવાની ભલામણ કરીએ છીએ.

સુશ્રુત (માસિક—ગુજરાતીમાં) સંપાદક: ચંદ્રશંકર સત્યસેવક: પ્રકાશક: ધી એપોલો ફાર્માસ્યુટીકલ વર્કસ લિમિટેડ: વાર્ષિક લવાજમ રૂા. ૩ પૃષ્ઠ સંખ્યા પ્રથમ અંકમાં ૨૪, દ્વિતીય અંકમાં ૨૦.

ઉપરોક્ત માસિકને અમો સહર્ષ આવકારીએ છીએ. એમાં આયુર્વેદના લેખોની મૌલિકતા વર્તાઇ આવે છે. મુખ પૃષ્ઠ પર ભગવાન સુશ્રુતના વચન આપવામાં આવે છે તે પ્રશસ્ત છે. અમો આ માસિકને દીર્ઘાયુષ્ય ઇચ્છીએ છીએ.

अथातो वातविज्ञानीयमध्यायं व्याख्यास्यामः। इति ह स्माहुरात्रेयादय महर्षयः।

शब्द निरुक्तिः વાત અથવા વાયુશબ્દ वा गति गन्धनयोः ધાતુ પરથી બનેલ છે.

वायुना गुणोः રૂક્ષ, શીતળ, લઘુ, સુક્ષ્મ, ચલ, વિશદ, ખર, દારુણ, અમૂર્ત, અનવસ્થિત, બહુ, શીઘ્ર, પરુષ, અવ્યક્ત, વ્યક્ત (કર્મ વડે), તિર્યક્‌ગામી, શબ્દવાન્, સ્પર્શવાન, રજોબહુલ, અચિંત્ય વીર્ય, દોષોનો નાયક, રોગના સમુહનો રાજા, આશુકારી, બહુગામી, યોગવાહી અને સંઘાત વગરનો છે.

वायुना प्राकृत कर्मोः ઉત્સાહ, ઉચ્છ્વાસ, નિશ્વાસ, ચેષ્ટા, ધાતુની ગતિ સમ કરવી, મલાદિકની પ્રવૃત્તિ, તંત્ર યંત્ર ધારણ, નાનાવિધ ચેષ્ટાઓ, મનો નિયમ, પ્રેરણા, બધી ઇન્દ્રિયોને પ્રેરણા, તેમના અર્થોનું વહન. શરીર સંધાન, વાણીનું પ્રવર્તન, હર્ષોત્સાહ જનન, અગ્નિને સળગાવવું, કલેદ સંશોષણ, મલક્ષેપણ, ગર્ભાકૃતિ નિર્માણ, વિક્ષેપ, પૂરણ અને વિવેક એ વાયુના કર્મો છે. (ચ. સૂ. અ. ૧૨)

स्वसिरासंचित वातकर्मोः-

પ્રસારણાકુંજન – વાણી – ભાષણાદિક ક્રિયાઓમાં અપ્રતીઘાત તથા જ્ઞાનેંદ્રિય – મન – બુદ્ધિ વગેરેના પોતપોતાના વિષયોમાં અપ્રમોહ.

वायुना स्थानः બસ્તિ, મલાશય, કટિ, સકિથ, પગ, અસ્થિ, શ્રોત્રેન્દ્રિય, સ્પર્શનેન્દ્રિય, અધોનાભિ, મજ્જા, એટલા છે તેમાં **પકવાશય** વિશેષે કરીને છે.

वायुना प्रकारः ૧ પ્રાણ, ૨ ઉદાન, ૩ સમાન, ૪ વ્યાન અને ૫ અપાન એટલા ભેદો છે. (ચ ચિ. અ. ૨૮)

वायुना प्रकारोना स्थानोः-

प्राण वायुः મૂર્ધા, આસ્ય, ઉર, કંઠ, જિવ્હા, નાસિકા, હૃદય. **ઉદાન વાયુઃ** નાભિ, ઉર, કંઠ, મોઢું, નાક. **સમાન વાયુઃ** સ્વેદવહસ્રોતો, દોષવહ, અંબુવહ, મલવહ, શુક્રવહ, આર્તવહસ્રોતો, જઠરાગ્નિનો પાર્શ્વભાગ, આમાશય, પકવાશય, નાભિ. **વ્યાન વાયુઃ** સર્વ-દેહચારી – હૃદય. **અપાન વાયુઃ** વૃષણ, બસ્તિ, શિશ્ન (સ્ત્રીઓમાં યોનિ), નાભિ, ઊરુ, વંક્ષણ, ગુદા, આંતરડા, પકવાશય, શ્રોણિ.

वायुना भेदः तेना प्राकृत कर्मोः-

પ્રાણઃ ષ્ઠીવન, ક્ષવથુ, ઉદ્‌ગાર, શ્વાસ, આહરણ, (અન્ન પ્રવેશ) દેહ ધારણ, પ્રાણાવલંબન બુદ્ધિ, ઇન્દ્રિય, મન અને ધમની ધારણ. **ઉદાનઃ** વાણી, પ્રયત્ન, ઉર્જા, બલ, વર્ણ, સ્રોત પ્રીણનમ્, ધી, ધૃતિ, સ્મૃતિ મનોવિબોધન **સમાનઃ** અગ્નિસંધુક્ષણ અન્નપાચન, રસમલાદિક વિવેચન (?) નિમેષ, સ્રોતાવલંબનમ્, અન્ન ધારણ, મલનું આધોનયન. **વ્યાનઃ** ગતિ, પ્રસારણ, આક્ષેપ, વિવેચન, ઉન્મેષ, રસવહન, સ્વેદસ્રાવ. રક્તસ્રાવ, આકુંચન, ઉત્ક્ષેપ, અવક્ષેપ, જૃમ્ભા, અન્નસ્વાદ, સ્રોતોવિશોધન, યોનિમાં શુક્રનું પ્રતિપાદન, અન્નનું કિટ્ટ અને સાર વિભજન તથા તર્પણ **અપાનઃ** શુક્રોત્સર્ગ, મૂત્રપુરીષ – આર્તવ – ગર્ભોત્સર્ગ. (ચ. ચિ. અ. ૨૮)

वात प्रकोपक कारणो: બળવાન સાથે વિગ્રહ, અતિ વ્યાયાયામ, અત્યંત અધ્યયન, પ્રપતનમ્, દોડવું, પ્રપીપડન, અભિઘાત, લંઘન, પ્લવનમ્, પ્રતરણ, રાત્રિ જાગરણ, ભાર વહન, હાથી સ્વારી, રથ સ્વારી, પગે ચાલવું, ઘોડે સ્વારી (આ બધાનું અતિ ચરણ), કટુ, તિક્ત, કષાય રસોનું અતિ સેવન, રૂક્ષ, લઘુ, શીતવીર્ય, શુષ્ક શાક, શુષ્ક માંસ, ઉદ્દાલક, શ્યામાક, મગ, મસૂર, કલાય, નિષ્પાવ આદિ ભોજનો; જમ્યાપર જમવું, વિષમ ભોજન, અપવાસ, વાયુના વેગોને રોકવાં, મળ-મૂત્ર-પૂરીષ, છર્દિ-શુક્ર, છીંક, ઉદ્‌ગાર, અશ્રુના વેગ રોકવાથી વાયુ પ્રકુપિત થાય છે. (સુશ્રુત સૂત્રસ્થાનતંત્ર અધ્યાય ૨૧)

વિષમ ઉપચાર, દોષોનું અતિસ્રવણ, રક્તનો અતિસ્રાવ, ધાતુ ક્ષય, ચિંતા, શોક, રોગાતિકર્ષણ, દુઃખ, શય્યા, આસન, ક્રોધ, દિવાસ્વપ્ન, ભય, આમ, મર્મમાં અભિઘાત, ગજ, ઉષ્ટ્ર, અશ્વ, અથવા ઝડપી વાહન પરથી પડવું, લાંબો માર્ગ ચાલવો. એથી વાયુ પ્રકુપિત થાય છે. (ચરક ચિકિત્સા અ. ૨૮)

અત્યંત ઉચ્ચ સાદે બોલવું અને ક્રિયાઓનો અતિયોગ એ પણ વાતપ્રકોપકો છે. (અ. હૃદય નિદાન અ. ૧)

હીન, શુષ્ક પ્રમિત ભોજન, તરસ્યા ખાવું, ભૂખ લાગે તો પાણી પીવું, વિરેચનાદિ કર્મોનો અતિયોગ, વેગોનું ઉદીરણ, નિગ્રહ, બહુ ઉંચાઇ ઓળંગવી, વિષમ અપવાસ, પથ્થર, લોખંડ, લાકડા વગેરે ઉપાડવાં, વિક્ષેપ, ભ્રમણ, ચાલન, ગાઢ ઉત્સાદન એ પણ વાતપ્રકોપકો છે.

પારકા તરફથી આઘાત, સાહસ, ઉત્કંઠા, ગ્રીષ્મઋતુ, પાછલીરાત, જમ્યાનું જીર્ણ થાય ત્યારે પણ વાતપ્રકોપ થાય છે.

वायुना पांच प्रकारना प्रकोपक कारणो: વાયુના પાંચેય પ્રકારનો પ્રકોપ પૃથક્ પૃથક્ નીચેના કારણોથી થાય છે (અ. સં. નિ. અ. ૧૬).

પ્રાણ	ઉદાન	વ્યાન	સમાન	અપાન
રૂક્ષતા	છીંક ધારણ	અતિગમન	વિષમ ભોજન	રૂક્ષાન્ન
વ્યાયામ	ઓડકાર-	અતિધ્યાન	અજીર્ણમાં જમવું	ગુરુ અન્ન
લંઘન	ઊલટી-	અતિક્રીડા	શીતળ ભોજન	વેગાવરોધ
અતિ આહાર	નિદ્રાના વેગો	વિષમચેષ્ટા	જુનું અન્ન	અતિવહન
અભિઘાત	રોકવા	વિરુદ્ધઅન્ન	અકાળ અન્ન	બહુ મુસાફરી
અધોગમન	ગુરુભોજન	રૂક્ષતા	અકાળે જાગરણ	બહુ બેસવું
વેગોદીરણ	ભારવહેવો	ભય		ખૂબ ભમવું
વેગધારણ	ખૂબ રડવું	હર્ષ		
	ખૂબ હસવું	વિષાદ		

वात प्रकोपक रसो: કટુ, તિક્ત અને કષાયરસો વાતપ્રકોપક છે. (ચરક સૂ. અ. ૧)

वात प्रकोपक विपाक: કટુ અને લઘુ વિપાક વાતપ્રકોપ છે. (ચરક સૂ. અ. ૨૬ અ. ૪૧)

वात प्रकोपक काळ: વર્ષાઋતુ, અન્નનો જીર્ણકાળ, શીતળકાળ, વાયુ, ફુંકાવું, સંધ્યાકાળે અને જીંદગીના અંતિમ ભાગમાં વાત પ્રકોપ થાય છે. (સુ. સૂ. અ. ૨૧)

ત્વચાદિ ધાતુગત વાતવિકારો:-

ત્વચાગત વાયુ: રૂક્ષતા, ખરબચડાપણું, સુપ્તિ, કૃશતા, કાળાપણું, તોદ, વિસ્તાર, લાલાશ, પર્વોમાં પીડા, વિચિત્ર વર્ણો, સ્ફુરણ, ચમચમાટી, ભેદ અને પરિપોટન ત્વચાગત વાતને લીધે થાય છે. (સુ. નિદાન અ. ૧)

રક્તાશ્રિત વાયુ: સંતાપસહિત તીવ્ર પીડા, વૈવર્ણ્ય, કૃશતા, અરુચિ, વ્રણો, ભ્રમ, રતાશ, સ્વાપ, ખાધેલા અન્નનું થંભી જવું.

માંસસ્થિત વાયુ: અંગ ગૌરવ, અત્યન્ત તોદ, મૂઠી, દંડ વગેરેથી મારવાથી થતી હોય તેવી પીડા અને સ્તબ્ધતા, અંગોમાં પીડા, અંગોમાં અત્યંત શ્રમ, ગ્રંથિઓ શૂળસહિત ઉત્પન્ન થવી, તોદ યુક્ત ગ્રંથીઓ, ભ્રમ (અ. સં. નિ. અ. ૧૫)

મેદસ્થિત વાયુ: અંગ ગૌરવ, તોદ, મંદ, રુક્ (પીડા) યુક્ત વ્રણ, ભ્રમ થાય છે. (અ. સં. નિ અ. ૧૫)

અસ્થિગત વાયુ: અસ્થિઓમાં પીડા, સંધિઓમા શૂળ, માંસક્ષય, બલક્ષય.

મજ્જાશ્રિત વાયુ: અસ્થિગત વાયુના લક્ષણો ઉપરાંત સદૈવ પીડા અને સ્તબ્ધતા.

શુક્રાશ્રિત વાયુ: એનું શીઘ્ર સ્ખલન, ગર્ભનો શીઘ્ર મોક્ષ, શુક્ર વિકૃતિ, ગર્ભ વિકૃતિ, શુક્રની અપ્રવૃત્તિ, વિકૃત પ્રવૃત્તિઓ.

સ્નાયુગત વાયુ: બાહ્યાયામ, અભ્યન્તરાયામ, ખલ્લિ, કુબ્જત્વ, સર્વાંગરોગ, એકાંગરોગ, સ્તમ્ભ, કમ્પ, શૂલ, આક્ષેપ, ગૃધ્રસી.

સિરાગત વાયુ: શરીરમાં મંદ પીડા સહિત શોથ, શરીર શોષ, સ્પન્દન, સિરાસુપ્તિ, સિરાઓમાં પાતળાપણું અને ભારેપણું, શૂલ, આકુંચન, પૂરણ, આધ્માન અને ખાલીપણું.

સંધિગત વાયુ: વાયુથી ભરેલ મશક જેવો સોજો, સંધિના પ્રસારણ, આકુંચનમાં સવેદન પ્રવૃત્તિઓ તેમાં અશક્તિ અને સંધિશૂળ.

ઇન્દ્રિયગત વાયુ: ઇંદ્રિયનો વધ

આમાશયગત વાયુ: ઊલટી, મોહ, મૂર્ચ્છા, પિપાસા, હૃદ્ગ્રહ, પાર્શ્વવેદના, હૃદયમાં પીડા, નાભિમાં પીડા, ઉદરમાં પીડા, ઉદ્ગાર, વિસૂચિકા, કાસ, કંઠશોષ, મુખશોષ, શ્વાસ, કંઠમાં અવરોધ.

પક્વાશયગત વાયુ: આંત્રકુંજન, નાભિશૂળ, મૂત્રકૃચ્છ્ર, પુરીષાલ્પતા, આનાહ, ત્રિકવેદના, શૂળ, આટોપ, મળાવરોધ, અશ્મરી, વર્ધ્મ, અર્શ, પીઠનું ઝલાઈ જવું, કટિગ્રહ, શરીરના નીચલા ભાગમાં ઉપદ્રવો.

કોષ્ઠાશ્રિત વાયુ: મૂત્ર નિગ્રહ, મળ નિગ્રહ, બ્રધ્ન, હૃદ્રોગ, ગુલ્મ, અર્શ અને પાર્શ્વશૂળ.

ગુદાશ્રિત વાયુ: મળાવરોધ, મૂત્રાવરોધ, વાતાવરોધ, શૂળ, આધ્માન, અશ્મરી, શર્કરા, જંઘામાં પીડા, ઉરુમાં, ત્રિકમાં, પગમા, પીઠમાં પીડા, ઉરુ, જંઘા, ત્રિક અને પગમાં તથા પીઠમાં શોષ.

સર્વાંગકુપિત વાયુ: ગાત્રસ્ફુરણ, ગાત્રભંજન, સંધિવેદના, સંધિસ્ફુરણ, સ્તંભન, આક્ષેપણ, સ્વાપ, શોફ, શૂળ, તોદ, ભેદ, સ્ફુરણ, ભંજન, સંધિમાં આકુંચન તથા કંપન કરાવે છે.

વાત પ્રકૃતિ : રૂક્ષ, કૃશ અને મેદરહિત બાંધો, રૂક્ષ સ્વર, તૂટેલો અવાજ, જર્જર સ્વર, અલ્પનિદ્રા, ઉતાવળીચાલ, અસ્થિર ચાલ, નાની નાની ચેષ્ટાઓ, ચપળચેષ્ટા, ઓછું ખાનાર, ચપળતાથી ખાનાર, ઓછું બોલનાર, અસ્થિર સંધિવાળો, અસ્થિર આંખો, અસ્થિર ભ્રમર, હનુ, ઓષ્ઠ, જીવ્હા, સિરા, સ્કન્ધ, હાથ, પગવાળો, બહુકંડરાવાળો, ઉપસેલી નસોવાળો, આરંભમાં ઉતાવળો, શીઘ્ર ક્ષોભ પામનાર, ત્રાસ પામનાર, વિકાર પામનાર, ગુસ્સે થનાર, સાંભળેલુ ગ્રહણ કરનાર, અલ્પ સ્મૃતિ, ટંડી સહન ન કરનાર, પોતે હમેશાં ટંડો, ખરબચડા વાળ, રૂંવાડા, સ્મશ્રુ, નખ, દેખાવ, આકૃતિ, હાથ અને પગવાળો, સ્ફૂટિત અવયવવાળો, અલ્પબળ, અલ્પાયુ, અલ્પ સંતાન, અલ્પ સાધન અને અલ્પ ધનવાળો થાય છે.

(ચરક ચિકિત્સાસ્થાન અધ્યાય ૨૮)

હવે સુશ્રુતનું વર્ણન જુઓ :

તે દુર્ભગ, સ્તેન (ચોર), મત્સર, અનાર્ય, ગંધર્વ ચિત્ત, સ્ફુટિત હાથ અને પગવાળો, અલ્પ સ્મશ્રુ, નખ, કેશવાળો, રૂક્ષ, સ્મશ્રુ, નખ કેશવાળો, દાંતો કચકચાવનાર, નખ આવનાર, ધૃતિવગરનો, જેના મિત્રો ભાગી જાય છે તેવો, કૃતઘ્ન, પરુષ, ધમનીવાળો, બહુભાષી, અટન કરનાર, અસ્થિર ચિત્ત, સ્વપ્નમાં આકાશમાં ગમન કરનાર, અવ્યવસ્થિત મતિવાળો, ચલદૃષ્ટિવાળો, જેની પાસે ધન-રત્નાદિ અલ્પ સંચય છે તેવો, અલ્પ મિત્રોવાળો, અજ-ગો-શશ ઉષ્ટ્ર, ગર્દભ (ગધેડા) કાગડા તથા ખર જેવી પ્રકૃતિવાળો હોય છે.

હવે વાગ્ભટ્ટનું વર્ણન જુઓ :

પાતળા-રુક્ષ, સ્તબ્ધ અને અલ્પ અવયવવાળો, એવાજ નખોવાળો, એવાજ દાંતોવાળો, એવાજ રોગવાળો, એવાજ નેત્રોવાળો, સ્વરવાળો, પાતળી અને કઠણ પીંડીઓવાળો, શીઘ્ર ગ્રહણશીલ, તરત ભૂલીજવાવાળો, ચલ ધૃતિવાળો, ચલ મતિવાળો, ચલ સ્વભાવવાળો, અજીતેન્દ્રિય, ઇતિહાસ, વિનોદ, વિલાસ, કલહ, શિકાર, બગીચા, યાત્રા જેને પ્રિય છે તેવો, સ્નિગ્ધ, ઉષ્ણ, મધુર, અમ્લ અને લવણાન્ન જેને ઉપશય છે તેવો, અલ્પ નિદ્રાવાળો, બહુ ખાનારો અને નાસ્તિક હોય છે.

પ્રકુપિત વાયુના કર્મો :-

સ્રંસન (સંધિ શૈથિલ્ય) વ્યાસ, સંગ, ભેદ, સાદ, હર્ષ, તૃષા, કમ્પ, અંગમર્દ, ચલન, તોદ, વ્યથા, ચેષ્ટા, ખરત્વ, પરુષત્વ, (ખરબચડાપણું) વિશદત્વ, શુષિરત્વ, અરુણવર્ણતા, કષાય મુખત્વ, મોઢામાં વિરસતા, શોષ, શૂળ, સુપ્તિ, સંકોચ, સ્તમ્ભ, ખંજતા, કાર્શ્ય, વર્ત, ઉદ્વેષ્ટન, દંશન, ભંગ, આધ્માન, રુક્ષતા, સ્ફુટન, વિમથન, ક્ષોભ, કંઠધ્વંસ, શ્રમ, વિલેપન, કર્ણનાદ, વિષમપરિણતિ, ભ્રમ, દૃષ્ટિપ્રમોદ, વિસ્પંદન, ઉદ્ઘટ્ટનમ્, નિદ્રાનાશ, તાડન, પીડન, વિષાદ, ભ્રમ, પરિપતન, જૃમ્ભા, રોમહર્ષ, વિક્ષેપ, આક્ષેપ, ગ્રહણ, છેદન, વેષ્ટન, શ્યામવર્ણતા, વિશ્લેષ, વ્યધ, પર્વોમાં સંકોચ, સ્તંભ, ભેદ, અસ્થિમાં ભેદ, પ્રલાપ, હાથ પગ, શિરામાં જકડાઇ જવું (ગ્રહ) ..., કુબ્જત્વ, અંગશોષ, ગર્ભનાશ, શુક્રનાશ, રજોનાશ, શિર-નાસા-અક્ષિ-

વાત પ્રક... મોહ, બલોપઘાત, વર્ણોપઘાત, સુખોપઘાત, આયુષ્યને હાનિ, મનોવ્યાવર્ષ,

વાત પ્રકોપક ... વધુકાળ સુધી ધારણ, ગર્ભ વિકૃતિ, ભય, શોક, દૈન્યતા એટલા

वातवृद्धि अने क्षयनां लक्षणो:-

વાતવૃદ્ધિ: વાણીમાં પરૂષતા, કૃશતા, કાળાપણું, ગાત્રસ્ફુરણ, ઉષ્ણતાની ઇચ્છા, નિદ્રાનાશ, અલ્પબલત્વ, ઘાટો મળ, ગાત્રકમ્પ, સંજ્ઞાનાશ, ઇન્દ્રિયોપઘાત, અસ્થિશૂળ, મજ્જાશોષ, વિબંધ, આધ્માન, આટોપ, મોહ, દૈન્ય, ભય, શોક, પ્રલાપ.

વાતક્ષય: મંદ ચેષ્ટા, અલ્પ વાક્યતા, અપ્રહર્ષ, મૂઢ સંજ્ઞતા, પ્રસેક, અરુચિ, હૃલ્લાસ, અંગસાદ, અગ્નિવૈષમ્ય, કફવૃદ્ધિથી થતા રોગોનો સંભવ.

હવે આપણે વાયુના સંચય, પ્રકોપ, પ્રસર, સ્થાન સંશ્રય અને અભિવ્યક્તિ એ પાંચ અવસ્થાનો અભ્યાસ કરીશું.

वात संचय: એમાં સ્તબ્ધકોષ્ઠતા અને પૂર્ણકોષ્ઠતા હોય છે.

वात प्रकोप: કોષ્ઠમાં તોદ અને વાયુનું સંચરણ થાય છે.

वात प्रसर: એમાં વાયુનું વિમાર્ગે અને આટોપ થાય છે.

स्थान संश्रय: જે દોષ વડે લક્ષણો થાય છે તે વ્યાધિ ઉત્પન્ન થતી વેળા થતાં પૂર્વરુપોનો પ્રાદુર્ભાવ જાણવો.

वायुना पांचेय भेदोवडे उत्पन्नव्याधियो:-

પ્રાણ પ્રકોપજ વ્યાધિ: નેત્રાદિ ઇંદ્રિયોમાં ઉપઘાત, પીનસ, અર્દિત, અતિ તૃષા, કાસ, શ્વાસ, હિક્કાદિ રોગો

ઉદાન પ્રકોપજ વ્યાધિ: કંઠરોધ, મનોભ્રંશ, છર્દિ, અરોચક, પીનસ, ગલગંડાદિ, ઉર્ધ્વજત્રુ પ્રકોપજ વ્યાધિયો.

વ્યાન પ્રકોપજ વ્યાધિ: પુંસત્વભ્રંશ, ઉત્સાહભ્રંશ, બલભ્રંશ, શોથ, ચિત્તમાં ઉપપ્લવ, જ્વર, સર્વાંગજ રોગ, નિસ્તોદ, રોમહર્ષ, અંગોમાં સુપ્તિ, કુષ્ઠ, વિસર્પ અને સર્વાંગજ વ્યાધિયો.

સમાન પ્રકોપજ વ્યાધિ: શૂળ, ગુલ્મ, ગ્રહણી, પક્વામાશયના રોગો, અગ્નિમાંદ્ય અને અતીસાર.

અપાન પ્રકોપજ વ્યાધિ: પક્વાશયના વ્યાધિયો, મૂત્રદોષ, શુક્રદોષ, અર્શ, ગુદભ્રંશાદિ બસ્તિગુદાગત વ્યાધિયો.

वायुनां नानात्मज व्याधियो:-

૧ નખભેદ, ૨ વિપાદિકા, ૩ પાદશૂલ, ૪ પાદભ્રંશ, ૫ પાદસુપ્તિ, ૬ વાતખુડ્ગતા, ૭ ગુલ્ફગ્રહ, ૮ પિંડિકોદ્વેષ્ટન, ૯ ગૃધ્રસી, ૧૦ જાનુભેદ, ૧૧ જાનુવિશ્લેષ, ૧૨ ઊરુસ્તંભ, ૧૩ ઉરુસાદ, ૧૪ પંગુતા, ૧૫ ગુદભ્રંશ, ૧૬ ગુદાર્તિ, ૧૭ વૃષણોત્ક્ષેપ, ૧૮ શિશ્નમાં સ્તંભ, ૧૯ વંક્ષણમાં આનાહ, ૨૦ શ્રોણિભેદ, ૨૧ ઉદાવર્ત, ૨૨ ખંજત્વ, ૨૩ વામનત્વ, ૨૪ ત્રિકગ્રહ (કટિગ્રહ), ૨૫ પૃષ્ઠ ગ્રહ, ૨૬ પાર્શ્વ વિમર્દ, ૨૭ ઉદરવેષ્ટન, ૨૮ હૃદયમોહ, ૨૯ હૃદ્દ્રવ, ૩૦ વક્ષઉદ્ધર્ષ, ૩૧ વક્ષતોદ, ૩૨ વક્ષોપરોધ, ૩૩ બાહુશોષ, ૩૪ ગ્રીવાસ્તંભ, ૩૫ મન્યાસ્તંભ ૩૬ કંઠોધ્વંસ, ૩૭ હનુભેદ (સ્તંભ) ૩૮ ઓષ્ઠભેદ, ૩૯ અક્ષિભેદ, ૪૦ દંતભેદ, ૪૧ દંતશૈથિલ્ય, ૪૨ મૂકત્વ, ૪૩ ગદ્ગદત્વ, ૪૪ વાક્સંગ, ૪૫ કષાયાસ્યતા, ૪૬ મુખશોષ, ૪૭ અરસજ્ઞતા (ઘ્રાણનાશ), ૪૮ કર્ણશૂળ, ૪૯ અશબ્દ શ્રવણ, ૫૦ જોરથી બોલતાં સાંભળવું, ૫૧ બાધિર્ય, ૫૨ વર્ત્મસ્તંભ, ૫૩ વર્ત્મ સંકોચ, ૫૪ તિમિર, ૫૫ અસ્થિશૂળ, ૫૬ અક્ષિવ્યુદાસ, ૫૭ ભ્રૂવ્યુદાસ, ૫૮ શંખભેદ, ૫૯ લલાટભેદ, ૬૦ શિરોરુક્, ૬૧ કેશભૂમિસ્ફુટન, ૬૨ અર્દિત,

૬૩ એકાંગરોગ, ૬૪ સર્વાંગરોગ, ૬૫ પક્ષવધ, ૬૬ આક્ષેપક, ૬૭ દંડક, ૬૮ તમ, ૬૯ ભ્રમ, ૭૦ વેપથુ, ૭૧ જૃમ્ભા, ૭૨ હિક્કા, ૭૩ વિષાદ, ૭૪ પ્રલાપ, ૭૫ ગ્લાનિ, ૭૬ રૌક્ષ્ય, ૭૭ પારુષ્ય, ૭૮ શ્યાવારૂણવર્ણતા, ૭૯ અનિદ્રા, ૮૦ અનવસ્થિત ચિત્ત. (ચરક સૂ. અ. ૨૦) ૮૧ અનિલગ્રહ, ૮૨ વાતકંટક, ૮૩ વિડ્ગ્રહ, ૮૪ કુબ્જત્વ, ૮૫ હનુગ્રહ, ૮૬ ઘ્રાણ નાશ, ૮૭ શ્રમ, ૮૮ શ્વાસ, ૮૯ વિષાદ, ૯૦ વંધ્યાત્વ, ૯૧ પાંઢયત્વ, ૯૨ પ્રતિશ્યાય. ૯૩ બાહ્યાયામ, ૯૪ અન્તરાયામ, ૯૫ ખલ્લી, ૯૬ જીવ્હાસ્તંભ, ૯૭ ક્રોષ્ટુશીર્ષ, ૯૮ કલાયખંજ, ૯૯ તુની, ૧૦૦ પ્રતિતુની, ૧૦૧ પાદહર્ષ, ૧૦૨ વિશ્વાચી, ૧૦૩ અવબાહુક, ૧૦૪ અપતાનક, ૧૦૫ વ્રણાયાસ, ૧૦૬ અપતંત્રક, ૧૦૭ અંગભેદ, ૧૦૮ અંગશોથ, ૧૦૯ મિનમિનત્વ, ૧૧૦ અષ્ઠીલા, ૧૧૧ પ્રત્યષ્ઠીલા, ૧૧૨ અંગપીડા, ૧૧૩ અંગશૂલ, ૧૧૪ અંગ સંકોચ, ૧૧૫ અંગસ્તંભ, ૧૧૬ અંગભંગ, ૧૧૭ અંગવિભ્રંશ, ૧૧૮ બદ્ધવિટ્કતા, ૧૧૯ અત્યુદ્ગાર, ૧૨૦ આંત્રકુજન, ૧૨૧ વાતપ્રવૃત્તિ, ૧૨૨ સિરાસ્ફુરણ, ૧૨૩ સિરાપૂરણ, ૧૨૪ કાર્શ્ય, ૧૨૫ ક્ષિપ્રમૂત્રતા, ૧૨૬ સ્વેદનાશ, ૧૨૭ દુર્બલત્વ, ૧૨૮ બલક્ષય, ૧૨૯ શુક્રાતિપ્રવૃત્તિ, ૧૩૦ શુક્રકાર્શ્યમ, ૧૩૧ શુક્રનાશ, ૧૩૨ કઠિણતા, ૧૩૩ મુખમાં બેસ્વાદપણું, ૧૩૪ આધ્માન, ૧૩૫ પ્રત્યાધ્માન, ૧૩૬ શીતતા, ૧૩૭ રોમહર્ષ, ૧૩૮ ભીરૂત્વ, ૧૩૯ તોદ, ૧૪૦ કંડુ, ૧૪૧ પ્રસુપ્તિ, ૧૪૨ દૃક્ક્ષય, (દૃષ્ટિનો નાશ) (શારંગધર અ. ૭)

वातहर रसो: મધુર, અમ્લ અને લવણ (ચરક સૂ. અ. ૧)

वातहर विपाक: ગુરૂ (સુશ્રુત)

वातहर वीर्य: ઉષ્ણ અને સ્નિગ્ધ.

वातहर कर्मो: સ્નેહન, સ્વેદન, મૃદુસંશોધન, સ્નિગ્ધ ઉષ્ણ, મધુર, અમ્લ, લવણ, યુક્ત આહાર, અભ્યંગ, ઉપનાહ, ઉદ્વેષ્ટન, ઉન્મર્દન, પરિષેક, અવગાહ, સંવાહન, પીડન, વિત્રાસનમ્, વિસ્માપન, વિસ્મારણ, સુરાસવ, સ્નેહો (દીપન પાચન વાતહર વિરેચનીય) બસ્તિ, બસ્તિ નિયમ, અભ્યંગપૂર્વ–ઉપનાહ, ઉપવેષ્ટન, ઉન્મર્દન, પરિષેક, અવગાહન, પીડન, તેલ, માંસરસ, અનુવાસન, સ્ત્રીસંપર્કવર્જ હેમંત વિધિ: (અષ્ટાંગ સંગ્રહ સૂ. અ. ૧)

वात शामक: દેવદારૂ, કુઠ, હળદર, વાયવરણો, કાકડાશીંગી, બલા, અતિબલા, આર્તગલ (અર્જુન), કચ્છુરા (કૌચ), શલ્લકી, પાટલા, અરણી, ગળો, એરંડ, પાષાણભેદક, અર્ક (આકડો), શતાવરી, પુનર્નવા, ધતુરો, ભારંગમૂળ, વનકપાસ, બોર, જવ, કળથી, વિદારીગંધાદિ ગણ, લઘુપંચમૂળ, બૃહત્પંચમૂળ, એ સંક્ષેપમાં વાતસંશમન દ્રવ્યો છે. તથા વૈદ્ય **રણજીતરાય દેસાઇ** "ક્રિયા શરીર"માં જણાવે છે તેમ કુચલા, વચ્છનાગ, મૃગશૃંગ સદૃશ દ્રવ્યો એમાં સમાવી લેવા ઘટે.

वायुना आवरणो: (સુ. નિ. અ. ૧. ચ. ચિ. અ. ૨૮)

પિત્તાવૃત વાયુ: દાહ, તૃષ્ણા, શૂળ, ભ્રમ, તમ, કટુ, અમ્લ, ઉષ્ણ અને લવણ પદાર્થોથી વિદાહ, શીતેચ્છા (ચ. ચિ. અ. ૨૮) સંતાપ અને મૂર્છા (સુ. નિ. અ. ૧૦) થાય છે.

કફાવૃત વાયુ: શીતતા, ગૌરવ, શૂળ, કટુ, તિક્ત, કષાય, રૂક્ષ અને ઉષ્ણ પદાર્થોથી ઉપશય, લંઘનેચ્છા, આરામની ઇચ્છા, રૂક્ષ અને ઉષ્ણ પદાર્થોની ઇચ્છા (ચ. ચિ. અ. ૨૮) અને શોથ (સુ. નિ. અ. ૧) થાય છે.

રક્તાવૃત વાયુ: ત્વચા અને માંસની વચ્ચે દાહ સહિત પીડા, રતાશવાળો સોજો, રાતા ચકતાં (ચ. ચિ. અ. ૨૮) તોદ, સ્પર્શથી અગણમો, સુપ્તિ અને પિત્તવિકારો થાય છે (સુ. નિ. અ. ૨૮)

માંસાવૃત વાયુ: કઠણ અને જુદા જુદા વર્ણની ફોલ્લીઓ, કઠણ અને જુદા જુદા વર્ણોનો સોજો, રોમ હર્ષ, કીડી સંચરતી હોય તેવી પ્રતીતિ (ચ. ચિ. અ. ૨૮)

મેદાવૃત વાયુ: અંગોમાં ચલ, સ્નિગ્ધ, મૃદુ અને શીતળ સોજો (આઢ્ય વાત?), અરૂચિ (ચ. ચિ. અ. ૨૮)

અસ્થિવડે આવૃત વાયુ: ઉષ્ણ સ્પર્શ અને પીડન (દબાવવાથી)ની ઇચ્છા, શેકાતું હોય તેવી વેદના, પીડા, તોદ (ચ. ચિ. અ ૨૮) અને શૂળ થાય છે (અ. સં. નિ. અ. ૧૬)

મજ્જાવૃત વાયુ: વિનામ, જૃમ્ભા, પરિવેષ્ટન, શૂળ, હાથના તળિયાથી દબાવવાથી સુખની પ્રતીતિ (ચ. ચિ. અ. ૨૮)

શુક્રાવૃત વાયુ: શુક્રનો વેગાભાવ યા અતિવેગ કે નિષ્ફળતા (ચરક ચિ અ. ૨૮)

અન્નાવૃત વાયુ: વાયુ અન્નવડે આવૃત થાય ત્યારે ભોજન કરવાથી કુક્ષિમાં વેદના તથા ભોજન પચી જાય ત્યારે શાંતિ થાય છે

મૂત્રાવૃત વાયુ: મૂત્રની અપ્રવૃત્તિ તથા બસ્તિમાં આધ્માન.

મલાવૃત વાયુ: મલની પુષ્કળ ગાંઠો બંધાઇ જવી, પક્વાશયમાં ચીરાતું હોય તેવી વેદના, સ્નેહ દ્રવ્યોનું શીઘ્ર પાચન, જમ્યા પછી આધ્માન, જમ્યા પછી ઝાડો આવવો અને તે મળ બહુવારે સુકાયેલો આવવો, કટિ, જંઘા મૂળ, પૃષ્ઠમા વેદના, અધોવાયુની ઉપર ગતિ, ગભરાટ તથા છાતી અને હૃદય પર ભાર–અસ્વસ્થતા–લાગવા–એ મલાવૃત વાયુના લક્ષણો છે.

पित्तावृत प्राणादि पंचभेदो:

પિત્તાવૃત પ્રાણ: મૂર્છા, દાહ, ભ્રમ, શૂળ, વિદાહ, શીતેચ્છા, વિદગ્ધાન્નનું વમન.

પિત્તાવૃત ઉદાન: મૂર્છા, દાહ. ભ્રમ, શૂળ, વિદાહ, શીતેચ્છા, નાભિપ્રદેશમાં દાહ, ઉષ્ણદાહ, કલમ, ઓજભ્રંશ, પીડા.

પિત્તાવૃત સમાન: અતિસ્વેદ, તૃષા, દાહ, મૂર્છા, અરૂચિ, ઉષ્ણની અપ્રીતિ.

પિત્તાવૃત વ્યાન: સર્વાંગદાહ, કલમ, સંતાપવેદના, ગાત્રવિક્ષેપ.

પિતાવૃત અપાન: પીળું મૂત્ર, પીળા મળ, ગુદામાં તાપ, ઇંદ્રિયમાં તાપ, આર્તવની અતિ પ્રવૃત્તિ, દાહ, અતિ પીડા, યોનિતાપ.

कफावृत प्राणादि पंचभेदो:-

કફાવૃત પ્રાણ: લાલસ્રાવ, છીંક, ઓડકાર, ઉચ્છવાસ, નિશ્વાસ–આ બધાનો ગ્રહ, અરૂચિ, વમન, સાદ, તંદ્રા, દૌર્બલ્ય.

કફાવૃત ઉદાન: વૈવર્ણ્ય, વાણી–સ્વરનો ગ્રહ, દૌર્બલ્ય, અંગોમાં ભારેપણું, અરૂચિ, બલનો નાશ, વર્ણનો નાશ, સ્વેદની અપ્રવૃત્તિ, હર્ષનો અભાવ, મંદાગ્નિ, શીતતા, સ્તમ્ભ.

કફાવૃત સમાન: સ્વેદની અપ્રવૃત્તિ, અગ્નિમાંદ્ય, લોમહર્ષ, ગાત્રમાં શીતળતા. કફાધિક્ય-મળ, કફાધિક્યવાળું મૂત્ર.

કફાવૃત વ્યાન: ગાત્રગૌરવ, સંધિમાં પીડા, અસ્થિમાં પીડા, વાણીનો ગ્રહ, ચાલવામાં બહુ સ્ખલન, અસ્થિના પર્વોમાં સ્તમ્ભ.

કફાવૃત અપાન: આમયુક્ત વિવિધ પ્રકારના મળનું પ્રવર્તન, કફયુક્ત મળ, ભારે મળ, કફયુક્ત મેહ, અધો શરીરમાં ભારેપણું.

वायुना पांचेय भेदोनुं परस्पर आवरण:-

પ્રાણાવૃત વ્યાન: દરેક ઇંદ્રિયોમાં શુન્યત્વ, સ્મૃતિક્ષય, બલક્ષય.

વ્યાનાવૃત પ્રાણ: અતિસ્વેદ, લોમહર્ષ, ત્વગ્દોષ, ગાત્રસુપ્તિ.

પ્રાણાવૃત સમાન: જડતા, ગદ્ગદ્તા, મૂકતા.

સમાનાવૃત અપાન: ગ્રહણી, પાર્શ્વશૂળ, હૃદયશૂળ તથા આમાશયશૂળ એ લક્ષણો થાય છે.

પ્રાણાવૃત ઉદાન: શિરોગ્રહ, પ્રતિશ્યાય, નિશ્વાસ તથા ઉચ્છ્વાસમાં અવરોધ.

ઉદાનાવૃત પ્રાણ: ક્રિયા–ઓજ–બલ–વર્ણનાશ, મૃત્યુ.

ઉદાનાવૃત અપાન: વમન, શ્વાસ.

અપાનાવૃત ઉદાન: મોહ, અગ્નિમાંદ્ય, અતિસાર.

વ્યાનાવૃત અપાન: વમન, આધ્માન, ઉદાવર્ત, ગુલ્મ, પરિકર્તિકા.

અપાનાવૃત વ્યાન: પૂરીષ–મૂત્ર–વીર્ય આ બધાની અતિપ્રવૃત્તિ.

સમાનાવૃત વ્યાન: મૂર્ચ્છા, તન્દ્રા, પ્રલાપ, અંગસાદ, અગ્નિમાંદ્ય, ઓજ અને બલક્ષય.

ઉદાનાવૃત વ્યાન: સ્તબ્ધતા, અગ્નિમાંદ્ય, સ્વેદક્ષય, ચેષ્ટાઓમાં હાનિ.

साम तथा निरामवायु:-

સ્રોતોરોધ, બલભ્રંશ, ગૌરવ, વાયુની અપ્રવૃતિ, મૂઢતા, આલસ્ય, અપાચન, છીંક, વિબંધ, અરૂચિ, થાક એ બધા સામ વાયુના લક્ષણો છે તેથી વિબંધ, અગ્નિમાંદ્ય, આંત્રકૂજન, તંદ્રા, વેદના, શોથ અને અંગોમાં પીડા થાય છે. અંગ ગ્રહ, સૂર્યોદય થતાં લક્ષણોમાં વૃદ્ધિ, રાત્રે વૃદ્ધિ, સ્તૈમિત્ય, ગૌરવ, અરોચક, આદિ લક્ષણો થાય છે. નિરામવાયુઃ વિશદ, રૂક્ષ, વિબંધરહિત, અલ્પવેદના, વિપરીત ગુણોવડે–વિશેષતઃ સ્નિગ્ધવડે પ્રશમનશીલ. (અષ્ટાંગ સંગ્રહ)

संचयप्रकोपप्रशमकाल:-

સંચય: ગ્રીષ્મઋતુ, **પ્રકોપકાળ:** વર્ષાઋતુ, **શમનકાળ:** શરદઋતુ.

वायुनी उत्कृष्टता: વાયુ એ આયુ, બલ, ધાતા, વિશ્વ, પ્રભુ છે. જે મનુષ્યના શરીરમાં વાયુની અવ્યાહત (અદૂષિત) ગતિ છે, ને સ્વસ્થાનમાં સ્થિત અને પ્રકૃતિસ્થ છે તે મનુષ્ય સો વર્ષ સુધી જીવે છે. (ચ. ચિ. અ. ૨૮ શ્લોક ૨–૩) વિશ્વના તમામ અર્થના કરણમાં પ્રાકૃત વાયુ અને અનર્થ કરણમાં વિકૃત વાયુ કારણ રૂપ છે અને તેમાં પણ શરીરમાં તો ખાસ છે. (અ. હ. નિ. અ. ૧૫ શ્લોક. ૧) પિત્ત પંગુ છે, કફ પણ પંગુ છે અને રસાદિ સાત ધાતુઓ તથા મળો પણ પંગુ છે, તેઓ બધા આકાશમાં જેમ પવન વાદળાને ફેરવે છે, તેમ શરીરમાં વાયુવડે ફરે છે. શાખાગત, કોષ્ઠગત, મર્મગત, ઉર્ધ્વાંગગત–સર્વાવયવોમાં જે જે રોગો થાય છે, તે બધામાં વાયુ એ પ્રધાન હેતુ છે (અ. હ. સૂત્રસ્થાન)

ઇતિ પ્રથમોઽધ્યાયઃ।

(વૈદ્ય ચન્દ્રશેખર ઠક્કુર સંપાદિત તુરતમાં પ્રગટ થનાર પુસ્તક 'ત્રિદોષ પરિચય'માંથી)

કસ્તૂરી

લેખક: ડૉ. પ્રફુલ્લ બી. વૈદ્ય

કસ્તૂરી મૃગની નાભિમાંથી ઉત્પન્ન થતી નથી. સાચી કસ્તૂરી સુંઘવાથી નાકમાંથી લોહી તૂટી પડતું નથી.

'કુમાર'ના ફેબ્રુઆરી અંકમાં કસ્તૂરી વિષેનાં કેટલાક મંતવ્યો શાસ્ત્રસંગત ન હોવાને કારણે આ ખુલાસો આવશ્યક લાગે છે. એ લેખમાં જણાવ્યા પ્રમાણે કસ્તૂરીની ઉત્પત્તિ વિષે સમાજમાં એવો મત મોટે ભાગે પ્રચલિત છે કે તે મૃગની નાભિમાંથી ઉત્પન્ન થાય છે. તે બરાબર નથી. સંસ્કૃતમાં કસ્તૂરીને માટે 'મૃગનાભિ', 'મૃગમદ' વગેરે શબ્દો છે. આને લીધે પણ કેટલાક માને છે કે કસ્તૂરી મૃગની નાભિમાંથી અથવા વીર્યમાંથી ઉત્પન્ન થાય છે. પણ તે ચોક્કસ કયા અંગમાંથી ઉત્પન્ન થાય છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ મોટા ભાગના ગ્રંથોમાં નથી. કોઈ ડૂંટામાથી, કોઈ અંડમાંથી અને કોઈ વીર્યમાંથી તે નીકળતી હોવાનું જણાવે છે.

વડોદરામાં ૧૯૪૨ માં ભરાએલી ૨૯મી વિજ્ઞાન પરિષદમાં એના ઉપર ઠીક ઠીક પ્રકાશ ફેંકવામાં આવ્યો હતો. એના અહેવાલમા કૈલાસ ને માનસરોવરવાસી સ્વામી શ્રી. પ્રણવાનંદનો 'musk and musk-deer' પર નિબંધ છપાએલો છે. આ વિદ્વાને જાતે કસ્તૂરીમૃગ મરાવીને કસ્તૂરી શી ચીજ છે એ ઉપર સારો પ્રકાશ નાખ્યો છે. એ કહે છે કે નાભિ તો નર અને માદા બન્નેને હોય છે. પ્રાણીશાસ્ત્રની દૃષ્ટિએ પણ કસ્તૂરી એ નાભિની બનાવટ તો હોઇ શકે જ નહિ, કારણ નાભિને કોઇ જાતનો સ્રાવ હોતો નથી, અને ધારો કે હોય તો તે મૂત્રમાર્ગમાં જઈ શકતો નથી. જો નાભિ જ તેનું ઉત્પત્તિસ્થાન હોય તો નર અને માદા બન્નેના મૂત્રમાં કસ્તૂરીની સુગંધ આવવી જોઇએ, પરંતુ તેમ નથી. એકલા નર મૃગના મૂત્રમાં જ કસ્તૂરીની સુગંધ હોય છે. એટલે કસ્તૂરી એવી કોઈ ગ્રંથિનો સ્રાવ હોવો જોઇએ જે એકલા નરમાં જ હોય અને જે મૂત્રમાર્ગ દ્વારા સ્રવતી હોય. પૌરૂષગ્રંથિ (prostate gland) જ આ બન્ને વસ્તુ કરી શકે. નર મૃગના ઉપસ્થ નજીકના ભાગ આગળથી કસ્તૂરીનો ડૂટો લેવામાં આવે છે, એટલે ભ્રમથી લોકો એને 'અંડ' માને છે. નાભિનો ભાગ પણ ઉપસ્થની પાસે જ વાળથી આચ્છાદિત થએલો હોવાથી એને નાભિ પણ ભ્રમથી જ કહેવામાં આવે છે. પરંતુ ખરી રીતે પૌરુષગ્રંથિ એ જ કસ્તૂરીનો ડૂટો છે અને આ ગ્રંથિનો સ્રાવ એ જ કસ્તૂરી છે.

વળી 'અસલી કસ્તૂરીની ગંધ એટલી તીવ્ર હશે કે સૂંઘવાથી નાકમાંથી લોહી પડશે.' એ પણ લોકમાનસમાં ઘર કરી બેઠેલો ભ્રમ જ છે. કોઈ પણ પુસ્તકમાં કસ્તૂરીના આવા ગુણ માટે ઉલ્લેખ નથી. અને મેં પોતે સાચી અને સારામાં સારી કસ્તૂરી અનેકવાર સૂંઘી છે, પણ મને કોઈ દિવસ લોહી પડયું નથી. કદાચ એમ બને, કે તમે વારંવાર સૂંઘ્યા જ કરો તો તેની તીવ્ર વાસને કારણે નાકની અત્યંત સુંવાળી (સેન્સિટિવ) શ્લેષ્મકલા (મ્યૂકસ મેમ્બ્રેન)ની રકતવાહિનીઓ ઉત્તેજિત થાય અને રકતનો પ્રવાહ ત્યાં અધિક વહેવાને કારણે લોહી તૂટી પડે. પરંતુ આ વસ્તુ ફકત કસ્તુરીને માટે જ સાચી નથી, એ તો કોઇ પણ તીવ્ર વાસવાળી વસ્તુ આપણે વારંવાર સૂંઘીએ તો પણ થાય, એટલે કસ્તુરી સૂંઘવાથી લોહી તુટી પડે છે એ વિધાન ભ્રામક છે. (કુમાર: મેઃ ૧૯૫૫)

સ્નાન-ન્હાવું

લેખક: વૈદ્યરાજ પં. હરિપ્રસાદ સી. ભટ્ટ
"પ્રાણાચાર્ય" "આયુર્વેદાચાર્ય"-વડોદરા.

સ્નાન નિત્ય કરવું. નિયમિત સ્નાનથી ચામડીનાં છિદ્રો સ્વચ્છ રહે છે. પરસેવો બહાર નીકળે છે. તથા ચામડી સુંવાળી અને સ્વચ્છ રહી શકે છે. આપણા શરીરની ચામડી ઉપર બારીક છિદ્રો છે. આ છિદ્રોમાંથી દરરોજ બે અઢી શેર જેટલો પરસેવો બહાર નીકળે છે. ધૂળની રજકણો ઊડી ચામડી ઉપર ચોંટે છે. પરિણામે શરીર ઉપર મેલ જામે છે. આ મેલ દૂર કરવા સ્નાન કરવું જોઇએ. ન્હાઇએ નહિ તો મેલ જામી શરીરનાં છિદ્રો પુરાઈ જાય તો પરસેવો બહાર નીકળી શકે નહિ, પરિણામે લોહીમાં કેટલાક ઝેરી પદાર્થો રહી જાય છે. આ ઝેરી પદાર્થો દૂર કરવા માટે મૂત્રપિંડ તથા ફેફસાંને પુષ્કળ કામ કરવું પડે અને પરિણામે તે અશક્ત બની જાય. ચામડીનાં છિદ્રો ખુલ્લાં રહે એ માટે ન્હાવાની જરૂર છે. ચામડીનાં છિદ્રો ખુલ્લાં થવાથી પરસેવો સહેલાઈથી બહાર નીકળે. શરીરનું ઉષ્ણતામાન જળવાઇ રહે, સ્ફુર્તિ આવે, લોહી ઝડપથી ફરે ને શરીર નીરોગી રહે. ન્હાવાથી મેલ છૂટે, ખસ ખરજવું દાદર વગેરે ચામડીનાં દરદો ન થાય. ન્હાવાનો હેતુ શરીર પરનો મેલ દૂર કરવાનો છે. માટે શરીર બરાબર ચોળીને બહોળા પાણીથી ન્હાવુ.

સ્નાન, અગ્નિ દીપન, વીર્યને વધારનાર, આયુષ્યને, ઓજને તથા બળને વધારનાર છે. ખરજ, મેલ, થાક, પરસેવો, તંદ્રા, ચેન, કળતર, દાહનો નાશ કરે છે. ન્હાવાથી તરતજ જઠરનો અગ્નિ પ્રદિપ્ત થાય છે.

ભારત જેવા ગરમ દેશવાસીઓ માટે ઠંડે પાણીએ ન્હાવું વિશેષ લાભદાયક છે. સાધારણ તંદુરસ્ત માણસે હંમેશાં ઠંડા પાણીએ સ્નાન કરવું જોઇએ. ઠંડા પાણીએ સ્નાન કરવાથી લોહીનું ભ્રમણ જલદી અને સારી રીતે થાય છે. આથી શરીરમાં વધારે ઉત્સાહ અને શક્તિ આવે છે. વહેલા ન્હાવાથી આળસ મટી જાય છે. જે માણસ રોજ આમળાંના પાણીથી ન્હાય છે તે વળીઆં પળીઆંથી-ચામડીની કરચલી, ધોળા વાળ થવાથી મુક્ત રહે છે, ને સો વર્ષ સુધી જીવે છે. શરીરે તેલ લગાડી સ્નાન કરવાથી ચામડીના વિકાર થતા નથી, ન્હાવાથી રક્ત સંચારની ક્રિયા સારી રીતે થઇ સ્ફુર્તિ માલુમ પડે છે. ઠંડા પાણીએ ન્હાવાથી સ્ફુર્તિ આવે છે. ગરમ પાણીએ ન્હાવાથી થાક દૂર થાય છે. મજુર લોકોએ સાંજે ગરમ પાણીથી ન્હાવું. માથે ગરમ પાણી નાખવું નહિ.

સ્નાન માટે સૂચનો :-

૧ જોરાવર અને નીરોગી માણસોએ સવારમાં ન્હાવું અને નબળા માણસે બપોરે ન્હાવું.

૨ બને ત્યાં સુધી શરીરે તેલની માલીશ કર્યા પછીથી જ ન્હાવાની ટેવ રાખો.

૩ જમ્યા પછી તરતજ અથવા બે કલાકની અંદર ન્હાવું નહિ. પરંતુ નબળા અને માંદા માણસોએ તદ્દન ભૂખ્યા પેટે ન્હાવા કરતાં દૂધ, કોફી, રાબ, કાંજી જેવી હલકી ચીજનો નાસ્તો કરી થોડીવારે ન્હાવું.

૪ ઘણી મહેનતથી શરીર થાકી ગયું હોય ત્યારે તરત ન્હાવું નહિ. થોડો વિસામો લીધા પછીથી ન્હાવું.

૫ પવનનો સપાટો લાગે એવી ખુલ્લી જગામાં ન્હાવું નહિ. નહિ તો શરદી લાગી જવા સંભવ રહે છે. ન્હાવાનું ૫-૧૦ મિનિટમાં જ આટોપી લેવું.

૬ ઋતુ અનુસાર હવામાનનો વિચાર કરી શરીરની પ્રકૃતિને માફક આવે તેવા સુખોદક-સુખ લાગે તેવા પાણીથી-ઠંડા કે સાધારણ ગરમ પાણીથી ન્હાવું.

૭ ઠંડા પાણીથી ન્હાવું એ ઉત્તમ છે, કેમકે એથી લોહી ઝડપથી ફરે છે, મગજ, જ્ઞાનતંતુ, હૃદય વગેરે ઉત્તેજિત થવાથી શરીરમાં સ્ફુર્તિ આવે છે.

૮ ઠંડે પાણીએ ન્હાવાથી કંપારી આવે તો શરીરને નુકસાન થવાનો સંભવ છે, માટે તેવા માણસોએ સાધારણ ગરમ પાણીથી ન્હાવું.

૯ અતિશય ગરમ પાણીથી ન્હાવું એ સારૂં નથી, માથા પર બહુ ગરમ પાણી નાખવાથી આંખો અને વાળને નુકશાન કરે છે. ગરમ પાણી શરીર પરની ચિકાશ સારી રીતે દૂર કરી શકે છે. માટે ઠંડા પાણીએ ન્હાવાની ટેવ વાળાએ પણ કોઇ કોઇ વાર સાધારણ ગરમ પાણીએ ન્હાઇ પછી ઠંડે પાણીએ ન્હાવું.

૧૦ તરૂણ અને તંદુરસ્ત માણસે ઠંડા પાણીએ ન્હાવું. આજારી અને નબળા માણસે ગરમ પાણીથી ન્હાવું.

૧૧ ન્હાતી વેળા કોઇક વખત—રોજ નહિ સારી જાતના સાબુનો ઉપયોગ કરવાથી મેલ તથા ચિકાશ જલદી દૂર થાય છે, પરંતુ રોજ સાબુ અને તેમાં ય હલકી જાતનો સાબુ ચોળીને ન્હાવાથી તો ચામડીને સુંવાળી અને નરમ રાખનાર ચામડીનો પદાર્થ ધોવાઈ જાય એ નુકસાન જ છે, વળી શિયાળામાં તેલીપદાર્થ ઓછા પ્રમાણમાં નીકળે છે, તેથી ચામડી તરડાઇ જાય છે, માટે શિયાળામાં દરરોજ સાબુ વાપરવો એ ઠીક નથી.

૧૨ ન્હાયા પછી સ્વચ્છ અને કરકરા રૂમાલ વડે શરીર લૂછી નાખી તરતજ કપડાં પહેરી લેવાં ભીના શરીરે જળાશયના કાંઠે—કિનારે અગર ઠંડો પવન વાતો હોય ત્યાં બારીના કઠેરામાં બેસવું નહિ. ન્હાયા પછી માથું કદી પણ ભીનું ન રાખવું. ભીના માથાથી શરદી થાય છે, હાલમાં કેટલાક યુવાનો માથે મોટા વાળ રાખે છે, પલાળે છે ને પછી બરાબર કોરા કરતા નથી.

સ્નાન કર્યા પછી ધોયેલ સ્વચ્છ કપડાં પહેરી એકાંત સ્થળે બેસી સ્વસ્થ મને પોતાના ઇષ્ટદેવનું પૂજન અને વંદન કરવું. ધૂપ દીપ કરવાં. નિત્યકર્મ કરવું.

પછી પોતાની વૃત્તિ માટે—આજીવિકા માટે અવશ્ય ઉદ્યમ—ધંધો કરવો. ધનેષણા પૂર્તિ માટે પ્રવૃત્તિ કરવી. સમયના પરિવર્તનથી વૃત્તિ—નિર્વાહ માટે ઘણા ઘણા પ્રયત્ન કરવા પડે છે, હાથ પગ પછાડી તરફડીઆં મારવાં પડે છે. વિટંબણા ભોગવવી પડે છે, કાળજી વધી પડી છે, મોજશોખ વૃત્તિ વધી પડી છે. જીવન નિર્વાહના સાધનો મેળવવાં મુશ્કેલ થઇ પડયાં છે. ને જેટલાં મળે છે તે જોઇતા પ્રમાણમાં નથી મળતાં. પહેલાના વખતમાં મોજશોખ નહિ હોવાથી વધુ પડતા પૈસા કમાવા—એકઠા કરવાની વૃત્તિ અને આટલી કાળજી નહોતી. અત્યારે તો ઘરસંસાર નિભાવવા માણસ પાછળ એટલી બધી ચિંતા લાગેલી રહે છે કે બિચારો પામર મનુષ્ય વગર દરદે પણ અડધો થઇ જાય છે. સંતોષી જીવન બીલકુલ રહ્યું નથી. અગાઉના વખતમા ખેતરોમાં અનાજ પાકતું, ઘેરઘેર ગાય ભેંસનું દુઝણું રાખતા હોવાથી પોતાને તેમજ પાડોશીને ચોકખાં દૂધ, દહીં, માખણ અથવા છેવટે છાશ પણ મળી રહેતી. બળદની ઘાણીએ પીલાયેલું તાજું તલનું તેલ મળતું. ઋતુ પ્રમાણે શાકભાજી અને ફળફળાદિ મળી રહેતાં, બજારની વસ્તુઓ ઉપર તથા બહાર ગામની વસ્તુઓ ઉપર તદ્દન ઓછો આધાર રહેતો.

ચ્હા, કોફી, આઇસ્ક્રીમ, કોલ્ડ્રીન્ક જેવાં પીણાઓ નહોતાં, વીશીઓ અને વિશ્રાન્તિ ગૃહોમા રાંધેલું અનાજ વેચાતું ન હતું, દરેક માણસ ઘરમાં જ તૈયાર થયેલ રાંધેલ અન્ન ખાતા. દરેક ઘરમા અનાજ ઘંટીએ હાથે દળી લોટ બનાવતા. ખાંડણીઆમાં ડાંગર હાથે છડી ચોખા બનાવતા. દૂધ મેળવી દહીંની છાશ જાતે વલોવી માખણ કાઢી, તાવી ઘી બનાવતા. એટલે ખાવાને જરૂરી ચોકખો માલ પણ મળતો અને સાથે સાથે કસરત પણ મળી રહેતી. ઉપરાંત પૈસાનો વહેવાર પણ ઓછો થતો, તેથી વધુ પડતી ચિંતાનો બોજો નહોતો ઉપાડવો પડતો, જીવન સંતોષી હતું, જેથી કરી આરોગ્ય સારૂં જળવાતું અને ધર્મ તથા નીતિ સચવાતાં. (આયુર્વેદ વિજ્ઞાન)

સમયના પ્રવાહમાં

*ગતાંકમાં અમોએ આયુર્વેદીય અનુસ્નાતક ક્રમો વિશે નિર્દેશ કર્યો હતો. જાણવા મળે છે તેમ મુંબઈની ફેકલ્ટીએ ડિપ્લોમા મેળવેલ વિદ્યાર્થીઓ માટે ૨ વર્ષનો અનુસ્નાતક અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. આ ક્રમને અધિકૃત મંજુરી મળતાં બે એક માસનો સમય લાગવા સંભવ છે. આ અભ્યાસક્રમ ઉત્તીર્ણ કરનારને 'આયુર્વેદ પારંગત'ની પદ્વી મળશે. તે માટે ઈસ્પીતાલમાં ૭ માસ કામ કરવાનું, આયુર્વેદીય છાત્રોને ૭ માસ સુધી શીખવવાનું, માન્ય ગુરુના હાથ નીચે ૨ વર્ષ સુધી વૈદ્યકીય અભ્યાસ કરવાનું, અને એક માન્ય ફાર્મસીમાં ૬ માસ કાર્ય કરવાનું જરૂરી રહેશે. એમાં તત્વ વિજ્ઞાન, રોગ નિદાન, ચિકિત્સા અને દ્રવ્યગુણ રસશાસ્ત્ર જેવા વિષયો રાખવામાં આવ્યા છે. બધા વિષયોમાં લેખિત અને પ્રાયોગિક પરીક્ષાઓ રહેશે. અને તેમાં પ્રત્યેકમાં ૫૦ ગુણો ઉત્તીર્ણ થવા માટે આવશ્યક મર્યાદા છે. બે વર્ષને અંતે એક જ પરીક્ષા લેવાશે. અને તેમાં પરીક્ષા શુલ્ક રૂા. ૬૦ છે સંજ્ઞાગ્રંથો તરીકે ચરક, સુશ્રુત, વાગભટ્ટ, શારંગધર, રસરત્નસમુચ્ચય, મદનપાલ નિઘંટુ, માધવ નિદાન, મધુકોશ ટીકા જેવા ગ્રંથો સૂચવ્યા છે. આ તો રૂપરેખા છે. વધુ તો કોર્સની સંપૂર્ણ અધિકૃત વિગતો મળ્યે અમો પ્રગટ કરીશું.

ફેકલ્ટીના આ ઉપક્રમને અમો સહર્ષ આવકારીએ છીએ. ડી. એ. એસ. એફ. તથા એલ. એ. એમ. જેવા સ્નાતકો માટે આગળ જતાં વધુ અભ્યાસ કરવાની કોઈ જોગવાઈ ન હતી. આ પ્રકારના અનુસ્નાતક અભ્યાસક્રમથી એક નવીજ દિશા ઉઘડે છે. આ માટે ફેકલ્ટીના સૂત્રધારોને અમે સહર્ષ મુબારકબાદી પાઠવીએ છીએ. અને સાથે એ પણ સૂચવીએ છીએ કે જેમ આયુર્વેદ વિશારદ ડિપ્લોમા માટે ડી. એ. એસ. એફ. જેવા વાચ્ય અક્ષરો કર્યા તેવી રીતે આયુર્વેદ પારંગત માટે પણ એવા વાચ્ય શબ્દો નિર્વાચિત કરવા. જે યુગાનુરૂપ બની રહેશે.

આ અનુસ્નાતક કોર્સને સરકારી મંજુરી મળ્યે તે અધિકૃત રીતે બહાર આવશે. પરંતુ ત્યાં સુધીમાં આ સમાચાર, મિશ્ર સ્નાતકોને અવશ્ય આનંદપ્રદ લાગશેજ. ઉપરાંત અત્યારે કોલેજોમાં પ્રોફેસર કે લેક્ચરર તરીકે કાર્ય કરતા વૈદ્યોને વધુ અભ્યાસ માટે જામનગરમાં અભ્યાસક્રમ ધનતેરશથી શરૂ થવાના સમાચાર આપતાં અમને આનંદ થાય છે. આ કોર્સના અભ્યાસકોને માસિક રૂા. ૧૦૦ની સ્કોલરશીપ મળશે. અને બે વર્ષ અભ્યાસ કર્યા બાદ સર્ટિફિકેટ આપવામાં આવશે. આ કોર્સ માટે પ્રિંસીપાલ અને પ્રોફેસરોની પસંદગી ટૂંક સમયમાં થનાર છે. આ કોર્સને કેન્દ્રીય સરકાર તથા ગુલાબકુંવરના સોસાયટીની ખાસ મદદ મળનાર છે.

પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સની માંગણી ઘણા લાંબા વખતથી થાય છે. આ પ્રકારના કોર્સો દરેક પ્રાંતની વૈદ્યકીય બોર્ડો કે અભ્યાસકેન્દ્રો (ફેકલ્ટીઓ) શરુ કરાવે તેવી આપણે આશા રાખીએ.

*ગુજરાત યુનિવર્સિટીએ એક તત્કાલીન (એડહોક) કમિટી—આયુર્વેદિક ફેકલ્ટી તરીકે નીમી છે. તેમાં નિમ્ન રચના છે. (૧) વૈદ્ય વલ્લભરામ વિશ્વનાથ અમદાવાદ—પ્રમુખ સંયોજક (૨) વૈદ્ય લક્ષ્મીશંકર રામકૃષ્ણ શાસ્ત્રી. (૩) વૈદ્ય જાદવજી ત્રિકમજી આચાર્ય (૪) વૈદ્ય હરિદત્ત શાસ્ત્રી. ડાયરેક્ટર ઓફ આયુર્વેદ મુંબઈ (૫) વૈદ્ય વાસુદેવ મૂળશંકર દ્વિવેદી સૌરાષ્ટ્રના ડાયરેક્ટર ઓફ આયુર્વેદ (૬) ડૉ. પ્રાણજીવનદાસ મહેતા (૭) ડૉ. મોતીભાઈ પટેલ તથા (૮) ડૉ. એમ. ડી. દેસાઇ. આ સમિતિ આદર્શ આયુર્વેદિક અભ્યાસક્રમ યોજશે. અને જો શક્ય હશે તો જુન ૧૯૫૬ થી અભ્યાસક્રમ શરુ થશે. આ સમાચાર આનંદપ્રદ છે. **તંત્રી.**

सौतिकम्

(સંકલિત પ્રસૂતિ તંત્ર)

લેખકઃ
શ્રી વૈદ્ય પ્રભુભાઇ ભક્ત આયુર્વેદાચાર્ય, કાવ્યતીર્થ,
પ્રોફેસર ઓ. ના. આયુર્વેદ મહાવિદ્યાલય, સૂરત.

અધ્યાય ૨: ગર્ભ વિજ્ઞાનીયમધ્યાય

(અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૯૬થી ચાલુ)

ગ્રંથિભૂત આર્તવદોષની ચિકિત્સાઃ—પાઠા, ગોખરૂ અને કુટજનો ક્વાથ આપવો.

કુણપ અને પૂય આર્તવદોષની ચિકિત્સાઃ—ચંદનનો ક્વાથ આપવો. ત્રિફળાનો કલ્ક યોનિમાં રાખવો. ત્રિફળાનો ક્વાથ પીવા આપવો

વાતાદિ ચતુર્વિધ આર્તવદોષની સામાન્ય ચિકિત્સાઃ—વાત, પિત્ત, કફ અને રક્ત આ ચાર દોષોથી પીડિત વિકારોમાં સ્નેહનાદિથી યુક્ત ક્રિયાઓને કલ્ક (તે તે દોષહર ઔષધોનો કલ્ક બનાવી (લુગદી) યોનિમાં મૂકવી) પિચૂ (તે તે દોષહર દ્રવ્યોના ક્વાથમાં યા તે તે દોષહર દ્રવ્યોથી સિદ્ધ કરેલા તૈલમાં રૂનું પિચૂ ભિંજવી યોનિમાં ધારણ કરવું) અને પથ્ય આચમન (યોનિ પ્રક્ષાલન)નો પ્રયોગ કરવો.

આર્તવદોષની સાધારણ ચિકિત્સાઃ—આર્તવ શુદ્ધિ માટે સ્નેહન—વમન વિરેચન, આસ્થાપન, અનુવાસન અને ઉત્તરબસ્તિનો પ્રયોગ કરવો.

આર્તવદોષોમાં પથ્યાહારઃ—આર્તવ દોષોમાં શાલિ—યવ—મદ્ય અને પિત્તવર્ધક માંસ હિતકારી હોય છે.

गर्भनाशः—गर्भस्राव, पात अकाल प्रसवनां हेतुः काल मर्यादा च

જેવી રીતે કૃમિ—વાત અને અભિઘાતથી પીડિત તે ફળ અકાળે પડી જાય છે તેવી જ રીતે કૃમિ—વાત અને અભિઘાતથી પીડિત ગર્ભ પણ અકાળે પડી જાય છે.

ફળની દૃષ્ટિએ આનો વિચાર કરીએ તો ફળના વૃન્ત પર જોવામાં આવતી વિવિધ કીડીઓ વાયુનો અતિ પ્રવાહ—પત્થર યા લાકડીનો પ્રહાર ફળ અને વૃન્તના સંયોગને નષ્ટ કરે છે. જેથી ફળ પડી જાય છે. ગર્ભની દૃષ્ટિથી આ ત્રણે કારણો મહત્વના છે. કૃમિ ગર્ભાશયનો અન્ત, શોથ, ગર્ભાવરણ અને અપરાના વિકારો. આ વિકારો આધુનિક દૃષ્ટિએ જીવાણુ જન્ય હોય છે. **વાત** રૂક્ષ, કટુ, તિક્ત કષાય આહારનું સતત સેવન, અત્યધિક શારીરિક અને માનસિક પરિશ્રમ, અતિ મૈથુન, ગર્ભપાત ઔષધિઓનો આભ્યન્તર તથા બાહ્ય પ્રયોગથી કુપિત થયેલો વાયુ ગર્ભને દ્રવ રૂપમાં બહાર કાઢી નાખે છે. **અભિઘાત** જેવી રીતે ઉદર ઉપર પ્રહાર થવો અત્યધિક વમન, છીંક, આક્ષેપ, ચિંતા, શોક વગેરે માનસિક આઘાતથી ગર્ભસ્રાવ અકાલે થાય છે.

ગર્ભાધાનથી ચોથા મહીના સુધી ગર્ભસ્રાવના રૂપમાં બહાર નીકળે છે. અને ત્યારબાદ પાંચમાં અને છઠ્ઠા મહિનામાં ઘન શરીર રૂપ તે ગર્ભનો પાત થાય છે. ભોજના મત મુજબ ગર્ભસ્રાવનો કાળ ૩ માસનો છે.

માધવનિદાનની આ શ્લોકની વ્યાખ્યામાં શ્રી કણ્ઠદત્ત લખે છે કે કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે કે ગર્ભપાતની ગણના પાંચમાં અને છઠ્ઠા મહિનામાં ગણવી જોઇએ. સાતમાં અને આઠમાં મહિનામાં દોષની વિગુણતાથી વિપ્રસવ યા વિગુણ પ્રસવ થાય છે. જે વ્યવહારમાં પણ જોવામાં આવે છે આ રીતે પ્રસવના પાંચ પ્રકાર થાય છે.

(૧) ગર્ભસ્રાવ:—પ્રથમ ત્રણ યા ચોથા મહીનાના અંત સુધીમાં થાય છે.
(૨) ગર્ભપાત:—પાંચમાં અને છઠ્ઠા મહીનામાં થાય છે.
(૩) વિપ્રસવ (વિગુણ પ્રસવ):—સાતમા અને આઠમા મહીનામાં થાય છે.
(૪) કાલપ્રસવ:—ચરક અનુસાર નવ અને દશ આ બે માસ, સુશ્રુત અનુસાર નવ—દશ અગિયાર અને બારમાં માસમાં કાલપ્રસવ થાય છે.
(૫) વૈકારિકપ્રસવ:—ચરક અનુસાર અગિયાર અને બાર આ બે માસ સુશ્રુત અનુસાર વર્ષ બાદ વિકારી પ્રસવ જાણવો.

ગર્ભસ્રાવના કારણો:—અતિ મૈથુન, રથાદિમાં યાન (રથમાં બેસી મુસાફરી કરવી), ઘોડા વગેરે વાહન પર સવારી કરવી, વધુ ચાલવું, પડી જવું (પગ લપસી જવો) ઉપરથી પડવું, ભીડમાં દબાઈ જવું, વધુ દોડવું, પેટ પર આઘાત થવો. કઠિન તથા વિષમ શયન પર સુવું. ઉકડુ સ્થિતિમાં બેસવું, લંઘન કરવું, મળ મૂત્રાદિના વેગોને રોકવા, અત્યંત રૂક્ષ, કટુ અને તિક્ત ભોજન કરવું, શોક, અધિક માત્રામાં ક્ષારનું સેવન કરવું, અતિસાર, વમન, વિરેચન, હિંચકા પર હંમેશાં બેસવું. અજીર્ણ, ગર્ભપાતક પદાર્થોનો પ્રયોગ કરવો. આ કારણોથી ગર્ભ પોતાના બંધનથી છુટો પડે છે જેવી રીતે ફળ પ્રહાર વિશેષથી પોતાના બંધનથી છુટી જાય છે. પોતાના બંધનથી છુટો પડેલો ગર્ભ ગર્ભાશયથી નિકળી યકૃત—પ્લીહા અને અન્ત્રોની સાથે નીચેની તરફ સરકી ઉદરમાં ક્ષોભ પેદા કરે છે. જઠરના સંક્ષોભથી અપાનવાયુ મૂઢ થઇ પાર્શ્વશૂળ, બસ્તિશીર્ષશૂલ, ઉદરશૂલ, યોનિશૂલ, મળાવરોધ, મૂત્રાવરોધ આમાંથી કોઇને કોઈ વ્યાધિને ઉત્પન્ન કરી તરૂણગર્ભને રક્તસ્રાવની સાથે બહાર કાઢી નાખે છે.

ગર્ભસ્રાવના લક્ષણો:—(૧) ગર્ભાશય, કટિ વંક્ષણ અને બસ્તિમાં પીડા. આ પીડા ગર્ભાશયના આકુંચનથી ઉત્પન્ન થાય છે. આકુંચન તીવ્ર હોય તો પીડા પણ તીવ્ર હોય છે. (૨) યોનિમાંથી રકતસ્રાવ થવો આ એક મહત્વનું લક્ષણ છે. રકતસ્રાવ એકાએક અધિક પ્રમાણમાં અથવા ધીરે ધીરે અલ્પ પ્રમાણમાં થાય છે. આ રકતસ્રાવ થોડા થોડા સમય બાદ વારંવાર થયા કરે છે. ગર્ભાશયની અન્તકલાથી ગર્ભ અને અપરા છુટા થવા લાગે છે જેથી આ રકતસ્રાવ થાય છે. (૩) ગર્ભાશયમુખ વિસ્તૃતિ. (૪) અધિક રકતસ્રાવને કારણે અવસાદ.

ગર્ભસ્રાવ તથા પાતના પ્રકારો:—સંભવનીય યા પરિકાર્ય, અવશ્યંભાવી યા અવરિહાર્ય અને રૂદ્ધ. **સંભવનીય ગર્ભપાત** આમાં ગર્ભપાતના લક્ષણો તીવ્ર હોતા નથી. થોડી પીડા અને રકતસ્રાવ થાય છે. જેનો સમ્યક ઉપચાર કરવામાં આવે તો તેની શાંતિ થાય છે. **અવશ્યંભાવી ગર્ભપાત** આમાં રકતસ્રાવ તથા વેદના તીવ્ર હોય છે. ગર્ભાશયનું મુખ પણ વિસ્તૃત થઇ જાય છે. ચિકિત્સા કરવા છતાં પણ આમાં ગર્ભ ટકતો નથી. આના બે પ્રકાર છે. પૂર્ણ અને અપૂર્ણ ગર્ભાશયમાંથી અપરા જરાયુ અને ગર્ભ બધુંજ બહાર નીકળી જાય તેને પૂર્ણ કહે છે અને જો આમાંથી કંઇક ગર્ભાશયમાં રહી જાય તો તેને અપૂર્ણ સંભવનીય ગર્ભપાત કહે છે. આમાં રકતસ્રાવ બંધ થતો નથી, ગર્ભાશયનું મુખ ખુલ્લું રહે છે. રકતસ્રાવમાં દુર્ગંધ આવે છે. પ્રસૂતિજ્વર જોવામાં આવે છે. **રૂદ્ધ ગર્ભપાત** આમાં ગર્ભપાતના લક્ષણો પહેલા થોડા જોવામાં આવે છે ગર્ભ અંદરજ રહે છે. બહાર નીકળતો નથી પરંતુ તેનું મૃત્યુ થઈ જાય છે અને તે સુકાઇ જાય છે. ગર્ભાશયની વૃદ્ધિ બંધ થઇ જાય છે. તેની આજુબાજુ રકત એકત્ર થઇ જાય છે જે પાછળથી જામી જાય છે.

ગર્ભસ્રાવ અને પાતની ચિકિત્સા :–*ગર્ભસ્રાવ થવા લાગે તો તે સમયે શીતલ પરિષેક અવગાહન તથા બાહ્ય પ્રલેપોથી ઉપચાર કરવો. અને જીવનીય ઔષધોથી સાધિત ક્ષીરનું પાન કરાવવું. ગર્ભનું સ્ફુરણ થવા પર તેને શાન્ત કરવા માટે ઉત્પલાદિ ગણથી સાધિત દુધ વારંવાર આપવું. ગર્ભસ્રાવના સમયે દાહયુકતપાર્શ્વો અને પીઠમાં શૂલ, યોનિમાંથી રક્તસ્રાવ, આધ્માન અને મૂત્રાવરોધ થાય છે. ગર્ભ એક સ્થાનમાંથી બીજા સ્થાનમાં જાય ત્યારે કોષ્ઠમાં સંરંભ (ખલ બલી) થાય છે. તેને માટે સ્નિગ્ધ અને શીત ચિકિત્સા કરવી જોઇએ. વેદના થાય તો મુદ્‌ગપર્ણી, માષપર્ણી, યષ્ટિમધુ, ગોખરૂથી સાધિત દુધ સાકર અને મધ મેળવી આપવું. મૂત્રાવરોધ થાય તો તૃણપચમૂલથી સાધિત દુધ આપવું. અનાહ થાય તો હીંગ, સૌવર્ચલ, લશુન અને વચાથી સાધિત દુધ આપવું. અત્યધિક રક્તશ્રાવ થાય તો કોષ્ઠા ગારિકા નામના કીડાના ઘરની માટી, મજીઠ, ધાવડીનાફૂલ, નવમલ્લિકાનાફૂલ, ગેરૂ રાળ, રસાંજન આમાંથી જેટલા દ્રવ્યો મળી શકે તેટલાનું ચૂર્ણ મધ સાથે ચટાડવું. અથવા ન્યગ્રોધાદિ વૃક્ષોનીછાલ અને કુંપળના કલ્કને દુધની સાથે આપવો, અથવા ઉત્પલાદિના કલ્કને યા કસેરૂ, સિંઘોડા તથા કમળકંદના કલ્કને ઉકાળેલા દુધ સાથે આપવા, અથવા શાલી ચોખાના ચૂર્ણને સાકર અને મધની સાથે મધુર કરેલા ઉંબરડાનાફળ અને કમળના કંદના ક્વાથની સાથે આપવું અથવા ન્યગ્રોધાદિ વૃક્ષોના સ્વરસમાં ભિંજાવેલા કપડાને યોનિમાં મુકવું. રક્તસ્રાવ વિના વેદના થાય તો યષ્ટિમધુ, દેવદારૂ, મંજીઠ અને ક્ષીરકાકોલિથી સાધિત દુધ આપવું અથવા વિદારીગન્ધાદિગણથી સાધિત દુધ આપવું અથવા નાની અને મોટી ભોંઇરીંગણી, નીલકમળ, શતાવરી, અનન્તમૂળ, ક્ષીરકાકોલી અને યષ્ટિમધુથી સાધિત દુધ આપવું આથી શીઘ્ર વેદના મટી જાય છે અને ગર્ભની વૃદ્ધિ થાય છે. ગર્ભ વ્યવસ્થિત હોય ત્યારે કાચા ઉંબરડાના ફળથી સાધિત દુધ (ગાયનું) ભોજન સાથે આપવું. ગર્ભપાત થયો હોય તો પાચનીય દ્રવ્યોથી સિદ્ધ ચીંહું અને ઘી વગર ઉદાલક વગેરે (અરણ્ય કુધાન્ય)ની યવાગુઓ જેટલા મહીનાનો ગર્ભ પડી ગયો હોય તેટલા દિવસ આપવી બસ્તિપ્રદેશમાંશૂલ યા ઉદરશૂલ થાય તો દીપનીય દ્રવ્યોની સાથે જુનો ગોળ આપવો અથવા અરિષ્ટ પીવડાવવો.

બીજા કે ત્રીજા મહિનાનો રક્તસાવ* :– જો સગર્ભા સ્ત્રીના અયોગ્ય આચરણથી બીજા અથવા ત્રીજા મહીનાની અંદર રજોદર્શન થાય તો જાણવું કે એનો ગર્ભ ટકશે નહીં. કારણકે તે સમયે ગર્ભ સ્થિર હોતો નથી.

ચોથા મહીનાનું પુષ્પ દર્શન× :– જો ચોથા મહીનામાં અથવા ત્યાર બાદ ક્રોધ, શોક, અસૂયા, ઇર્ષ્યા, ભય, ત્રાસ, મૈથુન, વ્યાયામ, સંક્ષોભ, વેગધારણ, વિષમ ભોજન, વિષમ શયન, વિષમાશન, ક્ષુધા અને તૃષાના અતિયોગથી અથવા ખરાબ અહારથી તેને રજોદર્શન થાય તો તેના ગર્ભને ટકાવી રાખવા નીચેના ઉપાયો કરવા, રજો દર્શન થાય કે તરત જ તેને કહેવું કે નરમ, સુખકર અને શીતળ અને જેના પગ તરફનો ભાગ ઉંચો હોય તેવા શયન પર સુઈ જા, ત્યાર બાદ અતિ શીતલ જળમાં રાખેલા ઘૃત મિશ્રત યષ્ટિમધુનુ પિચુ યોનિમાં રાખવું તથા સોવાર અથવા હજારવાર ધોએલા ઘીનો નાભિની નીચેના ભાગમાં લેપ કરવો અને નાભિની નીચેના ભાગો ઉપર ગાયના શીતલ દુધથી, જેઠીમધના ક્વાથથી અથવા ન્યગ્રોધાદિ કષાયથી પરિષેચન કરવું. અથવા અતિ શીતલ જળમાં સ્નાન કરાવવું. દુધવાળા અને કષાય રસવાળા વૃક્ષોના સ્વરસમાં સારી રીતે ભીંજવેલા પિચુ યોનિમાં મુકવા અથવા ન્યગ્રોધાદિના કુંપળોથી

સાધિત દુધ યા ઘીનું પિચુ યોનિમાં મુકવું. અને એમાંથી ૧ તોલો ઘી દુધ સાથે આપવું. પદ્મ, ઉત્પલ અને કુમુદના કેશરો મધ અને સાકર સાથે તેને ચાટવા માટે આપવા. ખાવા માટે સીંગોડા, પુષ્કરબીજ અને કશેરૂક આપવા. ગન્ધપ્રિયંગુ, નીલકમળ, શાલૂક, ઉંબરાના કાચા ફળ અને વડના કુંપળો બકરીના દુધ સાથે આપવા. બલા, અતિબલા, શાલિમૂલ, ષષ્ટિકમૂળ, ઇક્ષુમૂળ અને કાકોલીના ક્વાથમાં સિદ્ધ કરેલા દુધની સાથે મધ અને સાકર સહિત કોમળ, સુગંધી અને શીતળ લાલ ચોખાનો ભાત આપવો, માંસ ભોજીયો માટે ઘીથી સારી રીતે સંસ્કારેલા લાવ, કપિંજલ, કુરંગ, હરિણ, એણના માંસરસ સાથે શીતલ ભાત ખવડાવવો. ક્રોધ, શોક, શ્રમ, મૈથુન અને વ્યાયામ વર્જ્ય કરાવવું. મનને આનંદ ઉપજાવનારી કથાઓથી તેનું ચિત્ત પ્રસન્ન રાખવું. આમ ગર્ભ (અપક્વ) હોય અને રક્તસ્રાવ થાય તો પ્રથમ લંઘન કરાવવું. ત્યાર બાદ ધમાસો, ગળો, વાળો, જેઠીમધ, ચંદન, અતિવિષ, બલા, ટેંટુ અને ધાણાનો ક્વાથ આપવો. મગના યૂષ સાથે ભાત આપવો. આમ મટી ગયા બાદ સ્નિગ્ધ અને શીત ચિકિત્સા આપવી. જો ચાર માસ પહેલા અર્થાત સાર બન્યા પહેલા અપક્વ ગર્ભનો સ્રાવ થાય તો કોઇપણ એક મદ્ય આપવું મદ્ય પાનથી ગર્ભાશયની શુદ્ધિ થાય છે. અને વેદનાનો નાશ થાય છે. જો સ્ત્રી મદ્ય ન પીતી હોય તો તેને પાચન દ્રવ્યોથી યુક્ત તિલ અને ઉદાલકથી બનાવેલી યવાગુ ને મીઠું અને ઘી વગેરે સ્નેહ વિના જેટલા મહીનાનો ગર્ભસ્રાવ થયો હોય તેટલા દિવસ આપવું. આ સિવાય જ્યાંસુધી દોષધાતુ અને ક્લેદની શુદ્ધિ ન થઇ હોય ત્યાં સુધી બળવધારનાર સ્નેહ રહિત ભોજન આપવું. કારણકે ગર્ભનો કોઈપણ ભાગ અંદર રહી જાય તો વારંવાર શૂલ ઉત્પન્ન થાય છે. એટલા માટે તીક્ષ્ણ ઔષધ અને અન્નપાનથી ગર્ભના શેષ અંશોને બહાર કાઢી નાખવા. ત્યાર બાદ દીપનીય, પાચનીય, જીવનીય, બૃંહણ મધુર તથા વાતનાશક સ્નેહપાન, બસ્તિયો તથા આહાર આપવો.

માસાનુમાસિક ગર્ભસ્રાવ-પાતની ચિકિત્સાઃ-

(૧) યષ્ટિમધુ, શાગના બીજ, ક્ષીરકાકોલી અને દેવદારૂ.

(૨) પાષાણભેદ, કાળાતલ, મજીઠ અને શતાવરી.

(૩) વાંદો, ક્ષીરકાકોલી, લતા (ગળો અથવા પ્રિયંગુ) અને અનંતમૂળ.

(૪) અનન્તમૂળ, કૃષ્ણસારિવા, રાસ્ના, પદ્મા અને યષ્ટિમધુ.

(૫) નાની અને મોટી કંટકારિ, ગંભારી. ક્ષીરી વૃક્ષોના અંકુર તથા છાલ અને ઘી.

(૬) પૃશ્નિપર્ણી, બલા, શોભાંજન, ગોખરૂ અને યષ્ટિમધુ.

(૭) સિંઘોડા, કમળમૂળ, દ્રાક્ષા, કસેરૂ, યષ્ટિમધુ અને સાકર.

આ સાત યોગોક્રમથી સાતે મહીનામાં ગર્ભસ્રાવમાં દુધની સાથે વાપરવા.

(૮) આઠમાં માસમાં કપિત્થ, મોટી કંટકારી, બિલ્વ, પરવર, શેરડી, નાની કંટારી આના મૂળથી સાધિત દુધ આપવું.

(૯) નવમાં માસમાં જેઠીમધ, અનન્તમૂળ, ક્ષીરકાકોલી અને કૃષ્ણસારિવાથી સાધિત દુધ આપવું.

(૧૦) દશમાં માસમાં શુંઠ તથા ક્ષીરકાકોલી સાધિત દુધ હિતકારી છે અથવા શુંઠ, જેઠીમધ અને દેવદારૂ દુધ સાથે હિતકારી છે. આ પ્રયોગોથી ગર્ભની વૃદ્ધિ થાય છે અને તીવ્ર રૂની શાન્તી થાય છે.

गर्भविकृतिः उपविष्टक, नागोदर, लीनगर्भ-

ગર્ભમાં સાર ઉત્પન્ન થયા પછી જો તે સ્ત્રી અપથ્ય આહાર-વિહારનું સેવન કરે તો તેથી યોનિમાર્ગદ્વારા રક્તનો સ્રાવ થવા લાગે છે. અથવા બીજો કોઇ સ્રાવ યોનિમાંથી આવે તો તેને કારણે પ્રકુપિત થયેલો વાયુ, પિત્ત અને કફની સાથે મળી માતાના આહારરસને ગર્ભમાં લઇ જવાવાળી રસવહાનાડીનો આશ્રય કરે છે. ત્યારે વાયુ, પિત્ત અને કફ દોષોથી ગર્ભની રસવહાનાડી બંધ થવાથી ગર્ભમાં રસ સારી રીતે પહોંચી શકતો નથી. રસ સારી રીતે ન પહોંચવાને કારણે ગર્ભ જે સ્થિતિમાં હોય છે તેવોજ રહે છે અથવા સુકાઇ જાય છે જેવી રીતે ખેતરમાં પાણીની ખુલ્લી નાળિયો પાંદડા વગેરેને કારણે બંધ થઈ જાય છે પરિણામે ખેતરના ધાન્યો વૃક્ષો તેવાજ રહે છે વધતા નથી અથવા સુકાઇ જાય છે.

આ રીતે ગર્ભની પણ બે સ્થિતિ થાય છે. (૧) ગર્ભની વૃદ્ધિ થતી નથી જે સ્થિતિમાં હોય છે તેવો જ રહે છે. આને ઉપવિષ્ટક કહે છે. (૨) ગર્ભ પોતાની જે સ્થિતિ હોય તેનાથી ક્ષીણ થતો જાય તેને ઉપશુષ્ક યા નાગોદર કહે છે.

ઉપવિષ્ટક:—જ્યારે ગર્ભવતીની યોનિમાંથી આર્તવરક્ત કોઈ કોઇ વખત થોડા થોડા પરિમાણમાં વહતું રહે અને ગર્ભ પણ નિરન્તર તેવા જ રૂપનો (આકારનો) દેખાય તો તેનો આકાર વધતો નથી કેવળ ગર્ભનું સ્પન્દન માલમ પડે છે. તથા પેટ પણ વધતું નથી આને ઉપવિષ્ટક કહે છે.

ઉપશુષ્ક:—જ્યારે સગર્ભા સ્ત્રીની યોનિમાંથી આર્તવ રક્ત પ્રતિમાસે યા પ્રતિદિન અધિક માત્રામાં વહતું રહે તો ગર્ભ પણ ધીમે ધીમે નિર્બળ થતો જાય છે. અને ઘણા દિવસો પછી ગતિ કરતો માલમ પડે છે, વધેલું ઉદર પણ નાનું માલમ પડે છે આ સ્થિતિને ઉપશુષ્ક યા નાગોદર કહે છે.

આ બંને જ્યારે માતાના આહારની ઉષ્માથી ધીરે ધીરે વધે છે અને બળવાન થાય છે ત્યારે ઘણા વર્ષો પછી તેનો પ્રસવ થાય છે.

વાતાત્મક ઉપવિષ્ટક નાગોદર:—આ ઉપવિષ્ટક અને નાગોદરમાં જ્યારે વાયુની અધિકતા થાય છે ત્યારે તેને કારણે ગર્ભવતીના કોષ્ઠમાં ગતિ કરતો અવરૂદ્ધ થાય છે આ વાયુના અવરોધથી ગર્ભવતી સ્ત્રી શબ્દની સાથે ફીણવાળો થોડો ઝાડો કરે છે. મૂત્રનો અવરોધ થાય છે. કટી-પીઠ અને હૃદયપ્રદેશમાં વેદના થાય છે. બગાંસાં આવે છે. ઉંઘ આવતી નથી. વારંવાર શરદી થાય છે. સુકી ખાંસી આવે છે. અંગોમાં શિથિલતા રહે છે. કાનોમાં ખંજવાળ આવે છે. શંખપ્રદેશમાં તોદ માલમ પડે છે. ત્વચામાં કીડીયો ચાલતી હોય તેવો અભાસ થાય છે. ઉદર પ્રદેશમાં વાઢકાપ થતી હોય તેવો વાયુ ફરે છે. આંખો આગળ અંધારા આવે છે. કઠિનતાથી અન્ન પચે છે. દિન પ્રતિદિન શરીરમાં અશક્તિ માલમ પડે છે. ત્વચા વિવર્ણ-પરૂષ અને સ્ફુટિત્ત બને છે.

પિત્તાત્મક ઉપવિષ્ટક અને નાગોદર:—આ ઉપવિષ્ટક અને નાગોદરમાં જ્યારે પિત્તની અધિકતા હોય ત્યારે ગર્ભિણીના મળનો વર્ણ તામ્ર અને હરિત બને છે. ધૂમોદ્ગાર અને અમ્લોદ્ગાર આવે છે. ઉલ્ટી થાય છે. મૂર્ચ્છા આવે છે. કુક્ષિ અને હૃદયમાં દાહ થાય છે. નેત્ર-મૂત્ર નખ અને ત્વચાનો રંગ પીળો લાલ યા ગોમૂત્રની સમાન થઇ જાય છે. ત્વચાનો

રંગ કાળો પડી જાય છે. તેનું શરીર દુર્બળ થઇ જાય છે અને હંમેશાં કોઇને કોઈ સ્થળે શોથ હોય છે.

શ્લેષ્માત્મક ઉપવિષ્ટક અને નાગોદર:—આ ઉપવિષ્ટક અને નાગોદરમાં જ્યારે કફની અધિકતા હોય ત્યારે ગર્ભિણીના મુખનો સ્વાદ મધુર, વમનની અભિલાષા—વમનમાં કફની ઉપસ્થિતિ—ભોજનમાં દ્વેષ—હાથ—પગો અને આંખોની શ્વેતતા તથા કાસ અને શ્વાસ થાય છે.

ઉપવિષ્ટક અને નાગોદરની સામાન્ય ચિકિત્સા+:—આ બંને વિકારો માટે જીવનીયગણ—બૃંહણીયગણ અને મધુરગણના ઔષધોથી સાધિત ઘૃતનું પાન ગર્ભિણીને કરાવવું. ગાય—બકરી અને ભેંસનું દુધ—માંસરસ અને આમગર્ભ (કાચોગર્ભ—ઈંડા વગેરે)નો ઉપયોગ ગર્ભને વધારે છે. ઔષધ સાધિત ઘીની સાથે ભોજન આપવું. ભોજનથી તૃપ્ત થઇ વારંવાર યાન—વાહન (રથ)ની અથવા ઘોડા વગેરે પર સવારી કરવી તથા ક્ષોભણ—માર્જન અને વૃજૃંભણ કરાવવું.

વાતાત્મક ઉપવિષ્ટક અને નાગોદરની ચિકિત્સા:—વાયુની અધિકતા હોય તો સર્વપ્રથમ સિન્ધવ મિશ્રિત દુધની બસ્તિ આપવી. બસ્તિ ઉપરાંત શીતળ જળથી સ્નાન કરાવી સુપાચ્ય શાલિભાત આપવો. ભોજન બાદ વિદાર્યાદિગણના ઔષધથી સાધિત ઘીની અનુવાસન બસ્તિ આપવી. વાયુ હિતસ્થાનમાં રહેવું અર્થાત્ જ્યાં સીધો અને જોરદાર પવન ન આવતો હોય તેવા સ્થાનમાં રહેવું.

પિત્તાત્મક ઉપવિષ્ટક અને નાગોદરની ચિકિત્સા:—યષ્ટિમધુ અને વિદારીના કવાથમાં સિદ્ધ કરેલું દુધ ગર્ભિણીને પીવડાવવું. ઉપવિષ્ટકની વૃદ્ધિ માટે અને નાગોદરની પુષ્ટિ માટે ત્રણ મોટી મરઘીઓને તથા એક આઢક છોડા વગરની અડદની દાળને લઇ ખારણીમાં કુટવી. કુટતી વખતે પાણીવાળા દુધને નાંખતા જવું જ્યારે બધી ચીજો સારી રીતે ખંડાઈ જાય ત્યારે તેનો રસ નિચોવી લેવો. આ રસમાં ઘીની સાથે તીતર—કપિંજલ આમાંથી કોઇ એકનો માંસરસ લઇ ગર્ભવતીને પીવડાવવો બકરીનું ઘી—બકરીનું દુધ તથા જીવનીયગણની ઔષધિઓની સાથે યવાગુ બનાવી ગર્ભિણીને પાવી. ક્ષીરવિદારી—કાકોલી—ક્ષીરકાકોલી—સુનિષણ્ણક આનો કલ્ક દુધ તથા ઘૃતમાં મેળવી પકાવી તે ઘી દરરોજ સવારે દુધમાં આપવું. ઈંડા વગેરેની સાથે પણ આ ઘી આપવું.

કફાત્મક ઉપવિષ્ટક અને નાગોદરની ચિકિત્સા:—આનૂપ તથા જળચર પ્રાણિઓના માંસને ભોજનની સાથે આપવા નિર્મળ સુરાનું ત્રણ—પાંચ દિવસ સુધી અવસ્થાનુસાર પાન કરાવવું. તલ—મગ—અડદ—લવણ અને બિલ્વફળનું ચૂર્ણ ૨૫૬ તોલા અને ઘી ૨૫૬ તોલા મેળવી સારી રીતે સુરક્ષિત રાખવું. પ્રાતઃકાળે આમાંથી ૨ તોલા ગરમ કરી શીત કરેલા બકરીના દુધ સાથે આપવું.

આ બધી ચિકિત્સાદ્વારા જો ગર્ભની પર્યાપ્ત વૃદ્ધિ ન થાય તો તેને તીક્ષ્ણ વિરેચનદ્વારા અથવા અપરા કાઢવા માટે જે ચિકિત્સા કહી છે તે દ્વારા તેને બહાર કાઢી નાખવો.

લીનગર્ભ× સ્રોતો વાયુના ઉપદ્રવથી પીડિત હોવાને કારણે ગર્ભ લીન થઈ જાય છે. તે અધિક સમય સુધી ગર્ભાશ

લીનગર્ભની ચિકિત્સા :—આ લીન ગર્ભમાં સ્ત્રીની મૃદુ સ્નેહનાદિ કર્મોથી ચિકિત્સા કરવી. ઉત્ક્રોશના માંસરસથી સાધિત યવાગૂ પર્યાપ્ત સ્નેહ નાખી પાવી. અથવા અડદ, તલ તથા બિલ્લાના નાના ફળોથી સાધિત કુલ્માષ ખવડાવવા .ત્યાર બાદ સાત દિવસ સુધી મધની સાથે માધ્વીક આપવો.

સુશ્રુત* અનુસાર નૈગમેષાહૃત અને નાગોદર :—વાયુથી પીડિત થવાને કારણે તે ગર્ભ સુકાઈ જાય છે તે માતાના ગર્ભાશયમાં પૂર્ણતયા ફેલાતો નથી અને ધીરે ધીરે ફરકે છે. તેને પુષ્ટિકર દુધ અને માંસરસ આપવા વાયુથી પીડિત થયેલો તે શુક્રશોણિત અને જીવાત્માની અવક્રાન્તિ થવા પર પેટને ફુલાવી દે છે. તે જો કદાચિત્ અકસ્માત્ શાન્ત થઇ જાય તો નૈગમેષાપહૃત કહેવાય છે અર્થાત નૈગમેષે તેનું હરણ કર્યું એમ અજ્ઞાની લોકો કહે છે તે કદાચિત્ ધીરે ધીરે લીન થાય તો તેને નાગોદર કહે છે.

ઉત્પન્ન થયેલા ગર્ભના નાશનું કારણ× :—વાયુથી અવરૂદ્ધ આર્તવને કેટલાક બુદ્ધિ વગરના લોકો એમ માને છે કે ગર્ભ છે કારણકે તેનો સ્રાવ ન થવાથી પ્રતિમાસે વધતા જતા આર્તવથી ગર્ભના જેવા આકાર ઉત્પન્ન થાય છે અગ્નિ, સૂર્ય, શ્રમ, શોક અને રોગથી અથવા ઉષ્ણ અન્નપાનથી જો આર્તવની પ્રવૃત્તિ થાય અને ગર્ભ ન જોવામાં આવે તો 'ભૂતહૃત' અર્થાત્ ભૂતો એને આહાર માટે શરીર ઇષ્ટ નથી જો તેઓ ગર્ભને હરે તો અવકાશ મળતાં માતાને ઓજસને ન હરે એમ ન બને.

मृतगर्भ*

મૃતગર્ભના કારણો :—માતાના માનસિક અને આગન્તુક દુઃખોથી તથા પોતાના ખાસ વિકારોથી પીડિત થયેલો ગર્ભ ગર્ભાશયમાં મરી જાય છે.

માતાના વિકારો :—રાજ્યક્ષ્મા, મધુમેહ, પાંડુરોગ, ગર્ભોપમાનક, ફિરંગ, નાગ, મલ્લ, વિષ અને વિસર્પ.

પિતાના વિકારો :—રાજ્યક્ષ્મા, ફિરંગ, ઉપદંશ અને નાગ વિષ.

ગર્ભના વિકારો :—અપરા, ગર્ભાવરણ અને નાભિનાડીના રક્ત સંચારમાં અવરોધ ઉત્પન્ન થવો. ગર્ભના પ્રબળ પૂર્વ કર્મો.

આ સિવાય માતાને ઉદર પર જોરથી આઘાત થાય તો ગર્ભનું મૃત્યુ થાય છે.

મૃતગર્ભના લક્ષણો :—ગર્ભાશયમાં ગર્ભ મરી જાય તો ગર્ભની નિશ્ચલતા અર્થાત્ ગર્ભના હૃદયના સ્પન્દન બંધ થઈ જાય છે. પ્રસવ વેદનાનો અભાવ, ત્વચાનો શ્યાવ અને અરૂણવર્ણ થવો. શ્વાસમાં દુર્ગન્ધ અને પેટમાં શૂલ થાય છે.

ગર્ભને હાનિ કરનારા ભાવોમાં ચરકે કહ્યું છે કે ઉત્કટુક–વિષમ અને કઠિન આસને સતત બેસનાર વાયુ–મૂત્ર અને મળના વેગોને રોકવાથી–દારૂણ અને અનુચિત વ્યાયામ કરવાથી, તીક્ષ્ણ અને ઉષ્ણ પદાર્થોનું અતિ માત્રામાં સેવન કરવાથી તથા બહુજ અલ્પ આહાર લેનાર સ્ત્રીનો ગર્ભ મરી જાય છે અથવા તો અકાળે સ્રાવ થાય છે અથવા તો તે શુષ્ક થઇ જાય છે.

અધિક દોષોના સંચયથી–વિષમ ભોજન–વિષમ શયન–વિષમ આસન અતિ દબાણ કે આઘાતથી–ક્રોધ–શોક–ઇર્ષ્યા–ભય અને ત્રાસથી સાહસથી અથવા આવાજ બીજા દારૂણ કર્મોથી ગર્ભ ગર્ભાશયમાં મરી જાય છે.

જેનું અધિક શુક્રવાળું બીજ બે ભાગમાં વહેંચાય છે તેને એકી સાથે બે પુત્રો જન્મે છે. તથા આર્તવની અધિકતાવાળું બીજ જો બે ભાગમાં વહેંચાય તો એકી સાથે બે પુત્રીઓ જન્મે છે.

અતિશય વધેલો વાયુ શુક્ર અને આર્તવના સંયોગમાં મળીને જેટલા વિશેષ વિભાગો કરે છે તેટલા વિભાગ પ્રમાણે દૈવવશાત અને કર્મ પ્રેરિત સંતાનોને સ્ત્રી જન્મ આપે છે.

જોડકામાં એકેકની વૃદ્ધિ થવાનું કારણ×:–કર્માધિનપણાથી, શુક્ર અને આર્તવના ન્યૂનાધિક અંશભેદથી જે ગર્ભ ગર્ભાશયમાં વધે છે તેમાં એક અધિક અને બીજો ન્યૂન હોય છે. આ રીતે જોડકાઓમાં વિશેષ ભેદ જણાય છે.

આ પ્રકારના યમગર્ભમાં બંનેની અપરા એક હોય છે અને બંનેના રક્તપરિભ્રમણનો પરસ્પર સંયોગ હોય છે. જ્યારે આ બેમાં એકનું હૃદય બીજાથી અધિક બળવાન હોય છે. ત્યારે પ્રબળ ગર્ભનું રક્ત નિર્બળ ગર્ભના શરીરમાં પ્રવેશી તેના રક્ત પ્રવાહમાં વિઘ્ન ઉત્પન્ન કરી દે છે જેથી બીજા ગર્ભની યથોચિત વૃદ્ધિ થતી નથી.

માતાના ગર્ભાશયમાં શરીરની સંકુચિત અવસ્થામાં નવ યા દશ માસ સુધી રહેવાથી જીવને ઘણી વેદના થાય છે આવા સમયે જો તેને બીજો સાથી મળે તો તે બંનેને ઘણીજ તકલીફ પડે છે. આ સિવાય પ્રસવ સમયે પણ અસમ્યક્ રીતે યોનિમાં આવે છે જેથી પ્રસવમાં વિલંબ થાય છે અને તેને તકલીફ પણ બહુજ પડે છે. બંનેનું પોષણ પણ સારી રીતે થયેલું ન હોવાથી જન્મ થયા પછી પણ તેઓને સ્વાસ્થ્ય સારૂં રહેતું નથી અને કોઇ કોઈ વખત બાલ્યાવસ્થામાં જ તેનું મૃત્યું થાય છે. જીવ જ્યારે આ રીતે યમમાં અવતીર્ણ થાય છે ત્યારે તેને અધિક પીડા સહન કરવી પડે છે. આ શિક્ષા પૂર્વજન્મમાં કરેલા અધર્મ સિવાય થઈ શકતી નથી. પૂર્વજન્મમા કરેલા ધર્મ–અધર્મ યા સત અસત કર્મો જીવની સાથે જ રહે છે અને ધર્મ અધર્મની અનુસાર જીવ યોગ્ય શુક્ર આર્તવમાં પ્રવેશ કરે છે. કહ્યું છે કે–અત્યંત સૂક્ષ્મ ચારેભૂતો સહિત અને મનની ક્રિયાથી ક્રિયાવાન થયેલો આત્મા કર્માધીનપણાથી એક શરીરમાંથી બીજા શરીરમાં જાય છે.

આત્મામાં લીન થયેલા કર્મજન્ય જે ચાર ભૂતો છે તે ગર્ભમાં પ્રવેશ કરે છે. જ્યારે આત્મા દેહાન્તર કરે છે ત્યારે બીજસ્વરૂપ તેઓ પણ બીજા દેહોમાં જાય છે.

આટલા માટે આવી પીડા જે જીવોને સહન કરવી પડે છે તે પૂર્વજન્મમાં જરૂર અધર્મી અથવા પાપી હોવા જોઇએ.

સામાન્યતયા પ્રતિમાસે બીજકોષથી કેવળ એક બીજનો ઉત્સર્ગ થાય છે. અને ત્યારે તેનો શુક્રાણુ સાથે સંયોગ થાય છે ત્યારે ગર્ભ ઉત્પન્ન થાય છે કોઈ કોઈ વખત વામ યા દક્ષિણ બીજકોષમાંથી એક યા એકમાંથી જ બે થી ત્રણ બીજ નીકળે છે. મૈથુનના અંતે ઉત્સર્ગિત થયેલા શુક્રમાં અનેક શુક્રાણુઓ હોય છે તે બધામાંથી જે વધુ સબળ હોય તે સ્ત્રીબીજને મળી સફળ થાય છે. આ રીતે જેટલા સ્ત્રીબીજ હોય તેની સાથે તેટલા શુક્રાણુઓ મળે છે અને તેટલા જ ગર્ભ ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્પન્ન થયેલા ગર્ભો **અનેક બીજાત્મક** હોય છે. આ સિવાય બીજી રીતે પણ અનેક ગર્ભોની ઉત્પતિ થાય છે. એક સ્ત્રીબીજનો શુક્રાણુ સાથે જ્યારે સંયોગ થાય ત્યારબાદ તે સંપૂર્ણરીતે બે વિભાગોમાં વિભક્ત થાય છે જેથી બે ગર્ભો ઉત્પન્ન થાય છે આ રીતે ઉત્પન્ન થયેલા ગર્ભને **એક બીજાત્મક** કહે છે.

સામાન્યતયા યુગ્મ બાળકો સજીવ જન્મ લે છે અને સાધારણ અપત્યની સમાન આયુવાળા હોય છે. ત્રિક બાળક પણ સજીવ જન્મ લે છે અને જીવે છે. ચતુષ્ક—પંચક અને ષટ્ક બાળકો સજીવ જન્મે છે પરંતુ ઘણું ખરૂં જીવતા નથી.

એક બીજાત્મક અને અનેક બીજાત્મક શિશુઓનો ભેદ

એક બીજાત્મક	અનેક બીજાત્મક
(૧) એક બીજથી સામાન્યતયા બે ગર્ભ થાય છે પરંતુ કોઈ કોઈ વખતે ત્રણ ગર્ભ થાય છે.	(૧) જેટલા બીજો હોય તેટલા સ્વતંત્ર ગર્ભો ઉત્પન્ન થાય છે.
(૨) યુગ્મ બાળકોમાં એક બીજાત્મક બાળકોનું પ્રમાણ બહુજ ઓછું હોય છે.	(૨) યુગ્મ બાળકોમાં દ્વિબીજાત્મક બાળકોનું પ્રમાણ એક બીજાત્મક અપત્યોની અપેક્ષાએ ૬ થી ૮ ઘણું અધિક હોય છે
(૩) બંને બાળકોનું લિંગ એક હોય છે અને અપરા પણ એક જ હોય છે.	(૩) બંનેનુ લિંગ એક યા ભિન્ન હોય શકે છે. પરંતુ અપરા અને ગર્ભનું આવરણ હંમેશા સ્વતંત્ર હોય છે.
(૪) આ પ્રકારના બાળકોની વૃદ્ધિ સારી રીતે થતી નથી. કોઈકોઈ વખત વિષમ વૃદ્ધિ થાય છે અને તેનું સ્વાસ્થ્ય પણ સારૂં રહેતું નથી	(૪) બંનેની વૃદ્ધિ સરખી હોય છે. બંનેનું વજન પણ સરખું હોય છે, તંદુરસ્તી પણ સારી હોય છે.
(૫) કાલપૂર્વ પ્રસવ થવાની સંભાવના આમાં અધિક રહે છે.	(૫) નિયત સમય પર પ્રસવ થાય છે

(ક્રમશઃ)

ક્ષયરોગ અને બી. સી. જી. વેક્ષીનેશન

લેખક:
ડૉ. છોટુભાઇ નાયક

માનવજીવનને કોરી ખાતો રાજરોગ ક્ષય કેટલો પ્રાણઘાતક છે તે કહેવાની ભાગ્યે જ જરૂર હોય. ક્ષયરોગના વધતા જતા ફેલાવાને આપણે અટકાવવો જ રહ્યો. પરંતુ તે સાથેનાં જરૂરી પગલાં ભરવાની આપણી અશક્યતાનો પણ ખ્યાલ રાખવો જરૂરી છે. આપણાં નાણાંકીય, ટેકનિકલ અને અન્ય સાધનો ધ્યાનમાં લેતાં ક્ષયરોગનિવારણનો પ્રશ્ન કેટલો વિશાળ છે તેનો ખ્યાલ આવશે.

દુનિયાભરમાં માત્ર ક્ષયરોગથી જ ૫૦ લાખ ઉપરાંત માણસો મરણ પામે છે. આમાંનાં મોટા ભાગનાં માણસો તો અપૂરતી તબીબી સારવાર અગર તો તબીબી સારવારને અભાવે જ મરણ પામતાં હોય છે. આપણા દેશમાં દર વર્ષે પાંચ લાખ માણસો આ રોગના સકંજામાં મરણ પામે છે. અને બીજા ૨૫ લાખ ક્ષયરોગથી પીડાતાં હોય છે. ક્ષય એ ચેપી રોગ હોવાથી તે રોગના દર્દીઓ સમાજના અન્ય માણસોમાં પણ ચેપ ફેલાવે છે. શહેરોમાં એક લાખ માણસોમાંથી ૨૦૦ થી ૪૦૦ અને ગામડામાં એટલા માણસોમાં આસરે ૧૦૦ મરણ કેવળ ક્ષયરોગથી જ થાય છે. આ આંકડાઓ જ બતાવી આપે છે કે ક્ષય એ કેટલો ભયંકર અને પ્રાણઘાતક રોગ છે.

ભારત જેવા આપણા વિશાળ દેશમાં ક્ષયનિવારણ અંગે એકલા ક્ષયરોગ માટે જ ચાર હજાર દવાખાનાં અને પાંચ લાખ ખાટલાની જરૂર છે. જ્યારે ભારતમાં હાલ ૧૧૯ દવાખાનાં અને ૧૦,૪૦૦ ખાટલાની આ રોગ માટે વ્યવસ્થા છે. ઉપર જણાવ્યા પ્રમાણે દવાખાનાં અને ખાટલાઓની જરૂરિયાત પૂરી કરતાં ૪૪૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવો પડે અને પછી દર સાલ ૬૦ કરોડ રૂ. નો ચાલુ ખર્ચ રાખવો પડે. નવી હોસ્પિટલો માટે ૧૫૦૦૦ દાક્તરો અને ૫૦,૦૦૦ નર્સો ઉપરાંત ટેકનિકલ અને અન્ય સ્ટાફની જરૂર રહે. જ્યારે અત્યારે આપણા દેશમાં બધા મળી આ રોગ માટે ફક્ત ૨૦૦ દાક્તરો અને ૪૦૦ નર્સો છે. દેશની નાણાંકીય પરિસ્થિતિ જોતાં કેવળ ક્ષયરોગનિવારણ પાછળ આટલો મોટો ગંજાવર ખર્ચ કરવો અશક્ય હોવાથી, ક્ષયરોગના વધતા જતા ફેલાવાને અસરકારક રીતે કાબૂમાં રાખવા માટે તત્કાળ કોઇ વ્યવહારૂ પગલું ભરવું જ જોઇએ.

આપણે સૌ જાણીએ છીએ કે બળીઆ, પ્લેગ, ડિપ્થેરિયા વગેરેના વધતા રોગને અટકાવવા આપણે રસી મુકાવીએ છીએ. તેવી જ રીતે ક્ષયરોગને અટકાવવા માટે બી. સી. જી. નામની રસી મૂકવામાં આવે છે. વર્ષોની જહેમત બાદ ડૉ. કેમીલ ગેરીન અને ડૉ. આલ્બર્ટ કાલ્મેટે ૧૯૨૧ માં બી. સી. જી. નામની રસી શોધી કાઢી. આ રસી ક્ષયરોગનાં જંતુમાંથી બનાવી હતી. આપણા દેશમાં આ રોગનો પ્રશ્ન એટલો બધો મોટો છે કે આપણે પણ આ રોગો થતા પહેલાં અટકાવવો જ જોઇએ.

પ્રજાના સામાન્ય સ્વાસ્થ્યમાં સુધારો, તબીબી સારવાર, ક્ષયરોગના દર્દીને અલગ કરવા, બી. સી. જી. રસી મૂકાવવી વગેરે તકેદારીનાં પગલાંથી થતા રોગનો ફેલાવો જરૂર અટકાવી શકાય. આ રોગનો ચેપ અટકાવવા એવા દર્દીઓને સારા માણસથી અલગ કરી નાખવાની વ્યવસ્થા દુનિયાના કોઈ પણ દેશમાં સંપૂર્ણ સફળતાથી થઇ શકી નથી. આપણા દેશમાં એકલા નાનાં મોટાં શહેરોમાં વસવાટો અને જાહેર સ્વાસ્થ્યના પ્રશ્ન યોગ્ય રીતે સુધારવા ૩૦ અબજ રૂપિયાની જરૂર છે. આપણી નાણાંકીય મુશ્કેલી જોતાં બહુ મોટા ખર્ચ વિના અને ઉચ્ચ શિક્ષણ પામેલા તબીબો અને નર્સોની જરૂર ના પડે એવાં તકેદારીનાં પગલાંનો લાભ ઉઠાવવો જોઈએ. અને તેથી ક્ષયરોગનો ફેલાવો અટકાવવા દુનિયાના ઘણા દેશોમાં વિશાળ

પ્રમાણમાં વપરાતી બી. સી. જી. રસીઓનો આપણે પણ ઉપયોગ કરવો જોઇએ. આ રસી ઝાઝા ખર્ચ વિના આપી શકાય છે. વળી ક્ષયરોગની ભયંકરતાનો ખ્યાલ પણ આપણા દેશની પ્રજાને ઠીક ઠીક આવ્યો હોવાથી આવાં કોઇ પગલાં ભરવાની માગણી પણ થઇ રહી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા, યુનોનું બાળકો અંગેનું ફંડ તથા ક્ષયનિવારણ અંગેની આંતર રાષ્ટ્રીય સંસ્થા નામની સંસ્થાઓના ધ્યાન પર ભારતમાં ફેલાયેલા ક્ષયરોગની ગંભીરતા અને બી. સી. જી. રસીની જરૂરિયાત લાવવામાં આવતાં ૧૯૪૮ના ઓગસ્ટમાં મદનાપલ્લીમાં ભારતના સ્વાસ્થ્યપ્રધાન રાજકુમારી અમૃતકૌર ના હસ્તે બી સી. જી. કેન્દ્ર ખોલવામાં આવ્યું. ૧૯૪૯ માં બી. સી. જી. રસી મૂકવાનું કાર્ય ૯૦ ટીમો કરે છે. મદ્રાસ નજીક ગીંડી મુકામે આવેલી પ્રયોગશાળામાં ભારત સરકાર આ રસી તૈયાર કરાવે છે. ભારતમાં અત્યાર સુધીમાં ૩૦ લાખ માણસોને તપાસી દશ લાખ ઉપર માણસોને બી. સી. જી. રસી મૂકવામાં આવી છે.

સ્વાસ્થ્ય અંગેનું આપણું ધોરણ ઊંચું નહિ હોવાથી આપણા દેશમાં સામુદાયિક રીતે રસી મૂકવાનો કાર્યક્રમ અમલી બનાવવો મુશ્કેલ છે. આમ છતાંય લગભગ તમામ રાજ્યોએ ક્ષયવિરોધી આ આંદોલનમાં ભાગ લીધો છે. અત્યારે તો કાશ્મીરથી કેપ કોમોરીન અને આસામથી સૌરાષ્ટ્ર સુધી ભારતમાં બી. સી. જી રસીના આંદોલને વેગ પકડયો છે.

સામાન્યતઃ એમ કહી શકાય કે આપણા દેશનો કોઇપણ ભાગ એવો નથી કે જ્યાં ક્ષયરોગનો ફેલાવો ના હોય, અમદાવાદ, મુંબઇ, મદ્રાસ, કાનપુર અને કલકત્તા જેવા ઔદ્યોગિક શહેરોમાં તો ૬ થી ૧૧ વર્ષની નાની વયમાં જ ૫૦ ટકા જેટલી વસ્તીને ક્ષયનો ચેપ લાગે છે. જ્યારે ગામડાંઓમાં ૨૫ વર્ષની ઉંમર પહેલાં ૫૦ ટકા જેટલાઓને ચેપ લાગે છે. બી. સી. જી. રસીનો ઉપયોગ આથી વધુ થવો જોઇએ.

આ રસી આપવા અગાઉ ટયુબરકયુલીન નામનો ટેસ્ટ કરવામાં છે. આ ટેસ્ટથી માલૂમ પડે છે કે લેનારને બી. સી. જી. રસીથી ફાયદો થશે કે કેમ. જો આ રસીથી એ લેનારને ફાયદો થાય એમ ન હોય તો રસી મૂકવામાં આવતી નથી. ફાયદો થાય એવાઓને રસી મૂકવામાં આવે છે જેથી એનામાં ક્ષયરોગનો સામનો કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે, અને રોગ થતો અટકાવી શકાય એમ લાગે છે.

આ રસી લેવાથી માણસના શરીરમાં કોઈ ગંભીર પ્રકારના ઉપદ્રવ ઉત્પન્ન થયેલા જણાયા નથી. અને જ્યા જ્યાં આવા ઉપદ્રવ ઊભા થયેલા છે ત્યાં તપાસને અંતે એમ માલૂમ પડયું છે કે આ રસીના આપવા સાથે બિલકુલ સંબંધ નથી. છતાંય બી. સી. જી. રસી વિરોધી પ્રચારમાં કેટલાક ડોકટરો તથા લોકો આવા દાખલાઓ ટાંકે છે તે ખરેખર આશ્ચર્યની બિના છે.

ક્ષયનિવારણ અંગેની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ યુરોપની બહાર પ્રથમ ભારતમાં જ બી. સી. જી. રસીનો ઉપયોગ કર્યો. આ સંસ્થાના ડિરેકટર શ્રી જોહાન હેમો ભારત અંગે જણાવ્યું છે કે:-

(૧) આજે ભારતમાં ક્ષયરોગ વિરોધી પગલાં તરીકે બી. સી. જી. રસીનો સ્વીકાર થયો છે એટલું જ નહિ પણ ડોકટરો અને લોકો તે લેવાની ભલામણ કરે છે.

(૨) આ રસી અંગે સંખ્યાબંધ માણસોને સારી તાલીમ આપવામાં આવી છે.

(૩) ભારતમાં વિશ્વાસપાત્ર રસી ઉત્પન્ન કરાવે છે.

(૪) પહેલા ટયુબરકયુલીન ટેસ્ટ માટે સારી રીત જાણવા મળી છે.

ભારતમાં અત્યારે શાળાનાં બાળકોને આ

તેમજ સંસ્થાઓની મુલાકાત લેવી ઘટે આદિની સૂચના મળે તો આવેલા અભિપ્રાયો પર વિચાર કરીને યાત્રા કરવાની તૈયારી કરી શકાય. પ્રથમ વખતની પ્રાથમિક તૈયારી ૭ માસનો સમય માગી લેશે, સફર ગોઠવવી, સ્થળેસ્થળની વ્યક્તિઓ આદિનો સંપર્ક સાધવો, યોગ્ય આવકારની યોજના કરવી અને ઇતર બંદોબસ્ત કરવો એ કામ પ્રથમવાર કરવા જતાં ઠીક સમય લાગશે. બીજો રસ્તો મિત્રો કેવળ યાત્રામાં જોડાવાની તૈયારી બતાવે, પ્રાથમિક ખર્ચ માટે રૂા. બે વા ત્રણની રકમ મોકલે અને પછી યાત્રાની ઈતર યોજના આ લેખ પર છોડે. (અલબત્ત, યોજના કરનાર પણ ચાર છ મિત્રો વડીલોની સલ્લાહ તો લેશે જ). યાત્રામાં જોડાનારની દૃષ્ટિથી અને જ્યાં જવું હોય તે સ્થળોની દૃષ્ટિથી કયો સમય સારો એ પણ વિચારવાનું રહેશે.

યાત્રા દરમિયાન આયુર્વેદીય વાતાવરણ ઉભું કરે તેવી ચર્ચા, પ્રવચનો આદિ આખુ યાત્રાએ યોજવાનો વિચાર પણ અમલમાં મુકી શકાય તેવો છે.

ખર્ચનું શું? આ વિષયની કલ્પના પણ મને નથી. પણ સઘળો ખર્ચ સમાવતો જણ દિઠ ૨૫૦ થી ૩૦૦ લગીનો અંદાજ ૨૦ કે ૨૫ દિવસોની યાત્રા માટે (કદાચ) રાખી શકાય. વિશેષ ખબર તો કાર્યક્રમ નક્કી થાય ત્યારે પડે. સામાન્યતઃ જો ૧૫-૨૦ મિત્રો આવી યાત્રામાં જોડાવાની ઇચ્છા બતાવશે તો જ તે વિષયમાં કાર્યશીલ બનવાનું યોગ્ય ગણાશે. અન્યથા આવેલી રકમ પરત મોકલવામાં આવશે. મિત્રો પોતાનો અભિપ્રાયો ત્વરાથી જણાવે.

પ્રતાપકુમાર વૈદ્ય
૯૨ આત્મારામ રોડ, મુંબઇ, ૨

The Journal is meant for medical proffession only.

આરોગ્ય, વૈદ્યક અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ — आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्। — અ. ભાદરવો ૨૦૧૧

અંક ૯ — आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः॥ — સપ્ટેમ્બર ૧૯૫૫

આયુર્વેદિક ઔષધો અને વાંધાભરી જાહેરાતનો કાયદો

તા. ૧લી એપ્રિલ ૧૯૫૫થી કેન્દ્રીય સરકારે જાહેર કરેલો વાંધાભરી જાહેરાતનો [The drugs and magic remedies (objectionable advertisements) Act] કાયદો અમલમાં આવ્યો છે, જાહેરાત શબ્દના વ્યાપક અર્થમાં લેબલ, પરિપત્ર, વર્તમાનપત્રની જાહેરાત વગેરે પુષ્કળ બાબતો આવી જાય છે. ૩૨ દર્દો પ્રતિબંધિત ગણ્યા છે. જેની યાદી અમો અગાઉ વારંવાર પ્રગટ કરી ગયા છીએ.

મુંબઈની ઈંડિયન ફાર્માસીસ્ટ એસોસિયેશનનું પ્રતિનિધિ મંડળ આ કાયદાના વિષયમાં નીમાયેલ અધિકારી ડ્રગ્ઝ કંટ્રોલર શ્રી ભૂપેન્દ્ર પટેલને ગતમાસ મળ્યું હતું. તેમની સાથેના વાર્તાલાપમાં એ બાબતની સ્પષ્ટતા થઈ કે આ કાયદો આયુર્વેદિક ઔષધોને લાગુ પડે છે.

શ્રી પટેલે એ આશ્વાસન પણ આપ્યું છે કે પોતાનું આયુર્વેદ સંબંધમાં જ્ઞાન અપર્યાપ્ત હોઈ તેઓ એવી કોઈ પણ મૂંઝવણી બાબતમાં મુંબઈ સરકારના નીમેલ ડાયરેકટર ઓફ આયુર્વેદની સલાહ લેશે. તેમણે ફાર્માસીસ્ટ એસોસિયેશનને સૂચવ્યું હતું કે જે દરદો પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે તેની એક આયુર્વેદીય પરિભાષા અધિકૃત રીતે તૈયાર કરી કેન્દ્રીય સરકારના ધ્યાન માટે મોકલી આપવી.

વધુમાં શ્રી પટેલે ગભરાવનારી હકીકત તો એ કહી હતી કે ઔષધોના યથોક્ત–શાસ્ત્રોક્ત નામ યથા પ્રદરરિપુ–સૂર્યાન્તક રસ વગેરે કે જેમાં વાંધાભરેલા રોગોના નામવાચક શબ્દોનો સમાવેશ થાય છે તે નહીં ચલાવી લેવાય, તે નામોમાં પણ પરિવર્તન કરવું પડશે. કેમકે એ નામોથી જનતા દવાના ગુણો સમજી શકે છે. આ બાબતનો ઉહાપોહ થવાથી ઔષધ નિર્માતાઓના મંડળમાં ઠીક ઠીક ચકચાર ફેલાયેલ છે.

વૈદ્યકીય પત્રમાં પ્રગટ થતી જાહેરાતોને અપવાદરૂપ બાકાત કરવામાં આવેલ છે પરંતુ કયા પત્રોને વૈદ્યકીય પત્ર ગણવા તે બાબત હજુ અધિકારીઓની વિચારણા હેઠળ છે.

આ પ્રકારના વાંધાભરેલા લેબલ, પરિપત્ર, જાહેરાત વગેરે છપાવવાં ગુન્હો છે. એ માટે હવે તેઓ કોઈપણ જાતની ચેતવણી આપી શકે તેમ નથી. તેઓ કાયદાનો અમલ કરી રહ્યા છે કે કરશે તેમની સામે સીધાં સખત પગલાં લેવાશે.

હવે પછીના અંકમાં આ આખીય બાબતો વિસ્તૃત વિચારણા કરી આ રીતે થયેલ પરિસ્થિતિનું ઊંડું વિવેચન કરીશું.

બોર્ડ અને ફેકલ્ટીના પ્રમુખપદે વૈદ્યરત્ન પં. શિવશર્મા?

અમદાવાદથી: દેશી વૈદ્યકીય બોર્ડ અને ફેકલ્ટીના પ્રમુખપદે શ્રી વૈદ્યરત્ન પં. શિવશર્મા નીમાય તેવી વકી છે. આધારભૂત વર્તુળોમાં આ સમાચાર વહેતા થયા છે અને આ સમાચારનો નિર્ણય થતાં તેની

આરોગ્યસિન્ધુ

સંપાદક: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

પ્રકાશન: આ માસિક દર માસની પહેલી તારીખે પ્રગટ થાય છે. જાન્યુઆરીથી આ પત્રનું વર્ષ શરૂ થાય છે. અને ડિસેંબરમાં પૂરું થાય છે અંકો સ્ટોકમાં હોય ત્યાં સુધી પ્રથમ અંકથી જ ગ્રાહક કરવામાં આવે છે.

લવાજમ: આ પત્રનું હિંદમાં વાર્ષિક લવાજમ રૂા. ૪ છે. પરદેશમાં શિલિંગ ૮ છે. છુટક નકલ ૧ના આના ૮ છે. રૂા. ૪ મનીઓર્ડરથી અગાઉથી મોકલવાં વધુ હિતકર છે. વી. પી. થી મંગાવનારને આના નવ વધુ પડશે,

મુંબઇ, અમદાવાદ, સુરત અને સુરેન્દ્રનગરના સ્થાનિક ગ્રાહકોએ લવાજમ નીચેના સ્થળોએ ભરવું: સિન્ધ આયુર્વેદિક ફાર્મસી, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ. ગાંધી રોડ, અમદાવાદ. લીમડા ચોક, સુરત. મૂળીનો ઉતારો, સુરેન્દ્રનગર.

ભેટપુસ્તક: આ પત્રના ગ્રાહક થનારને દર વર્ષે એક ઉત્તમ વૈદ્યક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે આ વર્ષે ભેટ પુતસ્ક તરીકે **"આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"** ભાગ ૩ આપવામાં આવ્યું છે.

વ્યવસ્થા: અંક વિશે તથા લવાજમ મોકલવા વિશે તમામ પત્રવ્યવહાર, વ્યવસ્થાપક **"આરોગ્ય સિન્ધુ" સિન્ધ આયુર્વેદિક ફાર્મસી,** ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ એ શિરનામે કરવો.

અંકો વ્યવસ્થાપકની દેખરેખ હેઠળ પોસ્ટ કરવામાં આવે છે. છતાંય અંક ગેરવલ્લે જાય તો ગ્રાહકે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. અંકો સિલકમાં હશે ત્યાં સુધી, બીજીવાર આપવામાં આવશે, પણ ગેરવલ્લે થતાંજ આ રીતે ફરીથી અંક મેળવી શકશે, તે પણ તા. ૧૫મી સુધી ફરિયાદ મળતાં તેના પર ધ્યાન અપાશે.

શિરનામામાં ફેરબદલ હશે તો માસની ૨૫મી સુધીમાં જણાવ્યું હશે તોજ ફેરબદલ થઇ શકશે. અન્યથા જુને શિરનામે જ અંક જશે

પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો ખાસ જરૂરી છે.

સંપાદન: આયુર્વેદ અને આરોગ્યને લગતા ઉચ્ચ વૈદ્યકીય દષ્ટિએ લખાયલા લેખોને આ પત્રમાં સ્થાન મળે છે. લેખ મળ્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકારનો ઉત્તર એક માસ બાદ આપવામાં આવે છે. અસ્વીકૃત લેખ સાથે જરૂરી સ્ટેમ્પસ બીડ્યા હોય તો તે લેખ પરત મોકલવામાં આવે છે. સ્વીકૃત લેખ સમય અને સ્થળ પ્રમાણે યોગ્ય પદ્ધતિએ પ્રગટ કરવામાં આવે છે.

સંપાદક સાથે અગાઉથી સમય નક્કી કરી મુલાકાત લઇ શકાય છે.

વૈદ્યો, વૈદ્યકીય વિદ્યાર્થીઓ, ડૉકટરો અને આયુર્વેદના અભ્યાસીઓને આયુર્વેદ અને આરોગ્યને અનુલક્ષી લખાયલાં લેખો મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે.

સંપાદકનું શિરનામું આ પ્રમાણે કરવું: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર** સંપાદક: **આરોગ્યસિન્ધુ** ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

પુસ્તક પરિચય: વિસ્તૃત સાહિત્યાવલોકન માટે બે પુસ્તકો પ્રકાશકે મોકલવાં જરૂરી છે. એક આરોગ્યસિંધુ કાર્યાલયમાં રહે છે અને એક પ્રત એ વિષયના નિષ્ણાતને અવલોકન માટે મોકલવામાં આવે છે. નિષ્પક્ષપાતપણે તમામ અવલોકનો કરવામાં આવે છે.

જાહેરાત: આ પત્રનો ફેલાવો સુવૈદ્યોમાં અને જનતામાં સારો હોઇ, એમાં કરેલ જાહેરાત તુરત જ જવાબ આપે છે: જાહેરાતનો ભાવ એક ઈંચના રૂા. ૨ છે. ૦। પાનું એક વખતના રૂા. ૧૦, ૦॥ પાનું રૂા. ૨૦ અને આખું પાનું રૂા. ૩૬ ભાવ છે. પરંતુ બાર માસનો કોંટ્રેક્ટ કરવાથી સારૂં કમિશન મળે છે. એ વિષયમાં જીજ્ઞાસુએ પત્રવ્યવહાર કરવો.

પત્રનુંકદ: પત્ર રોયલ આઠ પેજીમાં પ્રગટ થાય છે. આખા વર્ષમાં બધું મળી ૩૫૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવે છે. પ્રત્યેક અંકમાં આશરે ૨૮ પૃષ્ઠ થાય છે. અને ભેટપુસ્તક ૧૦૦ થી ૧૨૫ પૃષ્ઠનું દર વર્ષે આપવામાં આવે છે. કુલ્લે ૫૦૦ પૃષ્ઠનું વાંચન રૂા. ચારમાં આપવામાં આવે છે.

આરોગ્યસિન્ધુ કાર્યાલય: ૩૭૫, કાલબાદેવી, **મુંબઈ, ૨**

॥ श्री धन्वन्तरये नमः ॥
આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્ય સિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કૃ. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કર

વર્ષ ૩૨ અંક ૯
સપ્ટેમ્બર ૧૯૫૫
અ. ભાદરવો સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે.

તાજા સમાચાર

પાઠયક્રમોની એક વાકયતા:

કેન્દ્રીય આરોગ્ય પરિષદે, ત્રિવેન્દ્રમમાં જાન્યુઆરી, ૧૯૫૫માં આયુર્વેદિક, હોમ્યોપેથિક અને યુનાની પાઠયક્રમો ભારતવર્ષમાં એકજ ધોરણના બને તે માટે આ બાબત અભ્યાસ કરી રિપોર્ટ રકવા માટે એક સમિતિ નીમી હતી. તે સમિતિ નીચે પ્રમાણે સભ્યોની બનેલી છે.

(૧) આરોગ્યસચીવ: સૌરાષ્ટ્ર (ચેરમેન)
(૨) " મુંબઇ
(૩) " હૈદ્રાબાદ
(૪) " પૂ. બંગાલ
(૫) " ત્રાવણકોર, કોચીન
(૫) ડાયરેકટર: હેલ્થ સર્વિસ પંજાબ (મંત્રી)
(૬) ડાયરેકટર: સેન્ટ્રલ ઇન્સ્ટિટયૂટ ઑફ રિસર્ચ જામનગર (સહ મંત્રી)

આ સમિતિની બેઠક તા. ૨૫મી જુલાઈ ૧૯૫૫ના મળી હતી જેમાં કાર્યવાહનમાં એક પ્રશ્નપત્રક-Questionnaire તૈયાર કરવામાં આવ્યું છે. જેનો ઉદ્દેશ્ય તમામ પ્રકારની માહિતી અને સૂચનો, આ વિષય પરત્વે તમામ રાજ્ય, શિક્ષણ સંસ્થા, ઇસ્પીતાલો, ફેકલ્ટીઓ વગેરે પાસેથી મેળવવાનો છે. આ પ્રશ્નપત્રક આપી મહત્વની (સંબંધિત) સંસ્થાઓને મોકલી આપવામાં આવ્યું છે. જેમને આ વિષયમાં રસ હોય, તેઓ શ્રી દયાશંકર ટી. દવે જેઓ ચેરમેન છે અને તેમને લખે અને ત્યાથી એ પ્રશ્નપત્રક મેળવી લ્યે.

નોંધ: આ સમાચાર અમને શ્રી ડૉ. પ્રાણજીવનદાસ મહેતા એમ. ડી., એમ. એસ. તરફથી મળ્યા છે. તેઓ ઉપરોકત સમિતિમાં સહમંત્રી તરીકે છે. જે અધ્યાપક, અધ્યાપનસંસ્થા કે ઇચ્છુકને આ વિષયમાં રસ હોય તેઓ આની પ્રત મેળવી લ્યે અને પોતાના સૂચનો અને જે માહિતી જાણતા હોય તે મોકલી આપે.

ગુજરાત યુનિવર્સિટી: આયુર્વેદ:

ગુજરાત યુનિવર્સિટી તરફથી આયુર્વેદિક ફેકલ્ટી માટે અત્યારે કામચલાઉ સમિતિ (એડહોક કમિટી) નીમવામાં આવી છે જેના સમાચાર અમે ગતાંકમાં આપી ગયા છીએ. એ સમિતિની બેઠકો ગતમાસ અમદાવાદમાં મળી હતી. અમારા પ્રતિનિધિએ આ સમિતિના પ્રમુખ શ્રી વલ્લભરામ વૈદ્યની મુલાકાત લીધી હતી. જેમાં નિમ્ન વિગતો જાણવા મળી છે.

(વધુ માટે પેજ ર૩ર ઉપર)

हीरक भस्म

लेखक: कविराज अत्रिदेव गुप्तः विद्यालंकार
सुप्रीन्टेन्डन्ट: आयुर्वेद फार्मेसी, बनारस हिंदु विश्वविद्यालय, बनारस.

बहुत दिनों से चाह थी कि हीरे की भस्म बनाऊं। बनारस आने पर भगवानने यह अवसर दिया। मेरे से पूर्व यहां हीरे की भस्म बनी नहीं थी। इसलिये कुछ झिझक थी। मैंने इसकी जानकारी के लिये एक सूचना सचित्र आयुर्वेद में छपवाई। साथ ही इस सम्बन्ध में सब साहित्य देखने का यत्न किया। मेंढ़क के मूत्र वाली विधि से मन में इच्छा नहीं थी कि भस्म बनाऊ, क्यों कि मुझसे यह कार्य होना सम्भव नहीं था।

सूचना के सम्बन्ध में दो-तीन पत्र आये थे उनमें से एक विधि रसराजसुन्दर की थी जिसमें कुलथी क्वाथ और कार्पास मूलका उपयोग था। मैंने इसी विधि को रसराज सुन्दरमें देखा इसलिये यही रस्ता पकड़ना तै किया।

हीरे का चुनाव: मैंने हीरे के परत पसन्द किये। हीरा काटने से जो पतले छिलड़ उतरते हैं, उनको चुना। इसको चुनने का कारण आयुर्वेद-प्रकाश का पाठ था। इन परत में जो चमकदार कुछ मोटे (एकदम से किनारे के नहीं) थे, उनको लिया। मैंने प्रारम्भ में १२ रत्ती ही हीरा लिया।

शुद्धि: शुद्धि के लिये रसराजसुन्दर की विधि को बरता। शुद्धि से मेरा जो अभिप्राय है, वह विस्तारसे भारतीय रस पद्धतिमें मैंने दिया है। उसी के अनुसार मैंने इसे शुद्ध या नरम बनाना चाहा। इसके लिये कुलथी के क्वाथ मेंही। और सैन्धानमक मिलाकर इसमें हीरे को गरम-लाल करके निर्वापित किया। इस प्रकार से पचीसबार किया। परन्तु जब देखा कि उसमें कठोरता अभी बहुत है, केवल रंगमें कुछ धुंधयाली झलक ही आई है, तो रस्ता बदला। अब रसतरंगिणी की मदद ली। अब हीरे को गरम-लाल करके शुद्ध पारे में १२५ एकसौपचीसबार निर्वापित किया। जिसका परिणाम यह हुआ कि हीरा अब एक दम अपार दर्शक धुंधयाला हो गया और साथ में कुछ नरम भी हो गया। यह कोमलता बहुत ही मामूली थी। इसको मशीनके चट्टूसें कुटवाया। वजन अभीतक १२ रत्ती ही था।

भस्म: यहां एक बात स्पष्ट करदूं. मैंने कहीं पढ़ा था कि हीरे की भस्म अकेली नहीं देनी चाहिए। यह वचन कहां का है, यह इस समय मुझे स्मरण नहीं। साथ ही हीरे का व्यवहार अलग से करते हुए भी मैंने किसी को नहीं देखा। वातव्याधि में त्रैलोक्य चिन्तामणि में हीरे की भस्म पड़ती है। इसी बीच में श्रद्धेय श्री हरिरंजन मजूमदार जी ने मुझे बताया था कि हीरे की भस्म कोरोनरी थ्रोम्बोसिस में बहुत आश्चर्य का काम करती है। इसबात की पुष्टि श्री पण्डित शिवशर्मा जीने भी की थी। श्री मजूमदार जी हीरे की भस्म को पृथक् न देकर त्रैलोक्य चिन्तामणि के रुप में बरत ते थे। वातव्याधि में हीरा जो काम करता है, विशेषतः पक्षाघात में, उसमें सम्भवतः कारण यही होगा कि यह मस्तिष्क में हुए थ्रोम्बोसिस को हटाता है, जो कि थ्रोम्बोसिस पक्षाघात का कारण होता है।

इन सब बातों को सोचकर मैंने रसतरंगिणी की विधि भस्म के लिये पसन्द की। इस में रससिन्दुर, मैनसिल, हरताल ये तीनों वस्तुयें हीरे के बराबर लेकर तीन वर्ष पुरानी कपास की जड़ से भावना देकर पुट दिया। पुट पहिले ३० सेर उपलों का था, पीछे से एक मन उपलों का पुट दिया। पुट देने के लिये पोर्सलीन मिटी की बनी कुठाली (मूषा) ली। यूं परई में भी कभी कभी पुट दिये, परन्तु परई टूटजाती थी और आंच पूरी नहीं बैठी। इसी से पोर्सलीन की कुठारी ली। घोटने के लिये सीमाक का खरल पसन्द किया, क्यों कि हीरे की कठोरता दस है और सीमाक की कठोरता नौ है।

प्रथम चार पुट में उपरोक्त वस्तुयें रससिन्दुर, मैनसिल, हरताल बराबर उसी अनुपात में देता रहा। आगे पांच वें पुट से देना बन्ध करदिया।

हीरा अब नरम हो गया था, खरल में रगड़ा जाता था। रंग भी कुछ लाली लिये था। वजन १ तोला ३ मासा था। आगे इसे बराबर कपास की जड़ की क्वाथ से भावना देकर एक मन उपलों की आंच देता रहा। हीरा क्रमशः नरम होगया। परन्तु वजन में अब कोई अन्तर नहीं हुआ वही १ तोला ३ मासा। इस बीच में कुलथी के काथके भी पुट दिये परन्तु वजन में कुछ कमी नहीं हुई। रंग जरूर कुछ कालीनुमा होगया। इस के पीछे पुनः कपास की जड़ की क्वाथ से भावना देकर पारा १२ रत्ती मिलाकर पुट दिलवाया। अब रंग काला होगया हीरा कोमल होगया, खरल में सरलतासे पिसने लगा यहां तक कि तीन चार दिन की रगड़ाई के पीछे उत्तम भस्म की भांति हाथ की रेखाओं में भरने लगा। परन्तु वजन वही १ तोला ३ मासा रहा। इस समय जो भस्म थी वह भस्म की दृष्टि से उत्तम भस्म थी। पानी पर तैरने को छोड़कर और सब परीक्षायें भस्म की इसमें उपस्थित थी। भस्म का पानी पर तैरना कोई परीक्षा नहीं है, सुई भी पानी पर तैरती है, इसकी पूरी विवेचना मैने अपनी पुस्तक भारतीय रसपद्धति में की है। भस्म की सच्ची परीक्षा—कोमलता—मृदुता ही मैं मानता हूं वह इस में आगई थी। इस प्रकार ईक्कीस पुट देकर मैंने इसे रोक दिया अब वजन १ तोला ३ मासा ही रहा।

विचारणीयः रससिन्दुर पारा और गन्धक की मिश्रण है, हरताल और मैनसिल संखिया और गन्धक के यौगिक हैं। पारा, गन्धक, संखिया ये तीनों वस्तुयें अग्नि पर स्थायी नहीं रहती। एक मन उपले की अग्नि वह भी २१ बार देने पर भी ये इस में बने रहे, आग से उड़े नहीं। इसलिए इन का हीरे के साथ मिलकर ऐसा समास बनगया जोकि अब अग्निस्थायी होगया और आगे कम नहीं होता।

पत्थर का वजन इस में इसलिए नहीं मिला कि पाचवे पुट के बाद जो भार हीरेका था वही भार इक्कीसवें पुटमें भी रहता है। पत्थर यदि मिलता तो प्रत्येक बार कुछ न कुछ वजन भी बढ़ता, क्यों कि एक ही खरल और एक ही घोटने का मूसल उसका रहा। साथ ही घोटने से पूर्व खरल का जो वजन था, वही वजन आज भी है। इस लिये पत्थर का भार तो इसमें नहीं आया।

अब प्रश्न केवल यह है कि यह जो वजन १२ रत्ती से १ तोला ३ मासा हुआ यह किसका है। मेरी अपनी समझ में यह वजन रससिन्दुर, मैनसिल, हरताल का ही है। कपास की जड़ का क्वाथ का वजन इसलिये इसमें नहीं है कि यदि इसका भार मिलता तो प्रतिवार कुछ न कुछ भार बढ़ना चाहिये था, क्योंकि यह काथ तो बराबर डालते रहे। इसलिये इस का तो यह वजन नहीं है।

शेष द्रव्य वही हैं, जो मिलाये थे। उनका हीरे के साथ मिलकर ऐसा समास बनगया जो कि अग्नि स्थायी होगया और अब उसमें कमी नहीं होती। रससिन्दुर भी शिंगरफ की अपेक्षा कुछ अधिक अग्नि स्थायी है। मैनसिल-हरताल की अपेक्षा और हरताल संखिये की अपेक्षा कुछ अधिक अग्नि स्थाइ है। रसायनिक परिवर्तन से (अत्रिपुत्र के शब्दों में विकृति विषम समवेत) द्रव्यों के गुण और कर्म में अन्तर आजाता है, वही बात इसमें हुई है, ऐसा मैं मानता हूं। भस्म को ऊंचे पावर की माइक्रस्कोप से भी देखा, इसमे कहीं भी चमक या हीरे की झलक नहीं दीखी। रसायन परीक्षण के लिये प्रयोगशाला में भेजा है आने पर उसका भी परिणाम आपके सामने रखदूंगा।

इस बीच में दो ग्राहकों ने हीरे की भस्म को लेकर स्वतंत्र उपयोग भी किया उनसे जो सूचना मिली वे सतोषजनक है, हानि की कोइ रिपोर्ट नहीं। रही वजन बढ़ने की बात उसकी मैं चिन्ता नहीं करता। क्योंकि रससिन्दुर, मैनसिल, हरताल ये तीनो द्रव्य योगवाही हैं, ये वस्तुयें हीरे के गुण को बढायेगी ही कम नहीं करेंगी। इसलिये इनके कारण बढ़े भार की मैंने उपेक्षा की, साथ ही उस स्मृतिने

वहुत मदद की, जिसमें पढ़ा था कि हीरे की भस्म को कभी भी अकेला नहीं बरतना चाहिये। इस में भस्म दूसरी वस्तुवों से मिली रहती है। लोक में किंवदन्ती है कि हीरे को चाटने से मृत्यु हो जाता है, परन्तु क्रियात्मक रूप में यह सत्य नहीं। सम्भवतः इसीसे अकेला न देने का विधान हो। कुछ भी हो, परन्तु मैंने इस भस्म के बरतने में कुछ असुविधा नहीं देखी, अन्त में कवि के वचनों के साथ विदा लेता हूं।

भगवद्गिरामवसर प्रदानाय वचांसि नः।
पूर्वरंगप्रसंगाय नाटको यस्य वस्तु नः॥

(અનુસંધાન પેજ પહેલાનું)

આ સમિતિએ વિચાર વિમર્શ કરી પ્રવેશ-યોગ્યતા માટે ઈન્ટરસાયંસ બી ગ્રુપના વિદ્યાર્થીઓની યોગ્યતા સ્વીકારી છે. પ્રાચીન (આયુર્વેદ) અને અર્વાચીન વૈદ્યક વિદ્યા (Modern Medicine) એકજ વિષય તરીકે રખાશે. યથા શરીર રચના (આયુર્વેદિક) અને આધુનિક એનેટોમી બન્નેનો વિષય એક જ શારીર રહેશે તેમાં એકજ પેપર–પ્રશ્નપત્રમાં બન્ને વિષયો પૂછાશે. અધ્યાપક બન્ને વિષયના એકજ રહેશે. દરેક વિષયમાં આયુર્વેદિક અંશો ૭૫ ટકા જેટલા રહેશે એવી માહિતી પ્રમુખ શ્રી વલ્લભરામ વૈદ્યે આપી છે. હવે અહીં પ્રશ્ન એ થાય છે કે જો આધુનિક વિદ્યાના ૨૫ ટકા અંશો લેવાય તો એમાં કયા તત્વો ઉપયોગી અને કયાં, બીન ઉપયોગી બનશે? અથવા તો એ બાબત નિર્વિવાદ બની જશે કે આધુનિક વિદ્યાના ૨૫ ટકા શીખવતાં એની રૂપરેખા જ વિદ્યાર્થીને મળશે. વધુમાં આ ડીગ્રી કોર્સ છે અને તે માટે એમ. બી. બી. એસ. વીથ આયુર્વેદ સદૃશ ડીગ્રીની કલ્પના સેવવામાં આવેલ છે. આ વિષયક્રમમાં ફ્રોર્મોકોલોજીકલ બોટેની વિદ્યાર્થીને વિસ્તૃત સ્વરૂપે શીખવાશે. વલ્લભ વિદ્યાનગર આણંદ અને અમદાવાદ બે સ્થળોએ કોલેજો ખોલવામાં આવશે. શકયતાઓ જુન ૫૬ થી કોર્સ શરૂ થાય તેવી છે. આ એડહોક કમિટિએ શ્રી વલ્લભરામ વૈદ્ય, શ્રી હરિદત્ત શાસ્ત્રી (ડાયરેકટર ઓફ આયુર્વેદ), શ્રી પ્રાણજીવનદાસ મહેતા વગેરે સભ્યોની પેટા સમિતિ કોર્સની રૂપરેખા કરવા નીમેલ છે. 'આરોગ્યસિન્ધુ' ના પાઠકો માટે આ માહિતિસ્વરૂપે છે, હજુ આ કમિટિ અભ્યાસક્રમ ઘડે અને તેને જ્યારે બહાલી મળે ત્યારે અમલમાં આવે. આ અભ્યાસક્રમમાં સંસ્કૃત વિષય રાખવામાં આવ્યો છે, તેમાં 'આયુર્વેદીય હિતોપદેશ'–વૈ. રણજીતરાયના ગ્રંથને સ્થાન મળે તે પરત્વે અમો સમિતિનું ધ્યાન ખેંચીએ છીએ. શરીરરચના વિષય માટે શ્રી વૈ. પ્રભુભાઈ ભકતનો ગ્રંથ 'શરીરરચના' ગુજરાતીમાં ઉપયુકત થશે. જ્યારે પદાર્થ વિજ્ઞાન માટે વૈ. રણજીતરાયનું 'આયુર્વેદીય પદાર્થ વિજ્ઞાન' ઉપાદેય છે. આવતાં અંકમાં આ પરત્વે અમો વધુ સૂચનો કરીશું.

सौतिकम् (સંકલિત પ્રસૂતિ તંત્ર)

લેખક:
શ્રી વૈદ્ય પ્રભુભાઇ ભક્ત આયુર્વેદાચાર્ય, કાવ્યતીર્થ,
પ્રોફેસર ઓ. ના. આયુર્વેદ મહાવિદ્યાલય, સૂરત.

અધ્યાય: ૩ પ્રાકૃત ગર્ભાવસ્થા

अथातो गर्भिणीविज्ञानीयमध्यायम् व्याख्यास्यामः। इति ह स्माहुरात्रेयादयो महर्षय: ॥

प्राकृत गर्भिणी वर्णनम्:-

गर्भाधानपूर्ववृत्तम्-ऋतुमती लक्षणानि-ऋतुकाल विशेष:-

જેનું મુખકમલ પુષ્ટ અને પ્રસન્ન હોય, જેનું શરીર-મુખ તથા દાંત ક્લેદયુક્ત હોય, જે પુરુષની ઇચ્છા કરતી હોય જે પ્રેમ કથાઓમાં ખૂબ રસ લેતી હોય, જેની કુક્ષિ-આંખ અને કેશ શિથિલ હોય-જેના હાથ-સ્તન-શ્રોણિ-નાભિ-ઉર-ગુહ્યાંગ અને નિતંબમાં સ્ફુરણ થતું હોય જે સમાગમ માટે હર્ષ અને ઔત્સુક્યથી ભરપૂર હોય તેને ઋતુમતી જાણવી જોઇએ.

ઋતુમતી એટલે ગર્ભધારણ યોગ્ય પૂર્ણ યૌવના સ્ત્રી-સ્ત્રીને જ્યારે પ્રથમ રજોદર્શન થાય છે, ત્યારે તેને ઋતુયુક્ત કહેવાય છે પરંતુ ઋતુમતી કહેવાતી નથી. કારણકે તે ઉંમરે તેનું શરીર અપરિપૂર્ણ વીર્ય-અપરિપક્વ અર્થાત ગર્ભધારણ માટે અયોગ્ય હોય છે, કારણકે સુશ્રુતે કહ્યું છે કે અત્યંત બાલા સ્ત્રી સાથે ગર્ભાધાન કરવું ન જોઇએ.

પ્રથમ રજોદર્શન થયા બાદ ફૂલની કળીની સમાન તે ખીલવા લાગે છે. તેમાં સ્ત્રી સુલભ લક્ષણો આવવા માંડે છે. જેમ જેમ તેનું સ્ત્રીત્વ વધતું જાય છે તેમ તેમ તેનું મુખ પ્રસન્ન-વિશાલ અને લજ્જાવાળું બનતું જાય છે. સ્તનો પણ ધીરે ધીરે મોટા થતા જાય છે તથા તેમાં કઠિનતા આવવા લાગે છે. યોનિ તથા ગર્ભાશયની પણ વૃદ્ધિ થવા લાગે છે. નિતમ્બપ્રદેશ પણ વિશાળ થવા લાગે છે. ગુહ્યાંગોપર વાળનો ઉદ્ગમ થાય છે.

/શરીરના આ ફેરફારોની સાથે તેના મનમાં પણ વિશેષ પ્રકારના ફેરફારો થવા લાગે છે. તે વધુને વધુ લજ્જાશીલ બનતી જાય છે. પુરૂષ તરફનું તેનું આકર્ષણ ધીરે ધીરે વધતું જાય છે. તેની સાથે હરવા ફરવાનું મન થાય છે. કામુક વાર્તાઓમાં-નવલ કથામાં યા ઉપન્યાસોમાં તેને અધિક પ્રેમ ઉત્પન્ન થાય છે. શરીરના કામ કટિબન્ધો (શરીરની સંપૂર્ણ ત્વચામાં કામોત્તેજક શક્તિ હોય છે તથાપિ કેટલાક સ્થાનો એવા હોય છે કે જ્યાં આ શક્તિ વિશેષ રૂપમાં હોય છે તેને કામકટિબન્ધો કહે છે. (Erogenic zones). આ કામકટિબંધો તે સ્થાનોમાં હોય છે કે જ્યાં બાહ્ય ત્વચાનો શ્લેષ્મલ ત્વચાની સાથે સંયોગ થાય છે જેવી રીતે કે મુખ-યોનિમુખ સ્તનાગ્ર)માં સ્ફુરણ થાય છે.

પ્રક્લિન્નાત્મમુખદ્વિજામ: આ વિશેષણથી શરીર મુખ અને દાંતોમાંથી વિભિન્ન ક્રિયાઓનું ગ્રહણ કરવું જોઇએ કારણકે કામાતુર મનની અસર સર્વ શરીરમાં થાય છે. શરીરની સમસ્ત ગ્રંથિયોમાં આથી ઉત્તેજના થાય છે. લાલા ઉત્પન્ન કરનારી ગ્રંથિયોમાંથી લાલાસ્રાવ ઉત્પન્ન થાય છે. જેથી મુખ અને દાંતોમાં ક્લેદ ઉત્પન્ન થાય છે. મૂત્રનું પ્રમાણ વધે છે. પ્રસ્વેદ આવે છે.

આર્તવસ્રાવ થયા બાદ પ્રારંભિક દિવસોમાં સ્ત્રીમાં કામવાસના બહુજ વધે છે જેથી તે જો પરિણીત હોય તો પતિ સમાગમની અને અપરિણીત હોય તો પુરૂષો સાથે વાતચીત કરવામાં આનંદ માને છે.

ચરકે ઋતુમતીના લક્ષણો બતાવતાં કહ્યું છે કે જુનું રજ નીકળી જાય અને નવું રજ ઉપસ્થિત થાય ત્યારે જેનાં યોનિ શોણિત અને ગર્ભાશય અવિકૃત છે એવી અન્તઃ અને બહિઃ શુદ્ધ થયેલી સ્ત્રીને ઋતુમતી કહે છે. આધુનિકોની આર્તવચક્રની ત્રણ અવસ્થાઓનું વર્ણન સંક્ષેપમાં ચરકે "गते पुराणे रजसि नवे चोपस्थिते" આ વચનોથી કર્યું છે ડલ્હણાચાર્ય કહે છે આ લક્ષણો અદષ્ટાર્તવવાળી ઋતુમતીના માને છે વાસ્તવિક રીતે જોતા આ લક્ષણો પૂર્ણ યૌવના ગર્ભધારણા માટેનો યોગ્ય સમય માન્યો છે.

ऋतुमतिपरिचर्या – परिचर्यायां कर्षणे हेतुः–

આર્તવસ્રાવના પ્રથમ દિવસથીજ બ્રહ્મચારિણી સ્ત્રીએ અંજન–હિંસા, પતિદર્શન, અવલેખન (કેશપ્રસાધન) રોદન અશ્રુપાત–નખચ્છેદ–અભ્યંગ–અનુલેપન–સ્નાન–દિવાસ્વાપ–પ્રધાવન (દોડવું), અત્યુચ્ચે શબ્દ શ્રવણ–હાસ્ય–બહુ ભાષણ–અભ્યાસ–ભૂમિખનન (ભૂમિ ખોદવી) અને પ્રવાત આદિને છોડી દેવાં જોઇએ.

દર્ભની શય્યામાં સુવું. હાથમાં–શરાવમાં પાનની બનેલી બાજમાં ત્રણ દિવસ હવિષ્યાન્ન ખાવું.

આ નિયમોના અપાલનથી થતા દોષો :– અજ્ઞાનથી–પ્રમાદથી–લોભથી યા દૈવથી તે જો નિષિદ્ધ કરેલા કર્મો કરે તો ગર્ભ તે તે દોષોને પ્રાપ્ત કરે છે. રડવાથી ગર્ભના નેત્રો વિકૃત થાય છે. નખો કાપવાથી કુનખી થાય છે. અભ્યંગ કરવાથી કુષ્ઠ થાય છે. અનુલેપન તથા સ્નાનથી દુઃખી, અંજન આંજવાથી આંધળો થાય છે. દિવસે સુવાથી ઉંઘણશી,, દોડવાથી ચંચળ, અત્યુચ્ચશબ્દ સાંભળવાથી બહેરો, હસવાથી તાલુ–દાંત અને ઓષ્ઠ શ્યાવ વર્ણના થાય છે, બહુ બોલવાથી બકવાટી, પરિશ્રમથી ઉન્મત્ત, ભૂમિખોદવાથી, પડી જનારો, વાયુના સેવનથી ઉન્મત્ત અને અવલેખનથી ખલતિ (ગંજા) થાય છે.

ત્યાર બાદ ચોથે દિવસે સ્નાનથી શુદ્ધ થઈ નવીન વસ્ત્રો આભૂષણો તથા પુષ્પોની માલાઓથી અલંકૃત થઇ, મંગલાચરણ અને સ્વસ્તિવાચન કરાવી પતિનું દર્શન કરાવવું કારણ એ છે કે ઋતુસ્નાતા સ્ત્રી જેવા પ્રકારના પુરૂષનું પ્રથમ દર્શન કરે છે તેવા પ્રકારના પુત્રને જન્મ આપે છે એટલા માટે પતિનું યા પ્રિય પુત્રનું દર્શન કરાવવું.

બ્રહ્મચારિણી :– આહાર–વિહારમાં બ્રહ્મચર્યના નિયમોને પાલન કરવાવાળી વિશેષતયા स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम्। संकल्पोऽध्यवसायश्च क्रियानिर्वृत्तिरेवच॥ एतन्मैथुनमष्टाङ्गं... સ્મરણ–કીર્તન–કેલિ–પ્રેક્ષણ–ગુહ્ય ભાષણ–સંકલ્પ–અધ્યવસાય અને ક્રિયા નિર્વૃત્તિ આ આઠ પ્રકારના મૈથુનોનો ત્યાગ રજસ્વલા સ્ત્રીએ અવશ્ય કરવો જોઇએ.

પતિદર્શન :– રજસ્વલા વ્રત દરમ્યાન સ્ત્રીની કામવાસના વધુ પ્રબળ બને છે એટલા માટે જો પતિ સમીપમાં હોય તો તે સહવાસ માટે પ્રેરાય છે. આવા સહવાસને પરિણામે ઉત્પન્ન થયેલા બાળકો અલ્પાયુ અને રોગી હોય છે. માટે પતિ સાથે સંસર્ગમાં ન આવવું. જો કે આ મુદ્દાનો સમાવેશ બ્રહ્મચારિણી શબ્દથી સ્પષ્ટ થાય છે તથાપિ અષ્ટવિધ મૈથુનમાં ક્રિયાનિર્વૃત્તિને પ્રધાનતા આપવા માટે આનો પ્રયોગ થયો છે.

રોદન–અત્યુચ્ચ શબ્દ શ્રવણ :– ઋતુકાલમાં અતિશય મોટા–કર્કશ–ભયાનક તથા કર્ણને અપ્રિય શબ્દ સાંભળવાથી તથા રડવાથી કુપિત થયેલા દોષોને કારણે બીજમાં રહેલ

કાન, આંખ વગેરેના ભાગો ઉપતપ્ત થવાથી તે બીજથી ઉત્પન્ન થવાવાળા બાળકમાં આ અંગોની વિકૃતિ ઉત્પન્ન થાય છે.

આ સિવાય હસવું, બહુ બોલવું, અંજન, પ્રધાવન આદિ કર્મોના સમયે સ્ત્રીના મનની સ્થિતિની અને વિચારોની ઉત્પત્તિ જે પ્રકારે થાય છે તેનું પરિણામ ઋતુકાળના સમયે પૂર્ણ પરિપક્વ થયેલા સ્ત્રીના બીજ ઉપર થાય છે તેથી તેનાથી ઉત્પન્ન થયેલા બાળકની આકૃતિ, પ્રકૃતિ અને સ્વભાવ તદનુસાર બને છે. આ રીતે માતાની મનસ્થિતિનું પરિણામ ભાવિ શિશુ પર થાય છે તે સર્વ સમ્મત વાત છે.

માતાની મનની સ્થિતિનું પરિણામ બાળક પર પડે છે તેના ત્રણ સમયો યા અવસ્થાઓ છે. (૧) ઋતુકાલ (૨) સગર્ભાવસ્થા (૩) સ્તન્યપાનાવસ્થા. (૧) માતાના જે બીજથી બાળકની ઉત્પત્તિ થાય છે તે બીજના ઉત્પત્તિના સમયને ઋતુકાળ કહે છે આ સમયે ભવિષ્યમાં થનાર સંતાન દરેક રીતે યોગ્ય થાય તેને માટે ખાસ નિયમોનું પાલન કરવાનું હોય છે. આ નિયમોનું ઉપર વિવરણ કરવામાં આવ્યું છે. (૨) **સગર્ભાવસ્થા :** ભાવિ શિશુને સર્વોત્તમ બનાવવા માટે તથા ઉત્તમ સંસ્કારોના સિંચન માટેનો આ મહત્વનો સમય છે અને તેની ઉપયોગિતા ઘણી છે આ અવસ્થાના પણ વિશેષ નિયમો હોય છે. તે પૈકી આહાર અને વિહારનો ખૂબ ખ્યાલ રાખવો જોઇએ. આનું વિશેષ વિવરણ ગર્ભિણીના સ્વસ્થવૃત્તમાં કરીશું. (૩) **સ્તન્યપાનાવસ્થા :** જન્મ બાદ જ્યાં સુધી બાળક માતાનું દુધ પીએ છે ત્યાં સુધીના સમય દરમિયાન પણ બાળકોને માતા સારા સંસ્કારો આપી શકે છે.

હવિષ્ય :—એટલે અગ્નિમાં આહુતિ આપવા યોગ્ય અન્ન, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં કહ્યું છે કે જવ, શાલિ, વ્રીહિ, ઘઉં, મગ, અડદ, સામો (મુનીઅન્ન) કાલશાક, એલચી, મરી, હિંગ, ગોળ, સાકર, કપુર, સૈંધવ, સાંભર, ફણસ, નાળિયર, કેળા, બોર, ગાયનું દુધ, દહીં, ઘી, મધ, માંસ વગેરે દ્રવ્યોને હવિષ્ય કહેવામાં આવે છે.

શુદ્ધસ્નાતા :—સ્નાનથી શુદ્ધ થઇ ચોથે દિવસે પતિનું દર્શન કરવું. અહિં શુદ્ધ સ્નાનનો અર્થ એ છે કે સ્ત્રીની શુદ્ધિ સ્નાનથી થતી નથી પરંતુ આર્તવસ્રાવ બંધ થવા પર થાય છે. આર્તવસ્રાવ બંધ થવા પર બાહ્યદોષને દૂર કરવા માટે સ્નાન કરવામાં આવે છે. શુદ્ધ સ્નાનનો અર્થ એ છે કે જુનો રક્તસ્રાવ બંધ થવા પર અન્તઃ શુદ્ધ અને સ્નાનથી બહિઃ શુદ્ધ થયેલી સ્ત્રીએ પતિનું દર્શન કરવું. ચોથા દિવસનો અર્થ એ છે કે સામાન્યતયા ચોથે દિવસે રજઃસ્રાવ બંધ થઈ જાય છે પરંતુ વ્યવહારમાં જોવામાં આવે છે કે ઘણી સ્ત્રીયોને ૪ થી ૭ દિવસ સુધી આર્તવ જોવામાં આવે છે.

ધર્મશાસ્ત્રાનુસાર રજસ્વલા સ્ત્રી મૈથુન માટે અયોગ્ય છે તેવી રીતે ગૃહકર્મો માટે પણ અયોગ્ય છે. રજસ્વલાસ્ત્રી ત્રણ દિવસો સુધી અસ્પૃશ્ય હોય છે. આપણા સમાજમાં પણ ત્રણ દિવસો સુધી સ્ત્રીને અસ્પૃશ્યમાની છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ અન્વેષણ કરી નક્કી કર્યું છે કે રજસ્વલાસ્ત્રીના રક્તમાં રજોવિષ (Menstrual toxin) હોય છે. જે સ્વેદ દુધ (સ્તન્ય) આદિ દ્વારા ઉત્સર્ગિત થાય છે. જો રજસ્વલા સ્ત્રીના હાથમાં ખૂબ સારી રીતે ખીલેલું ફૂલ આપવામાં આવે તો તે ફૂલ રજ વગરની સ્ત્રીની અપેક્ષાએ જલ્દી કરમાય જાય છે. સ્ત્રીના દુધમાં યા સ્તન્યમાં તથા સ્વેદમાં પણ આ વિષ હોય છે. રજસ્વલાસ્ત્રી જો પોતાના બાળકને સ્તન્યપાન કરાવે તો તેના વિષની અસર કોમળ શિશુને પણ થાય છે.

ઋતુસ્નાન બાદ પોતાના પતિના દર્શનનું પ્રયોજન એ છે કે–ઋતુસ્નાતા સ્ત્રીમાં કામેચ્છા વધુ હોવાને કારણે તે પુરૂષની સાથે સમાગમ કરવા માટે ઘણીજ ઉત્સુક હોય છે. આ સમયે તે જેવા પુરૂષનું દર્શન કરે છે યા જેના રૂપ ગુણનું ચિન્તન કરે છે. તેવા પ્રકારની સંતતિ ઉત્પન્ન થાય છે. જો આ ચિન્તાનાવસ્થામાં સમાગમ કરવાથી ગર્ભધારણા થાય તો તેનો પ્રભાવ ગર્ભ પર પડે છે. ચિંતન સિવાય પણ જે પ્રકારના સંતાનોની ઇચ્છા હોય તે પ્રકારના પુરૂષોનો આહાર વિહાર સેવન કરવો જોઇએ. પોતાની જે પ્રકારની અભિલાષા હોય તે પ્રકારનું ચિન્તન કરવું બહુજ જરૂરી છે. આ ચિન્તની અસર થતી બહુ જોવામાં આવે છે. પાંચ બુદ્ધિ ઇન્દ્રિયો વિષયો પૈકી નેત્રના દર્શન વિષયની મનપર સ્થાયી અસર રહે છે. એટલા માટે અહિં પતિ દર્શનનો મહિમા વધુ બતાવ્યો છે. પરન્તુ કેવળ દર્શનથી તદનુસાર ફળ મળતું નથી કિન્તુ તે સમયે અનન્ય મનથી તેનું ચિંતન કરવું જોઇએ.

કર્ષણનું કારણ:–વાગ્ભટે કહ્યું છે કે ઋતુના સમયે કોષ્ઠ શોધન અને કર્ષણ માટે ક્ષીરસાધિત યવાન્ન અલ્પ માત્રામાં સ્ત્રીને આપવું જોઇએ. અષ્ટાંગ સંગ્રહમાં કહ્યું છે કે તીક્ષ્ણોષ્ણ અન્નપાન તથા અમ્લ અને લવણરસવાળા આહારો છોડી દેવા જોઇએ. અલ્પ પ્રમાણમાં ભોજન આપી કર્શણ કરાવવાનો આશય છે કે ગર્ભધારણ નિશ્ચિત થાય છે.

યાજ્ઞવલ્કય સ્મૃતિમાં ક્ષામતા અર્થાત્ કર્શણ પુત્રોત્પાદક માનવામાં આવ્યું છે. રજસ્વલાના સમયે ક્ષીણતા રજસ્વલા વ્રતને કારણે થાય છે. જો આથી ક્ષામતા ન થાય તો પુત્રની ઉત્પત્તિ માટે અલ્પ અને અસ્નિગ્ધ અર્થાત્ રૂક્ષ ભોજન આપી કૃશતા ઉત્પન્ન કરવી. આધુનિક વિદ્વાનોનું પણ મંતવ્ય છે કે ગર્ભોત્પાદનના સમયે સ્ત્રીની **ક્ષામતા** પુત્રોત્પત્તિમાં સહાયતા કરે છે. કર્શણથી રક્તની શુદ્ધિ તથા માર્ગની શુદ્ધિ થાય છે.

गर्भिणी लक्षणानि–सद्योगृहीतगर्भा–लक्षणं:–

શ્રમ, ગ્લાનિ, તૃષા, પગોમાં થકાવટ, શુક્ર અને આર્તવનો અવરોધ. યોનિનું સ્ફુરણ, લાલાસ્રાવ, ગુરૂતા, અંગસાદ, તંદ્રા, પિપાસા, પ્રહર્ષ, હૃદયમાં વેદના અને તૃપ્તિ આ સદ્યોગૃહીત ગર્ભના લક્ષણો છે.

આ લક્ષણોનો અનુભવ ગર્ભિણી પોતેજ કરી શકે છે. આના જ્ઞાન માટે વૈદ્યે ગર્ભિણીના કથન પર વિશ્વાસ રાખવો જોઇએ આ પ્રકારના લક્ષણોને આત્મપ્રત્યય (Subjective) કહે છે. પ્રથમ પ્રસવા સ્ત્રીને આ લક્ષણોની ખાતરી થતી નથી પરંતુ બહુ પ્રસવાસ્ત્રી આનો નિર્ણય કરી શકે છે.

આનો નિશ્ચિત સમય કહેવો કઠિન છે તથાપિ સમાગમ થયા બાદ ફરી આર્તવદર્શન ન થાય ત્યાંસુધીનાં સમયને સદ્યઃ કહે છે.

શ્રમ-ગ્લાનિ-સક્થિ સદન:–શુક્ર અને શોણિતનો સંયોગ થવાપર સ્ત્રીના શરીરમાં સ્તબ્ધતા આવી જાય છે. અને નવા ગર્ભના આધાનને કારણે પણ સ્ત્રીશરીરમાં કંઇક અશક્તિ માલમ પડે છે. જેથી તેને શરૂઆતમાં થાક માલમ પડે છે.

શુક્રશોણિતનો અવબંધ:–સ્ત્રીના ગર્ભાશયમાંથી એક ચીકણો સ્રાવ સ્રવે છે તે સ્રાવ ગર્ભધારણા થવાથી બંધ થાય છે જેની અપ્રવૃત્તિથી ગર્ભાશયના મુખમાં કંઇક રૂક્ષતા માલમ પડે છે. ગર્ભધારણા થવાથી પ્રતિમાસે યોનિ દ્વારા દેખાતો આર્તવસ્રાવ પણ બંધ થાય છે.

स्फुरणं च योने:–

નેત્ર, બાહુ વગેરેમાં જે પ્રકારની અનૈચ્છિક ગતિ કોઇ કોઈવાર થાય છે તે પ્રકારની ગતિ યોનિમાં પણ થાય છે. આ પ્રકારની ગતિને સ્ફુરણ કહે છે. શરીરના અન્ય સ્થાનોનું સ્ફુરણ વિશેષ ઘટનાઓ બતાવે છે તેવી રીતે યોનિનું સ્ફુરણ ગર્ભાધાનરૂપી ઘટનાને બતાવે છે. કેટલાક સ્ફુરણનો અર્થ યોનિગત સ્પન્દન કરે છે પરંતુ તે અર્થ વાસ્તવિક નથી.

તૃપ્તિ:–પ્રહર્ષ:–ગર્ભધારણ થવાથી સ્ત્રિયોની કામવાસના સ્વભાવથીજ થોડી થઇ જાય છે આનું કારણ તૃપ્તિ છે, આથી મનને પણ સંતોષ થાય છે. જે સ્ત્રીને સંતાનની અભિલાષા હોય છે તેને ગર્ભાધાનથી તૃપ્તિ થાય છે પરંતુ જે વિષયની વધુ અભિલાષા રાખતી હોય તેને તૃપ્તિ થતી નથી.

गर्भदौर्हृदलक्षणम्:–

ગર્ભની માસાનુમાસિક વૃદ્ધિના પ્રકરણમાં સુશ્રુત કહે છે કે ચોથા મહિનામાં સંપૂર્ણ અંગ પ્રત્યંગો અધિક સ્પષ્ટ થાય છે. ચેતનાના સ્થાનરૂપ ગર્ભહૃદય પ્રવ્યક્ત થવાથી ચેતના ધાતુ પણ વિશેષતયા વ્યક્ત થાય છે, એટલા માટે ગર્ભ ચોથા મહિનામાં ઇન્દ્રિયોના વિષયોમાં માતાદ્વારા ઇચ્છા કરે છે. આયુર્વેદના મત મુજબ હૃદય ચેતનાનું અધિષ્ઠાન છે. સુખ દુ:ખ આદિનું સ્થાન પણ હૃદય છે. તે કાર્યક્ષમ બનવાથી ગર્ભમાં સુખ દુ:ખની ભાવનાઓ ઉત્પન્ન થાય છે અને સુખ દુ:ખને કારણે ગર્ભ માતાના ઉદરમાં હાથ–પગ હલાવે છે તથા હૃદયદ્વારા પોતાની ઇચ્છાઓનો પ્રભાવ માતાના હૃદય પર પાડે છે, કારણ કે આ બંનેનો આપસમાં સંબંધ હોય છે.

સગર્ભાવસ્થાને કારણે સ્ત્રીના મનમાં જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોના વિષયોના સંબંધમાં જે વિશેષ યા અસ્વભાવિક વાસનાઓ ઉત્પન્ન થાય છે તેને દૌર્હૃદ–દૌહૃદ–દોહદ અને દોહલ કહે છે. સુશ્રુતે આનો સમય ચોથા મહિનાથી બતાવ્યો છે તથાપિ તેનો પ્રારંભ બીજા મહિનાથી જ થાય છે. અષ્ટાંગ હૃદયમાં કહ્યું છે કે દૌર્હૃદનો સમય બીજા માસથી પાંચમા માસ સુધીનો છે.

ગર્ભાવસ્થામાં માતાના મનમાં જે વિશેષ વાસનાઓ ઉત્પન્ન થાય છે તેનો જો તિરસ્કાર કરવામાં આવે અર્થાત્ તેની પૂર્તિ ન કરવામાં આવે તો સ્ત્રી કુબડા, લૂલા, લંગડા, જડ (મંદબુદ્ધિ) બટકા, ખરાબ આંખોવાળા અથવા અંધ સંતાનને જન્મ આપે છે. એટલા માટે તે જે જે પદાર્થની ઇચ્છા કરે તે પદાર્થ તેને આપવો જોઇએ દૌર્હૃદ પૂર્તિ થવાથી સ્ત્રી વીર્યવાન અને દીર્ઘાયુ પુત્રને જન્મ આપે છે. જે ગર્ભિણી સ્ત્રીની દૌહૃદેચ્છા પૂરી કરવામાં ન આવી હોય તે સ્ત્રીને યા ગર્ભને કોઈ વિકાર થવાનો ભય રહે છે. જે જે ઇન્દ્રિયોના વિષયોમાં દૌર્હૃદની ઉપેક્ષા થાય તો ગર્ભની તે તે વિષયોની ઇન્દ્રિયોમાં વિકાર ઉત્પન્ન થાય છે. જેવી રીતે કે કોઇ સગર્ભા સ્ત્રીને કોઇ વિશેષ દશ્યના દર્શનની ઇચ્છા થાય, અને તેની પૂર્તિ ન કરવામાં આવે તો ભાવિ સંતતિની આંખોમા વિકૃતિ થવાની સંભાવના રહે છે.

સ્ત્રી ગર્ભિણી થવા પર તેના મન અને સ્વભાવમાં પરિવર્તન થવા લાગે છે, જેથી તેને વિના કારણે ઉલ્ટી, ઉદ્વેગ, ચીડિયાપણું, શીઘ્રક્રોધ, મનની દુર્બળતા, ઇન્દ્રિયોના વિષયોની રૂચિમાં વિપરીતતા, નિદ્રાનાશ, સ્વપ્નદર્શન વગેરે અનેક લક્ષણો ઉત્પન્ન થાય છે. આધુનિક વિદ્વાનોનો પણ આજ મત છે. પરંતુ આયુર્વેદના વિદ્વાનો દૌર્હૃદ લક્ષણોનો સંબંધ ગર્ભના

મનની સાથે જોડે છે અને અર્વાચીનો ગર્ભજન્ય વિષ—અન્તઃસ્રાવી ગ્રંથિઓના કર્મની ન્યૂનતા અધિકતા અને મસ્તિષ્કના કર્મની અસ્થિરતાની સાથે જોડે છે.

સગર્ભાવસ્થામાં સ્ત્રીનું મન અસ્થિર સ્થિતિમાં હોય છે જેથી તે સામાન્ય વાતોમાં પણ ચીડાઈ જાય છે, આનું પરિણામ ગર્ભ પર પણ પડે છે. જેથી તેનું મન પ્રસન્ન રહે તેવું આચરણ કરવું જોઈએ.

તેની દૌહૃદેચ્છા પથ્યકર હોય તો પૂર્ણતયા જો પથ્યકર હોય તો પથ્યકરની સાથે એની અલ્પતયા પૂર્તિ કરી સ્ત્રીને પ્રસન્નચિત્ત રાખવી બહુજ જરૂરી છે. જો દૌહૃદેચ્છા ગર્ભોપઘાતકર હોય તો તેની પૂર્તિ ન કરવી જોઈએ. અલ્પતયા પૂર્તિનો આશય એ છે કે સગર્ભાવસ્થામાં ઘણી સ્ત્રીઓને માટી ખાવાની અભિલાષા થાય છે. આ માટી જો તેને આપવામાં આવે તો તેનાથી સ્રોતોરોધ થવાનો ઘણો સંભવ રહે છે અને મૃત્પાણ્ડુ (માટી ખાવાથી થતો પાંડુરોગ) પણ થઈ આવે છે. આવી સ્થિતિમાં માટીની સાથે વિરેચક ઔષધો આપવામાં આવે તો તેનાથી હાનિ થવાનો ભય રહેતો નથી. પ્રાર્થનાની અસમ્યક્ પૂર્તિથી સગર્ભા સ્ત્રીના મન પર બહુજ ખરાબ પરિણામ આવે છે, જે શિશુ તથા ગર્ભ બંનેને માટે હાનિકર્તા છે. પ્રાર્થનાનો ભંગ કરવામાં આવે તો પ્રકુપિત થયેલો વાયુ ગર્ભાશયમાં જઈ ગર્ભને વિરૂપ બનાવે છે, અગર નાશ કરે છે. આધુનિક વિદ્વાનોનું પણ દર્શન છે કે માતાને પ્રસન્નચિત્ત રાખી તેની વાસનાઓને પૂર્ણ કરવી જોઈએ.

દૌહૃદ શ્રદ્ધાનો એક પ્રકાર છે, અને માતા જો શ્રદ્ધાળુ હોય તો શ્રદ્ધાનો વિઘાત કરવાથી તેના મન પર જે આઘાત થાય છે તેની ગર્ભાશયમાં રહેલા બાળકમાં શારીરિક યા માનસિક વિકાર ઉત્પન્ન થાય છે. ડૉ. નિકોલસનું પણ મંતવ્ય છે કે ગર્ભવતી સ્ત્રીની મનઃસ્થિતિનું સારું યા ખરાબ પ્રરિણામ ગર્ભના શરીર પર અને મન પર પડે છે. શ્રદ્ધાવિઘાત યા અન્ય માનસિક આઘાતને કારણે ગર્ભની વિકૃતિ થાય છે. અષ્ટાંગ હૃદયમાં કહ્યું છે કેઃ श्रद्धाविघाताद्गर्भस्य विकृतिश्च्युतिरेव वा। અર્થાત્ શ્રદ્ધાવિઘાતથી ગર્ભની વિકૃતિ યા ગર્ભનો સ્રાવ થાય છે.

સાહિત્ય ગ્રંથોમાં પણ દૌહૃદનું વર્ણન મળે છે. રઘુવંશમાં કહ્યું છે. જ્યારે સુદક્ષિણાને દૌહૃદ લક્ષણો ઉત્પન્ન થવા લાગ્યા ત્યારે તેની તેને અભિલાષાઓ પૂર્ણ કરવામાં આવી હતી. જ્યારે સીતામાતાને ગર્ભાવસ્થામાં વનમાં ઋષિમુનિઓના દર્શનની અભિલાષા થઈ હતી ત્યારે તેની પૂર્તિ ભગવાન રામચંદ્રે કરી હતી.

દૌહૃદની ઉત્પત્તિનું કારણ:—ગર્ભસ્થ જીવનનું ભવિતવ્ય જે પૂર્વકર્મને કારણે બને છે તે પૂર્વકર્મને કારણે માતાના મનમાં દૌહદ ઉત્પન્ન થાય છે. દૌહૃદનો પ્રેરક ગર્ભસ્થ જીવનું પૂર્વકર્મ છે. સંચિત કર્મની પ્રેરણાથી પુનર્જન્મમાં યા ભવિષ્યમાં જે કંઈપણ નિશ્ચયથી થાય છે તેને ભવિતવ્ય કહે છે. પૂર્વકર્મ અનુસાર પુનર્જન્મમાં જીવનો સ્વભાવ—શીલ—આહાર વિહારમાં અભિરૂચિ—શારીરિક અને માનસિક સંગઠન થાય છે. માતાનું દૌહૃદ પણ આ વાતોને બતાવે છે.

સુશ્રુતસંહિતામાં પ્રાચીનકાળમાં ઉત્પન્ન થતા દૌહૃદની સૂચિ નીચે મુજબ બતાવી છે. રાજાના દર્શનનું જે સ્ત્રીને દૌહૃદ થાય છે તે દ્રવ્યવાન અને મહાપુણ્યવાન, રેશમી—મખમલ વસ્ત્રો તથા અલંકારોનું દૌહૃદ જે સ્ત્રીને થાય છે તે અલંકારપ્રિય અને સુંદર, આશ્રમમાં રહેવાનું દૌહૃદ થાય તો જીતેન્દ્રિય અને ધર્માત્મા, દેવોની પ્રતિમાના દર્શનનું દૌહૃદ થાય તો

સજ્જન, હિંસ્ર જાતિના દર્શનનું દૌર્હૃદ થાય તો ક્રૂર, ઘોનો માંસ ખાવાનું દૌર્હૃદ થાય તો નિદ્રાળુ, ગાયના માંસ ખાવાનું દૌર્હૃદ થાય તો બળવાન અને સર્વક્લેશ સહન કરનાર, ભેંસના માંસના દૌર્હૃદથી લાલ આંખ અને લોમયુક્ત, વરાહના માંસના દૌહૃદથી નિદ્રાળુ અને શૂરવીર અને હરણના માંસના દૌર્હૃદથી વનચર અને અત્યંત ઝડપથી દોડવાવાળા પુત્રને સ્ત્રી જન્મ આપે છે.

वृद्धि प्रपीडन जल क्षणम्:-

અષ્ટાંગસંગ્રહણુ નિદાનસ્થાન ૬ ઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે કે "गर्भोत्पीडनात गुदवलीषु अर्शांसि संभवन्ति" ગર્ભાશયની વૃદ્ધિને કારણે શ્રોણિગુહાની અંદરની સિરાઓ ઉપર દબાણ પડે છે જેથી રકતપરિભ્રમણમાં કંઈક અવરોધ થાય છે. સિરાઓમાં રકતનો સંચય થાય છે અને સિરાઓ કુટિલ થાય છે. આનું પરિણામ વિશેષ કરીને ગુદાની સિરાઓમાં થાય છે જેથી અર્શ ઉત્પન્ન થાય છે. સગર્ભાવસ્થામા ઘણુંખરું તો કબજીયાત રહે છે તેથી પણ અર્શ થાય છે.

प्रस्रव पूर्व लक्षणम्:-

પ્રસવના સમયની આસપાસ તેનામાં આ લક્ષણો જોવામાં આવે. શરીરનો થાક, મુખપર ગ્લાનિ, આંખોની શિથિલતા, વક્ષસ્થળના બંધનો છુટી ગયા હોય તેવો આભારી થવો, કુક્ષિનું નીચે સરકવું, નીચેના ભાગનું ભારેપણું, વંક્ષણ બસ્તિ, કટી, કુક્ષિ, પાર્શ્વ અને પીડમાં વેદના, યોનિમાંથી સ્રાવ થવો. અન્નની ઇચ્છાનો અભાવ અને ત્યારબાદ પ્રસવવેદનાનો આરંભ થાય છે.

गर्भिण्याः शरीरोपचयः मनः स्थिति-वक्त्र-स्तन-उदर-भगस्थ-लक्षणानि:-

સગર્ભાવસ્થા પ્રાપ્ત થવાથી તેના શરીરમાં પ્રતિ માસે વિશેષ પરિવર્તનો થવા લાગે છે. ગર્ભની વૃદ્ધિ થવાથી સ્ત્રી શરીરની પણ વૃદ્ધિ થવા લાગે છે. પહેલા કરતાં તેનું શરીર વિશેષ પુષ્ટ માલમ પડે છે. સગર્ભાવસ્થાને કારણે એક પ્રકારનો વિશેષ પ્રહર્ષ થાય છે જેથી તેના શરીરનો ઉપચય વધુ થાય છે. આ ઉપચયને કારણે ગર્ભસ્થ શિશુની પણ પુષ્ટિ યથોચિત થાય છે.

સગર્ભાવસ્થામાં મન અને મસ્તિષ્ક અસ્થિર સ્થિતિમાં હોય છે જેથી તે વારંવાર ચીડાય છે. મનમાં ઉદ્વેગ રહે છે. સ્વભાવ બદલાયે જાય છે. મન નબળું પડી જાય છે. ઇન્દ્રિયોના સ્વાભાવિક અર્થોની અભિરૂચિમાં વિપરીતતા માલમ પડે છે. નિદ્રાની અલ્પતા, વમન, માટી ખાવાની અભિલાષા વગેરે ચિન્હો જોવામાં આવે છે. જુદી જુદી જાતની અસ્વભાવિક અભિલાષાઓ ઉત્પન્ન થાય છે.

મુખ: સગર્ભાવસ્થામાં મુખ પરિપુષ્ટ અને પ્રસન્ન જોવામાં આવે છે. શરીરનો ઉપચય સગર્ભાવસ્થાના પ્રારંભિક કાળમાં થતો નથી પરન્તુ ઉત્તર કાળમાં થાય છે. કારણકે પ્રારંભિક મહીનાઓમાં વમન, અગ્નિમાંદ્ય આદિને કારણે કૃશતા માલમ પડે છે. સગર્ભાવસ્થાના આગલા મહિનામાં મુખ–ગ્રીવા–સ્તન–ઉદર–ઉરૂ અને નિતંબમાં ચરબીનો અધિક સંચય થવાને કારણે તે અધિક પુષ્ટ માલમ પડે છે.

સ્તન: ગર્ભાધાન પછી ૬ ઠ્ઠા અઠવાડિયાબાદ સ્તનો તરફ રકત અધિક પ્રમાણમાં જાય છે આ અવસ્થામાં તથા સ્તન્ય પાનાવસ્થા સુધી આ ક્રમ ચાલુ રહે છે. આથી સ્તનમાં રહેલી દુગ્ધ ગ્રંથિયો અને પ્રણાલિકાઓની વૃદ્ધિ થાય છે. જેથી સ્તનોની પુષ્ટિ થાય છે. રકતની વૃદ્ધિ અને પુષ્ટિને કારણે સ્તનોમાં સંવેદના માલમ પડે છે. અને સ્તનોપર ફુલેલી

સિરાઓનું જાળું દેખાય છે. ત્રીજા મહિનાની શરૂઆતમાં સ્તનમણ્ડલની વૃદ્ધિ પણ થાય છે અને તે કંઇક કાળું પડી જાય છે. ચૂચુક અને સ્તનમંડલ બને કાળા થઇ જાય છે. સ્તનમંડળોમાં જે નાની નાની ગ્રંથિયો હોય છે તે પણ વધી આવે છે. પ્રથમ ગર્ભાવસ્થામાં આ પ્રકારના પરિવર્તનો થાય છે તે છેવટ સુધી તેજ અવસ્થામાં રહે છે. સ્તન મંડળની કાળાશ ઉત્તરોત્તર વધતી જાય છે અને પાંચમાં તથા છઠ્ઠા મહીનામાં કોઇ કોઈ વખતે સ્તનમણ્ડલની બહાર પણ કંઇક કાળાશ માલમ પડે છે. આ કાળાશ સ્તનોપર એક સરખી હોતી નથી કોઇક સ્થળે થોડી અને કોઈક સ્થળે વધુ હોય છે.

ઉદર: ગર્ભાધાનના પહેલા બે મહીનામાં ગર્ભાશય શ્રોણિગુહામાં નીચે હોય છે જેથી પેટ કંઈક સપાટ હોય છે. ગર્ભની જેમ જેમ વૃદ્ધિ થાય છે તેમ તેમ ઉદરની પણ વૃદ્ધિ થાય છે. પાંચમાં મહીનામાં ગર્ભાશય નાભિ અને જઘનાસ્થિયોની સન્ધિની બરોબર મધ્યમાં આવી જાય છે. અને છઠ્ઠા મહીનામાં નાભિની બરાબર આવી જાય છે. નવ માસ સુધી ધીરે ધીરે ઉદર વધતું જાય છે.

ભગ: (૧) ગર્ભધારણાને કારણે ગર્ભાશયની જેમ યોનિમાં પણ રકત સંચાર વધુ થાય છે. તેથા ગર્ભાશયના દબાણને કારણે તેના રકતસંચારમાં કંઇક અવરોધ પણ ઉત્પન્ન થાય છે. ગર્ભાશયનું દબાણ અને રક્તસંચારની અધિકતાને કારણે યોનિની આભ્યન્તર ત્વચાનો વર્ણ જાંબુના રંગ જેવા થાય છે. આ વર્ણ પરિવર્તન ત્રીજા મહિનાની શરૂઆતથી શરૂ થાય છે. અને પાંચમાં મહિનાના અંત સુધી જેટલો થવાનો હોય તેટલો થાય છે. અને પ્રસવ સુધી રહે છે. (૨) ગર્ભસ્થાપનાને કારણે યોનિ શિથિલ, ઢીલી અને પહોળી થાય છે. આ પહોળાઇને કારણે પ્રસવમાં સરળતા થાય છે. (૩) રકતસંચાર અધિક થવાને કારણે યોનિમાં અંગુલિયોનો પ્રવેશ કરવાથી સ્પન્દન માલમ પડે છે. (Vaginal Pulsation) (૪) સગર્ભાવસ્થામાં યોનિમાંથી સ્રાવ અધિક સ્રવે છે. આ સ્રાવ યોનિની અભ્યન્તર ભગ તથા ગર્ભાશયની ગ્રીવામાંથી થાય છે. આનો વર્ણ શ્વેત–પિચ્છિલ અને કંઇકિ ગાઢો હોય છે. આ સ્રાવની અમ્લ પ્રતિક્રિયા હોવાને કારણે અપત્યમાર્ગમાં વિકારી જીવાણુઓ રહી શકતા નથી.

विशेष लक्षणानि या व्यक्तगर्भायाः लिङ्गानि :-

સગર્ભા સ્ત્રીના બંને સ્તનો તથા સ્તન મણ્ડલો પર કાળાશ આવે છે. શરીર પર રોમ રાજીનો ઉગ્મ થાય છે. આંખોની પલકો બંધ થાય છે. વિના કારણે ઉલ્ટી થાય છે. શુભ ગંધોથી ઉદ્વેગ થાય છે, મુખમાં લાલાસ્રાવ થાય છે, થાક લાગવો, આર્તવ ન દેખાવું. અન્નની અનિચ્છા, હલ્લાસ, અરૂચિ, ખાટા પદાર્થોના સેવનની વિશેષ ઇચ્છા થવી, વિવિધ પ્રકારના ભાવોમાં ઇચ્છા થવી. અંગોનું ભારેપણું, આંખોમાં ગ્લાનિ, સ્તનોમાં દુધ, હોઠ અને સ્તનમંડળમાં વિશેષ પ્રકારની કાળાશ, પગ પર શોથ, રોમાંચ થવો, યોનિની વિવૃતતા, નેત્રની ક્ષામતા, સ્વરની ક્ષામતા, ગુહ્ય પ્રદેશ પર રોમોની કુટિલતા, નિદ્રા, બગાસા, મૂર્ચ્છા ઉલ્ટી થવી કુક્ષિની ગુરૂતા તથા ગાત્રોની ગુરૂતા આ વ્યકત ગર્ભા સ્ત્રીના લક્ષણો છે.

હલ્લાસ: ગર્ભધારણા થવા પર પચન યંત્રોમાં અવ્યવસ્થા થવાથી મ્હોમાંથી પાણી છુટે છે, જીવ ડોવાય છે. ભુખ લાગતી નથી. મીઠા તથા ખાટા પદાર્થો ખાવાની અભિલાષા થાય છે. સામાન્યતયા હલ્લાસ બીજા મહીનામાં જોવામાં આવે છે. કોઈ કોઈ વખત આ લક્ષણ ચાર પાંચ માસ સુધી પણ જોવામાં આવે છે.

अनार्तवत्वम्: સગર્ભાવસ્થામાં અનાર્તવ અર્થાત્ આર્તવનું અદર્શન આ સૌથી પ્રથમ અને મહત્વનું લક્ષણ છે. કોઈ કોઇ વખત ગર્ભાધાન પછી પણ એક બે મહીના સુધી પહેલાની માફક આર્તવ નિયત સમયે દેખાય છે. ડેસિડુઆ વેરા અને ડેસિડુઆ રિફ્લેક્સનો જ્યાં સુધી સંયોગ થયો હોતો નથી ત્યાં સુધી આર્તવ દર્શનની સંભાવના રહે છે. કોઇ કોઈ વખત નવ માસ સુધી પણ આર્તવદર્શન થાય છે પરંતુ આવા કેસો ક્વચિતજ બને છે. આર્તવનું બંધ થવું આ એક ગર્ભધારણાનું પ્રધાન લક્ષણ છે અને તેનો ઉદ્ભવકાળ પ્રથમ માસ છે. આ સિવાય એવા અનેક કારણો છે કે જેની લીધે આર્તવસ્રાવ બંધ થાય છે. પાંડુરોગ રાજયક્ષ્મા અને નષ્ટાર્તવ, આ રોગમાં આર્તવસ્રાવ એકદમ બંધ થતો નથી પરંતુ ધીરે ધીરે બંધ થાય છે. જ્યારે ગર્ભાવસ્થામાં આર્તવસ્રાવનો અભાવ જોવામાં આવે છે. તે શરૂઆતથીજ બંધ થાય છે.

छर्दि: આર્તવસ્રાવ બંધ થયા પછીનું બીજું મહત્વનું લક્ષણ ઉલ્ટી છે. આ લક્ષણનો આરંભ બીજા માસથી થાય છે અને પ્રાયઃ ચાર, પાંચ માસ સુધી કાયમ રહે છે. ગર્ભાધાનને કારણે જનનાવયવોનો ક્ષોભ કંઈક અંશે આમાશયનો તત્કાલિક ક્ષોભ, તથા નવા આવી પડેલા કાર્યને કારણે નાડી સંસ્થાનનો ક્ષોભ થવાથી ઉલ્ટી થાય છે. આ લક્ષણ આખા દિવસમાં જોવામાં આવે છે પરંતુ તેનો મુખ્ય સમય પ્રાતઃકાલ છે. સૂર્યોદયની શરૂઆતથીજ સગર્ભા સ્ત્રીનો જીવ ડોલાવા લાગે છે અને ઉલ્ટી થવાની આશંકા રહે છે અને કોઇ કોઈ વખતે ઉલ્ટી થઈ જાય છે. આ લક્ષણ પ્રત્યેક સગર્ભા સ્ત્રીમાં ન્યૂનાધિક રૂપમાં જોવામાં આવે છે. કેટલીક સ્ત્રીઓનો ફક્ત જીવજ ડોવાય છે, કેટલીક સ્ત્રીયોથી બીલકુલ ખવાતું નથી, અને જો થોડું મહામુસ્કેલી ખાય તો તુરતંજ ઉલ્ટી થઇ જાય છે. કેટલીક સ્ત્રીયોને ઉલ્ટી બહુજ થાય છે કેટલીકને થોડી થાય છે પરંતુ મોટી સંખ્યામાં સ્ત્રીઓને હલ્લાસજ જોવામાં આવે છે.

स्तन्य दर्शनम्: ત્રીજા મહીનાની અંતમાં સ્તનોને દબાવવાથી એક ગાઢો દ્રવ નિકળે છે અને આ દ્રવ ઉત્તરોત્તર અધિકાધિક થાય છે એને સ્તન્ય કહે છે, ચરકે પણ કહ્યું છે કે 'स्तनयोः स्तन्यम् गर्भे पर्यागते भवन्ति' આ પણ એક ગર્ભધારણાનું લક્ષણ છે. પરંતુ આ લક્ષણ મિથ્યા ગર્ભાવસ્થામા પણ થાય છે. જે સ્ત્રી પહેલીવાર ગર્ભવતી થાય છે તેમાં આ લક્ષણ નિશ્ચિત માલમ પડે છે. બહુ પ્રસવમાં આ લક્ષણ ખાસ મહત્વનું હોતું નથી

रोमराज्य: સ્ત્રીની નાભિની નીચે રોમરાજીની સગર્ભાવસ્થામાં ઉત્પતિ થાય છે. અને તેની વૃદ્ધિ થાય છે જેથી ગુહ્યાંગના કેશો અધિક લાંબા અને કુટિલ થાય છે.

किक्किसा: ગર્ભાશયની વૃદ્ધિને કારણે ઉદરની ત્વચા ખેંચાવાથી તેની ઉપરની ઉપત્વચા ફાટી જાય છે જેથી ઉદર પર ચીરા પેદા થાય છે તેને કિક્કિસ કહે છે અષ્ટાંગહૃદયમાં કહ્યું છે કે ગર્ભથી ઉત્પીડિત થયેલા દોષો હૃદયનો આશ્રય કરીને ખજવાળ અને વિદાહ ઉત્પન્ન કરે છે તેને કિક્કિસ કહે છે.

ઉદર પ્રાચીર અત્યધિક ખેંચવાને કારણે કિક્કિસ ઉત્પન્ન થાય છે આની ઉત્પત્તિ સાતમાં મહીનામાં થાય છે અથવા છેલ્લા ત્રણ માસોમાં કિક્કિસ જોવામાં આવે છે અષ્ટાંગહૃદયની ટીકામાં અરૂણદત્તે કહ્યું છે કે કિક્કિસ ઉરુ અને સ્તનોપર પણ જોવામાં આવે છે

ગર્ભાવસ્થા સિવાય ગર્ભાશયની ગાંઠો અને બીજકોષની ગ્રંથિમાં પણ કિક્કિસ ઉત્પન્ન થાય છે.

નાભિ, ભગાસ્થિ રેખાની બંને તરફ સમાનાન્તર સમકેન્દ્રમાં ત્રુટિત રેખાઓ થાય છે. તેને કિક્કિસ કહે છે. ચરક ટીકાકાર ચક્રપાણિ કહે છે કે 'किक्किसश्चर्मविदरणम्' અર્થાત્ ચામડીના વિદરણથી વિવિધ પ્રકારની રેખાઓ ઉત્પન્ન થાય છે. પ્રથમ ગર્ભાવસ્થામાં જ્યારે આ રેખાઓ પહેલીવાર ઉત્પન્ન થાય છે ત્યારે ગુલાબી યા વેંગણના જેવા રંગની થાય છે પરન્તુ પાછળથી સફેદ થઈ જાય છે અને એકવાર થવાપર ફરી તેનો નાશ થતો નથી. આના સફેદ રંગને કારણે તેને શ્વેત રેખાઓ પણ કહેવામાં આવે છે. આની ઉપસ્થિતિ પણ ગર્ભાવસ્થાનું એક લક્ષણ છે.

पादशोथ: અષ્ટાંગસંગ્રહમાં કહ્યું છે કે સગર્ભાવસ્થામાં પગો પર શોથ થાય છે. ચરકે કહ્યું છે કે 'पादयोः श्वयथुः ईषत्' અર્થાત્ પગોપર થોડો શોથ થાય છે. સગર્ભાવસ્થામાં વિબંધને કારણે શોથ થવાની અધિક સંભાવના રહે છે. પગોની સિરાઓ પણ આ અવસ્થામાં કુટિલ થાય છે. તથા ગર્ભ—ગર્ભાશય—સ્તન વગેરે અવયવોની વૃદ્ધિને માટે શરીરમાં રક્તનું પ્રમાણ વધું હોય છે પરન્તુ તે રક્તમાં લાલકણોની અલ્પતા હોય છે અને જળની અધિકતા હોય છે. જેથી પગો પર થોડો શોજો આવે છે. આ શોથની વિશેષ ચિકિત્સા કરવાની આવશ્યકતા રહેતી નથી પરંતુ જો આ શોથને કારણે શરીરમાં બીજી વિકૃતિયો માલમ પડે તો ચિકિત્સા કરવી હિતાવહ છે. આ શોથ અન્તિમ માસોમાં જોવામાં આવે છે.

पाण्डु: ગર્ભાવસ્થાની શરૂઆતના મહીનામાં જો વમન, અનન્નાભિલાષ અને અરોચકને કારણે માતા જો કૃશ વધુ થઇ ગઇ હોય તો તેને કારણે પાણ્ડુ થવાનો વધુ સંભવ રહે છે. સગર્ભાવસ્થામાં માતાના રસના ત્રણ વિભાગ થાય છે. પોતાના શરીરની પુષ્ટિ—ગર્ભની પુષ્ટિ અને સ્તનોની પુષ્ટિ; માતાની શક્તિનો વ્યય મોટેભાગે ગર્ભને માટે થાય છે જેથી તેના શરીરમાં રક્તકણોની અલ્પતા થાય છે જેનું પરિણામ પાણ્ડુમાં આવે છે.

श्वास: સગર્ભાવસ્થાના છઠ્ઠા મહિનામાં ગર્ભાશય નાભિની બરાબર આવી જાય છે સાતમાં મહીનામાં નાભિની ઉપર બે ઈંચ આવે છે આ રીતે નવમાં માસમાં તે ઉરોડસ્થિના અગ્રપત્રક સુધી આવી જાય છે આ અવસ્થામાં ગર્ભ અને ગર્ભાશયનું દબાણ ડાયાફ્રામ અને ફુફ્ફુસો ઉપર પડવાથી સ્ત્રીને શ્વાસ ઉત્પન્ન થાય છે. આ લક્ષણ પણ છેલ્લા માસમાં જોવામાં આવે છે.

गर्भचलनम्: આ લક્ષણ સર્વ પ્રથમ ચોથા મહીનાના અંતથી પાંચમાં મહીનાના મધ્ય સુધી થાય છે. સામાન્યતયા ગર્ભ સ્પન્દનની પ્રથમ પ્રતીતિનો સમય ૧૮ મું અઠવાડિયું માનવામાં આવે છે. પરન્તુ સ્પન્દન આથી પણ પહેલા શરૂ થાય છે. ચરકે કહ્યું છે કે तस्मात्तदा (चतुर्थमासारंभात्) प्रभृति गर्भः स्पन्दते (चरक शा. ४–१५) स्पन्दते चलति (चक्रपाणिदत्त) અર્થાત ગર્ભમાં સ્પન્દન ચોથા મહીનાથી શરૂ થાય છે, પરન્તુ તે સમય ગર્ભાશય ઉદર પ્રાચીર સુધી આવ્યું ન હોવાથી ગર્ભના સ્પન્દન બહુજ થોડા થતા હોવાથી માતાને તેનું જ્ઞાન થતું નથી. અનુભવ વગરની પ્રથમ પ્રસવા સ્ત્રી ગર્ભ સ્પન્દનને સમજી શકતી નથી પરન્તુ બહુ પ્રસવા સ્ત્રી સ્પન્દન તરત સમજી જાય છે. કોઈ કોઇ વખત આંતરડાની ગતિ તથા વાયુના સંચયને કારણે પણ ગર્ભ ગતિની સમાન સંવેદના થાય છે. આ વાતનો ખ્યાલ ખાસ રાખવો જોઈએ.

निद्रानाश: આ લક્ષણ કેટલીક સ્ત્રીયોને સગર્ભાવસ્થાના અન્તિમ સપ્તાહોમાં જોવામાં આવે છે.

सिराकुटिलता : સગર્ભાવસ્થાને કારણે પગોની સિરાઓમાં કુટિલતા આવે છે આ પણ એક સગર્ભાવસ્થાનું લક્ષણ છે.

वातमूत्रपुरीषाणां अतिप्रवृत्तिः अवरोधः वा :-

મૂત્રની અતિ પ્રવૃત્તિ સામાન્યતયા ૬ ઠ્ઠા અઠવાડિયાથી શરૂ થાય છે અને ૧૨ માં સપ્તાહ સુધી જોવામાં આવે છે. ગર્ભાશયમાં રહેલા ગર્ભનું દબાણ મૂત્રાશય અને મલાશય પર થવાથી વાયુ–મૂત્ર અને પુરીષની વારંવાર પ્રવૃત્તિ થાય છે. આ અતિ પ્રવૃત્તિ સગર્ભાવસ્થાના અન્તિમ સપ્તાહમાં પણ થાય છે કારણ કે ત્યારે તેનું શિર બસ્તિગુહામાં આવે છે જેથી વારંવાર વાત–મૂત્ર અને પુરીષની પ્રવૃત્તિ થાય છે જેનો નિર્દેશ સંહિતાકારોએ ઉપસ્થિત, પ્રસવાના લક્ષણોમાં કર્યો છે.

કેટલીક સ્ત્રીઓને સગર્ભાવસ્થાને પરિણામે વિબંધ રહે છે. વિબંધને કારણે વાયુની પણ અપ્રવૃત્તિ જોવામાં આવે છે તથા ચોથા માસમાં ગર્ભાશયની આગળ વૃદ્ધિ થવાથી મૂત્રાશય પર ભાર પડે છે. તેથી મૂત્રાવરોધ થાય છે. આવા પ્રકારનો અવરોધ જો વધુ વખત રહે તો તેની ચિકિત્સા કરવી જોઇએ.

विकार सूचक लक्षणानि :-

कामला : સગર્ભાવસ્થામાં કામલા ઘણીખરી સ્ત્રીઓને ન્યુનાધિક પરિમાણમાં થાય છે. આ વિકાર પરાવર્તન ક્રિયાથી થાય છે. આ સિવાય યકૃત વિકારથી પણ થાય છે.

मूत्रकृच्छ्र : વૃક્કોની રક્તવાહિનીઓ પર ગર્ભાશયનું દબાણ થવાથી મૂત્રકૃચ્છ્ર થાય છે. જો આ વિકારને કારણે સર્વાંગમાં શોથ થાય તો તેની ગંભીરતા સમજી શીઘ્ર ચિકિત્સા કરવી જોઇએ.

शोथ : આ લક્ષણ વિકૃતિદ્યોતક છે. જો શોથ સામાન્યતયા પગ, હાથ અને મુખમંડળ પર હોય તો શરૂઆતથી તેને દૂર કરવા પ્રયત્ન કરવો. જો તેની ઉપેક્ષા કરવામાં આવે તો તેથી અનેક પ્રકારની વિકૃતિઓ થવાનો સંભવ રહે છે શોથને કારણે પ્રસવ સમયે પણ વિશેષ તકલીફ પડે છે. જો સગર્ભાવસ્થામાં વંસામેહ (એલ્બ્યુમીનીયા) હોય તો તેને કારણે તેના પગો સખત લાગે છે. હાથ જાડા થાય છે જેથી અંગુઠી પણ નીકળી શકતી નથી. તેનો ચ્હેરો પણ ભારે લાગે છે અને આખા શરીર પર થોડો શોથ માલમ પડે છે.

अतिपाण्डुत्व : સગર્ભાવસ્થામાં સામાન્યતયા સાધારણ પાંડુતા ઘણીવાર જોવામાં આવે છે. જો શરીર પોષક આહાર ઉચિત માત્રામાં લેવામાં ન આવે તો તેનાથી રસ રક્તધાતુની ન્યુનતા હોવાથી પાંડુતા માલમ પડે છે. જો આ સ્થિતિ ચાલુ રહે છે તો પાંડુની ક્રમશઃ વૃદ્ધિ થાય છે જેને પરિણામે અગ્નિમાન્દ્ય, ક્ષુદ્રશ્વાસ આદિ લક્ષણો જોવામાં આવે છે. માટે આવી સ્થિતિમાં લોહ, તાજા શાકભાજી અને ફળફળાદિ આપવા જોઇએ. આ રોગથી પીડાતી સ્ત્રીની વારંવાર પરીક્ષા કરવી જોઈએ.

विकृतानाडी : નાભિનાડી સામાન્ય અવસ્થામાં જરાયુ સાથે લાગેલી હોય છે. સામાન્યતયા આની લંબાઈ ૨૦ ઈંચની હોય છે. પરંતુ વિકૃતાવસ્થામાં આ નાડી બહુજ ટુંકી યા લાંબી હોય છે. જો નાડી બહુજ ટુંકી હોય તો તે બાળકની ગ્રીવા પાછળ યા તેની આસપાસ વીંટળાઈ જાય છે. જેથી પ્રસવમાં બહુજ તકલીફ પડે છે. ચરકે આને માટે કહ્યું છે કેજ સગર્ભા સ્ત્રી હંમેશા ચત્તી સુવે છે તેની નાલી નાડી બાળકની ગ્રીવાની આસપાસ વીંટાઇ જાય છે. જો નાભિનાળ લાંબો હોય તો તેને કારણે પણ પ્રસવમાં મુશ્કેલી પડે છે.

નાળ મોટો હોય તો તેમાં ગાંઠો પડી જાય છે. અથવા તેનો ભ્રંશ થાય છે. નાળમાં ગાંઠો પડે છે તેના બે પ્રકારો છે. જો ગર્ભાશયમાં યમગર્ભ હોય અને તે બંનેની નાભિનાળી ગૂંચ હોય તો તેને કારણે તેમાં ગાંઠો પડી જાય છે. આ અવસ્થા બહુજ ઓછી જોવામાં આવે છે. આથી તેના રકતપરિભ્રમણમાં મુશ્કેલી પડે છે જેથી એક યા બંને ગર્ભનું ગર્ભાશયમાં મૃત્યુ થાય છે. બીજા પ્રકારમાં એકજ નાભિનાળમાં ગાંઠો પડે છે તેથી નવજાત શ્વાસાવરોધ ને ગર્ભાશયમાં મૃત્યુ થાય છે.

જ્વર: સગર્ભાવસ્થામાં મિથ્યા આહાર, વિહાર, વિષમાશન, અધ્યશન, વિબંધ આદિ કારણે જ્વર થાય છે. આ જ્વર શરૂઆતમાં મંદ મંદ રહે છે. ઘણીવાર પ્રતિશ્યાયને કારણે પણ થોડો થોડો જ્વર આવે છે. આ જ્વરના પણ વિવિધ ભેદો હોય છે. તેનું નિદાનગ્રંથોમાં વિશેષ વર્ણન જોવું.

આક્ષેપ: આ વિકાર પ્રાયઃ ગર્ભાવસ્થાના છેલ્લા ત્રણ મહીનામાં થાય છે. આ રોગમાં મૂત્રમાં એલ્બ્યુમિન જાય છે. આંખોની પલકો, મુખ અને હાથોમાં સોજો આવે છે. આ વખતે મૂત્રનું પ્રમાણ બહુજ ઓછું થાય છે. પરિણામે શિરઃશૂલ, ભ્રમ, આક્ષેપક, આક્ષેપકને કારણે શરીર જોરથી પછાડે છે. જીભ બહાર નીકળી જાય છે. મુખનો વર્ણ બદલાઈ જાય છે. શ્વાસોચ્છ્વાસ અનિયમિત અને ઘણી જલ્દીથી ચાલે છે. ખેંચના સમયે મળ અને મૂત્રની પણ પ્રવૃત્તિ થઈ જાય છે. ખેંચનો સમય ૦।। મિનિટથી ૩ મિનિટ સુધીનો હોય છે. તે સમયે સ્ત્રી બેહોશ થઈ જાય છે. ખેંચના સમયે ગર્ભાશયનું આકુંચન જોરથી થાય છે. આને કારણે કોઈ કોઈ વખત એકાએક પ્રસવ થઇ જાય છે. શીઘ્ર ચિકિત્સા કરવામાં આવે તો રોગીનું મૃત્યુ નથી થતું નહિતર મૃત્યુ થવાનો ભય રહે છે. (ક્રમશઃ)

દાંત સાથે જન્મતાં બાળકો

લેખક: શ્રી ડૉ. કૈખશરૂ દોરાબજી જીલ્લા, નવસારી.

બાળકને જન્મતી વખતે કુદરત દાંત શા માટે આપતી નથી?:—જ્યારે બાળક જન્મે છે ત્યારે દાંત હોતા નથી, પણ ફક્ત પારા હોય છે. પારાની નીચે દાંત હોય છે, પણ જ્યારે તે દાંત મોટા થાય છે ત્યારે પારામાંથી ફૂટી નીકળે છે. બાળકને તે વખતે દાંત હોતા નથી તેનું કારણ એ જ કે તેઓને તે વખતે દાંતની જરૂર હોતી નથી, તેથી કુદરત તેને દાંત આપતી નથી. દાંત કયારે ફૂટે છે તે કાંઇ ચોકકસ કહી શકાતું નથી, પરંતુ તે બાળકની તંદુરસ્તી પર આધાર રાખે છે. ઘણું કરીને બાળકને છઠ્ઠા યા સાતમે મહિને દાંત ફૂટવા માંડે છે. વળી કોઇ બાળકને ત્રણ મહિને પણ દાંત ફૂટે છે. કેટલાંક બાળકોને એક વર્ષની ઉમ્મર પછી તો કેટલાંકને સવા વર્ષ પછી પણ દાંત ફૂટવા માંડે છે. કોઇક તો જન્મથી જ દાંત સાથે અવતરે છે.

આગલા કેટલાક વિચિત્ર વહેમો:—બાળકને જન્મતાં વાર તોળવું અને ટોકવું એ બરાબર છે. એમ માનવામાં આવતું કે જો બાળકને જન્મતાં પછીથી તોળવું તો તે કદિ પણ તંદુરસ્તીભર્યું ઉછરતું નથી. ઘણું કરીને તે જલ્દી મરી જાય યા જીવે તો બિમારી ઘણી ભોગવે. ખાલી પારણું ઝુલાવવું એ પણ બહુ ખરાબ લેખવામાં આવતું. આપણા મોટાંમાયો કહેતાં કે "ખાલી પારણું ઝૂલાવે તો પોર્યાનાં પેટમાં દોહવન ડાહવન થાય અને તે મોટું થાય તે પહેલાં શિરછત્રો ખોઈ દઇને રઝળી જાય." જ્યારે બીજી જાતોમાં મનાય છે કે "ખાલી પારણું ઝુલાવે તે વહેલુંજ એક નવું બાળક જન્મવાની આગાહી છે."

દાંત સાથ જન્મતા બાળકો શું અપશુકનભર્યાં છે?:—જૂના જમાનાની બીજી કેટલીક વહેની વાતોમાંની માન્યતા માંહેલી એ એક છે કે બાળક દાંત સાથે જન્મે તે બહુ જ જોરાવર યોદ્ધો થાય, યા તો તે હરકયુલીસ કે ભીમસેન જેવો પહેલવાન યોદ્ધો નીપજે. આવી અસલી ગ્રીક્ષ્ન માન્યતા છે. જ્યારે આપણાં મોટાંમાયો જે બાળકનાં મોઢામાં જન્મતાં દાંત જૂએ કે કકળીને કહેવા માંડે કે "એ તો મૂવું માએને ખાએ કે દાએને ખાએ!" એવી પણ કહેતી છે કે, "જે બાળકના મોઢામાં જન્મતાં દાંત જણાય તેનાં વડીલ જલદીથી મરણ પામે છે."

દાંત સાથે જન્મેલાં બાળકોના થોડાક તવારીખી દાખલાઓ:—દાંત સાથે બાળકો જન્મવાના બનાવો ઘણા અસાધારણ છે અને અત્યાર સુધીમાં એવા કેટલાક દાખલાઓ તબીબી સાહિત્યમાં નોંધાયલા તવારીખ પરથી માલમ પડે છે. દાંત સાથે જન્મેલાં બાળકો ઘણાં બળવાન અને ચંચળ ઝેણનાં નીકળે છે એમ માનવામાં આવે છે, પણ તેઓના દાંત ઘણા જલદી પડી જાય છે. ઘણા થોડા લોકો દાંત સાથે જન્મેલાં નોંધાયલાં છે તેમાંના થોડાક દાખલા અમો અત્રે રજુ કરીએ છીએ:—

ફ્રાસનો રાજા લુઇ ચૌદમો (Louis XIV) એ દાંત સાથે જન્મયો હતો.

પેલો જાણીતો મહાન ફીલસુફ બિગટ (Bigot) પણ દાંત સાથે જન્મેલો કહેવાય છે.

કવિ બૉઇડ (Poet Boyd) માટે પણ કહેવાય છે કે દાંત સાથે જ જન્મયો હતો.

ઈંગ્લંડનો રાજા રીચર્ડ ત્રીજો (King Richerd III) પણ દાંત સાથે જન્મેલાં બાળકોમાંના એકમાં ગણાય છે.

સને ૧૯૨૩ માં ફ્રાંસના બોર્ડો (Bordeaux) શહેરમાં બે જોડીયા ભાઇઓનો જન્મ થયો હતો, તેઓમાંનો એક દૂધીયા દાંતની આખી બત્રીસી સાથે જન્મયો હતો, જ્યારે બીજા ભાઇને જન્મ પછી બાર દિવસમાં એક દાંત ફૂટયો હતો.

દાંત સાથે જન્મેલાં બીજાં વધુ બાળકો:—સને ૧૯૫૦ માં ઇંગ્લાંડમાં જ્યારે

એક બાળક વીરા દૂધીયા દાંત સાથે જન્મ્યું ત્યારે બ્રિટિશ મૅડીકલ ઍસોશીએસને "એક અત્યંત અસાધારણ બનાવ" તરીકે એની નોંધ લીધી હતી. ત્યાર બાદ ૧૯૫૧માં શ્રીમતી ઍલેકઝાંડરની પુત્રી પાઉલાનો જન્મ થયો ત્યારે સૌની ભારે અજાયબી વચ્ચે નીચલા બે દાંત લઇને તેનું આગમન થયું હતું. આવા બનાવો હંમેશા નથી બનતા પણ દશ હજારે એકાદ આવી અજાયબી તો બને જ છે એવો અંદાજ છે. આગલા ફકત એકાદ દાંત સાથે ન્યુયૉર્કમાં પણ બે બાળકો દશ દશ દિવસને આંતરે જન્મયાં હતાં.

ચંદ્રગુપ્તનો પ્રધાન ચાણક્ય પણ દાંત સાથે જ જન્મયો હતો:–મહાન રાજા ચંદ્રગુપ્તનો પ્રધાન ચાણક્ય જન્મતાં દાંત સાથે જ જન્મયો હતો. આથી તેના દાંત તોડી પાડવામાં આવ્યા હતા, પરંતુ તે પછી તરત જ તેના પિતા મરણ પામ્યા હતા.

શેક્ષપીયર પોતાના નાટકમાં શું લખે છે:–શેક્ષપીયર (Shakespeare) પોતાના એક નાટકના પાત્રમાં ડયુક ઑફ યૉર્કના મોઢામાં નીચલા શબ્દો મૂકે છે:–"Marry, they say my uncle grew so fast that the he could gnaw a crust at two hours old." એટલે કે "મેરી, એવું કહેવાય છે કે મારા કાકા જન્મવાના બે કલાક પછી પણ ચાવવાની શકિત ધરાવતા હતા."

હલ્ટનમાં જન્મેલી લીંડા હચીનસન: હલ્ટનમાં જન્મેલી લીંડા હચીનસનને જન્મ સમયે એક દાંત હતો. આવું દશહજાર બાળકે એકમાં બને છે. રીચર્ડ ત્રીજાને પણ જન્મ સમયે એક દાંત હતો. કેટલાક કિસ્સાઓ એવા છે કે જેમાં બે દાંત સાથે બાળકનો જન્મ થયો હોય છે પણ એક કિસ્સો એવો પણ બન્યો છે કે ૧૯૫૦માં એક બાળકને જન્મ સમયે પણ દાંત હતા. જન્મ વખતે તેનું વજન માત્ર ત્રણ રતલ હતું.

પંદર દિવસનાં બાળકના દાંત:– અમેરિકાના વીસકોનસીન પરગણાના રહેવાસી મી૦ અને મિસીસ અર્લ બી. ગુબરનો બાબો જૉન ફ્રાંકલીન હજી તો બે અઠવાડિયાંનો થયો ન હતો તેટલે તેનાં ઉપલાં અને નીચલાં જડબાંમાં બબ્બે દાંત ફુટેલા માલમ પડયા હતા.

એક અજબ બાળક:–રશિયામાં એક માતાએ એક વિચિત્ર બાળકને જન્મ આપ્યો છે. આ બાળકને ત્રીજે મહિને બધા દાંત આવી ગયા અને ૭ મહિનાનો થતાં જ તે વર્ષના છોકરા જેવો દેખાવા લાગ્યો. આ વખતે તેનું વજન ૨૫ રતલ હતું. દસ મહિનાની ઉમ્મરે તો આ છોકરો મોટા માણસની માફક બોલવા લાગ્યો. કહે છે કે તેની યાદ ખૂબ તેજ છે.

એક પણ દાંતની હસ્તી વગર ૮૬ વર્ષ પસાર કરનાર બાઈ:–જે બાળકો દાંત સાથ જન્મે છે તેઓ અસાધારણ શારીરિક બળ કે માનસિક શકિત પ્રાપ્ત કરે છે એવું ધારવામાં આવે છે. એથી ઉલટું લીંકનશાયરનાં ગેટન–લ–માર્શ નામના ગામડાંની એક ઍલીઝાબેથ કુક નામની સ્ત્રીનો એક એવો દાખલો નોંધાયો છે કે એક પણ દાંત ધરાવ્યા વગર તે ૮૬ વર્ષની ઉમ્મરે મરણ પામી હતી.

મોઢાને બદલે નાકમાં ઉગતો દાંત:– મોઢામાં તો સૌને દાંત ઉગે છે પણ એ વાત તમો કદાચ નહિ જાણતા હો કે કોઇને નાકમાં પણ દાંત ઉગે છે. આ દાંતને "ભટકતો દાંત" કહેવામાં આવે છે. આ દાંત વધારાનો હોય છે એટલે મોઢામાં તે પોતાની જગ્યા લઈ શકતો નથી. જેથી તે બીજી કોઈ જગ્યાએ ગોઠવાઈ જવાની કોશીષ કરે છે અને ઘણું કરીને નાકમાં ઘુસી જાય છે. નાકમાં દાંત જવાથી દમ વિગેરે થાય છે અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે, પરંતુ એ દાંત કયાં છે તે એક વખત ઍક્ષ–રેથી બરાબર જાણી લેવામાં આવે એટલે પછી તેને કાઢી લેવાનું કામ મૂશ્કેલ નથી.

નીચલાં જડબામાં દાંતની ત્રણ હારો અને ઉપલાં જડબામાં બે હાર ધરાવતું બાળક :—જન્મ પછી બારેક મહિને બાળકને ૭ થી આઠ દાંત આવે છે પણ સાન ફ્રાન્સીસ્કોના ઍાલબર્ટ ચેસ્ટર વિલ્યમને બાર મહિને ૧૬ દાંત હતા. કેટલાક કિસ્સામાં વધુ દાંત આવેલા એવું પણ થયું છે, પણ સૌથી અજાયબ કિસ્સો કેપના ક્વીન્સ ટાઉનના એક છોકરાનો છે. તેની દાકતરી તપાસ કરવામાં આવી હતી. તેના નીચલાં જડબામાં આગળ દાંતની ત્રણ હારો હતી અને ઉપલાં જડબામાં આગળ બે હાર હતી.

સાત વર્ષનો બોખો છોકરો :—અમેરિકામા કોલમ્બીઆ શહેરમાં સાત વર્ષનો જૅક ડૅાડી નામનો એક બોખો વસે છે. એમ કહેવાય છે કે આ છોકરાનો જન્મ થયો ત્યારથી જ તેના પારામાં દાંતની ખીલીઓ જડી લેવાની પરવા કુદરતે કીધેલી ન હોવાથી આ બોખાને સાત વર્ષની ઉમ્મરે ખોટા દાંત પહેરવાની ફરજ પડી છે.

૨૦ દાંત સાથે જન્મેલું બાળક :—બાળકના જન્મ પછી સામાન્યપણે ૭ કે આઠ મહિને તેને દાંત ફુટે છે. જો કે કોઈ કોઇ વાર એક કે બે દાંત સાથે બાળકોના જન્મયાના દાખલા પણ છે, પરંતુ દુનિયામાં એક દાખલો એવો પણ નોંધાયલો છે કે બાળક બધા સંપૂર્ણ (વીસ દૂધીયા) દાંત સાથ જન્મેલું !

દાંત સાથે જન્મતાં બાળકો માટે જુદા જુદા દેશોના રીતરિવાજો :—રોમના દેશોમાં દાંત સાથે જન્મેલાં બાળકને ભવિષ્યની મહાન વ્યક્તિ તરીકે ગણવામાં આવે છે જ્યારે ઘણાખરા લોકો એવું પણ માને છે કે દાંત સાથ જન્મેલું બાળક પોતાની જાતને તેમજ પોતાના લાગતા વળગતાઓને ઘણી જ મૂશીબતમાં મૂકે છે. સ્લેવોન્યન (Slavonian) અને યુરલ–અલ્ટીક (Ural-Altaic) દેશોમાં એવું માનવામાં આવે છે કે દાંત સાથ જન્મેલાં બાળકો મેલી વિદ્યામાં પારંગત થાય છે. એવું જણાય છે કે ઈંગ્લાંડમા પણ રાણી એલીઝાબેથના જમાનામાં આ માન્યતા પ્રચલિત હતી.

આફ્રિકાના ઘણા દેશીઓ દાંત સાથ જન્મેલાં બાળકોને કમનશીબ ગણે છે. બઈલા (Ba-ila) જાતી એવાં બાળકોને મારી નાંખે છે. તે ઉપરાંત નાન્દી (Nandi), કુસાસે (Kusase), ઇસાલા (Isala), તીમની અથવા તેમને (Timni or Temne), કીપ્સીકી (Kipsiki) અને બીજી એવી ઘણીજ જાતો એવાં બાળકોનો એજ પ્રમાણે નીકાલ કરે છે. આ જાતો એવું માને છે કે જો એવાં બાળકોને જીવતા રાખવામાં આવે તો તે લોકો પોતાનાં સગાં વ્હાલાંને હાનિ પહોંચાડશે.

દક્ષિણ રોડેશીઆના અવાલમ્બા (Awalamba of Southern Rhodesia) જાતના દેશીઓ માને છે કે જો બાળકોને ઉપલો દાત પહેલો આવે તે બાળકને ફેકી દેવુ જોઇએ. એવા બાળકને પાણીમાં નાખી દેવામાં આવતુ કે જેથી મગર તેને ગળી જાય. આની પાછળ એવી માન્યતા છે કે એવા બાળકોને જો જીવાડવામાં આવે તો એનો દૂધીઓ દાંત જેમ જેમ ખરતો જાય તેમ તેમ તેનુ એકેક સગુ વ્હાલું પણ મરતુ જાય.

કૅનીઆ (Kenya), યુગૅન્ડા (Uganda)ની સરહદ ઉપર રહેતી બાસાબેઇ (Basabei) નામની જાતમાં એવી માન્યતા છે કે, "છોકરાનો ઉપલો દાંત જો પહેલો આવે તો તેનો બાપ મરી જાય અને જો છોકરીનો પહેલો દાંત આવે તો તેની મા મરી જાય"

આ–કામ્બા (A-Kamba) જાતના લોકો એવું માને છે કે "ઉપલો દાંત જેને પહેલો આવેલો હોય એવું કોઇ બાળક જો ઉગતા પાક ઉપર નજર નાખે તો અનાજ પાકતું નથી."

હિંદુ લોકોનુ એવુ માનવું છે કે "ઉપલો દાંત પહેલો આવ્યો હોય તેવું બાળક તેના મામાને ઘણું નુકશાન પહોંચાડે છે." ઝાંઝીબારના અરેબ્યનો પણ એ માન્યતામાં માને છે બોહેમીઆ (Bohemia) ના લોકો માને છે કે "જે બાળકને નીચલા દાંતો પહેલા આવે છે તે પોતાની કબર ખોદે છે, પણ જો ઉપરના દાંતો પહેલા આવે તો તે તરત જ મરી જાય છે."

अथातः पित्तविज्ञानीयमध्यायं व्याख्यास्यामः। इति ह स्माहुरात्रेयादय महर्षयः॥

दोषारंभक महाभूतोः અગ્નિ (સુશ્રુત). અગ્નિ+જલ (વાગ્ભટ્ટ)

पित्तना गुणोः–

કિંચિત્ સ્નિગ્ધ, ઉષ્ણ, તીક્ષ્ણ, દ્રવ, અમ્લ, સર અને કટુ (સૂ. અ. ૧) સફેદાશ અને અરુણતા વગરનો વર્ણ, વિસ્ત્રગંધિ (પૂતિ–આમગંધિ), (ચ. સૂ. અ. ૨૦) નીલું, પીળું (સુ. સૂ. અ. ૨૧) લઘુ, (કા.) પ્રકાશતત્વને લઇ સત્વગુણાધિકયવાળું (સારંગધર).

पित्तना प्राकृत कर्मोः–

દર્શન, પાચન, ઉષ્મા, ક્ષુધા, તૃષા, દેહમાં માર્દવતા, પ્રલાપ, મનનો પ્રસાદ, મેધા જનન (ચ. સૂ. અ. ૧૮) ઉષ્માની માત્રા વધારનાર, પ્રાકૃત વર્ણ રાખનાર, શૌર્ય, હર્ષ અને પ્રસાદ જનક છે. (ચરક સૂ. અ. ૧૨) રાગ, ઓજ, તેજ, અભિલાષ, રૂચિ, આદાન જનક છે. (સુ. સૂ. અ. ૨૧)

स्वसिरासंचरित पित्तकर्मोः–

ભ્રાજિષ્ણુતા, અન્નરુચિ, અગ્નિ દીપન, આરોગ્ય (સુ. શા. અ. ૭)

पित्तना स्थानः–

સ્વેદ, રસ, લસિકા, રુધિર, **આમાશય,** યકૃત, પ્લીહા, હૃદય, દષ્ટિ, ત્વચા, પકવામાશય મધ્યસ્થ પિત્ત રહે છે, તેમાં આમાશય વિશેષે કરીને છે.

पित्तना प्रकारः–

૧ પાચક, ૨ રંજક, ૩ સાધક, ૪ આલોચક અને ૫ ભ્રાજક (અ. સં. સૂ. અ. ૨૦)

पित्तना प्रकारोना स्थानोः–

પાચકઃ પકવામાશય મધ્યસ્થ. **રંજકઃ** યકૃત, પ્લીહા, આમાશય. **સાધકઃ** હૃદય. **આલોચકઃ** દષ્ટિ. **ભ્રાજકઃ** ત્વચા.

पित्तना भेद; तेना प्राकृत कर्मोः–

પાચક પિત્તઃ અન્નપાચન, દોષ–રસ–મૂત્ર પૂરીષનો વિવેક અર્થાત્ સાર કિટ્ટ વિભજન, શેષ પિત્તોનો અગ્નિ કર્મવડે અનુગ્રહ. **રંજક પિત્તઃ** રસનું રંજન. **સાધક પિત્તઃ** અભિપ્રાર્થિત મનોરથની સાધના. **અલોચક પિત્તઃ** રૂપ–દષ્ટિ–ગ્રહણ. **ભ્રાજક પિત્તઃ** અભ્યંગ પરિષેક–અવગાહન–લેપનાદિ ક્રિયાનું પાચન, દ્રવ્યોનું છાયા પ્રકાશન.

पित्त प्रकोपक कारणोः–

શોક, ક્રોધ, ભય, આયાસ, ઉપવાસ, વિદગ્ધ દ્રવ્યો, મૈથુન, કટુ, અમ્લ, લવણ, ઉષ્ણ, તીક્ષ્ણ–વિદાહી દ્રવ્યો–અન્નપાન, તિલા, તૈલ, પિણ્યાક, કુલત્થ, સર્ષપ–અળસી–હરિત શાક, ગોધા, મત્સ્ય–અજ–આવિક માંસ, દધિ, તક્ર, કુર્ચિકા, મસ્તુ, સૌવિરક, સુરા વિકાર, અમ્લફળો, ઉષ્ણતા, ઉષ્ણકાળ, શરદઋતુ, મધ્યાહ્ન, અર્ધ રાત્રિ, અન્નની પાચનાવસ્થા એ કાળો, ક્ષાર, સુકત, શાંડાકી, મૂત્ર, ધાન્યામ્લ, માષ, નિષ્પાવ, તલ, આમ્રાતક, અમ્લિકા, પીલુ, ભલ્લાતકની મજ્જા, લાંગલી, મરી, તાપ, અગ્નિ, રજ, ધુમ્ર, ઈર્ષ્યા, અજીર્ણમાં મૈથુન, વર્ષા, ક્ષુધાના તથા તૃષાના વેગ રોકવા એ પિત્ત પ્રકોપક કારણો છે.

पित्त प्रकोपक रसोः—કટુ, અમ્લ અને લવણ.
पित्त प्रकोपक विपाकः—અમ્લ.
पित्त प्रकोप (वृद्धि) काळः—
ઉષ્ણકાળ, શરદઋતુ, મધ્યાહ્ન, અર્ધરાત્રિ, અન્નની પચ્યમાન અવસ્થા અને વર્ષા.

त्वचादि धातुगत पित्त विकारः—
ત્વચાગત પિત્તઃ વિસ્ફોટક, મસૂરિકા.
રક્તગત પિત્તઃ વિસર્પ, દાહ.
માંસગત પિત્તઃ માંસપાક, પ્રકોથ.
મેદગત પિત્તઃ સદાહ ગ્રંથિઓ, અતિ પ્રસ્વેદ, તૃષા.
અસ્થિગત પિત્તઃ તીવ્ર દાહ.
મજ્જાગત પિત્તઃ પીળા નખ અને નેત્રો.
શુક્રગત પિત્તઃ પૂયયુક્ત શુક્ર, પીળાશ પડતુ શુક્ર.
સિરાગત પિત્તઃ ક્રોધ અને પ્રલાપ.
સ્નાયુગત પિત્તઃ તૃષા.
કોષ્ઠગત પિત્તઃ મદ, તૃષા, દાહ, સર્વદેહ વ્યાપિત અન્ય પિત્તજ વ્યાધિઓ.

पित्त प्रकृति:—
તે ઉષ્ણતાનો દ્વેષ કરે છે. તેનાં ગાત્રો શુષ્ક હોય છે. સુકુમાર (મૃદુ) ગાત્ર વાળો હોય છે. પીળાં અંગો હોય છે. ગાત્રોમાં શિથિલતા, નખ, નેત્ર, તાળવું, જીહ્વા, ઓષ્ઠ, હાથપગના તળિયા રતાશ વાળા હોય છે, માથે પળિયાં અને ટાલ, શરીરનો વર્ણ ગૌર અને ઉષ્ણ સ્પર્શ હોય છે, કેશ પિંગલ અને અલ્પ હોય છે, મોઢું પાકેલું હોય છે, શૂરવીર, સ્વમાની, ચરિત્રવાન, પવિત્ર, આશ્રિતો પર ભાવ રાખનાર, વૈભવ, સાહસ, બુદ્ધિ અને બળવાળાં હોય છે. દુશ્મનને આશ્રય આપનાર, તેજસ્વી, અજય, નિપૂણ, અડગ અને વિરોધી પ્રત્યે ક્રૂર, પણ નમે તેને મદદ કરનાર, ઉષ્ણ દ્વેષી, શીઘ્ર-કોપી હોય છે તેને ક્રોધ, ઇર્ષ્યા, ખાનપાન વિશેષ હોય છે. તે વિદ્વાન અને ક્લેશ સહિષ્ણુ હોય છે. તેને માળા, લેપ, વસ્ત્રાભૂષણો પ્રિય હોય છે. નેત્રો પિંગલ, ચંચળ, પાતળી અને નાની પાંપણયુક્ત. શીતળ વસ્તુ ચાહનારા, ક્રોધ, મદ્ય સેવન અને સૂર્યથી શીઘ્ર રાતાં થનાર, શીત મધુર કષાય અને તિક્ત રસવાળું ભોજન તેને ગમે છે. સ્વપ્નમાં કર્ણિકાર, પલાશવૃક્ષ, સૂર્ય, ખરતા તારા, વીજળી અને અગ્નિ જુએ છે. પિત્ત ઉષ્ણ છે માટે તેઓ ઉષ્ણતા સહન ન કરી શકનાર, સુકુમાર, નિર્મળ ગાત્ર, વ્યંગ, તલ, ફોલ્લીયુક્ત, ખૂબ ક્ષુધા અને તૃષાવાળા હોય છે. પિત્ત તીક્ષ્ણ છે માટે શૂરવીર, પરાક્રમી, ક્લેશ સહન ન કરનાર વારે ઘડીએ ખાનાર થાય છે. પિત્ત દ્રવ છે માટે શિથિલ, કોમળસંધિ અને માંસવાળો, પ્રસ્વેદ, મૂત્ર અને પૂરીષાધિક્યવાળો હોય છે. વિસ્રતાથી અતિ દુર્ગંધિ બગલવાળા, મુખ મસ્તક તથા શરીરવાળા હોય છે. પિત્ત અમ્લ છે માટે શુક્ર મૈથુનશક્તિ અને સંતતિ અલ્પ હોય છે, મધ્યમ બળ, આયુ સંતતિવાળા હોય છે. સ્ત્રીઓને અપ્રિય હોય છે-શુક્ર અને કામનું પ્રમાણ અલ્પ હોય છે.

प्रकुपित पित्तना कर्मो:—
દાહ, ઉષ્ણતા, પાક, સ્વેદ, ક્લેદ, કોથ, કંડુ, સ્રાવ, રાગ, પૂયગંધ, શ્વેતારુણવર્ણતા,

त्रिदोष परिचय

અધ્યાય: ૩ કફ

अथातः कफविज्ञानीयमध्यायं व्याख्यास्यामः। इति ह स्माहुरात्रेयादय महर्षय।

शब्द निरुक्तिः (१) **केन फलति इति कफः**=જળતત્વથી બને છે માટે કફ. (૨) **श्लिष्** (વળગી રહેવું)+**मनिन्** (પ્રત્યય) **શ્લેષ્મન્.**

दोपारंभक महाभूतोः જલ (સુશ્રુત) જલ+પૃથિવી (વાગ્ભટ્ટ).

कफना गुणोः ગુરુ, શીતલ, મૃદુ, સ્નિગ્ધ, મધુર, સ્થિર, પિચ્છલ. શુક્લ, મૃત્સ્ન, શ્લક્ષ્ણ, સાર, સાન્દ્ર, મંદ, સ્તિમિત, અચ્છ અને લવણ (વિદગ્ધાવસ્થામાં), તમોગુણાધિક્ય.

कफना प्राकृत क...

સ્નેહ, બંધ, સ્થિરત્વ, ગૌરવ, વૃષતા, બળ, ક્ષમા, અલૌલ્ય, દઢતા, ઉપચય, ઉત્સાહ, જ્ઞાન, બુદ્ધિ, સંધિ શ્લેષ, રોપણ, પૂરણ અને વિસર્ગ એ કફના પ્રાકૃત કર્મો છે.

स्वसिरासंचरित कफना कर्मोः-

અંગોમાં સ્નેહ, સંધિમાં સ્થિરતા, બળ અને ઉદીર્ણતા.

कफना स्थानः ઉર, શિર, ગ્રીવા, પર્વો, આમાશય, મેદ, કંઠ, જીહ્વામૂળ, સંધિયો અને ક્લોમ એટલા કફના સ્થળો છે. તેમાં ઉર વિશેષ કરીને છે.

कफना प्रकारोः અવલંબક, ક્લેદક, બોધક, તર્પક અને શ્લેષક એ પાંચ પ્રકારો કફના છે.

कफना प्रकारोना स्थानः-

અવલંબકઃ ઉર. **ક્લેદકઃ** આમાશય. **બોધકઃ** જીહ્વામૂળ, કંઠ અને રસના. **તર્પકઃ** શિર. **શ્લેષકઃ** સર્વે સંધિયો.

कफना भेदः तेना प्राकृत कर्मोः-

ક્લેદકઃ અન્નસંધાતનું ક્લેદન અને અન્ય કફોનો ઉદક કર્મથી અનુગ્રહ. **અવલંબકઃ** ત્રિકનું ધારણ, હૃદયાવલંબન અને અન્ય કફોનું અવલંબન. **બોધક કફઃ** રસ બોધન. **તર્પક કફઃ** ઇંદ્રિય તર્પણ. **શ્લેષક કફઃ** અસ્થિસંધિ વિશ્લેષણ.

कफ प्रकोपक रसोः મધુર, અમ્લ અને લવણ.

कफ प्रकोपक विपाकः મધુર અને ગુરુ વિપાક.

कफ प्रकोपक कारणोः-

દિવાસ્વપ્ન, વ્યાયામનો અભાવ, આળસ, મધુર, અમ્લ, લવણ, શીત, સ્નિગ્ધ, ગુરુ, પિચ્છિલ, અભિષ્યન્દિ ભોજન, અડદ, ગોધુમ, દહીં, દૂધ, શેરડી, આનુપ માંસ, ઔદક માંસ, વસા, મૃણાલક, કસેરુ, શૃંગાટક, મધુર ફળ, વલ્લી ફળ, સમશન, અધ્યશન, નવું અન્ન, મંદાગ્નિ, અજીર્ણ, નારિયેળ, રાત્રે પાણી પીવું, વધુ પાણી પીવું, જમીને સૂઇ જવું, વધુ નિદ્રા, અત્યંત સંતર્પણ, હર્ષ, છર્દિ (વમનનો) વેગ રોકવો, વિરેચનનો અયોગ, ખજૂર, પિયુષ, મોરટ. (દૂધમાં લીંબુસ્વરસ નાખી દૂધના ફાડીને કાઢેલા પાણીને મોરટ કહે છે, જે જ્વરમાં પથ્ય છે.)

(તુર્તમાં પ્રગટ થનાર 'ત્રિદોષ પરિચય'માંથી) (ક્રમશઃ)

આરોગ્ય, વૈદક અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨	आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्।	આસો ૨૦૧૧
અંક ૧૦	आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः॥	ઑક્ટોબર ૧૯૫૫

ચિકિત્સાશાસ્ત્રનું રહસ્ય

ભગવાન સુશ્રુત કહે છે:

समुद्र इव गम्भीरं नैव शक्यं चिकित्सितुम्।
वक्तुं निरवशेषेण श्लोकानामयुतैरपि॥

(सु. उ. अ. १३-१७)

"ચિકિત્સાશાસ્ત્ર સમુદ્રની માફક ગંભીર છે. અર્થાત અગાધ ઊંડાણુવાળું અને અમાપ વિસ્તારવાળું છે. અસંખ્ય શ્લોકોમાં પણ તે પૂર્ણ થઇ શકે તેમ નથી. અલ્પબુદ્ધિ મનુષ્ય જે તર્ક વડે ગ્રંથના અર્થને સમજી શકે નહિ તે હજારો શ્લોકોમા કહેલ ગ્રંથના વિષયને પણ સમજી શકતો નથી". અને પોતાની કૃતિ માટે તેઓ કહે છે:

"માટે અતિશય ગંભિર અર્થવાળા ચિકિત્સાના બીજને (માત્ર) અહીં કહેલ છે જે જઇને કુશળ વૈદ્યમાં અનેકરૂપમાં અંકુરિત થાય છે-ફૂટે છે-પાંગરે છે". અને તેઓ સૂચવે છે:

"તેથી જ કુશળ વૈદ્ય નિત્ય પ્રતિ અનેક શાસ્ત્રો જોઇને શાસ્ત્રોની બુદ્ધિથી વૈદ્યે સંપૂર્ણ ગંભીર અર્થવાળા શાસ્ત્રને બુદ્ધિપૂર્વક સમજવો ઘટે"

ભગવાન ચરક પણ વિમાન સ્થાનમાં કહે છે:

सूत्रं बुध्धिमतामप्यनल्पज्ञानायतनं भवति.
तस्माद् बुध्धिमतामूहापोहवितर्काः।

(च. वि. अ. ८-१५२)

"સૂત્ર બુદ્ધિમાન માટે અલ્પ હોય તો પણ અનલ્પ (વિપુલ) જ્ઞાનના આયતન રૂપે થાય છે, અને તેમાંથી બુદ્ધિમાનોએ ઉહાપોહ (ચર્ચા) અને વિતર્ક કરવો ઘટે".

આયુર્વેદ સંપૂર્ણ છે એવો દાવો કરનારાઓએ ઉપરોક્ત સૂત્રો સદૈવ સ્મરણમાં રાખવા ઘટે છે. ધન્વન્તરિના આપણા ઉપર આશિર્વાદ ઉતરો અને તેમનું કહેલ બીજ ખરેખર આપણામાં અંકુરિત થઇ પાંગરો.

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને
આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્ય સિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૧૦
ઓક્ટોબર ૧૯૫૫
ભાદરવો સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૪
હિંદુસ્તાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક
આપવામાં આવે છે.

धन्य ! धन्य !! ब्रह्मर्षि, शुक्लजी !!!

આયુર્વેદિક પત્રોમાં 'સુધાનિધિ' પત્રનું સ્થાન અનોખું છે. માત્ર એટલા માટે નહિ કે હિંદીમાં તે બધાથી જુનું છે પરંતુ એ પછવાડે શ્રી. બ્રહ્મર્ષિ પં. જગન્નાથપ્રસાદ શુક્લજી આયુર્વેદ-બૃહસ્પતિનું અજોડ તપ છે. શુક્લજી આયુર્વેદ બૃહસ્પતિને બ્રહ્મર્ષિની પદવી ભારતીય પરિષદ પ્રયાગ તરફથી મળી છે તે ખરેખર સુયોગ્ય વ્યક્તિનું યોગ્ય સન્માન થયું છે. અમે આજે વર્ષોથી શુક્લજીના સંપર્કમાં આવ્યા છીએ. મહાસમ્મેલનોમાં તેમની મુલાકાતમાં અમોને તેમનામાં રહેલા સૌજન્યનું, જ્ઞાનનું, તેમની અજોડ પ્રતિભાનું દર્શન થયું છે. એથી જ તો અમે આજે એમના આવા સન્માન માટે હર્ષ, અનુભવીએ છીએ. શ્રી. શુક્લજીએ ઘણા આયુર્વેદિક ગ્રન્થો લખ્યા છે અને તે ગ્રન્થો પ્રત્યુત્પન્ન મતિ શૈલિએ લખાયાં છે. 'સુધાનિધિ' પત્રમાં પણ શુક્લજીની કલમ હમેશાં તટસ્થ રહી છે. જેવું જેટલું હોય તેટલું જ અપાયું છે, અને એમની કલમની આ નીડરતા જોઇ અમને તો પેલું કબીર વચન:-

કબીરા ખડા બજારમેં, દોનો દિલકી ખૈર,
ના કિસીસે દોસ્તી ના કિસીસે બૈર.

યાદ આવે છે. કોઇ પણ પક્ષના હથિયાર બન્યા વગર સદૈવ એમણે તટસ્થ બુદ્ધિએ લખ્યા કર્યું છે. આજે આયુર્વેદના વયોવૃદ્ધ વિદ્વાનો નામશેષ થતાં જાય છે ત્યારે આવા મહાન વિદ્વાન વૈદ્યરાજ પંડિત શુક્લજી આપણા માટે પ્રેરણા અને આદર્શના પ્રતિક સમ બની રહ્યા છે. તેમની સેવાઓ મહાન છે. ૭૭ વર્ષની વયે તેમને જે રીતે કાર્ય કરતા જોઇએ છીએ ત્યારે યુવાનોને પણ શરમ આવે એવું શ્રમયજ્ઞ તેઓ કરી રહ્યા છે એ બાબત ખરેખર ગૌરવ સમ છે. 'સુધાનિધિ' પત્ર પાછળ પણ તેમનો મહાન ભોગ છે. કોઇ પણ જાતના ટેકા વગર આત્મબળથી અને શ્રદ્ધાથી તેમણે પત્રનું સંપાદન અને સંચાલન કર્યા કર્યું છે અને એમની આ સેવા જોઇ અમને કોઇ કવિએ કહેલ પંક્તિમાં થોડો ફેરફાર કરી પુકારી ઉઠવાનું મન થયું છે કે ધન્ય શુક્લજી ! તુમ ક્રાંતિ કી યુવાની ઔર યુવાની કી ક્રાંતિ હો !

આપણે ઇશ્વરને પ્રાર્થીએ કે શ્રી. શુક્લજીને પૂર્ણ આયુષ્ય અને વધુ યશ મળો અને તેમની વધુ સેવાનો લાભ આપણને મળો.

વર્તમાનના વહેણ :

મુંબઈની દેશી વૈદ્યકીય બોર્ડની સરકારની નિમણુંકો જાહેર થઈ ચૂકી છે. સુજ્ઞ વાચકોના લક્ષ્યમાં ચૂંટાયેલા સભ્યોની જાહેરાત અમો 'આરોગ્યસિન્ધુ'માં પૂર્વે કરી ગયા હતા તે લક્ષ્યમાં હશે જ હવે બોર્ડની રચના પૂર્ણતઃ આ પ્રમાણે થઈ છે :

(૧) શ્રી. વૈદ્યરત્ન પં. શિવશર્મા (પ્રમુખ)
(૨) શ્રી. ડાયરેક્ટર ઓફ આયુર્વેદ
(શ્રી. વૈ. રસિકદત્ત નથ્થુરામ શર્મા)
(૩) શ્રી. એસ. આર. હિરેમઠ (વિજાપુર)
(૪) શ્રી. રુદ્રદત્ત જાદવજી આચાર્ય (મુંબઈ)
(૫) શ્રી. માધવશાસ્ત્રી જોષી (પૂના)
(૬) શ્રી. હકીમ મિરઝા હૈદરબેગ (મુંબઈ)
(૭) શ્રી. પ્રતાપકુમાર પોપટભાઈ વૈદ્ય (મુંબઈ)
(૮) શ્રી. ગોવિંદપ્રસાદ હરિદાસ (અમદાવાદ)
(૯) શ્રી. બ્રહ્મદત્ત શર્મા (ભુસાવળ)
(૧૦) ય. ધો. નાટોલીકર (કાગલ)
(૧૧) એ. વિ. ગદગ (બેલગાંવ)
(૧૨) શ્રી. હકીમ ગોપાળસિંહ રામસિંહ (મુંબઈ)

ટિપ્પણી:-(૧) દેશી વૈદ્યકીય બોર્ડના પ્રમુખપદે અત્યાર સુધી ડૉક્ટર મહાશયો અનુક્રમે, ડૉ. ભડકમકર (૪૦-૪૨), ડૉ. ભડકમકર-ડૉ. લાગુ (૪૩-૫૦), ડૉ. ગોધ (૫૦-૫૫) આવ્યા હતા. પરંતુ પહેલીજ વાર શ્રી. પં. શિવશર્મા જેવા કાબેલ અને વિચક્ષણ વૈદ્યને નીમીને સરકારે યોગ્ય જ પગલું ભર્યું છે અને વૈદ્યવર્ગની જોરદાર માગણી દેશી વૈદ્યકીય બોર્ડનો અધિપતિ વૈદ્ય હોવો ઘટે-સ્વીકારી સરાહનીય પગલું ભર્યું છે. (૨) સરકારે પહેલી જ વાર નવ્યસ્નાતકોના પ્રતિનિધિ તરીકે શ્રી. રુદ્રદત્ત જાદવજી આચાર્ય ડી. એ. એસ. એફ.ની નિમણું કરી બોર્ડ ઉપર નવ્યસ્નાતકોને વિશિષ્ટ પ્રતિનિધિત્વ આપ્યું છે તે ઘણું જ અભિનંદનીય છે. આ પ્રસંગે સાથોસાથ એક બાબતની સ્પષ્ટતા કરવી ઘણી જ જરૂરી બને છે. કોઈ કાપુરુષે એવી ગપ ઉડાડેલી કે 'આરોગ્યસિન્ધુ'ના તંત્રી વૈદ્ય ચંદ્રશેખર ઠક્કુર સચીવાલયમાં જઈ આરોગ્યપ્રધાન શ્રી. શાંતિલાલ શાહ અને શ્રી. જત્તી (આરોગ્ય ઉપ-મંત્રી)ને મળી શ્રી. વૈ. રુદ્રદત્તને નીમવા નહિ એમ મતલબનું કહેલું, આ વાત શત પ્રતિશત અસત્ય અને દ્વેષતાથી પૂર્ણ છે. વૈ. ચંદ્રશેખરને શ્રી. વૈ. રુદ્રદત્તની નિમણૂંકની જાણ પણ ત્યારે જ થઈ કે શ્રી. વૈ. રુદ્રદત્તે તેમને આ બાબતમાં ખૂશીની મીઠાઈ મોકલેલી. વૈ. રુદ્રદત્તજી અને ચંદ્રશેખર વર્ષોથી એક બીજાને સુપરિચિત છે. એટલું જ નહિ તેઓ પરસ્પર મિત્ર છે અને તેમણે ઈ. સ. ૧૯૪૮ માં સાથે મળીને "સંક્ષિપ્ત ઔષધિ વિજ્ઞાન" નામક કૃતિ રચેલી અને વિદ્યાર્થીઓના લાભ માટે પ્રગટ કરેલી. વૈદ્ય સમાજને ભારપૂર્વક ભલામણ કરવામાં આવે છે કે કોઇક કાપુરુષોએ વજુદ વગરની ગલીચ ગપો ઉડાડવાનું ચાલુ રાખ્યું છે, તેના વમળમાં આવવું નહિ. વૈ. ચંદ્રશેખર ઠક્કુર ખાત્રી આપે છે કે તેઓ કદિ આવી બાબતમાં શ્રી. શાંતિલાલ શાહ કે શ્રી. જત્તીને મળ્યા નથી. આવી ખોટી ગપ ઉડાડનાર દ્વેષીજનનું પણ ઈશ્વર કલ્યાણ કરો અને એને સદ્‌બુદ્ધિ આપી સન્માર્ગે એની શકિત વાળવાની એને પ્રેરણા આપો. વૈ. રુદ્રદત્ત સામે શ્રી. વૈ. પાટીલના નામની ઘોષણા હતી. એ બાબત પણ અમારા જાણ બહાર જ હતી. વસ્તુતઃ આવી નાની બાબતો લઈને પણ સમાજમાં બીજાને હલકા પાડવાની ગંદી મનોવૃત્તિ સેવતા કુબુદ્ધિવાળા માણસો વૈદ્ય સમાજ-વૈદ્ય એટલે વિદ્વાનના સમાજમાં-વસે છે તે ઘોર શરમરૂપ છે!!

(૩) આખી બોર્ડમાં એક પણ ડૉક્ટર નથી. બધા જ વૈદ્યો છે. (૪) ડાયરેક્ટર ઓફ આયુર્વેદ જેઓ સરકારી અધિકારી છે તેમને

બોર્ડ અને ફેકલ્ટીમાં સ્થાન મળ્યું છે. (૫) પહેલીજવાર હિંદુ હકીમ જેમનું નામ મહારાષ્ટ્ર વૈદ્ય મંડળે રજુ કરેલ તેમને સ્વીકારેલ છે.

બોર્ડમાં ચૂંટાઇ આવનાર સજ્જનોમાં એક માત્ર શ્રી. પ્રતાપકુમાર વૈદ્ય (આયુર્વેદ જગત) ફરીવાર ચૂંટાઈ આવ્યા છે.

ફેકલ્ટીની રચના નીચે મુજબ છે:

વૈદ્યરત્ન શિવશર્મા (પ્રમુખ)
વૈ અનંતાચાર્ય આદ્ય (બિજાપુર)
વૈ. નારાયણ હરિવંત જોષી (મુંબઇ)
વૈ દેવાસિંઘ રામસિંઘ કાલરા (મુંબઇ)
વૈ. વલ્લભરામ (અમદાવાદ)
વૈ. મોરેશ્વર ય લેલે (મુંબઇ)
વૈ. હરિદત્ત નથ્થુરામ શર્મા (ડાયરેકટર ઓફ આયુર્વેદ, મુંબઇ)
વૈ. ભાસ્કર વિ. ગોખલે (પૂના)
વૈ. બાપાલાલ ગ. શાહ (સુરત)
વૈ. કૃષ્ણાજી વા. કુલકર્ણી (પૂના)
વૈ. કાશિનાથ શં. કરંદીકર (અહમદનગર)
વૈ. ધોંડુપંત સ. અંતરકર

આ નિમણૂંકમાં હકીમ દેવાસિંહ, બોર્ડમાં ચૂંટાયેલા હકીમ રામસિંઘના લઘુબંધુ થાય છે. હકીમ દેવાસિંહ નવ્ય હકીમ સ્નાતક છે. વૈ અંતરકર ડી એસ. પણ નવ્ય સ્નાતક (ડી. એ. એસ. એફ.) છે વૈ. મોરેશ્વર યશવંત લેલે મુંબઇની પોદાર આયુર્વેદિક કોલેજ વરલીના પ્રિન્સિપાલ છે.

બોર્ડના પ્રમુખપદે જ્યારથી શ્રી પં. વૈદ્યરત્ન શિવશર્માનું નામ સંભળાયું ત્યારથી તેમના વિરૂદ્ધ પ્રચાર કરવા માટે વૈદ્યોના અમુક વર્ગે જોરશોરથી પ્રચાર કર્યો હતો પણ તે પ્રચાર નામશેષ બન્યો અને અંતે યોગ્ય વ્યકિતનું સુયોગ્ય સન્માન થયું જ છે અને વિરોધીવર્ગના હાથ હેઠા પડયા છે.

અમો નવી બોર્ડ અને ફેકલ્ટીને કલ્યાણ માર્ગ ઇચ્છીએ છીએ.

કાર્યકારીણી સમિતિઓ

બોર્ડ અને ફેકલ્ટીની કાર્યકારીણી સમિતિઓ નીચે પ્રમાણે છે:

બોર્ડ: વૈ. પં. શિવશર્મા (પ્રમુખ), શ્રી. એ. વી. ગદગ, વૈ. રુદ્રદત્ત આચાર્ય, વૈ. માધવ ગણેશ જોષી, વૈ. વાય. ડી. નારોલીકર, વૈ. ગોવિંદપ્રસાદ હરિદાસ.

ફેકલ્ટી: વૈ. પં. શિવશર્મા (પ્રમુખ), વૈ નાના જોષી, વૈ. ધો. સ. અંતરકર, વૈ. વલ્લભરામ, વૈ. હરિદત્તજી શર્મા.

આ બોર્ડ અને ફેકલ્ટીની કાર્યકારિણીની વિશિષ્ટ રચના લક્ષ્ય દોરે તેવી બનેલ છે. બોર્ડમાં એકઝીકયુટીવ બોડીમાં વૈ. રુદ્રદત્ત આચાર્ય અને ફેકલ્ટીમાં વૈ. ધો. સ. અંતરકર એ બન્ને (ડી. એ. એસ. એફ.) લેવાયા છે તે નોંધપાત્ર છે.

મુંબઇ રાજ્ય વૈદ્ય સંમેલન

આની નવી ચૂંટણી બાદ રચના નીચે પ્રમાણે થઈ છે: વૈદ્ય નાનાસાહેબ પુરાણિક (પ્રમુખ), વૈ. દત્તા ત્રેય શાસ્ત્રી (ઉપ-પ્રમુખ), વૈ. ગજાનન શર્મા (ઉપ-પ્રમુખ), વૈ. આબાસાહેબ સાંડુ (કોષાધ્યક્ષ), વૈ. સોમેશ્વર મ. ભટ્ટ, વૈ યજ્ઞદત્ત શર્મા, વૈ. વિ. એસ. હિરેમઠ (સહમંત્રીઓ), શ્રી. રામ શર્મા (પ્રધાનમંત્રી), શ્રી. માધવપ્રસાદ ના શાસ્ત્રી અને વૈ. કા. સી. ભાવે (આયવ્યય નીરિક્ષક) અને બીજા ૫ સભ્યો મળી કુલ્લે ૧૭ સભ્યોની કાર્યકારિણી સમિતિ નીમી છે.

મુંબઈ રાજ્ય વૈદ્ય સંમેલને બોર્ડની ચૂંટણી માટે ૭ સભ્યોના નામ રજુ કર્યા હતા. તેઓ ૭ એ ૭ બીનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

મુંબઈ રાજ્ય વૈદ્ય સંમેલન દ્વારા વૈદ્યોની એકતા સિદ્ધ થઈ છે આ સમેંલન દ્વારા મહા-

ગુજરાત વૈદ્ય મંડળ, મહારાષ્ટ્ર વૈદ્ય મંડળ, કર્ણાટક વૈદ્ય મંડળ, મુંબઇ અને ઉપનગર વૈદ્ય સંમેલનનું એકીકરણ કરી રાજ્યના તમામ વૈદ્યો અને વૈદ્યકીય સંસ્થાનું એક જ પ્રતિનિધિત્વ રજુ કરવાનો ઉદ્દેશ છે.

વૈદ્ય અને હકીમ

સરકારે એવું ઠરાવ્યું છે કે તમામ આયુર્વેદિક પદ્ધતિએ વ્યવસાય કરતા ચિકિત્સકોએ "વૈદ્ય" અને યુનાની પદ્ધતિએ ચિકિત્સા કરતા ચિકિત્સકોએ "હકીમ" શબ્દ પોતાના નામ આગળ સરકારી પત્રવ્યવહારમાં અવશ્ય લખવો.

નવી સંશોધન સમિતિ

સંશોધન સમિતિના પ્રમુખપદે શ્રી. ડો. મ્હસકરે ત્યાગ પત્ર આપ્યા બાદ નવી સમિતિની રચના આ પ્રમાણે થઇ છે: પ્રમુખ શ્રી. ગં. વિ. પુરાણિક, મંત્રી શ્રી. નામ જોષી, સભ્યો શ્રી. વૈ. રામ શિરોમણિ, શ્રી. પાંડુરંગ હરિ દેશપાંડુ, શ્રી. વૈદ્ય રણજીતરાય, શ્રી. નાના જોષી આ સમિતિ પાઠ્યગ્રન્થોનું નિર્માણ, ઔષધોનો સ્ટાન્ડર્ડ ફાર્માકોપીઆ, નિદાન ચિકિત્સાનું સંશોધન ઈત્યાદિ કાર્ય કરશે.

નવ પ્રસ્થાન : શુભેચ્છા

અમદાવાદથી શ્રી. વૈ. જાદવજી નરભેરામ પાટડીવાળાના તંત્રીપદે નવું પત્ર 'નિરોગી' પ્રગટ થવા માંડયું છે. અમો અમારા આ નવા બિરાદરને શુભેચ્છા પાઠવતાં દીર્ઘાયુષ્ય અને સફળતા ઇચ્છીએ છીએ.

પ્રશ્નાવલી: ઉત્તર આપજો

મુંબઇ સરકારે એક સમિતિ નીમી છે. જેનું કાર્ય વૈદ્યો અને જનતાને આયુર્વેદિક દ્રવ્યો અને ઔષધો વિશ્વસ્ત અને વિશુદ્ધ મળી શકે તે માટેના પ્રશ્નની વિચારણાનો છે. આ સમિતિએ વૈદ્યો, ફાર્મસી, ઔષધ વિક્રેતાઓ અને અન્ય સંકલિતો માટે પ્રશ્નપત્રકો બહાર પાડયાં છે. તેમાં અમારી જાણ માટે "વૈદ્યો" માટેનું પ્રશ્નપત્રક મોકલવામાં આવ્યું તેનો અનુવાદ અહિં આપીએ છીએ. આ પ્રશ્નપત્રક અંગ્રેજી, મરાઠી, ગુજરાતી અને કન્નડ, દરેક ભાષામાં મળે છે. એ માટે સેક્રેટરી, સ્ટાંન્ડર્ડ એન્ડ જેન્યુઇન હર્બ્સ એન્ડ ડ્રગ્સ, આર. એ. પોદાર કોલેજ (વરલી) મુંબઈ ૧૮ ને લખવું. વૈદ્યોના મોટા ભાગને આ પ્રશ્નપત્રક મળી ગયું હશે. જેમને ન મળ્યું હોય તેઓ મનપસંદ ભાષામાં મંગાવી આ પત્રક અવશ્ય ભરે. જેથી સમિતિનું કાર્ય સરળ બને.

પ્રશ્ન (૧): શું આપ આયુર્વેદિક ચિકિત્સક છો?

પ્રશ્ન (૨): તમે તમારા વપરાશની દવા જાતે બનાવો છો?

(અ) સંપૂર્ણપણે? (બ) અંશતઃ?

પ્રશ્ન (૩): જો તમે તમારી દવાઓ જાતે બનાવતા હો તો

(અ) (૧) તમે તે માટે દ્રવ્યો ક્યાંથી મેળવો છો?

(૨) કયા આયુર્વેદિક ક્ષુપ-ઝાડ વગેરે તમે રહો છો તેની નજીક પુષ્કળ છે?

(૩) તમારા રહેઠાણની બાજુમાં જંગલ છે? જો તેમ હોય તો તેનું નામ અને ત્યાં થતી વનસ્પતિ આદિના નામો આપો.

(બ) જો તમે તમારા દ્રવ્યો કોઇ સંસ્થા કે અન્ય રીતે મેળવતા હોય તો એના નામ આપો.

(૧) તમને જે કક્ષાના ઔષધો કે દ્રવ્યો મળે છે તેથી સંતોષ છે?

(૨) શું તેઓ તમને તાજા-લીલા દ્રવ્યો પૂરાં પાડી શકે તેમ છે?

પ્રશ્ન (૪): જો સરકાર આવાં દ્રવ્યો ઉછેરે, ભેગાં કરે, સંગ્રહ કરે અને સંપૂર્ણ જરૂરી વર્ગીકરણ બાદ વેચવાની ઈચ્છા ધરાવે તો તમે સરકાર પાસેથી ખરીદશો કે?

પ્રશ્ન (૫): વિવાદાસ્પદ–સંદિગ્ધ આયુર્વેદિક દ્રવ્યોના સંપર્કમાં આપ કદિ આવ્યા છો કે? તો તેના નામ આપો.

પ્રશ્ન (૬): તમને લાગે છે કે વનસ્પતિના રંગીન ચિત્રો સાથે તેની ઓળખાણ અંગે પુસ્તક બહાર પાડયું હોય તો વૈદ્યોને ઉપયોગી થશે?

પ્રશ્ન (૭): તમે એવી કોઈ અન્ય પદ્ધતિ સૂચવી શકો છો કે જે દ્વારા વૈદ્યોને વિશ્વસ્ત પ્રમાણિત ઊચ્ચ કોટીના આયુર્વેદિક દ્રવ્યો અને ઔષધો મળી શકે?

પ્રશ્ન (૮): તમે એવી વ્યક્તિઓના નામ અને સરનામાં પૂરાં પાડી શકો છો કે જેઓ આ બાબતમાં ઉપયોગી માહિતી પૂરી પાડી શકે?

પ્રશ્ન (૯): અન્ય કંઈ સૂચના?

નામ અને પદવી........................

સરનામું........................

સહી..........

બી. સી. જી. ની રસી

ચક્રવર્તી શ્રી. પં. રાજગોપાલાચાર્યે પ્રમાણો અને દાખલા દલીલો સહિત બી સી. જી. ની રસીની પોલ ખોલી છે. ઉદાહરણ આપી એમણે સિદ્ધ કર્યું છે કે બી. સી. જી. ની રસી હાનિકારક છે. પરંતુ કેન્દ્રીય સરકારના આરોગ્યમંત્રીણી અમૃતકૌરે એમ જાહેર કર્યું છે કે બી. સી. જી. ની રસી બિલકુલ હાનિકારક નથી તેમાં ટી. બી. નો પ્રતિબંધ કરવાની શકિત છે અને એ સંબંધી બિલકુલ શંકા ઉઠાવવાની જરૂરત નથી. સરકાર હવે એ એ બાબત પુનર્વિચાર નહિ કરે કારણ કે દેશભરમાં આ રસી લોકપ્રિય બની રહેલ છે એના વિરૂદ્ધ આંદોલન કરવું મુર્ખતાપૂર્ણ છે. ડોકટરો પર એના માટે કોઈ દબાણ નથી લાવવામા આવ્યું. આજ સુધી દેશમાં ૪૬,૫૮,૯૦૯–છેતાલીસ લાખ ઉપરાંત વ્યકિતને આ રસી મૂકવામા આવી છે. રસી મૂકતાં પહેલાં બાળકના વડીલોને પૂછવામાં આવે છે. રશિયામાં બાળકોને પહેલા સપ્તાહમાં રસી મૂકવામાં આવે છે ત્યાર બાદ સાતમે વર્ષે મૂકવામા આવે છે. ભારતવર્ષમાં બાળકોની પ્રક્રિમાત્મપૂર્ણ તપાસ કરી રસી મૂકવામાં આવે છે.

સ્વાસ્થ્યમંત્રિણીનું ઉપરનું નિવેદન તેમની આ રસીની તરફેણમાં વિદેશી ચિકિત્સા પદ્ધતિથી કેટલા અંજાઈ ગયા છે તેનો ખ્યાલ આપે છે. બી. સી. જી. રસી હજુ પ્રયોગાવસ્થામાં છે. તેના પરિણામો પર તટસ્થ દષ્ટિએ વિચાર કરવો ઘટે. કોઈપણ શુદ્ધ બુદ્ધિના માનવીએ એમને એમ કદાપિ કોઈપણ વસ્તુ વિરૂદ્ધ કે તરફેણમાં પોતાનો મત નહિ આપવો જોઈએ.

સદસ્ય બનો

અખિલ ભારતવર્ષીય આયુર્વેદ મહાસંમેલનના પ્રધાનમંત્રી શ્રી વામનરાવ વૈદ્યે નિવેદન બહાર પાડી એ સંસ્થાના સભ્ય બનવાની તમામ વૈદ્યોને સુચના આપી છે. સભ્યનું લવાજમ વાર્ષિક રૂપિયા પાંચ છે અને સભ્ય બનનારને "આયુર્વેદ મહાસંમેલન પત્રિકા" માસિક પત્ર એક વરસ સુધી વિનામૂલ્યે મોકલાશે. ઠેકાણું: અ. ભા. આયુર્વેદ મહાસંમેલન, મહાલક્ષ્મી માર્કેટ, ચાંદની ચોક, દિલ્હી.

પાશ્ચાત્ય મત

પશ્ચિમ જર્મનીના ૧૦ પ્રસિદ્ધ ચિકિત્સકોનું એક પ્રતિનિધિ મંડળ કેન્સરની ચિકિત્સા સંશોધન માટે ભારતમાં આવેલ તેમણે એવો

અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે આયુર્વેદિક પ્રણાલિકાની વૈજ્ઞાનિક દૃષ્ટિએ અભિવૃદ્ધિ કરવામાં આવે તો તે ઉચ્ચ કોટિની ચિકિત્સા પ્રણાલિકા બને.

ગામડામાં જાવ

બંગાળના પ્રધાનમંત્રી ડો. વિધાનચંદ્ર રાય એક પ્રસિદ્ધ ડૉકટર અને રાજનીતિજ્ઞ છે તેમણે ડૉકટરોને પ્રોત્સાહન આપતાં કહ્યું છે કે તેઓ ગામડામાં જઇ ચિકિત્સા કરે અને શહેરના ડૉકટરો કરતાં ગામડાંમાં જનાર ડૉકટરોને અઢીગણું વેતન આપવું પ્રારંભ કરેલ છે.

ભારતવર્ષમાં કવીનાઇન

ભારતવર્ષમાં મદ્રાસ ખાતે કવીનાઈન બનાવનાર જે કારખાનું છે તેમાં પ્રતિવર્ષ લગભગ ૮૮ મણ કવીનાઇન બને છે. એજ રીતે ૪૭૫ મણ કવીનાઇનની છાલનું જ્વરઘ્ન સિંકોના તૈયાર થાય છે. આખા દેશમાં ૧,૭૫૦ મણ કવીનાઇન તૈયાર થાય છે.

રજીસ્ટર્ડ ચિકિત્સકો

ભારતવર્ષમાં અત્યારે આયુર્વેદિક પદ્ધતિએ (માત્ર) ૮૯,૧૧૮ ચિકિત્સકો રજીસ્ટર્ડ થયા છે. નિયમનના કડક ધારાધોરણને લઈ કેટલાય ચિકિત્સકો રજીસ્ટ્રેશનથી વંચિત રહી ગયા છે. મુંબઈ પ્રાંતમાં અત્યારે ૮,૨૬૪ વૈદ્યો અને ૬૦૬ હકીમો રજીસ્ટર્ડ થયેલા છે. રિન્યુઅલ ફી ન ભરવા માટે ૪,૧૬૧ વૈદ્યોનું રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યું છે. ૧૦૦ વૈદ્યો મરણ પામવાથી નામ કાઢી નાખ્યા છે. ૨ વૈદ્યોએ પોતાના નામ પાછા ખેંચી લીધેલ છે.

વાંધાભરી જાહેરાતો

વાંધાભરી જાહેરાતનો કાયદો અમલમાં આવ્યા બાદ અને તેમાં પણ મુંબઈ સરકારે એ માટે અધિકૃત અધિકારીઓની નિમણુંક કર્યા બાદ પણ વર્તમાનપત્રોમાં વાંધાભરી જાહેરાતો છપાતી રહી છે. શાસ્ત્રોક્ત ઔષધ નિર્માતાઓનું મંડળ આ માટે જ્યારે ડ્રગ્સ કંટ્રોલર શ્રી. ભુપેન્દ્ર પટેલને મળ્યું ત્યારે તેમણે જણાવ્યું કે દવાના વાંધાભર્યા નામો પછી તે ભલેને શાસ્ત્રોક્ત કે ગ્રંથોક્ત હોય યથા પ્રદરરિપુ–ઉન્માદગજ કેશરી જેમાં વાંધાભર્યા રોગોના નામ હોય તે નહિ ચલાવી લેવાય. આ ખુલાસાથી ઔષધ નિર્માતાઓ વિમાસણમાં પડી ગયા હતા. કેટલાક પોણી સદીથી, કેટલાક અર્ધી સદીથી અને કેટલાક પા સદીની ઉપર વર્ષોથી શાસ્ત્રીય આયુર્વેદિક ઔષધો બનાવવાનો ધંધો કરે છે, તેઓ સામે આ પ્રકારનું વિધાન કરનાર શ્રી. ડ્રગ્સ કંટ્રોલરને શું અમે પૂછી શકીએ કે વર્તમાનપત્રોમાં છપાતી વાંધાભરી જાહેરાતો જેમ કે પ્રદરરોગની, મધુપ્રમેહની, સ્તંભનની, વાંઝીયાપણાની–આ બધા સામે કેમ આંખમિચામણા કરવામાં આવ્યા છે? આ કાયદો તો અમલમાં એપ્રિલ ૧, ૧૯૫૫થી આવ્યો છે છતાં આ લખાય છે ત્યારે (એટલે કે ૪થી ઓકટોબરે) અત્યારે, બજારમાં એલોપથિક વાંધાભરી નામોવાળી દવાઓ યથા "ટીબીઝાઇડ" વગેરે છૂટથી મળે છે! 'ટીબીઝાઈડ' નામ વાંચીને શું સામાન્ય માણસ એમ નહિ સમજી લ્યે કે આ ઔષધ ટી. બી. (ક્ષય) વિરૂદ્ધ છે? કેટલા ખેદની વાત છે કે સ્વતંત્ર ભારત જેવા ભારતવર્ષમાં આવા કાયદાઓ ઘડાઇને ભારતવર્ષની પ્રાચીન અને મહામૂલી "આયુર્વેદ"ની દવાઓના નામોમાં પરિવર્તન કરવાની સલાહ ભારતના નાગરિકો–આજે અધિકારી બનીને આપે છે? અલબત્ત અમોએ તો ગતાંકમાં કહ્યું તેમ આ બાબતમાં કાયદાના શુભ હેતુને આવકારીએ છીએ, પરંતુ તેનો અમલ તેના અમલની મર્યાદાઓ આ બધાનું પણ કંઈક

તો અંતિમ ધ્યેય હોય અને તેની પણ હદ તો હોય કે નહિ? અમો ભારપૂર્વક મુંબઈ રાજ્યના ડાયરેકટર ઓફ આયુર્વેદ—શ્રી. હરિદત્ત નથ્થુરામ શર્માને આ વિષયમાં સત્વરે એક નિવેદન બહાર પાડી વૈદ્યો અને આયુર્વેદિક સંસ્થાઓ માટે નિમ્ન જરૂરિયાતો માટે યોગ્ય કરવા વિનવીએ છીએ

(૧) શાસ્ત્રોકત અને ગ્રંથોકત નામોમાં પરિવર્તન હરગીઝ નહિ કરવામાં આવે. આપણે વિચાર કરીએ કે "પ્રદરરિપુ રસ" નામ લઈ તેને રદ કરી તેમાં પડતા દ્રવ્યો યથા રસસિંદુર—લોહ—કુટજ—અશોક ઈત્યાદિ પરથી તેનું નામ બદલી "અશોકાદિવટી" રાખીએ તો,

(અ) આ નવા નામને બધા જ શાસ્ત્રીય-ગ્રંથોમાં ફેરવીશું?

(ब) વૈદ્યો અને જનતામાં આ નામો બદલવાથી કેટલી અગવડ થશે?

(क) દ્રવ્યો પરથી એક જ નામવાચક દવાઓ કેટલી બધી થશે?

આ અને આવી તો કેટલીય અગવડો ઊભી થાય, માટે શાસ્ત્રોકત નામોમાં પરિવર્તન નહિ થાય.

(૨) દવાના લેબલ ઉપર કે તેના પ્રચાર સાહિત્ય માટે જે કંઈ છપાયેલું છે તેમાં પરિવર્તન થાય તે માટે સમય—મુદત આપવી ઘટે. પ્રત્યેક ઔષધ—નિર્માતા પાસે હજારો રૂપિયાનું સાહિત્ય—સૂચિપત્ર, લેબલ ઇત્યાદિ મુદ્રિત હોય તેને શું ફેંકી દઈને કે રદ કરીને નવું સાહિત્ય છાપી પુનઃ હજારો રૂપિયાનું આંધણ કરવું?

(૩) આધુનિક એલોપથિક દવાઓ વેચાય છે તેમાં પેકીંગોની અંદર દવાના નામના પરિપત્રો હોય છે. તે પરિપત્રો ઉપર મુદ્રિત શબ્દો "ફકત ચિકિત્સકો માટે" એમ લખ્યું હોય છે. એવી જ છૂટ આયુર્વેદિક ઔષધ—નિર્માતા માટે હોવી ઘટે. તેમાં જેમ ઉપર સૂચવાયેલ એલોપથિક દવાઓમાં વાંધાભર્યો શબ્દો લખ્યા હોય છે તેમ આમાં પણ વાંધાભર્યા રોગવાચક શબ્દો લખવાની છૂટ હોવી ઘટે.

આયુર્વેદ પ્રવીણ: પરીક્ષા

મુંબઈ સરકાર તરફથી સ્વીકૃત શુદ્ધઆયુર્વેદ અભ્યાસક્રમ ૩।। વર્ષનો છે. તેમાં પહેલી પરીક્ષા ૧।। વર્ષે અને બીજી ૨ વર્ષે લેવાવાનું નક્કી થયુ હતું. તે પદવીનું નામ "આયુર્વેદ પ્રવીણ" રખાશે. ૧૯૫૪માં શરૂ થયેલા આ કોર્સને ૧।। વર્ષ થઈ પણ ગયો છે અને એના પહેલા બેચની પરીક્ષા ઓક્ટોબર ૧૯૫૫ દરમ્યાન લેવાઈ જશે. સરકારે સત્વરે આ કોર્સ ઉત્તીર્ણ કરનારને રજીસ્ટ્રેશન આદિની સવલતો જાહેર કરવી ઘટે કે જેથી આ કોર્સમાં પ્રવેશ મેળવનારાઓ માટે આકર્ષણ થાય. અમો આશા રાખીએ છીએ કે સરકાર સત્વરે જાહેરાત કરશે.

જામનગરમાં અનુસ્નાતક કોર્સ

જામનગર ખાતે કેન્દ્ર સરકાર, ગુલાબકુંવરબા સોસાયટી અને સૌરાષ્ટ્ર સરકાર, આ ત્રણના ઉપક્રમે કેન્દ્રીય સરકાર તરફથી અનુસ્નાતક અભ્યાસક્રમ ધનતેરશ, ૨૦૧૧થી શરૂ થનાર છે એ ખબર અમો આપી ગયા છીએ. આ કાર્ય માટે ચક્રો ગતિમાન થયા ચૂકયા છે. ગણત્રીના દિવસોમા પ્રિન્સીપાલનું નામ જાહેર થઇ જશે. પ્રિન્સીપાલને માસિક વેતન રૂા. ૧,૨૫૦ મળનાર છે. એ જગ્યા માટે વૈદ્યકીય વર્તુળોમાં પુજ્યપાદ શ્રી. વૈદ્યરાજ યાદવજી ત્રિકમજી આચાર્યનું નામ સંભળાઈ રહ્યું છે. આ વરણી લગભગ ચોક્કસ જ છે. એમનો આટલા વર્ષોનો ચિકિત્સાનુભવ, પાઠયગ્રંથો લખવાનો અનુભવ વૈદ્યકીય સંસ્કૃત સાહિત્યનું સંશોધન અને તપ. આ બધાને લઈ નિર્વિવાદ તેઓ આ પદ માટે શ્રેષ્ઠતમ વ્યકિત છે.

સાહિત્ય સ્વીકાર અને સમાલોચના

વૈદ્યકીય સુભાષિત સંગ્રહ: લેખક: રા. રા. ડૉ. પ્રાણજીવનદાસ મહેતા એમ. ડી. એફ. સી. પી. એસ. ઇત્યાદિ પૃષ્ઠ ૬૪ (ક્રાઉન આઠપેજી. સંપાદક તથા પ્રકાશક: આયુર્વેદ વિજ્ઞાન, ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ ગોખલે રોડ, સાઉથ–મુંબઈ ૨૮. મૂલ્ય રૂા. ૨ (કાગળ રફ).

આ પ્રકાશનમાં રામાયણ, મહાભારત, ચરક સંહિતા, સુશ્રુત, અષ્ટાંગ હૃદય, હર્ષચરિત, ઋગ્વેદ, અથર્વવેદ વગેરેમાં વેરાયલા વૈદ્યકીય સુભાષિતોનો સુસંપાદિત સંગ્રહ છે. મૂળ સંસ્કૃત શ્લોકો, ઋચાઓ સૂત્રો આપી તે પર અંગ્રેજી તથા ગુજરાતી અનુવાદ અપાયેલ છે. એ લેખમાળા સ્વરૂપે–ધારાવાહિક રીતે સચિત્ર આયુર્વેદમાં શ્રી. વૈ. રણજીતરાય દેસાઇએ હિંદી અનુવાદ કરી રજુ કર્યું છે એવું સ્મરણ છે. 'સ્વાસ્થ્ય' પત્રમાં પણ એ ઉધ્ધૃત થતું હતું. 'આયુર્વેદ વિજ્ઞાન' માસિકમાં એ પ્રગટ લેખમાળા સ્વરૂપે થયું છે. હવે એજ સાઇઝમાં પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવામાં આવેલ છે.

શ્રી. ડૉ. મહેતાનો આયુર્વેદપ્રત્યેનો રસ જાણીતો છે. તેઓ પોતાની જાતને આ શાસ્ત્રના અતિનમ્ર અભ્યાસી તરીકે ઓળખાવે છે અને એમનો અભ્યાસ આ ગ્રંથના સંગ્રહમાં દેખાઈ આવે છે. આયુર્વેદિક કોલેજમાં સંસ્કૃતના વિષયમાં આ પ્રયાસ નિર્વિવાદ સંકેતગ્રંથ–Reference Bookના રૂપે કામમાં આવશે. આયુર્વેદાનુરાગી સજ્જનોને વૈદ્યકીય સુભાષિતોનું આ સંગ્રહ પુસ્તક વસાવવાની અમારી ભલામણ છે.

આ ગ્રંથના પ્રયોજક ડૉ. મહેતા અને 'આયુર્વેદ વિજ્ઞાન'ના સંપાદક શ્રી. નવનીતલાલ પંડયા અમારા અભિનંદનના અધિકારી બને છે અને એ પ્રયાસને મૂળ જનતા સમક્ષ લાવવા માટેનો શ્રમ શ્રી. વૈદ્ય રણજીતરાય દેસાઇએ લીધો હતો એની નોંધ પણ અત્રે ભાવપૂર્વક લઇએ છીએ.

कैन्सर रोग की चिकित्सा (હિંદી): શ્રી. ડૉ. પ્રભાકર ચટ્ટોપાધ્યાય એમ. એ., ડી. એસ. સી., આયુર્વેદ બૃહસ્પતિ, પ્રકાશક ઈન્સ્ટિટયુટ ઓફ હિંદુ કેમિસ્ટ્રી એન્ડ આયુર્વેદિક રિચર્સ, ૬૧–૧, મૂર, એભિન્યુ, રિજેન્ટ પાર્ક, કલકત્તા ૪૦. (સાઈઝ ક્રાઉન ૧૬ પેજી પાના ૧૮૮, કાગળ રફ). મૂલ્ય રૂા. ૬.

આ ગ્રંથમાં ગળું, જીભ, દંતમૂળ, ગાલ, ઓષ્ઠ, નાસિકા, નેત્ર, મસ્તક, અન્નપ્રણાલી, સ્તન, ઉદર, સ્ત્રી–પુરૂષની જનનેન્દ્રિય, અંડકોષ, ગુહ્યપ્રદેશ, ચર્મ વગેરેમાં થતા કેન્સરના પૂર્વરૂપ, રૂપ નિદાન, ઉપશય, સપ્રાપ્તિ, ઇત્યાદિ ખૂબ વિસ્તારપૂર્વક આપ્યા છે. દરેક રોગમાં પ્રારંભ, મધ્ય અને અંતિમાવસ્થાનું વર્ણન, થતા ઉપદ્રવો અને પ્રત્યેક ઉપદ્રવોની આયુર્વેદિક ચિકિત્સા આપી છે. ભાષા સરળ હિંદી છે. આ વિષય ઉપર આવું પહેલું જ (પ્રથમ) પુસ્તક છે અને તે દરેક ચિકિત્સકે વસાવવા જેવું છે. આ ગ્રંથમાં કેન્સરની આયુર્વેદીય પરિભાષા સ્પષ્ટ કરવી જોઇતી હતી. પુસ્તકનું મૂલ્ય વધારે છે. છતાં પ્રતિપાદિત વિષય મહત્ત્વનો હોઇ પુસ્તક આવકારપાત્ર છે. રોગોનું અને ચિકિત્સાનું વર્ણન સુવાચ્ય અને માર્ગદર્શક બનેલ છે.

કેન્સર જેવા વિષય ઉપર આવાં પુસ્તકો લખાય અને પ્રચાર પામે તે ઘણું જ જરૂરી છે. અમો લેખક તથા પ્રકાશકને અભિનંદીએ છીએ.

ક્ષમાયાચના

મુદ્રણાલયની અસાધારણ અગવડો વચ્ચે, આ અંક તા. ૧૩ મીએ પ્રગટ થાય છે. આ ઢીલથી વાચકોને થયેલ અગવડ માટે અમો દિલગીર છીએ. પ્રેસની તકલીફ હજુ પણ ઉભી છે. છતાં બનશે તેટલો નિયમિત રીતે અંક રજુ કરીશું. —વ્યવસ્થાપક.

બાળકોનો ખોરાક

લેખક: ડૉ. એમ. ડી. આડતિયા
એમ.ડી., એફ.સી.પી.એસ, ડી.સી.એચ.

કોલસા વિના જેમ એન્જિન ન ચાલે, તેમ ખોરાક વગર બાળકનો ઉછેર ન થાય. સુયોગ્ય અને પ્રમાણસર ખોરાક એ બાળઉછેરનું એક અગત્યનું અંગ છે. હંમેશ કુદતું, ફરતું બાળક એની નિત્ય નવીન તાજગી માટે, એના નાનાં અવયવોના વિકાસ માટે, તથા અનેક ડરામણાં રોગોનાં પ્રતિકાર માટે પોષણ માંગે છે. આ પોષણ ફક્ત ખોરાકમાંથી જ મળી શકે.

જન્મતાની સાથેજ બાળકને કેવો ખોરાક આપવો, કેટલો ખોરાક આપવો વિગેરે પ્રશ્નો ઉભાં ન થાય માટે કુદરતે સુંદર યોજના કરી છે. માતાના સ્તનમાં પૌષ્ટિક અને સુપ્રમાણસર ખોરાકનો ભંડાર ભર્યો છે. માનું દૂધ બાળકને માટે સર્વોત્તમ છે, કેમકે તે કુદરતી છે. તેમાંથી બાળ પોષણનાં સઘળાં તત્વો મળી રહે છે. જન્મથી નબળાં બાળકોને માટે તો પોતાની માતાનું દૂધ વધુ ફાયદાકારક અને જરૂરી છે.

બાળકના પ્રસવ પછી તુર્તજ માતાને ધાવણ આવતું નથી. સ્તનમાં દૂધ ભરાતાં ચાર થી પાંચ દિવસ લાગે છે ચોથા દિવસથી પીળા રંગનું જાડું પ્રવાહી—કાચું દૂધ વહેવું શરૂ થાય છે. પરિપક્વ દૂધ તો લગભગ ત્રણેક અઠવાડિયા પછી આવવું શરૂ થાય છે. આ કાચું દૂધ પણ નાનકડાં બાળકને માટે ઘણું ઉપયોગી છે. તેમાં પ્રોટિન્સ *(Proteins)* પુષ્કળ પ્રમાણમાં હોય છે. આંતરડાનો મળ સાફ કરવાની તથા શરીરના જંતુઓનો સામનો કરવાની તેમાં વિશેષ શક્તિ રહેલી છે.

બાળકના જન્મ પછી તાત્કાલિક થોડા કલાક માટે તેને ખોરાકની જરૂર હોતી નથી. પહેલે દિવસે બાળકને બાર બાર કલાકે ધવરાવવું. ધાવણ ઉપરાંત અર્ધાથી એકાદ ઔંસ ગ્લુકોઝનું પાણી આપવું જોઈએ. બની શકે તો પાવડરનું દૂધ એકાદ ઔંસ આપવું.

બીજા દિવસે બાળકને ૭ ૭ કલાકે ધવરાવવું બહારનું દૂધ અર્ધાથી એકાદ ઔંસ સુધી જાય તો સારૂં. શરૂ શરૂમાં બાળકને પાણીની વિશેષ જરૂર હોય છે, તેથી દરેક વખતે ધાવણ ઉપરાંત અર્ધો ઔંસ પાણી આપવું જોઈએ. ત્રીજા દિવસથી ત્રણ ત્રણ કલાકે ધવરાવવાની શરૂવાત કરવી જોઈએ, પહેલાં ત્રણ મહિના સુધી આમ બાળકને દિવસમાં ૭ વખત ધાવણ આપવું જોઈએ. રાત્રે દશથી તે સવારના ૭ વાગતાં સુધીમાં ધવરાવવાની ટેવ ન રાખવી જોઈએ. ખોરાક જેટલી જ અગત્ય બાળકને શાંતિ ભરી નિદ્રાની છે. અમુક સમયેજ અને આટલીજ વખતે ધરાવવું એવો નિયમ બહુ કડક રીતે પાળવાની જરૂર નથી. શરૂવાતમાં તો બાળક ભૂખ લાગે અને રડે ત્યારે ધવરાવવું જરૂરી થઈ પડે છે. વગર ભૂખે સમય થયો એટલે પરાણે ધવરાવીને આપણે ઉલ્ટું નુકશાન કરી બેસીએ.

બાળક ૭ મહિનાનું થાય તે પછી ધીમે ધીમે બહારનું દૂધ આપવાની શરૂઆત કરવી જોઈએ. દૂધની સાથે *Quaker oats* વિગેરે વસ્તુ મેળવી પણ આપી શકાય.

અમુક કારણોસર માતાનું દૂધ ન મળી શકે તો પછી ગાયનું, ભેંસનું કે પાવડરનું દૂધ વાપરવું જરૂરી થઈ પડે છે. ગાયના દૂધમાં અડધોઅડધ પાણી અને ભેંસના દૂધમાં બે ભાગનું પાણી મેળવવું જોઈએ. એક ઔંસ ગરમ પાણીમાં એક ચમચી પાવડરનાં મિશ્રણથી પાવડરનું દૂધ થાય છે બાળકને એક સાથે કેટલું દૂધ આપવું તે જાણવું પણ જરૂરી છે. બાળકના એક રતલ વજને અઢી ઔંસ દૂધ દિવસ ભરમાં આપવું જોઈએ.

બાળકને ૭ મહિના પૂરા થયા પછી દૂધ ઉપરાંત બીજા ખોરાકના પદાર્થો આપી શકાય. આ ફેરફાર બહુજ ધીમે ધીમે અને બાળકની રૂચિને અનુકુળ થઈને કરવો ઘટે, ઘન પદાર્થો આસ્તે આસ્તે દૂધમાં મેળવીને આપવા જોઈએ.

નવ મહિનાનું થાય અને બાળકને દાંત ફુટે એટલે ધાવણ સદંતર બંધ કરવું જોઈએ. ધીમે ધીમે એકેક વારનું ધાવણ ઓછું કરીને એને બદલે ખોરાક આપવો શરૂ કરવો જોઈએ.

બાળક બાર માસનું થવા આવે ત્યારે તેને ખીર, રાબ, કાંજી, ભાત, મમરા વિગેરે આપી શકાય. લીલોતરી શાકભાજીનો છુંદો કરીને કે ફળના નાના ટુકડાં કરીને, બાળકની રૂચિ અનુસાર આપવાં જોઈએ. મધ અને માખણ, પણ બાળક હવે પચાવી શકે છે. આ બધાં ઉપરાંત એક વરસના બાળકને દિવસમાં લગભગ વીસ ઔંસ દૂધ આપવું જોઈએ.

અઢાર માસ પછી બાળકને ખીચડી, દાળ, ભાત ઉગાડેલું કઠોળ, રોટલી વિગેરે આપવાના. આ ઉમ્મરેતો બાળકને ઘરના બધા માણસની સાથે બેસીને બે વખત સમયસર જમવાની ટેવ પાડવી જોઈએ.

૭ મહિનાથી એક વરસ સુધીના ગાળામાં દૂધ ઉપરાંત બીજો ખોરાક ઘણી માતાઓ નથી આપતી એ સામન્યતમ ભૂલ છે. બાળકના ઉછેર માટે એ સમય ખાસ અગત્યનો છે.

કુમળીવયના વિકાસ સમય દરમ્યાન બાળકને ઓછામાં ઓછું વીસથી ત્રીસ ઔંસ દૂધ ઉપરાંત બીજાં ખોરાકની જરૂરિયાત રહે છે. અનાજ ઉગાડેલાં કઠોળ, પાકાં ફળફળાદિ વગેરેનો બાળ–કના ખોરાકમાં છૂટથી ઉપયોગ કરવો જોઈએ.

ખોરાકના દરેક દ્રવ્યમાં જુદા જુદા ગુણો રહેલાં છે. આપણા સામાન્ય વપરાશની કેટલીક ખોરાકની ચીજોના ગુણદોષ સમજવા આપણા માટે જરૂરી છે, શાકભાજી, લીલી વનસ્પતિ, તાજાં ફળો વિગેરે એવા વિટામિન તત્વોને લીધે હાડકાં મજબુત બનાવે છે તે લોહીને વધારે છે. મીઠું શરીરના વિકાસ માટેનું એક જરૂરી દ્રવ્ય છે. ઘી, તેલ જેવા ચરબીજન્ય પદાર્થો શરીરના અંગોને આકાર આપે છે, અને શક્તિનો સંચય કરે છે.

ચોખા, ખાંડ, વનસ્પતિજન્ય ખોરાક–દાણા, કઠોળ વિગેરે શક્તિ સંપાદન અને પોષણ માટે જરૂરી છે. જુદી જુદી જાતના મસાલા અને તેજાતના જઠરાગ્નિને પ્રદીપ્ત કરીને ભૂખ લગાડે છે.

ઉગતા બાળક માટેની ખોરાક યોજનામાં પૂરતા પ્રમાણમાં શરીરને વિકાસ આપનારા તથા પોષક તત્વોનો સમાવેશ થવો જોઈએ. બાળકને માટે દૂધ સૌથી વધારે કિંમતી અને સત્વપૂર્ણ ખોરાક છે. અને ખાસ કરીને વનસ્પતિ આહારીઓ માટે તો તે અનિવાર્ય છે.

દોઢ બે વરસથી વધારે ઉમ્મરના બાળક માટે ભોજન કેટલા ટંક અને ક્યા સમયે આપવું જોઈએ તેનો આધાર બાળકની વ્યક્તિગત રૂચિ અરૂચિ તથા કુટુમ્બના રિતરિવાજો ઉપર રહે છે. ચપળ અને તોફાની બાળકને વધારે ખોરાકની જરૂર રહે છે. બાળકની પાચનશક્તિને ખ્યાલમાં રાખીનેજ એના માટે ખોરાકની પસંદગી કરવી ઘટે.

મોટે ભાગે બાળકો કોઈપણ ચીજ હાથમાં આવે તો તે મ્હોમાં મુકે છે. કોઈપણ ખાદ્ય ચીજ કાળજીથી અને શ્રદ્ધાપૂર્વક આપવામાં આવે તો બાળક તરત ગ્રહણ કરી લેશે. અમુક ખોરાક પ્રત્યેની સુગ માતાની ગેરકાળજીને લીધે પેદા થાય છે. વધારે પડતી કાળજીથી નહીં ભાવતા જાતજાતના ખોરાકોને ઠાંસી ઠાંસીને ખવડાવવાથી બાળકને આપણે નુકશાન જ કરીએ છીએ.

ઘેલાં હેતથી બાળકને હદ ઉપરાંત ખવરાવતી માતા મનમાં ગલત રીતે એમ માને છે કે એ બાળકને ટુંક સમયમાં રૂષ્ટપુષ્ટ બનાવી દેશે.

બાળકની જીવન પ્રક્રિયા અને વિકાસ માટે ખોરાકની યોજના જ લાભદાઈ બની શકે.

આપણા સમાજમાં ઠેર ઠેર દેખાતા નિસ્તેજ અને નિર્માલ્ય શિશુઓને જોઈને માનવું રહ્યું કે કાંતો આ સમાજમાં ખોરાકનો દુકાળ પડ્યો છે યા તો સુસંસ્કારી માતાઓનો અભાવ છે!!

ફ્રાંસની આરોગ્ય વાર્તા

લેખક:
ઝાં પાલ સાર્ત્ર

માનવ-કલ્યાણ માટે ખૂન

ભાવાનુવાદ:
'ચક્રધારી'

લંડનની મુખ્ય અદાલતમાં આવતી કાલે એક અસાધારણ મુકદ્દમો રજુ થનાર છે. ગુન્હેગારના અપરાધ માટે કોઈ શંકા બાકી રહી નથી અને સાથે સાથે એ મુકદ્દમો જીતી જશે એમાં પણ કોઈ શંકા નથી. એ અસાધારણ અપરાધ-પ્રકરણનું વિવરણ હું ટૂંકામાં કરું છું.

મે માસની વીસમી તારીખની આ વાત છે. લંડનના સુપ્રસિદ્ધ ફેફસા-રોગના નિષ્ણાત ડૉ. હેલિડન હિલની બંને બેઠકોની જગ્યા રોગીઓથી ભરેલી છે. ભીડ તો રોજ આટલીજ થાય છે, કારણ કે સેંકડો ક્ષય-રોગીઓને નિરોગી કરવાનો યશ ડૉકટર હેલિડન હિલને પ્રાપ્ત થયો છે.

રોગ-નિદાનગૃહની ચારે બાજુએ કાચની બારીઓ છે અને દરવાજા પર ચીનાઇ રેશમના લહેરાતા પરદાઓ નજરે પડે છે. નિદાનગૃહની બરાબર મધ્યમાં એક મોટું સુસજ્જ અને સુંદર મેજ રાખવામાં આવ્યું છે, જેની સામે ખુરશીમાં હમણાંજ બહારથી આવેલા ડૉ. હિલ બેઠેલા છે. ચહેરા પર સુખ અને સંતોષની રેખાઓ જણાય છે અને આંખોમાં હોંશિયારીની ચમક નજરે પડે છે. સામે એનો સહકારી બેઠો છે જે અંદર આવતા દરેક રોગીનું વ્યવસ્થાપત્ર ટૂંકાણમાં 'શોર્ટ હેન્ડ'માં ડૉકટરના આદેશ મુજબ લખી રહ્યો છે. પ્રવેશદ્વાર પર ડૉકટરનો (ઓર્ડરલી) નોકર લાલ મખમલની વર્દીનો પોષાક, એના પર ચમકતો પટ્ટો અને બીલ્લાવાળી ટોપી તેમજ જમણા-ડાબા હાથમાં વીંટીઓ પહેરીને દમામથી ઊભો છે. એના એક કાંડા પર ભગવાન ક્રાઈસ્તનું અને બીજા કાંડા પર એક સુંદર નગ્ન પરીનું છુંદણું ત્રોફાવેલું નજરે ચઢે છે. જેની નિદાન-પરીક્ષા થઈ ચૂકી હોય એવા દુર્બળ ક્ષય-રોગીને પોતાના સશક્ત હાથોની મદદ આપી, ડૉકટરના આદેશ મુજબ તરત જ બહાર લઇ જઈ એક વિશેષ પ્રકારની આરામ ખુરશીમાં બેસાડી, 'લીફ્ટ'ની મદદથી નીચે પહોંચાડવાનું એનું મુખ્ય કામ છે.

રોગી આવે છે, નિષ્પ્રાણ-હતાશ-છાતી ખૂલ્લી કરીને. એના આવતાંની સાથે જ ડૉ. હિલ 'પ્લેત્રિમીટર' અને એક નાની નલિકા દ્વારા રોગીની છાતી તથા પીઠ તપાસે છે... 'ઠક...ઠક...ટિક.. હાં...શ્વાસ લો! હાં... જરા વધુ જોસથી ..પાંચ સુધી ગણો બસ...બસ ઠીક છે.' બે સેકંડ પછી તરત જ ડૉ. વ્યવસ્થાપત્ર લખાવે છે અને થોડી સેકંડમાં જ એ કામ પૂર્ણ કરી 'હા...આ પછી કોનો નંબર છે?' બોલી ઊઠે છે.

છેલ્લાં કેટલાયે વર્ષથી આ ક્રમ રોજનો થઈ પડયો છે. રોજ સવારે નવ થી બાર સુધી રોગીઓનો કાફલો આવતો રહે છે અને પોતાના જીવન-મરણનું વ્યવસ્થાપત્ર લઇ ચાલતો થાય છે. આવે છે...અને ચાલી જાય છે...!

એ જ પ્રમાણે વીસમી મે ના દિવસે બરાબર નવ વાગે એક રોગી ડૉકટરના નિદાનગૃહમાં દાખલ થયો. લાંબો અર્ધનગ્ન અને દેખાવમાં હાલતા-ચાલતા હાડપિંજર જેવો. એની આંખોની કીકી હમણાં જ જાણે બહાર ધસી આવતી હોય એવી જણાતી હતી. માંસ અને લોહી વિહીન એનું આખુંયે શરીર પીળું પચ્ચ જણાતું હતું. આવીને તરત જ એ જોસ જોસથી ખાંસવા લાગ્યો. ખાંસીની સાથે જ એની છાતી ધમણની માફક ઉંચે-નીચે થવા લાગી. જાણે હમણાં મરી જશે-હમણાં ઢળી પડશે એવું લાગતું હતું. ખાંસીનું જોસ થોડું નરમ પડયું કે તરત જ ઓર્ડરલીએ એને ડૉકટરની સામે બેસાડી દીધો.

નિયમાનુસાર સંક્ષેપમાં નિદાન કરી ડૉકટરે જણાવ્યું; 'કોઇ આશા બાકી નથી. ડાબી બાજુનું આખુંયે ફેફસું ખરાબ રીતે સડી ગયું છે...જમણું બહુ જલ્દી સડવાની તૈયારીમાં છે.'

રોગીએ સાશંક, ભયવિહ્વળ અને કંપતા સ્વરે પૂછ્યું: 'ડોકટર સાહેબ!...કોઇ ઉમેદ?' એના અવાજમાં જાણે એવું લાગતું હતું કે હજુ એને આ દુનિયામાં ઘણું કામ કરવાનું બાકી હતું.

'આના પછી કોનો નંબર છે?' ડોકટરના એ અવાજની સાથે જ ઓર્ડરલી એને લઈ જવાની તૈયારીમાં જ હતો એટલામાં રોગીનો ભયઆકંપિત ચહેરો જોઇને વ્યંગ સાથે એ વિશેષજ્ઞ ડોકટર મુક્તહાસ્ય સાથે બોલ્યા:

'જીવવાનો બહુ મોહ લાગે છે...શું આપ બહુ જ દોલતમંદ છો?

ડોકટરના શબ્દોથી જાણે રોગીને બોલવાનું બળ પ્રાપ્ત થયું. એણે પોતાની ધસી આવતી બીહામણી આંખોમાં થોડીક ચમક બળપૂર્વક લાવી, અશ્રુથી રૂંધાએલા અવાજે કહ્યું:

'હા, ડોકટર સાહેબ, હું કરોડપતિ છું... ધનની મારે કોઇ ખોટ નથી,મારે જીવવું છે.'

'તો આપ એક કામ કરો...' થોડીવારે ડોકટરે વિચાર કરી જણાવ્યું; 'આપ એમ્બ્યુલન્સ ગાડીમાં બેસી અહીંથી સીધા વિક્ટોરિયા સ્ટેશન ચાલી જાવ. ત્યાંથી અગ્યાર વાગે જતી એક્સપ્રેસ ગાડીમાં 'ડોવર' જાવ. ત્યાંથી સ્ટીમરમાં 'કૈલેસ' પછી 'માર્સાઇ' જાવ અને પછી ગરમ 'સ્લીપીંગ કાર'માં બેસી 'નાઇસ' પહોંચો. બસ. ત્યાં આપ રહો અને છ મહિના સુધી રોટી, શરાબ, ફલ, માંસ વગેરે બધાંનો ત્યાગ કરો. માત્ર પાણીને ખોરાક બનાવો. એક એક દિવસને આંતરે એક ચમચો વર્ષા જલમાં બે ટીપાં આયોડિન મેળવીને પીવાનું શરૂ કરો. જુઓ...આ સિવાય કંઇજ ખાતા પીતા નહીં. હું તમને ઝાઝી આશા નથી આપી શકતો પણ આ એક તક છે. આ એક અંદાજ-ચિકિત્સા છે જેનું નામ મેં માત્ર સાંભળ્યું જ છે. પરંતુ, એનાથી બીલકુલ સરસ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવું મને તો અશક્ય લાગે છે. તો પણ હું આપને ત્યાં જઈ આ પ્રયોગ કરવાનું કહું છું...સંભવ છે કદાચ આપ તંદુરસ્તી પાછી પ્રાપ્ત પણ કરી શકો. દુનિયામાં કેટલીક વાર અસંભવ વસ્તુ પણ સંભવિત બની જાય છે એટલે આ નુસ્ખો અજમાવવા જેવો છે. ઠીક...ઓર્ડરલી...હવે બીજો નંબર...?'

રોગીને થોડીક આશા બંધાઈ. એ ડોકટરનો વારંવાર આભાર પ્રદર્શિત કરતો નોકરની સાથે બહાર નીકળી ગયો.

એ બનાવ પછી લગભગ છ મહિના બાદ, ડીસેમ્બરની ત્રીજી તારીખે બરાબર નવ વાગે કિંમતી 'ફર'નો સૂટ પહેરીને એક વિશાળ આકૃતિની વ્યક્તિ 'નંબર-કાર્ડ' વગર સીધી ડોકટર હિલના એ નિદાન-ગૃહમાં આવી ઊભી. પુષ્ટ માંસલ બાહુઓ, મોટી મોટી ભૂરી આંખો, પહોળી છાતી અને સશક્ત બદન; જાણે પરી કથાનો કે પૌરાણિક કથાનો કોઇ દાનવ આવી પહોંચ્યો હોય એવું લાગતું હતું.

ડોકટર હિલ બહારથી હમણાં જ આવીને ગરમ સૂટ પહેરી બેઠા હતા. સવારની ગુલાબી ઠંડીને કારણે ડોકટરનું શરીર થોડુંક કંપી રહ્યું હોય એમ લાગતું હતું. પેલા આંગતુકે ડોકટર હિલને પોતાના સશક્ત બાહુઓથી એક બચ્ચાની માફક ઉપાડયા અને સાશ્રુભર એક દીર્ઘ આલિંગન આપી ડોકટરને બાજુની એક આરામ ખુરશીમાં પડતા મૂકયા. ડોકટર હિલની હાલત એ સમયે બીલકુલ નિર્જીવ જેવી લાગતી હતી, જાણે એનો શ્વાસ બંધ થઇ ગયો હોય એવી

ડોકટર એ આગંતુકને આશ્ચર્યભાવથી જોઇ રહ્યા. થોડીવાર પછી આગંતુકે ઉંચા અને દૃઢસ્વરે કહ્યું:

'કેટલા જોઇએ આપને...? વીસ લાખ...? ત્રીસ લાખ......?'

ડોકટર હિલ મૌન રહ્યા. એની સમજમાં કંઈ જ ન આવ્યું. પેલો આગંતુક કહેતો રહ્યો.

'હું આપના પ્રયત્નોથી જ આજે શ્વાસ લઈ રહયો છું. આજે આપના પ્રતાપે જ હું પૃથ્વીના દરેક આનંદનો ઊપભોગ કરવા સમર્થ બન્યો છું. ડોક્ટર સાહેબ, હું મારા આ નવા જીવનને માટે આપનો બહુ જ ઋણી છું બોલો બોલો ડોક્ટર સાહેબ! ગમે તે માગી લો ! હું આપની સેવામાં તૈયાર છું. આપ નિઃસંકોચ રીતે માગો. પૈસાની મારે ત્યાં કોઈ અછત નથી...એમ તો હું મારૂ સર્વસ્વ આપીને પણ આપના ઉપકારનું કરજ ચૂકાવી શકું તેમ નથી ...તો પણ જે માંગો એ આપવા માટે આજે મારૂં મન વ્યાકુલ છે. ડોક્ટર સાહેબ! આદેશ આપો ..જે આપ ચાહો તે...

આ દરમ્યાન ડોક્ટર હિલ સ્વસ્થ થઈ ગયા, એણે પેતાના ઓર્ડરલી તરફ ક્રોધ પૂર્ણ મુખ કરીને પૂછ્યું : 'આ કોણ પાગલ અહીં ઘૂસી આવ્યો છે? એને બહાર કાઢ .'

'અરે...ના...ના !' કહેતાં પેલી આગંતુક વ્યક્તિએ એટલા જોસથી પોતાનો મુક્કો ટેબલ પર પછાડયો કે ઓર્ડરલી ડરી ગયો એ વ્યક્તિએ ફરી કહેવાનું શરૂ કર્યું :

'ડોક્ટર સાહેબ ! હું જુઠું નથી બોલતો, આપજ મારા પ્રાણરક્ષક છો; આપે જ મને મૃત્યુના દ્વારેથી બચાવી લીધો છે. હું એજ વ્યકિત છું કે જેને આપે 'નાઈસ' મોકલી હતી અને માત્ર 'વોટરક્રશ' લેવાનો આદેશ આપ્યો હતો. હું એજ વ્યક્તિ છું, જેને માટે આપે કહયું હતું કે બંને ફેફસાં સડી ગયાં છે! એક આંતરે એક ચમચા વર્ષાપાણી સાથે બે ટીપાં આયોડિન પીને હું આટલો બધો તંદુરસ્ત થઇ ગયો છું. એ સર્વ આપની ચિકિત્સા-દષ્ટિનો પ્રભાવ છે. આપને વિશ્વાસ ન આવતો હોય તો જુઓ...'એટલું કહીને એ વ્યક્તિએ પોતાની છાતી પર જોર જોરથી મૂક્કા મારવા શરૂ કર્યા કોઇ પણ તંદુરસ્ત માનવી એ મુક્કા-પ્રહાર થી છાતી ફાટી જાય એવાં સખત મુક્કાઓ એણે પોતાની છાતીમાં માર્યા.

અને ડોક્ટર ને યાદ આવ્યું;

'શું આપ ખરેખર...પેલાં કરોડપતિ છો, જેને મેં...દિવસે......

'હા...ડોક્ટર સાહેબ ! હું એજ કરોડ-પતિ...માગો...જે જોઇએ તે મારે પાસેથી માગી લો....મારા પ્રાણરક્ષક...!' કહેતો એ કરોડપતિ માનવી બાજુના સોફામાં 'ધમ' કરતો બેસી ગયો. સોફાની સ્પ્રીન્ગો એના વજનથી તૂટવાની શરૂઆત કરતી હતી'

ડોક્ટર હૌવિડન હિલ એક ગંભીર વિચારમાં પડી ગયા. એણે કોઈ ઊંડાણભર્યું ચિંતન કર્યું હોય એવું લાગતું હતું. થોડી વાર પછી એણે પોતાના સેક્રેટરીસહાયક અને ઓર્ડરલીને બહાર જવાનો આદેશ આપ્યો.

પાંચેક મિનિટ પછી ડૉ. હિલ ઉભા થયા. એમણે પેલા કરોડપતિ માનવીને કહયું:

'જુઓ! આપના ચહેરા પર એક માખી બેઠી છે એને હું ઉડાડી દઉં...!' કહેતાંની સાથે જ ડૉ. હિલે પોતાના ગજવામાંથી એબી-રીવોલ્વર કાઢીને એ કરોડપતિના કપાળમાં ગોળી છોડી. તંદુરસ્તીથી ચમકતો એ કરોડ-પતિનો ચહેરો રકતનો ફુવારો બની ગયો. થોડીજવારમાં એ નિર્જીવ બનીને સોફા પર ઢળી ગયો.

ડોક્ટર એને સંતોષપૂર્ણ ચહેરે જોઇ રહયા. એ પછી એક મોટી કટાર લઇને એણે કરોડપતિની મજબૂત છાતી ચીરી અંદરનું ફેફસું બહાર કાઢી ટેબલ પર મૂક્યું. રક્તરંગી એ ફેફસાની એક મોટા લેન્સવાળા અણુવિક્ષણ-યંત્ર દ્વારા પરીક્ષા નિદાન કરવા લાગ્યા. માનવ ફેફસા પર 'વોટરક્રશ'નો પ્રભાવ નીહાળવા અને એના પર પોતાનું ચિંતન

કરવામાં ડૉ. હિલ મશગુલ હતા ત્યારે પોલિસ એને પકડવા આવી પહોંચી. એ સમયે પોલીસને લાગ્યું કે કોઈ મહાન વિજ્ઞાની-શોધક પોતાની અમૂલ્ય શોધખોળની દુનિયામાં પડયો હોય એવી ડૉ. હિલની હાલત હતી.

માનવહત્યા માટે ડૉ. હિલની ધરપકડ કરવામાં આવી. એમને એમની વ્યક્તિગત આબરૂના જામીન પર છોડવામાં આવ્યા. અદાલતમાં રજુ કરવા માટે એમણે એક નિવેદન તૈયાર કર્યું હતું જેમાં લખવામાં આવ્યું હતું :

'મેં એ વ્યક્તિની જાણીબુઝીને હત્યા કરી છે. કારણ કે એની છાતી ચીરી, ફેફસાં જોયા વગર મારા માટે એ જાણવાનું અસંભવ હતું કે 'નાઇસ'માં 'વોટરક્રેશ' પર રહેનાર એક જર્જરિત ફેફસાંવાળી વ્યક્તિ આટલી તંદુરસ્ત ક્યાંથી થઈ શકે? મારે એ 'વોટરક્રેશ'ની ફેફસાં પર થતી અસર જાણવી હતી. એ જાણ્યા પછી હું લાખ્ખો માનવીના જાન ટી. બી.માંથી મુક્ત કરી શકું તેમ છું. વિશ્વ-કલ્યાણના મહાન કર્તવ્ય માટે મેં એક તંદુરસ્ત માનવીની હત્યા કરી છે, માનવીનો સાધારણ વિવેક મૂકીને.'

ડૉ. હિલનો મુકદમો આવતી કાલે અદાલતમાં રજુ થનાર છે. મને વિશ્વાસ છે કે ડૉ. હિલને માનવ-કલ્યાણના કર્તવ્ય પાલન માટે એક 'તુચ્છ' હત્યાના આરોપને માટે ફાંસી પર નહીં લટકવું પડે. (ચિત્રકથા)

—o—



વિટામિન–સી

લેખક: શ્રી ગગનદૂત

આપણે ત્યાં ઘણા વડીલો દવાદારૂના દેશી ટુચકાઓ જાણતા હોય છે. પેટમાં દુઃખતું હોય તો અજમા સાથે થોડું મીઠું મેળવીને ખાઓ, ગેસ જેવું હોય તો સંચળ ખાઓ, કબજીયત હોય તો હરડે લઇ લો, તાવ કઠવો હોય તો કડુકરીયાતું લો વગેરે વગેરે સુચનાઓ આપણને મળી રહે છે. પગ મરડાયો હોય તો હળદર, ગોળ અને મીઠાનો લેપ લગાડવાનું પણ કહેવામાં આવે છે. આવા રોજના ઉપયોગના ટુચકાઓ આપણા જુના વડીલો જાણે છે. પણ અંગ્રેજી શિક્ષણ પામેલા આજના યુવાનો વૈદ્યકના ટુચકાઓ નથી જાણતા એટલું જ નહીં પણ નવા યુગની દવાઓ વિશે પણ તેઓ ઘણાં અજ્ઞાત જોવામાં આવે છે. જુનું જાણવાની પરવા ન હોય, એ પ્રત્યે સુગ હોય તો પછી નવાયુગની દવાઓના ટુચકા જાણી લેવા જરૂરી છે. દરેક નાની નાની બાબતમાં ડૉકટર પાસે એકદમ દોડી જવું એ પણ ઇચ્છવા જેવું તો નથી જ ! જેમ ખોરાક વિશે આપણે જાણવાનો પ્રયત્ન કરીએ છીએ, જો કે આવો પ્રયત્ન કરનાર ઘણાં ઓછા છે–તેમ નવા યુગની થોડી દવાઓ કે એની શોધો વિશે આપણે જાણવું જરૂરી છે,

વૈદ્યક ! વિશ્વાસ રાખનારાઓ આ યુગના ડૉકટરોને નિંદે છે અને ડૉકટરોમાં વિશ્વાસ રાખનારા વૈદો તરફ સુગથી જુએ છે એ વાત યોગ્ય નથી. આયુર્વેદ પાછળ જેમ વર્ષો જુનો અનુભવ છે. તેમ આજની નવી પ્રથા એલોપથી પાછળ સારા સારા માણસોના સંશોધનની મહેનત પડેલી છે. કોઇએ કોઇને ધિક્કારવા જેવું નથી. પણ જેને જેમાં શ્રધ્ધા હોય તેમાંથી રોજના ઉપયોગમાં કામ આવે એવું જ્ઞાન મેળવી લેવું જરૂરી છે. આયુર્વેદના ટુચકાઓ કે એલોપથીની થોડી દવાઓ વિષે આપણે કંઇ જાણતા હોઇએ અથવા તો સમજતા હોઇએ તો તે આપણને જ ફાયદો કરે છે.

મોટરનું થોડું મીકેનીઝમ જાણતો ડ્રાઈવર આપણને જેમ વધુ ગમે છે તેમ આપણા શરીરના આપણે પોતે જ ડ્રાઈવર છીએ અને એનું થોડું ઘણું મીકેનીઝમ આપણે જાણવું જરૂરી છે. મીકેનીઝમ જો બગડયું તો એમાં કેમ સુધારો કરવો એ વિષે થોડા સામાન્ય જ્ઞાનની જરૂર છે. મોટરના યંત્રો વિષે થોડું જ્ઞાન હોય તો નાની મુશ્કેલીઓ આપણે ટાળી શકીએ છીએ તેમ શરીર અને એની જરૂરીયાતો વિષે જો થોડું જ્ઞાન હોય તો આપણે ઘણીવાર વધુ બગડતી બાજીને સુધારી શકીએ છીએ અને ખોટા ખર્ચમાંથી બચી જઇએ છીએ.

દવાના ક્ષેત્રમાં નૂતન વિજ્ઞાને વીટામીન્સની જે શોધો કરી બતાવી છે અને એનું જે મહત્વ સાબીત કર્યું છે એ વિષે પણ આજના નવા યુગના યુવાનો અથવા તો જેઓ વૈદ્યકશાસ્ત્રમાં નથી માનતા તેઓ કંઇ જાણે છે ખરા !

દેહના ઘડતર માં વીટામીન્સ બહુજ અગત્યનો ભાગ ભજવે છે એ જાણવું શું જરૂરી નથી ? આપણે વીટામીન 'સી' વિષે થોડો વિચાર કરીએ. શરીરમા અમુક તત્વોનો અભાવ શરૂ થાય છે ખાવું, પીવું, શ્રમ વગેરે જો બધું જ નિયમીત થતું હોય તો પછી માંદગી આવવાનું કોઈ પણ કારણ નથી. પણ આપણે જીવન પ્રત્યે એટલા બધા બેદરકાર છીએ કે જેને લીધે પાછળથી તંદુરસ્તી પણ આપણી બાબતમાં બેદરકાર જ રહે છે. આપણે જો તંદુરસ્તીની તબીયત ન જાળવી શકીયે તો પછી તંદુરસ્તી આપણી તબિયત જાળવવાની શા માટે પરવા કરે ! કુદરતના ચોપડે, શરીરની બાબતમાં લેતીદેતીનો હીસાબ બહુ જ જલ્દીથી પતાવી દેવામાં આવે છે. તમે જો શરીરની પરવા નહીં રાખો તો કુદરત પણ તમારા શરીરની પરવા નહી કરે. વીટામીન 'સી' એ કુદરતમાં પેદા થતું એક અદભુત તત્વ

છે અને આ તત્વ ખાસ કરીને લીલોતરીમાં ખૂબ મળી આવે છે. લીલોતરી એટલે શાકભાજી, ફળ વગેરે અને બજારમાં એની તૈયાર ટીકડીઓ પણ મળે છે.

વીટામીન **'સી'** ના અભાવે શરીરમાં અનેક જાતની ફરીયાદો ઉભી થવી જોવામાં આવે છે. દાંતના દરદો ખાસ કરીને આ તત્વના અભાવે જ ઉભાં થાય છે. પ્રાણીઓના દાંતનો અભ્યાસ કરો. જે પ્રાણીઓ શાકાહારી છે એમના દાંત જીવનના અંતસુધી બગડતાં જ નથી. માંસાહારી પ્રાણીઓના દાંત પાછલી ઉમરે અમુક પ્રમાણમાં પડી જતા જોવામાં આવ્યાં છે. દાંત ખરાબ હોય, સ્કર્વી જેવો રોગ હોય તો વીટામીન **સી**ના સેવનથી જરૂર ફાયદો થાય છે. આ વીટામીનને પરીણામે પેશાબની છુટ રહે છે અને તેથી કીડની વગેરેની તંદુરસ્તી જળવાઈ રહે છે. પેશાબની છુટને કારણે ઘણાં ઝેરી તત્વો શરીરમાંથી બહાર નીકળી જાય છે, આંતરડા મજબુત બનતાં જાય છે અને શરીરમાં સ્કુર્તિ રહે છે. બાળક વારંવાર પેશાબ કરતું રહે છે એની પાછળ કુદરતે કેવી ગણત્રી માંડેલી છે એનો ખ્યાલ હવે આવી જશે.

ઘણાં માણસો સાંધા દુખવાની, નસો ખેંચાવાની ફરીયાદ કરતા જોવામાં આવે છે અને પછી મનને મનાવે છે કે ઉમર થતી ચાલે છે એટલે આવું બને છે; કોઇ એમ માને છે કે સંધીવા લાગુ પડયો છે. પણ મોટે ભાગે એ જોવામાં આવ્યું છે કે આ બધી ફરીયાદો વીટમીન **સી**ના અભાવે ઉભી થયેલી છે. વર્ષો પહેલાં જ્યારે વીટામીન્સ જેવા તત્વો જાણવામાં ન્હોતાં આવ્યાં ત્યારે બનેલો એક પ્રસંગ યાદ આવે છે.

એક ભાઈને શરીરનાં સાંધા રહી જતા હતા અને નસો ખેંચાતી હતી. તે ડોકટર પાસે ગયો. ડોકટર દવાઓ આપવી શરૂ કરી પણ કંઇ ફાયદો ન થયો, ઘણાં પૈસા બગાડયા અને છેવટે કંટાળી ગયો. પછી તે એક વૈદ્ય પાસે ગયો તો વૈદે કહયું, "દવા આપવાની કંઇ જરૂર નથી. એકાદ બે લીંબુ ચુસતા રહો. લીંબુ ન ચુસાય તો એનું શરબત બનાવો. રોજ બે ગ્લાસ નારંગીનો રસ લો; નારંગી મોંઘા પડતા હોય તો પછી લીલાં આંબળાનું શરબત બનાવીને પીઓ."

સાંધા દુઃખે અને લીંબુ! પેલા ભાઇને વિશ્વાસ ન આવ્યો પણ તેણે અખતરો શરૂ કર્યો. દિવસમાં ત્રણ વખત તે લીંબુનું શરબત લેવા લાગ્યા અને આંબળાનું શરબત પણ ત્રણ વાર લેવું શરૂ કર્યું. એકાદ વર્ષથી લાગુ પડેલું દર્દ એકજ મહીનામાં ચાલ્યું ગયું! અને પેલા વૈદ પછી લીંબુવાળા વૈદ તરીકે ઓળખાવા લાગ્યા.

આજે હવે ખ્યાલ આવે છે કે આ બધી ચીજોમાં ખૂબજ પ્રમાણમાં વીટામીન **સી** ભરેલું છે અને એને અંગે એનો રોગ મટી ગયો. ૩૫ વર્ષની ઉમર પછી વીટામીન **સી**ની ખોટ શરીરને બહુ જ ઝડપથી જણાવા માંડે છે અને દેહની ચપળતા જાળવી રાખવા માટે આ તત્વની ખૂબ જ જરૂર રહે છે. ૩૫ વર્ષની ઉમર પછી સ્ત્રીપુરૂષે ખૂબજ સાવધાન થઈ જવાની જરૂર છે અને જો લીલોતરી, કે શાકભાજીનું પ્રમાણ વધારી મૂકવામાં આવે તો યૌવનના જેવી જ સ્કુર્તિ દેહમાં જળવાય રહે છે. જે પ્રાણીઓ માત્ર લીલોતરી ખાનારા છે એમનામાં સ્કુર્તિનું પ્રમાણ વધુ જોવામાં આવ્યું છે. હરણમાં કે શશલામાં રહેલી તાજગી અને ચપળતા નિહાળશો તો આ વાતનો ખ્યાલ આવી જશે. હાથી ભલે સ્થૂળ દેખાય પણ દેહના પ્રમાણમાં એની ચપળતા સસલાં કરતાં પણ વધુ ગણાય છે.

ઘા રૂઝવવામાં પણ આ તત્વ સારો ભાગ ભજવે છે. ચામડી વગેરેના દર્દો થયાં હોય તો વીટામીન **સી**ના સેવનથી બહુ જ ઝડપી ફાયદો થાય છે. ચામડીની તાઝગી જાળવી

રાખવામાં આ જ તત્વ મૂખ્ય ભાગ ભજવે છે. આંખ નીચે જો કાળા ડાઘ પડતા જણાય તો ચોક્કસ માનવું કે વીટામીન સીની બહુ જ મોટી ખોટ શરીરને પડી રહી છે. ચહેરા ઉપરનું સૌંદર્ય જાળવી રાખવામાં આ વીટામીન બહુ જ મોટો ભાગ ભજવે છે. પફપાવડર અને લાલી લગાડીને યૌવન જાળવી રાખવાનો પ્રયત્ન કરનારી સ્ત્રીઓએ આ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. જે યુવાનોના ચહેરા ઉપરથી તેજ ઉડી ગયું હોય તેમણે પણ આ વાત યાદ રાખવા જેવી છે. ઓપરેશન પહેલાં અને ઓપરેશન પછી વીટામીન સીના ઇન્જેક્શનો વારંવાર આપવામાં આવે છે કે જેથી કરીને ઘા જલ્દી રૂઝાય અને ચામડી ફીક્કી ન પડે.

ગેસ, આંતરડાના દર્દો અને પેટમાં પડેલાં ચાંદા ઉપર પણ વીટામીન સી બહુ જ અગત્યનો ભાગ ભજવી બતાવે છે. આ વીટામીન ડીપ્થીરીયા, મોટી ઉધરસ તેમજ બીજા થોડા ચેપી દર્દોથી પણ સારૂં રક્ષણ કરતું જોવામાં આવ્યું છે. બાળકોને મોટી ઉધરસ થઈ હોય તો વીટામીન સીના પરીણામે એમને ઘણી રાહત રહે છે, મોટી ઉધરસની ખાસ કોઈ અકસીર દવા આવતી નથી પણ વીટામીન સીની બાબતમાં આ ક્ષેત્ર ખરેખર સંશોધન કરવા જેવું છે. એનીમીયાના પણ કેસોમાં બીજી દવાઓ સાથે જ્યારે વીટામીન સી આપવામાં આવ્યું છે ત્યારે પણ જલ્દી સુધારો થતો જોવામાં આવ્યો છે.

આ વીટામીન લોહીમાંથી જલ્દી ખલાસ થઈ જાય છે એટલે તે વારંવાર લેવું જરૂરી છે ૧૦૦ થી ૨૦૦ મીલીગ્રામ જેટલું, આખા દિવસ દરમ્યાન લેવું જરૂરી છે. ટીકડીઓ પણ મળે છે અને કોબી, ટમેટાં, લીલાં મરચાં નારંગી, આંબળાં, મૂળા તેમજ બીજા ફળોમાં તે સારા પ્રમાણમાં મળી આવે છે. લીલા બાફેલા શાકમાં એનું પ્રમાણ ગરમીને કારણે ઘણું ઘટી જાય છે એટલે કાચી વસ્તુઓ વધુ ખવાય તેમ વધુ સારૂં! સગર્ભા અવસ્થા દરમ્યાન તેમજ સ્તનપાનના સમય દરમ્યાન આ વીટામીન ખૂબ જ સારા પ્રમાણમાં લેવું જરૂરી છે દેહને સપ્રમાણ બનાવી દેવાનું કામ તે ઝડપથી કરી શકે છે. જાડા માણસોએ શાકભાજી તથા ફળના ખોરાક ને અપનાવો કરવા જેવો છે ('ચિત્રલેખા'માંથી)

મેલેરિયા

લે. શ્રી. પ્રભુભાઇ મ. ભક્ત
આયુર્વેદાચાર્ય : પ્રાન્તીજ

આસો અને કારતક માસમાં વરસાદ બંધ થવા પર સમગ્ર ભારતવર્ષમાં મેલેરિયાનો ભયંકર પ્રકોપ થાય છે. સરકારી આંકડાના હિસાબે આપણા દેશમાં પ્રતિવર્ષે ૧૦ કરોડ વ્યક્તિ મેલેરિયાથી પીડાય છે. તેમાં પ્રાય: ઘણા મનુષ્યો મરી જાય છે અને ઘણાખરા રક્ત અલ્પ થવાને કારણે નિર્બળ બની જાય છે. જે દેહને માટે ભારરૂપ હોય છે. એટલા માટે મેલેરિયા આપણા દેશનો એક ભયંકર શત્રુ છે. પ્રત્યેક મનુષ્યે આત્મ રક્ષણ માટે આનાથી બચવાના ઉપાયો જાણવા જરૂરી છે.

મેલેરિયાની ઉત્પત્તિ

શરદઋતુ અર્થાત આસો અને કારતક માસમાં વરસાદ બંધ થવાથી મેલેરિયા બહુજ ફેલાવા લાગે છે. જે સમયે આનાથી બચવું ઘણું જ કઠણ થઇ પડે છે. આધુનિક વિજ્ઞાને સિદ્ધ કર્યું છે કે એનોફિલિસ જાતિના પ્લાઝમો-ડીન નામના મેલેરિયા ફેલાવવાવાળા મચ્છર સ્વચ્છ પાણીમાં જ ઈંડાં મૂકે છે જ્યાંસુધી વરસાદ વરસે છે ત્યાંસુધી પાણી ગન્દુ હોય છે, એટલા માટે તે સમયે મેલેરિયાના મચ્છરો ઈંડા મુકવાને અસમર્થ બને છે. વરસાદ બંધ થવા પર જળસંચયના સ્થાનો જેવા કે તળાવ નાના મોટા ખાડાઓ–ખાબોચિયાઓ–ઘરના છાપરા પર રાખેલા ભાંગેલા તુટેલા વાસણો ફુલઝાડોના કુંડાઓ વગેરેમાં પણ મેલેરિયાના મચ્છરો ઈંડા મુકી કેટલાક દિવસોમાં અસંખ્ય નવા મચ્છરો ઉત્પન્ન કરી દે છે. મેલેરિયાના મચ્છરો જ્યારે મનુષ્યને કરડે છે ત્યારે તે તે તેના રક્તમાં મેલેરિયાના જંતુઓને મુકે છે અને જંતુઓ તે મનુષ્યના શરીરમાં ફેલાઇ મેલેરિયાને ઉત્પન્ન કરે છે. મેલેરિયાના મચ્છર શરીરમાં કરડે ત્યારબાદ ૧૨–૧૩ દિવસમાં લોહીમાં અસંખ્ય જંતુઓ પેદા થાય છે. મેલેરિયાના મચ્છરો ઘણું ખરૂ તો અંધારામાં રહે છે. જે વરસે અધિક વરસાદ થાય કે બા અઠવાડિયું બે અઠવાડિયાં રોકાઇ વરસાદ વર્ષે તે વર્ષે મેલેરિયાનો અત્યધિક પ્રકોપ થાય છે. આસામમાં વર્ષના આઠ મહિના વરસાદ વર-થવાને કારણે ત્યાં મેલેરિયાનો ભયંકર પ્રકોપ થાય છે. ત્યાંના રહીશો સિવાય ત્યાંની રેલ્વેમાં મુસાફરી કરનારને પણ મેલેરિયા આવી જાય છે.

મેલેરિયાના સર્વસામાન્ય લક્ષણો

મેલેરિયામાં ટાઢ અને કંપારી સાથે તાવ ચઢે છે. તાપમાન ઘણું ખરૂં ૧૦૨ થી ૧૦૫ કોઈ કોઇ વખત ૧૦૭ ડીગ્રી સુધી હોય છે. તાવ- સાથે ઊલટી–પાણીનો શોષ ભ્રમ (ચક્કર) વગેરે લક્ષણો વધતા ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. ત્રણ ચાર કલાક બાદ પસીનો આવી તાવ ઉતરી જાય છે. રોગ જો જુનો થઇ જાય તો બરોળ વધી જાય છે જેથી લોહી ઘટી જાય છે. મનુષ્યનું શરીર દુર્બળ બને છે.

મેલેરિયામાંથી બચવાનો ઉપાય

મેલેરિયાથી બચવાને માટે મચ્છર માત્રથી બચવું જોઇએ કારણ કે સાધારણ વ્યક્તિ માટે આ જાણવું કઠિન છે કે મેલેરિયા કયા પ્રકારના મચ્છરોથી ફેલાય છે. મચ્છરોથી બચવા માટે સ્થાયી અને અસ્થાયી બંને પ્રકારના ઉપાયો છે. સ્થાયી ઉપાય એ છે કે પોતાના નિવાસસ્થાનથી ૧૦૦ વાર યા તેથી પણ અધિક દૂર સુધી કોઇપણ સ્થળે જળનો સંચય થવો ન જોઇએ એવો પ્રબંધ કરવો જોઈએ. મેલેરિયાથી બચવાનું આ મહાન કાર્ય આપણા દેશની જનતાએ અને રાજ્યે સાથે મળી કરવું જોઇએ. શહેર અને ગામોની આસપાસ કોઇપણ સ્થળે જલનો સંચય ન હોવો જોઇએ કે જેથી મચ્છર ઉત્પન્ન થાય. આ રીતે પ્રયાસ કરવાથી મેલેરિયાનું પ્રમાણ ઘટે છે. આ પ્રકારનો પ્રબંધ સ્થાયી પ્રબંધ કર્યા વિના આપણો છુટકો જ નથી.

આપણી રાષ્ટ્રીય સરકાર મેલેરિયાથી બચવા માટે યદ્યપિ પ્રતિવર્ષ ઘણું જ ધન ખર્ચે છે પરન્તુ આ બધું અસ્થાયી યા ક્ષણિક છે. આ અસ્થાયી પ્રબંધ બે પ્રકારથી કરવામાં આવે છે. (૧) મેલેરિયાના મચ્છરોનો મનુષ્ય શરીરની સાથે સંપર્ક ન થવા દેવા માટે મચ્છરોને ડી. ડી. ટી. છાંટી નાશ કરવા. (૨) ફેલાયલા મેલેરિયાને વિવિધ ઔષધીઓથી (કવીનાઇન–પેલ્યુડ્રીન–કેમોક્વીન વગેરે) નષ્ટ કરવો.

પ્રાચીન કાળમાં લોકો આ મચ્છરોનો નાશ કરવા માટે ઘરોમાં ધુમાડો કરતા હતા. ધુમાડાથી મચ્છરો સમૂલ નષ્ટ થાય છે. આજે પણ દૂર દૂર ગામોમાં જ્યા ડી. ડી. ટી નો પ્રવેશ હજુ સુધી થયો નથી. ત્યાંના અશિક્ષિત ખેડુતો પણ પોતાના પરિવારને તથા પશુઓને મેલેરિયાથી બચાવવાને માટે સવારે સૂર્યોદય તથા સૂર્યાસ્તના સમયે નિયમિત રૂપથી વિવિધ ઉપકરણોથી પોતાના નિવાસસ્થાનને ધુમાડાથી પરિપૂર્ણ કરી લે છે. મેલેરિયાના મચ્છરોને નષ્ટ કરવાનો આ સૌથી સસ્તો–સરલ અને ઉત્તમ ઉપાય છે. ઘરનો કચરો અને નકામા ઘાસથી ધુમાડો કરવાથી મચ્છર અને વિવિધ પ્રકારના જંતુઓનો નાશ થાય છે. ધુમાડો કરવા માટે લાકડા–છાણા વગેરેનો ઉપયોગ ન કરવો જોઈએ, કારણ કે આથી ખર્ચ વધુ થાય છે. ધુમાડો કરવાનો સર્વોત્તમ ઉપાય એ છે કે પોતાના ઘરનો જે કચરો નીકળે તેમાં થોડા લીમડાના પાનો નાંખી એવી રીતે સળગાવવું કે જેથી ધીરે ધીરે સળગી ધુમાડો થયા કરે.

મચ્છરોથી બચવાને માટે મચ્છરદાનીનો ઉપયોગ પણ સારો છે પરન્તુ બધાની પાસે હોતી નથી. આવી સ્થિતિમાં રાત્રે સૂતી વખતે શરીર સરસવનું તેલ લગાવી સુવું જોઇએ. આથી મચ્છરોથી બચી શકાય છે. બંગાળ અને આસામના લોકો શરીર પર સરસવનું તેલ લગાવી સુવે છે જેથી તેઓ તેનાથી બચી જાય છે.

તુળસી અને મચ્છર

તુળસીમાં જે વિશિષ્ટ ગંધ હોય છે તેને કારણે આનો જ્યાં છોડ હોય છે ત્યાં મચ્છર તથા કીડા તે તે સ્થાનની આસપાસ જતા નથી. ઘરોમાં ઘરોની આસપાસ અને ઘરના બગીચામાં આના છોડ રોપવાથી મેલેરિયાના મચ્છરોનો ઘરમાં પ્રવેશ થતો નથી અને મેલેરિયાથી બચી શકાય છે. કેટલાક આધુનિક વિદ્વાન ડોક્ટરોનું મંતવ્ય છે કે મેલેરિયા સામે લડવાનું આ અમોઘ હથિયાર છે. સર જોર્જ વુડે ૧૯૦૫ માં લંડન ટાઈમ્સમાં લખ્યું હતું કે "મુંબઇમાં જ્યારે વિક્ટોરિયા ગાર્ડન અને મ્યુઝિયમના મકાનો બની રહ્યાં હતાં ત્યારે તેમાં કામ કરવાવાળા લોકોમાં મેલેરિયાનો પ્રસાર ઘણી ખરાબ રીતે ફેલાયો. એક હિન્દુ મેનેજરની સલાહથી તે સમયે બગીચાની ચારે તરફ પવિત્ર તુળસીના છોડો રોપવામાં આવ્યા. જેથી મચ્છરોની વૃદ્ધિ એકદમ બંધ થઈ ગઈ અને બાગમાં રહેતા માળીઓ અને અસ્થાયી રૂપમાં રહેતા મજુરોમાં ફેલાયેલો મેલેરિયા તાવ હંમેશને માટે નીકળી ગયો." આ પહેલાં સમગ્ર મુંબઇમાં બાગ સૌથી અધિક મેલેરિયાથી આક્રાન્ત રહેતો હતો. લંડનના ઇમ્પીરિયલ ઇન્સ્ટીટ્યુટના ડાક્ટર મોલ્ડીંગ અને ડાક્ટર પેલીએ કહ્યું છે કે તુળસીની અંદર એક એવું ઉડવાવાળું તેલ છે કે જે હવામાં મળી તાવને ઉત્પન્ન કરનારા બધા જન્તુઓનો નાશ કરે છે. અગસ્ત્ય સંહિતામાં કહ્યું છે કે જંગલની ચારે તરફ બે યોજન (માઇલ) સુધીના વાયુને તુળસીની ગંધ શુદ્ધ કરી દે છે.

પદ્મ પુરાણમાં કહ્યું છે કે જે ઘરની સામે આંગણામાં તુળસીનો બાગ હોય છે તે ઘર તીર્થ સમાન પવિત્ર રહે છે. તે ઘરમાં યમના દૂતો અર્થાત્ આયુર્વેદની પરિભાષામાં મેલેરિયાના મચ્છર યા રોગોત્પાદક જીવાણુ તથા બીજા પ્રાણનાશક રોગો થવા પામતા નથી અને ત્યાં રહેનારા મનુષ્યો અકાલ મૃત્યુથી બચે છે. તુળસીના મિશ્રણને પિચકારીમાં ભરી મચ્છરો પર છાંટવાથી માલમ પડે છે કે કે તેની ગંધથી મચ્છરો બહુ જ ડરે છે અને દૂર દૂર ભાગી જાય છે. મહારાષ્ટ્રમાં કેટલાક લોકો તુળસીના રોપાવાળા કુંડાને પથારીની પાસે રાખી સુઇ જાય છે. તેમનું કહેવું છે કે મચ્છરદાનીની તેમને જરૂરિયાત રહેતી નથી. તુળસીનો રસ શરીર પર ચોપડવામાં આવે તો તેથી પણ મચ્છરો કરડતા નથી. કેટલાક લોકો તુળસીની કોમળ ડાળી યા પુષ્પ મંજરિયોને બિસ્તરા રાખી સુઈ જાય છે આથી પણ મેલેરિયાના મચ્છરોનું આકર્ષણ થતું નથી.

મેલેરિયાની સર્વોત્તમ આયુર્વેદિક ચિકિત્સા

કાળી તુળસીમાં મેલેરિયા નાશ કરવાનો સર્વોત્તમ ગુણ છે. શારંગધર સંહિતામાં કહ્યું છે કે તુળસીનો રસ કાળા મરી સાથે પીવાથી મેલેરિયાનો નાશ થાય છે. જો તાવ ચઢયો હોય તો આઠ દશ તુળસીના પાનને કાળા મરી સાથે ખવડાવવાથી તાવ ઉતરી જાય છે. ફરી તાવ ન આવે તે માટે ચાર પાંચ લીલા પાનોની વચ્ચે તેટલાજ કાળા મરીને લપેટી તાવ આવે તે પહેલાં ત્રણ ચાર વાર આપવાથી મેલેરિયા મટે છે. મેલેરિયાના તાવમાં તુળસીનો ઉકાળો આપવાથી પસીનો આવી તાવ ઉતરી જાય છે.

સુરસાદીવટી

તુળસીના લીલા પાન તો. ૧૦ તથા કાળા મરી તો. ૫ આ બંનેને સારી રીતે ખરલમાં ઘુંટી નાની બોર જેવી ગોળીઓ બનાવી છાયામાં સુકવી લેવી. મેલેરિયામાં આ ગોળી ત્રણ ત્રણ કલાકે બબ્બે આપવી. ગ્રામ્ય-વિસ્તારમાં જ્યાં વૈદકીય સહાય મળતી નથી ત્યાં મોટા પાયા પર આનું નિર્માણ કરી છુટે હાથે લોકોને આપવી જોઈએ. આ સિવાય નીચેની ધન્વન્તરિ વટી પણ મેલેરિયામાં બહુ જ ઉપયોગી છે.

ધન્વંતરિવટી

કાળા મરીનું સૂક્ષ્મ ચૂર્ણ તો. ૧૦ લેવું. આ ચૂર્ણને પાણી નાખ્યા વગરના તુળસીના રસની સાત ભાવના આપવી અર્થાત સાત દિવસ સુધી આ ચૂર્ણમાં તુળસીનો રસ નાંખી ઘુંટવું. ત્યારબાદ ચણા જેવડી ગોળિઓ બનાવી લેવી. તાવ આવ્યા પહેલાં એક એક કલાકે આની ૩ ગોળી ૩ વાર આપવી જેથી મેલેરિયા મટે છે. જો તાવ આવ્યો હોય તો તેમાં પણ ત્રણ ત્રણ કલાકે આની બે ગોળી આપવી. ધર્માર્થ ઔષધાલયોમાં તથા સામાન્ય કક્ષાના લોકો માટે તુળસીનો પ્રયોગ કરવો ઘણો જ હિતાવહ છે.

મેલેરિયામાં વપરાતા આયુર્વેદિક ઔષધો

ટાઢ વાઈને આવતા મેલેરિયામાં મૃત્યુજંય રસને તુસસીના રસમાં આપવો. ત્રીભુવન કીર્તિ રસ પણ તુળસીના અનુપાનમાં આપવાથી મેલેરિયા મટે છે. નવસાર–કાળામરી સુરોખાર અને લાલ ફટકડીને સરખે ભાગે લઇ તેને તાવી પર રાખી જરા સેકી લેવું ત્યારબાદ તેનું સૂક્ષ્મ ચૂર્ણ બનાવી તેને ૨૧ દિવસ ઘુંટી બે રતિની ગોળીઓ બનાવવી. આના પ્રયોગથી મેલેરિયામાં આશાતીત લાભ થાય છે.

પિત્તપ્રધાન તાવોમાં જ્યારે વારંવાર પીળી ઉલ્ટીઓ થતી હોય અને રોગીને તરસ બહુજ લાગતી હોય તો આવી સ્થિતિમાં તૃષાશામક ઔષધની આવશ્યકતા હોય છે. તુળસી આવી આવી અવસ્થામાં રોગીને ઘણો લાભ આપે છે.

'ગ્રામસેવા'માંથી

પ્રયોગ મંજૂષા

['આરોગ્યસિંધુ'ના ગ્રાહકોની માગણીને માન આપી આ લેખમાળા ચાલુ કરવામાં આવે છે અને પ્રત્યેક અંકે તેમાં ઉપયોગી અને સરળ યોગો રજુ થતા રહેશે.—સંપાદક]

૧ મૃદુવિરેચન

મીંઢીઆવળ	તો.	૫
દ્રાક્ષ	તો.	૫
હીમજ	તો.	૫
એલચી	તો.	૧
શતાવરી	તો.	૧૦

વિધિ: બધા દ્રવ્યોને બારીક કુટી લેવાં અને ૦।૦। તોલાના મોદક કરી લેવા.

માત્રા: ૬ માસા.

સમય: રાત્રે સૂતી વખતે.

અનુપાન: ગરમ પાણી.

ઉપયોગ: આ દવા લેવાથી એક દસ્ત ખુલાસાવાર આવી જાય છે.

૨ મધુમેહાંતકવટી

શુ અફીણ	તો. ૧	બંગભસ્મ	રતી ૮
શુંઠનું સત્વ	તો. ૧।	લોહભસ્મ	,, ,,
સિંધવ	,, ૧।	અભ્રકભસ્મ	,, ,,
ગુડમારબુટી	,, ૨।।	સુવર્ણવર્ક	,, ,,
લવંગ	રતી ૩૨	ચાંદીનાવર્ક	,, ,,
કાથો	,, ,,	અભ્રકભસ્મ	,, ,,
જાવંત્રી	,, ,,		
જાંબુના ઠળીયા	તો. ૨।।		

બધા દ્રવ્યો લઇ કુટી પાણીમાં ઘુંટી એની ૨૦૦ ગોળીઓ કરી લેવી. સવાર સાંજ પાણી સાથે ખાવી. સિદ્ધ યોગ છે.

(પ્રાણાચાર્યમાં સ્વામી સંતોષાનંદજીનો આ યોગ છે. ઘટક દ્રવ્યો પ્રમાણે યોગ સારો લાગે છે. માત્રા નથી લખી. પાણીથી ઘુંટવાનું લખ્યું છે તેને બદલે બિલ્વપત્રના રસથી ભાવના વધુ ઉત્તમ ગણાય. આ યોગમાં શિલાજીત નાખતાં વધુ કારગત નીવડે.—સંપાદક)

૩ હિસ્ટિરિયાહર યોગ :

શુ. કુચલા	કસ્તુરી
રસસિન્દુર	કેશરકાસ્મીરી

બધા સમભાગે લેવાં.

વિધિ: ગુલાબજળમાં ઘુંટી મગ જેવી ગોળી કરી લેવી.

અનુપાન: પ્રાતઃ સાયં ૧–૧ ગોળી અશ્વગંધારિષ્ટ સાથે તેનાં અભાવે જલ સાથે આપવી.

ઉપયોગ: એનાથી એક સપ્તાહમાં જ હિસ્ટિરિયાના વેગ આવતાં અટકે છે.

નોંધ: આ યોગ વાતવહ સંસ્થાન ઉપર અસર કરે એમ લાગે છે. પણ કુચલાવાળો યોગ હોઇ જમ્યા બાદ અપાય તે ઇષ્ટ છે. વળી પિત્તબાહુલ્ય હોય તો અનુપાન સ્વરૂપે શંખપુષ્પી કે બ્રાહ્મી શરબત સાથે આપવું વધુ હિતકર લેખાશે.

૪ સ્વપ્નદોષહર

શતાવરી	બીધારાબીજ
અશ્વગંધા	વિદારીકંદ

વિધિ: બધા દ્રવ્યો સમભાગે લઈ ચૂર્ણ કરી લેવું અને એના સમભાગ સાકર મેળવી લેવી.

માત્રા: ૪ થી ૬ માસા.

સમય: પ્રાતઃ સાયં.

અનુપાન: બની શકે તો ગોદુગ્ધ સાથે આપવું. અન્યથા દુગ્ધ સાથે.

ઉપયોગ: સ્વપ્નદોષ મટાડે છે.

નોંધ: વિદારીકંદ, અશ્વગંધા જેવી ચીજો દૂધ સાથે આપતાં રુગ્ણને પેટમાં આધ્માન, આફરો કે વાયુ ન થાય તે જોવું ઘટે. રોગીને પેટ સાફ રહે તે જરૂરી છે અને દવાનો પ્રારંભ પણ રુગ્ણને એકાદ મૃદુવિરેચન આપી કરવો.

આ યોગથી વીર્ય ઘટ્ટ બને અને રસાયન તથા વાજીકરણ અસર બન્ને દેખાય.

૫ પાચનચુર્ણ

ચારેય લવણ ૨-૨ છટાંક

મરી	તો. ૧	સૂર્યક્ષાર	તો. ૧
પીપર	તો. ,,	નવસાર	તો. ૨॥
શુંઠ	તો. ,,	તજ	તો. ૦॥
સફેદ જીરું શેકેલું	તો. ,,	એલચી બીજ	તો. ૧॥
વરીયાળી	તો. ,,	હીમજ	તો. ૦॥
યવક્ષાર	તો. ,,		

વિધિ: બધા દ્રવ્યોને બારીક ચૂર્ણ કરી લેવું અને લીંબુના રસની સારી ભાવના આપી ૩ માશા પીપરમીંટના ફૂલનું ચૂર્ણ મેળવી ઘુંટી બાટલીમાં ભરી મજબૂત બૂચ લગાડી દેવું.

માત્રા: ૦। તોલો.

અનુપાન: ગરમ પાણી

ઉપયોગ: અરુચિ, ગ્રહણી, અર્શ, ગુલ્મપ્લીહા, વિશુચિકા, અતિસાર આદિ નષ્ટ કરી પાચનક્રિયા સુધારે છે. ઉદર પૌષ્ટિક યોગ છે.

નોંધ: આ યોગ વૈદ્ય પં. રાજકુમાર અવસ્થીએ પ્રાણાચાર્યમાં રજુ કર્યો છે. અમને લાગે છે કે આનાહ, આધ્માન, ઉદાવર્ત, આટોપ, ગડગડાટ વગેરે ઉદરના વાત કફ દોષપ્રધાન વિકારોમાં આ પૂર્ણ સારી અસર બતાડતું હશે.)

૬ બાલઘુટી

જેઠીમધ	તો. ૧	વરીઆળી	તો. ૧
અજમો	તો. ૧	કરીઆતું	તો. ૧
ગરમાળાનો ગોળ	તો. ૧	ગુલેબનફ્શા	તો. ૧

બધાને સાથે કુટીને મેળવી રાખવું. ૦। તોલો દવા પાણી તોલા ૫ માં ઉકાળો કરી ૧। તોલો બાકી રહે ઉતારી ગાળી તેમાં ૧। તોલો મધ મેળવી તેના ચાર ભાગ કરવા. દર ત્રણ ત્રણ કલાકે અકકેક ભાગ આપવો.

ઉપયોગ: તાવ, ખાંસી, કબજીઆત, શરદી, છાતીમાં કફનો ભરાવો, આફરો, રડવુ ઊલટી અજીર્ણ મટાડે છે. દરરોજ પણ આપી શકાય છે.

૭ યષ્ટયાદિક્વાથ

જેઠીમધ	તો. ૦॥	ઉન્નાબ	નંગ ૬
બનફ્શાપંચાંગ	તો. ૦॥	વડગુંડા	નંગ ૮
ભોરીંગણીપંચાંગ	તો. ૦॥	કાળી દ્રાક્ષ	નંગ ૮
ગાવજબાન	તો. ૦॥	પાણી	તોલા ૪૦

ઉકાળો કરી લેવો. ૨૦ તોલા પાણી રહે ઉતારી ગાળી ચાર ભાગ કરવા. દર ત્રણ ત્રણ કલાકે અકકેક ભાગ આપવો.

ઉપયોગ: ખાંસી, શ્વાસ, સળેખમ, ઊલટી ઇન્ફ્લ્યુએંજા, ક્ષય, કફજ્વર વગેરે મટાડે છે. પ્રકૃત્તિવાળા માટે ઉત્તમ છે.

૮ કુટજાદિચુર્ણ

કડાછાલ	તો. ૧૦	વાંસકપુર	તો. ૩
ચણકબાબ	તો. ૩	એલચી બીજ	તો. ૩

હીરાકસી તોલા ૨

બધાનું બારીક ચૂર્ણ કરી રાખવું.

પ્રમાણ: ૧૨ ગુંજ **અનુપાન:** છાસ

સમય: સવાર બપોર સાંજ

ઉપયોગ: આંતરડાની કમજોરી, જુનો મરડો, વારંવાર ઝાડાની બીમારી, મરડાના ઉપદ્રવો મટાડે છે.

નોંધ: દવા લાંબો સમય લેવાથી દરદ મૂળથી મટે છે.

૯ સુધાપંચક

હીરાદખણ ગેલિકએસિડ સોનાગેરુ

પ્રવાલપિષ્ટ કહેરબાપિષ્ટ

સમભાગે લ્યો.

પ્રમાણ: ૧ માસો.

અનુપાન: દાડમ કે દુર્વાનો રસ.

ઉપયોગ: રક્તસ્રાવને તુરત બંધ કરવા અકસીર છે. નાગકેશર મેળવીને આપવાથી ઉત્તમ લાભ કરે છે.

મરચાં

લેખક
શ્રી જટુભાઈ વૈદ્ય (બોટાદ)

આપણા સમાજમાં બે વર્ગ છે. એક મોટો અને એક બહુ જ નાનો: પણ એ નાનો વર્ગ એમ માને છે કે મરચાં હાનિકારક છે માટે એનો ત્યાગ કરીને ફીકફી-મોળી રસોઇ ખાવી જોઈએ. અને બીજો મહાસમુદાય કે જે મરચાંનો ખૂબ અને વગર વિચાર્યે ઉપયોગ કરે છે.

કેટલાંક મનુષ્ય તો એવાં હોય છે કે જેને એટલાં બધાં મરચાં ખાવાની આદત પડી ગઇ હોય છે કે જેથી તીખાશ જેવો બીજો સ્વાદ આવે જ નહીં અને મુળ વસ્તુનો સ્વાદ જ ઢંકાઇ જાય. જમતાં જમતા સીસકારા કરવા પડે—નાક અને આંખોમાથી જ્યારે પાણી ચુતાં જાય ત્યારે જ એમને જમવામાં મજા પડે છે.

એકવાર સૌરાષ્ટ્રનું એકમ થયા પહેલાં એક દેશી રાજ્યના અમલદાર મોટો કાફલો લઇને સારંગપુરમાં કષ્ટભંજન હનુમાનજીના દર્શન કરવા માટે આવેલા. એમણે શહેરમાંથી એક ઉસ્તાદ રસોયાને અગાઉથી મોકલી રસોઈ કરાવીને જમવાની વ્યવસ્થા રાખી. રસોયો મરચાં ખાવાનો શોખીન અને સ્વાદિષ્ટ રસોઇ બનાવવાનો બડા સાહેબનો હુકમ. એટલે સ્થાનિક હાથ નીચેના અમલદારોએ રસોયાને ખાસ સુચનાઓ આપી મોકલેલો એટલે મણા શાની રહે?

દર્શન કર્યા પછી યોગ્ય સમયે પાટલા નંખાયા અને પંગત પડી. બાળકો પણ સારી સંખ્યામાં હતાં. અમલદારના કુટુંબને મરચા ખાવાની આદત જ નહીં, એટલે તીખી દાળનો સબડકો મોંઢામાં લેતાં જ બાળકો તો પાટલેથી અરધાં ઉભાં થઇ ગયા અને રડવા લાગ્યાં. અમલદારસાહેબ પણ સીસકારા કરતા અને આંખો—નાક લુંછતાં મનમાં ખીજાઇને જમવા લાગ્યા. ત્યાં વળી રસોયાને થયું કે લાવને સાહેબને શોખ હોય તો ઉપર મસાલો આપવાનો વિવેક કરી જોઉં. એટલામાં તો સાહેબનો ગુસ્સો પ્રગટ થયો અને બગડી ઉઠ્યા. 'હવે તારા મરચાં આ લાડુમાં અને ભાતમાં નાખી દે એટલે પત્યું. તેં ફક્ત એટલું જ બાકી રાખ્યું છે.'

આ રીતે આપણે ત્યાં અતિ મરચાંનો ઉપયોગ કરનાર અને બિલકુલ મરચાં નહીં ખાનારા એવા બે વર્ગો છે. એક વૃદ્ધ પુરૂષ એવા હતા કે બજારમાં જ્યારે ફરવા નીકળતા ત્યારે રસ્તામાં હવેજ મસાલા—મરચાં વેચનારા વોરાજીની દુકાનો આવતી ત્યાં ચોકની શરૂઆતમાં આવતી ગાંધીની દુકાનેથી એક મોટો સાકરનો ગાંગડો (ત્યારે અપ્રાપ્ય નહોતી) મોઢામાં નાખી, નાકે—મોંટે ખેસ રાખીને પછી એ બજાર પસાર કરતા. મરચાં ખાય તો નહીં ત્યારે સ્પર્શ તો શેના જ કરે? પરંતુ દુરથી હવામાં વાસ આવતાં એમને ઉધરસ થઇ જવાની બીક લાગતી.

આપણે પૂર્વે ખારા રસ વિષે એટલે મીઠા—લવણ વિષે ચર્ચા કરી છે. મરચાંમાં પણ મુખ્યત્વે તીખો રસ છે. એટલે આયુર્વેદની દૃષ્ટિએ આપણે એને તીખા રસ તરીકે જ મુલવીને ગુણદોષનું જ્ઞાન મેળવવાનું છે

આપણે આગળ જોયું તેમ મધુર, ખાટો, ખારો, કડવો, તીખો અને તુરો એમ ૭ રસો અનુક્રમે આયુર્વેદે વર્ણવ્યા છે. આ અનુક્રમ પોષણની દૃષ્ટિએ છે. પોષણ આપવામાં આવે તો તીખા રસનો પાંચમો નંબર આવે છે. જો કે એમાં કેટલાંક દ્રવ્યો અપવાદમાં છે.—જેમકે આદુ, સુંઠ, લસણ અને લીંડીપીંપર વગેરે. સામાન્યતઃ તીખો રસ વીર્યને હાની પહોંચાડે છે, પુરૂષાતન ઘટાડે છે અને કામેચ્છા તથા રતિશક્તિનો નાશ કરે છે, સ્ત્રીઓના ધાવણને ઓછું કરનાર છે, અથવા નષ્ટ કરનારૂં છે; પરંતુ ઉપર ગણાવેલા

થાય છે. શરીર પુષ્ટ બને છે.

રક્તપિત્ત (દાંતોમાં લોહી આવવું)

લીંબુનો રસ તો. ૧
ફટકડીની લાહી તો. ૨।।

એક ભાગ કરવો. આવા ત્રણ ભાગ સવાર બપોર અને સાંજ આપો તો દાંતમાંથી વહેતું લોહી તરત બંધ થઇ જાય છે.

મગજની નબળાઇ

શંખપુષ્પી	૦।।	તોલો
બદામનું મગજ	૧૦	નંગ
સફેદ કહોળાના બીજ	૦।	તોલો
કાળાં મરી	૭	નંગ

રાત્રે પાણીમાં પલાળી રાખો. સવારે ઠંડાઈ માફક ઘુંટી તેમાં સ્હેજ સાકર, દૂધ અને પાણી મેળવી ૧ કપ જેટલું બનાવી રોજ આપો તો મગજની નબળાઇ અને અનેક દરદો મટે છે.

કફજ્વર

તજ ૩૦ ગુંજ લવંગ ૫ ગુંજ
શુંઠ ૧૫ ગુંજ પાણી ૪૦ તોલા

પંદર મીનીટ ઉકાળી ઠંડું કરી ગાળી લઇ તેમાં થોડુંક મધ મેળવી આપવું.

દર ચાર ચાર કલાકે પાંચ પાંચ તોલા પીવા આપવાથી. કફને પાકો કરી છુટો પાડી કાઢી નાખે છે.

પ્રદર (શ્વેત)

કુકુટાંડત્વક ભસ્મ	ગુંજ	૬
બંગભસ્મ	ગુંજ	૩
ગોદંતીભસ્મ	તોલો	૦।
અશ્વગંધા	તોલો	૦।।

સાથે મેળવી ૩ ભાગ કરવા. સવાર બપોર સાંજે એકકેક ભાગ ઘી સાથે ચાટી ઉપર દૂધ પીવું. શ્વેત પ્રદર, નબળાઈ, માથાનું દરદ, કમરનો દુઃખાવો આદિ શ્વેત પ્રદરના ઉપદ્રવ સહિત વ્યાધિ મટે છે.

બ્લડપ્રેશર (લોહીનું ઊંચું દબાણ)

સર્પગંધા ગુંજ ૧૨
રસાયન ચૂર્ણ તોલો ૦।।

મેળવી ૨ ભાગ કરવા. સવાર–સાંજ એકકેક ભાગ દૂધ સાથે લેવો. એનાથી પેટ નરમ રહે, વાછુટ થાય, પેસાબમાં વધારો થાય, ઊંઘ સારી આવે, ચક્કર મટે. આ દવા લાંબો વખત લેવી.

બાલજ્વર

માણેક રસાદિવટી ગુંજ ૨
યષ્ટી મધુ ગુંજ ૪
ફૂલાવેલ ટંકણ ગુંજ ૨

સાથે મેળવી ૪ ભાગ કરવા. ત્રણ ત્રણ કલાકે મધમાં આપવા. તાવ ઉતરે, કફ ઘટે, પેટ સાફ રહે.

ટાઢીઓ તાવ

ફૂલાવેલ ફટકડી રતી ૮
નવસાર ,,
સોનાગેરુ ,,
ગોદંતી ભસ્મ ,,

ખરલમાં મેળવી ત્રણ ભાગ કરવા. ચાર ચાર કલાકે એકકેક પડીકું ગરમ પાણી સાથે આપતાં ટાઢીઓ તાવ આવતો અટકે છે.

ખાંસી (કફ)

વશીષ્ટ ચૂર્ણ તોલો ૦।।
ચંદ્રામૃત રસ રતી ૮
શૃંગભસ્મ રતી ૪

બધું મેળવી તેના ચાર ભાગ કરી મધ સાથે ત્રણ ત્રણ કલાકે આપવાથી ખાંસીમાં ચમત્કારિક લાભ કરે છે. ક્ષયની શરૂઆતના ચિન્હોમાં કફપ્રધાન ક્ષયમાં પણ બહુ સારો લાભ કરે છે.

ઉપયોગી હોય પ્રકૃતિને બહુ જ માફક આવતો હોય તોપણ એનો—એક જ રસનો બહુ ઉપયોગ ન કરવો. શરીરને જોઈતા સઘળા રસોનું સેવન કરવું; કારણ ચરકસંહિતામાં કહ્યું છે કે: ‘એકરસાભ્યાસોનિર્બલિકરાણાં; સર્વરસાભ્યાસોબલીકરાણાં’ અર્થાત એક જ રસનું સેવન માણસને નબળો બનાવે છે—પણ સઘળા રસોનું સેવન બળવાન કરે છે. આ સુત્રને લક્ષમાં રાખીને આપણો આહાર આપણે કરવો જોઇએ.

વળી મરચાંમાં ઉષ્ણ, તીક્ષ્ણ અને રૂક્ષ ગુણ છે એથી એના ઉદરમાં રહેલા કોમળ અવયવોની ઉપર દાહક અસર થાય છે એ નુકશાનકારક છે, એટલે એનું નિવારણ પ્રાણીજ ઘી છે. એનો ઉપયોગ કરનારને મરચા કદી નડતાં નથી. દાખલા તરીકે કાઠી ગરાસીયા રજપુત વગેરે કોમો ખુબ જ મરચાં વાપરે છે—એમના શાક, દાળ, કઢી વગેરે રાતા હીંગળોક જેવા હોય છે, પરંતુ એમને ત્યાં શાક, દાળ, કઢી વગેરેમાં ઉપર ઘી પીરસવાનો અને નાખીને ખાવાનો રીવાજ છે. વળી એ જાતિઓ મસાલાથી ભરપુર શાક વાપરતા હોવા છતાં એનું પ્રમાણ ઘણું અલ્પ ખાય છે. વળી એમના ભોજનને અંતે દહીં લાંગીને કરેલી માખણવાળી છાસનું ઘોળવું અથવા ભેંસનું દુધ પીવાનું હોય છે. એનાથી મરચાની વિકૃત થતી નથી. મતલબ કે ચોકખા ઘી—દુધ ખાનારને મરચાં નડતાં નથી, પણ ફાયદો કરે છે ખોરાક પચાવે છે અને જઠરાગ્નિ પ્રદિપ્ત રાખે છે, અને દાહક અસરનું નિવારણ થાય છે.

સુકાં મરચાં કરતાં લીલાં મરચાં વધારે ગુણકારી છે અને એમાં ઉષ્ણતાનો ગુણ ઓછો છે. તીખાં મરચાં કરતાં મોળાં મરચાં ઓછાં ગરમ પડે છે. વાત, પિત્ત પ્રકૃતિવાળાં કરતાં કફ પ્રકૃતિવાળા માનવીને મરચાં વધારે માફક આવે છે.

અહિં એક ખુલાસો કરવો જરૂરી છે કે ઘણાં લોકોની એવી માન્યતા હોય છે કે મરચાં ખાવાથી વાયુ થતો નથી અને પેટની ગરબડ મટે છે. પરંતુ એ ગરબડ વાયુથી થનારી નહીં પણ કફથી થનારી હોય છે. ઉપલક દષ્ટિએ જોતાં સામાન્ય માણસોને વાયુ-વિકાર લાગે પરંતુ એ તો ભારે કે વધારે ખોરાક ખાવાથી આમાજીર્ણને લીધે કાચાં રસથી કે કફથી વાયુને ચાલવાના માર્ગોમા જે અવરોધ થયો હોય છે એથી પેટમાં ગોટાળો થયો હોય છે એ અવરોધ તીખા અને ગરમ પદાર્થથી મટે છે અને વાયુને ચાલવાના—નીકળવાના માર્ગો ખુલ્લા થાય છે પરિણામે પેટની ગરબડ શમે છે એમ સમજવાનું છે.

ઉપર કહ્યું તેમ મધુર, ગુરૂ અને મેંદાવાળા પદાર્થો પચાવવા માટે મરચાંને આપણા આહારશાસ્ત્રમાં ઉપયોગ કરવામાં આવ્યો છે એટલે એની માત્રા—પ્રમાણ પણ દીપન—પાચન પુરતું જ લેવું જોઇએ. એટલે મરચાનો ઉપયોગ નીચેની રીતે જો થાય તો એનો દીપનપાચન ગુણ થશે અને હાનિ નહિં થાય.

મરચાં હરસવાળા દર્દીને અને રક્તપિત્ત કે ઉરઃક્ષત છાતીમાંથી લોહી પડતું હોય કે એમાં ચાંદુ પડયું હોય એને બહુ જ પ્રતિકૂળ છે માટે એમણે છોડી દેવાં.

મરચાં ખાવાની રીત

૧. સુકાં મરચાં કરતાં લીલા મરચાં વાપરવાં હિતકારક છે. એને ઝીણાં સમારીને, શાકદાળ વગેરેમાં નાંખી શકાય છે.

૨. લીલાં મરચાંમાં ધાણાજીરૂં ભરી તલના તેલમાં તળીને કે વધારીને ખાવાં. પિત્તપ્રકૃતિવાળા માણસે ઘીમાં બનાવીને વાપરવા હિતાવહ છે. ધાણાજીરાને લીધે મરચાંની દાહક અને

પદાર્થોથી એવી હાનિ થતી નથી પરંતુ એ ચીજો વીર્ય વધારે છે, રતિશક્તિ આપે છે અને ધાવણ વધારે છે.

છતાં તીખો રસ શરીરને ઉપયોગી હોવાથી આપણા આહારશાસ્ત્રીઓએ ખોરાકમાં યોજ્યો છે અને એ પાચન માટે ખાસ ઉપયોગી છે. પણ પુષ્ટિ માટે લેવાના મધુર પદાર્થોને પચાવવા માટે અને એના શીતવીર્યના લીધે થતા કફના વિકારોમાંથી બચવા માટે એનો અલ્પ પ્રમાણમાં જરૂરીઆત પ્રમાણે વિવેક પુરઃસર ઉપયોગ કરવો.

તીખા રસ એટલે મરચાંના ગુણો નીચે પ્રમાણે છે:

મુખશુદ્ધિ તથા કંઠશુદ્ધિ કરનાર છે. લાલાસ્ત્રાવને વધારે છે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે, ખોરાકને પચાવી દે છે. તીખો રસ વાપરતાં વાપરતાં નાકમાંથી અને આંખોમાંથી પાણી ચુએ છે. કફને પાતળો પાડી એનો સ્ત્રાવ કરનાર છે. ઇન્દ્રિઓને ઉ-તેજીત કરે છે. અલસક–પેટમાં થતી અસોસી–ઉદરનું ભારેપણું મટાડે છે. સોજો, માંસની વૃદ્ધિ, સ્વેદ–પરસેવો ક્લેદ (ભીનાશ) અને મળનો નાશ કરે છે. ખોરાકની રૂચિ વધારે છે. કંડુ–ચળ આવતી હોય તેને મટાડે છે, ચાંદાને રૂઝવે છે, કૃમિઘ્ન છે. માંસને ખોતરી કાઢનાર છે. લોહીના જમાવને દુર કરે છે. સ્રોતોબંધ અટકાવે છે અર્થાત છિદ્રોને પહોળા કરી અવરૂદ્ધ થયેલા માર્ગોને ખુલ્લા કરે છે. અભિષ્યંદી પદાર્થોના દોષોને દુર કરે છે, કફનાશક છે. શરીરમાં શોધન એટલે શુદ્ધિકરણની ક્રિયા કરનાર પણ છે. વળી તે સ્થુલતા અને મેદને હઠાવે છે. આળસ દુર કરે છે, શરીરસ્થ વિષોને નાબુદ કરે છે. કુષ્ટ રોગો–ચામડીનાં દર્દોને મટાડે છે, શરીરમાં રહેલ સ્નેહ–ચરબીમય પદાર્થો અને આર્દ્રતાને શોષી લેનાર છે. સાંધાઓ જકડાઇ ગયા હોય તો છુટા પાડે છે, તીખો રસ ઉષ્ણ અને તીક્ષ્ણ છે એટલે કફના રોગોને ખાસ કરીને દુર કરનાર છે. ગળાના રોગોને પણ મટાડે છે.

આવા અને આટલા ગુણોવાળાં મરચાં હોવા છતાં એનો અતિ ઉપયોગ નુકસાનકારક છે. આયુર્વેદે એના અતિરેકથી થતા દોષ નીચે પ્રમાણે વર્ણવ્યા છે.

તીખો રસ પોતે જ તીખાશવાળો છે; પરંતુ એનો વિપાક–એટલે પેટમાં જઇને પાચન થયા પછી થતો પરિણામયોગ–પણ તીખો જ થતો હોવાથી એને લીધે એનો રસ અને વિપાક બંનેના પ્રભાવથી ઉદરમાં દાહ કરે છે. વીર્યહાનિ તથા પુરૂષાતન નષ્ટ કરે છે, ધાવણ હ્રાસ કરે છે, એમાં રહેલા ઉષ્ણ અને તીક્ષ્ણ ગુણને લીધે શરીરમાં રૂક્ષતા ઉત્પન્ન કરે છે, એથી કૃશતા–દુબળાપણું, મોહ, ગ્લાનિ, અવસાદ, મુર્ચ્છા, શારીરિક શુષ્કતા વગેરે ઉત્પન્ન થાય છે. આંખે અંધારા આવે છે, ચકરી આવે છે, કંઠમાં દાહ થાય છે. શરીરમાં ઉષ્ણતા વધી જાય છે, બલક્ષય થાય છે. તૃષા વધારે લાગે છે, શરીરમાં કંપારી વછુટે છે, બળતરા પણ થાય છે. અગ્નિના ગુણની વૃદ્ધિથી થતા દરેક લક્ષણો થાય છે. વાયુ ખૂબ વધે છે અને પ્રકોપ થાય છે, એટલે શરીરમાં વેદના તોટ, તેમજ હાથ, પગ, પડખાં અને પૃષ્ઠવંશમાં વાતવિકારો પેદા થાય છે. ગળું, તાળવું અને હોઠ સુકાય છે. અંગોમાં સંકોચ થતો હોય એવો અનુભવ થાય છે. શરીરમાં કોઇ છેદન–ભેદન કરતું હોય એવી પીડા થાય છે. સ્ત્રીઓને લોહીવા, શ્વેતપ્રદર અને પુરૂષોને ધાતુક્ષીણતા અને સ્વપ્નમાં વીર્યસ્ત્રાવ વગેરે રોગો મરચાંના અતિ ઉપયોગથી થવાનો પણ સંભવ છે.

કોઇપણ એક જ રસ ગુણકારી કે શરીરને

આરોગ્યસિંધુ

સ્થાપક તંત્રી. સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ | आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्। | આસો ૨૦૧૧
અંક ૧૧ | आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः॥ | નવેમ્બર ૧૯૫૫

આયુર્વેદ અને એલોપથીનાં ઔષધો

ગામડાંના લોકોને કીટાણુઓને સ્થાને પુરાણકાલની રોગ પ્રતિબંધક ક્ષમતા આપો, સલ્ફાનીમાઈડ, સેલિસિલેટસ અને બાર્બીટ્યુરેટસ દવાઓથી પ્રજાને બચાવો એમને બનાકસાનો સાદો ઉકાળો પાઓ, ચ્યવનપ્રાશ, એલાદિવટી કે લક્ષ્મીવિલાસ રસ જેવી નિર્દોષ દવાઓ આપો જે ગમે તેવા અશિક્ષિતોના હાથે વપરાશે તોય આજની નવીન દવાઓ કરતાં, કોઈપણ જાતનું નુકશાન તો નહિ જ કરે. ભારતીય ગ્રામજનોને જો શરીર અને માનસિક રોગો સામે થવાની પ્રતિરોધ શક્તિ આપવી હોય તો તેમના સ્વાસ્થ્ય માટે તેમને આયુર્વેદિક દવાઓ અને આયુર્વેદિક ફિલસુફી આપો.

જે ચિકિત્સકો દરદીને દાર્શનિક દૃષ્ટિનું દાન કરે છે તે ગ્રહણીવ્રણ અને આમાશયિકવ્રણ જેવાં દરદોમાં કુશળ શસ્ત્રવૈદ્ય કરતાં દરદીની ઉત્તમ સેવા બજાવે છે અને આ રોગોનું પુનરાક્રમણ અટકાવવામાં તો શસ્ત્રવૈદ્યો કરતાં દાર્શનિક વૈદ્યો જ મહત્વના છે.

વૈજ્ઞાનિકો આજસુધી "ફિલોસોફી ઓફ આયુર્વેદ" "મન અને શરીરનો ચિકિત્સામાં અતુટ સંબંધ" એનો ઉપહાસ કરતા હતાં અને હજુય કરે છે. તેમના હોઠો તો સીવાઈ ગયા છે. પરંતુ હજુય મેડિકલ કોન્ફરન્સોમાં આયુર્વેદ પ્રત્યે આક્ષેપો કરવાનું કામ તો તેમનું ચાલુ જ છે. દાકતરો કહે છે કે વૈજ્ઞાનિક ચિકિત્સાનો વિકાસ તો છેલ્લા એક-બે દાયકાઓમાં જ થયો છે છતાં આજથી ૩૦ વર્ષ પહેલાં પણ દાકતરો આજના કરતાં ઓછા મદ છકેલ અને અભિમાની ન હતા.

(પં. શિવશર્માના, એક પ્રવચનમાંથી)

ઉષ્ણ અસર ઘણી ઘટી જાય છે.

લીલાં મરચાંમાં ચણાનો લોટ ભરીને કરવાનો પણ રીવાજ છે. તો એની સાથે ધાણાજીરૂં પણ વધારે મેળવવું. લીલાં મરચાંમાં મેથી પણ ભરાય છે; પણ એવાં મેથીયાં મરચાંથી કેટલીકવાર ઉધરસ થતી જોવામાં આવે છે, ઉપર પ્રમાણે સંભાર ભરી તળેલાં મરચાં પણ બેચાર ખાવાં જોઈએ. ડઝનબંધ કે કુડીબંધ તો ઝાપટવાં ન જ જોઈએ.

૩. સુકાં મરચાં આખા વઘારમાં મુકીને દાળ–શાકમાં વાપરવાં અને લીલાં મરચાં સમારીને નાંખવાં; એનાથી સામાન્ય સ્વાદ અને ગુણ બન્ને મળી રહે છે.

૪. સુકાં મરચાંનો ખાંડેલો મસાલો શાક દાળમાં નાંખવો જ હોય તો બહુ જ ઓછા પ્રમાણમાં નાખવો, કે જેથી અતિ તિખાશ ન થાય અને મૂળ ખાદ્ય પદાર્થનો સ્વાદ પણ જળવાઇ રહે.

૫. લીલાં મરચાં, કોથમીર, લસણ, આદુ વગેરે નાંખી ચટણી તરીકે પણ એનો ઉપયોગ કરી શકાય.

૬. અતિ મરચાં નાંખેલા શાક–દાળ વગેરે પદાર્થોમાં ચોકખું પ્રાણી જ ઘી મેળવીને ખાવાં. બાળકને તો મુખ્યત્વે પુષ્ટિ માટે મધુર પદાર્થોની જરૂર છે એટલે એમને ખાવાના પદાર્થોમાં અતિ મરચાં નાંખીને તીખાશ નજ કરવી. એને પરિણામે કાંતો બાળકોની રસવૃત્તિ વિકૃત થઇ જાય છે અને નાનપણથી જ તીખું ખાવાની ખરાબ ટેવ પડે છે અને કાં તો એ લીલોતરી વગેરે ખાતાં નથી તો એના શરીરને એ તત્વોથી વંચિત રહેવું પડે છે માટે સમજુ વિવેકી કુટુંબોએ તો બાળકો ખાતરે ય મરચાં વગેરે તીખા પદાર્થોનો અતિયોગ કરવો ન ઘટે.

જેની પ્રકૃતિને મરચાં માફક જ ન આવે તેમણે એના પ્રતિનિધિ તરીકે આદુ, લસણ, તીખાંનો ભુકો વગેરે વાપરવું જોઇએ, કે જેથી પાચનયંત્રો કાર્યક્ષમ રહી શકે.

લીલાં મરચાં સમારીને થોડાં નાખ્યાં હોય કે આખાં મરચાંથી વઘારેલાં શાક–દાળ હોય તો એવી થોડીક તીખાશ બાળકો પણ ખાઈ શકે છે એવો અનુભવ છે.

મરચાં આયુર્વેદે ખાસ કરીને કફનાશક ગણેલાં છે. અજીર્ણ કોલેરા, કફરોગ, સન્નિપાત જ્વર વગેરેમાં ફાયદાકારક છે–અને ત્રિદોષજ્વર તેમજ કોલેરામાં જ્યારે સમગ્ર ઈન્દ્રિયો નાશ થતી જાય ત્યારે એના ઉપયોગથી દર્દી મૃત્યુના મુખમાંથી પણ બચી જાય છે એમ આ આત્રેય સંહિતામાં કહ્યું છે.

કોલેરાને આયુર્વેદિક નામ 'વિસુચિકા' એવું અપાય. એટલે આ ગોળીઓનું નામ વિસુચિકાન્તક ગુટિકા છે.

લાલ મરચાંની ભુકી તોલા	૨ા
ચોકખી રસની કાબુલી હિંગ તોલા	૨ા
બરાસકપુર તોલા	૨
અફીણ તોલા	૦ા

એ સર્વને એકત્ર કરીને કાંદા–ડુંગળીના રસમાં બે પ્રહર સુધી ઘુંટી અડદ જેવડી ગોળીઓ વાળી છાંયે સુકવી, સ્ટોપર બાટલીમાં ભરી રાખી કોલેરાના દર્દીને દર પાંચ પાંચ મિનિટે એક એક ગોળી નીચેના ઉકાળામાં પ્રવાહીના અનુપાનથી આપવી.

ફુદીનો તોલા ૫ એલચી તોલા ૫
સુગંધીવાળો તોલા ૫

ત્રણેય ચીજોને આખી ભાંગી, ખાંડી, પાંચ શેર પાણીમાં ઉકાળી, ચોથા ભાગનું એટલે સવાશેર પાણી બાકી રહે ત્યારે લુગડે ગાળી એક શીશી ભરી રાખવી અને દરેક ગોળી, સાથે આ પ્રવાહી એક એક તોલો આપવું.

જો દર્દીને બહુ જ તરસ લાગે તો આ પ્રવાહી અધોળ અધોળ પણ અપાય.

આ ગોળીઓના પ્રયોગથી કોલેરાના દર્દમાં બહુ જ સારો ફાયદો થાય છે, અનુભવસિદ્ધ છે.

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદ્યક અને આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્યસિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૧૧
નવેમ્બર ૧૯૫૫
આસો સં. ૨૦૧૧

વાર્ષિક લવાજમ રૂા. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક આપવામાં આવે છે.

આયુર્વેદના નવ્ય સ્નાતકો

મુંબઇ સરકારે મિશ્ર શિક્ષણનો અભ્યાસક્રમ શરૂ કર્યા બાદ આ ડિપ્લોમા કોર્સ તરફ લોકોનું સારૂં એવું ધ્યાન ખેંચાયું હતું. શરૂઆતમાં આ ડી. એ. એસ. એફ. કોર્સમાં પ્રવેશ યોગ્યતા મેટ્રિકની હતી પરંતુ ધીમે ધીમે દબાણ વધતાં ઇંટર સાયંસ અનુત્તીર્ણ કે ઓછા ગુંણોએ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળવો ભારે થઇ પડયો અને છેવટે એ પરિસ્થિતિ થઇ કે એમ. બી. બી. એસ.માં જેમને પ્રવેશ ન મળ્યો હોય તેવા ૫૦ ટકાની આસપાસ માર્કસવાળા વિદ્યાર્થીઓએ ડી. એ. એસ. એફ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ઇંતેજારી બતાવી અને હવે તો એ. ડી. એ. એસ. એફ. અભ્યાસક્રમ બંધ કરી તેની જગ્યાએ ડીગ્રી કોર્સ શરૂ કરેલ છે અને તે ખૂબ પ્રચલિત બનેલ છે. હવે એ. કોર્સ માટે પ્રવેશ ધોરણ બહુ જ ઉચ્ચ યોગ્યતાનું બન્યું છે. અને સંભવિત છે કે આને અનુલક્ષીને જ પુના યુનિવર્સિટીમાં પણ બી. એ. એમ. એસ ડીગ્રી કોર્સ–આયુર્વેદ માટે ઇંટરસાયંસ બી ગ્રુપ અને ગુજરાત યુનિવર્સિટીમાં પણ શરૂ થનાર નવા અભ્યાસક્રમ માટે પ્રવેશ યોગ્યતા ઇંટરસાયંસ બી ગ્રુપ રાખવામાં આવેલ છે.

આયુર્વેદના અભ્યાસ માટે પ્રવેશયોગ્યતા માટે ઇંટરસાયંસ જેટલું જ્ઞાન જરૂરી છે કે નહિ કે મેટ્રિક પૂરતું જ્ઞાન જરૂરી છે અથવા માત્ર સંસ્કૃતનું જ્ઞાન સારૂં એવું હોવું જરૂરી છે. આ બધા પ્રશ્નોનો હવે એકમતે નિર્ણય કરી નાખવાનો સમય આવી લાગ્યો છે. તદુપરાંત ડી. એ. એસ. એફ. કે. એલ. એ. એમ જેવા સ્નાતકોના અનુસ્નાતક કોર્સ માટે પણ સરકારે યોગ્ય વ્યવસ્થા કરવી ઘટે છે. આશા રાખીએ કે નવી ફેકલ્ટી બહુજ ગંભીર ભાવે આ બધી બાબતો તપાસશે અને પુખ્ત વિચારણા બાદ જ નવો નિર્ણય લેશે. વર્તમાન જી. એફ. એ. એમ.ના આયુર્વેદિક કોર્સમાં ઘુસી ગયેલ એલોપથિક તત્વોને પણ નાબુદ કરવાનું કામ નવી ફેકલ્ટી હાથ ધરે તે જરૂરી છે.

આયુર્વેદના નવ્ય સ્નાતકોનો પ્રશ્ન મહત્વનો છે.

આરોગ્યસિન્ધુ

સંપાદક: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

પ્રકાશન: આ માસિક દર માસની પહેલી તારીખે પ્રગટ થાય છે. જાન્યુઆરીથી આ પત્રનું વર્ષ શરૂ થાય છે. અને ડિસેંબરમાં પૂરું થાય છે અંકો સ્ટોકમાં હોય ત્યાં સુધી પ્રથમ અંકથી જ ગ્રાહક કરવામાં આવે છે.

લવાજમ: આ પત્રનું હિંદમાં વાર્ષિક લવાજમ રૂા. ૪ છે. પરદેશમાં શિલિંગ ૮ છે. છુટક નકલ ૧ના આના ૮ છે. રૂા. ૪ મનીઓર્ડરથી અગાઉથી મોકલવાં વધુ હિતકર છે. વી. પી. થી મંગાવનારને આના નવ વધુ પડશે.

મુંબઇ, અમદાવાદ, સુરત અને સુરેન્દ્રનગરના સ્થાનિક ગ્રાહકોએ લવાજમ નીચેના સ્થળોએ ભરવું: સિન્ધ આયુર્વેદિક ફાર્મસી, ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ. ગાંધી રોડ, અમદાવાદ. લીમડા ચોક, સુરત. મૂળીનો ઉતારો, સુરેન્દ્રનગર.

ભેટપુસ્તક: આ પત્રના ગ્રાહક થનારને દર વર્ષે એક ઉત્તમ વૈદ્યક પુસ્તક ભેટ તરીકે આપવામાં આવે છે આ વર્ષે ભેટ પુતસ્ક તરીકે **"આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"** ભાગ ૩ આપવામાં આવ્યું છે.

વ્યવસ્થા: અંક વિશે તથા લવાજમ મોકલવા વિશે તમામ પત્રવ્યવહાર, વ્યવસ્થાપક **"આરોગ્ય સિન્ધુ" સિન્ધ આયુર્વેદિક ફાર્મસી,** ૩૭૫, કાલબાદેવી રોડ, મુંબઇ એ શિરનામે કરવો.

અંકો વ્યવસ્થાપકની દેખરેખ હેઠળ પોસ્ટ કરવામાં આવે છે. છતાંય અંક ગેરવલ્લે જાય તો ગ્રાહકે સ્થાનિક પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી. અંકો સિલકમાં હશે ત્યાં સુધી, બીજીવાર આપવામાં આવશે, પણ ગેરવલ્લે થતાંજ આ રીતે ફરીથી અંક મેળવી શકશે, તે પણ તા. ૧૫મી સુધી ફરિયાદ મળતાં તેના પર ધ્યાન અપાશે.

શિરનામામાં ફેરબદલ હશે તો માસની ૨૫ મી સુધીમાં જણાવ્યું હશે તોજ ફેરબદલ થઇ શકશે. અન્યથા જુને શિરનામે જ અંક જશે.

પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર લખવો ખાસ જરૂરી છે.

સંપાદન: આયુર્વેદ અને આરોગ્યને લગતા ઉચ્ચ વૈદ્યકીય દષ્ટિએ લખાયલા લેખોને આ પત્રમાં સ્થાન મળે છે. લેખ મળ્યા બાદ તેના સ્વીકાર કે અસ્વીકારનો ઉત્તર એક માસ બાદ આપવામાં આવે છે. અસ્વીકૃત લેખ સાથે જરૂરી સ્ટેમ્પસ બીડ્યા હોય તો તે લેખ પરત મોકલવામાં આવે છે. સ્વીકૃત લેખ સમય અને સ્થળ પ્રમાણે યોગ્ય પદ્ધતિએ પ્રગટ કરવામાં આવે છે.

સંપાદક સાથે અગાઉથી સમય નક્કી કરી મુલાકાત લઇ શકાય છે.

વૈદ્યો, વૈદ્યકીય વિદ્યાર્થીઓ, ડૉક્ટરો અને આયુર્વેદના અભ્યાસીઓને આયુર્વેદ અને આરોગ્યને અનુલક્ષી લખાયલા લેખો મોકલવા નિમંત્રણ આપવામાં આવે છે.

સંપાદકનું શિરનામું આ પ્રમાણે કરવું: **ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર** સંપાદક: **આરોગ્યસિન્ધુ** ૩૭૫, કાલબાદેવી, **મુંબઇ, ૨**

પુસ્તક પરિચય: વિસ્તૃત સાહિત્યાવલોકન માટે બે પુસ્તકો પ્રકાશકે મોકલવાં જરૂરી છે. એક આરોગ્યસિંધુ કાર્યાલયમાં રહે છે અને એક પ્રત એ વિષયના નિષ્ણાતને અવલોકન માટે મોકલવામાં આવે છે. નિષ્પક્ષપાતપણે તમામ અવલોકનો કરવામાં આવે છે.

જાહેરાત: આ પત્રનો ફેલાવો સુવૈદ્યોમાં અને જનતામાં સારો હોઇ, એમાં કરેલ જાહેરાત તુરત જ જવાબ આપે છે. જાહેરાતનો ભાવ એક ઈંચના રૂા. ૨ છે. ૦| પાનું એક વખતના રૂા. ૧૦, ૦|| પાનું રૂા. ૨૦ અને આખું પાનું રૂા. ૩૬ ભાવ છે. પરંતુ બાર માસનો કોંટ્રેક્ટ કરવાથી સારૂ કમિશન મળે છે. એ વિષયમાં જીજ્ઞાસુએ પત્રવ્યવહાર કરવો.

પત્રનું કદ: પત્ર રોયલ આઠ પેજીમાં પ્રગટ થાય છે. આખા વર્ષમાં બધું મળી ૩૫૦ પૃષ્ઠનું વાંચન આપવામાં આવે છે. પ્રત્યેક અંકમાં આશરે ૨૮ પૃષ્ઠ થાય છે. અને ભેટપુસ્તક ૧૦૦ થી ૧૨૫ પૃષ્ઠનું દર વર્ષે આપવામાં આવે છે. કુલ્લે ૫૦૦ પૃષ્ઠનું વાંચન રૂા. ચારમાં આપવામાં આવે છે.

આરોગ્યસિન્ધુ કાર્યાલય: ૩૭૫, કાલબાદેવી, **મુંબઈ, ૨**

(૬) નિયમ વિરૂદ્ધ કે અસાવધાનતાથી મોકલેલ શુલ્ક પ્રતિ પરીક્ષાર્થ ૨) રૂા. દંડ કાપી મોકલવામાં આવશે.

(૭) જો છાત્ર પરીક્ષામાં કોઈ કારણસર બેસે નહિ તો તેની ફી પાછી મોકલાશે નહીં. ક્રમાંક નકકી થયા પૂર્વે જો પરીક્ષાર્થી પોતાની અનુપસ્થિતિનું વિશિષ્ટ કારણ આપે તો તેનું શુલ્ક તે પછીની પરીક્ષા માટે સુરક્ષિત કરી શકાશે. પરંતુ ક્રમાંક નકકી થયા બાદ તે પણ કરી શકાશે નહિ.

(૮) આયુર્વેદાચાર્ય અને આયુર્વેદ વિશારદ માટે પ્રશ્નો ટીર સંસ્કૃત ભાષામાં લખવા જરૂરી છે. અન્ય પરીક્ષામાં ઉત્તર હિંદી યા અન્ય કોઇ પ્રાદેસિક ભાષામાં લખી શકાશે.

(૯) વિદ્યાપીઠ સંબંધ સંસ્થાઓ સ્વીકૃત અધ્યાપક મહાનુભાવો માટે જરૂરી છે કે તેઓ પોતાનું સંબદ્ધતા શુલ્ક ૧૫ રૂા. કે માન્ય સદસ્યતા શુલ્ક રૂા. ૫ ૧૫ ડિસેંબર ૧૯૫૫ સુધી અવશ્ય મોકલી દે. તથા પરીક્ષાથીઓના આવેદનપત્ર પ્રત્યેક અંશને સારી જોઈ કરી તેના પર રસ્તા સર કરે. કેમકે આવેદનપત્રમાં થયેલી અસાવધતા કે તેથી થનાર હાનિના જવાબદાર તેઓ જ લેખાશે.

મહાલક્ષ્મી માર્કેટ — નાનકચંદ
ચાંદની ચોક દિલ્હી — —વિદ્યાપીઠ મંત્રી

(૬) આયુર્વેદીય સંશોધન બોર્ડની પુનર્રચના

મુંબઈના વૈદકીય કાયદામાં સંશોધન કરતી વખતે એપ્રિલ ૧૯૪૯ માં મુંબઈ સરકારે એક રીસર્ચ બોર્ડની યોજના જાહેર કરી હતી અને તેમાં ડૉ. મ્હસ્કર, વૈ. જાદવજી આચાર્ય, વૈ કવડે, ડૉ. ઘોષ અને વૈ. ગોખલેને સમાવ્યા હતા. બોર્ડમાંથી લગભગ તુરત જ વૈ. જાદવજીએ રાજીનામું આપ્યું હતું. અને, પાછળથી વૈ. શિવશર્માને એ સ્થાન પર સરકારે નિમ્યા હતા. વૈ. શિવશર્માએ રાજીનામું આપતાં વૈ. બાપાલાલ શાહની વરણી સરકારે કરી હતી. તાજેતરમાં, એ બોર્ડની ફેરરચના સરકારે આ પ્રમાણે જાહેર કરી છે: વૈ. ગંગાધર પુરાણિક (પ્રમુખ) અને પ્રા. અનંત નામ જોશી (મંત્રી) – આ બન્ને સજ્જનો ઔષધોના પ્રમાણીકરણનું કામ સંભાળશે. વૈ. નારાયણ જોશી અને વૈ. રણજિતરાય દેસાઇ – આ સજ્જનો પાઠયપુસ્તક નિર્માણનું કામ સંભાળશે, અને, વૈ. પાંડુરંગ દેશપાંડે તથા વૈ. રામશિરોમણિ દ્વિવેદી – આ સજ્જનો શય્યાસમિપ સંશોધનનું કામ સંભાળશે.

આ નવા સંશોધન બોર્ડને સલાહ આપવા માટે એક સલાહકાર સમિતિ નીમવામાં આવી છે. તે પ્રમાણે વૈ. જાદવજી ત્રિકમજી આચાર્ય, વૈ. જીવરામ કાલીદાસ શાસ્ત્રી અને વૈ. ગણેશ ત્ર્યંબક જોશી. (આ.જ.)

(૭) શ્રી ના. મોરારજી દેસાઇ

મંગળવાર તા. ૨૭–૯–૫૫ ના રોજ સવારે ૮ વાગ્યે પુનાના અષ્ટાંગ આયુર્વેદ મહાવિદ્યાલયને આંગણે મુંબઈના વડા પ્રધાન શ્રી મોરારજી દેસાઈ પધાર્યા હતા, તે પ્રસંગે સંસ્થાને માર્ગદર્શન કરતાં તેમણે બે બોલ કહ્યા તે ગણાજ અગત્યના હતા.

તેમણે કહ્યું, " એલોપેથિક હોસ્પીટલો બહુ ખર્ચાળ હોય છે. તેથી સરકારે જનતાની જરૂરત માટે જોઇએ તેટલી હોસ્પીટલો ખોલવી કઠણ થઇ પડે છે. તેથી વિરૂદ્ધ આયુર્વેદિક હોસ્પીટલો ઓછાં ખર્ચે ચાલી જેકે છે. કારણ કે કુશળ વૈદ્ય નજદિકમાં મળનાર વનસ્પતિનો રોગ પરિહાર માટે ઉપયોગ કરી શકે છે. અંગ્રેજોનું રાજ્ય હતું ત્યારે તેમણે એલોપથીને મદદ આપ્યું. તેને ઉત્તેજન આપ્યું અને

વર્તમાનના વહેણ :

(૧) શુદ્ધાયુર્વેદાભ્યાસક્રમ

આ કોર્સની "આયુર્વેદ પ્રવીણ"ની પરીક્ષા મુંબઈ, સુરત અને બેલગામ કેન્દ્ર ખાતે લેવાયલ છે. જેમાં લગભગ ૧૫૦ વિદ્યાર્થીઓ બેઠા હતા. આની લેખિત અને મૌલિક પરીક્ષાઓ લેવાઈ ગયેલ છે.

(૨) અમદાવાદમાં આ. ઇસ્પીતાલ

અમદાવાદની સિવિલ હોસ્પીટલમાં ૨૦ બેડઝનો આયુર્વેદિક વિભાગ સ્થપવાનો હતો તે માટે વૈદ્ય મણિલાલ બ્રહ્મભટ્ટની નિમણુક થયેલ છે. વૈ. મણિલાલજી નડિયાદની આયુ. કોલેજના પ્રોફેસર છે. ટૂંક સમયમાં આ વિભાગ શરુ થશે.

(૩) વૈદ્ય, મેજીસ્ટ્રેટના પદે

બહરાનપૂરના શ્રી વૈદ્ય વામનરાવ દીનાનાથ શાસ્ત્રીના નાના ભાઈ શ્રી શિવનાથજી શાસ્ત્રી આયુર્વેદાચાર્ય ધન્વન્તરિની મેજીસ્ટ્રેટ તરીકે નિમણુક થઈ છે. આ પદવી પર વૈદ્ય બીરાજમાન થાય તે અભિનંદનીય છે.

(૪) ૪૧ મું અધિવેશન

આ વર્ષના ડિસેંબર માસના અંતિમે સપ્તાહમાં કુરનુલ આંધ્રમાં થનારા ૪૧ મા અધિવેશનના સ્વાગતાધ્યક્ષ આંધ્ર કોગ્રેસ કમીટીના પ્રધાન શ્રી. અલૂરી સત્ય નારાયણ રાજૂ ગારૂ તથા સંયોજક શ્રી. કવિરાજ ઉસતિ પે નારાયણ મોહન ગારૂ નક્કી થાય છે. સમિતિના પ્રધાન મંત્રી શ્રી. ડૉ. એ લક્ષ્મીપતિ છે. સમ્મેલનની સંભવિત તારીખો ૨૯–૩૦ ત ૩૧ મી ડિસેંબર છે. જેમણે ઠરાવ મોરલવા હોય તે ૧૫ ટેવેંબર સુધી પોતાના પ્રસ્તાવ મહાસંમેલન કાર્યાલયમાં મોકલી આપે.

(૫) નિખિલ ભારતીય આયુર્વેદ વિદ્યાપીઠ

સને ૧૯૫૬ના વર્ષની પરીક્ષા સંબંધી સુચનો

(૧) પરીક્ષાઓ માર્ચ ૧૯૫૬ માં પ્રારંભ થશે.

(૨) (ક) પરીક્ષા ફી પ્રતિખંડ આયુર્વેદાચાર્ય અને વૈદ્યાચાર્ય ૧૫ રૂપીઆ. આયુર્વેદ વિશારદ ૧૦ રૂપીઆ અને આયુર્વેદભિષક ૭ રૂપીઆ.

(ખ) જે વિદ્યાર્થીએ ૨ રૂપીઆ વિદ્યાપીઠીય રેજીસ્ટ્રેશન શુલ્કન આપ્યું હોય તેણે ૨ રૂ. રેજીસ્ટ્રેશન શુલ્ક પરીક્ષા શુલ્ક ઉપરાંત આપવું પડશે.

(ગ) વિદ્યાપીઠ કાર્યાલયમાં પરીક્ષા શુલ્ક પ્રાપ્તિની અંતિમ તિથિ ૧૫મી ડીસેમ્બર છે. તે પછી ૩૧–૧૨–૧૯૫૫ સુધી રૂ. ૧ અને ૧૫ મી જાનેવારી ૧૯૫૫ સુધી રૂ. ૨ વિલંબ ફી સાથે મેળવી ફી લેવાશે.

(૪) પરીક્ષા સંબંધી આવેદનપત્ર પ્રાપ્ત કરવા માટે પરીક્ષા શુલ્ક કાર્યાલયમાં એડવાંસ મોકલવું પડશે. ફી મોકલતી વખતે તેનું વિવરણ અને પ્રેષકનું પૂર્ણ સરનામું મનીઓર્ડર કુપન પર લખવું પડશે એટલે તેજ પ્રમાણે આવેદનપત્ર મોકલી શકાય. ચેક અથવા પોસ્ટલ ઓર્ડર સ્વીકારી નહીં શકાય.

(૪) કાર્યાલય શુલ્ક પ્રાપ્તિ રસીદ સંખ્યા મનીઓર્ડરની તમને પાછી મળનારી કુપન ઉપર લખી હશે. આજ સંખ્યા (ક્રમાંક) કાર્યાલયમાં તમને મોકલાયલું આવેદનપત્ર મોકલો તેમાં ભરવી જોઈએ. ઉક્ત રસીદ સંખ્યા કાર્યાલયમાં તમે જે આવેદનપત્ર મોકલો તેમાં સ્પષ્ટતયા લખેલી હોવી ઘટે. એ બાબત જરૂરી છે. પત્રવ્યવહારમાં તેનો ઉલ્લેખ જરૂરી છે અને એ રસીદ સાચવી રાખવી ઘટે.

(૫) આવેદનપત્રની કાર્યાલયમાં પ્રાપ્તિની અંતિમ તારીખ ૧૫મી ડિસેંબર ૧૯૫૫ હોવી ઘટે. ત્યારબાદ ૨૫ જાનેવારી ૧૯૫૬ સુધી દંડ ૧ રૂપીઆ શુલ્ક સહિતજ આવેદનપત્ર લેવાશે.

શ્રી. વૈદ્ય ગોવિંદપ્રસાદ હરિદાસ



સને ૧૯૧૯ ના ઓગસ્ટની ૧૯ મી તારીખે શ્રી. ગોવિંદપ્રસાદ ભાઈનો જન્મ આયુર્વેદના કુશળજ્ઞાતા શ્રી. હરિદાસભાઈને ત્યાં થયો હતો

તેમના પિતાશ્રીના સંસ્કારો પણ સારાં ઉતર્યાં હતા. એકંદરે પરિસ્થિતિ તે વખતે ગરીબ હતી. છતાં પોતાની તનતોડ મહેનત ને ધ્યેયલક્ષી વિચારોને લઈ પોતે મેટ્રીક સુધી અભ્યાસ કર્યો. અભ્યાસ સાથે બીજી ભાષા તરીકે સંસ્કૃતને જ પસંદગી આપી હતી.

આયુર્વેદનું મૂળ સંસ્કૃત હોઈને અને પિતાના સંસ્કારોને લીધે તેમણે વૈદકીય સાહિત્યનો અભ્યાસ શાસ્ત્રીય રીતે કર્યો અને નિખિલ ભારતવર્ષીય આયુર્વેદ વિદ્યાપીઠની પરીક્ષા પસાર કરી અને સારા વિદ્વાનો પાસે રહી આયુર્વેદના જ્ઞાનનો બહોળો અનુભવ મેળવ્યો. ધીરે ધીરે નાના પાયા ઉપર વૈદકનો વ્યવસાય પણ ચાલુ કર્યો.

અમુક સમય બાદ પોતાના જ્ઞાન અને અનુભવને લીધે જે કાંઈ સંપાદન કર્યું તેના ફળસ્વરૂપે તેમને વીશેષ સગવડવાળુ "ગોમતીપુર આયુર્વેદિક હોલ"ના નામે દવાખાનું બનાવ્યું.

તેમની કીર્તિની સુવાસ ચોમેર પ્રસરી રહી અને છેવટે આ દવાખાનામાં પણ નવી રચના જુદા જુદા વિભાગોવાર સને ૧૯૫૦ માં કરી એને "ધન્વન્તરિ" નામ આપ્યું. આજે તેમની ગણત્રી અમદાવાદના અગ્રગણ્ય તબીબોમાં થાય છે.

જાહેર સેવાઓમાં પણ તેમણે સારો એવો ફાળો આપ્યો છે. કોંગ્રેસના તેઓ સક્રિય સભ્ય છે. અને સામાજીક કાર્યોમાં પણ સારો રસ ધરાવતા હોઈ સને ૧૯૪૬ થી ૧૯૫૫ સુધી "ગોમતીપુર પ્રજામંડળ"ના પ્રમુખપદે રહ્યા છે. તદુપરાંત તેઓશ્રી ગુજરાતના મહા વૈષ્ણવ બ્રાહ્મણ મંડળના પ્રમુખપદેથી જનતાની સારી સેવા બજાવી છે.

શ્રી અમદાવાદ વૈદ્ય-સભામાં ઘણા વર્ષોથી તેઓ વ્યવસ્થાપક મંડળના સભ્ય તરીકે ચુંટાયેલા રહ્યા છે તેમ જ વૈદ્ય-સભામાંના સક્રિય કાર્યકર્તા હોવાથી તેઓ ઉપ-પ્રમુખ પદે પણ ચુંટાયા છે, તેમ જ "આયુર્વેદ પ્રચાર સમિતિ"ના ઉપ-પ્રમુખ તરીકે પણ પોતાની સેવા સહર્ષ આપી છે.

આયુર્વેદના બહોળા પ્રચારના ધ્યેયને અનુલક્ષીને મહાગુજરાતના દૈનિક "સંદેશ"માં "આરોગ્ય અને આયુર્વિદ્યા" એ શીર્ષક હેઠળ છેલ્લા બે વર્ષથી સંપાદન-કાર્ય કરી પોતાની ફરજ બજાવી રહેલા છે. જુદી જુદી ઋતુઓમાં ફાટી નીકળતા રોગચાળામાં આમજનતાને યોગ્ય સૂચનો દ્વારા પથદર્શક બનીને પણ સારી સેવા કરી રહ્યા છે. તેઓ અત્યારે દેશી વૈદકીય બોર્ડની કાર્યકારીણી સમિતિમાં બીરાજે છે, સંક્ષિપ્તમાં તેઓશ્રી એક ખ્યાતનામ વૈદ્ય છે. તેમની કીર્તિ ઝળહળતી છે અને ભગવાન ધન્વન્તરિ તેમને દીર્ઘાયુષી બનાવી તેમની કીર્તિને સદાય જ્વલંત રાખે એ જ અભ્યર્થના સાથે વીરમું છું. •

એલોપથીનો અભ્યાસ કરનારા લોકોએ આયુર્વેદનું જ્ઞાન ન હોતાં તે સિવાય બીજો કોઇ રોગ પરિહારનો માર્ગ જ નથી એમ સમજવા લાગ્યા. અને તે જ રીતે કેટલાક વૈદ્ય લોકોએ એલોપથીનું જ્ઞાન ન હોવાને લીધે. માત્ર આયુર્વેદ એજ એકમેવ રોગ પરિહારનો માર્ગ છે એમ પ્રચાર કર્યો. પરંતુ ખરું જોતાં આ બન્ને વિચાર સરણીમાં અજ્ઞાન એ એક જ કારણ છે.

હું કોઈને દોષ આપતો નથી પરંતુ આયુર્વેદ એ શાસ્ત્ર નથી એમ કહેનારા લોકો આયુર્વેદ શબ્દોનો વિચાર કરતા જ નથી, આયુર્વેદ એ પેથી (પંથ) ન હોતા તે સંપૂર્ણ શાસ્ત્ર છે. ઇતર વેદો પ્રમાણે આયુર્વેદનો જેમને સાક્ષાતકાર થયો તે ઋષિ હતા.

તેમણે અનેક વર્ષો પર્યંત અધ્યયન કર્યું અને તપશ્ચર્યા કરી તેનું ફળ એટલે આયુર્વેદ શાસ્ત્ર સમજવું. તે પરિપૂર્ણ છે અને પ્રાણી માત્રને દીર્ઘ જીવન અને આરોગ્ય આપવા માટે સમર્થ છે.

ખરો ગુરૂ તો એ છે કે જે પોતાના વિષયનો અભ્યાસમાં આમૂલાગ્ર પ્રવેશ કરાવી દે છે. પોતાનો વિષય અધ્યયન કે અધ્યાપન કરતા દ્રવ્ય પ્રાપ્તિ કેટલી થશે એનો વિચાર તો આવતો જ નથી. શાસ્ત્ર સેવા એજ ધર્મ સમજી વિષયોનું ચિંતન અને પ્રતિપાદન તે કરતો જાય છે, આવા ગુરુને વિદ્યાર્થીઓની ખોટ કદિ પડનાર નથી. અને આવા જ ગુરુ આયુર્વેદને તેનું પૂર્વવત સ્થાન અપાવી દેશે.

સરકારે આ અભ્યાક્રમમ શરૂ કર્યા બાદ ગુરૂ પાસેથી પૈસાની માંગણી શરુ થઈ. પરંતુ મને આશ્ચર્ય થાય છે કે તેમને પૈસાની જરૂરત શી છે? પોતાનો વ્યવસાય કરી શિષ્યોને જ્ઞાન આપવું અને ઉત્તમ સમાજોપયોગી વૈદ્યોનું નિર્માણ એ પ્રાચીન પદ્ધતિ પ્રમાણે સહજ શક્ય છે, કાર્ય ઉત્તમ પધતિએ શરૂ થયું કે સરકાર પૈસા નહિ ખર્ચે એવું નથી. પરંતુ મારૂ સુચન એવું છે કે માત્ર પૈસા માટે કાર્ય ન કરતાં સમાજ સેવાનો હેતુ એમાં રાખો. અને પૈસા આપોઆપ આવશે,

વિદ્યાર્થીઓને મારી સલાહ છે કે વ્યાયામ કરી શરીર સુખ મેળવી અને અભ્યાસ કરી જ્ઞાન પ્રાપ્ત કરી લેશો તો તમારું જીવન સુખમય થશે. પણ સુખની રાજસકલ્પનામાં રાચી અત્યારે શારીરિક શ્રમ નહિ કરો અથવા વિદ્યાભ્યાસનુ તપ દુઃખકારક સમજી અવગણશો તો હાનિકારક થશે." (આ.પ.)

દર્દી નં. ૩૮૭૪–૧૦૦૧૪; લિંગ–પુરૂષ; વય ૬૦ વર્ષ; વ્યવસાય–ખેતી; સંહનન–મધ્યમ કોષ્ઠ–ક્રુર; આદિ. પ્રવેશ સમયે વામજાનુસંધિ શોથયુકત, વેદના યુકત, અવિપાકી (આમાવસ્થા) તથા મલાવરોધ, અલ્પ માત્રામાં જ્વર અને નાડિગતિ મંડુક–આવાં લક્ષણો રોગીમા પ્રતીત થતાં હતાં ઘુંટણનો આકાર શિયાળના મસ્તક જેવો હોવાથી તથા વાત રોગોનાં સામાન્ય લક્ષણો વડે યુકત હોઇ એનું ક્રોષ્ટુકશીર્ષ નિદાન કર્યું. પ્રવેશ સમયે વામજાનુસંધિ મધ્ય પરિધ ૧૫ાા" હતું.

વાતરોગોમાં ગુગ્ગુલ પ્રધાન ક્વાથો એ ચિકિત્સાવૈશિષ્ટય છે. તેઓ પૈકી રકતશોધક ગુગ્ગુલ એ વૈદ્યોમાં પરંપરાગત પ્રચલિત પાઠ છે. ક્રોષ્ટુકશીર્ષ એ વાતશોણિતજ वातशोणितज એટલે વાત અને રકતની દૃષ્ટિથી ઉત્પન્ન થયેલ રોગ હોઇ એને માટે રકત શોધક ગુગ્ગુલ ઉત્તમ ઔષધ છે. ત્રિફળા અને ગુગલ એ બેના ક્વાથના અનુપાનમાં તથા લતાકરંજ એટલે કાચકાંની બીજ વાતઘ્ન અને જલશોષક (અપાન ક્ષેત્ર પ્રદેશમાં) હોવાથી આ ત્રણેનો ઉપયોગ કર્યો. લેપ માટે ભલ્લાતક તૈલ તથા રકતશોધક ગુગ્ગુલનો પ્રયોગ કર્યો.

ચિકિત્સાક્રમ નીચે પ્રમાણે હતો—

(૧) અપાનકાલે (સવારે)

રકત શોધક ગુગ્ગુલ	...	૧ માસા
ત્રિફલા	... ...	૪ તોલા
ગળો	... ...	૪ તોલા

ના ક્વાથના અનુપાનમાં.

(૨) વ્યાનકાલે તથા ઉદાનકાલે (બપોરે તથા સાંજે)

કાંકચ	... ...	૧ માસા

મધના અનુપાનમાં

(૩) લેપનાર્થે રકતશોધક ગુગ્ગુલનો લેપ તથા ભલ્લાતક તૈલનું પ્રતિસારણ.

ઉપરોકત ચિકિત્સા પદ્ધતિથી ધીમે ધીમે જાનુસંધિનો આકાર બદલાતો ગયો. તા. ૧૯–૪–૫૫ (૩૭ દિવસમાં) દિને રોગી રોગ મુકત થઇ ઘરે ગયો. મુકિત વખતે જાનુસંધિના–મધ્ય–પરિધ ૧૪" હતું એટલે પરિધમાં દોઢ ઇંચનો ઘટાડો થયો તથા શોથ, શુલ, જ્વરાદિ સર્વ અન્ય લક્ષણો પણ નાબુદ થયાં હતાં. જાનુસંધિનું આકુંચન–પ્રસારણ સમ્યક્તયા થઈ શકતું હતું.

રકત–શોધક ગુગ્ગુલનો પાઠ:

૧ પુનર્નવા	... ...	૮ ભાગ
૨ લોધ્ર	... ...	૨ ભાગ
૩ ચિત્રક	... ...	૨ ભાગ
૪ શુંઠી	... ...	૨ ભાગ
૫ ગુગ્ગુલ	... ...	૫૬ ભાગ
૬ હરિદ્રા	... ...	૨ ભાગ
૭ ત્રિફલા ક્વાથ	... ...	૯૬ ભાગ
૮ ગોમૂત્ર	... ...	૩૦ ભાગ

ઊર્ધ્વલિખિત સર્વ ચીજોને એકઠી કરી ઉકાળી, ઘન બનાવી ગોળીઓ વાળવી.

(ભિષગભારતી)

ક્રોષ્ટુક શીર્ષ

લેખક: શ્રી. ભા. વિ. ગોખલે પ્રિન્સિપાલ
આયુર્વેદ મહાવિદ્યાલય પુણા.

અનુવાદક: ચિત્તરંજન ક. વ્યાસ
ડી. એ. એસ. એફ.

સફળ રુગ્ણચિકિત્સા વૃત્તાંત:

वात शोणीतजः शोथः जानुमध्ये महारुजः
ज्ञेयः क्रोष्टुकशीर्षस्तु स्थुलः क्रोष्टुकशीर्षवत्
(शीरः क्रोष्टुकपुर्व तु स्थुलः क्रोष्टुकशीर्षवत्)

सु, नी. अ. १.

આયુર્વેદમાં 'વાતરોગ' નામક એક પ્રકરણ છે. વાતવાહિનીઓનો રોગ એટલે 'વાતરોગ' એવો સમન્વય કરવામાં આવે છે. પરંતુ શાસ્ત્રીય પરિભાષાનુસાર વાતવહ સ્રોતાના રોગ એટલે 'વાતરોગ' એમ કહેવું યોગ્યતર છે. કારણ સ્રોત એ શબ્દપ્રયોગ વાહિનીઓની અપેક્ષાએ અધિકતયા મૂળભૂત વિકૃતિ દર્શાવનાર છે. આયુર્વેદમાં વાયુના પાંચ પ્રકાર માન્યા છે. તે મુજબ અનુક્રમે પ્રાણવહ, ઉદાનવહ, વ્યાનવહ, સમાનવહ અને અપાનવહ એમ વાતવહ સ્રોતોના પ્રકાર છે. આ પ્રકારનું વાયુના ઉદ્દભવ અને સંચારનું વર્ણન આયુર્વેદમાં હોઈ 'વાતરોગ' એટલે એ સ્રોતો પૈકી અથવા એ સ્રોતોની અંતર્ગત કોઇ એક યા વધુ અવયવના રોગ એમ લઇ શકાય. આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં *Diseases of the neraous system*' એ પ્રકરણમાં વર્ણવેલા રોગો 'વાતરોગો' છે એમ માલમ પડે છે. ક્રોષ્ટુક શીર્ષ એ એક 'વાતરોગ' છે.

ક્રોષ્ટુક શીર્ષ' શબ્દનો અર્થ 'શિયાળ શિર સદશ' એમ ટીકાકારોએ આપ્યો છે. એ ઉપમાં ખરેખર યોગ્ય જ છે. જાનુ–ઘુંટણ મધ્યે થનાર આ રોગમાં જાનુનો આકાર બરાબર શિયાળના માથા જેવો જ લાગે છે. જાનુનો મધ્યપ્રદેશ ઉન્નત, દ્રવપ્રતિતીયુકત, (અતિવેદના યુકત) હોય છે તથા જાનુસંધિનું આકુંચન પ્રસારણ મર્યાદિત થઈ જાય છે—આ ક્રોષ્ટુક શીર્ષનાં લક્ષણો છે. જલપાર્શ્વ, જલમસ્તક (જલોદર) આદિ શબ્દપ્રયોગો સદશ 'જલજાનું એમ આ રોગનું નામકરણ કરીએ તો તે અર્થસૂચક છે. પરંતુ વૃષણમાં જલસંચય થયો એટલે વૃષણવૃદ્ધિ એમ નામ આપ્યું, તે પ્રમાણે જાનુમાં જલનો સંચય થયો તેને 'ક્રોષ્તુક શીર્ષ એમ નામ આપવામાં આવ્યુંછે.

ક્રોષ્ટુક શીર્ષ એ રોગ જાનુ–ઘુંટણ–(મરાઠી–ગુડધા)માં થતો હોઈ પ્રાકૃતભાષામાં એનો 'ગુડધી' નામે ઉલ્લેખ થયેલો સાંપડે છે. શ્રી. છત્રપતિ શિવાજી મહારાજને આજ રોગ થઈ તેમનું મૃત્યુ થયેલું એવું જાણવા મળે છે. તથાપિ તે કાળમાં વૈદકનું જ્ઞાન કેટલું અવશિષ્ટ હશે અને કયા વૈદ્યે એનું નિદાન કર્યું હશે તે કંઈ જણાયું નથી. પરંતુ 'ગુડધી–ક્રોષ્ટુક–શીર્ષ' એ રોગમાં જો પાક થયો તો તો વ્યાધિ ગંભીર સ્વરૂપ ધારણ કરે છે એ ખરૂં જ છે.

આયુર્વેદ શાસ્ત્રમાં રોગોનું વર્ગીકરણ સંપ્રાપ્તિની દષ્ટિએ એક પ્રકારની વિકૃતિ અથવા પ્રધાન લક્ષણને અનુલક્ષીને કરેલું છે. તે દષ્ટિએ 'વાતરોગ' એમ વર્ગીકરણ ધ્યાનમાં લઇ ક્રોષ્ટુકશીર્ષની ચિકિત્સા કરવી જોઈએ.

જાનુ મધ્યે શોથ થયો એટલે શિયાળના માથા જેવો આકાર તો થવાનો જ. તેથી અન્ય સંધિઓમાં પણ સંધિવાતનાં લક્ષણો જોવાં. એટલે ઘુંટણ તપાસતી વખતે અન્ય સર્વ સંધિઓની પણ ચોકકસ તપાસ કરવી એવો નિયમ કરવો, અર્થાત્ કોઇપણ રોગીની સંપૂર્ણ તપાસ કર્યા સિવાય નિદાન કરવું નહિ એવો 'નિયમ' વૈદ્યોએ પાળવો જ જોઈએ.

તા. ૧૨–૩–૫૫ના રોજ એક ક્રોષ્ટુક-શીર્ષનો રોગી રુગ્ણાલયમાં દાખલ થયો.

રીંગણાં

લેખક
શ્રી. જટુભાઇ વૈદ્ય

રીંગણાંનું શાક બહુ સ્વાદિષ્ટ થાય છે. એથી એના ઉપર આફરીન થઇ એક કવિએ ગાયું છે કે: 'રીંગણાંનાં શાક વગરના ભોજનને ધિક્કાર હોજો. અને ભોજનમાં રીંગણાંનું શાક કર્યું હોય તોપણ જો એના ડીટિયાં–ઉપરના ટોપા વગરનું હોય તો એવા એ શાકને પણ ધિક્કાર હોજો.' આ સુભાષિતની યુક્તિ કહેનાર કવિ રીંગણાં અને એના ડીટિયાના સ્વાદનો ખરેખરો શોખીન હોવો જોઇએ–અને સાચો-સાચ ચણાનો લોટ કે ધાણાજીરા સાથે મસાલો મેળવી વેસણ ભરી તલના તેલમાં બનાવેલું રીંગણાંનું શાક ખાતી વખતે એનું ડીટિયું ચુસવાની પણ ભારે મઝા પડે છે, એની કોણ ના પાડી શકે એમ છે?

રીંગણાંનું સંસ્કૃત નામ 'વૃન્તાક' છે. એના ઉપરથી ગુજરાતીમાં એનું બીજું અપભ્રંશ નામ વંત્યાક પણ કહેવાય છે અને પ્રસિદ્ધ છે. એની મુખ્ય બે જાતો જોવામાં આવે છે. એક કાળી અને બીજી ધોળી એની આકૃતિ પણ બે પ્રકારની છે. એક લાંબી અને બીજી ગોળ દડા જેવી. બીજ અને ભુમિ પરત્વેના ભેદથી એનો ફાલ નાનો મોટો ઉતરે છે, કોઇકોઇ સ્થળે બહુ જ મોટાં આકારનાં રીંગણાં લાંબા અને ગોળ બન્ને જાતના જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણ તરફ ખુબ જ મોટાં રીંગણાં–લાંબી આકૃતિનાં મળે છે. તેમજ એની એક જાત નાનામાં નાના આકારનાં રવૈયાં પણ થાય છે. એ તો હવે સઘળે સ્થળે હવે વેચાય છે.

રીંગણાં જેમ કુમળાં એમ ઉત્તમ મનાય છે. બહુ પાકાં અને વધારે બીજવાળાં નિંદ્ય ગણાય છે. એનું શાક સ્વાદિષ્ટ થતું નથી. ચરકું લાગે છે, જીભ તમતમે છે ને મોઢું પણ આવી જાય છે.

રીંગણાંની મોસમ તો ખરેખરી શિયાળો જ છે પણ નથી ફૂટનાં–એટલે ફાલ ઉતારી લીધા પછી ફરીથી રીંગણાંનાં છોડને પાણી પાઇને પકવેલો બીજો ફાલ ઉનાળામાં પણ આવે છે, ને એ જો કુણાં હોય તો ઠીક લાગે છે પણ ચોમાસામાં તો એ ગુણહીન બની સ્વાદહીન થઇ જાય છે. વળી ગરમ હોવાથી પિત્તનો સંચય કરે એથી ભાદરવામાં નડે એટલે વૈષ્ણવો તથા સ્વામીનારાયણ સંપ્રદાયના ધર્મભકતો ચાતુર્માસ એટલે આષાઢી શુકલા એકાદશીથી કાર્તકી શુકલા પ્રતિપદા સુધી રીંગણાં ખાતા નથી અને બેસતા નવા વરસે અન્નકુટમાં ઠાકોરજીને ધરાવ્યા પછી જ ખાવાનું શરૂ કરે છે. કેટલાક દહેરાવાસી જૈનો તો એનામા રહેલા બહુબીજને લીધે અભક્ષ્ય ગણે છે. વળી રીંગણાંમા 'શુક્ર–વિરેચક' ગુણ હોવાથી બ્રહ્મચર્ય પાલનમાં એ અંતરાય નાખે છે. એનાથી વિર્યરક્ષા થઇ શકતી નથી, અને ધાતુપાત થાય છે એટલા માટે પણ કદાચ જૈનધર્મમાં એને ત્યાજ્ય ગણ્યાં હોય એ બનવાજોગ છે. આપણા આર્યધર્મોના નિયમો આરોગ્યને અનુલક્ષીને પ્રાચીન મહર્ષિઓએ રચેલા છે.

રીંગણાં મધુર, તીક્ષ્ણ તથા ઉષ્ણ છે અને વિપાકમાં કટુ–તીખાં છે, છતાં પિત્તને કોપાવનાર નથી–રૂચિકારક છે તેમજ જઠરાગ્નિને પ્રદિપ્ત કરે છે. વીર્યવર્ધક છે પચવામાં હલકાં છે. કફ અને વાયુનો નાશ કરે છે તથા તાવમાં હિતકારક છે.

નાનાં કે કુણાં રીંગણાં કે રવૈયાં કફ તથા પિત્ત બન્નેને મટાડનાર છે પણ પાકાં મોટાં અને બહુ બીયાંવાળાં રીંગણાં પિત્તકારક અને ભારે છે માટે જ આયુર્વેદમાં કહ્યું છે કે: 'વૃન્તાકં કોમલં પથ્યં' અર્થાત 'રીંગણાં કુણાં હોય એ પથ્ય–હિતકર છે.'

રીંગણાંનું શાક પાણીમાં જ સમારીને

ખરજવાની સિદ્ધહસ્ત દવા

(કુમાર) શ્રી. ભોજરાજ કુંવરજી, ધરણગાંવ

સિગારેટનો અર્ધો ડબ્બો ભરાય તેટલો નરમ ડામર લઇ, તેમાં ઊંચી જાતનો સિંદુર અરધો તોલો નાખી સારી રીતે કાલવી લેવું અને બે દિવસ રહેવા દેવું. ખરજવાની જગ્યાને, ચણાના લોટ અગર સીકાકાઈ ઉકાળેલા પાણીથી સારી રીતે ધોઇ સ્વચ્છ કપડાથી દાબીને લૂછી નાખવી. (સાબુ હરગીઝ વાપરવો નહિ.) પછી ત્યાં ડામરની દવા પાતળી લગાડવી. દવાનું પડ જાડું ન થાય. પછી વેપારીઓ ચોપડા પર જે બારીક કાળી રેતી ભભરાવે છે તે રેતી દવા પર ભભરાવતાં જવું અને કાગળથી દાબતા જવું. (રેતીમાં માટીનો ભાગ હોય તો તે ધોઈ, સૂકવીને વાપરવી.) ખરી મહેનત આ રેતી દાબવાની છે. રેતી ત્યાં સુધી દબાવવી કે ડામરવાળી દવા ઉપર હાથ લગાડતાં આપણા હાથને ડામર લાગે નહિ. આ રીતે દવા લગાડયા બાદ તે દવાનું પડ જ્યાં સુધી પોતાની મેળે ઊખડી આવે નહિ ત્યાં સુધી તેના પર બીજી દવા લગાડવી નહિ જ્યારે દવાના પડ ઊખડી આવે ત્યારે ફરી તે જગ્યાને ઉપર મુજબ જ સારી રીતે ધોઈ, સાફ કરીને ફરી દવા લગાડવી. આ દવા ફક્ત લીલા-દૂઝતા ખરજવા માટે જ અકસીર છે. પરહેજમાં માંસાહારનો ત્યાગ, તેમજ ચણાના લોટના કોઇ પણ પદાર્થ, કેળાં ને રીંગણ જ્યાં સુધી સંપૂર્ણ ફાયદો ન થાય ત્યાં સુધી ખાવાં નહિ. તેમજ દવા લગાડયાના દિવસથી ત્રણ દિવસ સુધી દવા લગાડેલી જગ્યાએ પાણી જરા પણ અડે નહિ તેની કાળજી રાખવી.

(વૈદ્યકલ્પતરૂ)

આ રીંગણાંના ભડથા સાથે શિયાળામાં બાજરાના રોટલાનો, સ્વાદ અવર્ણનીય છે. સાથે માખણ હોય કે દહી હોય તો પછી જોઇ લ્યો એની મજા. પણ જ્યારથી આવા કુદરતી ખોરાક ગયા ત્યારથી જ આપણાં શરીરો માયકાંગલાં બન્યાં.

આવી રીતે રીંગણાંનો ઓળો પડયા પછી એને પકાવ્યા વિનાજ એમાં હવેજ–મસાલા નાંખીને ખવાય છે તેમ તેને પાછો ફરીથી તલના તેલમાં વઘારી, એમાં હવેજ–મસાલા, કોથમીર, આદુ, લીલાં મરચાં, અને લીલું લસણ વગેરે નાંખી થોડા તલ, ઉમેરી દહી નાંખીને પણ એનું શાક થાય છે અને ખવાય છે, પરંતુ જેને રીંગણાંના ઓળાનો કુદરતી સ્વાદ પસંદ હોય એને આ સંસ્કારથી ઉત્પન્ન કરેલો વધારાનો અકુદરતી સ્વાદ ગમતો નથી. રીંગણાંના શાક સાથે લીલા લસણનો સારો મેળ છે અને એની મોસમ પણ સાથે સાથે જ હોય છે.

હવે જે એક ગોળ અને અતિ સફેદ નાના દડા અથવા રવૈયાની જાતના રીંગણાં થાય છે. તે બીજી રીતે કાળાં રીંગણાં કરતાં ગુણમા ઉતરતા હોય છે. પણ એનામા હરસનો રોગ મટાડવાનો ગુણ ઘણો સારો છે, એટલે જેને હરસનું દર્દ હોય એવા દર્દીને માટે એ હીતકારી છે.

આપણા આયુર્વેદના આહારશાસ્ત્રીઓએ શાકોમાં જે હવેજ અને મસાલા નાખવાની યોજના કરી છે એનાથી મુળ શાકનો સ્વાદ વધે છે અને ગુણની પણ વૃદ્ધિ થાય છે તેમજ એમાં રહેલા દોષો નાશ પામે છે. રીંગણાંના શાકમાં ખાસ કરીને આખા સુકા ધાણા, લીલા ધાણા–કોથમીર, આખું જીરૂં કે ખાંડેલ ધાણા જીરાનો ભુકો, ગોળ, લસણ, લીલાં મરચાં વગેરે નાખવાની યોજના જોતાં આપણને એમને વિશે માન ઉપજ્યા સિવાય રહેતું નથી. રીંગણાંનો થોડો પણ જે પિત્તવર્ધક ગુણ છે–એ ધાણાજીરાને લઇને ઘણો ઘટી જાય છે વળી રીંગણાં જો ઘરડાં કે બીયાંવાળાં હોય તો પણ એને લીધે નડતાં નથી. વળી ગોળથી એનો ચરકો જીભને ચટપટી કરે તેવો સ્વાદ પણ નષ્ટ થાય છે. વળી એમાં લીલાં મરચાં કે તીખાંનો ભુકો અથવા લીલુ લસણ કે સુકું લસણ, કોથમીર, આદુ ઇત્યાદિ પ્રમાણસર હોય તો રીંગણાં તો શું પણ કોઇ શાક નડતું નથી. આપણે પાછલા લેખોમાં જોઇ ગયા છીએ કે મરચાંનો અતિરેક થવો ન જોઇએ. ખાંડેલો ભુકો પણ બહુ જ પ્રમાણસર યોગ્ય અલ્પ માત્રામાં નાખવો, અથવા સુકું આખું મરચુ વઘારમા મુકવું કે લીલાં મરચા સમારીને નાખવા તો એનાથી કશી હાનિ થતી નથી. પણ અત્યારે તો આપણા શાકોમાં એવી રીતે મરચાં નાખવામાં આવે છે કે એની તીખાશ આડે મુળ શાકનો સ્વાદ જ ઢંકાઇ જાય છે અને કેવળ મોઢું જ બળે છે અને જીભ તમતમે છે. હવે જ મસાલાઓ રીંગણામાં કે ગમે તે શાકમાં યોગ્ય પ્રમાણથી મુળ સ્વાદ રહે છતાં ઉપરાંત વિશિષ્ટ સ્વાદ એમાં ઉમેરાઇ વૃદ્ધિ થાય અને ગુણનાશ ન થાય એવી રીતે નાંખવા જોઇએ.

પતાકડી –રીંગણી–જેની ઉપર વેંગણ–રીંગણાં થાય છે અને જેનું શાક કરીએ છીએ એનો ખાસ વૈદકમાં ઔષધીય ઉપયોગ નથી છતાં એના કેટલાક સામાન્ય નુસ્ખાઓ નીચે પ્રમાણે છે.

રીંગણી ને રીંગણાનો વૈદકીય ઉપયોગ

ગામડાના લોકો તો બરોલ વધી હોય તો એનાં કુણાં ફળ, કાચાં જ કાકડી અને ચીભડાંની જેમ છોડ ઉપરથી ઉતારીને તાજે–

કરવામાં આવે છે. નહીં તો એ ચરકું થઈ જાય છે, અને જો સમાર્યા પછી વધુ વખત પડી રહે તો પણ સારૂં થતું નથી. વળી જો કેવળ તલના તેલમાં પાણી નાખ્યા વગર બહુ જ ધીમે તાપે, ઉપર થાળી ઢાંકી એમાં પાણી ભરી વરાળથી જ ચોડવવામાં આવે તો એનું શાક બહુ જ સ્વાદિષ્ટ થાય છે. એના શાકને ધાણા જીરા અને લીલી કોથમીર તથા આખા ધાણા સાથે ખુબ જ સુમેળ છે એટલે એ નાખવાથી વધારે સ્વાદ આપે છે.

વળી નાનાં રીંગણાં કે રવૈયાંમાં તો ધાણા જીરૂ અથવા ચણાના લોટનું વસણ યોગ્ય મસાલા સાથે નાખીને આખું પણ બનાવવામાં આવે છે તો એ પણ બહુ સ્વાદિષ્ટ લાગે છે.

રીંગણાંનું શાક ચડી ગયા પછી કોઈ તેમાં થોડું દહીં પણ છાંટે છે. એમાં ધાણા, જીરૂં, ગોળ અથવા દહીં નાંખવાથી રીંગણાં ચરકાં લાગતાં નથી.

વળી રીંગણાંનું ભડથું પણ થાય છે. ગામડાંમાં તો અત્યારે ખેડુત અને મજુર વર્ગ એને અંગારામાં શેકીને પણ વાપરે છે ને આવી રીતે રીંગણાંનો કરેલ ઓળો કે ભડથું વધારે સ્વાદિષ્ટ પણ લાગે છે, સાથે ગુણકારી પણ છે. આ રીતે પકાવેલાં રીંગણાં ગરમ પડતાં નથી. મતલબ કે ઓછાં પિત્તવર્ધક છે, પચવામાં હલકાં છે, જઠરાગ્નિને ઉઘાડી ભુખ લગાડે છે અને કફ, વાયુ, મેદ અને આમનો નાશ કરનાર છે.

બીયાં વગરનાં પણ કુણાં છતાં મોટાં રીંગણાં લાંબા કે ગોળ દડા લાવી એનું ડીટિયું રાખી, ફરતી જે લીલી ટોપી હોય તે ઉખાડી લેવી. પછી એને તલનું તેલ ચોપડવું અને નીચે એક દીવાસળી ગંધકવાળું ટોપકું કાપી લઈ અગર સળગી ગયેલી હોય તેવી અથવા ગમે તે પાતળી સળી રીંગણાંમાં ખોસવી. પછી છાણાં સળગાવી એના ધુમાડા વગરના અંગારા થાય એટલે એમાં રીંગણાં મુકી ગોઠવી ઉપર નીચે બધે જ તાપ લાગે અને બફાય એવી રીતે પાથરવાં. દાઝી ન જાય એનું ધ્યાન રાખવું. જો અંગારા ઓછા હશે તો રીંગણાં કાળા રહેશે અને વધુ હશે તો બળી જશે. માટે સાવચેતીથી કરવાનું છે. બરાબર બફાઈ જાય અને ચડી ગયાં છે એમ લાગે એટલે ચીપીયાથી પકડી બહાર કાઢી ઠંડા પડે એટલે એની ઉપરની છાલ કાઢી નાખી એક કલઈવાળા વાસણમાં છુંદી એમાં યોગ્ય પ્રમાણમાં જોઈએ એટલું મીઠું, ધાણા-જીરૂં લીલાં મરચાં કોથમીર, આદુ વગેરે ઝીણાં સમારીને મસાલા તરીકે નાખીને ખવાય. આ રીંગણાંનું ભડથું અથવા ઓળો ગામજનતા તો અત્યારે ખુબ ખાય. વાડીઓમાં તો કૃષિકારો આ રીતે જ તાજાં રીંગણાં ઉતારી ઓળો બનાવીને ઘરેથી આવેલ ભાત સાથે ખાય, પણ આવી મજા માણવાનું શહેરીઓના નસીબમાં ક્યાંથી હોય?

એને તો ગટરના પાણીથી પકાવેલા સ્વાદહીન રીંગણાંનું તીખા તમતમતા મસાલા નાંખી સીંગતેલમાં પકાવેલું પાણી નાંખેલું અને એના રસાથી પચપચતું શાક જ લલાટે લખાયેલું હોય. એને આ કુદરતી સ્વાદથી ભરપુર સૌરાષ્ટ્રની વાડીઓમાં રીંગણાંના ઓળાની લહેજતનો ખ્યાલ ન આવે. ઘરમાં કોલસાની સગડીઓથી રંધાતું હોય ત્યાં એ બાપડા છાણાં ક્યાંથી લાવે? વાડીઓમાં તો કડબ હોય-ખડ હોય, સાંઠીઓ હોય કે કલસરાં હોય એટલે એનો જ પાધરો તાપ કરીને એમાં રીંગણાં શેકે, પણ આ બધી સામગ્રી શહેરીજીવનમાં હોય નહીં એટલે રીંગણાંનો ઓળો ખાવા એ ક્યાંથી પામે? એ તો દેશમાં આવે અને ગામડાંમાં કોઈ વાર જાય તો જ આવી મજા માણી શકે—નહીં તો ગામડાંમાં વસનાર પિતા કે પિતામહ અથવા માતા કે પિતામહીએ કરેલ સ્વાદનું વર્ણન સાંભળીને રાચે.

શ્રી મહાગુજરાત વૈદ્ય મંડળ

ઉપરોક્ત મંડળની સ્થાયી સમિતિની ત્રીજી સભા, તા. ૯-૧૦-૫૫ના અમદાવાદ ખાતે પુ૦ સ્વામીશ્રી ૧૦૮ શ્રી ભામરતાનંદજી મહારાજના સહકારથી, તેમના સન્યાસાશ્રમના સુંદર વિશાળ ખંડમાં, મંડળના પ્રમુખ વૈદ્ય શ્રી વામનરાવભાઈના પ્રમુખપદે મળી હતી. તે પ્રસંગે મુંબઈથી પ્રમુખશ્રી ઉપરાંત, મંત્રીઓ સોમેશ્વરભાઈ વૈદ્ય, સહમંત્રી વૈદ્યશ્રી જયંતિલાલભાઈ ઠાકર, વૈદ્ય શ્રી હીંમતલાલ મુની, વૈદ્ય હેમચંદ્ર નરશી, વૈદ્ય શ્રી રતીલાલભાઈ કાળાગાંધી, વૈદ્ય શ્રી રામશર્મા, વૈદ્ય શ્રી પ્રાગજી રાઠોડ, વૈદ્ય શ્રી ધનજીભાઈ ઠાકર આવ્યા હતા અને અમદાવાદના સ્ટેશને ભરૂચ, વડોદરા, સુરત, નડીઆદ, નવસારી, ઉમરેઠ, ખેડા, સરીઆમ, વીજાપુર વગેરેથી આવી પહોંચેલા સમીતીના સભ્યો તથા વૈદ્ય શ્રી પ્રતાપકુમારભાઈ, પ્રમુખશ્રી વગેરે સાથે થયાં હતાં.

સ્ટેશને અમદાવાદ વૈદ્યસભાના સભ્યો (વૈદ્ય શ્રી. માધવપ્રસાદભાઈ, વૈદ્ય શ્રી કાંતીલાલભાઈ, વૈદ્ય શ્રી રમણીકલાલભાઈ દવે વગેરે) સાથે સમિતિના યજમાન વૈદ્ય શ્રી ગોવિંદપ્રસાદ હરીદાસભાઈએ આવેલા મહેમાન સભ્યોને સત્કારી શ્રી સન્યાસાશ્રમ લઈ ગયા હતા કે જ્યાં પુ૦ સ્વામીજી તરફથી સૌને સ્વાગતવામાં આવ્યા હતા અને ગુજરાત યુનીવરસીટી તરફથી શરૂ થનારી આયુર્વેદ ફેકલ્ટીના અભ્યાસક્રમ સંબંધી મંડળનું દ્રષ્ટિબીંદુ રજુ કરવા પરત્વેની સભા તથા શહેર કે ગામ, તાલુકા અને જીલ્લા વૈદ્યમંડળો (સ્થપાયેલાં અને સ્થપાનારાં) શ્રી મહાગુજરાત વૈદ્ય મંડળથી સંબદ્ધ રહી એક નેજા હેઠળ કાર્ય વિસ્તૃત રીતે કરી શકે તે માટે જોઈતા બંધારણ પરત્વેની સભા સવારના મળી હતી અને બપોરે ૨॥ થી ૬ વાગ્યા લગી સમિતિની સભાનું કાર્ય હાથ ધરાતાં બોટાદના વૈદ્ય શ્રી નથુશંકર ભટ્ટ તથા મુંબઈના વૈદ્ય પુરુષોત્તમ રાજવૈદ્યના અવસાન અંગે શોક પ્રસ્તાવ, બોર્ડ ઓફ આયુર્વેદ અને યુનાની સીસ્ટમ ઓફ મેડીસીનમાં થયેલી બીનહરીફ ચુંટણી માટે મુંબઈ રાજ્ય વૈદ્ય સમ્મેલનના કાર્યકરોને તેમજ ચુંટણીમાં સફળ થયેલા અને સરકારે નિયુક્ત કરેલ સભાસદોને અભિનંદનનો પ્રસ્તાવ, બોર્ડ અને ફેકલ્ટીના પ્રમુખપદે વૈદ્યને નીમતાં સરકારને અભિનંદનનો પ્રસ્તાવ પસાર થયાં હતાં અને મંડળના આશ્રયે શાસ્ત્રીય ચર્ચાઓ ગોઠવવા નક્કી થયું હતું; શ્રી દવે કમીટીના પ્રશ્નો પરત્વે ચર્ચા બાદ તેની ઝીણવટભરી છણાવટ કરવામાં આવી હતી અને જવાબો નક્કી થયાં હતા.

સભાના સાંજના કાર્યને વેગ આપવા, કાર્યકરો તથા ઉત્સાહને પ્રદીપ્ત કરવા સાંજના સમયે પુજ્ય સ્વામી મહારાજશ્રી પોતાના શિષ્યગણ સાથે સભાખંડમાં પધારી આયુર્વેદની મહત્તા, મહત્વના તથા તેનો ચાર વેદોથી સબંધ પરત્વે મનનીય પ્રવચન કરી, આયુર્વેદના વૈદ્યોને [illegible] કેળવી સ્વ વધારવા અને તેને ઉંચી કક્ષાએ પહોંચાડવા અનુરોધ કર્યો હતો, અને શુભાશીષ વચન ઉચ્ચાર્યાં હતા.

સમિતિની સભા અમદાવાદમાં બોલાવી. ત્યાંની વૈદ્યસભાએ તથા તેના સભ્યોએ ખરેખર સુંદર વ્યવસ્થા કરી સભા ગજાવી હતી. પુજ્યશ્રી મહારાજે પોતાના શ્રી સન્યાસાશ્રમમાં સૌને અંતઃકરણથી આમંત્રીત કરી, સંપૂર્ણ સુંદર વ્યવસ્થા તથા સગવડતા સાચવી હતી. અને સભા નીમીત્તે આવેલ સભ્ય વૈદબંધુઓને પોતાને ત્યાં ભોજન માટે આમંત્રી સુંદર [illegible] તથા આદરસત્કાર વૈદ્ય શ્રી ગોવિંદ પ્રસાદભાઈ હરીદાસે સુંદરતાથી [illegible] કરી હતી; કે જે જીવનમાં આમંત્રણ આપનારાઓએ અનુસરવું જોઈએ. (હેમચંદ્ર નરશી)

તાજાં ખાઈ જાય છે. વળી એનું અગ્નિમાં શેકીને ભડથું કરીને પણ ખાય છે તેમ જ એને શેકીને એના ઉના ઉના ભાથાનું તેમાં સાજીખાર મેળવી પેટ ઉપર બંધાણુ બાંધે છે. એનાથી વધેલાં બરોલ–લીવર–યકૃતનો સોજો ઉતરે છે અને જો પેટમાં ભાર રહ્યો હોય તો એનાથી પાકી જાય છે એમ માને છે. વળી છાતીનો કફ પકવવા માટે પણ શેકેલ રીંગણાના ગરમાગરમ ભડથાનું બંધાણ બાંધે છે. ગ્રામ્ય જનતાને આ પ્રયોગોથી ફાયદો થતો પણ જોવામાં આવે છે. આવા ઉપાયોને લીધે તેઓ એન્ટીફ્લેજીસ્ટીન જેવા લેપના ખર્ચમાંથી ઉગરી જાય છે. સાદા ઉપાયોમાં જો–અનન્ય શ્રદ્ધા હોય તો એનું ફળ અવશ્ય મળે છે.

વાળો નીકળ્યો હોય એની ઉપર રીગણાં અંગારામાં શેકી ભડથું બનાવી એમાં થોડું દહીં મેળવી, સાત દીવસ બાંધવાથી મટે છે.

ઘોડાને પેટમાં જો વાયુ થઈ ગુડગુડાટ થતો હોય તો–રીંગણાંનાં કુમળા ફળો ખવરાવાય છે અથવા એનો રસ કાઢીને પાય છે. કુમળા રીગણાંને લાકડાની ખાંડણીમાં સાંબેલાથી ખાંડીને અથવા ખમણીથી ખમણીને કપડાંથી નીચોવી રસ કાઢી શકાય.

લુખશ ઉપર રીગણાંને બાળી નાંખી એની રાબ કરી કોપરેલમાં મેળવી ચોપડવાથી ફાયદો થાય છે.

ધંતુરાના વિષ ઉપર રીંગણાનો ચાર તોલા રસ પાવો–તો એનાથી ઉપદ્રવોનું નિવારણ થઇ ઝેર ઉતરશે.

અંડવૃદ્ધિ–વધરાવળ ઉપર પતાકડી–રીંગણીનાં મુળ પાણીમાં ઘસી લેપ કરવાથી ફાયદો થશે.

રીંગણાંને અંગારમાં શેકી ભડથું કરી એની ઉપરથી છાલ કાઢી નાંખી વાટકીમાં છુંદી તેમાં મધ નાંખીને સાંજે કે રાત્રે ખાવાથી અનિદ્રા દુર થશે અને ગાઢ નિદ્રા આવશે–સ્વાદ અર્થે મધ સાથે તેમાં થોડું સિંધાલુણ મેળવવામાં હરકત નથી.

આ પ્રયોગો "સસ્તા સાહિત્યવર્ધક કાર્યાલય" તરફથી પ્રગટ થયેલા 'આર્યભિષક અથવા હિન્દુસ્થાનનો વૈદ્યરાજ' એ પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે. આ ગ્રંથ સ્વ. વૈદ્યશાસ્ત્રી શંકરદાજી પદેએ લખેલો છે. એમાં 'વનૌષધિ ગુણાદર્શ' વિભાગમાં ઘણી વનસ્પતિઓના સાદા અને અનુભવસિદ્ધ ઉપાયો વર્ણવેલા છે.

વવું. જ્યારે કલ્કની ચીકણી બત્તી થવા માંડે ત્યારે ઉતારી ગાળી લેવું.

ગુણ: સ્તન, લિંગ અને કર્ણપાલી પર આ તેલની માલિશ કરવાથી તેમાં બહુ જ શીઘ્રતાથી વૃદ્ધિ થાય છે. શીઘ્રપતન અને નપુંસકતાના રોગીઓ માટે લિંગ ઉપર આ તેલની માલિશ કરવાથી લાભ થાય છે. આ વાજીકરણ પણ છે જે બાળકોના શરીરની વૃદ્ધિ રોકાઈ જાય છે તથા બાલશોષાદિ રોગ જેમાં નિતંબ વગેરે પ્રદેશ બિલકુલ સુકાઇ જાય છે તેમાં આ તેલ અભ્યંગ સ્વરૂપે અમુક વખત સતત વાપરવાથી લાભ થાય છે.

(૭) આમારિ ચુર્ણ

દ્રવ્યો: વરેઆળી કાચી, વરેઆળી શેકેલી શૂંઠ, મોટી હરડે, સંચળ અને લવણ પ્રત્યેક ૧-૧ તોલો.

વિધિ: બધા દ્રવ્યોનું કપડછાણ ચૂર્ણ કરી એકત્ર તૈયારી શીશીમાં રાખવું.

માત્રા: ૩ થી ૬ માસા.

અનુપાન: ઉષ્ણ જળ અને પૈત્તિક પ્રવાહિકામાં શીતલ જલ.

સમય: સવાર-સાંજ.

ગુણ: પ્રવાહિકા (મરડા)માં લાભકારક છે.

(૬) કાંકાયનવટી

વૈદ્ય સમાજમાં આ યોગ પ્રચલિત છે. મુખ્યત્વે એના બે પાઠ છે. એક તો શારંગધરનો પાઠ છે. બીજો પાઠ ભૈષજ્યરત્નાવલી- ચક્રદત્તોક્ત છે. બન્નેના દ્રવ્યોની યોજના આ પ્રમાણે છે.

	શા. સં.	ભૈ. ર.		શા. સં.	ભૈ. ર.
અજમો	૧ તો.	૧ તો.	નસોતર	૨ તો.	૪ તો.
સફેદ જીરૂં	,,	,,	દંતીમૂળ	૪ તો.	,,
ધાણા	,,	,,	કચુરો	,,	,,
મરી	,,	,,	પુષ્કરમૂળ	,,	,,
ગરણીનાબીજ	,,	—	વાવડીંગ	,,	—
અજમોદ	,,	૨ તો.	દાડમબીજ	,,	—
કલોંજીજીરૂં	,,	,,	નાની હરડે	,,	—
શુ. હિંગ	૧।। તો.	૧૨ તો.	ચિત્રકમૂળ	,,	૪ તો.
યવક્ષાર	૨ તો.	૮ તો.	અમ્લવેતસ	,,	૮ તો.
સાજીખાર	,,	–	શુંઠ	,,	૪ તો.
પચલવણ	૧૦ તો.	—	તુવરનાં મૂળ	—	,,
			વજ	—	,,
				—	—
			કુલ દ્રવ્યો	૨૫	૧૭

વિધિ: બધા દ્રવ્યોને બારીક પીસી બીજોરા લીંબુના રસમાં ઘૂંટી ચણા જેવડી ગોળી કરી લેવી.

ગુણ: દરેક પ્રકારના ગુલ્મ, અર્શ, હૃદ્રોગ, કૃમિરોગ, ક્ષય (શા. સં.) ગ્રહણી (ભૈ.ર.) દૂર કરે છે. શારંગધરનો યોગ સારો છે. ગ્રહણી અને શૂલમાં તે વિશેષ ઉપયુક્ત છે. જ્યારે ભૈષજ્યરત્નાવલીના યોગમાં ક્ષય નષ્ટ કરવાની શક્તિ નથી.

વૈદ્યોના અનુભૂત ઉપાયો

(૧) સુતિકા રોગઘ્ન રસ

દ્રવ્યો: શુ. પારદ, શુ. ગંધક લોહ ભસ્મ, અભ્રક ભસ્મ, સિંધવ, જાવંત્રી પ્રત્યેક સમાન ભાગ લેવાં અને બકરીનું દૂધ ભાવના માટે લેવું.

વિધિ: પારદ ગંધકની નિશ્ચન્દ્ર કજ્જળી કરી એમાં ભસ્મો મેળવી ઘૂંટી લેવી પછી એક બીજી ખરલમાં જાવંત્રીને થોડા બકરીના દૂધમાં ભીજવી દો. જ્યારે જાવંત્રી નરમ પડી જાય ત્યારે ખરલમાં ઘૂંટી યોગ્ય હોય તેટલું બકરીનું દૂધ મેળવી ધીમે ધીમે મર્દન કરો. દ્રવાંશ શુષ્ક થાય અને ગોળી વાળવા જેવું થાય ત્યારે ૨–૨ રતીની ગોળી કરી છાંયડે સૂકવી રાખવી.

પ્રમાણ: ૧ ગોળી અનુપાન : દશમૂલ ક્વાથ.

સમય: સવાર–સાંજ.

ઉપયોગ: આ યોગ સૂતિકા રોગમાં તથા પ્રસૂતા સ્ત્રીના જ્વરમાં વપરાય છે. આ પાઠ ભૈષજ્ય રત્નાવલીનો છે.

(૨) ચિત્રકાદિ ચૂર્ણ

દ્રવ્યો : ચિત્રક મૂળ, શુંઠ, શુ. હિંગ, પીપર, પીપરામૂળ, ચવ્ય, અજમો, કાળાં મરી પ્રત્યેક ૧–૧ ભાગ સાજીખાર, યવક્ષાર, સિંધવ કૃષ્ણલવણ, બીડલવણ, સમુદ્રલવણ. પ્રત્યેક ૬-૬ માસા.

વિધિ : બધાનું કપડછાણ ચૂર્ણ કરી બીજોરા લીંબુના રસ અથવા ખાટા દાડમના રસમાં (અભાવમાં દાડમબીજ ક્વાથમાં)ની ભાવના આપી ધુપમાં સૂકવી રાખવું.

અનુપાન: તક્ર (છાશ) ઉષ્ણ જલ, દાડમનો સુપ કે લીંબુનો રસ.

ગુણ : અગ્નિદીપક, આમપાચક, રૂચિકારક કફ નાશક, ગ્રહણી ગુલ્મ અને આમશૂળને નષ્ટ કરે છે. આ પાઠ શારંગધરનો છે.

વક્તવ્ય: કફજ ગ્રહણીમાં વધુ ઉપયુક્ત છે.

(૩) દદ્રુઘ્નવટી

શુ. ગંધક, શુ. ટંકણ, શુ. ફટકડી, કપુર, રાળ, કાથો, ખોરાસાની અજમો, અજમો, સાકર પ્રત્યેક ૧–૧ તો.

વિધિ: બધા દ્રવ્યોનું સુક્ષ્મ ચૂર્ણ ખરલમાં નાખી લીંબુના રસમાં ૧ દિવસ સારી રીતે ઘૂંટી ૧–૧ માસાની ગોળીઓ કરવી. પ્રયોગ વિધિ આ ગોળીને લીંબુના રસમાં કે પાણીમાં ઘસી રોગગ્રસ્ત ભાગ કે જ્યાં દરાજ હોય ત્યાં લગાડો. લાભ કરે છે. અનુભૂત છે.

(૪) રજ : પ્રવર્તિનીવટી

યોગ: શુ. કાસિસ, શુ. હિંગ, શુ. ટંકણ એળીઓ.

વિધિ: બધા દ્રવ્યોને ખરલમાં કુંવારના રસમાં સારી રીતે ઘૂંટી ૨–૨ રતીની ગોળીઓ કરવી.

માત્રા : ૧ ગોલી અનુપાન કાળા તલનાં ક્વાથ ઠંડો કરી ગોળ મેળવીને પાવો.

ગુણ: એના સેવનથી નષ્ટાર્તવ–રજોરોધ (માસિક બંધ પડયું હોય તે) દૂર થાય છે. અને સ્ત્રીઓને માસિક પીડા સાથે આવતું હોય તે દૂર થાય છે.

(૫) અશ્વગંધાદિ તેલ

તલનું તેલ શેર ૧, દૂધ શેર ૪ કલ્ક દ્રવ્યો: અશ્વગંધા, શતાવરી, કુષ્ઠ, જટામાંસી અને બૃહત કંટકારિ (ઉભી રીંગણી)ના ફળ ૪–૪ તો.

વિધિ : કલ્ક બનાવી તલ તેલને સારી રીતે ગરમ કરી એમાં કલ્ક અને દૂધ મેળવી સારી રીતે હલાવી મંદ મંદ અગ્નિથી પકા-

ચર્ચાપત્રો :

સસ્તા દરે આયુર્વેદનાં ઔષધો?

આયુર્વેદનાં કેટલાંક શાસ્ત્રોક્ત ઔષધો બજારમાં ઠીક સસ્તા દરે વેચાતાં તેમજ આપણી સરકારના આયુર્વેદ પ્રત્યેના પ્રોત્સાહનને લઇને, યત્રતત્ર સંચાલિત ઔષધાલયોમાં આવાં ઔષધો ઘુસાડવાની વૃત્તિ જોવા જાણવા મળતાં, આ લેખ લખવાનું કારણ બન્યું છે. આ દિશામાં આ ક્ષેત્રના કાર્યવાહકો અને ધુરંધરોની જબ્બર જવાબદારી ઊભી છે. તેમાંથી તે છટકબારી ગોતે જ નહીં.

આયુર્વેદનાં ઔષધો-વનસ્પતિનાં ચૂર્ણ હોય કે રસભસ્મો વા આસવારિષ્ટ હોય-કક્ષાથી ઊતરતાં ધોરણના હોવાં જોઈએ જ નહીં અને જો ધોરણથી હલકી પંક્તિનાં ઔષધોનો પ્રયોગ થતો હોય તો તે ગુણવત્તાની દષ્ટિથી પ્રમાણમાં નબળાં સાબીત થાય છે. ગ્રામ્ય વિસ્તારનાં-કેમકે હિન્દનાં હૃદયનાભિ ગામડાં છે.-ચિકિત્સકો ગજાસંપત્ત બુદ્ધિશક્તિ ધરાવતા હોવા છતા, આ વસ્તુનો છાળો આયુર્વેદની ચિકિત્સા બરોબર નથી એવાં બહાનાથી સાંભળવા મળે છે આયુર્વેદ પ્રત્યે જનતાની અભિરૂચિ કેળવીને તે વધારવાની છે નહી વિમુખ કરવાની. આવી બાબતો વિશે સચેત-સતત જાગૃત રહેવાની આવશ્યકતા છે.

હમણાં હમણાં સરકાર તરફથી અનુસંધાન સમિતિઓ વગેરે યોજાઇ છે. તેની કાર્યવાહી પાછળ લખલૂટ ખર્ચ પણ થયા કરશે તેના વળતરમાં આયુર્વેદના ક્ષેત્રે લખલૂટ નહીં તો જોઇતું વળતર-હિસ્સો સાંપડશે તોપણ આયુર્વેદના ભાગ્ય ગગનમાં અહો ભાગ્યનો સિતારો ચમકી ઉઠશે.

એક વેળાની નજરે દીઠેલી આ ઘટના છે. ખરા બપોરે પ્રાઇમસ પર કાચા રહી ગયેલા પાકનો 'ચ્યવનપ્રાશ' ઊભો થતો હતો. સુશ્રુત વાચનમાં શારીરે શ્રેષ્ઠ: (ક્યાંક, નષ્ટ: ?) તેમ, ચ્યવનપ્રાશ સેવતે જીવનો નષ્ટ: (કે શ્રેષ્ઠ: ?) થઈ રહ્યું છે એમ લાગ્યું: ક્યારેક, ક્યાંક દ્રાક્ષાસવમાં, ક્યારેક, ક્યાંક અવલેહમાં મુખ્ય ઉપાદાનો સિવાય ઇતર વસ્તુઓ ભાળી. આવા અનેક દાખલા મલી શકે તેમ છે.

બજારમાં ભેળસેળવાલી વાનગીઓ મળે છે તેમ ભેળસેળ વિનાની એટલે કે, જરૂરી વસ્તુઓ પડયા વિનાનાં ઔષધો મળે છે.

આ દષ્ટિએ, ઉદાહરણરૂપે અહીં થોડાક ઔષધોની વાત મૂકી છે અને તે ઉપર વિવેકની નજરે ચર્ચા આવકારવા જેવી તેમજ ઇચ્છનીય છે.

(૧) દશમૂલારિષ્ટ: એ ઉત્તમ પ્રકારનું રસાયન છે: જેમાં કુષ્ઠ-કઠ-ઉપલેટ પડે છે: બજારમા સસ્તા દરે નકલી મળે અને મોંઘી કિંમતે ખરીદેલું સાચું કઠ નાખવાથી દશમૂલારિષ્ટ મોઘું પરવડે છે. એટલે, કેટલાક નામનું પણ કઠ નાખવા ઇચ્છતા નથી 'અરિષ્ટો દશમૂલા ખ્યાતોસ્તેજ: શુક્ર:બલપ્રદ:' એવા દશમૂલારિષ્ટનુ સેવન કરવા છતાં, ફળ ક્યાંથી મળે?

(૨) અશ્વગંધા વિષે પણ આવી વાત છે અશ્વગધાને બદલે ભળતી વસ્તુ વપરાય છે સસ્તુ એ મોંઘા માટે: આ વાત યથાર્થ નથી લાગતી શું?

(૩) સુદર્શન ચૂર્ણ, ચંદ્રપ્રભા ગોલી અને અને ચ્યવન પ્રાશાવલેહમાં વંશલોચન નાખવાનું હોય છે. આ ઔષધોનાં વપરાશથી અનેક રોગો મટે છે. પરંતુ, જ્યાં સારી-સાચી વસ્તુ નખાઇ ન હોય અથવા તો, પીપર દબકારાઈ હોય ત્યાં, ક્યાંથી ચ્યવનપ્રાશનાં મેધા, સ્મૃતિ વગેરે સાંપડે; ચંદ્રપ્રભા ગુટિકાનાં ત્રિદોષ હરણ, બલવૃષ્ય, રસાયન દેખાય; અને સુદર્શન ચૂર્ણનાં 'સુદર્શન ચક્ર' જેવાં જ્વરવિનાશક ગુણો મળે?

બંગાળમા અતિપ્રચલિત-બજારૂ મદનાનંદ

સફળ ચિકિત્સા

વૈદ્ય જયંતિલાલ બી. ભટ્ટ, નાગનેરા, વાયા રાણપુર (સૌરાષ્ટ્ર)

(૧) જ્વરહર ચુર્ણ

ફૂલાવેલ ફટકડી તો. ૨ ફૂલાવેલ નવસાર તો. ૧, કાળા મરી તો. ૧, સોનાગેરૂ તો. ૧ બધી ઔષધિઓ બારીક કપડ છાણ કરી બાટલીમાં ભરી લેવી. માત્રા=૩ થી ૬ રતિ. બચ્ચા માટે ૧ થી ૨ રતિ.

અનુપાન=ગોળનાં પાણી સાથે.

પથ્ય=મગની દાળ, ભાત, કાંજી સીવાય કાંઈ દેવું નહિ કોઇપણ પ્રકારનો તાવ મટાડવામાં પરીક્ષીત છે. તાવ મટયા બાદ એક હલકો જુલાબ "સ્વાદીષ્ટ વિરેચન" આપવું મારી ૯૪ દરદી ઉપરની સફળતા છે.

(૨) શીર દર્દ

પોટાશ પરમેંગનેટ તો. ૦ાા શ્વાસકુઠાર રસ તો. ૧ બંન્ને ખરલમાં નાખી ઘૂંટી બાટલી ભરી લેવી જ્યારે જરૂર પડે ત્યારે છીંકણીની માફક ચપટી ભરી સુંઘાડવાથી કોઈ પણ પ્રકારનો માથાનો દુઃખાવો, આધાશીશી, મૂર્છા મટે. એક વધારે અનુભવ, લગભગ ૭ મહીનાથી આખા મસ્તકની અંદર દુઃખાવો હતો. તેને ફકત બે વખત સુંઘવાથી આરામ થયો છે. હું મારા દવાખાનામાં કાયમ વાપરૂં છું.

(૩) ઉપદંશ

અરીઠાનાં ફળને ઉપરની છાલને ખાંડતાં ખાંડતાં જ્યારે એની મેળે ગોળી વળે તેવું થાય ત્યારે ચણા જેવડી ગોળીઓ બનાવવી. માત્રા=૨ થી ૪ ગોળી અનુપાન=દહિં પથ્ય સાકર રોટલી, ઘી, દહિં સીવાય કોઇ પણ વસ્તુ ખાવી નહિ. સાથોસાથ "ચોપચિનીવાદિ" ચૂર્ણ દિવસમાં ત્રણ વખત આપવાથી ધારવા કરતાં વધારે ફાયદાકારક છે. આખા શરીરે ફૂટી નીકળેલ ગરમીને મટાડે છે.

(૪) દાદર (દરાજ)

દાદરને પહેલા ગરમ પાણીથી ધોઈ સાફ કરી ખંજોલી નાખી અંજીરના ઝાડના પાન તોડતાં જે રસ દૂધ જેવો નિકળે છે તે લગાડવાથી કોઇ પણ પ્રકારની દાદર કાળી, લાલ, સફેદ જડમૂળથી મટી જશે. જરા બળે છે પણ અચૂક અસરકારક છે. ૭ દરદીની સફળતા છે.

(૫) અકસીર મલમ

વિલાયતી ગમની લાકડી લાવી પાણીથી પલાળી કાગળ ધોઇ સાફ કરી તે ગમ શેર ૦ા દેશી ગળી તો. ૨. ઝીંકઓકસાઈડ તો. ૧. શંખજીરૂ તો. ૦ાા. પહેલા ગમને તલના તેલમાં મેળાતા જવું ને ગળી મેળવી ફીણતા જવું બધી ગળી મલી જાય ત્યાર બાદ ઝીંકઓકસાઇડ તથા શંખજીરૂ મેળવી ડબ્બીમાં ભરી રાખવો કોઇ પણ પ્રકારના ચામડીના દર્દમાં પટી લગાડવાથી ગમે તેવા ચાંદા, ધારા, ગુમડાં, ઝાકળીયાં, છોલવું વિગેરે ઉપર સારામાં સારો ફાયદો કરે છે હું મારા દવાખાનામાં લાંબા વખતથી વાપરૂ છું.

મુદત વધારી

ભારતના આયુર્વેદીય–યુનાની–અને હોમિયોપથીના ચિકિત્સકોની એકવાકયતા માટે શિક્ષણ યોગ્યતા ઠરાવવા એક સમિતિનીમી હતી. આ સમિતિ સૌરાષ્ટ્રના આરોગ્યમંત્રી શ્રી દવેના અધ્યક્ષ પદ હઠેળ નીમાઇ છે આ સમિતિએ પ્રશ્નપત્રક કાઢયું છે તેની અંતિમ તારીખ૧૫મી ઓકટોબરને બદલે વધારી ૧ નવેમ્બર કરી છે એમ શ્રી ડૉ. મહેતા જણાવે છે.

અનુભૂત પ્રિસ્ક્રીપશનો

૧૮ હૃદયરોગ

ચતુર્મુખરસ રતી ૨
જહરમોહરાપિષ્ટ રતી ૨

બન્નેને મેળવીને ૨ ભાગ કરવા. સવારે અને સાંજે ૧-૧ ભાગ મધમાં ચાટી ઉપર ત્રિફલાનું પાણી તો. ૫ પી જવું. એનાથી પેટ પણ સાફ રહેશે. બ્લડપ્રેશર ઘટે અને ઊંઘ આવે. ત્રિફળા તો. ૧ા પાણી તો. ૨૦ ઉકાળો કરી તો ૧૦ બાકી રહે ઉતારી ઠંડું થયે ગાળી બે ભાગ કરવા.

૧૯ સગર્ભા સ્ત્રીની ઊલટી

પ્રવાલ પિષ્ટ ગુંજ ૬

આ પ્રવાલ પિષ્ટ લિંબુના રસના યોગથી બનાવેલ હોવી ઘટે જેને પાચક પ્રવાલ કહેવામાં આવે છે. તેના ૨ ભાગ કરવા અને સવાર-સાંજ અકેક ભાગ લેવાથી અભાવા મટે છે. મોળ, ગર્ભિણીની ઊલટી મટે છે.

૨૦ મરડો (આમાતિસાર)

બિલ્વાદિચૂર્ણ માસા ૮
શિવાચૂર્ણ માસા ૪

મેળવીને ચાર ભાગ કરવા. દર ત્રણ ત્રણ કલાકે અકેક ભાગ આપવો. અનુપાનઃ જલ. વારંવાર-હાજત થઇ ઝાડામાં આમ અને લોહી સાથે પેટમાં ચૂંક આવતી હોય તો તે બે દહાડામાં મટી જાય છે. પથ્યમાં ફક્ત ઘાટી છાશ આપવી.

૨૧ રક્તપ્રદર (લોહીવા)

નાગકેશર ચૂર્ણ માસા ૩
હીરાદખણ ચૂર્ણ માસા ૩
ગૌદંતી ભસ્મ માસા ૩

૩ ભાગ કરવા. સવાર, બપોર અને સાંજ અકેક ભાગ ઠંડા પાણી સાથે થોડાક દહાડા આપવાથી દરદ મટે છે.

૨૨ નિદ્રાનાશ

ખોરાસાની અજમાનું ચૂર્ણ ગુંજ ૧૫
ગળોસત્વ ગુંજ ૫

એક ભાગ કરવો. સાંજે ૭ વાગે મધમાં ચાટી ઉપર દૂધ પાવું તો રાત્રે સારી ઊંઘ આવશે. આ બહુ મોટી માત્રા છે. એનાથી ઓછી આપવી હોય તો એના ૨ ભાગ કરી આપવા

૨૩ મોટી ખાંસી

શંખચૂડ રસ ગ્રેન ૨
શૃંગ્યાદિ ચૂર્ણ ગ્રેન ૪
અભ્રક ભસ્મ ગ્રેન ૪

મેળવીને ૨ ભાગ કરવા. સવાર-સાંજ બે વખત મધ સાથે અથવા દૂધ સાથે આપવાથી બાળકોને મોટી ખાંસી બે સપ્તાહમાં મટે છે.

૨૪ પાર્શ્વશૂલ

મૃગશૃંગભસ્મ કાળી ગુંજ ૧૨
તાલીસાદિચૂર્ણ ગુંજ ૨૪

મેળવીને ૨ ભાગ કરવા. સવાર-સાંજ ૧-૧ ભાગ ગાય કે ભેંસના ચોખ્ખા ઘી સાથે ચટાડવાથી પડખામાં થતું કફ જન્ય શૂળ અવશ્ય મટે છે શૂળ વધારે હોય તો સાબરશૃંગને પાણીમાં ઘસી તેમાં કિંચિત્ અફીણ મેળવીને શૂળ પ્રદેશમાં લગાડવાથી લાભ થાય છે.

૨૫ અમ્લપિત્ત

જહરમોહરાપિષ્ટ રતી ૪
રસાદિરસ રતી ૮
દ્રાક્ષાદિચૂર્ણ રતી ૨૪

મેળવી ૨ ભાગ કરવા. એવી રીતે સવાર સાંજ ૧-૧ ભાગ પાણી સાથે કે નારિયેલના પાણી સાથે આપવાથી છાતીની બળતરા ખાટા ઓડકાર અને દાહ ઈત્યાદિ મટે છે.

મોદક : (જેમાં ભાંગ અને તેનાં બીજ : મુખ્યત્વે વપરાય છે) આમાં પણ વિચિત્ર હાલત પ્રવર્તે છે.

એક સમય એવો હતો કે રેડીમેઈડ પેટન્ટ દવાઓની દુકાનો ન હોતી. જનતા દવાઓનાં નામોથી અજાણ હતી. તેમ છતાં મોંઘી કિંમતે જ આયુર્વેદની દવાઓ વેચાય એમ પણ લખવાનો કહેવાનો આશય નથી. જેમ સાવ સસ્તી સોંઘી કિંમતે દવાઓ વેચવી સંભવિત નથી તેમ અતિ મોંઘા ભાવે વેચવી વાજબી નથી. કહેવાનો ભાવાર્થ એ છે કે જે દવાઓ બને તે શાસ્ત્રોક્ત રીત મુજબ બને; એટલું જ નહિં પણ, ચાલુ જમાનાને અનુરૂપ બને તેવાં "જીવંત" ઔષધો તેમાં ઉમેરાય.

કોઇ પણ ઔષધનો સ્પષ્ટ નિર્ણય આપવો એ કપરૂં કામ છે : નાનીસૂની વાત નથી : હવે તો, ઘેર ઘેર પંડિતો નીપજ્યા છે. પ્રથમ રોગ નિર્ણય અને પછી ઔષધિપ્રયોગ કેમકે, વાયુપિત્ત–કફની વિષમતાથી રોગ થાય છે. આ તો આડ વાત થઇ.

જ્યારે, મદનાનંદ મોદકનાં સેવનથી "ખગતુલ્યો ભવેદ્ દૃષ્ટિ: વૃદ્ધોપિ તરુણાયતે" એમ ફલનિર્દેશ છે: ત્યારે અહીં તો ઊલટી ગંગા વહે છે. ખગ દૃષ્ટિને બદલે ટૂંકી નજર શોર્ટસાઈટ્ અને વિવિધ પ્રકારનાં આંખનાં રોગ અને વૃદ્ધ જુવાનને બદલે યુવાન વૃદ્ધ દેખાય છે. તેનું શું ?

જેઓ માત્ર પેટન્ટ દવાઓ વેચાણ કરે છે તેના પુરતો આ સવાલ નથી. પ્રશ્ન એઓનો છે કે જેઓ શાસ્ત્રોક્ત નિર્માણમાં તેના પ્રચાર–પ્રસારમાં અગ્રણી–નેતા જેવા છે : તેઓમાં આવી ભૂલો કરતા હોય છે. રોગ નિવારણનું મુખ્ય અસ્ત્રશસ્ત્ર દવા એ દવા છે. રોગી ભલે કોઈમાં વિશ્વાસ ધરાવતો ન હોય પરંતુ ચિકિત્સાના કહેવામાં તેની શ્રદ્ધા જકડાયેલી હોય છે. એટલે, ચિકિત્સાના ક્ષેત્રમાં કર્તવ્ય કપરૂં, ફરજ ઊંડી અને વિચાર ગંભીરતા માંગી લ્યે છે.

કૃષ્ણકુંજ,
મોરબી
તા. ૧૨–૧૦–૫૫

અમૃતલાલ દેવચંદ
ગણાત્રા.

એક વિનંતિ

આયુર્વેદ પરત્વે ના૦ સરકાર કેટલાક સમયથી સંગીન રસ લઈ રહી છે અને તેના ઉત્કર્ષ માટે જોઇતું કરી તથા કરાવી રહી છે. એ સંયોગો વનસ્પતી સંબંધીત એક કમીટીયે નીમાઇ છે; તેથી ના૦ સરકાર તથા એ કમીટીના વૈદ્યબંધુઓને વિનંતી છે કે, જ્યારે જ્યારે વનસ્પતી નિરીક્ષણ અર્થે પર્યટને (કોઇ વને, ઉપવને, પહાડે, પર્વતે, સ્થળે, દીશાએ) જવાનું યોજાય ત્યારે ત્યારે સ્થાનિક તેમજ બહારના વૈ.સમાજને થોડા દિવસ પુર્વે તેની જાણ કરી, તે પર્યટને પોતાના ખર્ચે અને જોખમે આવવા ઇચ્છનારાઓને સામેલ કરવા વ્યવસ્થા થતાં "એક પંથ દો કાજ" થશે–જીજ્ઞાસુ તથા વિદ્યાર્થીઓને ઘણું સંગીન જાણવાનું મળશે. અસ્તુ.

તા. ૧૮–૧૦–૫૫ લી૦,

હેમચંદ નરશી

❋

ખુલાશો કરશો?

શુદ્ધાયુર્વેદના અઠંગ ઉપાસક કહેવાતા, તે સમિતિના મંત્રી, મિશ્ર કોર્સની ફેકલ્ટીમાં કાર્ય કારીણીમાં પણ બીરાજ્યા છે. આ ફેકલ્ટી તો મિશ્ર કોર્સનું સંચલન કરે છે. વધુમાં તેઓ સંશોધન સમિતિમાં પણ નીમાયા છે, એવા શ્રી વૈદ્ય નારયણ હરિ જોષીનું નામ આજે બેચાર વર્ષો પહેલાં કદાચ સંભળાતું ન હતું! 'આરોગ્યસિંધુ' ના તંત્રી આવી વિલક્ષણ વ્યક્તિ પર પ્રકાશ પાડશે?

અમદાવાદ

એક વૈદ્ય

सौतिकम्

(સંકલિત પ્રસૂતિ તંત્ર)

લેખક:
શ્રી વૈદ્ય પ્રભુભાઇ ભક્ત આયુર્વેદાચાર્ય, કાવ્યતીર્થ,
પ્રોફેસર એ. ના. આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત.

(અધ્યાય ૩ : પ્રાકૃત ગર્ભાવસ્થા—ચાલુ)

કુક્ષિશૂલ—સગર્ભાવસ્થામાં વિલંબ આ એક સામાન્ય લક્ષણ જોવામાં આવે છે. સ્ત્રી જો આહારના સેવનમાં સાવધાની ન રાખે તો તેથી અનેક વ્યાધિઓ થવાનો ભય રહે છે. વાયુમૂત્ર અને મળના વેગોને રોકવાથી, રુક્ષ કષાય-તિક્ત-વિરુદ્ધ અન્નના સેવનથી તથા સંક્ષેપમાં વાયુને કુપિત કરનારા આહારવિહારના સેવનથી કુપિત થયેલો વાયુ બીજા દોષો સાથે મળી કુક્ષિમાં શૂલ ઉત્પન્ન કરે છે.

પુષ્પદર્શનમ્—અતિગુરૂ-અતિઉષ્ણ, અતિતીક્ષ્ણ અન્નપાન, દારૂણ ચેષ્ટાઓ, વાહનો પર સવારી, ઉત્કટુકાસન. વિષમાશન વગેરે કારણોથી બીજા, ત્રીજા, અગર ચોથા મહિનામાં પુષ્પદર્શન થાય છે. આ અવસ્થામા સંપૂર્ણ આરામ આપવો અને મૃદુ-મધુર અને શીતળ ઉપાયો યોજવા.

ગર્ભિણીપરીક્ષા—"**દર્શનસ્પર્શન પ્રશ્નૈઃ પરીક્ષેત**" દર્શનસ્પર્શન અને પ્રશ્નથી પરીક્ષા કરવી જોઇએ. દરેક રોગોની પરીક્ષાનો આ સામાન્ય ક્રમ છે. સગર્ભા સ્ત્રીની પરીક્ષામાં વિશેષ સાવધાની રાખવી જોઇએ. ગર્ભહૃદય વ્યક્ત થયું હોય તો તેના હૃદયના સ્પન્દનની પણ પરીક્ષા કરવી જોઇએ. આ સિવાય નાડી, મળ, જીભ, શબ્દ: સ્પર્શ, નેત્ર અને રૂપ. આ આઠ ભાવોની પણ પરીક્ષા કરવી.

દર્શનપરીક્ષા: સગર્ભા સ્ત્રીનું સર્વપ્રથમ દર્શન પરીક્ષામાં મુખ કમલ જોવું. મુખ પરીક્ષાથી પાંડુ તથા સોથનું નિરીક્ષણ કરવું, નેત્ર પરીક્ષા પણ કરી લેવી. મ્હોં ખોલાવી જીહવા, દંત, દંતવેષ્ટ તથા કંઠને જોઇ લેવા ત્યારબાદ વક્ષ તથા ઉદરને જોવું, છાતીમાં રહેલા સ્તનોનું પણ બારીકાઇથી નિરીક્ષણ કરવું. ઉદરની વૃદ્ધિ રોમરાજી. કિકિસ તથા ગર્ભની ગતિને ધ્યાનપૂર્વક જોવી પગની પરીક્ષામાં શોથ જોવો.

મુખ: સગર્ભાવસ્થામાં પાંડુ થાય તો તેને કારણે અગ્નિમાન્દ્ય, અક્ષિકૂટશોથ, અંગસાદ જ્વર વગેરે લક્ષણો જોવામા આવે છે. આ પાંડુની યોગ્ય ચિકિત્સા કરવામાં ન આવે તો તેને કારણે અનેક રોગોની ઉત્પત્તિ થાય છે. મુખદર્શનથી જ પાંડુરોગનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

સગર્ભાવસ્થામાં શોથ અનેક કારણોને પરિણામે થાય છે. આ શોથ પણ કષ્ટસાધ્ય અને અનેક રોગોની ઉત્પત્તિ કરનાર છે. શોથ સર્વાંગમાં છે કે એકાંગમાં છે તેનું નિદાન પણ કરી લેવું જોઇએ. મુખમંડલ પર શોથ છે કે નહીં તે દર્શન પરીક્ષાથી નક્કી કરી તેના કારણો તપાસી યોગ્ય ઉપચાર કરવો જોઇએ.

નેત્ર: વાયુના પ્રકોપને કારણે અર્થાત્ વાતજન્ય વ્યાધિઓમાં આંખો નિસ્તેજ, ધુમ્રવર્ણ ચંચળ અને ઉગ્ર હોય છે. પિત્તના પ્રકોપને કારણે અર્થાત્ પિત્તજન્ય વ્યાધિઓમાં આંખો, પીળી, તામ્રવર્ણવાળી, દાહયુક્ત અને દીપ-અગ્નિજ્વાલા ના સૂર્યને જોવાને અસમર્થ હોય છે. કફના પ્રકોપને કારણે અર્થાત્ કફજન્ય વ્યાધિઓમાં આંખો શ્વેત, સ્નિગ્ધ, નિસ્તેજ અને અને સ્રાવવાળી હોય છે. ત્રણે દોષોના પ્રકોપને કારણે અર્થાત્ સન્નિપાત યા ત્રિદોષજ વ્યાધિઓમાં ત્રણે દોષોની લક્ષણોવાળી કિંચિત કૃષ્ણવર્ણની તથા કૈંક મીંચાયલી હોય છે.

દંત અને દંતવેષ્ટ સગર્ભાવસ્થામાં જો માતાને યોગ્ય પ્રમાણમાં કેલ્સીયમ ન મળે તો ગર્ભસ્થ શિશુ માતાના શરીરમાંથી કેલ્સીયમનું ગ્રહણ કરે છે જેથી અસર અસ્થિ અને દાંતો

૨૬ યકૃત વૃદ્ધિ

આરોગ્યવર્ધની નં. ૨ ગુંજ ૬
વાવડીંગ ચૂર્ણ ગુંજ ૮
ક્ષાર ગુંજ ૮

બધું મેળવી ૩ ભાગ કરી ચાર ચાર કલાકે ત્રણ વાર દિવસમાં મધમાં ચટાડી ઉપર દૂધ પાવું. યકૃતની વૃદ્ધ ઘટી પેટ નાનું થાય. ઝાડો સાફ આવે.

૨૭ શ્વાસ

સોમકલ્પ ચૂર્ણ ગુંજ ૮
બહેડાની છાલનું ચૂર્ણ ગુંજ ૮

બન્ને સાથે મેળવી રાખવું પ્રમાણ ૮ ગુંજ દર ચાર ચાર કલાકે મધમાં ચટાડી ઉપર દૂધ પાવું શ્વાસને મટાડે. શ્વાસના વેગને રોકે અને કફમાં રાહત આપે.

૨૮ શિર:શૂલ (અર્ધું)

પ્રવાલપિષ્ટ રતી ૪
એલચીના બીજનું ચૂર્ણ રતી ૪
ગોદંતી ભસ્મ રતી ૮
શિરશૂલાદિ વજ્ર રતી ૪

મેળવીને ૨ ભાગ કરવા. પથ્યાદિકવાથના અનુપાનથી સવાર સાંજ અકકેક ભાગ આપવો. પથ્યાદિકવાથ તો. ૧ા લઇ તેમાં પાણી તો. ૨૦ નાખી ઉકાળી બાકી પાણી તો. ૫ રહે તેના ૨ ભાગ કરવા. અને અકકેક પડીકા સાથે ૧–૧ ભાગ આપવો. પથ્યાદિકવાથમાં થોડોક ગોળ નાખી આપવો.

૨૯ ઉદરશૂલ

લવણભાસ્કર રતી ૪૮
શંખભસ્મ રતી ૮
નારિકેલ લવણ રતી ૧૨

મેળવી તેના ૪ ભાગ કરવા. અને ચાર કલાકે અકકેક ભાગ પાણી સાથે આપવો તેથી આનાહ, આધ્માન, આફરો અને મંદ મંદ થતું ઉદર શૂલ મટે છે.

કાંકાયનવટી ગોલી ૮

ગોળી ૨–૨ દર ચાર ચાર કલાકે ઉપરના ચૂર્ણ બાદ આપવી. તેથી ઉદર શૂલાદિ વિકારો શાંત થશે.

૩૦ મેદરોગ

શિલાચંદ્રોદયવટી ગોળી ૬

૨–૨ ગોળી દિવસમાં ત્રણ વાર મધના પાણી સાથે આપવી. ૧ ચમચો મધ, ૪ ચમચા પાણી મેળવી સારી રીતે હલાવી લેવું. તેથી લાભ થશે. આહારમાં પથ્યસ્વરુપ હલકાં, સુપાચ્ય અન્ન લેવાં.

૩૧ કાર્શ્ય–કૃશતા

અશ્વગંધા તો. ૦।
વિદારીકંદ તો. ૦।

બન્ને મેળવીને સવાર અને રાત્રે ૦।–૦। તોલો દૂધ સાથે આપવું. આ પ્રયોગ ધીરજ થરી લાંબો સમય સુધી સેવન કરાવવું. જેથી સારો લાભ થશે.

૩૨ મંદાગ્નિ

મહાક્રવ્યાદ રસ રતી ૪
શંખભસ્મ રતી ૪
વડવાનલ ચૂર્ણ રતી ૪૮

મેળવી તેના ૨ ભાગ કરવા જમ્યા અગાઉ ૦ાા કલાક પહેલાં દ્રાક્ષાસવ ૦ાા ઔંસ આપવું અને ચૂર્ણનો ૧–૧ ભાગ જમ્યા બાદ આપવો. આ એક પ્રયોગથી ક્ષુધાનાશ દૂર થઈ સારી ભૂખ લાગશે.

૩૩ કમળો :

શતપત્રયાદિ ચૂર્ણ રતી ૨૪
આરોગ્યવર્ધની રતી ૧૨
પ્રવાલપિષ્ટ રતી ૪
નવસાદર રતી ૮

મેળવીને ૨ ભાગ કરવા. સવારે અને સાંજે ૧–૧ ભાગ નારિયેળના પાણી સાથે આપવું. તેથી પીળાશ દૂર થાય છે. તાવ ઘટે છે. પેશાબ સાફ આવે છે. પથ્યમાં શેરડીનો રસ, નારિયેળનું પાણી આપવું. ઘી અને સ્નિગ્ધ પદાર્થો બંધ કરવા.

તંત્રી

ગર્ભના ભિન્ન ભિન્ન અંગોનું જ્ઞાન થાય છે. ઉદર પર હાથ રાખવાથી પણ ગર્ભની ગતિનું જ્ઞાન થાય છે. જો ગર્ભ ગતિ હોય તો ઉદર પર જરા ધીમેથી ટપલી લગાવવાથી ગર્ભમાં ગતિ ઉત્પન્ન થાય છે. જે સ્ત્રીની ઉદરની ચામડી પાતળી હોય કે તેમાં આ ગતિઓ સ્પષ્ટ માલમ પડે છે.

પગનો શોથ શોથને માટે પગની પરીક્ષા કરવી જોઈએ. પગનો શોથ સગર્ભાવસ્થામાં સામાન્યતયા હોય છે આના અનેક કારણો છે. શિરાઓની કુટિલતા તથા વસામેહને કારણે પગ પર શોથ ઉત્પન્ન થાય છે. વૃક્કની વિકૃતિમાં પણ પગનો શોથ હોય છે. બીજકોષના અર્બુદના દબાણને કારણે પણ પગમાં શોથ થાય છે.

સ્પર્શ પરીક્ષા નાડી પરીક્ષા તથા ગર્ભની સ્થિતિ ઉદરની સ્પર્શપરીક્ષાથી જાણવી. આ સિવાય ગર્ભના શીરની આકૃતિ, પ્રમાણ, ચર્મગર્ભ અને અનેક ગર્ભોની સ્થિતિ સ્પર્શ પરીક્ષાથી નક્કી કરી લેવી.

નાડી પરીક્ષા જેમ વીણાનો તાર વગાડવાથી તે સર્વ રાગોને પ્રકટ કરે છે તેમ હાથમાં રહેલી નાડી સર્વ રોગોને બતાવે છે. પ્રાણીઓનું નાભિકમળ કાચબાના આકારનું હોય છે. આ કાચબાનું મુખ પુરૂષ શરીરમાં નીચે અને સ્ત્રી શરીરમાં ઉપર હોય છે આ કાચબાની જમણી બાજુથી ધમની નીકળેલી હોવાને લીધે જ સ્ત્રીના ડાબા અને પુરૂષના જમણા હાથની નાડી જોવી.

હાથના અંગુઠાના મૂળમાં જે ધમની હોય છે તે જીવનની સાક્ષી આપનારી છે તેના હલનચવલનથી શરીરના સુખદુઃખો સમજાય છે.

શરીરનું સુખદુઃખ અર્થાત આરોગ્ય અથવા રોગ હૃદયની પરીક્ષાથી જણાય છે. દરેક અંગ પ્રત્યંગોના સ્વાસ્થ્ય તથા અસ્વાસ્થ્યનો પ્રભાવ હૃદય અને તેના સ્ફુરણ પર પડે છે. હૃદયનું સ્ફુરણ સ્વયંહૃદયની પેશી તથા કપાટિકાઓ પર અવલંબિત છે. ધમનિયોનું સ્ફુરણ હૃદયના સ્ફુરણને કારણે હોય છે એટલા માટે શરીરના સ્વાસ્થ્ય અને અસ્વાસ્થ્યનો પ્રભાવ હૃદયના સ્ફુરણ દ્વારા ધમનિયોના સ્ફુરણ પર પણ થાય છે. હાથના અંગુઠાના મૂળમાં રહેલી બહિઃ પ્રકોષ્ઠીયા ધમનીની પરીક્ષા કરવી. આવશ્યકતાનુસાર ગુલ્ફના મૂળમાં તથા કાનની સંમુખ ઉપરની તરફ રહેલી ધમનીની પણ પરીક્ષા કરવામાં આવે છે.

નાડી પરીક્ષાના બે પ્રચલિત સંપ્રદાયો છે. બંને મતો અનુસરવા જેવા છે. પ્રથમ સમ્પ્રદાયનું મંતવ્ય છે કે એક જ નાડી એક જ કામમાં વાયુ-પિત્ત અને કફ આ ત્રણેનું ન્યુનાધિક પ્રમાણ બતાવે છે. બીજા સમ્પ્રદાયનું મંતવ્ય છે કે નાડી કેવળ પ્રકુપિત દોષોનું જ્ઞાન કરાવે છે.

પ્રથમ સંપ્રદાયાનુસાર નાડી પરીક્ષા અંગુષ્ઠ મૂળની એક આંગળ નીચે તર્જની મધ્યમા અને અનામિકા આંગળિઓ એકી સાથે તદ્દન પાસે રાખી નાડીની પરીક્ષા કરવી જોઈએ. ઉપરની આંગળી નીચે વાયુનું, મધ્યમાં પિત્તનું અને નીચે કફનું જ્ઞાન થાય છે. વચ્ચે વચ્ચે આંગળી ઉઠાવી પ્રત્યેક દોષનું જુદું જુદું પ્રમાણ જોવું જોઈએ. નાડિયોને વારંવાર આંગળીઓથી દબાવી અને છોડી કયો દોષ કેટલા પ્રમાણમાં પ્રકુપિત થયો છે તેની પરીક્ષા કરી લેવી.

પર સગર્ભાને થાય છે. આ સિવાય દાંતોમાંથી પરૂ નીકળી ઉદરમાં જતું હોય તો તેનું બારીકાઇથી નિરીક્ષણ કરી તદનુસાર ઉપચાર કરવો.

કંઠ–ગળામાં જો કોઇ રોગ હોય (ગિલાયુ–તુંડીકેરી ઊણતા વગેરે) અને તેને પરિણામે જો સગર્ભાને વધુ હેરાનગતી થતી હોય તો તેનું નિદાન કરી યોગ્ય ઔષધોપચાર કરવો.

જીહવા–વાતજન્ય રોગોમાં જીહ્વા ખરબચડી અને ફાટેલી હોય છે. પિત્તજન્ય રોગોમાં રક્તવર્ણની હોય છે. કફજન્ય રોગોમાં શ્વેતવર્ણની આર્દ્ર તથા મૃદુ હોય છે. ત્રિદોષજન્ય રોગોમાં કૃષ્ણવર્ણની શુષ્ક અને કાંટાઓથી વ્યાપક માલમ પડે છે. વાતનો પ્રકોપ થયો હોય તો મ્હોંનો સ્વાદ વિરસ અને ફીકો પિત્ત પ્રકોપમાં કટુ અમ્લ અને તિકત તથા કફ પ્રકોપમાં લવણ અને મધુર રસ વાળો હોય છે.

રૂપપરીક્ષા–વાયુના પ્રકોપને કારણે થતા રોગોમાં રોગીનો વર્ણશ્યાવ હોય છે. મુખકાન્તિ વગરનું અને વિચિત્ર માલમ પડે છે. પિત્તપ્રકોપમાં પીતવર્ણ અને કિંચિત શોથ હોય છે. કફપ્રકોપમાં મુખસ્નિગ્ધ અને આંખો ચોંટેલી હોય છે.

સ્તન–સગર્ભાવસ્થાને કારણ સ્તન અને સ્તન મંડલોમાં કૃષ્ણતા આવે છે. સ્તનમંડલની વૃદ્ધિ થાય છે. સ્તન્યોત્પાદક ગ્રંથિયો તથા પ્રણાલિયો વિસ્તૃત થાય છે. સ્તનો પર સિરાઓનું જાલ પણ દેખાય છે. સ્તનો દબાવવાથી સ્તન્ય નીકળે છે. મિથ્યા ગર્ભવસ્થામાં પણ ઉર્પયુકત ફેરફારો થાય રકતગુલ્મ અને બીજકોષના અર્બુદોમાં પણ આ લક્ષણો જોવામાં આવે છે. રક્તગુલ્મ, બીજકોષ અર્બુદ અને મિથ્યા ગર્ભાવસ્થામાં સ્તનગત સિરાજાલ જોવામાં આવતું નથી.

ઉદરની વૃદ્ધિ–પહેલા ત્રણ મહીનામાં ગર્ભાશય વિટપ સંધિની નીચે રહે છે. એટલા માટે જો ગર્ભિણીને ચત્તી સુવડાવવામાં આવે તો પેઢુ ચપટું પ્રતીત થાય છે. ચોથા મહીનાના પ્રારંભમાં ગર્ભાશય વિટપસંધિની ઉપર વધવા માંડે છે. પાંચમાં માસમાં ગર્ભાશય નાભિ અને જઘનાસ્થિયોની સંધિયોની મધ્યમાં આવી જાય છે. છઠ્ઠા મહીનામાં નાભિની બરાબર આવી જાય છે. સાતમાં મહીનામાં અંતમાં નાભિની ઉપર બે ઈંચ, આઠમા મહીનાના અંતમાં ઉરોસ્થિના અગ્ર પત્રકની બે ઇંચ નીચે તથા નવમાં મહીનામાં ઉરોસ્થિના અગ્રપત્રકની સમીપ ગર્ભાશય આવી જાય છે. દશ મહીનામાં ૨ ઇંચ નીચે આવી જાય છે.

રોમરાજી–ગર્ભાવસ્થામાં વાળોની વૃદ્ધિ થાય છે જેથી ગુહ્ય પ્રદેશના કેશો અધિક લાંબા અને કુટિલ થાય છે.

કિકિક્સ–ગર્ભાશયની વૃદ્ધિને કારણે ઉદરની ત્વચા ખેંચવાથી ઉપરની ચામડી ફાટી જાય છે જેથી પેટ પર ચીરાઓ પડે છે તેને કિકિક્સ કહે છે. આ પ્રદેશ પર ગુલાબીયા નીલી રેખાઓ દેખાવા લાગે છે. સ્તનો પર પણ આ રેખાઓ જોવા મળે છે. ઉદરની વૃદ્ધિ જે જે રોગોમાં થાય છે તેમાં પણ આવી સ્થિતિ ઉત્પન્ન થાય છે.

ગર્ભચલન–ચોથા મહીનામાં ગર્ભહલનચલન કરે છે પરંતુ તેનું સ્પષ્ટ જ્ઞાન માતાને થતું નથી. આ મહીનામાં ગર્ભનું હૃદય વ્યકત થાય છે. ત્યારથી તેનું સંકોચ–વિકાસનું કાર્ય શરૂ થાય છે. પરંતુ તેનું સ્વપ્ન તે વખતે સ્પષ્ટ સંભળાતું નથી. સામાન્ય રીતે ૧૮ માં અઠાવાડિયાથી ગર્ભના હૃદયના ધબકારા સંભળાય છે. છઠ્ઠા મહીનામાં ગર્ભસ્થ શિશુના કરચરણ આદિ અંગોનું 'જ્ઞાન સારી રીતે થાય છે. માતાના ગર્ભાશયને સ્પર્શ કરવાથી

આરોગ્ય, વૈદક અને આયુર્વેદનું માસિક

આરોગ્યસિન્ધુ

સ્થાપક તંત્રી: સ્વ. વૈદ્ય ગોપાલજી કુંવરજી ઠક્કુર

તંત્રી: ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કુર

વર્ષ ૩૨ | आयुः कामयमानेन धर्मार्थसुखसाधनम्। | કાર્તિક ૨૦૧૨

અંક ૧૨ | आयुर्वेदोपदेशेषु विधेयः परमादरः॥ | ડિસેમ્બર ૧૯૫૫

એમના અતિ યોગથી બચશો.

पीपर–क्षार–लवण

પીપર

પીપર ખરેખર કટુક હોવા છતાં વિપાકમાં મધુર. ગુરૂ, બહુ સ્નિગ્ધ અને ઉષ્ણ નહિ એવી, ક્લેદજનક અને ઔષધમાં ઉપયોગ માટે માન્ય છે. શીઘ્ર, શુભ અને અશુભ કરનારી થાય છે. સમ એટલે અલ્પ માત્રામાં અને અલ્પ કાળના પ્રયોગના સારા ગુણને લઈ તાત્કાલિક કલ્યાણકારક છે. નિરન્તર પ્રયોગથી પરિણામે દોષનો સંચય કરનારી છે. ગુરૂ અને ક્લેદજનક હોવાને લઇ કફનો ઉત્ક્લેશ કરે છે, ઉષ્ણતાથી પિત્તને વધારે છે અને સ્નેહ તથા ઉષ્ણતા અલ્પ હોવાથી વાતની શાન્તિ કરી શકતી નથી. તે ખરેખર યોગવાહી છે. તેથી પીપરનો અતિ ઉપયોગ ન કરવો જોઇએ.

ક્ષાર

ઉષ્ણતા, તીક્ષ્ણતા અને લઘુતાથી યુક્ત ક્ષાર વળી પ્રથમ ક્લેદ ઉત્પન્ન કરે છે અને પછી શોષી લે છે. તેનો પકાવવામાં, બાળવામાં અને ફાડવામાં ઉપયોગ કરવામાં આવે છે. તેનો હદ બહાર પ્રયોગ કરવાથી કેશ, આંખ, હૃદય અને પુરૂષાતનને હાનિકારક બને છે. ગામમાં, નગર અને નિગમમાં રહેનાર જેઓ એનો સતત ઉપયોગ કરે છે તેઓ અંધાપો–નપુંસકતા–ટાલ અને પળિયાંવાળા તથા હૃદયમાં વેરવા જેવી વેદનાવાળા થાય છે. જેમકે પૌરસ્ત્ય અને ચીનાઓ. તેથી ક્ષારનો વધુ પડતો ઉપયોગ ન કરવો જોઇએ.

લવણ

લવણ વળી ઉષ્ણતા અને તીક્ષ્ણતાયુક્ત, બહુ ગુરૂ નહિ એવું, બહુ સ્નિગ્ધ નહિ એવું, ક્લેદકારક, સ્રંસન કરી શકનાર, અન્નદ્રવ્યોમાં રૂચિ કરનાર અને સમ પ્રયોગના શ્રેષ્ઠ ગુણ હોવાને લઇ તત્કાલ કલ્યાણકારક તથા પરિણામે દોષોનો સંચય કરનાર છે. તેનો રૂચિ માટે, પાચન માટે, ક્લેદન માટે અને વિસ્રંસન માટે ઉપયોગ કરવામાં આવે છે. તેનો વધુ પડતો ઉપયોગ કરવાથી તે શરીરમાં ગ્લાનિ, શિથિલતા અને દુર્બળતા કરનાર બને છે. ગ્રામ, નગર, નિગમમાં રહેનારા જેઓ એનો સતત ઉપયોગ કરે છે તેઓ મોટે ભાગે ગ્લાનિવાળા, ઢીલાં માંસ અને રકતવાળા તથા ક્લેશ સહન ન કરી શકનારા થાય છે. જેમકે સૌરાષ્ટ્ર–સિંધુ અને સૌવીર દેશના લોકો. તેઓ દુધની સાથે પણ લવણ ખાય છે. જે વળી ભૂમિના અતિ ખારા પ્રદેશો છે તેઓમાં ઔષધિ, વીરૂધ, વનસ્પતિ અને વાનસ્પત્ય ઉત્પન્ન થતાં નથી અથવા અલ્પ તેજવાળાં થાય છે કારણ કે લવણ તેઓને હાનિ પહોંચાડે છે. માટે લવણનો અતિ ઉપયોગ ન કરવો જોઇએ. જે પુરૂષો અતિ લવણ સાત્મ્યવાળા છે તેઓને પણ ટાલ, પળિયાં અને કરચલીઓ અકાળે થાય છે.

(ચરક સંહિતા)

દ્વિતીય સમ્પ્રદાયાનુસાર નાડી પરીક્ષા શરીરમાં વાયુના પ્રકોપ થયો હોય તો નાડી આધ્માત (ફુલેલી) અને અરૂણવર્ણની હોય છે. તેની ગતિ સર્પ અથવા જલાકાની સમાન વક્ર હોય છે. શરીરમાં પિત્તનો પ્રકોપ થયો હોય તો નાડી ઉષ્ણ અને નીલ વર્ણની હોય છે અને તેની ગતિ કાગડા અને દેડકાના જેવી હોય છે. શરીરમાં કફનો પ્રકોપ થયો હોય તો નાડી શીતલ અને ગૌરવર્ણની હોય છે. આ નાડીની ગતિ હંસ અને પારાવતના જેવી હોય છે જેમ હંસ મસ્ત ગતિએ ચાલે છે તેવી ગતિ કફની નાડીની હોય છે. ત્રણે દોષોના પ્રકોપથી નાડી લાવા-તીતર અને વતી (બરેટ)ના જેવી અનિયત ગતિવાળી હોય છે. તથા ત્રણે અંગુલિયોને નાડીનો સ્પર્શ દરેક વાર જુદા જુદા પ્રકારનો માલમ પડે છે.

નાડી પરીક્ષાનો અપવાદ તત્કાલ સ્નાન-ભોજન-વ્યાયામ યા આતપ સેવન કરીને આવેલા પુરૂષની તથા ક્ષુધાતુર તૃષાતુર-તૈલાભ્યક્ત અને સુપ્ત પુરૂષની નાડીથી શરીરની વાસ્તવિક અવસ્થાનો બોધ થતો નથી એટલા માટે તેની પરીક્ષા કરવી ન જોઇએ.

ગર્ભિણીની નાડી સ્ત્રીની નાડી ગુર્વી (ભારી) અને વાયુના સ્થાન પર અધિક કોપવાળી હોય તો સમજવું જોઈએ કે સ્ત્રી ગર્ભવતી છે.

નષ્ટ ગર્ભાની નાડી નાડી જો લઘુ (ક્ષીણ) અને પિત્ત બહુ હોય તો ગર્ભ નથી યા નષ્ટ થઈ ગયો છે એમ માનવું.

નાડી પરીક્ષા કેવી રીતે કરવી? નાડી જોતી વખતે વૈદ્યે સ્થિર ચિત્ત રાખી પોતાના ડાબા હાથમાં રોગીનો હાથ લઇ હથેલી થોડી નમાવી પોતાના જમણા હાથથી નાડી જોવી. તે પકડેલા હાથના અંગુઠાના મૂળ પાસે જમણા હાથની તર્જની, મધ્યમા અને અનામિકા આંગળીઓ મુકી પોતાનો અંગુઠો રોગીના મણીબંધની નીચે રાખી નાડી પરીક્ષા કરવી.

ઉદર સ્પર્શ પરીક્ષા ગર્ભસ્થ શિશુના આસન તથા ઉદય (*Position and Presentation*)નું જ્ઞાન માતાની ઉદર પરીક્ષાથી અને યોનિ પરીક્ષા થી થાય છે. સામાન્ય નિયમ એવો છે કે જ્યાં સુધી બની શકે ત્યાંસુધી ઉદર પરીક્ષાથી જ નિર્ણય કરવો. ઘણીવાર એવું બને છે કે યથોચિત્ સાવધાની રાખવા છતાં પણ યોનિ પરીક્ષાથી જ વિકારી જીવાણુઓનો પ્રવેશ થવાનો સંભવ રહે છે.

ગર્ભિણીને ચત્તી અને સીધી સુવડાવવી. ખભાની નીચે તકિયો યા ઓસીકું રાખી બંને પગોને વાળી દેવા (સંકોચાવવા) પગોને વાળવાથી ઉદરની માંસ પેશીઓ ઢીલી થાય છે જેથી પરીક્ષા સરળતાથી થઇ શકે છે. જો પ્રથમ ગર્ભા સ્ત્રી હોય અને તેને સંકોચ વધુ થતો હોય તો તેની છાતી પર થોડા કપડાં રાખવા જેથી તે પરીક્ષાથીના હાથોને જોઇ શકતી નથી.

ઉદર સ્પર્શ પરીક્ષા ખુબ સાવધાનીપૂર્વક અને નિયમાનુસાર કરવી જોઈએ. જે સમયે ગર્ભાશયમાં સંકોચ થતો હોય તે સમયે પરીક્ષા કરવી ન જોઈએ, કારણ કે ગર્ભાશયની આ અવસ્થામાં આપણને બાળકોના અંગોનો અનુભવ થઈ શકતો નથી. વંક્ષણગ્રંથિયો (*Gnguinal Glands*)નું પ્રપીડન અતિ આવશ્યક છે કારણ કે મહત્વની વાતોનું જ્ઞાન તેથી પ્રાપ્ત થાય છે.

ઉદર સ્પર્શ પરીક્ષાના ચાર પ્રકારો છે. પ્રથમ સ્પર્શન-દ્વિતીય સ્પર્શન-તૃતીય સ્પર્શન તથા ચતુર્થ સ્પર્શન પરીક્ષા.

(ક્રમશઃ)

॥ श्री धन्वन्तरये नमः ॥

આરોગ્ય, વૈદક અને આયુર્વેદનું માસિક

સ્થાપના: ૧૯૨૧

આરોગ્ય સિન્ધુ

સ્થાપક તંત્રી:
સ્વ. વૈદ્ય ગો. કું. ઠક્કુર

સંપાદક:
ચન્દ્રશેખર ઠક્કુર

વર્ષ ૩૨ અંક ૧૨
ડિસેમ્બર ૧૯૫૫
કાર્તિક સં. ૨૦૧૨

વાર્ષિક લવાજમ રૂા. ૪
હિંદુસ્થાન બહાર શીલીંગ ૮

દર વર્ષે ભેટ પુસ્તક આપવામાં આવે છે.

વીતેલા વર્ષનું વિહંગાવલોકન

સંવત: ૨૦૧૧

ગત વર્ષના નોંધપાત્ર બનાવો:

(૧) દેશી વૈદકીય બોર્ડ તરફથી રિન્યુઅલ ફી લેવા માટે નોટિસ બહાર પાડવામાં આવી હતી જેની મુદત બહુ ટૂંકી હોવાથી પાછળથી વધારવામાં આવી હતી, વૈદ્યોને સીધા ખબર આપવાને બદલે કે વૈદકીય પત્રોમા જાહેરાત કરવાને બદલે ડાયરેક્ટર ઑફ પબ્લીસીટી દ્વારા પ્રેસ નોટ જ પ્રગટ કરવામાં આવી આ પગલું ગેરવ્યાજબી જ ગણાય. આ રિન્યુઅલ ફી ત્રિવાર્ષિક અને રૂા. ૫ ની છે.

(૨) આયુર્વેદ સંશોધન પરિષદ નામે સંસ્થા અમુક વૈદ્યોના સહકારથી શરૂ કરવામાં આવી. નિબંધો મંગાવાયાં. વનસ્પતિ રોગ, સિદ્ધાંત, ઈતિહાસ, વગેરે પર નિબધો માંગવામાં આવ્યા. પરીક્ષકોની પણ જાહેરાત થઈ ૨૫ મી ફેબ્રુઆરી '૫૫ છેલ્લી તારીખ હતી. આ પરિષદે શું કાર્ય કર્યું, કેટલા નિબંધ આવ્યા વગેરે કશું જાણવા નથી મળ્યું.

(૩) વડોદરા વૈદ્ય મંડળની નવી ચૂંટણી નવેમ્બરમાં થઈ પ્રમુખ શ્રી વૈદ્ય ધીરજલાલ મ. શાહ

(૪) અખિલ ભારતવર્ષીય આયુર્વેદ મહામંડળનું ૪૦ મું અધિવેશન ત્રિવેન્દ્રમ ખાતે ભરાયું. પ્રમુખ: પં. શિવશર્મા હતા. હવે તેમણે પ્રમુખ તરીકે નિવૃત્તિ લીધી છે. અત્યારે શ્રી વાય પાર્થનારાયણ પંડિત દક્ષિણ હિંદના ચિકિત્સક પ્રમુખ છે. હવે આગામી સમ્મેલન કુરનુલ (આંધ્ર ખાતે) ભરાશે.

(૫) ઈંડિયન ફાર્માસ્યુટીકલ કોંગ્રેસનું સમ્મેલન ૩૧, ૧, ૨, જાન્યુઆરીના રોજ વડોદરા ખાતે ભરાયું હતું તેમા આયુર્વેદ વિભાગના પંડિત શ્રી શિવશર્મા હતા.

(૬) બિકાનેર ખાતે અખિલ આયુર્વેદ મહાપરિષદના ખાસ અધિવેશનમાં પૂજ્ય વૈદરાજ યાદવજી ત્રિ. આચાર્યનો હીરક મહોત્સવ ઉજવાયો. ફેબ્રુઆરીમાં આ રીતે એક અજોડ તપસ્વીનું સન્માન થયું.

(૭) ફેબ્રુઆરીમાં સૂરત વૈદ્ય સભાની ચૂંટણી થઈ. પ્રમુખ શ્રી વૈદ્ય રણજીતરાય દેસાઈ.

(૮) માર્ચમાં ઈંડિયન મેડિકલ કાઉન્સિલમાં દ્વિતીય વાર્ષિક અધિવેશનમાં મુંબઈના ના. વડા પ્રધાને સ્પષ્ટ શબ્દોમાં આયુર્વેદ કરતાં એલોપથી હજુ ઘણું પાછળ છે અને દાક્તરોએ આયુર્વેદને ઉતારી પાડવાની વલણ છોડી દેવાની ભલામણ કરી હતી અને આયુર્વેદને આજના વૈદ્યો પરથી કલ્પવાનો નિષધ કર્યો હતો.

(૨૦) મધ્ય પ્રદેશમાં નવો આયુર્વેદિક કોર્સ શરૂ થયો છે. અને તે માટે આયુર્વેદ મહા વિદ્યાલયનું ઉદ્‌ઘાટન થયું છે.

(૨૧) ગુજરાત યુનિવર્સિટી તરફથી આયુર્વેદિક ફેકલ્ટીની રચના માટે એક એડહોક કમિટિ નીમાઈ જે આયુર્વેદિક કોર્સ નકકી કરશે અને તે ૪ા વર્ષનો કોર્સ ઇંટર સાયંસ બાદ, એમ. બી બી. એસ વીથ આયુર્વેદનો હશે. એ માટે એડહોક કમિટિના પ્રમુખ શ્રી. વલ્લભરામ વૈદ્ય.

(૨૨) મુંબઈની દેશી વૈદકીય બોર્ડે આયુર્વેદનો અનુસ્નાતક અભ્યાસક્રમ તૈયાર કર્યો છે તે મંજુરીની રાહ જુએ છે. 'આયુર્વેદ પારંગત'ની પદવી અપાશે

(૨૩) શુદ્ધાયુર્વેદિક કોર્સ (આયુર્વેદ પ્રવીણ)ની પ્રથમ પરીક્ષા ૧ા વર્ષને અંતે લેવાઈ તેમાં ૧૩૭ માંથી ૮૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા

(૨૪) અમદાવાદની સિવિલ ઇસ્પીતાલમાં ૨૦ શય્યાનો આયુર્વેદ વિભાગ ટુંક સમયમાં શરૂ કરવાની જાહેરાત અને તે માટે વૈ મણિલાલ બ્રહ્મભટની પસંદગી થઈ છે.

(૨૫) મુંબઈની આયુર્વેદીય સંશોધન બોર્ડની પુનર્રચનાઃ તેમાં શ્રી ગં. વિ. પુરાણિક પ્રમુખ પદે, અને શ્રી નામ જોષી મંત્રી પદે છે. શ્રી વૈ. રામશિરોમણિ, શ્રી રણજીતરાય દેસાઇ, શ્રી પાંડુરંગ દેશપાંડે, જેવા વિદ્વાનો છે.

પ્રગટેલાં પ્રકાશનો : વૈદ્યકીય સાહિત્ય

આ વર્ષે પ્રગટ થયેલાં પુસ્તકોમાં મુખ્યત્વે શ્રી કુલાભાઈ મ. પટેલ કૃત 'દોષ ધાતુમલ વિજ્ઞાન' (ગુજરાતી) શ્રી વૈદ્ય રણજીતરાય દેસાઈનુ આયુર્વેદીય હિતોપદેશ (હીંદી) શ્રી વૈદ્ય પ્રભુ ભાઇ ભકતનું શરીર રચના (ગુજરાતી) ડો મહેતાનું વૈદ્યકીય સુભાષિત સંગ્રહ, તથા શ્રી ડૉ. ચટ્ટોપાધ્યાયનું "કેન્સર રોગ કી ચિકિત્સા." ક આશાનંદ કૃત "આધુનિક ચિકિત્સા વિજ્ઞાન" એટલાં છે. ભેટ સ્વરૂપે વૈદ્ય કલ્પતરૂએ શ્રી ક. અમૃતલાલ દે. ગણાત્રાનું "પથ્યાપથ્ય" તથા આરોગ્ય સિન્ધુએ "આયુર્વેદીય વ્યાધી વિજ્ઞાન" ભાગ ૩ જો અને ૪ થો બહાર પાડયાં છે.' "આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન"ને સુરતની ઓ. ના. આયુર્વેદ મહા વિદ્યાલય તરફથી નિદાન ચિકિત્સાના પાઠયગ્રન્થ તરીકે મંજુરી મળેલ છે. પ્રાણાચાર્ય કામ શાસ્ત્ર વિશેષાંક, સ્વાસ્થ્યે વચનામૃત વિશેષાંક, સચિત્ર આયુર્વેદે આયુર્વેદ યોજના વિશેષાક, ધન્વન્તરીએ 'ચરક ચિકિત્સાંક', આયુર્વેદ તરફથી 'સ્ત્રી રોગ વિશેષાંક' બહાર પાડેલ છે. ગુજરાતી વૈદકીય માસિકોમાં બે ઉમેરાં થયાં છે. એક તો સુશ્રુત (વડોદરા) અને અન્ય નિરોગી (અમદાવાદ) થી બહાર પડવા માંડયા છે. એટલે ગુજરાતી ભાષામાં આઠ વૈદકીય પત્રો પ્રગટ થવા માંડયા છે. અકારાદિ ક્રમથી ગણતાં આયુર્વેદ જગત, આયુર્વેદ રહસ્ય, આયુર્વેદ વિજ્ઞાન, આરોગ્યસિંધુ, નિરોગી, ભિષગ્ભારતી, વૈદ્ય કલ્પતરૂ અને સુશ્રુત એમ આઠ પત્રો પ્રગટ થાય છે. વૈદકીય માસિકો વધ્યા છે, અને વાંચનની અભિરુચિ વધી છે તે નોંધપાત્ર છે. ઉપરોકત પ્રગટ થયેલ પુસ્તકોમાં સમીક્ષા કરતાં શ્રી વૈ. રણજીતરાય દેસાઇ કૃત "આયુર્વેદીય હિતોપદેશ" સર્વશ્રેષ્ઠ કૃતિ તરીકે અમારી પસંદગી પામે છે. મરાઠીમાં 'આરોગ્ય મંદિર', 'આરોગ્ય મિત્ર' અને 'આયુર્વેદ પત્રિકા', 'ભિષગ્વિલાસ', 'આયુર્વિદ્યા', આ પત્રો નિયમિત પ્રગટ થતાં રહ્યાં છે, હિંદીમાં સચિત્ર આયુર્વેદ, ધન્વન્તરિ, પ્રાણાચાર્ય. અનુભૂત યોગમાળા, સુધાનિધિ, આયુર્વેદ, આયુર્વેદ મહાસમ્મેલન પત્રિકા, સ્વાસ્થ્ય, આયુર્વેદ વિજ્ઞાન એ પત્રો નિયમિત પ્રગટ થતાં રહ્યા છે.

(૯) અમદાવાદ વૈદ્ય સભાના નિવૃત્ત થતા પ્રમુખ શ્રી વૈદ્ય લક્ષ્મીશંકર રામકૃષ્ણ શાસ્ત્રીના તૈલચિત્રનો અનાવરણ વિધિ માર્ચમાં ઉજવાયો.

(૧૦) ડો. યોધની વિલીન થતી દેશી વૈદ્યકીય બોર્ડની બેઠક માર્ચમાં છેલ્લી મળી. તેમાં સભ્યોએ સભાત્યાગ કર્યો.

(૧૧) અમદાવાદ વૈદ્ય સભાની નવી ચૂંટણી : પ્રમુખ શ્રી વૈદ્યરત્ન માધવપ્રસાદ ના. શાસ્ત્રી. આ ચૂંટણી માર્ચમાં થઇ.

(૧૨) યુનિવર્સલ હેલ્થ ઈંસ્ટીટયુટને આયુર્વેદ, હોમ્યોપથી આદિના સંશોધન માટે રૂા. ૩૦૦૦૦ ની ગ્રાંટ આપી.

(૧૩) પહેલી એપ્રીલથી વાંધાભરી જાહેરાતો પર પ્રતિબંધક કાયદો અમલમાં આવ્યો. જેમાં ૩૨ વાંધાભર્યા દરદો લખાયા છે. વર્તમાનપત્ર, લેબલ સાહિત્ય સૂચીપત્રાદિ તમામ જાહેરાતો નિષેધ કરેલ છે.

(૧૪) મહારાષ્ટ્ર પ્રાંતીય વૈદ્ય મંડળના સમ્મેલનનું ૧૦ મું અધિવેશન ભુસાવળ ખાતે આયુર્વેદાચાર્ય પાંડુરંગ શાસ્ત્રી દેશપાંડેના પ્રમુખપદે ભરાયું. તેમાં અધ્યાપક ચર્ચા પરિષદ પણ ભરાઈ હતી. ના. શ્રી શાંતિલાલ શાહે ઉદ્ઘાટન કર્યું.

(૧૫) બનાવટી દ્રવ્યો અને ઔષધો અંગે સરકારે બે તપાસ સમિતિઓ નીમી છે. એમાં એક સમિતિ બનાવટી ઔષધો અને વનસ્પતિનો પ્રતિબંધ કરવા તેમાં પ્રમુખ શ્રી પં. શિવશર્મા અને બીજી સમિતિનું કાર્ય જનતાને એક ધોરણના વિશ્વાસપાત્ર ઔષધો વ્યાજબી દામે મળે તે માટેનું છે. તેમાં પ્રમુખ શ્રી વૈદ્ય બાપાલાલ ગ. શાહ છે. આમાંથી બાપાલાલ સમિતિએ પ્રશ્નપત્રકો પણ પ્રગટ કર્યાં છે.

(૧૬) શુદ્ધાયુર્વેદ અભ્યાસક્રમમાં પ્રવેશ યોગ્યતા સંસ્કૃતમાં ૫૦ ટકા ગુણો એસ. એસ. સી. માં ઉતીર્ણ કે અનુત્તીર્ણની હતી. તે ઘટાડીને મેટ્રિકમાં ૪૫ ટકા સંસ્કૃતના ગુણો અથવા કોલેજમાં ફર્સ્ટ ઇયર કે તેથી આગળ અભ્યાસ કર્યો હોય તે કરવામાં આવી.

(૧૭) દેશી વૈદ્યકીય (આયુર્વેદ અને યુનાની) બોર્ડની વિના વિરોધ ચૂંટણી થઈ. આ વિજય બમ્બઇ રાજ્ય વૈદ્ય સમ્મેલનનો હતો. પ્રમુખ : શ્રી પં. શિવશર્મા. ખાસ કાર્યકારીણી સમિતિમાં શ્રી એ. વી. ગદગ, વૈદ્ય રૂદ્રદત્ત આચાર્ય, વૈ. માધવ ગણેશ જોષી, વૈ. નાટોલીકર અને વૈ. ગોવિંદપ્રસાદ હરિદાસ. આ પ્રમાણે રચના થઈ. ફેકલ્ટીની ખાસ રચના થઇ : પ્રમુખ શ્રી વૈ. શિવશર્મા અને અન્ય સભ્યોમાં વૈ. ના. હ. જોષી. વૈ. ધોં. સ. અંતરકર, વૈ. વલ્લાભરામ, વૈ. હરિદત્ત શર્મા.

(૧૮) જામનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સની જાહેરાત, પ્રિન્સીપાલ અને અધ્યાપકોની પસંદગી માટે ઇન્ટરવ્યુ લેવાયા, અને કોર્સ પણ બહાર પડયો છે. પ્રવેશ યોગ્યતા આયુર્વેદાચાર્ય, કે તત્સમ આયુર્વેદના ગ્રેજ્યુએટ કે એમ. બી. બી. એસ. ની રાખી છે. તેમાં પ્રથમ પસંદગી શૈક્ષણિક સંસ્થામાં પાંચ વર્ષ કાર્ય કર્યું હોય તેવા સ્નાતકોને મળશે. માસિક ૧૦૦ રૂા. ની શિષ્યવૃત્તિ પણ અપાશે.

(૧૯) પાઠયક્રમોની એક વાકયતા માટે કેન્દ્રીય આરોગ્ય પરિષદ તરફથી આરોગ્ય સચીવ : સૌરાષ્ટ્ર (શ્રી દયાશંકર દવે) ના પ્રમુખ પદ હેઠળ એક સમિતિ નીમાઇ જેણે એક પ્રશ્નપત્રક બહાર પાડી તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને મહત્વની વ્યકિતઓને મોકલી આપ્યું.

મન અને શરીર

લેખક: શ્રી ડૉ. એમ. ડી. આડતિયા
એમ ડી., એફ-સી.પી એસ, ડી. જી. એ.એફ.આઇ.સી,પી એસ,.

આપણી જનતાનું સ્વાસ્થ્ય કનિષ્ટ કોટીનું છે તે એક સત્ય હકીકત છે. સ્વાસ્થ્ય સુધારવાને માટે અનેક પ્રયત્નો કરતાં પહેલાં સૌએ જાણવુ જોઈએ કે શારીરિક, માનસિક તથા સામાજીક સ્વસ્થતા એટલે જ સંપૂર્ણ સ્વાસ્થ્ય ગણી શકાય. દર્દમુક્ત માનવીનું મન અસ્વસ્થ હોય તો તેનું સ્વાસ્થ્ય સારૂં ન જ રહી શકે, તંદુરસ્ત શરીર, પ્રફુલ્લ મન તથા નિરોગી અને આહલ્લાદજનક વાતાવરણ સંપૂર્ણ સ્વાસ્થ્ય જાળવવાને આવશ્યક છે.

સામાન્ય રીતે મનાય છે કે માનસિક રોગોના માનસિક લક્ષણ હોય છે અને શારીરિક રોગોના શારીરિક લક્ષણો હોય છે, જેવાં કે, છાતીમાં મુંઝારો થવો, ગભરામણ થવી, બેભાન થઇ જવું વિગેરે માનસિક મુંઝવણ સૂચવે છે. જ્યારે તાવ આવવો, ખાસી આવવી, હાથ પગ માથું દુખવું વિગેરે શારીરિક સૂચવે છે. પરંતુ આ માન્યતા સત્ય નથી. મન શરીરના રોગો જ જોડાએલા છે તથા તેના લક્ષણો પણ અનેક વખત જુદાં પાડી શકાતા નથી.

શારીરિક દર્દોના કારણો આપણે બાહ્ય પદાર્થોમાંથી શોધવાને ટેવાએલા છીએ, પરંતુ અર્વાચીન સંશોધનથી પ્રતિપાદન કરી બતાવાયું છે કે દરેક દર્દોના શારીરિક તેમજ માનસિક લક્ષણો હોય છે, અને અનેક વખત જે લક્ષણો શરીર પર દેખાય છે તે કેવળ દબાયેલા મનોવિકારો અને માનસિક અંતરાયોને પરિણામે પણ હોઇ શકે. આ પ્રમાણે મનોવિકારોથી ઉદ્‌ભવતા શારીરિક લક્ષણોવાળાં દર્દોને "મનોદૈહિક" રોગ કહેવાય છે, અને તેને મટાડવાને માટે માનસ ચિકિત્સા આવશ્યક થઇ પડે છે.

દુર્ભાગ્ય તો એ છે કે આપણા દેશમાં કોઇ આ તરફ લક્ષ આપતું નથી, જેટલી સંભાળ દેહની સામાન્ય બિમારી માટે લેવાય છે તેટલી પણ માનસિક અસ્વસ્થતા માટે કોઇ દર્શાવતું નથી. નિરોગી દેહ સાથે મન પણ નિરોગી હોય તે જરૂરનું છે. દેહ અને મન પરસ્પર સાથે ગાઢ સંબધ ધરાવે છે. એક નિષ્ક્રીય બનતાં બીજું પણ આપોઆપ ભાગી પડે છે. પણ માણસ પાગલ થાય તે સિવાયની માનસિક અસ્વસ્થતા આપણે ત્યાં ચિંતાનો વિષય ગણાતો નથી, માણસ માનસિક બિમારી ભોગવે એ વાત જ ઘણાને હાસ્યજનક લાગે છે, છતાં દરેક વ્યાધીના મૂળમા તેનો હિસ્સો નાનો સુનો નથી એ હવે પૂરવાર થયેલી હકીકત છે.

(૧) માનસ ચિકિત્સા

હજુ હમણાં જ આ નવીન પદ્ધતિનો જન્મ થયો છે, અને પાશ્ચાત્ય દેશોમાં તેના પ્રયોગો ચાલે છે, ત્યારે આપણા દેશમાં તો તે તદ્દન અજ્ઞાત અને બીન અનુભવી બાબત છે. કેટલાક પ્રગતિવાદી તબીબો તેનો ઉપયોગ કરવાને હિમાયત કરવા છતાં હજુ તેનો યોગ્ય પ્રચાર થયો નથી. એ રીતે જોતાં માનસચિકિત્સાનો આ બાલ્યકાળ ગણાય, છતાં તેથી તેનું મહત્વ જરાપણ ઘટતું નથી, બલ્કે તેની બિનહાનિકારક અને ઝડપી દર્દનિવારકશક્તિ જોતાં તેનું મહત્વ વધતું જાય છે. ઘણી વખત ન સમજી શકાતા શારીરિક દર્દોના જે લક્ષણો પ્રકટ

પ્રકીર્ણ વિગતો

મહાગુજરાત વૈદ્ય મંડળની સ્થાયી સમિતિની ત્રણ બેઠકો મળી છે વાંધાભરી જાહેરાતનો કાયદો ૧ લી એપ્રીલથી અમલમાં આવ્યો છે. તે અંગે અધિકારીઓ નિમાયા છે પરંતુ કઇ સક્રિય કાર્ય થયું નથી. મુંબઇની દેશી વૈદ્યકીય બોર્ડને પ્રમુખપદે વૈદ્ય નીમાયા છે તે આ વર્ષનો સૌથી વધુ મહત્વનો નોંધપાત્ર બનાવ છે.

નાગપૂર, વડોદરા અને જામનગરના સંશોધન કેન્દ્રો ચાલુ છે.

આપણા વડા પ્રધાન પં. નહેરૂએ જામનગર સંશોધન કેન્દ્રની મુલાકાત લઇ સંતોષ વ્યક્ત કર્યો. અને તાજેતરમાં જ મુંબઇ ખાતે તેમણે ડોકટરોને આયુર્વેદ પ્રત્યે ઘૃણા નહિ કરવાનું કહેતા કહ્યું કે એમાંથી મહત્વના અંશો સ્વીકાર્યે જ છુટકો. પં. નહેરૂને પણ હવે આયુર્વેદ માટે કઇંક સ્પષ્ટ ખ્યાલ આવ્યો છે એ વૈદ્યસમાજનું સદ્ભાગ્ય જ ગણાય.

એકંદરે આયુર્વેદ ક્ષેત્રે ગત વર્ષ ઘણું મહત્વનું એ દૃષ્ટિએ ગણાય કે સર્વત્ર આયુર્વેદ અંગે વદ્યકીય ક્ષેત્રોમાં જાગ્રતિ આવી છે. અને સરકારનું વલણ ઉદાર બન્યું છે. પ્રાંતીય સરકારોએ આયુર્વેદ અંગે બહુજ સમભાવી વલણ દાખવ્યું છે. અને સૌથી સખત ટીકાપાત્ર બાબત વૈદ્યકીય વર્તુલોમાં પ્રવેશેલી વાડાબંધીઓ છે. આવી વાડાબંધીઓ અન્ય ક્ષેત્રે નથી, એમ અમો નથી કહેવા માગતા. તંદુરસ્ત વાડાબધીઓ ટીકા નથી પામતી. જેમાંથી વિષ, કટુતા અને પતન પરિણમે તેવી વાડાબંધીઓ શ્રાપરૂપ છે, આ અંગે અમારા અંગત વિચારો અમે વ્યક્ત નથી કરતા. અત્યારે તો જે કંઇ રંગમંચ પર ભજવાઇ રહ્યું છે તે શાંત ચિન્તે કંઈ પણ રંગાયા વગર જોવાનો વખત છે.

એક અન્ય અગત્યની વિચારણા ભાષાવાર પ્રાંત રચના પ્રમાણે મહાગુજરાત, મુંબઈ અને મહારાષ્ટ્ર ત્રણ જુદાં જુદાં એકમો થતાં મુંબઇનું ક્ષેત્ર બહુ જ નાનું બની જાય છે. એ માટે વર્તમાન શુદ્ધાયુર્વેદીય સમિતિનો બહોળો ભાર સરકાર વહી શકશે ? તે જ રીતે મુંબઇની ફેકલ્ટી પાસે પણ માત્ર પોદ્દાર કોલેજ રહે તેવી શક્યતા છે. કેમકે પુનાની કોલેજ પુના યુનિવર્સિટી અને સુરતની કોલેજ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાઇ જતાં મુંબઇની ફેકલ્ટીના એંજિનમાં ડબ્બાઓ વિખૂટાં પડતાં માત્ર પોદ્દાર કોલેજનો ડબ્બો રહેશે. પ્રાંત રચનાના આ પ્રત્યાઘાતો અંગે વિચારવું રહ્યું જ. વર્તમાન શુદ્ધાયુર્વેદિક કોર્સમાં ૧૧૨ વિદ્યાર્થીઓ છે. તે સંખ્યા કેવડી રહેશે ? એ સહેજે કલ્પી શકાય છે. શુદ્ધાયુર્વેદીય સમિતિએ પરીક્ષકો નીમવા અંગેની જાહેરાત વૈદ્યકીય પત્રોમાં કરવી જોઈતી હતી અને નિદાન, પરીક્ષાના પરિણામપત્રકો તો વૈદ્યકીય પત્રોને વગર માંગ્યે મોકલવાં જાઇતાં હતાં, જેમ અત્યારની ફેકલ્ટી કરી રહી છે તેમ! આ સૂચન પર સમિતિ ધ્યાન દેશે એવી અમને ખાત્રી છે.

દુઃખદ અવસાનો

આપણા વૈદ્ય સમાજમાંથી આ વર્ષે બોટાદના શ્રી વૈદ્ય નથુશંકર ઈશ્વરપ્રસાદ ભટ્ટ અને મુંબઈના શ્રી પુરુષોત્તમ બી. શસ્ત્રવૈદ્યના અવસાનોથી ખોટ પડી છે.

સરવૈયાને અંતે

વખત કપરો છે. આયુર્વેદીય રાજ્યકીય વાતાવરણ ખુબજ ડહોળાયલું છે. સામાન્યતઃ વિદ્વાનોએ (= વદ્યોએ) તો તેથી અલિપ્ત જ રહેવું ઘટે. ગત વર્ષ અમારી દૃષ્ટિએ આયુર્વેદ માટે અનેક ઉજળી બાજુઓ વધુ લાવ્યું છે. અંતમાં ભગવાન ધન્વન્તરિને આપણા સહસ્રશઃ વંદન પાઠવતાં આપણે આપણા સર્વાંગી વિકાસ માટે શુદ્ધ બુદ્ધિ, બળ અને આશિષ આપવાનું પ્રાર્થીએ.

ધનત્રયોદશી : ૨૦૧૧

ચન્દ્રશેખર ગોપાલજી ઠક્કર

બાહોશ તબીબ તે પ્રત્યે દર્દીનું ધ્યાન દોરી તે તેને પોતાના કાર્યમા મદદગાર બનાવી શકે. દર્દીને અનુકૂળ પડે તેવું એકાંત છતાં શાંત અને સલામત વાતાવરણ ઉભું કરીને તેના પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવી તેનો આદર અને શ્રદ્ધા તેળવવાં જોઈએ. તો જ બન્ને વચ્ચેના અંતરાયો દૂર થઈ શકે અને દર્દ ઉપસ્થિત થવાના કારણો મેળવી શકાય. આને માટે પૂરતી ધીરજ અને ખંત ચિકિત્સકોમાં હોવા જોઈએ.

બીજી મહત્વની બાબત એ છે કે તબીબે આ કાર્યમા પોતાએ દર્દીના સહાયક તરીકે ગણીને તેના પ્રત્યે યોગ્ય હમદર્દી બતાવવી જોઇએ. પોતે તેના દર્દ નિવારણ માટે આ પગલું ભરી રહ્યો છે તેનો ખ્યાલ રાખીને દર્દીના ન્યાયાધીશ ન બનતાં શાંતીથી તેને સાંભળવાનો પ્રયત્ન તેણે કરવો જોઇએ. યોગ્ય સમયે દર્દી પ્રત્યે સહાનુભૂતિ દર્શાવીને તેને આગળ વધના પ્રોત્સાહન આપવું જોઇએ, પણ તેને ટીકા કરીને નિરુત્સાહી બનવા ન દેવું. દર્દી બીજી આડી વાતોમાં ઉતરી જાય તો તેનું ધ્યાન ન ખેંચાય એ રીતે શાંતીથી તેને પોતાના મુદ્દા તરફ વાળવાનો પ્રયાસ કરવો, અને જરૂરી માહીતી ધ્યાનપૂર્વક મેળવી લેવી. કોઇ પ્રસંગે તેના અંતરાયરૂપ પૂર્વગ્રહો કે વિરોધી લાગણીઓને સમજાવટથી દૂર કરવા પણ પ્રયત્નશીલ થવું જોઇએ

દર્દીના મર્મ પર આઘાતજનક નીવડેલા બનાવોને ધ્યાનપૂર્વક શ્રવણ કરીને તેના તે જખમોને રૂઝાવવાનું તબીબનું કર્તવ્ય છે, અને સૂચનો અને સમજાવટદ્વારા તેની માનસિક અથડામણોને દૂર કરવા તેણે પ્રયાસ કરવો જોઇએ. રૂંધાયેલી લાગણીઓના પ્રવાહમાં જે નડતર હોય તે દૂર કરીને તેનો માર્ગ ખુલ્લો કરવો જોઇએ, એને સહાનુભૂતિપૂર્વક યોગ્ય દોરવણી કરવી જોઇએ, મનોદૈહિક ચિકિત્સાનો એજ મુખ્ય હેતુ અને ધ્યેય છે.

એક દષ્ટાંત લઇએ તો સમજાશે.

થોડાં વખત પહેલાં એક જુવાન સ્ત્રી અત્યંત પીડાજનક આર્તવની ફરીયાદ સાથે મારી પાંસે આવી હતી. આ યુવાન બાઈ બાવીસથી ત્રેવીસ વર્ષની કોલેજ કન્યા હતી. શારીરિક તપાસ દરમ્યાન એની ફરીયાદ માટે કંઈ પણ ચોકકસ કારણ જણાયું નહિ. આર્તવના સમય દરમ્યાન મેં એને જોઈ અને એ છોકરી અસહ્ય પીડા ભોગવી રહી હતી એની મેં ખાતરી કરી મને લાગ્યું કે એના આ રોગનું કારણ માનસિક છે. ધીમે ધીમે ઘણી સૂચક બાતમી મળી આવી આ છોકરીને કોઇની સાથે સંબંધ થયો હતો.

આ યુવતીના માબાપ જુનવાણી વિચારના હતા. છોકરીના મનમાં જાતિયવૃત્તિ એટલે ચોરવૃત્તિ છે. પાપનો એક પ્રકાર છે એવી ભ્રામક માન્યતાઓ એમણે સંસ્કાર ગણીને ઠસાવી હતી. પોતાના પ્રેમી પ્રત્યેની એની જાતિયવૃત્તિને એ એક અનિવાર્ય ગુન્હા તરીકે ગણતી હતી. જેમ જેમ તે તેના ઘનિષ્ટ સંબંધમા આવતી તેમ તેમ વધુને વધુ શારીરિક ને માનસિક વેદના અનુભવતી. તેના તરફ લાગણી બતાવતાં અને વધુ સંપર્કમાં આવતાં તેના મનમાં સ્પષ્ટ અથડામણ ઉત્પન્ન થતી. સંસ્કાર અને લાગણી વચ્ચે તુમુલ ખેંચતાણ ચાલ્યા કરતી, આને લીધે એનું શારીરિક સ્વાસ્થ્ય પણ સમતુલા ગુમાવી બેઠું હતું. શારીરિક અને માનસિક આ પ્રશ્નાદ ભૂમિકામા પીડીતાર્તવની એવી ફરિયાદ જન્મી હતી. તેના પોતાના જ શબ્દોમાં

થાય છે તેમાં આવા માનસિક વિકારો જ અંતરાયરૂપ થતાં હોવાનું અનુમાન કરવામાં આવે છે, ડોકટર કુક તો એટલે સુધી કહે છે કે મનુષ્યના ૯૦ ટકા દુઃખોની ઉત્પત્તિ આવા માનસિક કારણોને અંગે જ હોય છે.

આપણે જોઇશું તો સ્ત્રીઓના દર્દોમાં મુખ્યત્વે માનસિક કારણો જ જવાબદાર હોય છે. બાહોશ નિરીક્ષકનું એ બાબત પ્રત્યે લક્ષ ખેંચાયા વગર રહેતું નથી, સ્ત્રીઓનાં ખાસ રોગો કહીને જેને આપણે ઓળખીએ છીએ તે ઘણી વાર પીડાગ્રસ્ત સ્ત્રીઓની માનસિક વ્યાધીનું જ પરીણામ હોય છે. સ્ત્રીઓ પોતે પણ આ વસ્તુ સારી રીતે સમજતી હોય છે. રાત્રી દિવસ ઘરમાં રહેવાને પરીણામે તેને બહારની અથડામણોનો સામનો કરવો પડતો નથી, તેને લીધે તેમની લાગણીઓ વધુ કોમળ હોય છે. તેથી જરા પણ આઘાત થતાં તેના ઉપર પુરુષ કરતાં વધુ અસર પડે છે. પરીણામે તેઓ હિસ્ટીરીઆ જેવાં દર્દોનો જલદી ભોગ થઈ પડે છે. હિસ્ટીરીઆ શબ્દની ઉત્પત્તી જોઇશું તો જણાશે કે તે ગ્રીક ભાષામાંથી ઉતરી આવ્યો છે અને તેનો મૂળ અર્થ ગર્ભાશય થાય છે. આ જોતાં લાગે છે કે સ્ત્રીના જનન પ્રદેશ સંબંધી અવ્યવસ્થાઓ અને માનસિક અંતરાયો વચ્ચેનો સંબંધ પરાપુર્વનો છે.

આ સંબંધને લગતા ચોકકસ આંકડા મેળવવાનું કાર્ય મુશ્કેલ છે, કેમ કે શારીરિક અને માનસિક દર્દોના કારણો પરસ્પર એવાં સંકળાયેલાં હોય છે કે તેમને ચોકકસ રીતે જુદા પાડવા એ ખરેખર દુર્ઘટ કાર્ય ગણી શકાય, છતાં એકંદરે સ્ત્રી દર્દીઓમાં તેનું પ્રમાણ ૩૦ થી ૭૦ ટકા અંદાજવામાં આવે છે.

પોતાના અંગત માનસિક કારણોનું ચિકિત્સક પાસે બ્યાન કરતાં તે સ્વાભાવિક રીતે જ સંકોચ અનુભવે છે. તેમાંયે સ્ત્રીઓનો તો સંકોચશીલ સ્વભાવ કુદરતી રીતે જ હોવાથી આ કાર્ય જરા મુશ્કેલ પણ બની જાય છે. પોતાના શરીરને નગ્ન સ્વરૂપે બતાવતાં સંકોચ અનુભવે છે, તેનાં કરતાં વધુ મનની મુંઝવણ બતાવતાં અનુભવે છે. છતાં ધીરજપુર્વક સમજાવટથી જો આ વાત દર્દીના મનમાં ઠસાવવામાં આવે તો કાંઈ પ્રતિકૂળતા રહેતી નથી. માનસચિકિત્સક કરતાં પણ જેની સાથે વધુ પરિચય થયો હોય એવા સ્ત્રીઓના તબીબો આ કાર્ય વધુ આસાનીથી કરી શકે છે, કેમકે તે દર્દીના ઘનિષ્ટ પરિચયમાં હોવાને લીધે તેની પ્રકૃતિ જલદી સમજી શકે છે, તેમજ સ્ત્રી પણ ઘનિષ્ટતાને લીધે સહેલાઇથી તેની પાસે દિલ ખોલી શકે છે અને પોતાની વિટંબણા દૂર કરવા તેની યોગ્ય મદદ મેળવી શકે છે.

દર્દીનો વિશ્વાસ સંપાદન કરવો એ આ કાર્યમાં મહત્વની બાબત લેખાય છે, અને ત્યારે જ દર્દીનો પૂરતો સહકાર મેળવી શકાય. તેના સહકાર વિના સફળતા મેળવવી શકય નથી. જો તે અનુકુળ ન હોય તો આ જાતની પ્રવૃત્તિ તેના મનમાં ચિકિત્સક પ્રત્યે અણગમો પેદા કરે છે. તેથી દર્દી નિકટ આવવાને બદલે દૂર જાય છે અને તેનું માનસિક વલણ પણ પ્રતિકુળ બની જાય છે.

આપણાં ઘણાં દર્દીઓ માનસિક ભય અને યાતનાઓ સહન કરતા હોય છે, છતાં તેનો તેમના દેહ સાથે સંબંધ હોઇ શકે છે તેવું તેમને પોતાને ખ્યાલ પણ નથી હોતો.

(અ) આ માણુસ પોતાના ચેતના *Conscious mind* ને મજ્બુત બનાવી પોતાની વૃત્તિને દાબી દે.

(બ) આંતરિક વૃત્તિ વધુ પ્રબળ બને અને માણુસને ગુન્હેગાર બનવા પ્રેરે.

(ક) અમુક માણુસ ઉપરના બંને છેડાઓ *Extremes* માંથી કંઇજ ન કરી શકે એટલે એની નિર્બળતા માટે બહાના શોધશે. "મને આ બીમારી છે એટલે મારાથી આ થઈ શકતું નથી. મને હૃદય રોગ છે......મને પેટમાં દુખાવો છે."

આંતરિક વૃત્તિની પ્રબળતાને એ આમ ક્ષુલ્લક બહાના હેઠળ દાબી દે છે, અને કેટલા રોગોનો જન્મ થાય છે. આ પ્રકારના રોગોને મનોદૈહિક રોગો *Psychosomatic illnesses* કહેવાય. મનને લીધે આ રીતે શરીર સ્વાસ્થ્ય કથળે છે. માનસિક અથડામણોનું જે રૂપાંતર શારીરિક વિક્રિયાદ્વારા વ્યકત થાય છે તે ચેતનાવસ્થામાં નથી થતું. માણુસને પોતાને અંદર ચાલી રહેલી આ ખેંચતાણુની માહીતી પણ નથી હોતી. સ્ત્રીઓમાં સામાન્ય રીતે જનન અવયવો એ રીતનાં અંતરાયો વ્યકત કરવાનું સાધન બને છે.

જાતીયપ્રક્રિયા આપણે ત્યાં ઘૃણાને પાત્ર ગણાઇ છે. તેને લીધે આપણી નૈસર્ગિક વૃત્તિને ખરાબ રીતે રૂંધવામાં આવે છે. ઘણીવાર મનોદૈહિક વ્યાધીઓના મૂળમાં આવી જાતીય સમસ્યાઓ પડી હોય છે. માસિકસ્ત્રાવ જેવી સ્ત્રીની એક સામાન્ય ધર્મ ક્રિયાને ઘણા શિક્ષિત તથા સંસ્કારી લોકો પણ એક અપવિત્ર અને અસ્પૃશ્ય ક્રમ ગણીને જનન અવયવો પ્રત્યે ઘૃણા ઉત્પન્ન કરે છે.

આપણે આશા રાખીએ કે જાતીય અવયવોની ક્રિયાશીલતા પ્રત્યે શુભેચ્છાજનક વલણ દાખવી, તે સંબંધે બુદ્ધિગમ્ય સૂચનો સાથે યોગ્ય માર્ગદર્શન કરાવવામાં આવે તો મનુષ્ય પોતાની જાતને વધુ સંતોષજનક રીતે દોરવણી આપવાને શકિતમાન થશે, તેમજ ભય, આશંકા, પ્રતિબંધ અને તે સંબંધીના પૂર્વગ્રહો જે આપણા વર્તનને નિર્બળ બનાવવામાં કારણભૂત છે તે પણ અદ્રશ્ય થશે.

(૨) પ્રેમ મિમાંસા :–

સ્ત્રી પુરુષના સંબંધને સ્વાભાવિક પ્રકાશમાં જોવાને બદલે એની ફરતી આપણે **રંગની ઇંદ્રજાળ બાંધી દીધી છે.** પ્રભુતામાં પગલાં માંડી દરેક સ્ત્રી આ અધુરા સ્વપ્નોના રંગે રંગાયેલી હોય છે. થોડા મહીના કે વર્ષ બે વર્ષ પછી **એ કલ્પનાની કરામત અળગી થાય છે.** પ્રેમનું – સ્ત્રી પુરૂષ સંબંધનું સ્વાભાવિક અને વાસ્તવિક સ્વરૂપ છતું થાય છે. અલૌકિક સ્વપ્નો અને કલ્પનાઓ ખોટી પડે છે. સ્ત્રીના જીવનનો આ એક સંઘર્ષ કાળ બને છે. તેના દૈનિક વ્યવહારમાં ફેર નથી પડતો પણ ધીરે ધીરે એના સ્વાસ્થ્યમાં પલટો આવવા લાગે છે. સ્વભાવ ચીડીયો થઈ જાય છે **નમ્ર હેતાળ સ્વભાવની કેટલીક પ્રેમીકાઓ પત્ની થતાં જ કર્કશા બની ગઇ હશે.** મન શંકાશીલ બને છે. પોતાને સંતોષ ન થતાં પતી પ્રત્યે વહેમ શરૂ થાય છે. વહેમમાંથી એક મારૂં જ સર્વસ્વ હોવું જોઇએ એવી ઉર્મિ (*Possessive instinct*) જાગે છે. પતી મારો છે અને મને જ વફાદાર

"મારી મુંઝવણને લીધે હું તંગ અને અસહિષ્ણુ બની જાઉં છું. હું કંઈજ સહન કરી શકતી નથી અને દરેક વસ્તુ મને અણગમતી થઈ પડે છે." ધીમે ધીમે સલાહસૂચનોદ્વારા એની માનસિક વિટંબણાનું માર્ગદર્શન કરવામાં આવ્યું. એના માબાપના પૂર્વગ્રહો દૂર કરવામાં અને એની મૂળ પીડીત–આર્તવની ફરિયાદ પણ દૂર થઈ. એનાજ શબ્દોમાં "મારૂં મન જાણે ધોવાઇને સ્વચ્છ થયું હોય એમ લાગે છે. મારા દરેક અંગેઅંગમાં હું એથી સ્વસ્થતા અનુભવું છું. માસિક સ્ત્રાવ પણ હવે પીડા રહિત છે."

આ એક દાખલા પરથી આપણે થોડીક વસ્તુઓ તારવવાની છે. કોઈ પણ શારીરિક રોગને લીધે માણસ એના મનની સમતુલા ગુમાવી બેસે છે એ વાત ઘરગથ્થુ છે અને સૌએ અનુભવેલી પણ હશે, લાંબા વખતના તાવથી પીડાતો માણસ ચીડીયો થઈ જાય એ વાત આપણને સ્વીકાર્ય છે પણ મનની મુંઝવણને લીધે કદી રોગ ઉત્પન્ન થાય, શારીરિક સમતુલા ગુમાવી બેસાય એવું બને ખરૂં કે? આર્તવ દરમ્યાન પીડા માટે કંઈપણ કારણ ન હોય છતાં પણ ફક્ત માનસિક મુંઝવણના પ્રતાપે આ પીડા ઉત્પન્ન થાય ખરી કે? માથામાં કંઈપણ ખરાબી ન હોય છતાં ચિંતાગ્રસ્ત માણસ માથાનો દુખાવો અનુભવે ખરો? આંતરડાં સાજાં નરવા હોય છતાં માનસિક તંગદીલીને કારણે ઝાડા કે કબજીયાત થાય ખરા? આ બધા પ્રશ્નોનો જવાબ માનસિક વિકાસના મૂળભૂત સિદ્ધાંતોને સમજવાથી મળી શકે છે.

માણસના શરીરનો વિકાસ બાળપણથી વૃદ્ધાવસ્થા સુધી સતત ચાલુ રહે છે, તેમ તેના મનનો વિકાસ પણ ઉત્તરોત્તર થતો રહે છે. આ દરમ્યાન જે અનુભવો, જે આઘાતો મનને લાગે છે તે શરીરના વિકાસ ઉપર પણ અસર કરે છે.

આપણે જે સમાજમાં રહીએ છીએ તેના થોડાંક નીતિનિયમોને કાયદા કાનુનો છે, માણસની આંતરિક વૃત્તિઓ સામાજીક શ્રેય માટે વપરાય એ ધ્યેયથી આ નિયમો ઘડાયા છે. પણ વ્યકિતગત રીતે માણસના મનમાં તો એની આંતરિક વૃત્તિઓ સ્વાભાવિક એષણાઓ અને આ નિયમોની વચ્ચે એક સુક્ષ્મ સંઘર્ષણ ચાલ્યા જ કરતું હોય છે. માણસના મનનો સજાગ ભાગ જેને આપણે "ચેતના" *Conscious mind* કહી શકીએ તે આ સંઘર્ષણ પ્રત્યે બેદરકાર રહે છે, તે આંતરિક સંઘર્ષણનો પ્રભાવ માણસના દૈનિક જીવનમાં પડવા દેતી નથી. મન તો મહાસાગરમાં તરતા આઇસબર્ગ જેવું છે – ૧/૫ ભાગ બહાર તરતો દેખાય પણ વધુ મોટો ભાગ તો પાણીની સપાટી તળે સંતાતો હોય.

અમુક બીન – અનુકૂળ સંજોગોમાં આ ઘર્ષણ તીવ્ર બને છે. બીજાની પાસે પુષ્કળ પૈસો જોઈને તે આપણે કબજે કરી લેવાની વૃત્તિ સ્વાભાવિક છે પણ આપણું આંતરિક મન. સામાજીક નીતિનિયમોને આધીન છે. આ વૃત્તિ મનમાં ઉંડે ઉંડે દાબી દે છે. મનના અંધારા ખૂણામાં ઝીણું સંઘર્ષ ચાલ્યા કરે છે કે ચોરી કરે તેજ આગળ આવે છે. બીજાનો પૈસો યુકિત પ્રયુકિતથી પડાવવો એજ મહત્તાની ચાવી છે, "ચેતના" નું બળ ઢીલું થાય છે. **આંતરિક મન ઉપરની પકડ હળવી થાય છે.** અને અંદરનું સંઘર્ષણ તુમુલ યુદ્ધનું સ્વરૂપ લે છે. આવે વખતે ત્રણ શકયતાઓ છે :–

(૩) દષ્ટાંતો:-

દષ્ટાંત તરીકે અનુભવમાં આવેલા કેટલાંક કેસોની નોંધ બહુ ટુકાણુમાં નીચે પ્રમાણે આપું છું:-

માસિક સ્રાવનો અભાવ :—

૧:- અઢાર વર્ષની યુવાન બાળા (સી. જે. ટી.) ને લગ્ન પછી બે માસે માસિક બંધ પડવાના કારણે મારી પાસે લાવવામાં આવી. શારીરિક તપાસ કરતાં ગર્ભ રહ્યાનો કાંઈ પણ પુરાવો ન હતો. તેમજ આ ફરિયાદ માટે બીજું કોઈ સ્પષ્ટ કારણ પણ ન હતું. દર્દીની કમર પર કોઢ જેવા બે ડાઘા હતા, પણ વધુ પ્રશ્નો પૂછતાં રસપ્રદ બાતમી મળી આવી. તે બાળાના પતીએ તેને એ ડાઘાને કારણે જ ફરી કદી પાછી નહી તેડાવવાની ધમકી આપી હતી, તંદ્રાવસ્થામાં મુલાકાત લેતા રસમય માહીતી મળી શકી. લગ્ન પછીની પ્રથમ રાત્રે પતિની દૃષ્ટિએ પેલા બે સફેદ ડાઘા પડયા અને બીજે દિવસે વહેલી સવારે જ તે તેને તેના બાપને ત્યાં લઈ ગયો. અને પોતાની પત્નીના દેખાવ સંબંધી પોતાને છેતરવા માટે ઝગડો શરૂ કર્યો. પેલા ડાઘા અને દેખાવનો યોગ્ય ઉપચાર થતાં જ કુદરતી માસીક સ્રાવ પાછો ચાલુ થયો

પ્રદર :-

પ્રદર એ શીરોવેદના જેવું પેડુનાં નીચેના ભાગનું દર્દ છે. ઘણાં કેસોમાં તે ઉપચાર કરતાં પણ નાબુદ થતું નથી. અસાવધ પણે થતાં જાતિય ખ્યાલો જનન પ્રદેશને ઉશ્કેરીને *Hyperemia* (અત્યાર્તવ) *Hypersecretion* કે (ધાતુસ્રાવ) જેવાં દર્દો ઉત્પન્ન કરે છે અને સ્નાયુઓને કમજોર બનાવે છે.

૧:- એક ૩૭ વર્ષની પારસી બાઈને સખત ઝાડાઓ અને પ્રદર લાગુ પડયો. જેની પાછળ રસદાયક બીના ગુંથાએલી જણાઇ લગ્ન બાદ છ વર્ષે આ લક્ષણો દેખાયા, અને તેનો પતી તેને મારી પાસે લાવ્યો. દર્દને માટે કોઈ શારીરિક કારણ ન હતું. તેનો સવિસ્તર અહેવાલ સાંભળતાં ધ્યાન ખેંચવા લાયક એક મુદ્દો મળી આવ્યો કે છ માસ પૂર્વે એક વિમાની અકસ્માતમાં તેનો પતિ સપડાયો હતો, તે બનાવ બન્યા પછી તરતમાં જ તેને આ દર્દ શરૂ થયું હતું. તેમાંયે તેના પતીની હાજરીમાં પ્રવાહી વધુ બહાર આવતુ. અકસ્માતથી તેના પતીનો ચહેરો વિકૃત બની ગયો હતો અને તેના ઉપર વિવિધ પ્રકારની શસ્ત્રક્રિયાઓ કરવી પડી હતી. પત્ની પતી પ્રત્યે આ કારણે અણગમો અને ત્રાસની લાગણી અનુભવતી હતી તેની એજાતની દબાએલી લાગણીઓ આ રીતે દર્દના લક્ષણોદ્વારા વ્યકત થતી. છુટાછેડાદ્વારા તેની એ ફરીયાદોનો અંત આવ્યો.

પિશાબની ફરીયાદો :-

એસ. એસ. આર ઇ. નામની છત્રીસ વર્ષની અપરિણિત સ્ત્રીને તપાસવા માટે મારે એક ઘણા શ્રીમંત કુટુંબમાં મુલાકાતે જવાનું થયું. તેની ફરિયાદ એ હતી કે બહુ મૂત્રતાના

રહેવો જોઈએ. પતી સાથેની તકરાર શરૂ થાય છે. જાતીય સંબંધમાં ઓટ આવી જાય છે. શિથિલતા (*fitgidity*) પેદા થાય છે.

અને આ પાશ્ચાત્ય ભૂમિકામાં પેલી મનોદૈહિક વ્યાધીઓ પેદા થાય છે. માથું દુઃખવું કબજીયાત, હિસ્ટીરીયા સૌ અનેક પ્રકારના રોગ શરૂ થાય છે પ્રેમ જેવી લાગણી છે જ નહી એ સત્યનું ભાન થતાં અને જાતીય આવેગ કાયમ એક સરખો ટકવાનો નથી એ શીખતાં **પતિનું ધ્યાન પોતા પ્રત્યે કેમ કેંદ્રિત રાખવું એ પ્રશ્ન દરેક પત્નીને માટે થઇ પડે છે.** કંઈક રોગ, હિસ્ટીરીયા, મને છાતીમાં ગભરામણ થાય છે વિગેરે ફરીયાદો પતીનું ધ્યાન પોતા પર કેન્દ્રિત કરવા માટે જન્મે છે. "હું આટઆટલી રોગથી પીડાઉ અને તમે મારા પ્રત્યે ધ્યાન પણ ન આપો." દવાના બાટલાં, ડોકટરોના બીલ, હવાફેરના ધખકારા સૌ શરૂ થાય છે. પ્રેમના નામથી પેલી આકાશી ઈમારત તુટું તુટું થઇ રહી હો છે – એને ટકાવવાને પોલા લાકડાના થાંભલા ઉભા કરવામાં આવે છે!

પતિપત્નીના દૈનિક જીવનમાં ફેર પડતો નથી. પણ મનનું સંઘર્ષણ ધીરે ધીરે મનને અને શરીર સ્વાસ્થ્યને કોરી ખાય છે.

એક જ વ્યકિત પ્રત્યે જીવનભર અટલ પ્રેમ રહે તે વસ્તુ સુંદર પણ કલ્પનાતિત જ લાગે છે. સ્ત્રી પુરૂષ પરસ્પર સંકર્પમાં આવતાં જાતીય આકર્ષણ ઉપજે છે. પરંતુ તેની પાછળ કંઈ પણ ચિરંજીવ તત્વ કામ કરી રહ્યું હોય એમ માનવાને આપણી પાસે કોઈ કારણ નથી.

આ જાતીય આકર્ષણ સાથે માનસિક ચેતનાનો સમન્વય કરીને આપણે કાલ્પનિક રીતે જાતીય વૃત્તિને "દૈવી સ્વરૂપ" અથવા "પ્રેમ" કહીએ છીએ.

સ્ત્રીનું સૌંદર્ય, છટા અને અલભ્યતા પુરૂષને ઉશ્કેરી મૂકે છે અને પોતાના અહં *Ego – libido* ને સંતોષવા તે સ્ત્રીને પોતાની બનાવવા તલસે છે.

મનુષ્ય એ જાતીય આવેગદ્વારા ખેંચાતું એક યંત્ર બની જાય છે.

લગ્ન પછીના થોડાક મહીનાઓ બાદ પ્રેમ ક્ષીણ થવા માંડે છે. અને થોડાંક વર્ષ ાછી તેનો અવશેષ પણ જોવા મળતો નથી. પ્રેમને સ્થાને ઉપેક્ષા અને તિરસ્કારની લાગણી ાવર્તતી જાય છે.

પરસ્પરનો અસંતોષ નિરંતર વૃદ્ધિ પામીને બન્નેના જીવનને અસહ્ય બનાવી મૂકે છે, નવાણું ટકા પરિણિત કુટુંબો આ રીતે નરકવાસ ભોગવી રહ્યા છે. અને આપણા સમાજની ચાલુ પ્રણાલીકા પ્રમાણે એ અનિવાર્ય જણાય છે. પરંતુ શરૂઆતથી જ જાતિય આવેશ જેવી તિવ્ર શકિત કુદરતી છે એમ માનીને સંતોષ આપીને અથવા તો લાગણીથી અને સમજા વટથી તેનું રૂપાંતર કરીને ઉર્ધ્વીકરણ કરવામાં આવ્યું હોય તો સારાએ સમાજમાંથી ઘણી વ્યકિતઓને વધુ શકિતશાળી અને ઉચ્ચ ચારિત્ર્યવાન મહા પુરૂષો બનાવી શકાય. કલ્પનાના પાયા પર રચેલી આપણી પ્રેમની ઈમારત હોય ને ૯૦ થી વધુ ટકા સંખ્યામાં દંપતીઓ દુઃખી થાય છે.

જોઈએ. શરૂઆતમાં જો બેદરકારી બતાવવામાં આવે તો આગળ ઉપર જ્યારે આ રોગ જડ ઘાલી બેસે છે ત્યારે એનું નિવારણ લગભગ અશક્ય થઇ પડે છે.

મારૂં માનવું છે કે આ પ્રમાણે મનોદૈહિક બિમારીનો ભોગ બનતી સ્ત્રીઓની સંખ્યા આપણા ધાર્યા કરતાં ઘણી વધારે છે. દરેક ડૉકટરે કોઇ પણ રોગના નિદાન સમયે એ બિમારીની કારણોમાં માનસિક પ્રશ્નોએ કેટલો અને કેવો ભાગ ભજવ્યો હશે એનો ખ્યાલ રાખવો જોઇએ, જો દરેક ડૉકટર માનસ ચિકિત્સાના પ્રાથમિક સિદ્ધાંતોનો ખ્યાલ ધરાવતો હોય તો આપણા દેશના ગણ્યા ગાંઠયા માનસ શાસ્ત્રીઓનો બોજો સારા એવા પ્રમાણમાં હલકો થઇ શકે. દર્દીના મનની દરેક પ્રક્રિયાઓનું પૃથ્થકરણ કરીને માનસિક મુંઝવણનું મૂળ શોધ્યા પછી એના ઉપાય માટે તાત્કાલીક પગલાં લેવાં જરૂરી છે.

ચિકિત્સા દરમ્યાન ડૉકટરે એ ખ્યાલ પણ રાખવો જોઇએ કે તેની હાજરી દરમ્યાન દર્દીના વર્તનમાં થતો સુધારો દર્દી સંપૂર્ણપણે સારો થઇ ગયો એમ કહેવા માટે પૂરતો નથી. ડૉકટરની ગેરહાજરીમાં સગાં સ્નેહીઓ સાથેના દર્દીના વર્તન પરથી તેની સ્થિતિમાં થતાં સુધારાનો અંદાજ કાઢી શકાય. ડૉકટરે એ પણ ખ્યાલ રાખવો જોઈએ કે સગાં સ્નેહીઓનું વર્તન દર્દી પ્રત્યે કેવું છે અને દર્દી પોતે તેઓને કઇ દૃષ્ટિથી જુએ છે. સારા થયા પછી તુરતજ દર્દીને પાછા એના મૂળ વાતાવરણમા એના એજ સગાં સંબંધીઓની વચ્ચે મૂકતાં કેટલીય વાર ડૉકટરની સર્વ મહેનત વ્યર્થ જાય છે. ઘણી વાર દર્દીની સાધારણ વિચિત્રતાને સગાં સ્નેહીઓ અત્યંત ગંભીર સ્વરૂપ આપી બેસે છે, સગાં સ્નેહીઓની આ પ્રકારની ભૂલભરેલી માન્યતા દર્દીનો આત્મવિશ્વાસ ધીરે ધીરે ઘટાડે છે, ચિકિત્સા દરમ્યાન દર્દીની સમજાવટ ઉપરાંત ડૉકટરની એ પણ ફરજ છે કે જેની સાથે આખી જીંદગી દર્દીએ કાઢવાની છે તે સગાં સ્નેહીઓને પણ તે યોગ્ય માર્ગદર્શન આપે, કારણ કે કોઇ પણ પ્રકારની માનસ ચિકિત્સાનું આખરી ધ્યેય તો એક જ છે કે દર્દી આખરે સંતોષજનક રીતે સમાજમાં અને કુટુંબમાં યથાસ્થાને ગોઠવાઈ જાય

પોતાની જાતિય અને માનસિક મુંઝવણોનો યોગ્ય નિકાલ લાવી શકવાને અસમર્થ એવી કેટલીક સ્ત્રીઓ મનોદૈહિક બિમારીનો ભોગ થઈ પડે છે. આ પ્રશ્ન ફક્ત વ્યક્તિગત બની નથી રહેતો પણ સમગ્ર કુટુંબને બલ્કે આખા સમાજને સ્પર્શે તેટલો વ્યાપક બની રહે છે. અદરો અંદરની ધુંધવાતી અશાંતિએ કેટલાય ઘરોમાં કલહના કાળા અંધાર ફેલાવી મૂકયા છે, પરસ્પરની અસહિષ્ણુતાઓએ કુટુંબભરમાં વિખવાદના વિષ જન્માવ્યા છે, સ્ત્રીની માનસિક વિકૃતિઓ આખરે છુટાછેડાની કમનશીબી એમને માથે લાદે છે. આ સૌ પ્રશ્નો અને મુંઝવણો આખા સમાજને સ્પર્શે છે, પણ એના મૂળમાં ઉંડા ઉતરીએ તો વ્યકિતગત માનસિક વિટંબણાઓજ મળી આવે છે.

ઉપરાંત મારૂં માનવું છે કે લગભગ દરેક સ્ત્રી જીવનમાં એકાદ વખત પણ આવી માનસિક અને જાતિય સમસ્યાઓનો સરળતાથી ઉકેલ ન લાવી શકવાથી નાસીપાસ બનતાં આખરે મનોદૈહિક અસ્વસ્થતાનો ભોગ થઇ પડતી હોય છે, અને આવી ગંભીર મનોજાતિય અને મનોદૈહિક અવરોધોવાળી સ્ત્રીઓ ભાગ્યે જ તંદુરસ્ત માનસ અને શુભ સંસ્કારવાળું બાળક પેદા કરી શકે છે, તેમજ સમાજને ઉપયોગી નીવડી શકે છે. *

માબાપ સમજીને પૂર્વવિચાર પૂર્વક આચરણ કરે તો અનેક અનિષ્ટોમાંથી બાળકને બચાવી શકાય. બાળકની પ્રાથમિક વૃત્તિઓનું યોગ્ય નિયંત્રણ કરીને તેને સારા સંસ્કારવાળું અને ઉચ્ચ ચારિત્યવાળું બનાવી શકાય.

(૫) રોગની પ્રગતિ :-

મન જેમ કેટલીક વ્યાધીઓ પેદા કરે છે તેમ કેટલાક રોગોને લીધે પણ મન અસર પામે છે, દૃષ્ટાંત :– ક્ષય રોગની જરાક શી અસર એક યુવાન સ્ત્રીના ફેફસામાં જણાય છે. મન અત્યંત આકુળ બને છે, ધૈર્ય ગુમાવી બેસે છે. "મારા નશીબમાં સહન કરવાનું જ લખ્યું છે. આવો રોગ થયો તે મારો જાન લઇને જ છોડશે." આપણો નશીબવાદ ભાગ્યને અન્નજળમાં રાચતી આપણી વિવેક દૃષ્ટિ આપણા પુરૂષાર્થને સદા પાંગળો બનાવી દે છે. રોગીની આ મનઃસ્થિતિ રોગને વધારે બહેકાવી મૂકે છે.

સૌને માનવામાં નહિ આવે પણ આ પ્રકારની માનસિક અવ્યવસ્થાઓ, પતિપત્નિ વચ્ચેનો અસંતોષ કે કુટુંબ કલેશને લીધે અનેક વ્યાધીઓ ઉગ્ર સ્વરૂપ લે છે. જ્યારે માનસિક સ્વસ્થતા હોય તેવાઓને વધુ આગળ વધેલો રોગ હોવા છતાં ઝડપી ફાયદો થાય છે.

દર્દીનું શરીર અને મન બંને રોગના કારણભૂત છે, અને એ બન્ને પ્રત્યે પૂરતું લક્ષ આપવાની દરેક ડૉકટરની ફરજ છે.

બાળકની માફક વિશ્વાસ મેળવીને ગુંચવાતા દર્દીને પ્રોત્સાહન આપીને સમજવાનો પ્રયત્ન કરવો અને આંતરિક અવરોધોને નિવારવાનું કાર્ય સરળ કરવું એજ સારામાં સારો ઉપાય છે. અજ્ઞાત મન પરના આવરણો દૂર કરીને તેના ઉંડાણમાં સંગ્રહાએલા ભંગારને ખસેડવો એજ મુખ્ય કર્તવ્ય છે.

(૬) ઉપસંહાર :-

સ્ત્રીઓના ખાસ રોગોના લક્ષણ તરીકે ગણાઇ ચૂકેલા લક્ષણોની પછવાડે પણ કેટલીક ફક્ત માનસિક કારણો રહેલાં હોય છે. તે વસ્તુનું પ્રતિપાદન કરવા આ લેખમાં પ્રયત્ન છે. આ માનસિક કારણો શરૂઆતમાં જ પારખી શકાય તો ચિકિત્સાનો પ્રશ્ન ઘણો ળ થઇ પડે, તાવ કે ખાંસી જેવા માણસને ત્રાસદાયક થઇ પડે એવા આ લક્ષણો નથી, ને આ માનસ વિકૃતિનો થોડો ઘણો ખ્યાલ કંઇક અંશે દર્દીના રોજબરોજના વર્તનમાં ાં સુક્ષ્મ ફેરફારથી નજીકના સંબંધીઓને જ આવી શકે.

પણ સહેજસાજ એવી માનસિક મુંઝવણને માટે ડૉકટર પાસે દોડયા જવાનું આપણા દેશમાં હજી સ્વાભાવિક નથી. ભણેલા અને સંસ્કારી કુટુંબોમાં પણ – અરે ખુદ ડૉકટરોમાં પણ માનસશાસ્ત્રી પાસે જવાની આળસ અને શરમ ભારોભાર ભરી હોય છે. માનસિક રોગ એટલે કંઇક શરમજનક બિમારી છે, અને તેનો તો કંઇ ઉપાય હોય જ નહી, એવી સાધારણ જનતાની માન્યતા છે. જનતા અને ડૉકટરોને એ સમજવું જોઇએ માનસિક રોગો જો શરૂઆતમાં પરખાય તો તેના નિવારણ માટે આજના તબીબો પાસે પૂરતા ઉપાયો છે. સહેજ પણ માનસિક મુંઝવણ જણાય તો દર્દીએ પોતે ડૉકટર પાસે જવું જોઇએ, અથવા તો દર્દીના વર્તનમાં થતાં ફેરફારની જાણ થયા બાદ તુરત દર્દીને ડૉકટર પાસે લઇ જવો

કાગદી લીંબુનો રસ તોલો ૧ અને ગાયનું દૂધ શેર ના લઈ તેમા સાકર મેળવી કાચના ગ્લાસમાં રાખી થોડું થોડું પીવાથી ઘણી જ તૃપ્તિ થાય છે. ભ્રમ ચકકર, મૂર્છા, અરૂચિ ચોકક્સ મટે છે.

નાકમાંથી રકતસ્રાવ થાય ત્યારે લીંબુનો રસ નાખવાથી રકતસ્રાવ અટકે છે.

મરડા પર લીંબુની અસર સારી થાય છે.

સગર્ભા સ્ત્રીને થતી ઉલટી માટે લીંબુનો રસ એ એક શ્રેષ્ટ ઔષધમાંનું એક છે.

જેને અમ્લતા (*acidity*) હોય તેઓએ લીંબુથી દૂર રહેવું, અથવા મોટા મીઠાં લીંબુનુ સેવન કરવું. કારણ કે લીંબુના લાંબાલચક વર્ણનો વાંચી જનતા ગેરરસ્તે દોરવાઇ જાય છે. અને પછી આયુર્વેદ પરથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય તેમાં નવાઇ શી?

સાંધા ઝલાઈ જઇને જે તાવ આવે છે તેને ટૂટિયો તાવ કહે છે. તેમાં સાંધા તૂટે છે. તે તાવની ખાસ દવા તરીકે માત્ર લીંબુનો રસ અપાય છે. દિવસમાં બે ત્રણ વાર અકેકેક લીંબુનો રસ પાણી સાથે આપવાથી તાત્કાલિક ફાયદો થાય છે.

લીંબુનો રસ, કાંદાનો રસ અને કાળા મરીનું ચૂર્ણ આપવાથી કોલેરામાં ઘણી જ સારી અસર થાય છે.

ગરમીથી જયારે આંખો ઊઠે ત્યારે લીંબુના રસમા સાકર મેસવી તેના ટીપાં નાખવાથી આંખ સાફ થશે. બળતરા વિગેરેમાં રાહત રહેશે. આંખમા રહેજ બળતરા શરૂઆતમાં થશે, પણ પછી ખૂબ ફાયદો થશે.

દહીંના પાણીમાં સરખે ભાગે લીંબુનો રસ મેળવી તેના ચાર ભાગ કરી લેવા. એક દિવસમાં ચાર વાર તે ભાગ લેવાથી જ્ઞાનતંતુઓ સતેજ થાય છે. અજીર્ણ અને મંદાગ્નિ માટે તો આ ઉપાય રામબાણ જ છે.

લીંબુના અનેક પ્રયોગો લખાઇ ચૂકયા છે. બધામાં ઓછે વ-તે અંશે પ્રભાવ તો ખરો જ. પરંતુ પ્રકૃતિનો વિચાર કરી લીંબુના પ્રયોગો વિધિપૂર્વક કરવામાં આવે તો જરૂર ધારેલા ફાયદા થાય છે.

ટૂંકમા, લીંબુ એક ખૂબ જ ઉપયોગી અને સસ્તું ઔષધ છે. ઘરના આદર્શ ઔષધાલયમાં તેની હાજરી અવસ્ય હોવી ઘટે.

લીંબુ

લેખક:
વૈદ્ય વિમલચન્દ્ર વૈષ્ણવ

લીંબુ બહુ પ્રખ્યાત વસ્તુ છે. તેમાં ઘણી જાત આવે છે. લીંબુ, ખાટાલીંબુ, નારંગી, મોસંબી, દોડીંગા, બીજોરાં, કાગદીલીંબુ અને મીઠાલીંબુ એમ અનેક પ્રકાર છે. તેના પાન ગોળ હોય છે. બધા પ્રકારના ઝાડ સરખા થાય છે. અને તે પાનમાંથી લીંબુની સુગંધ આવે છે. લીંબુ જ્યારે કાચું હોય ત્યારે તેની છાલ લીલી હોય છે. અને જ્યારે તે પાકે છે ત્યારે તેની છાલ પીળી થાય છે. લીંબુમાં ખટાશ હોય છે. આપણા નિત્ય વપરાશમાં કાગદી લીંબુ આવે છે. જંબીરી લીંબુ પણ વપરાશમાં ઠીક ઠીક ઘૂસી ગયાં છે. લીંબુનો ઉપયોગ શાકભાજી તેમ જ દવામાં થાય છે. લીંબુના રસની જગ્યાએ દવામાં સાઇટ્રીકએસીડ પણ વપરાય છે. લીંબુના ઝાડના દરેક અંગો જેમકે છાલ, પાન, ફળ વિગેરે દવામાં કામ આવે છે. પાતળી છાલ અને ભરચક રસવાળું લીંબુ સરસ ગણાય છે. તેનું વર્ણન અતિ પ્રાચીન, વૈદ્યક ગ્રન્થોમાંથી મળી આવે છે.

લીંબુ, દીપન, પાચન, તૃષાશામક, રક્તપિત્ત, પ્રતિબંધક, મૂત્રલ, જ્વરઘ્ન અને પિત્તશામક છે. સ્કર્વી (દાંતમાંથી લોહી આવવું) ની રામબાણ દવા તરીકે લીંબુની ખ્યાતિ સારી છે ઉલટી, મોળ, અજીર્ણ, આફરો, અરૂચિ, કોલેરા, આમવાયુ વિગેરે ને તે મટાડે છે. લીંબુની છાલ પેટના વાયુને દૂર કરનાર છે.

લીંબુનો રસ થોડાક ગરમ પાણીમાં ઉમેરી મધ સાથે પીવાથી મેદોવૃદ્ધિ મટે છે.

કાગદી લીંબુનો રસ અને ડુંગરીનો રસ સમભાગે લઇ તેમાં થોડો કપુરનો અર્ક મેળવી આપવાથી કોલેરા મટે છે.

લીંબુના રસમાં જવખાર નાખી મધ સાથે લેવાથી પેટનું શૂળ મટે છે. એક પ્યાલામાં અડધું લીંબુ નીચોવી ગરમ પાણી સાથે પીવાથી યકૃતનો સોજો જરૂર મટે છે. ડોક્ટરોની દવા ઘણીવાર જે કામ કરી શકતી નથી તે આ પ્રયોગ કરે છે.

લીંબુના રસમાં મધ અને સંચળ મેળવી લેવાથી હેડકી દૂર થાય છે.

લીંબુના બીજ અને મોચરસની જડ બંને દૂધમાં પીસી રજસ્વલાવસ્થામાં ચાર દિવસ સેવન કરવાથી ગર્ભાશય શુદ્ધ થઈ જાય છે.

લીંબુના રસમાં સિંધવ મેળવી લેવાથી પથરી થતી નથી.

લીંબુનો રસ તોલા ૫ અને ૧૦ તોલા પાણીમાં સિંધવ મેળવી કોગળા કરવાથી મુખના ભયંકર દરદો નાશ પામે છે. આ પ્રયોગના નિત્ય સેવનથી દંતરોગ જડમૂળથી નાશ પામે છે કેમ કે એના રસમાં કૃમિનો નાશ કરવાની શકિત રહેલ છે.

એક લીંબુના બે ટૂકડા કરી માથા પર ઘસવાથી મસ્તક શૂળ ઓછું થાય છે.

નાવિક લોકોને સફરમાં ઘણા વખત સુધી ફળાહાર નથી મળતો તેમને લીંબુનાં ફળો નિયમિત આપતાં રક્તપિત્ત જેવી બીમારીઓ આવતી અટકે છે.

મુસાફરીમાં લીંબુ સાથે રાખવાથી ઘણી વાર તે કામમાં આવે છે. મધમાખી વિગેરેના ડંખ ઉપર લીંબુ ચોપડી દેવાથી સાધારણ ઝેર તરત ઉતરી જાય છે.

પગના તળીયામાં તથા માથામાં લીંબુની ચીર ઘસવાથી ખરતા વાળ અટકે છે. લીંબુને બાળવાથી હવાશુદ્ધિ થાય છે.

થવાથી સુધરતો હતો અને નાળીએરની ચોટલીની ધુમાડી જતાં બેજ મિનિટમાં હેડકી અટકી ગઈ. બે મિનિટ, ત્રણ મિનિટ, ચાર મિનિટ, હેડકી ન આવી. શુદ્ધિપૂર્વક દરદી આંખો બધાની સામે ફેરવતા હતા. મેં પૂછ્યું "કેમ છે ભાઇ ?"

દરદીએ જવાબ આપ્યો: "સારૂં લાગે છે.'

પરિચારકો–ઘરઘરના કુટુંબના માણસ પ્રસન્ન થઈ ગયા. મેં સાવધાન બનાવ્યા. હજુ વ્યાધિ મટયો નથી. માત્ર અટકયો છે. દરદીને થોડીક પણ રાહત મળે એ લાભમાં સમજો. હેડકીને પંદર મિનિટ થઈ હશે ત્યાં બીજી વાછુટ થઇ તેની સાથે દરદીને ઝાડાની હાજત થતાં મળશુદ્ધિ માટે બેસાડતાં સુકો ગંઠાઈ ગયેલો બે ગાંઠો મળ નીકળ્યો. પથારીમાં સુવાડયા. થોડું ઉકાળેલું પાણી આપ્યું. બીજી પાંચેક મિનિટ થતાં હેડકી શરૂ થઈ ગઈ અને ઘરના મુંઝાયા.

બધાને સમજાવી લેપ પેટ ઉપર ફરી કરાવ્યો. બીજા ત્રણ કલાક પુરા થતાં બન્ને જાતનાં પડીકાં આપવાનું કહ્યું, અને ફરી ફરી હેડકી ઉપડે ત્યારે ચલમ આપવાનું કહી રાત્રે હું નવ વાગે ઘેર ગયો. રાતના બાર વાગે માણસ આવ્યો અને કહ્યું બે વખત હેડકી ઉપડી હતી. નાળીએરની ચોટલીની ચલમ પીવાથી બંધ થઈ જાય છે. અરધો કલાક બંધ રહીને ઉપડે છે.

મેં પુછ્યું 'અત્યારે કેમ છે?'

માણસ કહે ચલમ પાઈ છે. સુતા છે અને આંખ મીંચાય છે. અડધો કલાકથી સારી રીતે ઉંઘે છે, મેં કહ્યું 'દરદી હવે ૭૫ ટકા બચી ગયા છે, એમ સમજો. કશી ભૂલ કરશો નહિ. હું સવારે આવીશ.'

સવારે ગયો. દરદી શુદ્ધિમાં અને સ્વસ્થ હતો. ચાર વાગે એક હુમલો થયા પછી હેડકી બંધ થઇ હતી. જેથી માણેક રસ બંધ કરીને બાકીના પડીકાં ચાલુ રાખ્યાં, મગના ઓસામણ સિવાય ત્રણ દિવસ કશું આપ્યું નહિ ચોથે દિવસે બાજરી મગને ભરડાવી જાવણું આપ્યું. પંદર દિવસ દરદી સંપૂર્ણ હેડકીથી મુકત થઇ ગયા બીજો એક મહિનો એમની જઠરાગ્નિને બળવાન બનાવવા વાયુને સન્માર્ગે રાખવા અભ્રક, પીપર, સુવર્ણ વસંતમાલતી, અને સૂતશેખર આપ્યાં, જેથી સંપૂર્ણ રોગ મુકત થાય.

માણેકરસ, શુદ્ધ હરતાલને વાટી નાંખી, બારીક સફેદ અભ્રકનાં બે પતરાં વચ્ચે કણેકની વાડ કરી, કોલસા ઉપર રાખવાથી હરતાલનો રંગ બદલાઈ માણેક જેવો બની જાય છે. જેને માણેકરસ કહેવાય છે. ઘણું પ્રભાવશાળી અને શકિતમાન ઔષધ છે. બીજી દવાઓ જાણીતી છે અને આયુર્વેદિક બનાવટોની છે.

અસાધ્ય વ્યાધિ વખતે ધીરજથી નિદાન કરી દુષ્ય દોષોને સમજી ચિકિત્સા કરવામાં આવે અને દરદીના પ્રાણની રક્ષા થાય તો એક સદવૈદ્યને માટે એનાથી બીજો અધિક કોઇ આનંદ નથી હોતો. (ભિષગ્ભારતી)

રુગ્ણ ચિકિત્સા

શ્રી બાપાલાલ ગ. વૈદ્ય.
સંપાદક : "ભિષગ્ભારતી"

હેડકીની દવા

પ્રથમ બધા જ જુના ઉપચારો બરફ, મોસંબી પાણી અને દવા બંધ કરાવ્યાં. પાણી ચાર રતલ ચૂલા ઉપર મૂકાવી અરધું બળી જતાં ઠંડુ કરી ત્રાંબાના વાસણમાં રાખી એ આપવાનું શરૂ કરાવ્યું અને પેટ ઉપર એક લેપ કરાવીને ચોપડાવ્યો.

પીંપર, ગજ પીપર, મરી, સિંધવ, ડીકામાળી, અજમો, વાયવરણાની છાલ અને ઉંદરની લીંડી. સરખા વજને ખાંડી ચૂર્ણ બનાવી ગાયના મૂત્રમાં લસોટી, ગરમ કરી, કાળજાથી માંડી ઉદર ઉપર ચોપડી દીધો.

દવામાં – માણેક રસ, ૨ રતીનું પડીકું એક ત્રણ ત્રણ કલાકે એક તોલો કોલાપુરી ગોળનું પાણી કરી તેની સાથે આપવા માટે આપ્યું. સવારે ૧૦ વાગે ચિકિત્સા શરૂ કરી.

હું ઘેર ગયો. બીજું પડીકું એક વાગે આપવામાં આવ્યું અને ચાર વાગે માણસ બોલાવવા આવ્યો. ચાલોને, વૈદ્યરાજ હજુ કશો ફેર નથી અને તબીયત તો બગડતી ચાલી છે. મેં જઇને જોયું દરદીની હાલત જેની તે હતી. બલ્કે વ્યાકુળતા વધી હતી. પેટમાં બેચેનીનો પાર નહોતો. ત્રણ ત્રણ ડચકાં ખાઈને હેડકી આવતી હતી.

જઈને માણેક રસનું ગોળમાં પડીકું આપ્યું. આપ્યા પછી અડધા કલાક રહીને બીજું એક પડીકું મધમાં નીચે પ્રમાણે ચટાડયું.

મોર પીંછની ભસ્મ રતી ૨
કપુર કાચલીનું ચૂર્ણ રતી ૨
અગ્નિ કુમાર રસ રતી ૧
ચોસઠ પહોરી પીપર રતી ૨

એક પડીકામાં મેળવી જરા મધ મૂકી દરદીનું મોઢું ફડાવીને જીભ ઉપર ધીમે ધીમે ચોપડી દીધી, જે દવા થુંક સાથે મળીને ઉદરમાં ચાલી ગઈ. પાંચ વાગે ફરી માણસ બોલાવા આવ્યો. હેડકી તો ચાલુ છે પણ પેટમાં ઘણું વીતવાની બૂમો પાડે છે.

હું ગયો. દરદી વ્યાકુળ હતો, પેટમાં વાયુ તોફાને ચઢયો હતો. આકળ વિકળ થયા કરતો હતો. જેથી ગરમ પાણીની થેલી પેટ ઉપર રાખવામાં આવી. બીજો અરધો કલાકની અકળામણ પછી દરદીને એક જોરની વાછુટ થઇ અને હાશ કરીને એમણે સુખ પૂર્વક આંખ ઉઘાડી. પેટનું દર્દ તો નરમ થયું હતું. તેની સાથે અપાનવાયુ સ્થાનભ્રષ્ટ થઇ ઉપર જઈ સમાન વાયુને જે તકલીફ આપતો હતો તે બંધ થઇ અપાનને નીચે જવાનો જે ધર્મ છે તે તેણે આઠ દિવસમાં પ્રથમ બજાવ્યો.

દરદીને બેઠા કરીને તકીઓ મૂકી બેસાડયાં. હેડકી ચાલુ હતી છતાં કાંઇક સ્વસ્થતા હતી. બેસી ગયેલી નાડીનો વેગ વધ્યો હતો. દવાએ કામ પોતાનું શરૂ કર્યું હતું.

પ્રથમ માણેક રસનું પડીકું ૧૦ તોલા ગોળમાં પાણી સાથે આપ્યું. અરધો કલાક રહીને મોર પીંછ વાળી દવા ચટાડી અને એક કોરી ચલમ મંગાવી તેમાં નાળીએરની ચોટલી ભરી ઉપરથી સળગાવી દરદીને દમ મારવા તમાકુની ચલમ પીએ છે એ પ્રમાણે ધુમાડો ગળામાં જવા દેવા સમજાવ્યું.

અને એમણે જોરથી દમ માર્યો. દશ વાગ્યાથી શરૂ થયેલી ચિકિત્સાએ અપાનને સુધારી અપાન વાયુને સમમાર્ગે પ્રથમ કર્યો હતો. સમાન અપાનનાં દબાણથી મુક્ત

(૩) પં. નહેરૂનો જીવનક્રમ

ભારત વર્ષના પ્રધાન પં. જવાહરલાલજી નેહેરૂ ૧૩ મી નવેમ્બરે ૬૬ વર્ષ પૂર્ણ થયા અને ૧૪ મી નવેમ્બરથી એમને ૬૭ મું વર્ષ શરૂ થયેલ છે. આ દરમ્યાન તેઓ ૯ વખત જેલમાં જઇ આવ્યા છે. અને પુષ્કળ પ્રવાસ કર્યો છે. તે છતાં તેઓ આજે એવાજ તરૂણ છે. તેમણે પોતે તબિયત વિષે લખ્યું છે

'તબિયતની બાબતમાં હું નસીબદાર ગણાઉં. મહાસભાની પ્રવૃત્તિની તાણ તથા જીવનની અનિયમિતતા છતાં મારૂં શરીર ઠીક હતું. મને લાગે છે કે આનું એક કારણ મને વારસામાં સારૂં શરીર મળ્યું તે છે. બીજું કારણ એ છે કે હું શરીરની ઠીક સંભાળ લઉં છું. **માંદગી, નબળી તબીયત અથવા તો જાડાપણું એ મને શરમ ભરેલી વસ્તુઓ લાગે છે.** એટલે કસરત ખુલ્લી હવા અને સાદા ખોરાકથી એ વસ્તુઓને મેં પ્રયત્ન પૂર્વક દૂર રાખી છે. મારો પોતાનો એવો અનુભવ છે કે હિંદુસ્તાનમાં મધ્યમ વર્ગના લોકોના મોટા ભાગના દર્દો ખોટી રીતના ખોરાકને કારણે નીપજે છે. એ લોકો વધુ પ્રમાણમા અને બહુ ભારે ખોરાક ખાય છે. (અલબત્ત જે લોકોને આવો દુર્વ્યય કરવાની ટેવો રાખવી પોષાય તેમની જ આ વાત છે.) હેતઘેલી મા, પોતાના બાળકને મીઠાઈ તથા જેવી બીજી વસ્તુઓ વધારે પડતી ખવડાવીને આજીવન અજીર્ણનો મજબુત પાયો નાખે છે. વળી બાળકોને ખૂબ કપડાંથી વીટાળવામાં આવે છે.

ખાવાની બાબતમાં અનેક પ્રયોગો કરવાની ચીકાશ મે રાખી નથી. ભારે પદાર્થો તથા ભોજનમાં અતિ ક્રાંતિ એ બે વાતથી હું દૂર રહ્યો છું.

બધા કાશ્મિરી બ્રાહ્મણની માફક અમારૂં કુટુંબ માંસાહારી હતું, એટલે બાળપણથી હું માંસ ખાતો આવેલો; જો કે મને તેનો શોખ કદી નહોતો. ૧૯૨૦ માં અસહકાર આવ્યો ત્યારે મેં માંસ છોડી દીધું, અને હું નિરામિષાહારી બન્યો. યુરોપમાં જવાનું થયું ત્યારે ત્યાં માંસ શરૂ કર્યું, પણ પછીથી ઘણોખરો નિરામિષાહારી રહ્યો છું. માંસાહાર મને ઠીક માફક આવે છે, પરંતુ હવે મને તેનો અણગમો થયો છે, અને હવે એમાં જડતાની લાગણી અનુભવાય છે.

મારી માંદગીના આળામાં મુખ્યત્વે ૧૯૩૨ માં જ્યારે ઘણા મહિના સુધી મને તાવ ચઢતો ત્યારે હું બહુ અકળાતો. સુંદર તબીયતના મારા અભિમાનને તેથી આઘાત પહોંચતો. જીવનનો જે ઉભરાતો ઉલ્લાસ અને શકિત પહેલા હું અનુભવતો તેમાં પહેલી જ વાર અંતરાય પડયો, હવે શરીર ધીમે ધીમે ઘસાશે અને નરમ પડશે એવો હાઉ મારી સામે ઊભો થયો, અને તે મને ભયભીત કરવા લાગ્યો. મને નથી લાગતું કે મોતથી હું ખાસ ડરૂં છુ પરંતુ ધીમે ધીમે મન અને શરીર ક્ષીણ થતાં જાય એ જુદી જ વસ્તુ છે, પરંતુ હું વધારે પડતો બીતો હતો એમ સિદ્ધ થયું. મારી માંદગીને હું ખંખેરી નાખી શકયો અને શરીર બરાબર કાબુમાં આવ્યું. શિયાળામાં લાંબા વખત સુધી સૂર્યસ્નાન કરવાને લીધે મારી તબીયત ઘણી સુધરી ગઈ. મારા સાથીઓ ડગલા પહેરીને અને શાલો વીંટાળીને પણ ઠુંઠવાતા હોય ત્યારે હું ઉઘાડો થઈને તડકામા બેસતો અને સૂર્યકિરણોના હુંફાળા આલિંગનનો આનંદ માણતો.

કસરતમાં ખાસ મને મજા પડતી—શીર્ષાસનમા. મને લાગે છે કે શરીરને માટે આ કસરત ઘણી સારી છે. તેની મારા માનસ ઉપર જે અસર થતી તેથી પણ મને આ કસરત ગમતી.

વર્તમાનના વહેણ

(૧) શુદ્ધાયુર્વેદિક પરીક્ષાના પરિણામો

મુંબઇ સરકાર તરફથી લેવાયલ "આયુર્વેદ પ્રવીણ" પરીક્ષાની ૧।। વર્ષને અંતે લેવાતી પરીક્ષાના પરિણામો પ્રગટ થયાં છે. એકંદરે ૬૦ ટકા પરિણામ આવ્યું છે. ૧૩૭ વિદ્યાર્થીઓમાંથી ૮૧ પાસ થયા છે. પરીક્ષા કેન્દ્ર બેલગામ, સુરત અને મુંબઈ ૩ ઠેકાણે હતા. ૭ વિદ્યાલય અને ૨૧ માન્ય ગુરૂઓના વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. એક બાબત અભિનંદન પાત્ર છે કે નાસિકના શુદ્ધ આયુર્વેદ વિદ્યાલયના સાત વિદ્યાર્થીઓમાં સાતેય સાત ઉત્તીર્ણ થયા છે. પરિણામ નીચે મુજબ છે.

બેલગાંવ કેન્દ્ર: ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨. ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૩૩, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૪૯, ૫૨.

મુંબઇ કેન્દ્ર: ૫૩. ૫૫. ૫૬. ૫૮. ૫૯. ૬૦, ૬૧, ૬૨, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૭૦, ૭૨, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૮૦, ૮૩, ૮૪, ૮૭, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૪, ૯૫, ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૫, ૧૦૯, ૧૧૨, ૧૧૩, ૧૧૭, ૧૨૩, ૧૨૪, ૧૨૫.

સુરત કેન્દ્ર: ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨ ૧૪૦.

ઉપરના તમામ ઉતીર્ણ વિદ્યાર્થીઓને "આરોગ્ય સિન્ધુ" અભિનંદે છે.

(૨) પંડિત શિવશર્માનો ઉત્તર

એક પરિપત્ર દ્વારા વૈ. શિવશર્માએ જાહેર નિવેદન પ્રગટ કર્યું છે. "તેમની કાર્યપદ્ધતિને અનુલક્ષી આયુર્વેદ અને આયુર્વેદ મહાસમ્મેલનને પુષ્કળ હાનિ થઈ છે." એવી મતલબના લેખો એકાદ બે વૈદ્યક માસિકોમાં પ્રગટ થયા છે. પં. શિવશર્મા જણાવે છે: "નિમ્ન કારણોથી હું ઉત્તર લખી નહીં શકું"

(૧) જે સમય આ લેખોના ઉત્તર આપવામાં વ્યતિત થાય તે અન્ય આવશ્યક કાર્યમાં બગાડવાનું વધુ ઉપયુક્ત ગણાશે.

(૨) હું સમજું છું કે ઉત્તર આપવાથી એ લેખકોને એવું મહત્વપ્રાપ્ત થશે કે જે તેમને પ્રાપ્ય નથી અને આગળ ઉપર પ્રાપ્તિની સંભવના નથી.

(૩) જો કોઇ શ્વેત વસ્ત્ર પહેરીને નીકળે અને તેના પર કોઇ કાદવ ફેંકે તો એવી વ્યકિત કઈ સામા માણસ પર કાદવ ફેંકે ન નહિ તો એના વસ્ત્રો ત્યાજ ધોવા બેસે એ તો કપડાં ધોનારને સોંપી દે છે. આ મલિન લેખો દ્વારા કીર્તિ કળશ પર ફેંકે કર્દમને દૂર કરવાનો પ્રબંધ છે: ન્યાયાલ (કોર્ટ)

(૪) અમારા સદસ્ય બંધુ બે પ્રકારના એક તો સત્ય જાણવા ઝંખે છે. જ્યારે બીજ લોકો તમાશો જોવા ઇચ્છે છે. ન્યાયાલ બન્નેની ઇચ્છાપૂર્તિ કરે છે. ત્યાં સત્યન નિર્ણય નિશ્ચયાત્મક થાય છે. અને આપણ તમાશબીન મહારથિયોને તમાસો જોવ મળે છે.

(૫) વ્યકિતગત રૂપથી ન્યાયાલયને શરણે જવું કોઇ સંસ્થાને અદાલતમાં ઘસેડવા તુલ્ય અપરાધ નથી.

એટલા માટે મેં તે પત્ર મારા એડવોકેટને સોંપી દીધા છે. તેઓ આ લેખકોને ન્યાયાધીશની સામે પોતાનો અભિયોગ સિદ્ધ કરવાનો પૂર્ણ અવસર આપશે. સાથે એ સગવડ પણ મળશે કે જે સામગ્રી પ્રાપ્ત થઈ શકે છે અને પ્રમાણ માટે મંગાવાઇ શકે તે મંગાવાશે લેખક એવી ફરિયાદ પણ નહીં કરી શકે કે એમને કાર્યાલયે યોગ્ય તક આપી નહિ. તે સિવાય કોર્ટનો નિર્ણય ઝઘડાને સમાપ્ત કરી દે છે. પત્રોમાં કયારે પણ ઉત્તરો સમાપ્ત નથી થતા. અને ન તો કોઇ એવો નિર્ણય થાય છે કે જેને નિશ્ચયાત્મક કરી શકાય.

આશા છે કે આ પત્ર બધા ભાઈઓ માટે (જેમાં હું લેખકોને પણ ગણું છું.) સંતોષજનક સિદ્ધ થશે.

૬-૧૧-૫૫

શિવશર્મા.

અંદરની સજાવટ કુમાર શ્રી મંગલસિંહજીએ દોરેલાં બેનમુન ચિત્રો જોઇને તેઓ ખુશ ખુશ થઇ ગયા હતા. અને આવો સુંદર હોલ બંધાવવા માટે મહારાણી સાહેબને અભિનંદન આપ્યા હતા. એ પછી તેમણે પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સ માટે નકકી કરેલો કોલેજનો ભાગ અને કોલેજ માટે વપરાતો ભાગ નીરખ્યો હતો. કોલેજના એક એક ખંડ વિગતથી તપાસ્યા હતા.

ત્યાંથી તેઓ મધ્યસ્થ આયુર્વેદિક રીસર્ચ ઇન્સ્ટીટયુટમાં ગયા હતા. ત્યાં ડૉ સી. જી. પંડિત જેઓ કાઉન્સીલ ઓફ ઇન્ડિયન મેડીકલ રીસર્ચના સેક્રટરી છે અને ડો. પી. એમ. મહેતા જેઓ રીસર્ચ ઇન્સ્ટીટયુટના ડાયરેકટર છે તેમણે આયુર્વેદનું સંશોધન કઇ રીતે અને કઇ કઇ બાબતો પરત્વે ચાલે છે તે વિગતથી સમજાવ્યું હતું. અહીંનું કામ જોઇને તેઓ એટલા ખુશ થઇ ગયા કે તેમણે પોતાની મુલાકાત અંગે સરસ નોંધ લખી. જેથી પહેલીજ વખતે આયુર્વેદ અંગેના એમના વિચારો શું છે તેની સ્પષ્ટતા મળી શકી.

ત્યાથી તેઓ આયુર્વેદ સંગ્રહસ્થાન અને લાયબ્રેરી જોવા આવ્યા. અહીં આયુર્વેદના હસ્તલિખિત અને અપ્રાપ્ય ગ્રંથો હતા. આયુર્વેદનાં રહસ્યો સરળતાથી સમજાય તેવા નકશાઓ હતા. વનસ્પતિઓના નમુના હતા. ઉપરાંત સોસાયટીએ આયુર્વેદીય શબ્દકોષ રચવા માટે એકઠા કરેલા શબ્દો તેમજ ફાર્માકોપીઆ તૈયાર કરવા માટે એકઠા કરેલા ઔષધ-યોગોનો સંગ્રહ ધ્યાન ખેંચે એવો હતો. સોસાયટીએ જે ચરક સંહિતાનું પ્રકાશન કર્યું છે તેનો ૭ ગ્રંથોનો સેટ પંડિતજીને અર્પણ કરવામાં આવ્યો હતો. જે તેમણે સહર્ષ સ્વીકાર્યો હતો.

પં. નેહરુનો અભિપ્રાય

આ રીસર્ચ ઇન્ટીટયુટમાં ચાલતી પ્રવૃત્તિ ખરેખર મુગ્ધ કરે એવી છે. હું એને સફળતા ઇચ્છું છું. આધુનિક ચિકિત્સા પદ્ધતિ અને આયુર્વેદ વચ્ચે જે સંઘર્ષ હોવાનું કહેવાય છે તેનો અભ્યાસ કરીને ઉકેલ લાવવો જ જોઇએ. આનો સાચો ઉપાય વૈજ્ઞાનિક દષ્ટિકોણથી એટલે કે પ્રયોગ, પરીક્ષા, નિષ્ફળતા, ફરી પ્રયોગ એ રીતે કરવામા આવેલો અભ્યાસજ છે કોઇ પણ ચિકિત્સા પદ્ધતિ વૈજ્ઞાનિક રીતે ઉપયોગમાં લેવામાં આવે તોજ તે ઉપયોગી થઇ શકે છે. આ રીતે અભ્યાસ કરવામા આવે તો આ બધી પદ્ધતિઓ પરસ્પર વિરોધી નહિ રહેતાં એક જ વૈજ્ઞાનિક દૃષ્ટિ બિંદુના જુદાં જુદાં પાસાં જ રહેશે.

આંખ મીંચીને કશુંએ માની લેવું નહિ જોઇએ, દરેક બાબતની કસોટી કરીને એને સાબીત કરવી જોઇએ એમ કરવામાં આવે તો તે બાબત પોતે જ વૈજ્ઞાનિક ચિકિત્સા પદ્ધતિનો ભાગ બની જાય છે. પછી એ બાબત જુની હોય કે નવી.

તા : ૨–૧૧–૫૫ સહી :

જવાહરલાલ નેહરૂ
ઇંદીરા ગાંધી

મારા મિતાચાર અને આરોગ્યનો પુરાવો મને એ લાગે છે કે સખત માથું દુઃખવું એટલે શું એ મેં હજી સુધી જાણ્યું નથી તેમ અનિદ્રાથી હું કદી હેરાન થયો નથી. સુધારાના આ બે સામાન્ય રોગોથી હું મુક્ત રહ્યો છું. તેમજ વાંચવા લખવાનું પુષ્કળ અને ઘણીવાર જેલના ઝાંખા દીવા આગળ કરવા છતાં મારી આંખો પણ સારી રહી છે. આંખના એક ખાસ દાક્તરને મારી સારી આંખો જોઈ આશ્ચર્ય થયું હતું. આઠ વર્ષ ઉપર તેણે કહેલું કે એક બે વરસમાં મારે ચશ્માં લેવા પડશે. પણ એ તેની ભુલ નીવડી. અને આજે પણ મારે ચશ્માની જરૂર નથી પડી. આ ઉપરથી મિતાચારી અને વિવેકી તરીકેની મારી શાખ ઠીક પડી શકે છે.

જ્યારે એ લખનૌ ડિસ્ટ્રીક્ટ જેલમાં હતા ત્યાંનો કાર્યક્રમ જણાવતાં લખે છે –

'કામ અને કસરતનો નિયમિત કાર્યક્રમ અમે બાંધી દીધો હતો. કસરતને માટે અમે વાડાની દીવાલની લગોલગ દોડતા અનેક ચક્કર લેતા, અથવા બબ્બે જણ બળદની જેમ જોડાઈ અમારા વાડામાંના કુવાનો મોટો કોસ ખેંચતા. નાનકડી સરખી એક શાકભાજીની વાડી કરી હતી તેને પાણી પાતા.'

(૪) સૌરાષ્ટ્રમાં ફાર્મસી

સૌરાષ્ટ્રમાં બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન એક આયુર્વેદિક ફાર્મસી સ્થાપવાની છે તથા દોઢ હજાર વધુ ગામોમાં દવાની પેટીઓ પુરી પાડશે, એમ આયુર્વેદ નિયામક શ્રી વાસુદેવ દ્વિવેદીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે દવાની પેટીઓ વાપરનારને તાલીમ અપાય છે. પણ તમામને તાલીમ આપવાનું આપણું નિશાન છે. ઓકટોબરમાં એક તાલીમવર્ગ પુરો થયો. તેમાં ૮૫ જણાને તાલીમ અપાઇ હતી. ૧૯ મી નવેમ્બરથી બીજો તાલીમવર્ગ જુનાગઢ ખાતે શરૂ થયો. તેમાં ૮૦ ને તાલીમ અપાશે.

હાલ સૌરાષ્ટ્રમાં ૧૭૫ જેટલાં આયુર્વેદ દવાખાનાં પણ ચાલે છે, અને હજી વધુ ખોલવામાં આવનાર છે.

અત્યારે રાજ્યમાં ૧૦૦૦ જેટલી આયુર્વેદ ઔષધ પેટીઓનો હજારો લોકો લાભ લે છે.

તેમણે જણાવ્યું હતું કે છેલ્લાં પાંચ વર્ષમાં પચ્ચીસ લાખથી વધુ લોકોએ આ ઔષધ પેટીઓનો લાભ લીધો છે. રોજ-બ-રોજ ઔષધ પેટીઓનો લાભ લેનારાઓની સંખ્યા વધતી જાય છે. ૧૯૫૧-૫૨ માં ૧ લાખ ૫૫ હજાર લોકોએ આ પેટીનો લાભ લીધો હતો.

તેમણે તો એવી પણ અભિલાષા વ્યક્ત કરી હતી કે સારાયે સૌરાષ્ટ્રની ચાલીસ લાખની જનતા તંદુરત રહે, પણ જો જરૂર પડે તો આ ઔષધનો લાભ લઇ શકે, એવી મારી અભિલાષા છે.

(૫) જામનગરમાં નેહરુ

પંડિત જવાહરલાલ નેહરૂ તા. ૨૭ નવેમ્બરે જામનગરમાં શ્રી ગુલાબ કુંવરબા આયુર્વેદિક સોસાયટીની મુલાકાતે પધાર્યા હતા. તેમની સાથે શ્રી ઇંદિરા ગાંધી, શ્રી બળવંતરાય મહેતા, શ્રી મોરારજી દેસાઇ, શ્રી મણીબેન પટેલ, ના. રાજપ્રમુખશ્રી અને શ્રી રસિકલાલ પરીખ હતાં.

સોસાયટી તરફથી ચાલતી કોલેજના વિશાળ મકાનના મધ્ય ખંડના દરવાજે સોસાયટીના પ્રમુખ મહારાણી શ્રી ગુલાબ કુંવરબાએ અને સોસાયટીના કાર્યાધ્યક્ષ શ્રી ઢેબરભાઈએ તેમને ફુલહારથી સત્કાર્યા હતા

ત્યાર પછી થીએટર તરીકે ઓળખાતા ભવ્ય મધ્ય ખંડ જોવા તેઓ ગયા હતા


આયુર્વેદિક દવા
સ્પેશિયલ નં. ૧
રામતીર્થ
બ્રાહ્મી તેલ
શ્રી રામતીર્થ યોગાશ્રમ દાદર, મુંબઈ ૧૪

જરૂરી નિવેદન

(ગ્રાહકો ધ્યાન દઈને વાંચે)

આ અંક સાથે 'આરોગ્ય સિન્ધુ' પોતાનું ૩૩ મું વર્ષ પૂરું કરે છે. અને આવતા અંકથી ૩૪ માં વર્ષમાં પ્રવેશશે, વૈદ્યકીય સમાચારો, લેખો, અનુભૂત ઉપાયો, પ્રિસ્ક્રીપશનો, નોંધો સંપાદકીય લેખ, વગેરે સાહિત્ય બરોબર આવતું રહ્યું છે. ઉત્તરોત્તર આ માસિકને વધુ વૈદ્યકીય લેખો અને સાહિત્ય દ્વારા સભર બનાવવાનો અમારો મનોરથ છે.

ભેટનું પુસ્તક

આવતા વર્ષ માટે **ભેટનું પુસ્તક તૈયાર છે.** અને તે આયુર્વેદીય વ્યાધિ વિજ્ઞાન ભાગ ૪ થો છે. અગાઉ ત્રણ ભાગમાં મળી ૩૩૪ પૃષ્ઠ અપાયાં હતા. આ ભાગમાં ૩૩૪ થી ૪૭૪ પૃષ્ઠ અપાયાં છે એટલે ૧૪૦+૮=૧૪૮ પૃષ્ઠના રૂા. ૨ ના મુલ્યવાળું પુસ્તક આ વર્ષે ગ્રાહકોને અપાશે. તેમાં નિદાન ચિકિત્સાના વિષયમાં બાકીના દરદો, કારણ, લક્ષણ અને ચિકિત્સા સાથે પૂરાં કરી દીધાં છે. ઉપરાંત વધારામાં કાન, આંખ, નાક, માથું અને મોઢાનાં દરદો ચિકિત્સા સહિત આપ્યાં છે. આવતા વર્ષ માટે રૂા. ચારના લવાજમમાં લગભગ ૧૫૦ પાનાનું રૂા. ૨ વાળું પુસ્તક અને ૨૮ પાનાના ૧૨ અંકો મળી ૩૩૬ પાનાનું બીજું વાચન મળી કુલ્લે ૪૮૬ પાના અપાશે. મોંઘવારી વધે છે, કાગળના ભાવો લગભગ બમણા થઈ ગયા છે, છતાં લવાજમ વધાર્યું નથી.

નવી યોજના

અત્યારે 'આરોગ્ય સિંધુ'માં જે પ્રયોગો, અનુભૂત ચિકિત્સા—પ્રિસ્ક્રીપશનો અપાય છે તેમાં ધીમે ધીમે વધારો કરવાની યોજના આવતા અંકથી અમલમાં આવશે. ચાલુ વર્ષમાં શ્રી વૈદ્ય પ્રભુભાઇ ભક્તની નવી લેખમાળા "પ્રતિસૂતંત્ર" જે આયુર્વેદ અને એલોપથીની દૃષ્ટિએ લખાય છે તે ખૂબ જ લોકપ્રિય બનેલ છે. ઉપરાંત 'ત્રિદોષ પરિચય'ના લેખો પણ ઉપયોગી બન્યા છે. શ્રી જટુભાઈ વૈદ્યનો સહકાર પણ મળ્યો છે એટલે દર અંકે એક વનસ્પતિનો પરિચય, અનુભવની યાદી, અનુભુત પ્રયોગો, પ્રિસ્ક્રીપશનો, તાજા વૈદ્યકીય સમાચારો અને સારગર્ભીત મૌલિક લેખો ઉપરાત અન્ય વૈદ્યક પત્રોમાંથી પણ ઉપયોગી લેખો આપવાની અમારી નીતિ ચાલુ રહીજ છે. આવતા વર્ષે થોડાંક પૃષ્ઠો ઉમેરી "સ્ત્રી બાલરોગ વિશેષાંક" જેમાં ૧૦૦ સચોટ પ્રયોગો હશે તે માર્ચમાં પ્રગટ કરવાની વ્યવસ્થા કરી છે.

સૂચનો મોકલો

'આરોગ્ય સિન્ધુ' આપ નિયમિત વાંચો છો. એમાં આપને શું ગમે છે, શું નથી ગમતું ? કયા વિભાગને વધુ સમૃદ્ધ બનાવવાની જરૂર છે? કયો નવો વિભાગ ઉમેરવો જોઈએ, વગેરે બાબત પર આપના મૂલ્યવંતા સૂચનો મોકલી આપો તો 'આરોગ્ય સિંધુ'ને વધુ સમૃદ્ધ બનાવવાના અમારા મનોરથો પરિપૂર્ણ થશે.

નવાં લવાજમો

સ્થાનિક ગ્રાહકો મુંબઈ, સુરત અને અમદાવાદ ખાતે લવાજમો ભરી ભેટ પુસ્તક મેળવી લ્યે. નવો અંક જાન્યુઆરીની પ્રથમ તારીખે પ્રગટ થશે. બહાર ગામના ગ્રાહકો માટે ઉત્તમ માર્ગ મનીઓર્ડર કરવાનો છે. જેમના લવાજમ આવતાં જશે તેમને ભેટ પુસ્તક અંદર પોસ્ટલ સર્ટિફિકેટ મોકલી અપાશે. જાન્યુઆરીના **અંત સુધી** જેમના લવાજમ નહી મળે તેમને પુસ્તક વી. પી. થી રવાના કરવામાં આવશે. વી. પી. થી મોકલતાં ૧૦ આના ખર્ચ વધુ લાગે છે. જેમણે આ વધુ ૧૦ આનાનો ખર્ચ ન ભોગવવો હોય તેઓ મનીઓર્ડર કરી આપે. અને જે ગ્રાહકબંધુને નવા વર્ષમાં પત્ર ચાલુ ન રાખવું હોય તે પોસ્ટ કાર્ડ દ્વારા અમને સૂચન કરી દે. અન્યથા અમને વી. પી. દ્વારા નુકશાન થશે.

આશા છે કે ગ્રાહકો, આ નિવેદન સમજી યોગ્ય સહકાર આપશે. :સંચાલક

અનુભૂત પ્રિસ્ક્રીપશનો

આમવાત

સુવર્ણ ભસ્મ રતી ૩
મહાયોગરાજ ગુગળ રતી ૨૪
ચંદ્રોદય રતી ૬

આ બધાને મેળવી બારીક ઘૂંટી તેના ૧૨ પડીકા કરવાં. સવાર સાંજ અકેકું પડીકું મધમાં ચટાડી ઉપર નીચેનું અનુપાન આપવું.

મહારાસ્નાદિ ક્વાથ તો. ૭॥
પુનર્નવાદિ ક્વાથ તો. ૭॥

બન્ને કવાથ મેળવી તેના ૬ પડીકાં કરવાં ૨॥ તોલાના એક ભૂકામાં ૪૦ તોલા પાણી નાખી ઉકાળી ૧૦ તોલા શેષ રહે ગાળી તેના ૨ ભાગ કરી અકેક ભાગ ઉપરનું પડીકું મધમાં ચટાડયા બાદ આપવુ.

આમવાતમાં હૃદય વિકૃત હોય ત્યારે

ચતુર્મુખરસ રતી ૧૨
રેટ્રુમૂલનુ (શ્યોનાક) ચૂર્ણ રતી ૪૮

મેળવી તેના ૬ પડીકાં સવાર સાંજ અકેકું પડીકું મધમાં ચટાડી આપવુ

અર્જુન છાલનું ચૂર્ણ તો. ૦॥
દૂધ તો. ૧૦
પાણી તો. ૧૦

મેળવી ઉકાળી માત્ર દૂધ રહે બાકી ગાળીને ઉપર આપવું. આ દૂધમાં એલચી સાકર નાખી મેળવી આપી શકાય.

અતિસાર

(૧) કર્પૂરરસ રતી ૪
બિલ્વાદિચૂર્ણ રતી ૨૪
રસપર્પટી રતી ૬

મેળવીને ચાર પડીકાં કરવાં. અકેક પડીકું છાશ, બિલાનો મુરબ્બો, દહીં, પાણી કે કુટજારિષ્ટ સાથે આપી શકાય. ઝાડામાં આમ કે ચિકાશ બહુ હોય અને વાતપ્રધાન હોય ત્યારે પહેલાં.

(૨) દિવેલ તેલ તો. ૧॥
ચંદનો ક્વાથ તો. ૫

માં મેળવી આપવું. અને આમદોષ નીકળ્યા બાદ ઉપરનું પડીકું આપવું. કર્પૂર રસ, આમરાક્ષસી, સદશ અફીણ પ્રધાન યોગો બાળકોમા બહુજ સાચવીને વાપરવાં. ખાસ પાણી જેવા પાતળા ઝાડા થતા હોય ત્યારે એવા યોગો આપવા. પિત્તપ્રધાનતા હોય ત્યારે

ઇસબગોળનો ભૂસી તો. ૧

નો દહીમાં કે પાણીમા લુઆબ બનાવી આપવાથી લાભ થાય છે.

અતિસારમાં દાહ, પિત્તાધિકય, રક્તસ્રાવ ઇત્યાદિ હોય ત્યારે એના માટે

નાગકેશર રતી ૧૨
બોલપર્પટી રતી ૮
બિલ્વાદિચૂર્ણ રતી ૨૪

મેળવી તેના ચાર પડીકાં કરી દિવસમાં ૩-૩ કલાકને આંતરે આપવા.

અતિસાર માનસિક વેગ, શોક ચિંતા કે તેથી થયેલ હોય ત્યારે સાંત્વન, આરામ જરૂરી છે તે ઉપરાંત

મોતીપિષ્ટ રતી ૩
બ્રાહ્મીવટી રતી ૩

મેળવી ૩ પડીકાં કરવાં અને સવાર બપોર અને સાંજ જટામાંસીના કવાથ સાથે આપવા. નિદ્રા ન હોય તો સર્પગંધાનો સમજીને ઉપયોગ કરવો.

અતિસારમાં કફ મુખ્યત્વે હોય ત્યારે આમ જન્ય અતિસાર સદશ ચિકિત્સા લંઘન અને પાચનની-કરવી બેલફળનો મુરબ્બો, છાશ, દાડમ આપવાં અને દોષોનું પાચન બિલ્વાદિ કે વૃદ્ધ ગંગાધર સદશ ચૂર્ણથી કરાવવું.

અનુસંધાન જુઓ સામે પાને

ચૂર્ણ ભરી મોઢું બંધ કરી કપડમાટી કરી પુટપાક વિધિથી પકવી યોગ્ય રીતે સ્વાંગ શીતળ થયા બાદ અંદરથી નાળિયેરનો મગજ અને ગુંદર ને યત્નપૂર્વક કાઢી બારીક ચૂર્ણ કરી તેમાં ચૂર્ણના વજન જેટલી સાકર મેળવી ઘૂંટી બાટલીમાં ભરી રાખવું.

માત્રા : ૨ થી ૪ માસા. અનુપાન દૂધ સમય : પ્રાતઃ સાયમ.

ગુણ : એના સેવનથી ગર્ભાશયના વિકારો દૂર થઈ ગર્ભની પુષ્ટિ થાય છે અને પુત્રની ઉત્પત્તિ થાય છે.

(૨૩) મદન લેપ

અકકલકરો, માલકાંગણી, જાયફળ, લવંગ, તજ, સફેદ ચણોઠી શુદ્ધ વચ્છનાગ,શુદ્ધ કુચલા શુદ્ધ ધતુરાના બીજ પ્રત્યેક ૧–૧ તોલો તલ ૩ છટાંક.

વિધિ: ઉપરોકત બધા દ્રવ્યોને કુટી એકત્ર કરી એક બોટલમાં રાખી મોઢા પર તાર કે વાળનો ડાટો લગાડી પાતલયંત્ર દ્વારા તેલ કાઢી શીશીમાં ભરી રાખવું.

માત્રા : આવશ્યકતાનુંસાર લઈ ઈંદ્રિય પર ધીરે ધીરે માલીશ કરવું.

ઉપયોગ : નપુંસકતા, ઈંદ્રિય દૌર્બલ્યમાં લાભ કરે છે.

(૨૪) ચોપચીન્યાદિ ક્વાથ

દ્રવ્યો : ચોપચીની ભાગ ૨, ઉસબો ૨ ભાગ, સુરંજાન મીઠી ૩ ભાગ, દ્રાક્ષ ૪ ભાગ, કરિયાતુ, ગોરખમુંડી, આંબળા, જેઠીમધ, કડુ, અનંતમૂળ પ્રત્યેક ૧–૧ ભાગ.

માત્રા : ૧ થી ૨ તો. ક્વાથ્ય દ્રવ્યો લઇ ૮ થી ૧૬ તોલા જલમાં ચતુર્થાંશ શેષક્વાથ કરી ઠંડુ થયે ગાળી મધ નાખીને પીવું.

સમય : સવારે

ઉપયોગ: આ ક્વાથ રકતવિકારોમાં લાભ કરે છે. એનાથી ઝાડો પણ સાફ આવે છે.

(૨૫) રજતવિદ્રુમયોગ

યોગ : પ્રવાલપિષ્ટ તો. ૨ ચાંદીના વરક તો. ૧ ગુલાબજળ યથાવશ્યક

વિધિ: ઉપર્યુકત દ્રવ્યોને ગુલાબજળમાં ઘૂંટી બારીક ચૂર્ણ કરી સુરક્ષિત કરી રાખવું. ગુલાજળ અત્યંત વિશુદ્ધ જોઈએ.

માત્રા : ૧ થી ૨ રતી.

અનુપાન: માખણ કે સાકર મિશ્રિત દૂધ.

સમય: સવાર સાંજ

ગુણ: સુંદર પિત્તશામક અને બળ આપનાર છે.

(૨૬) વજ્ર દંતમંજન

ત્રિફળા, ત્રિકટુ, તુત્થ, બીડલવણ, સિંધવલવણ, પતંગ, માયાફળ પ્રત્યેક ૧–૧ તોલો.

વિધિ : ઉપરોકત કાષ્ઠૌષધિનું પૃથક પૃથક ચૂર્ણ કરી ત્યાર બાદ શેષ લવણોને મેળવી બારીક ચુર્ણ કરી બાટલી ભરી રાખવી.

ઉપયોગ: સવાર સાંજ દાંતે ઘસવાથી દાંત મજબુત અને સ્વચ્છ બનાવે છે.

અનુભૂત પ્રિસ્ક્રીપ્શનો (પેજ નં ૩૩૯ નું ચાલુ)

સઘળા અતિસારોમાં

કુટજારિષ્ટ તો. ૧ા

પાણી તો. ૧ા

એવાં ૩ ભાગ દિવસમાં ૩ વાર આપવાં ખાસ કરી આમાતિસાર બાદ તો બહુ જ ઉત્તમ છે. અને આ પ્રયોગ રોગ સુધારણા બાદ પણ ચાલુ રાખવો.

અતિસારમાં ઘણીવાર અજીર્ણ જેવું જ હોય ત્યારે

શિવાક્ષાર પાચન ચૂર્ણ રતી ૩૬

શંખભસ્મ રતી ૪

મેળવી ૨ પડીકાં કરી ૧–૧ પડીકું ૬–૬ કલાકને આંતરે આપવું. એથી દોષ નિર્હરણ થઇ વાયુ શાંત થાય છે. ભૂખ લાગે છે. દુઃખાવો ઓછો થઇ જાય છે.

वर्ष ३२ अंक १ थी १२ आरोग्यसिन्धुमां प्रगट थयेला लेखोनो अनुक्रम

મુંબઈ ફેકલ્ટીની ઓકટોબર : '૫૫ની પરીક્ષાના પરિણામો

ઓકટોબર માસમાં લેવાયલ પરીક્ષાના પરિણામોમાં દ્વિતીય વર્ષ ડી. એ. એસ. એફ્. માં ૪ માંથી ૪, તૃતીયમાં ૧૦ માંથી ૯, ચતુર્થમાં ૩૨૪ માંથી ૧૬૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. ડીગ્રી કોર્સમાં જી. એફ્. એ. એમમાં પ્રથમ પરીક્ષામાં ૩૪૮ માંથી ૧૦૨ અને દ્વિતીય વર્ષમાં ૪૪ માંથી ૨૨ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે.

દ્વિતીય વર્ષ ડી. એ. એસ. એફ્.

૧, ૨, ૩, ૪.

તૃતીય વર્ષ ડી. એ. એસ. એફ્.

૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦.

ચતુર્થ વર્ષ ડી. એ. એસ. એફ્.

૨, ૪, ૫, ૬, ૮, ૯, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૯, ૩૦, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૯, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬, ૬૭, ૭૩, ૭૪, ૭૬, ૭૮, ૭૯, ૮૨, ૮૩, ૮૫, ૮૬, ૮૮, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૨, ૧૦૩, ૧૦૯, ૧૧૧, ૧૧૩, ૧૧૭, ૧૧૮, ૧૨૦, ૧૨૨, ૧૨૩, ૧૨૫, ૧૨૮, ૧૩૦, ૧૩૧, ૧૪૦, ૧૪૩, ૧૪૬, ૧૪૭, ૧૫૦, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૬, ૧૫૭, ૧૫૯, ૧૬૧, ૧૬૨, ૧૬૬, ૧૬૯. ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૭૫, ૧૭૭, ૧૭૯, ૧૮૨, ૧૮૩. ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૯, ૧૯૮, ૧૯૯, ૨૦૨, ૨૦૪, ૨૦૬, ૨૦૮. ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૨૨, ૨૨૩, ૨૨૯, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૫, ૨૩૭, ૨૩૮, ૨૪૧, ૨૪૨, ૨૪૪, ૨૪૬, ૨૪૮, ૨૪૯, ૨૫૦. ૨૫૧, ૨૫૩, ૨૫૭, ૨૫૮, ૨૬૦, ૨૬૧, ૨૬૩, ૨૭૨, ૨૭૬, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૮૭, ૨૮૮, ૨૮૯, ૨૯૧, ૨૯૨, ૨૯૪, ૨૯૫, ૨૯૭, ૨૯૮, ૨૯૯, ૩૦૯, ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૧૭, ૩૧૮, ૩૧૯, ૩૨૧, ૩૨૭, ૩૩૦, ૩૩૧, ૩૩૨, ૩૩૮.

પ્રથમ વર્ષ : જી. એફ્. એ. એમ.

૯, ૧૦, ૧૧, ૧૭, ૨૧, ૨૯, ૩૦, ૩૩, ૩૫, ૪૦, ૪૨, ૪૫, ૪૮, ૫૦, ૫૪, ૫૬, ૬૦, ૬૧, ૬૭, ૭૨, ૮૧, ૮૬. ૮૭, ૮૯. ૯૦, ૯૩, ૯૭, ૯૯, ૧૦૫, ૧૧૮. ૧૧૯, ૧૨૨, ૧૩૦, ૧૩૧, ૧૩૫, ૧૩૮, ૧૪૨, ૧૫૮, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૭, ૧૭૦, ૧૮૦, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૯, ૧૯૦, ૧૯૨, ૧૯૫, ૧૯૬. ૧૯૯, ૨૦૦, ૨૦૨, ૨૦૪, ૨૦૫, ૨૦૯, ૨૨૨, ૨૨૩, ૨૨૪, ૨૨૭, ૨૨૮, ૨૩૪, ૨૩૯, ૨૪૩, ૨૪૫, ૨૪૭, ૨૪૮, ૨૪૯. ૨૫૦, ૨૫૬, ૨૬૦, ૨૬૨, ૨૬૩, ૨૬૮, ૨૬૯, ૨૭૦, ૨૭૮, ૨૮૨, ૨૮૭, ૨૮૯, ૨૯૧, ૨૯૫, ૩૦૦, ૩૧૧. ૩૧૭, ૩૧૮, ૩૨૨, ૩૨૩, ૩૨૬, ૩૩૦, ૩૩૧, ૩૩૨; ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૬. ૩૩૮, ૩૪૫. ૩૪૭, ૩૪૯.

માત્ર અ વર્ગના વિષયોમાં ઉત્તીર્ણ

૫, ૧૨, ૨૦, ૨૫, ૩૧, ૩૯, ૫૫, ૬૨, ૬૩, ૭૧, ૭૩, ૭૬, ૮૮, ૧૦૭, ૧૧૧, ૧૧૩, ૧૧૫, ૧૧૬, ૧૨૦, ૧૨૩, ૧૨૬, ૧૩૩, ૧૪૧, ૧૪૫, ૧૪૬, ૧૫૨, ૧૫૫, ૧૭૨, ૧૭૩, ૧૭૫, ૧૮૧, ૧૯૪, ૧૯૭, ૧૯૮, ૨૦૭, ૨૧૦, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૨૧, ૩૨૯, ૨૩૦, ૨૩૨ ૨૪[illegible], ૨૪૧, ૨૪૬, ૨૫૫. ૨૫૯, ૨૬૭, ૨૭૫, ૨૭૬, ૨૭૯, ૨૮૪, ૨૮૫, ૨૮૮, ૨૯૨, ૨૯૩, ૨૯૬, ૨૯૮, ૨૯૯, ૩૦૪, ૩૦૫, ૩૧૦, ૩૧૫, ૩૧૯, ૩૨૦, ૩૨૧, ૩૪૦, ૩૪૨, ૩૫૦.

દ્વિતીય વર્ષ : જી. એફ્. એ. એમ.

૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૧૦, ૧૧. ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૨૨, ૨૪, ૨૮, ૩૨, ૩૩, ૩૬, ૩૯, ૪૩.

તેમાં માત્ર અ વર્ગના વિષયોમાં ઉત્તીર્ણ

૯, ૨૩, ૨૬, ૨૯.

વિષય	પૃષ્ઠ	વિષય